# ચંદ્રકુમાર ચરિત્ર

ભાગ ૨ જો.

卐

પ્રકાશક,

જૈન સસ્તી વાંચનમાળા.

પાલીતાણા.

કીં. ૧-૮-૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શ્રી ચંદ્રકુમાર ચરિત્ર

## ભાગ ૨ જો.

પ્રકાશકઃ

જૈન સસ્તી વાંચનમાળા–પાલીતાણા.

કિં. રૂા. ૧–૮–૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશકઃ—
જૈન સસ્તી વાંચનમાળા
પાલીતાણા–( કાઠીઆવાડ )

વીર સં. ૨૪૫૮
વિક્રમ સં. ૧૯૮૮

# આભાર

શેઠ સુંદરજી ઓતમચંદ માંગરોળ નિવાસીની યાદગીરી નિમિત્તે તેમના ટ્રસ્ટી શેઠ પ્રેમજીભાઇ નાગરદાસે આ પુસ્તકની પ્રથમથી અઢીસો નકલના ગ્રાહક થઇ અમારા કાર્યને સહાનુભૂતિ આપી છે તે માટે તેમનો આભાર માનું છું.

સ્વર્ગસ્થના ટ્રસ્ટનો વ્યય, ધાર્મિક કાર્યમાં અને જૈન સાહિત્યમાં કરવાની શુભ લાગણી અને ધર્મપ્રેમ માટે શેઠ પ્રેમજીભાઇ નાગરદાસનો આભાર પણ મારે ભુલવો ન જોઇએ.

પ્રકાશક.

પ્રકાશકે—આ પુસ્તક પ્રકાશનના સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

મુદ્રકઃ—
ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ
પટેલ મૂળચંદભાઇ ત્રીકમલાલ
અમદાવાદ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સ્વ૦ શેઠ સુંદરજી ઓતમચંદની

# જીવન રેખા

## જન્મ અને આપ્ત કુટુંબ:—

કાઠીયાવાડ અન્તર્ગત માંગરોળ બંદર અનેક વૈભવોથી આબાદ થયેલું શહેર છે. સ્વ. શેઠ સુંદરજીભાઇનો જન્મ સંવત ૧૯૨૦ માં આજ શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ ઓતમચંદ ઠાકરશી અને માતાનું નામ માનકોરબાઈ હતું. જાતે જૈન મૂર્ત્તિપૂજક દશા-શ્રીમાળી વાણીયા હતા, સુંદરજીભાઇને મ્હોટા ત્રણ અને ન્હાના બે એમ પાંચ ભાઇ હતા, સૌથી મ્હોટા ભાઇ શેષકરણભાઇ માસ્તર તરીકે પ્રખ્યાત હતા. તે પછી ગુલાબચંદભાઇ અને સૌભાગ્યચંદભાઇ હતા. ન્હાના બે ભાઇઓ પૈકી એકનું નામ સવચંદ અને બીજાનું નામ સોમચંદ હતું. સોમચંદભાઇ ઉદ્યમી અને સૌભાગ્ય સંપન્ન પુરૂષ હતા. 'પુરૂષના પ્રારબ્ધ આડે રહેલું પાદડું ખરી પડતાં શી વાર ?' -એ ઉક્તિ તેમણે પોતાના જીવનમાં અનુભવી હતી. પ્રારબ્ધ યોગ અને ઉદ્યમશીલ વૃત્તિથી આકર્ષાઇ લક્ષ્મીદેવીએ તેમનું આતિથ્ય સ્વીકાર્યું હતું. પછી તો કીર્ત્તિદેવી પણ આકર્ષાયાં અને મુંબઇ શેર બજારના સર્ટિફાઇડ બ્રોકર તરીકે સારી ખ્યાતિ પામ્યા હતા. જ્ઞાન-માં અને ધાર્મિક વૃત્તિમાં પણ તે અનુકરણીય પુરૂષ હતા.

## અભ્યાસ:—

સ્વ. શેઠ સુંદરજીભાઇનો અભ્યાસ જો કે બહુ વધારે નહોતો તો પણ ગુજરાતી સાત ધોરણ અને અંગ્રેજી પાંચ સુધી અભ્યાસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યો હતો. ગુજરાતી અભ્યાસ માંગરોળમાં તેમજ અંગ્રેજી અભ્યાસ મુંબઇમાં કર્યો હતો. બાલ્યવયથી જ પરગજુપણું, દયાળુવૃત્તિ અને ધાર્મિકતાએ તેમનામાં વાસ કરેલો હોવાથી મોટી ઉમ્મરે એ ગુણો ખૂબ ફૂલ્યા-ફાલ્યા હતા. આર્થિક મુશ્કેલીનો કોયડો તેમણે પોતાને જ ઉકેલવાનો હોઇ તેઓ મુંબઇ ગયા અને ત્યાં પોતાના વડીલ બંધુઓની સાથે શેર બજારના બીઝનેસમાં જોડાયા અને ભાગ્ય પરીક્ષા કરવા લાગ્યા.

### ગૃહસ્થાશ્રમ:—

'બે ચક્ર વિના ગાડું ન ચાલે' તેમ ગૃહસ્થાશ્રમ પણ અન્ય સહાયક વિના ચાલતો નથી. એટલે વીશ વર્ષની વયે માંગરોળ નિવાસી શેઠ વીરજી રામજીના પુત્રી સેજુબાઇ સાથે તેમણે લગ્ન કર્યાં. આ ગૃહસ્થાશ્રમથી તેમની ધાર્મિકવૃત્તિને સારૂં પોષણ મળ્યું. કરૂણા વૃત્તિના અંકુરો વિકસિત થયા અને પરિણામે 'आत्मवत् सर्व भूतेषु' એ ભાવનાથી તેમનું દયાર્દ્ર હૃદય સક્રિય કામ કરવાને પ્રેરાયું.

### સેવાભાવનો વિકાસ:—

ન્હાનાં ન્હાનાં વૃક્ષો પણ કાળ જતાં મ્હોટાં વૃક્ષોનું રૂપ ધારણ કરે છે એટલું જ નહીં પણ શ્રમથી થાકી-પાકીને લોથ થઇ ગયેલા અનેક પથિકોને પોતાની છાયામાં આશ્રય આપી દૈવી શાંતિ-શીતળતા અર્પે છે. એ રીતે એક જ્ઞાનહીન-જડવસ્તુ પણ અનેક આત્માઓ ઉપર ઉપકાર કરે છે તો સુંદરજીભાઇ જેવા પરોપકાર પરાયણ આત્માઓ કુદરતી મળેલ સેવા-ભાવનો અવકાશ કેમ ચૂકે? પ્રારંભ-માં તો તેમણે મુક પ્રાણીઓની સેવા સ્વીકારી. પોતાના આર્થિક ધંધા સાથે જેટલો અવકાશ મળી શકે તેટલો પાંજરાપોલ આદિની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યવસ્થામાં ગાળવા લાગ્યા અને તેની દરેક પ્રકારની પ્રગતિના ઉપાયો યોજવા માંડયા. એ કાર્યમાં વધુ રસ પડતાં, લગભગ પચાસ વરસની ઉમરે તેમણે આર્થિક ધંધાથી નિવૃત્તિ મેળવી મુંબઈનો ત્યાગ કર્યો. હવે તેમણે માંગરોળને જ સ્થાયી વાસ તરીકે પસંદ કર્યું. કારણ કે અહીં તેમની સેવા ભાવનાને વિશેષ પોષણ મળે તેમ હતું. માંગરોલ-માં ચાલતી જૈન પાઠશાળાના સેક્રેટરી તરીકે તેમણે ઘણાં વરસ સુધી કાર્ય કર્યું હતું. અને જીવન પર્યન્ત સેવા કરતા રહ્યા હતા. ઇન્ફ્લુ-એન્ઝાના સમયે સેંકડો ગરીબોને દવા-દારૂથી રાહત આપી તન, મન અને ધનથી અનુકરણીય સેવા બજાવી હતી. આ ઉત્તમ સેવાથી આકર્ષાઇ લોકો તેમને છગન બાપાના નામથી પણ સંબોધતા. ટૂંકમાં તેમણે પોતાની જીંદગીના શેષ ભાગ સુધી પોતાની શકિત અનુસાર ગરીબોની સેવામાં-તેમની અગવડોને સગવડના રૂપમાં મૂકવામાં જ સમય અને દ્રવ્યનો ભોગ આપ્યો હતો.

આ ઉપરાંત જૈન સંઘની અને સાધુ-સાધ્વી વર્ગમાં પણ પોતાની સેવાનો બહોળો લાભ આપ્યો છે. મહા પુરૂષો તરફ નાન-પણથીજ ગુણાનુરાગવૃત્તિ હોવાથી તે દ્રઢ થતાં પાછલી વયમાં તેઓ નિઃપેક્ષ વૃત્તિ પૂર્વક સંસાર વ્યવહાર ચલાવતા. ચોથું વ્રત પણ ઉચ્ચ વિચારોના પરિણામે જ ઉદયમાં આવ્યું હતું. આખરે સંવત ૧૯૮૨ માં પોષ વદી ૧૩ ને મંગળવારે ધર્મધ્યાન પૂર્વક આ અસાર સંસારની નિસારતા ચિંતવતાં પરલોકવાસ સ્વીકાર્યો. સ્વર્ગસ્થે પોતાની પાછળ સારી રકમની સખાવત કરી જતાં જતાં પણ આત્માને ઉજવાળવાને ચૂકયા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકના બે બોલ.

આ ગ્રંથ શ્રી ચંદ્ર કેવળીના રાસ ઉપરથી બનાવવામાં આવેલ છે જેના મૂળ કર્તા શ્રીવિમલસૂરિ વિક્રમ સંવત ૧૭૭૦ માં વિદ્યમાન હતા. તેમણે આ રાસ રાધનપુરમાં આરંભી ત્યાંજ સમાપ્ત કર્યો હતો. માઘ માસની શુકલ તેરશને દિવસે ચડતે પહોરે ચતુર્વિધ સંઘ સમસ્ત પ્રમાણ કરવામાં આવ્યો હતો. આ રાસનું ભાષાંતર—નવલકથા રૂપે **શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક** વર્ગે સં. ૧૯૬૨ માં કરાવેલ હતું. જે વર્ગ તરફથી જૈન સાહિત્યનાં ઘણાં પુસ્તકો પ્રગટ થયાં હતાં. તે ચંદ્રકુમાર યાને આનંદ મંદિર ઉપરથી આ પુસ્તકના બે ભાગ પ્રગટ કરવામાં આવ્યાં છે. આ ચરિત્ર છપાયાને લગભગ ૨૫ વર્ષ થયેલ હોવાથી તેમજ આ પુસ્તકની માગણી વિશેષ હોવાથી અમારા ગ્રાહક વર્ગને આવું ઉપયોગી પુસ્તક આપવું યોગ્ય માની તેની પુનરાવૃત્તિ અમે કરી છે. શ્રી વિદ્યા પ્રસારક વર્ગના આ પુસ્તકના પ્રકાશન માટે તેમનો આભાર માનું છું. આ પુસ્તકના બંને ભાગ લગભગ ૮૦૦ પૃષ્ઠના પાકા પુંઠાના કરવામાં આવેલ છે. ગ્રંથના મુખ્ય વિષયોની પુષ્ટિ માટે પ્રસંગે પ્રસંગે જે જે સુબોધક અને અસરકારક ગાથાઓ, શ્લોકો અને કાવ્યો આપવામાં આવ્યાં છે તે મૂળ રાસમાંથીજ લેવામાં આવ્યાં છે. આ ચરિત્ર-રાસ જૈન પ્રજામાં સારી રીતે પ્રખ્યાત છે એટલે તેનું વધુ વિવેચન કરવા કરતાં વાચક વર્ગને આ પુસ્તક વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ.

પ્રકાશક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા.

## ભાગ ૨ જો.


| | |
|---|---|
| ૧ યક્ષમંદિર ... ... | ૧ |
| ૨ વેષ પરાવર્ત ... | ૧૫ |
| ૩ મદનપાળની વિડંબના. | ૩૬ |
| ૪ શ્રી ચંદ્ર ગુફામાં ... | ૪૧ |
| ૫ ધર્મદેશના ... ... | ૫૭ |
| ૬ ત્રિપુરાનંદ યોગી ... | ૬૩ |
| ૭ દેવદ્રવ્ય અને શક્રાવતાર તીર્થ ... ... | ૧૦૬ |
| ૮ મદનાહરણ ... | ૧૨૯ |
| ૯ મિત્રને મેળાપ ... | ૧૩૫ |
| ૧૦ વસંત વિનોદ ... | ૧૪૭ |
| ૧૧ માતૃ મેળાપ ... | ૧૫૬ |
| ૧૨ ચંદ્રપુર નગર ... | ૧૮૧ |
| ૧૩ પિતાને જીવિતદાન... | ૧૯૩ |
| ૧૪ યોગવિદ્યાનો ઉપદેશ. | ૨૦૫ |
| ૧૫ નિમિત્તિયાનું બીજું પરાક્રમ ... ... | ૨૨૫ |
| ૧૬ મોહિનીનો મેળાપ ... | ૨૩૮ |
| ૧૭ સરસ્વતી... ... | ૨૫૭ |
| ૧૮ કાષ્ટ ભક્ષણ. ... | ૨૭૨ |
| ૧૯ માતા અને પુત્ર ... | ૩૦૦ |
| ૨૦ વધામણી.. ... | ૩૧૪ |
| ૨૧ સુહૃત્ સમાગમ ... | ૩૩૦ |
| ૨૨ ગુણચંદ્રને જાતિસ્મરણ. | ૩૪૩ |
| ૨૩ શ્રી ધર્મઘોષ મુનિ... | ૩૫૧ |
| ૨૪ રાજ્યાભિષેક. ... | ૩૭૨ |
| ૨૫ સુવ્રતાચાર્ય.. ... | ૩૭૯ |
| ૨૬ જયણાનું મહાત્મ્ય ... | ૩૯૩ |
| ૨૭ શ્રી ચંદ્રનું સંયમ રાજ્ય. ... ... | ૪૨૯ |
| ૨૮ શ્રી ચંદ્ર કેવળી ... | ૪૪૦ |
| ૨૯ ઉપસંહાર ... ... | ૪૪૫ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ગ્રાહકોને મળવાનાં
# આવતી સાલનાં પુસ્તકો.

—卐—

દર વરસે માત્ર રૂા. ૩) ના લવાજમમાં લગભગ ૧૧૦૦ પાનાનાં ઐતિહાસીક નવીન ૩-૪ પુસ્તકો પાકા પુંઠાના મળે છે. જે સં. ૧૯૭૯ થી સં. ૧૯૮૮ સુધી **દસ વર્ષમાં લગભગ ૪૦ જાતનાં પુસ્તકો** ગ્રાહકોને મળવાથી સૌ કોઈ ગ્રાહક થવા ઇચ્છે છે. જુના સટ શીલીકમાં રહેતા નથી માટે ગ્રાહક થવા દાખલ ફીના રૂા. ૦ાા મોકલી ગ્રાહક થવા તુરત લખશો. ગ્રાહક ગમે ત્યારે થઇ શકાય છે અને પાછલી સાલનાં પુસ્તકો શીલીકમાં હોય ત્યાં સુધી અપાય છે.

શ્રી શત્રુંજયનો ઇતિહાસ સચિત્ર.

શ્રેણિક અને મહાવીર.

અમર બલિદાન યાને શત્રુંજયના શહિદો.

જાવડશા, પ્રદ્યુમન ચરિત્ર વિગેરે આ પુસ્તકોમાંથી સં. ૧૯૮૯ ની સાલમાં ગ્રાહકોને અપાશે.

કોઇપણ સંસ્થાનાં દરેક જાતનાં જૈન ધર્મનાં પુસ્તકોનો સારો સ્ટોક અમારે ત્યાં રહે છે. લખો—

**જૈન સસ્તી વાંચનમાળા.**

**પાલીતાણા—( કાઠિયાવાડ ).**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શ્રી ચંદ્રકુમાર ચરિત્ર

## ભાગ ૨—જો.

### પ્રકરણ ૧ લું.

### યક્ષ મંદિર

એક રમણિય નગરના દ્વાર આગળ લોકોનું ટોળું એકઠું થયું હતું, જુદી જુદી જાતિના લોકો અનેક જાતની વાતો કરતા હતા, કોઇ વૃદ્ધ જન આવી તેઓને વારતા હતા, અને હિતકારી ઉપદેશ આપતા હતો. “ભાઇઓ ! રાજાની જે તે વાર્તા કરવી, તે યુક્ત નથી. રાજકીય ચર્ચાથી વખતે રાજકોપ થાય છે. પ્રજાવર્ગે રાજકથામાં સામેલ થવું ન જોઇએ. પોતાના સ્વામિની વાર્તા કે ચર્ચા કરવી તે રાજદ્રોહ ગણાય છે. રાજ-કુટુંબની વાર્તા સારી કે નઠારી ચર્ચારૂપે ન કરવી જોઇએ. તેમ કરવાથી રાજાપ્રજાની ઐકયતા રહેતી નથી. રાજા, તે પ્રજાનો પાલક પિતા છે, તેની સ્તુતિ, તેનું યશોગાન કરવું તે જ આપણો ધર્મ છે.

વૃદ્ધ જનનાં આવાં વચનથી લોકો સમજી ગયા, કેટલા-એક તો તે ટોળામાંથી ચાલી નીકળ્યા., કોઈ જુદા જુદા બેસી છાની રીતે બોલવા લાગ્યા, તથાપિ તે લોકોનું વૃંદ તો તેમનું તેમ એકઠું થતું ઉભું રહ્યું હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રસંગે આપણી વાર્તાનો નાયક શ્રીચંદ્રકુમાર કાપડીનો વેષ લઇ, તે નગરના દરવાજા પાસે નીકળ્યો. લોકોનું ટોળું એકઠું થએલું જોઇ શ્રીચંદ્ર ઉભો રહ્યો. તેના હૃદયમાં તેની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ, તેવામાં એક પ્રૌઢ વયનો વણિક ત્યાંથી પસાર થતો જોવામાં આવ્યો. કુમારે વિનયથી તેને પૂછ્યું. ભાઇ! આ લોકોનું ટોળું કેમ એકઠું થયું છે? આ નગરનું શું નામ છે? તે વણિક ઉભો રહી બોલ્યો—ભદ્ર! તમે કોઇ કુલીન પુરૂષ દેખાઓ છો, તમારો વેષ કાપડીનો છે, પણ તમારી મુખમુદ્રા ઉપર કુલીનતા દેખાઇ આવે છે. આ નગરનું નામ કાંપિલ નગર છે. અહીં **જિતશત્રુ** નામે રાજા છે, તેમની રાણીનું નામ **રતિ** છે, તે રતિના ઉદરથી **કનકરથ** નામે એક કુમાર અને **કનકવતી** નામે પુત્રી થએલ છે,

થોડા દિવસ પહેલાં **વીણારવ** નામે એક પ્રખ્યાત ગવૈયો અહીં આવ્યો હતો, તેણે અમારા દરબારમાં **રાધાવેધ**નો ખેલ કરી બતાવ્યો હતો. તે ચમત્કારી ખેલમાં કુશસ્થળીના શ્રીચંદ્રકુમારનું ચરિત્ર દર્શાવી, અને તેનું યશોગાન કરી, રાજકુટુંબને ખુશી કર્યું હતું,

તે વીણારવ કેટલાએક દિવસ સુધી રહી, અમારા રાજા જિતશત્રુ પાસેથી ઇનામ તથા સત્કાર મેળવી ચાલ્યો ગયો. તે ગયા પછી કુમાર કનકરથ કેટલાએક મિત્રોની સાથે તે રાધાવેધનો ખેલ કરવા લાગ્યો. મહાશય! એ ચતુર કુમાર પોતાના મિત્રોની સહાયથી રાધાવેધનો સારો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખેલ ભજવી બતાવે છે. કોઈ રાધાવેધનો સ્તંભ કરે છે, કોઈ શ્રીચંદ્રકુમાર બની રાધાવેધ કરવા ઉભો થાય છે, કોઇ રાજકન્યા થઇ પાલખીમાં બેસી રાધાવેધ કરનાર શ્રીચંદ્રને વરવા આવે છે, કોઈ રાજકન્યાની સખીઓ થઇ તેની પાસે હાજર રહે છે, કોઈ રાધાવેધ થાય એટલે શ્રીચંદ્રનો જયનાદ કરી, સ્વયંવર મંડપને ગજાવે છે, તે વખતે શ્રીચંદ્ર બનેલો પુરૂષ સર્વ સમાજ વચ્ચેથી પ્રસાર થઇ જાય છે. અને ચારે તરફ તેની શોધાશોધ થઇ પડે છે.

ભદ્ર! આપ્રમાણે કુમાર કનકરથ પોતાના દરબારમાં અને લોકોના સમાજમાં રાધાવેધના ખેલ કરી સર્વને આનંદ આપે છે. ગઇકાલે કુમારે અન્ત:પુરમાં તે ખેલ ભજવી બતાવ્યો હતો, તે વખતે તેની બેન કનકવતી પોતાની ત્રણ સખીઓની સાથે ત્યાં રહેલી હતી. રાજકુમારી કનકવતીને પ્રેમ અને વિશ્વાસનું પાત્ર **પ્રેમવતી, ધનશ્રી** અને **હેમશ્રી** નામે ત્રણ સખીઓ છે. પ્રેમવતી મુખ્ય મંત્રીની પુત્રી છે, ધનશ્રીસાર્થવાહની પુત્રી છે, અને હેમશ્રી નગરશેઠની પુત્રી છે. શ્રીચંદ્રકુમારે કરેલ રાધાવેધ અને તેના ગુણનું ખ્યાન સાંભળી રાજપુત્રી કનકવતીએ અને તેની ત્રણ સખીઓએ શ્રીચંદ્રકુમારને વરવાનો નિશ્ચય કર્યો છે. રાધાવેધના ખેલમાંથીજ એ બાળાઓના વિચાર ઉત્પન્ન થયા. અને ધાત્રીમાતાની દ્વારા તે વૃતાંત રાજાને જણાવ્યો. રાજા જિતશત્રુ મોટી ચિંતામાં આવી પડયો, તે સાથે તેનો મંત્રી, સાર્થવાહ અને નગરશેઠ પણ ચિંતાતુર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઇ ગયા. સર્વ કુમારીઓ આગ્રહ કરી બેઠી, એટલે રાજાએ આજે કુશસ્થળીમાં શ્રીચંદ્રની શોધ કરવા મંત્રી વિગેરે માણસોને મોકલ્યાં છે.

આ વાતની ચર્ચા નગરમાં ઉત્પન્ન થઇ છે. અને તે ચર્ચાને માટે આ લોકોનું ટોળું એકઠું થયું છે. રાજકીય વાર્તા ચર્ચવી તે યુક્ત નથી, એમ જાણી હું તેમાંથી પસાર થઇ ચાલ્યો જાઉં છું. આ પ્રમાણે કહી તે પ્રૌઢ વણિક ત્યાંથી ચાલી નીકળ્યો., અને શ્રીચંદ્ર પણ પોતાને બંધન થશે, એવો ભય રાખી તે નગરીની અંદર નહિં જતાં પરભાર્યો બીજે માર્ગે ચાલતો થયો. આગળ જતાં એક સુંદર મંદિર જોવામાં આવ્યું. મંદિરની શોભા અપૂર્વ હતી. ઉંચા શિખર ઉપર ધ્વજાઓ ફરકતી હતી, ધ્વજાઓ સાથે ઘંટડીઓના નાદ થતા હતા, મંદિરદ્વાર ઉપર અનેક જાતની પાષાણમય પ્રતિમાઓ ગોઠવી હતી. તે મંદિરની આસપાસ વૃક્ષોની વાટિકા હતી, વાટિકામાં અનેક જાતનાં રંગબેરંગી પુષ્પો વિકસિત થયાં હતાં. ગુલાબ,, જાસુદ, જુઈ, ચંબેલી, કરેણ, અને મોગરાનાં પુષ્પોનાં વૃક્ષ શ્રેણીબંધ ઉભાં હતાં. આ પુષ્પોથી લોકો તે મંદિરમાં રહેલા યક્ષની પૂજા કરતા હતા. કેટલાએક ફળના વૃક્ષોમાંથી ફળ લઈ, તે યક્ષને નૈવેદ્ય ધરતા હતા. શ્રીચંદ્રકુમાર વાટિકામાં ફરી યક્ષ મંદિરમાં આવ્યો, વાટિકાના મધ્યભાગે દેવ વિમાનના જેવું સુંદર મંદિર જોઇ તેને ત્યાં રહેવા પ્રીતિ ઉત્પન્ન થઈ, મંદિરની કારિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગરી અને ભવ્ય દેખાવ જોઇ તે મંદિરના કરનારની પ્રશંસા કરવા લાગ્યો. મંદિરની શોભા જોતો જોતો રાજકુમાર અંદર ગયો. ત્યાં યક્ષની મોટી પ્રતિમા જોવામાં આવી. પ્રતિમાની ઉપર ચંદન અક્ષત અને પુષ્પની માળાઓ જથ્થાબંધ રહેલી હતી. પ્રતિમાનો દેખાવ ઉગ્ર છતાં સુંદર હતો, તે પ્રતિમાને જોઇ જમણી તરફ રાજકુમારની દ્રષ્ટિ પડી ત્યાં એક તરૂણ પુરૂષ ભરાઇ બેઠેલો જોયો. તે પૃરૂષના મુખ ઉપર ગ્લાનિ, શોક અને ચિંતા ભરપુર દેખાતાં હતાં, તે તેજસ્વી છતાં ચિંતારૂપ અગ્નિ જ્વાળાથી દગ્ધ થઇ નિંસ્તેજ થઇ ગયો હતો. તે પુરૂષને જોઇ શ્રીચંદ્ર ઉભો રહ્યો, તેના હૃદયમાં તેને માટે દયા ઉત્પન્ન થઈ. તે બોલ્યો ભદ્ર! તમે કોણ છો ? તમારી આકૃતિ પૂર્ણ ચિંતા સૂચવી આપે છે આ મંદિરમાં આવી કેમ બેઠા છો ? યક્ષની આરાધના કરો છો કે ગુપ્ત રહેવા આવ્યા છો ? જો કાંઇપણ બાધ ન હોય તો તમારૂં વૃતાંત મને જણાવશો.

તે પુરૂષ શ્રીચંદ્રને જોઇ પ્રસન્ન થયો, ' આ કોઈ કુલીન પુરુષ છે, ' એમ તેને નિશ્ચય થયો, પોતાના દુઃખના ભાગીદાર થાય, તેવા આ સુશીલ પુરૂષ છે. તેને મારો વૃતાંત જણાવું તો વખતે લાભ થાય. આમ વિચારી તે પુરૂષ બોલ્યો,— મહાશય ! હું અત્યંત દુઃખી છું, અનિવાર્ય ચિંતાએ મને ઘેરી લીધો છે, મારો વૃતાંત આપ જેવા પરોપકારી પુરૂષને સંભળાવવા યોગ્ય છે: અહીંથી નૈરૂત્ય ખુણામાં **હેમપુર** નામે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નગર છે, તેમાં મકરધ્વજ નામે રાજા છે, તેને મદનપાળ નામે એક કુમાર છે. તે કુમાર એક વખત ગોખમાં બેઠો હતો, ત્યાં કોઈ યોગિની ચિત્રપટ લઈને નીકળી, તેને કુમારે બોલાવી, યોગિણીએ પોતાનો વૃતાંત જણાવી, તે ચિત્રપટ મદનપાળને બતાવ્યું, મદનપાળ તે ચિત્રપટ જોઇ મોહમગ્ન થઈ ગયો. તત્કાળ તેણે ચિત્રપટનો વૃતાંત પુછયો, એટલે તે યોગિનીએ કહ્યું—રાજકુમાર ! આ ચિત્રપટ કાંતિનગરના રાજા નૃસિંહની પુત્રી પ્રિયંગુમંજરીનું છે. પ્રિયંગુમંજરીને તેના શિક્ષક ગુરૂ શ્રીગુણધરે કુશસ્થળીના શ્રીચંદ્રકુમારની અતિ પ્રશંસા કરી, તેથી એ રાજબાળાએ શ્રીચંદ્રને વરવાનો નિશ્ચય કર્યો છે. પુત્રીનો દૃઢ નિશ્ચય જાણી રાજા નૃસિંહ આ ચિત્રપટ લઇ મને કુશસ્થળીમાં મોકલે છે. ભદ્ર ! તે ચિત્રપટને માટે મોહ પામેલા મદનપાળે ઘણા પ્રાર્થના કરી. પણ યોગિનીએ તે ચિત્રપટ આપ્યું નહિ. મદનપાળને મદન પીડામાં નાંખી, યોગિની ત્યાંથી ચાલી ગઇ, કુમાર મદનપાળ ત્યારથી પ્રિયંગુમંજરી માટે તીવ્ર ઇચ્છા રાખી તેનુંજ સ્મરણ, તેનુંજ ધ્યાન અને તેનુંજ મનન કરવા લાગ્યો આ ખબર તેના પિતા મકરધ્વજને પડવાથી તેણે કુમારની ઇચ્છા પુર્ણ કરવા પોતાના મંત્રીને કાંતિપુરમાં પ્રિયંગુમંજરીનું માગું કરવા મોકલ્યો. રાજા નૃસાહે ના પાડી, એટલે મંત્રી નિષ્ફળ થઈ પાછો આવ્યો. પિતા મકરધ્વજે પુત્ર મદનપાળને સમજાવ્યો કે તારે માટે બીજી સુંદર રાજકન્યા શોધી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાવીશ; પણ મદનપાળને પ્રિયંગુમંજરીનો મોહ દૂર થયો નહિ, તેને વિશેષ ચિંતા થવા લાગી. છેવટે તે રાજ્યવૈભવ છોડી પ્રિયંગુમંજરીને માટે ફકીરી લેવા તૈયાર થયો. નગરમાંથી રાત્રે ગુપ્તપણે ચાલી નીકળ્યો.

ભદ્ર! તે હું પોતેજ **મદનપાળ** છું. અતિ ચિંતાથી વ્યાકુળ થઇ, આ યક્ષમંદિરમાં આવી ગુપ્તપણે રહ્યો છું. અહીંથી કાંતિપુર નજીક છે, રાજકુમારી પ્રિયંગુમંજરી પ્રતિદિન આ વાટિકામાં રમવા આવે છે; તેને મેળવવાની આશાએ હું અહીં રહ્યો છું. મિત્ર! ગઇ કાલે આ વાટિકાની માલણ મને મળી હતી. તે માલણ રાજકુમારીની પાસે ઘણીવાર જાય છે, મેં તેને દ્રવ્ય આપી સ્વાધીન કરી લીધી છે. માલણની સાથે રાજબાળા પ્રિયંગુમંજરીને સ્નેહ છે. મેં વિનંતિ કરી માલણને કહ્યું, કે બેન! રાજકુમારીને મારી વતી નિવેદન કર કે, હેમપુરીના રાજા મકરધ્વજનો મદનપાળ નામે કુમાર છે, તે ચિત્રપટ ઉપર તમારૂં અનુપમ સૌંદર્ય જોઈ; મોહ પામી ગયો છે. તમારા ગુણ અને રૂપથી આકર્ષાઇ, તે યક્ષમંદિરમાં આવીને રહ્યો છે. તે તમારા રાગી તરૂણને તમે પ્રેમનો પાત્ર કરી કૃતાર્થ કરો. તે ઉપરાંત તને જે યોગ્ય લાગે, તેમ બીજા મિષ્ટ વચન ઉચ્ચારજે. હું તારા ઉપકારનો બદલો સારી રીતે વાળીશ. મારા વચનથી તે નિમકહલાલ માલણે રાજકુમારીને મારો સંદેશો કહ્યો. તે ઉપરાંત તેણીએ મારા ગુણનું યથાર્થ અને અતિશયોક્તિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભરેલું વર્ણન કર્યું. પછી ચતુર કુમારીએ પુષ્પની છાબમાંથી એક રાતું પુષ્પ લીધું. તેને કાનપર ચડાવી દૂર કર્યું. પછી બીજું સો પાંખડીવાળું કુંકુમવર્ણી પુષ્પ લઈ નેત્ર પાસે રાખી હૃદય ઉપર મૂક્યું, આ પ્રમાણે સમશ્યા કરી રાજકુમારીએ માલણને કહ્યું, બેન ! તે કુમારને કહેજે કે, આ પુષ્પની સમશ્યાનો ઉત્તર આપો. તે પ્રત્યુત્તર લાવ્યા પછી હું તેમની ચાતુરી જાણી લઇશ. પ્રિય મિત્ર ! આજે માલણે આવી મને તે સમશ્યાની વાત કહી; હું તેમાં જરા પણ સમજતો નથી- ઘણી વાર સુધી તેનો વિચાર કર્યો. પણ મારી મનોવૃત્તિમાં તે આવી નહિ, છેવટે નિશ્વાસ મૂકી નિરાશ થઇ અન્ન જળનો ત્યાગ કરી અહીં બેઠો છું

ભદ્ર ! તે રાજકુમારી હંમેશાં અહીં આવે છે, પણ મારા જોવામાં આવતી નથી. તેણીની સાથે અંગરક્ષક પુરૂષો આવી પ્રથમથી કોઇ પુરૂષને અહીં રહેવા દેતા નથી. તેથી હું છુપી રીતે અહિં બેસી રહું છું વ્હાલા મિત્ર, તમારૂં હૃદય પ્રેમાળ છે, તમે પરદુઃખભંજન દેખાઓ છો. આ દુઃખી જનને કાંઈપણ સહાય કરવા કૃપા કરો. તમે વિદેશી છો છતાં તમારા હૃદયમાં સર્વને સ્વદેશી સમજો છો. તમારા અંતરંગમાં वसुधैव कुटुम्बकं એ મહાવાકય રમી રહેલું છે, પરોપકાર કરવામાં તમારી પ્રવૃત્તિ જાગૃત છે. મિત્ર ! તમે ઉપકાર ધર્મની મહત્તા જાણો છો, આ પ્રમાણે કહી મદનપાળ નીચેના દોહા બોલ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

### दोहा

आरिसां परे संक्रमे, परदुःखहृदये जेह
विरला परदुःख देखीने, ते सज्जन गुणगेह ॥१॥

જેના હૃદયમાં દર્પણની જેમ બીજાનું દુઃખ પ્રતિબિંબીત થાય, તેવા સજ્જન પુરૂષ વિરલા હોય છે.

મદનપાળની સ્થિતિ જોઇ શ્રી ચંદ્રને દયા આવી. તેના હૃદયમાં થયું કે, અહા ! સ્ત્રી મોહ કેવો સબળ છે? સ્ત્રીઓના મોહજાળમાં આ દીન કુમાર ફસાઇ પડયો છે, મારે યથાશક્તિ સહાય કરી, આ દુઃખી પુરૂષનો ઉદ્ધાર કરવો જોઇએ. મૃગાક્ષીઓના મોહપાસમાં બંધાએલા યુવાનોની કેવી અધમ સ્થિતિ થાય છે ? આ મોહી મદનપાળને રાજવૈભવ, રાજભોગ, અને લક્ષ્મીવિલાસ અત્યારે વિષમય થઇ ગયા છે. રાજકુમારી પ્રિયંગુમંજરીએ પુછેલી સમશ્યા ખરેખરી ચાતુર્યની પરીક્ષક છે, સમશ્યા ઉપરથી સમજાય છે કે, મારા વિદ્યાગુરૂ શ્રી ગુણધરની તે શિષ્યા હશે. શ્રી ગુણધર આ દેશમાં આવેલા હતા, એમ મેં પૂર્વે સાંભળ્યું હતું, આવું વિચારી રાજપુત્ર બોલ્યો—ભાઇ મદનપાળ ! ચિંતા કરશો નહીં, હું મારાથી બનશે તેટલી તમને સહાય કરીશ. રાજકુમારીએ પુછેલી સમશ્યા ગુઢાર્થ છે. પુષ્પની છાબમાંથી રાતું પુષ્પ લઇ કાને અને નેત્રે અડાડી નીચે મુંકયું, એથી એ ચતુર બાળાએ સૂચવ્યું કે, તમે આ રાતાં પુષ્પની જેમ મારો ઉપર રક્ત છો, પણ તમે કેવા છો ? તે મેં કાને સાંભળ્યા નથી, અને નજરે જોયા પણ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજું સો પાંખડીવાળું કમળ લઇ કાને અડાડી હૃદય ઉપર નાખ્યું, તેથી એમ સૂચવ્યું કે, કુશસ્થલીનો શ્રીચંદ્રકુમાર મારીપર રકત નથી, પણ મેં તેમના ગુણ કાને સાંભળ્યા છે, તેથી મેં તેને હૃદયમાં રાખ્યો છે. સર્વદા તે રંગી શ્રીચંદ્ર મારા હૃદયમાં વસ્યો છે.

શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી મદનપાળ ચકિત થઇ ગયો. અહા ! કેવું ચાતુર્ય ! કેવી વિદ્વતા ? કેવો વાગ્વિલાસ ! આવું પાંડિત્ય છતાં તેના મુખ ઉપર જરા પણ ગર્વ નથી. પ્રત્યેક અંગ ઉપર વિનયની છાયા કેવી પ્રસરી છે ? વચનમાં કેવું માધુર્ય છે ? આટલું ચિંતવી મદનપાળ શ્રીચંદ્રને નમી પડ્યો. ઉપકારી બંધુ ! તમારી બુદ્ધિની શું પ્રશંસા કરૂં ? આ દુઃખી જન તમારી સહાયથી સુખી થશે, કાંઇ પણ ઉપાય કરી એ ચતુરાની સાથે મારો યોગ કરી દ્યો, મારા પરિતપ્ત હૃદયને શાંતિ આપો. મારા કાર્યની સિદ્ધિ તમારાથીજ થવાની છે. મારા જીવનની સાર્થકતા તમારે સ્વાધીન છે. મિત્રવર્ય ! દુઃખસાગરમાં પડતા એવા મારા હસ્તને અવલંબન આપો.

આ પ્રમાણે બંને વાતો કરતા હતા, ત્યાં વાટિકામાંથી શંખનો નાદ સાંભળવામાં આવ્યો. તરત મદન બોલ્યો–મીત્ર ! સાંભળો, આ શંખનો નાદ થાય છે; રાજકુમારી પ્રિયંગુમંજરી પોતાના પરિવાર સાથે ઉદ્યાનમાં આવે છે. મૃદંગ, વીણા, શંખ, કાંસી, અને કડતાળ વાગી રહ્યાં છે, અસંખ્ય યોદ્ધાઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેની સાથે પરિવૃત્ત થઈ ચાલ્યા આવે છે, જુઓ પેલી સખીઓ અહીં આવે છે. ચાલો, આપણે એક ખુણામાં ભરાઇ બેસીએ. શ્રીચંદ્રને લઈ મદનપાળ યક્ષ મંદિરના એક ખુણામાં ભરાઇ રહ્યો.

પેલી સખીઓ યક્ષ મંદિરમાં આવી દાખલ થઇ, તેવામાં રૂદનનો મહા ધ્વનિ સાંભળવામાં આવ્યો. મંદિરમાં આવેલી સખીઓ ચમકી ગઇ. દ્વાર બાહેર નીકળી, ત્યાં એક દાસી દોડતી આવી. સખીઓએ સંભ્રમથી પુછયું–બેન ! આ શું થયું ? રાજકુમારી કુશળ તો છે ? તે બોલી–બેન ! એક ચિત્તે સાંભળ. આપણા મહારાજાએ જે યોગિનીને કુશસ્થળ મોકલી હતી, તે નિષ્ફળ થઇ પાછી આવી છે. કુશસ્થળીમાં શ્રીચંદ્રકુમારના નિવાસનો પત્તો મળ્યો, પણ તે જોવામાં આવ્યો નહીં. રાજકુમારી તેને શેઠનો પુત્ર ધારી વરી હતી, પણ તે રાજપુત્ર નીકળ્યો છે. તેનાં માતા પિતાએ તેને ઓળખી લીધો છે. આ ખબર યોગિની પાસેથી સાંભળતાંજ રાજકુમારી પ્રિયંગુમંજરી મૂર્છા ખાઇ નીચે પડી ગઇ. તે જોઇ સખીઓ આક્રંદ કરી રૂદન કરે છે. ચાલો, આપણે ત્યાં જઇ કપૂર અને ચંદન જળનું સિંચન કરી રાજકુમારીને સાવધાન કરીએ. તરતજ સર્વ સખીઓ ત્યાંથી પ્રસાર થઇ ગઈ.

આ વાર્તા સાંભળી શ્રીચંદ્ર બોલ્યો—મિત્ર મદનપાળ ! પ્રિયંગુમંજરીની પ્રીતિ શ્રીચંદ્ર ઉપર ઘણી લાગે છે. એ ખરેખર શ્રીચંદ્રનીજ રાગી થઇ છે; પરકીયા થયેલી, તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રેમદા તમને શી રીતે મળશે? વનિતાઓ વિદ્યુત્‌ની જેમ ચપળા છે, તેવી સ્રીના પ્રતિબંધથી પુરૂષને કર્મના બંધ થાય છે. મીત્રવર્ય! બને તો આ ફંદમાં પડશો નહીં, તે મોહની માયા તમારે દુ:ખરૂપ થશે, તેને માટે આર્હત ધર્મમાં નિષેધ કરેલો છે.

મિત્ર મદનપાળ! સ્રી મોહ સ્વરૂપ છે, તેની સાથે યારી કરવી ન જોઇએ. તેમાં પરસ્રીની સાથે તો કદિ પણ પ્રીતિ કરવી નહીં. એ સ્રી, વિષ ફળની જેમ મુખે મધુરી લાગે છે, પણ પરિણામે તે દુ:ખની વલ્લી થઈ પડે છે એ પરસ્રી દશમો ગ્રહ છે, બીજા નામનું વિષ છે, અને ફણા વગરની સર્પિણી છે, જેનું મન પરસ્રીમાં આસક્ત છે, તેને બારમો રાહુ બેઠો સમજવો. સ્રીના પ્રસંગથી ગતિ, મતિ, અને મનોબળ હીણ થઈ જાય છે, શરીર દુર્બળ થઇ જાય છે. રાજપુત્ર! ધૈર્ય રાખો, ગુરૂની શિક્ષા હૃદયમાં ધારણ કરો; તમે રાજાના પુત્ર છો, તમારે સત્વથી ભ્રષ્ટ થવું ન જોઇએ. હિતશિક્ષા અને ધાર્મિક સત્વ રાખવાથી આ ભવ અને પરભવમાં સુખ પ્રાપ્ત થાય છે.

મિત્ર! આ શિક્ષાનો પ્રતિબોધ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તે છતાં તમારા હૃદયમાં જો મોહની સત્તા ઓછી થાય તેમ ન હોય, તો હવે કોઇ યુક્તિ કરી, તે રાજબાળાને સંપાદન કરો. યુક્તિ કર્યા વિના આ કાર્ય સિદ્ધ થશે નહીં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રથમ તો દ્રવ્ય વાપરવાની ઉદારતા રાખવી પડશે, અસાધ્યમાં અસાધ્ય કાર્ય પણ દ્રવ્યથી સાધ્ય થઇ શકે છે.

મિત્ર મદનપાળ ! તમે કાંતિનગરમાં જઇ નિવાસ કરો. રાજકુમારનો સુંદર વેષ ધારણ કરી, ગુપ્ત રીતે રહેજો. હું તમારી સાથે સેવક થઇને રહીશ. કોઇ કોઇ લોક પાસે 'હું શ્રીચંદ્રકુમારછું' એમ ગુપ્ત રીતે વાત ચલાવજો. જે કોઇ યાચક આવે, તેને અગણિત દાન આપજો, ગૃહ વૈભવનો દબદબો રાખજો, એમ કરવાથી અનુક્રમે નૃસિંહ રાજા એવું જાણશે કે, શ્રીચંદ્ર ગુપ્ત રીતે અહીં આવી રહેલો છે; તેમ કરતાં જો તમારાં ભાગ્ય હશે, તો તમે પ્રિયંગુમંજરીને મેળવી શકશો.

શ્રીચંદ્રે આવી યુક્તિ બતાવી, તેથી મદનપાળ ખુશી થયો તત્કાળ તે શ્રીચંદ્રની સાથે કાંતિનગરમાં આવ્યો. મદનપાળની પાસે ઘણું દ્રવ્ય અને ઝવેરાત હતું, તેમાંથી તેણે એક સાતમાળની હવેલી ખરીદ કરી. શહેરના ગુણીજનોને બોલાવી, નિત્ય ગોષ્ટી કરવા લાગ્યો. તેઓને મોટાં મોટાં ઈનામો આપી, સત્કાર કરવા લાગ્યો. અસંખ્ય યાચકોને વાંછિત દાન આપી, સંતુષ્ટ કરવા લાગ્યો. શહેરમાં પ્રત્યેક સ્થાને તેના ગુણના પ્રવાહ છુટવા માંડ્યા. લોકો શ્રીચંદ્રનું યશોગાન અતિ આનંદથી કરવા લાગ્યા. આ વૃત્તાંત રાજા નૃસિંહના જાણવામાં આવ્યો. પોતાના રાજ્યમાં શ્રીચંદ્રકુમાર આવી ગુપ્ત રીતે રહેલો છે, એમ જાણી રાજા અતિ ખુશી થયો. પોતે ધારેલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધારણા અનાયાસે સફળ થઇ. તેથી તે પોતાને ચારિતાર્થ માનવા લાગ્યો. તેણે પોતાના મંત્રી અને સામંત વર્ગને સૂચના કરી કે, શ્રીચંદ્રકુમારની સાથે પ્રીતિ કરી, રાજકુમારીનો સંબંધ જોડી દ્યો. રાજાની ઇચ્છાથી મંત્રીઓ અને સામંતો મદનપાળને ઉતારે જવા લાગ્યા. અલ્પ સમયમાં મદનપાળની સાથે તેઓની પ્રીતિ થઇ. બધા કાંતિપુરમાં શ્રીચંદ્રની કીર્ત્તિ ચંદ્રવત્ પ્રકાશવા લાગી. શ્રીચંદ્રના મેહેલ આગળ રાજમંત્રીઓ અને સામંતોની ગાડીઓની શ્રેણી સર્વદા ઉભી રહેવા લાગી. કાંતિપુરના ધનાઢ્ય વ્યાપારીઓ અને ગુણી જનોનાં વૃંદ ઉપરાઉપર ત્યાં આવવા લાગ્યાં.

શ્રીચંદ્ર સેવક થઈ મદનપાળને ચાતુર્ય ભરેલી શિક્ષા આપતો હતો. મદનપાળ તે પ્રમાણે પ્રવૃત્તિ કરતો હતો. તેની ઉદારતાથી, વિનયથી, અને પ્રેમથી કાંતિપુરના લોકોનાં મન અતિ રંજિત થયાં હતાં. ઘેર ઘેર તેનીજ પ્રશંસા અને તેનીજ ચર્ચા થતી હતી. ' મદનપાળ એ શ્રીચંદ્ર છે ' એમ લોકોને પૂર્ણ ખાત્રી થઇ ગઇ હતી. જ્યારે મદનપાળ ગાડીમાં બેસી ફરવા નીકળતો. તે વખતે લોકોનાં ટોળેટોળાં તેને જોવાને એકત્ર થતાં હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨ જુ.

### પ્રેમ પરાવર્ત્ત.

કાંતિનગરમાં આજે ધામધુમ થઇ રહી છે, દરબારગઢ ધ્વજા પતાકાથી શણગારવામાં આવ્યો છે, મંગળ તોરણની માળા ચારે તરફ લટકાવી છે, માનિનીના મુખમાંથી માંગલ્ય ગીત ગવાય છે, વિવિધ જાતનાં વાજિંત્રોના નાદ થઇ રહ્યા છે, શહેરના લોકો નવરંગિત આભૂષણ ધારણ કરી, મંડપની રચના જોવાને આવજાવ કરે છે, રાજ્યના અધિકારીઓ અને સામંતો સુંદર પોશાક પહેરી રાજભુવનમાં ગમનાગમન કરી રહ્યા છે.

કુમાર મદનપાળના મહેલને પણ સારી રીતે શણગાર વામાં આવ્યો છે, તેનાં દ્વાર આગળ મધુર વાજિંત્રો વાગી રહ્યાં છે, નવનવા પોષાક પહેરી મદનપાળનો સેવક વર્ગ તૈયાર થઈ રહ્યો છે, રાજકુમાર વિવાહનો પોશાક પહેરી ગોખ ઉપર સજ્જ થઈ બેઠો છે, પોતાના ઉપકારી મિત્ર શ્રીચંદ્રની સાથે નવનવા મનોરથ ભરેલી પ્રિયંગુમંજરીની વાર્ત્તા કરે છે.

આ વખતે બે સુંદરીઓ ગોખ નીચે પાણીનાં બેડાં લઇ જતી હતી, તેઓએ સુંદર પોશાક પહેર્યો હતો, નવીન તારૂણ્યના નવરંગથી તે રંગિત હતી. તેઓમાંથી એક સ્ત્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલી—પ્રિય બેન ! આજે રાજકુમારી પ્રિયંગુમંજરીના લગ્નમાં શું થવાનું છે ? તેની વાત તો કર. તે બોલી—બેન ! તને પણ તેની ખબર હશે. ના બેન ! મારા જાણવામાં બીલકુલ નથી. આજે રાજકુમારીના લગ્નનો દિવસ છે, એટલુંજ હું જાણું છું, પણ લગ્નમાં શું થવાનું છે, તેની મને બીલકુલ ખબર નથી. તે બોલી—સખી ! મારા ઘરની નજીક રાજકુમારીની ખાસ દાસી રહે છે, તેના મુખથી મારા સાંભળવામાં આવ્યું છે કે, આજે શ્રી ચંદ્રકુમાર સાથે પ્રિયંગુમંજરીનાં લગ્ન થશે. પાણિગ્રહણ વખતે રાજકુમારી પદ્મિણી વિગેરે સ્ત્રીઓનાં અને પુરુષોનાં લક્ષણો પૂછશે, તે સાથે ચોસઠ કળા સ્ત્રીની અને બોતેર કળા પુરૂષની પુછવામાં આવશે. આપણા રાજકુમારી અને શ્રીચંદ્ર એક ગુરૂનાં શિષ્યો છે. સર્વ પ્રકારની પરીક્ષા કર્યા પછી રાજકુમારીનું પાણિગ્રહણ થશે.આ સિવાય બીજી કેટલીક વાર્તાઓ કરતી તે સ્ત્રી આગળ ચાલી ગઇ.

કુમાર મદનપાળ તે સ્ત્રીઓની વાત સાંભળી ચિંતામાં પડ્યો, તેણે નિશ્વાસમૂકી શ્રીચંદ્રને કહ્યું, મિત્ર ! મારા ભાગ્યમાં આ રાજકન્યાનો યોગજ નથી, સ્ત્રી અને પુરૂષનાં લક્ષણો ચોસઠ તથા બોતેર કળાઓની મને બીલકુલ ખબર નથી. હું તે ચતુરાને શી રીતે ઉત્તર આપીશ ? મિત્ર ! લગ્નમંડપમાં મારૂં ઉપહાસ્ય થશે. હવે મારે શું કરવું ? મારા હૃદયમાં ઘણોજ પશ્ચાત્તાપ થાય છે; રાજકુમારને જે જે વિદ્યાઓ અને કળાઓ શીખવી જોઇએ, તે હું પૂર્ણ રીતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શીખ્યો નથી. મેં પિતાનો, માતાનો, અને ગુરૂનો ઉપદેશ માન્યો નહિ. અહા! કેવી અજ્ઞાનતા? કેવી મૂર્ખતા? જે બાળકો પિતા વિદ્યમાન છતાં વિદ્યા સંપાદાન કરતા નથી, તે ખરેખર મારી જેમ ઉપહાસ્યનું પાત્ર થાય છે. વિદ્યા અને કળા વિનાનો પુરૂષ પશુ સમાન છે. પ્રિયંગુમંજરી એક સ્ત્રી જાતિ છે, પુરૂષથી ઉતરતી છે. તેનાથી મારે ભય પામવું, એ કેવી શરમની વાત? હું ખરેખર નપુંસક બની ગયો છું, પ્રિયમિત્ર! મારા જેવા નિરક્ષરનો ઉદ્ધાર કરો. હું દીગમુઢ થઈ ગયો છું. હવે શું કરવું? તે મને બીલકુલ સૂઝતું નથી.

મદનકુમારની દીનતા જોઈ શ્રીચંદ્રકુમારને દયા ઉપજી. તેણે વિચાર કરી જણાવ્યું કે રાજમિત્ર! ચિંતા કરો નહિ તમારો વેષ મને આપો, અને વિવાહમંડપમાં પણ મનેજ મોકલો. તમે મારો વેષ પહેરી સાથે આવો. છેવટે રાજકુમારીનો કર તમનેજ સોંપીશ, કોઈ વાતે ચિંતા રાખશો નહિ, મારૂં હૃદય શુદ્ધ છે. મદનપાળે તે વાત સ્વીકારી, અને શ્રીચંદ્રને માંગલ્ય વેષ પહેરાવ્યો.

લગ્નનો સમય થયો., એટલે મંગળ ગીત અને વાદ્યના નાદ સાથે સર્વ સાજન માજન તૈયાર થઇ રાજભુવનમાં ચાલ્યું. શ્રીચંદ્ર વરવેષ ધારણ કરી સાથે ચાલ્યો. સુવર્ણ રત્નના શિરોભૂષણથી અને હિરાજડિત કુંડળોથી દેદીપ્યમાન શ્રી ચંદ્રકુમાર મોટા સરઘસ સાથે મંડપ તરફ ચાલ્યો. માર્ગમાં અગણિત દાન આપતો હતો. જ્યારે રાજ્યદ્વાર આવ્યું, એટલે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તારક નામનો ભાટ નીચેની કવિતા પ્રાકૃત ભાષમાં બોલ્યોઃ

तइया विवाहसमए, धणवइपमुहाण अट्ठकन्हाणं ।
सिरिचंदो सिट्ठि घरे, जो दिट्ठो सोइमो जयउ ॥१॥

વિવાહ સમયમાં ધનવંતી પ્રમુખ આઠ કન્યાઓને પરણનાર જે શ્રી ચંદ્રકુમાર શ્રેષ્ટિને ઘેર દીઠો હતો, તે શ્રીચંદ્ર કુમાર જય પામો.

શ્રી ચંદ્રની પૂર્ણ ચંદ્ર જેવી મનોહર છબી જોઈ કાંતિપુરપતિ અત્યંત ખુશી થયો. પોતે સન્મુખ લેવા આવ્યો. શ્રીચંદ્રને સન્માન સાથે મુખ્ય મંડપમાં સુંદર સિંહાસન ઉપર બેસાર્યો. રાજકુમારી પ્રિયંગુમંજરીને માતૃગૃહમાં પધરાંવવામાં આવી, ધવલમંગલના ગીતનો આરંભ થયો. જૈન વિવાહના વિધિ મંત્રોના ઉચ્ચાર થવા લાગ્યા,

પાણિગ્રહણનો સમય થયો, એટલે રાજબાળાં સર્વની સાક્ષીએ લજ્જા સાથે મધુર સ્વરે વરની પ્રત્યે બોલી—સ્રીના કેટલા ભેદ છે ?

શ્રીચંદ્રે ઉત્તર આપ્યો—ચાર ભેદ છે. ૧ પદ્મિની. ૨ હસ્તિની, ૩ ચિત્રિણી અને શંખિની.

પદ્મિનીનાં લક્ષણ નીચે પ્રમાણે છે.

**सवैया**

पद्म उपमान देह, मुखजित अमृत जेह,
हंसगति गमन रेह, स्निग्ध तनुदंत है;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुख मग्न श्याम केश, दीर्घ नेत्रको हैनिवेश,
पृथुलहि उरोज देश, अल्पनिंद लेतु है,
अल्प काम अल्पमान, पतिसें रहे एकतान
अल्प स्वेद अल्प रोष, वीजकी चमकहे;
अल्प हास अल्प भाष अल्प है,
निघास पद्माकर पुष्प भोग प्रियकी धमक है ॥१॥

જેના શરીરમાં કમળની ખુશબો હોય, ચંદ્રને પરાભવ કરે તેવું મુખ હોય, હંસના જેવી જેની ગતિ હોય, જેના દાંત સૂક્ષ્મ અને સ્નિગ્ધ હોય, કેશ શ્યામ હોય, નેત્ર વિશાળ હોય, સ્તન ગોળ અને પુષ્ટ હોય, નિદ્રાઅલ્પ હોય, કામ તથા માન અલ્પ હોય, પતિની સાથે એકતાન હોય, પસિનો અને રોષ થોડાં હોય, વિજળીના જેવી ચમક હોય, ભાષણઅને હાસ્ય અલ્પ હોય, અને પુષ્પનો ભોગ પ્રિય હોય તે પદ્મિણીનાં સોળ લક્ષણ છે.

## हस्तिनी लक्षण.

विजित गति गायंद, तास मदमत्त गंध,
थूल केश नैन लघु, परमत्तवारी है;
वहु कामको उमेद वहु स्वेद बहु खेद
वहुत व्यापार भेद, वहुत आहारी है.
शंख विषम है हस्त, मौक्तिक प्रिय प्रशस्त,

P. P. Ac. Gunratansuriji M.S.                                                    Jin Gun Aaradhak Trust

आप मत्त रहे मस्त, क्रोधभर भारी है;
हस्तिनीकी एह जाति, जानिए युं भलीभाती,
पद्मिनी थें विजातिपर, बुद्धिबळ सारी है, ॥२॥

જેની ગજેન્દ્રના જેવી ગતિ હોય, શરીરની ખુશબો મદીરા જેવી હોય, કેશ જાડા હોય નેત્ર ઝીણાં હોય, મદમત્ત રહેતી હોય, કામ ઘણો હોય, ઉમેદ ઘણી હોય. પસિનો ઘણો આવતો હોય, ખેદ બહુ હોય, વ્યાપાર-ઉદ્યોગ ઘણો હોય, આહાર ઘણો હોય, હાથ શંખના જેવા વિષમ હોય, મોતીના અલંકાર પ્રિય હોય, મનમાં મસ્ત રહેનારી હોય, ભારે ક્રોધી હોય, અને બુદ્ધિબળ ઘણું હોય, તે હસ્તિની સ્રીનાં સોળ લક્ષણ છે. તે પદ્મિનીથી વિપરિત હોય છે.

### चित्रिणी लक्षण

चित्रिणिको विचित्र गंध, उरु शोभा सुदृढ बंध,
एणगतिसुपिमदंत, केशको कलाप है;
उन्नत उरोज रोज, नेत्र जित नील सरोज,
अल्प निंद है हरोज, मधुर आलाप है.
मिताचार मिताहार, वार वार काम प्रचार,
मध्य स्वेद तीच्छण, कटाक्ष खेद व्याप है,
मकर समान हस्त, भूषण प्रिया विहस्त,
अंगमें अनेक रंग, अनंग केरी छाप है. ॥३॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેના શરીરમાં વિચિત્ર ખુશબો હોય, સાથોળની શોભા સારી હોય, બાંધો મજબૂત હોય, હરણના જેવી ચાલ હોય, દાંત સરખા હોય, કેશકલાપ મોટો હોય, સ્તન મોટાં હોય, નીલ કમળ જેવાં નેત્ર હોય, નિદ્રા થોડી હોય, ભાષણ મધુર હોય, આચાર થોડો હોય, અહાર અલ્પ હોય, કામ વારંવાર થતો હોય, પસિનો મધ્યમ હોય, કટાક્ષ તિક્ષ્ણ હોય, ખેદ વ્યાપતો હોય, હાથ મધર જેવા હોય, અલંકાર પ્રિય હોય, અંગમાં અનેક રંગ થતો હોય, અને કામદેવની અંગમાં છાપ હોય, તે ચિત્રિણી સ્ત્રીનાં લક્ષણ છે.

### शंखिनि लक्षण.

शंखिनीको मत्स्य गंध, शोभा कुचकी प्रबंध,
दीर्घ स्तन दीर्घ दंत, खरकी गति धारी है;
पिंग नेत्र पिंग केश, करत है विचित्र वेष,
दीर्घ हास्यको प्रवेश, दीर्घ काम विकारीहै.
दीर्घ रोष दीर्घ शोप, अकाजसें पीयत कोष,
न पेखत निज दोष, अमिताहार आहारी है;
मत्स्य सम विषम हाथ, कलह प्रियके लिये साथ,
दुशमनता प्राणनाथसें, पण धारी है. ॥ ४ ॥

જેના શરીરમાં મત્સ્યના જેવી ખુશબો હોય, સ્તનની શોભા ભારે હોય, સ્તન મોટાં હોય, દાંત મોટા હોય, ગધેડાના જેવી ચાલ હોય; નેત્ર માંજરાં હોય, કેશ ભુખરા હોય,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચિત્ર વેષ ધરતી હોય, ખડખડ હસ્તી હોય, કામવિકાર ઘણો હોય, ક્રોધ લાંબો ચાલતો હોય, રીસ ઘણી હોય, અકાર્ય ઉપર પ્રીતિ હોય, પોતાના દોષ જોતી ન હોય, આહાર ઘણો હોય, મત્સ્યના જેવા હાથ હોય, કજીયો ગમતો હોય, ક્રીડાપર પ્રીતિ હોય, અને પતિ સાથે વૈરભાવ હોય, તે શંખિની સ્રીનાં લક્ષણ છે.

તે પ્રત્યેક સ્રીનાં સોળ સોળ લક્ષણો છે, તે એકંદર ચોસઠ લક્ષણો થાય છે તેમાં પણ જાતિ, ગુણ અને લક્ષણના અનેક ભેદ થઈ શકે છે.

રાજબાળા ! સ્રીના **શુભા** અને **અશુભા** એ ભેદ, લક્ષણ ઉપરથી કહી શકાય છે. શુભ લક્ષણવાળી શુભા, અને અશુભ લક્ષણવાળી **અશુભા** કહેવાય છે. શુભા સ્રીના શરીર ઉપર રેખા, વ્યંજન [ મસા તિલ વિગેરે ] અને અવયવનાં શુભ ચિન્હો શુભ હોય છે, અને અશુભાના અંગ ઉપર અશુભ ચિન્હો હોય છે, જે સ્રી પૂર્ણચંદ્ર જેવા મુખવાળી અને જેના શરીરની કાંતિ બાળ અરૂણમાં જેવી દીપાયમાન હોય, મુખ વિશાળ હોય, હોઠ રાતા હોય, અને અવયવ નાજુક હોય, તે શુભ લક્ષણવાળી સ્રી છે.

સુલક્ષણ—સારાં લક્ષણવાળો પુરૂષ નઠારાં લક્ષણવાળી સ્રીના યોગથી હીનભાગ્ય થઈ જાય છે. કાંજીના સંગથી દૂધ દૂષિતજ થઈ જાય, જે સ્રીના હસ્તમાં અંકુશ, કુંડળ અને ચક્રનાં ચિન્હ હોય, તે સ્રી પ્રથમ પુત્રનેજ જન્મ આપે છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને તેનો પતિ ગ્રામાધીશ થાય છે. જેના હાથમાં ગઢ, તોરણ, મંદિર, પદ્મ, કુંભ, છત્ર અને ચક્રનાં ચિન્હો હોય, તે દાસ કુળમાં જન્મી હોય, તોપણ તે રાજાની પત્ની થાય છે. જેના હાથમાં મોર અને છત્રની રેખા હોય, તે ઘણા પુત્રવાળી રાજપત્ની થાય છે. તે સાથે તે પતિરક્તા અને સુશીલ હોય છે. જેનો કેશ કલાપ વક્ર, મુખ ગોળાકાર અને નાભિ દક્ષિણાવર્ત્ત હોય, તે પુણ્યવતી, પ્રેમવતી, અને ઘણા પુત્ર પુત્રીઓની માતા થાય છે. જેના કેશ લાંબા અને આંગળીઓ લાંબી હોય, તે દીર્ઘાયુ, ધન, ધાન્ય અને પરિવારવાળી થાય છે. તેની ઉપર પતિની પ્રીતી ઘણી હોય છે. જેનો ચંપકવર્ણ હોય, વચન સ્નેહ ભરેલાં હોય, અંગ સ્નિગ્ધ અને નેત્ર પ્રેમાળ હોય, તે ઘણાં સુવર્ણ આભુષણ પેહેરનારી અને સુખી થાય છે, જે સ્રીને હાસ્ય કરતાં લલાટપર સ્વસ્તિક (સાથીયાનો) આકાર પડે. તેને ઘોડા હાથી અને રથના વાંહનનો લાભ મળે છે. જેના ડાબા અંગ ઉપર મસ, તલ અને ગળા તથા સ્તન ઉપર તે ચિન્હ હોય, તે પુત્રનેજ પ્રસવ કરનારી, અને દારિદ્રને ધોનારી થાય છે, સ્રીને અલ્પ પસિનો, અલ્પ રૂવાંટા, અલ્પ નિદ્રા, અલ્પ ભોજન, અલ્પ હાસ્ય અને અંગ ઉપર રૂવાંટા ન હોય, તે સ્રી ઉત્તમ ગણાય છે. સ્તન ભરેલાં, સાથોળ હાથીની સુંઢ જેવા, યોની પીપળાના પાન જેવી, નિતંબ અને લલાટ વિશાળ, નાભિ ગૂઢ અને ઉંડી હોય, શીત અને ઉષ્ણ ઋતુમાં આલિંગન સુખ સરખું

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

હોય, રૂવાંટા ન હોય, તે નિર્ધન કુળમાં હોય, તોપણ રાજાના જેવું સુખ ભોગવે છે. જે સ્ત્રીની જંઘા, સ્તન, મુખ અને હોઠ ઉપર રૂવાંટી હોય, નાભિ તથા લલાટ ભમરાળાં હોય, તે સ્ત્રી સત્વર વિધવા થાય છે. જે સ્ત્રીની જંઘા ઘણી જાડી હોય, અને પગ ચપટા હોય, તે સ્ત્રી દાસી, દરિદ્રી, દુઃખી, મૃતપ્રજા કે વંધ્યા થાય છે. જેને પૃષ્ટ ભાગે આવર્ત્ત (ઘુમરી) હોય, તે પતિને મારનારી થાય છે, હૃદયમાં આવર્ત્ત હોય, તે પતિભક્તા થાય છે, કટિ ઉપર આવર્ત્ત હોય, તે સ્વચ્છંદા—વ્યભિચારિણી થાય છે. એ સ્ત્રીઓની ત્રણ ગતિ કહેલી છે.

જે સ્ત્રીને લલાટ, ઉદર અને યોનિ એ ત્રણ લાંબાં હોય, તે સ્ત્રી સાસરાને, દીયરને કે વરને હણનારી, અને પુત્ર સુખથી રહિત થાય છે. જે સ્ત્રીની જીભ કાળી હોય, નેત્ર પીળાં હોય, હોઠ લાંબા હોય, સ્વર ઘોઘરો હોય, અને અંગે અતિ કાળી કે અતિ ગોરી હોય તે સ્ત્રી વર્જવા યોગ્ય છે. જે સ્ત્રીને હાસ્ય કરતાં ગાલ ઉપર ખાડા પડે, તે સ્ત્રી પતિને ઘેર રહેતી નથી. સ્વેચ્છાચારી થઈ કુળ લજ્જા ગુમાવતી ફરે છે. જેના અંગુઠા પગથી વધતા હોય, તે સ્ત્રી પણ પોતાના ઘરમાં રહેતી નથી, અને જેના પગના અંગુઠા મધ્ય ભાગે ઉંચા હોય, તે કામ વિના રહી શકતી નથી. જેના ચરણના ભાગ પૃથ્વીને અડે નહીં, અને પાની ઉપડતી હોય, તેમજ અનામિકા આંગળી પણ પૃથ્વીને સ્પર્શે નહીં, તે જારને ઘેર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેનારી થાય છે. જેના પગની ટચલી આંગળી ભૂમિને અડતી ન હોય, તે પણ જાર સ્ત્રી હોય છે. જેણીના કેશ કપિલવર્ણી હોય, તે દરિદ્રી અને દાસી થાય છે. જેના હાથ અને પગ સરખા હોય, અને જંઘા પણ તેવી હોય, તે ગૃહમાં રહેનારી થાય છે. જેનો સ્વર કાગડાના જેવો હોય, જંઘા પણ કાગડાના જેવી હોય, દાંત લાંબા હોય, અને પૃષ્ટ ભાગે રૂવાંટી હોય, તે પરણ્યા પછી દશ માસે પતિને હણનારી થાય છે, તે વિષ કન્યા ગણાય છે. જેના આંગળાંમાં છિદ્ર પડતાં હોય, આંગળીઓ વિષમ હોય, અને નાસિકા ચીપટી હોય, તે સ્ત્રી વૈર વધારનારી અને પતિને અણગમતી થાય છે. જે ધમધમાટ કરતી ચાલતી હોય, તે પણ વૈર વધારનારી થાય છે. જે સ્ત્રી અતિ લાંબી, અતિ ટુંકી, અતિ દુબળી, અતિ કાળી, અને અતિ ગોરી હોય, તે સ્ત્રી વાદિલી અને કલહ કરનારી થાય છે. જે સ્ત્રી બીજાના ઘરની પ્રશંસા કરે, બીજાને અનુકૂળ રહે, અસ્થિર આસને બેસે, અને સામો ઉત્તર આપે, તે સ્ત્રી વંશને પ્રતિકૂળ સમજવી. જે પતિની સામે આક્રોશ કરે, જે પગ પોહોળા કરી બેસે, મુખ વાંકું રાખે, અને ડોળા પીળા હોય, તેવી સ્ત્રી પુત્રવતી હોય, તોપણ ત્યાગ કરવા યોગ્ય છે.

તે શુભા અને અશુભા સ્ત્રી ઓળખવા માટે નીચેનાં બે સંસ્કૃત કાવ્યો સર્વદા મનન કરવા યોગ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पीनोरुः पीनगंडा सुशमितदशना दक्षिणावर्त्तनाभिः
स्निग्धांगी चारुशुभ्रा पृथुकटिजघना सुस्वरा चारुकेशी ।
कूर्मप्रष्टा घनूष्णा द्विरदसमपृथुस्कंधभागा सुवृत्ता
सा कन्या पद्मनेत्रा सुभगगुणयुता नित्यमुद्वाहयोग्या ॥ १ ॥

જેના ઉરૂ પુષ્ટ હોય, ગંડસ્થળ ભરેલાં હોય, દાંત સરખા અને નાના હોય, નાભિ દક્ષિણાવર્ત્ત હોય, અંગ ચીકણું હોય, સુંદર ગૌરવર્ણ હોય, કેડ અને જઘન [ પેડુનો ભાગ ] વિશાળ હોય, સ્વર મધુર હોય, કેશ સુંવાળા હોય, પૃષ્ટ ભાગ કાચબાના જેવો હોય, શરીરમાં ગરમી અને શીતળતા સમાન હોય, સ્કંધનો ભાગ હાથીની જેમ સરખો હોય, ગોળ આકૃતિ હોય, નેત્ર કમળ જેવાં હોય, અને ગુણ સારા હોય, તેવી કન્યા વિવાહ કરવાને યોગ્ય છે. ૧

पिंगाक्षी कूपगंडा परपुरुषरता स्थूलजंघोर्ध्वकेशी
लंबौष्टी दीर्घवक्त्रा प्रविरलदशना श्यामताल्वोष्ट जिह्वा ।
शुष्कांगी संगरक्ता विषम कुचयुगा नासिकाक्रांतवक्त्रा
सा कन्या वर्जनीया सुत सुखरहिता भ्रष्टशीला च नारी. ॥२॥

જેનાં નેત્ર પીંગળાં હોય, ગંડસ્થળ કુવા જેવા હોય, જે પરપુરૂષમાં આસકત હોય, જંઘા સ્થુળ હોય, કેશ ઉભા હોય, હોઠ લાંબા હોય, મુખ લાંબું હોય, દાંત છુટા છુટા હોય, તાળુ, હોઠ અને જીભ શ્યામ હોય, અંગ સૂકાયાં હોય,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંગ કરવામાં રાગી હોય, સ્તન વિષમ હોય, અને મુખમાં નાક બેઠેલું હોય, તેવી પુત્ર સુખ વિનાની શીળ રહિત કન્યા વર્જવા યોગ્ય છે, ૨

મુખ ઉપરથી ડહાપણ, નેત્ર ઉપરથી આચાર, નાસિકા ઉપરથી સરળતા, અને શરીર પ્રમાણે સુખિતા, એમ અનેક સામુદ્રિકનાં લક્ષણ જોઈ, સ્ત્રીની પરીક્ષા થાય છે.

સ્ત્રીઓના બીજા **૧ ઉઢા, ૨ અનૂઢા, ૩ સ્વકીયા અને ૪ પરકીયા** એવા ચાર ભેદ થાય છે. તે શિવાય જ્ઞાતયૌવના; અજ્ઞાતયૌવના, પ્રૌઢા, મધ્યા, ધીરા, વાસકશય્યા, અતિસારિકા, કામકંદની, મુગ્ધા, વિપ્રલબ્ધા, વિશ્રબ્ધા અને પ્રોષિતપતિકા વિગેરે ઘણા ભેદ થાય છે. તે રસમંજરી રસિકપ્રિયા નાટક અને શ્રૃંગારશતક વિગેરેમાં દર્શાવ્યા છે.

આ પ્રમાણે સ્ત્રીનાં શુભ અશુભ લક્ષણો શ્રીચંદ્રના મુખથી સાંભળી પ્રિયંગુમંજરી ખુશી થઈ; તત્કાળ તેણીએ પ્રસન્નતાથી બીજો પ્રશ્ન કર્યો. નાયક કેટલા પ્રકારના છે?

શ્રીચંદ્ર બોલ્યો—અનુકૂળ, દક્ષિણ, શઠ, અને ભ્રષ્ટ, એ ચાર પ્રકારના નાયક છે. જે પરસ્ત્રીમાં પ્રીતિ કરે નહિ, પોતાની સ્ત્રીમાંજ પ્રીતિ કરે, અને સ્ત્રીને ખુશી રાખે, તે **અનુકૂળ** નાયક કહેવાય છે; તે સર્વદા શુભ લક્ષણવાળો હોય છે. જેના ચિત્તમાં પરસ્ત્રી રમી રહી હોય, પણ તેવા વિકારનો દેખાવ કરે નહીં, અને કુળાચારને ચુકે નહીં, તે **દક્ષિણ** નાયક

P. P. Ac. Gunratansuriji M.S.                                        Jin Gun Aaradhak Trust

કહેવાય છે. મુખે પ્રિય બોલે, પણ પ્રિય કરે નહીં, અને કોપ રાખ્યા કરે, તે **શઠ** નાયક કહેવાય છે; એવા નાયકોનો પ્રચાર ઘણો હોય છે. જે પોતાના અપરાધ જાણે નહીં, અને અપમાન કરે, તોપણ અજ્ઞાનથી કામ કરે, તે **ધૃષ્ટ** નાયક કહેવાય છે. એ શિવાય વર્ણભેદથી તેઓના ચાર ચાર ભેદ થતાં એકંદર સોળ ભેદ થાય છે.

નાયકના ભેદ યથાર્થ સાંભળી પ્રસન્ન થયેલી પ્રિયંગુ મંજરીએ પુન: પ્રશ્ન કર્યો—સ્વામી! રસ કેટલા ?

શ્રીચંદ્ર બોલ્યો—રસ નવ, શ્રૃંગાર, હાસ્ય, વીર, કરૂણા, અદ્ભૂત, ભય—રૌદ્ર, બીભત્સ અને શાંત. તે પ્રત્યેકના સ્થાયીભાવ, સંચારીભાવ, સાત્વિકભાવ વિગેરે પ્રકાર છે. શ્રૃંગારરસ સ્ત્રી પુરૂષના રાગથી ઉત્પન્ન થાય છે, તે સંયોગ શ્રૃંગાર અને વિયોગ શ્રૃંગાર એવા બે પ્રકારનો છે; તેના પણ પ્રચ્છન્ન, અપ્રચ્છન્ન, વિગેરે ઘણા પ્રકાર થાય છે. હાસ્યરસ સહજ અને નિમિત્ત હાસ્ય. એમ બે પ્રકારે થાય છે. વીરરસના દાનવીર, ધર્મવીર અને યુદ્ધવીર એવા ત્રણ પ્રકાર છે. કરૂણારસના ભેદ શ્રૃંગારની જેમ થઇ શકે છે. રૌદ્ર અને બીભત્સરસ શરીરના આવેશ તથા ચેષ્ટા ઉપરથી જણાય છે. રૌદ્રરસ ભયંકર દેખાવથી ઉત્પન્ન થાય છે. બીભત્સની ઉત્પત્તિ ગંદાઈમાંથી થાય છે. પૂર્વના સર્વ રસની પુષ્ટતા જેના ગુણથી થાય, તે શાંતરસ, જે સર્વથી વિશેષ પોષણ કરવાને યોગ્ય છે, તેને માટે અર્હતની વાણીમાં ઘણું વર્ણન કરેલું છે.

**सम्यग्ज्ञान समुत्थानः शांतो निःस्पृह नायकः ।**
**रागद्वेषपरित्यागाच्छांतो रस उदाहृतः    ॥ १ ॥**

સમ્યગ્ જ્ઞાનથી ઉત્પન્ન થયેલો અને નિસ્પૃહ નાયક શાંત કહેવાય, અને રાગ, દ્વેષના ત્યાગથી શાંત રસ કહેલો છે.

રસનું સંક્ષેપમાં વર્ણન સાંભળી પ્રિયંગુમંજરી પ્રસન્ન થઇ, તત્કાળ તે હૃદયથી તેજ પતિને વરી. પ્રેમથી સંબોધન આપી બોલી—પ્રાણનાથ! પુરૂષની બોંતેર કળાનાં નામ કહો.

શ્રીચંદ્ર બોલ્યો—૧ લેખન, ૨ ગણિત, ૩ ચિત્ર, ૪ ગીત, ૫ નૃત્ય, ૬ વાદ્ય, ૭ સાત સ્વરનું જ્ઞાન, ૮ મૃદંગાદિ વાદ્ય, ૯ તાલમાન, ૧૦ જુગાર, ૧૧ પાસા, ૧૨ શેત્રંજ–બાજી, ૧૩ જનવાદ, ૧૪ દક્ષતા, ૧૫ દગ્મટ્ટીનું જ્ઞાન, ૧૬ આસન, ૧૭ પાન, ૧૮ વસ્ત્ર, ૧૯ વિલેપન, ૨૦ શયનવિધિ, ૨૧ આર્યા, ૨૨ પ્રહેલિકા, ૨૩ માગધિકા, ૨૪ ગાથા, ૨૫ ગીતિકા ૨૬ શ્લોક, ૨૭ હિરણ્ય,–સુવર્ણ, ૨૮ ચૂર્ણ ૨૯ યોગ, ૩૦ ભૂષણ ધારણ વિધિ, ૩૧ તરૂણી સેવાનું કર્મ, ૩૨ સ્ત્રી લક્ષણ, ૩૩ નર લક્ષણ, ૩૪ અશ્વ લક્ષણ, ૩૫ ગજ લક્ષણ, ૩૬ વૃષભલક્ષણ, ૩૭ મણિ પરિક્ષા ૩૮ કુર્કટ લક્ષણ, ૩૯ છત્ર, ૪૦ દંડ, ૪૧ ખડ્ગ, ૪૨ કાકિણિ રત્ન, એ સર્વના લક્ષણતથા ગુણદોષ જાણવા. ૪૩ વાસ્તુ વિદ્યા, ૪૪ ગૃહસ્થાપના, ૪૫ નગરમાન, ૪૬ ચાર. ૪૭ પ્રતિચાર, ૪૮ સેના વ્યૂહ, ૪૯ પ્રતિ વ્યૂહ, ૫૦ યુદ્ધ, ૫૧ નિયુદ્ધ, [ બાહુ યુદ્ધ ] ૫૨ ચક્રવ્યૂહ; ૫૩ શકટ વ્યૂહ, ૫૪

P. P. Ac. Gunratansuriji M.S.                                   Jin Gun Aaradhak Trust

૧૩ વ્યૂહ, ૫૫ અતિ યુદ્ધ, ૫૬ અસિયુદ્ધ ૫૭ મુષ્ઠિ યુદ્ધ, ૫૮ બાહુ યુદ્ધ ૫૯ ધનુર્વેદ ૬૦ ક્ષુર પ્રભેદ, ૬૧ વૃષદ, ૬૨ સિથ્થ લત્તાયુદ્ધ, ૬૩ હિરણ્ય પાક, ૬૪ સુવર્ણપાક, ૬૫ સૂત્ર ખેડ ૬૬ વસ્ત્રખેડ, ૬૭ ખેત્ર ખેડ, ૬૮ ઘટી ખેડ, ૬૯ કાષ્ટ ઘટન, ૭૦ સજીવકરણ, ૭૧ નિર્જીવકરણ ૭૨ શકુન પક્ષી વાણી જ્ઞાન, એ બોતેર પુરૂષની કળા કહેવાય છે.

કોઈ શાસ્ત્રમાં બીજે પ્રકારે પણ બોતેર કળાઓ કહેલી છે, તે નીચે પ્રમાણે છે.

૧ લેખન, ૨ પઠન, ૩ સંખ્યા, ૪ ગીત, ૫ નૃત્ય, ૬ તાળ, ૭, ઢોલ; ૮ મૃદંગ, ૯ વીણા, ૧૦ વંશ, ૧૧ ભેરી, (એ સર્વની પરિક્ષા, ) ૧૨ ગજ શિક્ષા, ૧૩ અશ્વ શિક્ષા, ૧૪ ધાતુ વાદ ૧૫ દ્રષ્ટિવાદ, ૧૬ મંત્રવાદ, ૧૭ વલીયાનો નાશ, ૧૮ પળીયાનો નાશ, ૧૯ રત્ન લક્ષણ, ૨૦ સ્ત્રી લક્ષણ ૨૧ પુરૂષ લક્ષણ. ૨૨ છંદ,–પીંગળ, ૨૩ તર્ક, ૨૪ નીતિ, ૨૫ તત્ત્વ, ૨૬ કવિતા, ૨૭ જ્યોતિષ ૨૮ શ્રુતિ (વેદ) ૨૯ વૈદ્યક ૩૦ ભાષા, ૩૧ યોગ, ૩૨ રસાયન ૩૩ અંજન ૩૪ લિપિ ૩૫ સ્વપ્ન, ૩૬ ઈંદ્રજાળ, [એ સર્વનું જ્ઞાન] ૩૭ કૃષિ ૩૮ વ્યાપાર, ૩૯ રાજસેવા, ૪૦ શકુન, ૪૧ જળ સ્તંભન, ૪૨ અગ્નિ સ્તંભન, ૪૩ દ્રષ્ટિ, ૪૪ લેપન ૪૫ મર્દન, ૪૬ ઉર્ધ્વગતિ, ૪૭ ઘટ બંધ, ૪૮ ઘટ ભ્રમ, ૪૯ પત્રછેદન, ૫૦ મર્મભેદન, ૫૧ કૃષિ જ્ઞાન, ૫૨ જળજ્ઞાન, ૫૩ વૃષ્ટિ જ્ઞાન, ૫૪ લોકાચાર, ૫૫ જનાનુવર્તન, ૫૬ ફળભેદન, ૫૭ ખડ્ગ, ૫૮ ક્ષુરી બંધન,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૯ મુદ્રા, ૬૦ ઓજ, ૬૧ દંત ૬૨ કાષ્ઠકૃતિ, ૬૩ ચિત્રકૃતિ, ૬૪ ભુજયુદ્ધ, ૬૫ દ્રષ્ટિ યુદ્ધ ૬૬ મુષ્ટિ યુદ્ધ ૬૭ દંડયુદ્ધ, ૬૮ ખડ્ગયુદ્ધ, ૬૯ વાગ્યુદ્ધ, ૭૦ ગરૂડાદિ વ્યૂહ, ૭૧ ભૂત-દમન, અને ૭૨ યોગ, એ બોતેર કળાઓ છે.

આ પ્રમાણે જુદા જુદા પ્રકારે પુરૂષની બોતેર કળા સાંભળી, પ્રિયંગુમંજરી ખુશી થઇ, પુનઃ મધુર સ્વરે બોલી– પ્રાણેશ! સ્રીની ચોસઠ કળાનાં નામ કહો.

શ્રીચંદ્રે તત્કાળ નીચે પ્રમાણે સ્રીની ૬૪ કળાનાં નામ આપ્યાં. ૧ નૃત્ય, ૨ ઉચિત, ૩ ચિત્ર, ૪ વાજિન્ત્ર, ૫ મંત્ર, ૬ તંત્ર, ૭ જ્ઞાન, ૮ વિજ્ઞાન, ૯ દંભ, ૧૦ જળસ્તંભન, ૧૧ ગીત જ્ઞાન, ૧૨ મેઘવૃષ્ટિ જ્ઞાન. ૧૩ વૃદ્ધ રોપણ, ૧૪ આકાર ગોપન, ૧૫ અન્નસૃષ્ટિ, ૧૬ કૃષિ જ્ઞાન, ૧૭ ધર્મ વિચાર, ૧૮ શકુન-જ્ઞાન સાર. ૧૯ ક્રિયા કલ્પ, ૨૦ સંસ્કૃત જલ્પન, ૨૧ ગૃહનીતિ, ૨૨ ધર્મ નીતિ, ૨૩ લીલા ગતિ, ૨૪ કામવિકાર ભાષણ, ૨૫ સુવર્ણસિદ્ધિ, ૨૬ વર્ણક વૃદ્ધિ, ૨૭ સુગંધી તેલ, કર્મ, ૨૮ અશ્વપરિક્ષા, ૨૯ ગજલક્ષણ, ૩૦ પુરૂષ લક્ષણ, ૩૧ સ્રી લક્ષણ, ૩૨ અઢાર લિપિ, ૩૩ સુવર્ણ રત્નભેદ, ૩૪ તાત્કાલિક બુદ્ધિ, ૩૫ વાસ્તુ સિદ્ધિ ૩૬ વૈદ્યક ક્રિયા; ૩૭ કામ ક્રિયા, ૩૮ ષટભ્રમ, ૩૯ સોગઠાંબાજી, ૪૦ ચૂર્ણ યોગ, ૪૧ અંજનયોગ, ૪૨ હસ્તલાઘવ, ૪૩ વચન પટુતા, ૪૪ ભોજનવિધિ, ૪૫ વાણિજ્ય વિધિ, ૪૬ મુખમંડન ૪૭ શાલિ ખંડન, ૪૮ કાવ્ય શક્તિ ૪૯ કથા કથન, ૫૦ રોદન કળા, ૫૧ પુષ્પ ગ્રંથન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પર વક્રોક્તિ, ૫૩ વેષ વિધાન, ૫૪ આભરણ વિધિ, ૫૫ સકળ ભાષા જ્ઞાન, ૫૬ ભત્યોપચાર, ૫૭ ગૃહચાર, ૫૮ પર વચન નિરાકરણ, ૫૯ કેશ બંધન, ૬૦ વીણા વાદન, ૬૧ લોક વ્યવહાર, ૬૨ અંક વિદ્યા, ૬૩ વિતંડાવાદ, અને ૬૪ પ્રશ્ન પ્રહેલિકા.

આ ચોસઠ કળા ઉપરાંત શ્રીચંદ્રે ત્રિરાશિ. લીલાવતી, ગુણાકાર. ભાગાકાર અને મૂળ ઘનવર્ગ, વિગેરેનું સવિસ્તર વર્ણન કરી બતાવ્યું. રાજબાળા હૃદયમાં અતિ આનંદ પામી ગઇ. શ્રીચંદ્ર અને પોતાના વિદ્યાગુરૂ એકજ છે, તેવો તેને નિશ્ચય થઈગયો. પતિનું અપૂર્વ ચાતુર્ય તેના જાણવામાં તો આવી ગયું, પણ તેના હૃદયમાં શ્રીચંદ્રની મધુર અને વિદ્વતા ભરેલી ભાષા સાંભળવાનો ભાવ વધવાથી તેણીએ પ્રહેલિકાથી પ્રશ્નો કરવા માંડયા—

પહેલો અક્ષર ન હોય તો જગતને જીવાડે, વચલો અક્ષર ન હોય તો જગતને પાડે, અને છેલ્લો અક્ષર ન હોય તો સર્વને મીઠો લાગે, તે શું ?

શ્રીચંદ્રે તત્કાળ ઉત્તર આપ્યો—' કાજળ '

પહેલો અક્ષર ન હોય તો મીઠો લાગે, છેલ્લો અક્ષર ન હોય તો પક્ષી થાય, અને વચલો અક્ષર ન હોય તો સુખમાં જાય, તે આવે તો ઘણી મહેરબાની કહેવાય. કહો તે શું ?

શ્રીચંદ્રે તેનો ઉત્તર આપ્યો–તે ' કાગળ '

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો વચલો અક્ષર ન હોય તો જળમાં વસનાર થાય, જો પેલો અક્ષર ન હોય તો, તેથી ઘર શોભે, અને જો છેલ્લો અક્ષર ન હોય તો તે સર્વની વહાલી હોય તે થાય, તે મેં તમને જોવાને આપી છે. કહો તે શું?

શ્રીચંદ્રે સત્વર કહ્યું, '**આંખડી**'

છેલ્લો અક્ષર ન હોય તો તે સન્યાસી રાખે છે, વચલો અક્ષર ન હોય તો તે અવિચારી માણસ કરે છે. અને પહેલો અક્ષર ન હોય તો તે વડે બાળકો લખે છે, તે મસ્તકપર કોમળપણે શોભે છે. કહો તે શું?

શ્રીચંદ્ર બોલ્યો— '**રાખડી**'

રાજકુમારી હૃદયમાં પ્રસન્ન થઇ નીચેની સમસ્યાનું કવિત બોલી—

कोइ अक्खर नर नार कोप चडी नरने मारे,
देखे सघळा लोक, थोक पण कोइ न वारे;
नाठो जाणी नाथ, केडे शिर झाली आण्यो,
वळी दिये बहु मार, नारी गुण तेह वखाण्यो;
कर पग विणु एम खेलना करे करावे अति घणी,
अवधि कही छ मासनो; नारी वांकी ते सुणी ॥ १ ॥

ચતુર શ્રીચંદ્ર સત્વર બોલ્યો–તેનો ઉત્તર '**ગેડીદડો**'

રાજકુમારીએ બીજી સમસ્યા કહી:

त्रण अक्षरनी नार, नगर मांहे बहु दीसे,
वदन अनेक विशाल, जीभ कर पाय न दीसे,
नाटक करे अपार, अन्न खाती न धराये;
क्यारे न पीवे नीर, जीव विण सघळे ब्यापे,
ते नारीने दाखवो, अवधि मास षट् जाणीये;
तुरत कहे जे तेहनी, बुद्धि सरव वखाणीए ॥ १ ॥

ચતુર રાજકુમારે ઉંચે સ્વરે કહ્યું—તેનો ઉત્તર **'ચાળણી'**

આ પ્રમાણેના ઉત્તર સાંભળતાં રાજબાળાના અંગ ઉપર રોમોદ્‌ગમ થઇ આવ્યો. તરતજ લાવણ્યની કાંતિ સાથે પ્રિયંગુમંજરી ઉભી થઈ. પ્રેમવતીએ પ્રેમથી શ્રીચંદ્રના મનોહર કંઠમાં વરમાળા આરોપણ કરી, લોકોએ મંડપને જયધ્વનિથી ગજાવી મુકયો. તે પછી ગૃહસ્થ ગુરૂએ જૈન વેદના મંત્રોનો ઉચ્ચાર કરી વિવાહવિધિનો આરંભ કર્યો. ચોરીમાં ચાર મંગળ વર્ત્તાવવામાં આવ્યાં. પ્રત્યેક મંગળે મહારાજા નૃસિંહે વરવધૂને અમૂલ્ય દાયજો અર્પણ કર્યો. વાજિંત્રોના નાદ સાથે વિવાહવિધિ સમાપ્ત કરવામાં આવ્યો. તે પછી અભિનવ દંપતીનો વરઘોડો ચડયો. માર્ગમાં ઈંદ્ર ઈંદ્રાણી, કામ રતિ, કૃષ્ણ લક્ષ્મી, ચંદ્ર રોહિણી, શિવ પાર્વતિ અને સૂર્ય રાનાદેનાં સૌભાગ્ય લોકો તરફથી કહેવામાં આવ્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીચંદ્ર રાજરમણીને લઇ મદનપાળના મહેલમાં આવ્યો; મહેલને પ્રકાશમાન રૂશનાઇથી પ્રકાશિત કરવામાં આવ્યો હતો, રતિમંદિરની શોભા અદ્ભુત કરવામાં આવી હતી; ચારે તરફ મનોહર વિલાસનાં અને શ્રૃંગારનાં સુશોભિત ચિત્રો મુકેલાં હતાં.

મનગમતા વિદ્વાન્ અને વિલાસી પતિની સાથે રતિ-સુખની ઇચ્છા કરતી પ્રિયંગુમંજરી પલંગ ઉપર આવી, સમાન વયની સખીઓ અને દાસીઓ સાથે મુકવા આવી. શયન મંડપમાં જતાં સખીઓ અને દાસીઓ બહાર ઉભી રહી. રાજબાળા મુખ વસ્ત્ર ઉઘાડું કરી રમણની સામે વિનયથી ઉભી રહી, તે વખતે શ્રીચંદ્રે કહ્યું, રાજકુમારી ! આજ્ઞા આપો, મારે શરીર ચિંતાએ જવું છે, પાછો હું સત્વર આવું છું. ચતુર પ્રિયા લજ્જાથી હા ના કહી શકી નહીં. શ્રીચંદ્ર મહેલની નીચે ઉતર્યો; ત્યાં મદનપાળ આકુળ વ્યાકુળ થઇ ઉભો હતો. શ્રીચંદ્રે કહ્યું, મિત્ર ! હવે કાર્ય સિદ્ધ કર્યું છે, હું ચાલ્યો જાઉં છું. એમ કહી જે રાજા તરફથી ભેટો મળી હતી, તે તેને સોંપી, સાસરાએ નાખેલી મુદ્રિકા પોતાની આંગળીમાંથી કાઢી આપી. પોતાનો નવરંગિત વેષ મદનને પહેરાવ્યો, પોતે કાપડીનો વેષ ધારણ કર્યો. શ્રીચંદ્ર જવા તૈયાર થયો, એટલે મદનપાળ બોલ્યો, મિત્ર ! તારા જેવા ઉપકારી મિત્ર થોડા હશે, મારે માટે તેં બહુ કર્યું છે, એક વિદેશી થઇ મારા જેવા અપરિચિત મિત્રને તેં જે સહાય

આપી છે, તે બીજાથી આપી શકાય તેમ નથી. મિત્ર ધર્મનો ખરેખરો નમુનો તારામાંજ છે. મિત્ર કેવો જોઇએ ? મૈત્રી ધર્મમાં શું રહસ્ય છે ? મિત્રનું કર્ત્તવ્ય શું છે ? એ બધા પાઠ તનેજ વિદિત છે. ઉપકારી વીર ! જગતમાં તારા જેવા પરોપકારી, દયાળુ અને પરદુઃખભંજન વિરલા હશે, મિત્રતાની ઉજ્વળ કીર્ત્તિ, મિત્રતાની પરમ પવિત્રતા તમારા અંતરંગમાં સ્ફુરી રહેલી છે. પ્રિય બાંધવ ! તમારો હું પૂર્ણ આભારી છું, યાવજ્જીવિત તમારી દાસવૃત્તિ કરવા તૈયાર છું. કહો મિત્ર ! હવે પાછા કયારે મળશો ? આ સદાના તમારા રૂણી મિત્રને કિંચિત્ પ્રત્યુપકારરૂપ સેવાનો લાભ કયારે આપશો ? આટલું કહી મદનપાળ શ્રીચંદ્રના ચરણમાં નમી પડયો. શ્રીચંદ્રે તેને કરવડે બેઠો કરી પ્રેમાલિંગન આપી. ત્યાંથી સત્વર વિદાય થયો.

## પ્રકરણ ૩ જું.

### મદનપાળની વિડંબના.

દીપક શ્રેણીથી સુશોભિત રતિમંદિરમાં પ્રિયંગુમંજરી પલંગ ઉપર બેસી, પતિની રાહ જોતી હતી, દ્વારની બહાર તેની સખીઓ અને દાસીઓ ઉભી ઉભી ચતુરાની ચેષ્ટા જોતી હતી, રાજબાળા ચિંતવવા લાગી, પ્રાણનાથ કેમ હજુ આવ્યા નહીં ? કોઇ મોહિત દાસીએ કે, મારી સ્વાર્થી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સખીએ તેમને રાકયા તા નહીં હાય ? એ મદનમૂર્તિ, પ્રાણેશની પ્રેમમૂર્ત્તિ, કોને રૂચિકર ન થાય ? તેઓએ દેહ-ચિંતાનું બહાનું તા બતાવ્યું નહીં હાય ? વખતે મારી તરફથી કાંઇ અનાદર થયા હશે ? અથવા મેં તેમને સમસ્યા અને પ્રશ્નો પુછયા, તેથી કાંઈ મારી પર અભાવ તા નહીં થયો હોય ?

આ પ્રમાણે રાજબાળા વિચાર કરતી હતી, ત્યાં મદનપાળ નીચેથી મંગળ પોશાક ધારણ કરી આવ્યો. પોતાનો સ્વાર્થ સિદ્ધ થવાથી તેની મુખમુદ્રા હર્ષિત દેખાતી હતી, કામના આવેશથી તેના ચરણ વેગથી ઉપડતા હતા. સત્વર આવી, તે શયન મંદિરમાં દાખલ થયો. પ્રિયંગુમંજરી સંભ્રમથી બેઠી થઇ, શ્રીચંદ્ર આવ્યા ધારી, તેના મુખચંદ્ર ઉપર હાસ્યપ્રભા પડી ગઇ. તત્કાળ તેણીએ પોતાના પ્રાણેશની સામું જોયું; જોતાં તે સૌંદર્ય, તે ભવ્યતા, તે ચાતુર્ય ભરેલ ચાલાકી, કાંઇપણ જોવામાં આવ્યું નહીં. શ્રીચંદ્રની છબી જે તેણીના મનોદ્વારમાં ચિત્રાઇ ગઈ હતી, તે જોવામાં આવી નહીં, બીજીજ આકૃતિ જોવામાં આવી, કૃત્રિમ વેષ ઓળખવામાં આવ્યો. તત્કાળ રાજપુત્રી શયન મંદિરમાંથી બહાર આવી, તેણીએ પોકાર કર્યો સખી ! જુઓ, આ કોઇ બનાવટી વેષ પહેરી પુરૂષ આવ્યો છે, તપાસ કરો, એ કોણ છે ? સખીઓ અને દાસીઓ દોડી આવી. તેઓ બોલી–પ્રિય બેન ! બીજો કોણ હોય ? તમારા પતિજ હશે, બરાબર નિરીક્ષણ કરો:

રાજકુમારી બોલી—ભદ્રે ! હું સત્ય કહું છું, મારા ખરા પતિ નથી; આ કોઇ વિલક્ષણ કામી, અને કપટી પુરૂષ છે, તમે તેની પાસે જઇ પુછી જુઓ. તત્કાળ સર્વ સખીઓ મદનપાળની પાસે આવી; તેને જોતાંજ તેઓએ જાણી લીધો. જરૂર કાંઇ પણ દગો થયો, આ પુરૂષ તો દ્વારપાળ હતો, હમણાંજ આપણે જોયો હતો, શ્રીચંદ્રકુમાર તો નહીંજ, એવો નિશ્ચય થયો. મહેલની આસપાસ શોધ કરી, પણ શ્રીચંદ્રકુમારનો પત્તો લાગ્યો નહીં.

રાજકુમારી પ્રિયંગુમંજરી એક દાસીને ત્યાં રાખી, બીજી સખીઓને સાથે લઇ, પોતાની માતા પાસે ઉતાવળી આવી. માતા પુત્રીને રાત્રે પાછી આવેલી જોઈ, આશ્ચર્ય પામી ગઈ. માતાને જોતાંજ પ્રિયંગુમંજરીના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી. અને શરીર કંપવા લાગ્યું. માતા છાતી સાથે દબાવી, ભય પામી બોલી—વત્સે ! શું છે ? હર્ષને સ્થાને શોક કયાંથી ? તને શું થયું ? જે હોય તે સત્વર જણાવ. પ્રિયંગુમંજરી મંદ સ્વરે રૂદન કરતાં બોલી—જનની ! વિવાહમાં કાંઇ દગો થયો છે. મને પરણનાર રાજપુત્ર ક્યાંઈક ચાલ્યા ગયા. કોઈ બીજો પુરૂષ તેનો વેષ પહેરી મારા મંદિરમાં આવ્યો છે. વિવાહિત પતિ દેહચિંતાનું બહાનું બતાવી ચાલ્યા ગયા છે, તેનો કયાંઇ પત્તો નથી. બીજા કોઇ અરસિક અને અકુલીન પતિએ શયનગૃહમાં પ્રવેશ કર્યો, તેથી હું ભય પામી અહીં છુટી આવી છું. માતા ! ધર્મની સહાયથી મારા શીળનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રક્ષણ થયું છે. હવે શું કરવું? તે પુરૂષ અદ્યાપિ મારા મેહેલમાં રહ્યો છે.

રાણી આશ્ચર્ય પામી બોલી–બેટા ! એ બનવું અસંભવિત છે, ગમે તેમ થાય, પણ તને પરણનાર તે વીર પુરૂષ કદિ પણ તેવો દગો કરે નહીં. કદિ કોઇ કારણથી તેમ બન્યું હોય, તોપણ તને મુકી દીયે, એ વાત તો બનેજ નહીં; ગમે ત્યાંથી તે પાછો આવી, તને શરણ આપશે. તેવા વિદ્વાન અને વીર રાજપુત્ર પોતાની પરિણીત પત્નિને પરપુરૂષને અર્પણ કરે, તે અસંભવિત છે. પુત્રી ! ધૈર્ય રાખ, નિશ્ચિંત રહે, હમણાંજ તેની તપાસ કરાવીએ.

રાણી પોતાના મેહેલમાં પુત્રીને રાજાની પાસે લાવી, બનેલો સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળી રાજા આશ્ચર્ય પામી ગયો. તત્કાળ તેણે મંત્રીને બોલાવી, શ્રીચંદ્રના મેહેલ ઉપર પહેરો રાખવા આજ્ઞા કરી.

પ્રાતઃકાળે નૃસિંહ રાજાએ ક્રોધથી સિંહવત્ બની, મદનપાળને પોતાની પાસે બોલાવ્યો. તેનો સુંદર વેષ જોઇ, રાજા વિચારમાં પડયો. આકૃતિ ઉપરથી ‘ આ શ્રીચંદ્ર ’ નથી, એવો નિશ્ચય તો થયો, તથાપિ તેને શંકા રહેવાથી પુછયું; રાજકુમાર ! જો તમે ખરેખરા શ્રીચંદ્ર હો તો મુદ્રાલેખ બતાવો, અને વિવાહ વખતે જે પ્રશ્નો પુછવામાં આવ્યા હતા, તે ફરી વાર જણાવો. રાજાનાં આ વચન સાંભળી, મદનપાળ ભયભીત થઇ ગયો; તે કાંઈ પણ બોલ્યો નહીં,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનું શરીર કંપવા લાગ્યું; તે જોતાંજ રાજાને વધારે વહેમ પડયો. ક્ષણ વારે નિશ્ચય થતાં તત્કાળ રાજા ક્રોધથી બોલ્યો—અરે કપટી! તું કોણ છે? આવો બનાવટી વેષ લઇ રાજ-મંદિરમાં આવ્યો, તે શું વિચારીને? તથાપિ મદનપાળ કાંઇ બોલ્યો નહીં, એટલે રાજાને વિશેષ કોપ ચડયો, તત્કાળ મદનપાળની ઉપર ચાબુકના ઘા કરવા માંડયાં; માર એ પદરમું રત્ન છે. તત્કાળ મદનપાળ પોકાર કરતો બોલ્યો—સ્વામી! ક્ષમા કરો, હું મકરધ્વજ રાજાનો પુત્ર મદનપાળ છું તમારા રાજ્યના પાડોશમાંજ મારા પિતાનું રાજ્ય છે. શ્રીચંદ્ર મારો ઉપકાર કરવા વેષ પરાવર્ત્ત કરી, રાજકુમારીને પરણ્યો હતો. તે ઉપકારી પુરૂષે પ્રથમથીજ મારી સાથે સંકેત કરી, આ કામ કર્યું હતું, એમ કહી પોતાનો સર્વ વૃત્તાંત પ્રથમથી નિવેદન કર્યો.

મદનપાળની વાત ઉપર રાજાને જરા વિશ્વાસ આવ્યો, તત્કાળ તેણે એક રાજપુત્ર જાણી છોડી દીધો, અને જે લગ્નમાં દાયજો વિગેરે આપવામાં આવેલ, તે બધું રાજાએ પાછું લઇ લીધું. મદન જીવ લઇ પોતાની રાજધાનીમાં ચાલતો થયો.

રાજા નૃસિંહે પોતાના મંત્રીઓને અને શહેરના આગેવાનોને બોલાવી, શ્રીચંદ્રને માટે શું કરવું, તેનો વિચાર કર્યો; તે વખતે તારક નામનો એક ભાટ કે જે શ્રીચંદ્રની સ્થિતીને જાણતો હતો, તેણે રાજાને ધીરજ આપી કહ્યું કે, મહારાજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિંતા કરશો નહિ, શ્રીચંદ્ર પાછા સત્વર આવી, રાજકુમારીને મળશે. તે વિદ્વાન ગુણજ્ઞ છે, ઘણે સ્થાને તેમના આવી રીતેજ વિવાહ થએલા છે. આથી રાજાને વિશેષ ધીરજ આવી.

તે ચતુર ભાટે વિલાપ કરતી રાજકુમારી પ્રિયંગુમંજરીને પણ આશ્વાસન આપ્યું. પ્રિય બેન ! ચિંતા કરશો નહીં, રાજકુમાર શ્રીચંદ્ર અહીંથી જતાં મને મળ્યા હતા, તેમણે તમને આપવાને આ મુદ્રિકા આપી છે, એમ કહી તે બારોટે રાજકુમારીના હાથમાં મુદ્રિકા આપી, અને કહ્યું કે, આ મુદ્રિકાને પતિની પ્રેમમૂર્તિ જાણજો, અને પ્રતિદિવસ તેની પૂજા કરજો. તે મુદ્રિકા લઈ પ્રિયંગુમંજરી ખુશી થઈ, અને આશારૂપ સરિતાના પ્રવાહમાં તણાતી તણાતી પિતૃગૃહમાં રહી, દિવસ નિર્ગમન કરવા લાગી.

## પ્રકરણ ૪ થું.

### શ્રીચંદ્ર ગુફામાં.

એક ભયંકર ગુફા હતી, ગુફામાં ઉતરવાને પગથીયાંની મોટી શ્રેણી હતી, આગળ જતાં એક બે માળનું નવરંગિત મંદિર ઉભું હતું, મંદિર આગળ સારો પ્રકાશ પડતો હતો, તે પ્રકાશ સૂર્યનો ન હતો, પણ વિવિધ જાતનાં રત્નોનો હતો, મંદિરનો દેખાવ ઘણો રમણીય હતો, રત્નજડીત થાંભલાઓથી તે ઘણું સુશોભિત લાગતું હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ મંદીરમાં એક પુરૂષ દાખલ થયો. તેનો વેષ ક્ષત્રિય કુમારના જેવો હતો, હાથમાં એક દિવ્ય ખડ્ગ રાખ્યું હતું તે વીરનર આ નવીન મંદિરના માળ ઉપર ચડયો, ત્યાં એક વિચિત્ર મણિમય મંડપ જોવામાં આવ્યો. મંડપની ચારે બાજુ સુંદર ફરનીચર ગોઠવેલું હતું, મધ્ય ભાગે એક સિંહાસન મુકેલું હતું, પેલો યુવાન પુરૂષ તે સિંહાસન ઉપર જઈને બેઠો. આવા સુંદર ગૃહમાં કોઇ પણ મનુષ્ય નથી, તેનું શું કારણ હશે ? એમ તે વિચાર કરતો હતો, ત્યાં મંડપની એક તરફ જરા ખુલ્લું રહેલું એક દ્વાર તેના જોવામાં આવ્યું. તે જોતાંજ યુવાન બેઠો થયો, તે દ્વાર ઉઘાડી અંદર પેઠો, ત્યાં એક રત્નમય શય્યા ઉપર બેઠેલી વાનરી જોવામાં આવી આવા નિર્જન સ્થળમાં આ પ્રાણી કયાંથી ? એમ તે આશ્ચર્ય પામ્યો.

તે પુરૂષને જોતાંજ વાનરી શય્યામાંથી બેઠી થઇ, ચરણમાં આવી તેણીએ વંદના કરી, અને તે યુવાન પુરૂષનો છેડો પકડી તેને આગ્રહ દર્શાવી શય્યા ઉપર બેસાર્યો. તે જોઇ તરૂણ પુરૂષ આશ્ચર્ય પામી ગયો. તત્કાળ તેણે વાનરીને કહ્યું, અરે મુંગા પ્રાણી ! તું ચેષ્ટા ઉપરથી મને મનુષ્ય જાતી લાગે છે, તે છતાં વાનરીરૂપે કેમ દેખાય છે ! તારૂં વૃત્તાંત જાણવાની મને ઉત્કંઠા છે. તરૂણ પુરૂષનાં આવાં વચન સાંભળી વાનરીના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી. રૂદન કરતી કપિનીએ પોતાનો હાથ લાંબો કરી, તે પુરૂ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ષ્ટને એક આરીયું બતાવ્યું; તે સંજ્ઞાથી જાણી લઇ, પુરૂષે બેઠા થઇ તે આરીયું ઉઘાડયું, તેમાં બે કુંપા જોવામાં આવ્યા કુંપાની અંદર એકમાં કાળું અને બીજામાં ધોળું, એમ બે જાતનાં અંજન જોવામાં આવ્યાં વાનરીએ શ્યામ અંજન ઉપર આંગળી કરી, પોતાની આંખનો સ્પર્શ કર્યો એ ચેષ્ટા ઉપરથી જાણી લઇ તરૂણ પુરૂષે, તેશ્યામ અંજન વાનરીના નેત્રમાં આંજ્યું અંજન આંજતાંજ તે કપિરૂપ છોડી સુંદર માનુષી થઇ ઉભી રહી, તેના શરીર ઉપર દિવ્ય સૌંદય ઝળકી ઉઠયું મનોહર મુખની છબી પૂર્ણચદ્રને શરમાવવા લાગી. પદ્મનાં જેવાં વિશાળ લોચન ઉપર ચપળતા છવાઇ રહી, યૌવનથી લલિત એ લલનાએ ક્ષત્રિય કુમારને પ્રણામ કર્યા તરૂણ પુરૂષ બોલ્યો—સુંદરી ! તમે કોણ છો ! આવા એકાંત સ્થળમાં તમને કોણ લાવ્યું છે ! આ સ્થળમાં તમને કોણ લાવ્યું છે ! આ સ્થાન કોનું છે : તમારા જેવી મનોહર માનુષિ સ્ત્રીને વાનરીરૂપે કરનાર કોણ છે ? આવું અધર્મ કાર્ય કોણે કર્યું ! આ સર્વ વૃત્તાંત જાણવાની મને ઉત્કંઠા છે, જો કાંઈ પણ બાધ ન હોય, તો મને જણાવશો.

એ સુંદરીએ વિનયથી તરૂણ પુરૂષને આ પ્રમાણે જણાવ્યું હેમપુર નગરમાં રૂપથી કામદેવને જીતનાર **મકરધ્વજ** નામે રાજા છે. તેને **મદનાવળી** નામે રાણી છે, તેણીના ઉદરથી **મદનપાળ** નામે એક પુત્ર અને તેથી નાની **મદનસુંદરી** નામે પુત્રી થઇ છે. રાજકુમારી મદન સુંદરી

તેના માતાપિતાને વધારે વહાલી છે, અનુક્રમે તે બાળા યૌવનવયને પ્રાપ્ત થઈ. માયાળુ માતાપિતાએ તે બાળાને વિદ્યાભ્યાસ કરાવ્યો. સ્ત્રીઓની અને પુરૂષોની કળા તેણીને શીખવી, તેમાં પુરૂષોનાં બત્રીશ લક્ષણો તેણીના જાણવામાં આવ્યાં; એટલે તે બાળાએ નિશ્ચય કર્યો કે, બત્રીશ લક્ષણવાળો જે પુરૂષ હોય, તેની સાથે મારે વિવાહ કરવો, આવી તેની પ્રતિજ્ઞા માતાપિતાના જાણવામાં આવી. તેમણે પણ તેમાં અનુમોદન આપ્યું

વીર મહાશય ? એક વખતે એવું બન્યું કે. મદનસુંદરીનો ભાઇ મદનપાળ ફરવા જતો હતો, ત્યાં પ્રિયંગુમંજરી નામે એક કુમારીકા તેની નજરે ચડી ગઈ તેણીનું સુંદર રૂપ જોઇ મદનપાળ મોહ પામી ગયો, તેના હૃદયમાં તેણીનો વિરહાગ્નિ પ્રગટ થયો. રાગી મદનપાળ બનતો પ્રયત્ન કરીને પણ પ્રિયંગુમંજરી મેળવવાને યત્ન કરવા લાગ્યો તેનો યત્ન સફળ થતો ન હતો, કારણ કે પ્રિયંગુમંજરી રાધાવેધ કરનાર એક શ્રીચંદ્રકુમાર ઉપર રાગી થઈ હતી, શ્રીચંદ્રકુમારના રાગને લઇ તેણીએ મદનપાળ ઉપર જરા પણ પ્રેમ કર્યો નહીં.

આથી મદનપાળ ઘેલા જેવો થઇ રાજ્યમાંથી ચાલી નીકળ્યો. રાતદિવસ પ્રિયંગુમંજરીના નામની જપમાળા ફેરવતો તે જંગલોમાં ભટકવા લાગ્યો, અને રાગઘેલો થઇ ઘણી વિટંબનાઓ ભોગવવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક વખતે કોઇ પ્રવીણ ગાયક હેમપુરના રાજાના દરબારમાં આવી ચડયો. તેની ગાયન કળા સાંભળવાને રાજા મકરધ્વજે એક જાહેર સભા ભરી. તે ચતુર ગાયકે કુશસ્થલીના રાજા પ્રતાપસિંહના પુત્ર શ્રીચંદ્રકુમારના ગુણોનું ગાયનમાં વર્ણન કર્યું. તે સાંભળી મહારાજા અને બીજા શ્રોતાઓ ઘણા ખુશ થઇ ગયા. રાજા મકરધ્વજે તે ગાયકને મોટું ઈનામ આપ્યું શ્રીચંદ્રકુમારના ગુણ સાંભળી રાજા મકરધ્વજે પોતાના મંત્રી સાથે વિચાર કર્યો કે, રાજકુમારી મદનસુંદરીનો સંબંધ શ્રીચંદ્રકુમારની સાથે કરવો, અને તેને માટે યોગ્ય ગોઠવણ કરવા પણ માંડી.

આ અરસામાં મદનસુંદરી સખીઓની સાથે વનમાં રમવા ગઇ. તે બાલિકા એક પુષ્પગૃહમાં પોતાની સખીઓની સાથે રમતી હતી, ત્યાં કોઈ વિદ્યાધર આકાશમાંથી અચાનક આવ્યો. કામપીડિત એ વિદ્યાધર મદનસુંદરીને ત્યાંથી હરી ચાલતો થયો. તે વિદ્યાધરે પોતાની સ્રીના ભયથી તે રાજકુમારીને આ ગુફામાં મુકી, તે મદનસુંદરી હું પોતેજ છું. તે દુષ્ટને મેં ઘણી પ્રાર્થના કરી, પણ તેણે માન્યું નહી અને બળાત્કારે મારી સાથે વિવાહ કરવાની ઈચ્છા કરી, તે વિવાહની સામગ્રી લેવાને બહાર ગયો છે. મને પેલા કુંપામાંથી અંજન લગાડી વાનરી બનાવી ચાલ્યો ગયો છે. તે ગયા આજે પાંચ દિવસ થયા છે મેં જ્યારે રૂદન કરી ઘણી આજીજી કરી, ત્યારે તેણે ચાલતી વખતે મને કહ્યું—સુંદરી

હું રત્નચુડ નામે વિદ્યાધર છું, મને સ્વામી તરીકે સ્વીકારતાં તું ઘણીજ સુખી થઇશ. મારા ગોત્રના વિદ્યાધર રાજાઓએ એકઠા મળી. મને મારી રાજધાનીમાંથી બહાર કાઢી મુકયો છે, મણિભૂષણપુર નામે મારી સુંદર રાજ્યધાની છે, મારૂં રાજ્ય તેઓએ પોતાને સ્વાધીન કરી લીધું છે.

મૃગાક્ષી ! એક વખતે પદભ્રષ્ટ થઇ હું ભટકતો ભટકતો કુશસ્થળી નગરીમાં આવી ચડયો. ત્યાં એક મોટા સૈન્યને પડાવ મારા જોવામાં આવ્યો. હાથી, ઘોડા, રથ અને પેદલની ઘણી સંખ્યા તેમાં સામેલ હતી, તેમાં દાખલ થયો; ત્યાં એક મોટા વિશાળ તંબુ જોવામાં આવ્યો, તેમાં સુવર્ણના પલંગ ઉપર એક પદ્મિણી સ્ત્રી પોતાની સખીઓની સાથે ક્રીડા કરતી બેઠી હતી. તેના તંબુની આસપાસ ઉઘાડી તરવારો લઇ વીર સુભટો ચોકી કરવા ફરતા હતા, તે પદ્મિણી પોતાને સાસરેથી પિતાને ઘેર જતી હતી, તે મનોરમાને જોતાંજ મને ઘણો મોહ ઉત્પન્ન થયો, તેનું હરણ કરવાનો લાગ જોઇ હું છાની રીતે ત્યાં રહ્યો, પણ મને લાગ મળ્યો નહિ; વળી તે બાળા સતી હતી, પતિ શિવાય પ્રાણાંતે પણ અન્ય પુરૂષનો સ્પર્શ કરે તેવી ન હતી, તેણીનાં શીલની રક્ષા કરવા માટે દિવ્ય પુરૂષો તેની પાસે રહેતા હોય, તેવું મને ભાન થયું, તેથી હું નિરાશ થઈ પાછો ફર્યો. તે પછી કોઇ પણ બીજી સુંદર સ્ત્રીની શોધમાં દેશોદેશ હું ફરવા લાગ્યો. ફરતાં ફરતાં હેમપુર નગરમાં આવ્યો, ત્યાં મારા જોવામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તું આવી, તારા અલૌકીક સૌંદર્ય ઉપર મારૂં ચિત્ત ઠર્યું, અને લાગ જોઈ હું તને હરણ કરી અહીં લાવ્યો છું. મારી સ્ત્રી સ્વભાવે ઉગ્ર છે, તેથી તેનાથી ભય પામી હું તને અહીં એકાંતે લાવ્યો છું. તે સાથે તેણે જણાવ્યું કે, આવતે ગુરૂવારે મધ્યાન્હે હું તારી સાથે લગ્ન કરીશ. હું લગ્નની સામગ્રી લેવા જાઉં છું.

મહાનુભાવ ! તે દુષ્ટ વિદ્યાધર આ પ્રમાણે કહી ગયો છે. આજે ગુરૂવારનો દિવસ છે, એ દુષ્ટ હમણાંજ આવી પહોંચશે, તે પહેલાં મારો બચાવ કરો.

આ પ્રમાણે મારો વૃત્તાંત મેં આપને જણાવ્યો, હવે આપ કોણ છે ? અને કયાંથી આવો છો ? તે કૃપા કરી જણાવશો. આકૃતિ ઉપરથી તમે કોઇ પરાક્રમી દેખાઓ છો, મારાં શુભ કર્મે આપને મોકલ્યા હોય તેમ લાગે છે, હવે હું નિર્ભય છું, એમ મને નિશ્ચય થાય છે. તમારા જેવા સાહસિક શિરોમણિ નરનાં દર્શનથી હું પૂર્ણ રીતે કૃતાર્થ થઇ છું મારા શીળનો ભંગ થવાની શંકા હવે જરાપણ રહેતી નથી.

વાંચનારે અનુમાનથી તો જાણ્યું હશે કે, આ તરૂણ પુરૂષ તે આપણી વાર્ત્તાનો મુખ્ય નાયક શ્રીચંદ્રકુમાર છે. એ સમર્થ વીર યક્ષકન્યાને પ્રાપ્ત કરી આગળ ચાલ્યો, તે વખતે તેણે ક્ષત્રિય વેષ ધારણ કર્યો હતો. આગળ જતાં એક ભયંકર અટવી આવી, તે અટવીમાં પલ્લીપતિઓ ઘણા રહેતા હતા, જાતજાતનાં શીકારી પ્રાણીઓના અવાજ સાંભ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ળવામાં આવતા હતા. ભયંકર અટવીમાં ફરતો શ્રીચંદ્રકુમાર એક ઘાટી ઝાડીમાં દાખલ થયો. વૃક્ષોની ઘટાથી સૂર્યનાં કીરણો પણ દેખાતાં ન હતાં, ચારે તરફ અંધકાર છવાઇ રહ્યો હતો. આગળ જતાં એક વૃક્ષ નીચે તેજનો ગોળો જોવામાં આવ્યો, ચારે તરફ તેનો દિવ્ય પ્રકાશ થઈ રહ્યો હતો. સાહસિક શ્રીચંદ્રે ત્યાં જઇ જોયું, ત્યાં એક તેજસ્વી ખડ્ગ પડેલું જોયું. રાજકુમારે ખડ્ગ હાથમાં લીધું, ત્યાં તેના જાણવામાં આવ્યું કે, ' આ તો ચંદ્રહાસસ ખડ્ગ છે આવા ઘાટા જંગલમાં આ ખડ્ગ કોણ લાવ્યું હશે ! ઇત્યાદિ અનેક વિચાર કરતો શ્રીચંદ્ર ખડ્ગ લઇ, આગળ ચાલ્યો. થોડે દુર જતાં એક વાંસનું જાળ જોવામાં આવ્યું, ખડ્ગની તીક્ષ્ણુતા જોવાને કુમારે તે જાળ ઉપર ખડ્ગનો ઘા કર્યો, ત્યાં જાળની સાથે એક પુરૂષને કપાયો જોયો. કમળનાં નાળવાંની જેમ પુરૂષના બે કટકા જોઇ, શ્રીચંદ્ર ચમકી ગયો. અરે ! આ શું વિપરીત બન્યું ! મેં કોઈ પુરૂષનો ઘાત કર્યો, મહા પાપ લાગ્યું, આ પાપથી નરકમાં પણ મારો વાસ થશે નહીં. મારા જેવા અહિંસાધર્મી ને પંચેંદ્રિયનો ઘાત મહા પાપનું કારણ થયો. આ પાપમાંથી હું કયારે મુક્ત થઇશ ! આવું ચિંતવી તે કપાએલા પણ તડફડતા પુરૂષની આગળ શ્રીચંદ્ર આવ્યો, તેણે પોતાનું ખડ્ગ તેના હાથમાં આપી કહ્યું, ભદ્ર ! હું તારો ઘાતક મહા અપરાધી છું આ ખડ્ગવડે મારૂં મસ્તક છેદી નાખ; જેથી હું

તારા અપરાધમાંથી મુક્ત થાઉં. તે ઘાયલ પુરૂષ શિથિલ થઈ ગયો હતો, તેણે સંજ્ઞા કરી જણાવ્યું કે, મને જળપાન કરાવો. તે જાણી શ્રીચંદ્રે પાસેના એક ઝરણામાંથી જળ લાવી આપ્યું જળપાન કરી તે મૃત્યુ પામી ગયો.

શ્રીચંદ્ર તે આખો દિવસ પાપના પશ્ચાતાપમાં આકુળ વ્યાકુળ રહ્યો, તેણે આખો દિવસ અન્ન જળ લીધાં નહિ, જ્યારે રાત્રિ પડી, એટલે તે કોઇ આશ્રય શોધવાને આગળ ચાલ્યો, હાથમાં ચંદ્રહાસ ખડગ લીધું. થોડે દુર જતાં એક વડનું જંગી ઝાડ આવ્યું. તે વડની નીચે એક દર્ભનો સંથારો જોવામાં આવ્યો, શ્રીચંદ્રે તે ઉપર સુવાની ઇચ્છા કરી, અને મનમાં ચિંતવ્યું કે, જે પેલા નરનો મેં ઘાત કર્યો, તે પુરૂષનું આ શયનસ્થાન હશે. આવું ચિંતવી તેણે દર્ભનો સંથારો ઉંચો કર્યો, ત્યાં એક બખોલ જોવામાં આવી, તે ઉપર કાષ્ટ તથા ઘાસ ઢાંકયાં હતાં, તે દુર કરી જોયું. ત્યાં એક ગુફા જોવામાં આવી; તેમાં ઉતરી આગળ ચાલ્યો, ત્યાં એક શિલા પડેલી જોઈ. શિલાને દુર કરી, ત્યાં પગથીયાંની શ્રેણી જોવામાં આવી. તે શ્રેણીએ ચાલતાં ઉપર કહેલ નવરંગિત ભુવન અને મદનસુંદરીનો વૃત્તાંત બન્યો હતો.

શ્રીચંદ્રે કહ્યું—ભદ્રે ! હું એક મુસાફર છું; હું કુશસ્થલીમાંથી આવ્યો છું. દારિદ્રથી દુઃખી થઇ દ્રવ્યને માટે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેશાટન કરૂં છું. કર્મયોગે આ ગુહામાં આવી ચડયો છું, તમે મનમાં જરા પણ ખેદ કરશો નહીં, કદિ તે વિદ્યાધર પરણે, તોપણ ખેદ કરશો નહીં, કર્મની રેખા કદિ પણ ટળતી નથી; પ્રાણીને કર્મ પ્રેરક છે. માટે ધૈર્ય રાખજો. કર્મથી કોઇ બળવાન નથી. આ સચરાચર જીવલોક કર્મને આધીન છે.

શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી મદનસુંદરીએ હૃદયમાં વિચાર્યું; " આકૃતિ ઉપરરથી આ કોઇ પુરૂષ બત્રીશ લક્ષણવાળો દેખાય છે, માટે આ પુરૂષનેજ પતિ કરવો યોગ્ય છે." આવું ચિંતવી મદનાતુર મદના બોલી–રાજકુમાર ! મારા ભાગ્યયોગે તમે પધાર્યા છો, મારૂં હૃદય હું આપનેજ તાબે કરૂં છું. હવે હું આપની થવા ઇચ્છું છું. મહાનુભાવ ! મેં પ્રથમ પ્રતિજ્ઞા કરી હતી કે, બત્રીશ લક્ષણવાળા પુરૂષને વરવું, તે મારી પ્રતિજ્ઞા તમારાથી સફળ થાય તેમ છે, તમારા સુંદર શરીર ઉંપરજ બત્રીશ લક્ષણો સ્પષ્ટ દેખાય છે. શ્રીચંદ્રે હસતાં હસતાં કહ્યું—રાજકુમારી ? મારામાં બત્રીશ લક્ષણો હોય; તો મારે દેશાટન કરવું કેમ પડે ? વળી તે બત્રીશ લક્ષણો કયાં ! તે મને જણાવો.

મદનસુંદરી બોલી—મહાનુભાવ તે બત્રીશ લક્ષણવાળો પુરૂષ દેશાટન કરે, તથાપિ તેને સર્વ સુખ પ્રાપ્ત થાય છે, તેનો વિસ્તાર સામુદ્રિક શાસ્ત્રમાં કહેલો છે. જેના શરીરમાં પાંચ લાંબાં ચાર ટુંકાં, પાંચ સૂક્ષ્મ, ચાર ઉંચાં, સાત રાતાં,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રણ પહોળાં, ત્રણ ગંભીર અને એક શ્યામ અંગ હોય તે બત્રીશ લક્ષણવાળો પુરૂષ હોય છે. બે હાથ, બે નેત્ર, આંગળાં જીભ અને નાસિકા, એ પાંચ લાંબાં હોય; વાંસો, કટિ, લિંગ અને જાંઘ, એ ચાર ટુંકાં હોય; દાંત ત્વચા, નખ, પર્વ અને કેશ, એ પાંચ ઝીણાં હોય; કાખ, ખંભા, મસ્તક અને પગ એ ચાર ઉંચાં હોય, હાથપગનાં તળીયાં, તાળવું જીભ, નેત્રના ખૂણા, નખ અને હોઠ, એ સાત રાતાં હોય; લલાટ, હૃદય અને મુખ એ ત્રણ પહોળાં હોય, નાભિ, સત્વ અને સ્વર, એ ત્રણ ગંભીર હોય, અને જેના કેશ અતિ શ્યામ હોય, તે બત્રીશ લક્ષણવાળો પુરૂષ કહેવાય છે,

વળી બીજે પ્રકારે પણ બત્રીશ લક્ષણ રેખા ઉપરથી ગણાય છે. જેઓની રેખાઓ ૧ છત્ર, ૨ કમળ ૩ ધનુષ્ય ૪ વજ્ર, ૫ વાવ્ય, ૬ સ્વસ્તિક, ૭ તોરણ, ૮ રથ, ૯ અંકુશ ૧૦ કાચબો, ૧૧ સિંહ, ૧૨ ધ્વજા, ૧૩ વૃક્ષ, ૧૪ હાથી ૧૫ મત્સ્ય, ૧૬ જવ ૧૭ મહેલ ૧૮ સ્તૂપ, ૧૯ પર્વત, ૨૦ દર્પણ, ૨૧ ચામર, ૨૧ સરોવર, ૨૩ પુષ્પની માળા, ૨૪ વૃષભ, ૨૫ કમંડળ, ૨૬ પૂર્ણકુંભ, ૨૭ કમળાકર, ૨૮ ચક્ર, ૨૯ શંખ ૩૦ મોર, ૩૧ મધર અને ૩૨ સમુદ્ર, એવાં ચિન્હ હોય, તે પણ બત્રીશ લક્ષણવાળો પુરૂષ કહેવાય છે,

આવાં લક્ષણવાળો પુરૂષ જ્યાં જાય, ત્યાં સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે, તેના મહેલની આગળ નોબતોનો નાદ થાય છે. તેના રૂપ ઉપર સુંદર રમણીઓ મોહ પામે છે, ભયંકર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંતરાય પણ તેને નડી શકતો નથી, તેના શરીરમાં વર્ણથી અધિક સ્નિગ્ધતા હોય છે, અને સ્નિગ્ધતાથી અધિક વચનની કોમળતા હોય છે, અને કોમળતાથી વિશેષ ગાંભીર્ય હોય છે.

આ બધાં લક્ષણો તમારામાં સ્પષ્ટ દેખાય છે, તેથી મન, વચન અને કાયાએ કરી મેં તમને પતિ કર્યા છે પ્રાણનાથ ! આ દાસીનો સ્વીકાર કરો, આ સંસારમાં હવે તમારોજ આધાર છે. કદિ એ વિદ્યાધર આવે; તોપણ મારે તેનું કાંઈ કામ નથી. પીતળની સાથે સુવર્ણનો યોગ કરવા કોણ ઇચ્છા કરે ? પ્રાણેશ ! હવે મારો ઉદ્ધાર કરો, તે દુષ્ટ વિદ્યાધર આવ્યા પહેલાં અહીંથી ચાલ્યા જવું જોઈએ. હવે તેને આવવાનો સમય છે. દુર્જનથી દૂર રહેવું એ સારૂં છે; તે વિષે સાહિત્ય શાસ્ત્રમાં નીચેનું એક પદ્ય કહેવાય છેઃ—

शकटं पंचहस्तेन, दशहस्तेन वाजीनम् ।
गजं हतसहस्रेण, देशत्यागेन दुर्जनम् ॥ १ ॥

ગાડાંથી પાંચ હાથ દૂર રહેવું ઘોડાથી દશ હાથ દૂર રહેવું, હાથીથી એક હજાર હાથ દૂર રહેવું અને દુર્જનથી દેશનો ત્યાગ કરી દૂર રહેવું. ૧

પ્રાણેશ ! અથવા મારે હવે શી ચિંતા છે ? તે ચિંતા આપને રાખવાની છે. જે સિંહના ઉત્સંગમાં બેસે, તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજાં શીકારી પ્રાણીઓનો શો ભય હોય! હવે સત્વર ગાંધર્વવિધિથી મારૂં પાણિગ્રહણ કરો. મદનસુંદરીનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્રે કહ્યું રાજકુમારી : તે વિદ્યાધરની બીક રાખશો નહિ, દેવગુરૂનું સ્મરણ કરો; કર્મની ઘટના હશે તો. તમારી ઈચ્છા સફળ થશે. તમે કહો છો કે, મધ્યાન્હ કાળે લગ્નનો સમય છે, તો તે સમય આ ગુફામાંથી શી રીતે જાણી શકાશે! રાજકુમારી બોલી, સ્વામી આ મંદિરની નજીક એક ખાડ છે, તેમાં એક બારી છે, તે બારીએથી બાહેરનો ભાગ દેખાય છે, તે ઉપરથી દિવસનું પરિમાણ થાય છે, એમ કહ્યા પછી શ્રીચંદ્રને મદનાએ તે બારી બતાવી, મદનસુંદરીએ મધ્યાન્હ કાળ થયો, એટલે પ્રથમ દિવસના અપવાસનું પારણું કરી શ્રીચંદ્રની સાથે ગાંધર્વવિધિથી વિવાહ કર્યો. નાગરવેલ અને સોપારીની જેમ તેમનો યોગ શોભવા લાગ્યો, રત્નની સાથે સુવર્ણનો યોગ થયો, રાજકુમારી સ્ત્રીજીવનને કૃતાર્થ માનવા લાગી, નવયૌવનાસુંદરી યૌવનવયનું ફળ પ્રાપ્ત કરી હૃદયમાં અત્યંતઆનંદ પામી.

મધ્નાન્હકાળ થયા પછી રાજબાળાએ સ્વામીને પુછયું, કાંત! અદ્યાપિ તે વિદ્યાધર કેમ નહીં આવ્યો હોય! શ્રીચંદ્રે જણાવ્યું પ્રિયા! પાપી પોતાના પાપથીજ નાશ પામી જાય છે; તે વિષે એક સંસ્કૃત કાવ્ય જાણવા જેવું છે.

कुमंत्रैः पच्यते राजा फलं कालेन पच्यते ।
लंघनैः पच्यते तापः पापी पापेन पच्यते ॥ ! ॥

રાજા નઠરા વિચારોથી પચાય છે. કાળવડે ફળ પચાય છે. લાંઘણુ કરવાથી તાવ પચે છે, અને પાપી પાપવડે પચે છે. ૧

રાજકુમારીએ પુછ્યું, તે શી રીતે બન્યું ? પ્રિયા ? જ્યારે હું આ વનમાં આવ્યો, ત્યારે આ ચંદ્રહાસ ખડ્ગ પડેલું મારા જોવામાં આવ્યું. તે ખડ્ગ લઇ મેં એક વાંસના જાળ ઉપર વાપર્યું તે જાળની સાથે એક પુરૂષ કપાઈ ગયેલો મારા જોવામાં આવ્યો, એ નરહત્યાથી મને ઘણો પશ્ચાતાપ થયો; અદ્યાપિ મારા હૃદયમાં તે શલ્યની જેમ પીડે છે. તે પુરૂષે પ્રાણાંતકાળે મારી પાસે જળ માગ્યું, મેં તેને જળપાન કરાવ્યું, જળપાન કર્યા પછી તે પરલોકે ચાલ્યો ગયો. મારા હૃદયમાં પાપનો પશ્ચાતાપ મુકતો ગયો. પાણેશ્વરી ? મને લાગે છે કે, એ મરનાર પુરૂષ તેજ વિદ્યાધર હશે. એ પાપી પોતાના પાપથી વિનાશ પામી ગયો.

આ વૃત્તાંત સાંભળી મદના નિર્ભય થઇ ગઈ. પછી પેલા બે ચમત્કારી કુંપાઓ લઇ, બંને દંપતિ ગુફાની બહાર નીકળી આગલ ચાલ્યાં ગુફાની ઉપર એક શિલા મુકી દીધી, અને પોતાની વિવાહભૂમિની રક્ષા કરી, શ્રચંદ્ર હાથમાં ચંદ્રહાસ ખડ્ગ લઈ, પોતાની પ્રિયાની સાથે આગળ ચાલ્યો. અરણ્યને ઉલ્લંઘન કરી ચાલતાં એક ગામ આવ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં રહેલી મુસાફરોની ધર્મશાળામાં તે દંપતિ ઉતર્યાં. ધર્મશાળાની આસપાસ એક નાની વાડી હતી, વાડીનો રક્ષક માળી, તે ધર્મશાળાના મુસાફરોની બરદાસ કરતો હતો. અને તેમાંથી પોતાનો નિર્વાહ ચલાવતો હતો. શ્રીચંદ્રે ધર્મશાળામાં પોતાની પ્રિયાની પાસે રસોઇ કરવા ઇચ્છા જણાવી. મદના તેથી ખુશી થઇ. માળીની પાસે ઘી, સાકર મશાલો અને બીજી ઉંચી સામગ્રી મંગાવી, મદનાએ પ્રિયને માટે સ્વાદિષ્ટ રસોઇ બનાવી. માલપુવા, ઘેબર, મોદક, અને જાતજાતનાં શાક સંસ્કારથી સુધારી તૈયાર કર્યાં. શ્રીચંદ્રને ભોજન લેવા વિનતી કરી, એટલે આસ્તિક શિરોમણી શ્રીચંદ્ર સ્નાન કરવા ગયો. પ્રાસુક જળથી સ્નાન કરી, પવિત્ર વસ્ત્રાભરણ ધારણ કરી, તીર્થની સન્મુખ ઉભો રહી, પછી પંચાંગ પ્રણામ કરી, ઉત્તરાસંગ રાખી કરકમળ લલાટ ઉપર જોડી, અને મદ મત્સર ભાવનો ત્યાગ કરી, નીચે પ્રમાણે ચૈત્યવંદન તેણે મધુર સ્વરે ઉચ્ચાર્યું,

**" પરમાનંદ પ્રકાશ ભાસ, ભાસિત ભવ પીળા,**<br>
**લોકાલોક લોકવે, નિત એહવી લીલાઃ**<br>
**ભાવ નિભાવપણે કરી, જેણે રાખ્યો અળગો,**<br>
**તકુપરે પય મેળવી, તેહ થકી નવિ વળગો,**<br>
**તેણીપરે આતમ ભાવને એ, વિમળ કર્યો જેણે પુર,**<br>
**તે પરમાતમ દેવનું, દિન દિન વધતું નુર. ૧**<br>
**નામે તો જગમાં રહ્યો, થાપના પણ તિમહી,**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**દ્રવ્યે ભવ માંહે વસે, પણ ન કળે કિમહી;**
**ભાવ થકી સવી એક રૂપ, ત્રિભુવનમેં ત્રિકાળે,**
**તે પારંગતને વંદીયે, ત્રિહું યોગે સ્વ ભાળે;**
**પાળે પાવન ગુણ થકી એ, યોગ ખેમંકર જેહ,**
**જ્ઞાનવિમળ દર્શને કરી, પુરણ ગુણ મણિ નેહ. ૨**

આ પ્રમાણે ચૈત્યવંદન કરી ‘ **નમુથ્થુણં** ’ એક સ્તવન ભાવથી ભણી, શ્રીચંદ્રે તીર્થાભિમુખે અંગ નમાવી વંદના કરી. ત્યાં રસોઈ કરી પ્રાણેશની રાહ જોઈ ઉભેલી મદનાએ શ્રીચંદ્રના નામની મુદ્રા દીઠી, અને તે નામ વાંચી આત્માને તે કૃતાર્થ માનવા લાગી. રાજકુમારીએ વિચાર્યું કે, કુશસ્થલીપુરનો પ્રતાપી શ્રીચંદ્ર તે આ પોતેજ, જેના ગુણનું યશોગાન પેલા ગાયકે પિતાના દરબારમાં કર્યું હતું. હવે મારો જન્મ સફળ થયો. પિતાજીની ધારણા પૂરી થઇ. આ પ્રમાણે મનમાં મગ્ન થતી મદના આશાના અનેક તરંગો ઉછાળવા લાગી, અને ભોજનને માટે સ્વામીની રાહ જોઇ ઉભી રહી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૫ મું.

## ધર્મ દેશના.

બે મુનિઓ શાંત મુદ્રાને ધારણ કરતા વિચરે છે, તેમના શરીર ઉપર મુનિ ધર્મનો પ્રકાશ પડી રહ્યો છે, હાથમાં રાખેલા રજોહરણ જાણે અહિંસારૂપ રાજ્ય લક્ષ્મીનાં ચામર હોય, તેવાં દેખાય છે, *શ્યામ વર્ણના દંડ જાણે નઠારાં કર્મને શિક્ષા કરવા ધારણ કર્યા હોય, તેમ લાગે છે, મુખ શૃંગાર વગરનાં વિરૂપ છે, તથાપિ તે ઉપર ધર્મનું સૌંદર્ય ઝળકી રહ્યું છે. આ બંને અનગાર પારણાને માટે ભિક્ષા લેવા જતા હતા. તે ભિક્ષા શરીરની પુષ્ટિ માટે ન હતી, પણ ધર્મ નિર્વાહનું સાધન શરીર હોવાથી તેને માત્ર આહાર આપવાને માટે હતી.

આ તરફ મદનસુંદરી રસોઈ તૈયાર કરી ઉભી હતી. શ્રીચંદ્રનું ખરૂં સ્વરૂપ જાણી, તેણીના મનમાં હર્ષોલ્લાસ થતો હતો. શ્રીચંદ્ર ચૈત્યવંદન કરી, ભોજન કરવા આવ્યો, પણ તેના આસ્તિક હૃદયમાં અતિથી સંવિભાગ વ્રતનું સ્મરણ થઇ આવ્યું. કોઇ સુપાત્રને ભિક્ષા આપવાની મનમાં અભિલાષા થઈ. તે અભિલાષાથી તે ઉભો ઉભો દિશાવલોકન કરતો હતો, અને મનમાં ઉત્તમ ભાવના ભાવતો હતો. તે બંને પવિત્ર અનગાર શ્રીચંદ્રની દૃષ્ટિએ પડયા. ભાગ્ય યોગે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુપાત્રનો યોગ થઇ આવ્યો. ચંદ્રને જોવાથી ચકોર પક્ષીની જેમ, અને સૂર્યનાં દર્શનથી ચક્રવાકની જેમ શ્રીચંદ્ર અને મદનસુંદરીને આનંદ થયો.

ભાવનાથી ભવ્ય હૃદયવાળો શ્રીચંદ્ર મુનિઓની સામો આવ્યો અને વંદના કરી, ભિક્ષા લેવાની પ્રાર્થના કરી. આહારની અપેક્ષાવાળા મુનિઓએ પ્રાર્થના સ્વીકારી, અને તેના સ્થાનમાં આવી ઉભા રહ્યા. ઉમંગરંગમાં ભરપૂર એવા શ્રીચંદ્રે મુનિઓને ઉત્તમ પકવાન અને શાકાદિ યોગ્ય પદાર્થો વોહોરાવ્યા. મુનિઓને પ્રતિલાભિત કરી, શ્રીચંદ્ર આત્માને કૃતાર્થ માનવા લાગ્યો; પછી પોતે પ્રિયાની સાથે ભોજન લીધું. પોતાની મુસાફરીમાં આવો અપૂર્વ લાભ તેને આ પ્રથમજ મળ્યો, તેને માટે તેણે મદનાને ધન્યવાદ આપ્યો, અને હૃદયમાં નિશ્ચય કર્યો કે, આ સારાં પગલાંની પત્નિને સર્વદા સાથે રાખવી. મદનાનું સૌભાગ્ય બળવાન થયું.

ભોજન કર્યા પછી પોતાની પ્રિયાને સાથે લઇ, શ્રીચંદ્ર જ્યાં તે બન્ને મુનિઓનો વાસ હતો ત્યાં ગયો. મુનિઓને

* શ્યામ વર્ણના દંડનો નિષેધ કરેલો સંભળાય છે, તેથી નિશ્ચય કરવો. [ જુઓ પ્રવચન સારોદ્ધાર. ]

વિધિપૂર્વક વંદના કરી, અને સુપાત્રનો યોગ પોતાને પ્રાપ્ત થયો, તેને માટે મુનિયોની આગળ વાર્ત્તા ચલાવી. તે પછી પ્રસંગને લઈ, ઉપકારી અનગાર બોલ્યા–ભદ્ર ! સુપાત્રનો યોગ દુર્લભ છે. સુપાત્રે અવસરે દાન, શુદ્ધ બુદ્ધિ, નિરૂપાધિ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને અંતે સમાધિ–મરણ, એ અભવ્ય જીવને પ્રાપ્ત થતાં નથી. પાત્રના ઉત્તમ, મધ્યમ અને જઘન્ય, એવા ત્રણ પ્રકાર છે. ઉત્તમ સાધુ તે ઉત્તમ પાત્ર, શુભ શ્રાવક મધ્યમ પાત્ર, અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, તે જઘન્ય પાત્ર છે. રત્ન, સુવર્ણ રૂપું, મૃતિકા, અને લોહ, એ પાંચ પ્રકારનાં પાત્રનાં, જેવાં અનુક્રમે જિન, મુનિ, શ્રાવક, સમકિતી, અને મિથ્યાત્વી, એ પાંચ કહેવાય છે. મુખ્ય રીતે આગમમાં ત્રણ પાત્ર કહેલાં છે; જેમકેઃ—

उत्तम पत्तं साहु मज्जिम पत्तं च सावया भणिया ।
अविरय सम्मद्दिट्टी जहन्न पत्तं मुणेयव्वं ॥ १ ॥

સાધુ ઉત્તમ પાત્ર, શ્રાવક મધ્યમ પાત્ર, અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જઘન્ય પાત્ર, એમ જાણવું.

મુનિઓની આ વાણી સાંભળી, શ્રીચંદ્રને ખુશી ઉપજી. પછી પૂર્વે કરેલા પેલા નરહત્યાના પાપનું તેને સ્મરણ થઇ આવ્યું. તત્કાળ વિનયથી અંજળી જોડી શ્રીચંદ્રે પુછ્યું, મહાશય! જેમ વાઘ હરણને મારે, તેમ મેં અટવીમાં ફરતાં અજ્ઞાનતાથી એક પુરૂષને માર્યો છે, એ મહાપાપ મને હૃદયમાં શલ્યની જેમ ખટકે છે. તો આપ કૃપા કરી તનું પ્રાયશ્ચિત આપો. આપ જેવા પરમ પવિત્ર ગુરૂનો યોગ મને લાભકારક થવો જોઇએ. શ્રીચંદ્રનાં આવાં ભક્તિ ભરપૂર વચન સાંભળી મુનિ બોલ્યા–ભદ્ર! તારી ભદ્રિકતા જોઈ અમને ખાત્રી થાય છે કે, તું ખરેખરો શુદ્ધ શ્રાવક છું.

પુણ્યાત્મા ! તેં જે પાપ કરેલું છે, તે અજ્ઞાનથી કરેલું છે. તું ખરેખરો પાપથી ભીરૂ છે, તારૂં પાપ તો તારા પશ્ચાતાપથીજ દૂર થઈ જશે, પ્રમાદથી થયેલા પાપનુ પ્રાયશ્ચિત હૃદયનો પશ્ચાતાપ છે. વળી તે એકચિત્તે અરિહંતનું ધ્યાન કરેલું છે, તે પણ તારાં પાપને દૂર કરવાનું હેતુરૂપ છે. અરિહંતનું ચૈત્ય કરાવવાથી, તેમનો ઉપદેશ સાંભળવાથી, અને નિર્મળ મને તેમનું ધ્યાન કરવાથી લેશમાત્ર પાપ રહેતું નથી.

ભદ્ર ! તારૂં પાપ તો જરા પણ રહેશે નહીં. તારી નિર્મળ ભાવનારૂપ અગ્નિજ્વાળા પાપને સત્વર દહન કરી નાંખશે. તારા લલાટ ઉપર દેખાતાં લક્ષણો ઉપરથી તું સમૃદ્ધિમાન અને પ્રભાવિક રાજા છું એમ નિશ્ચય થાય છે. હવે સમ્યકત્વને ભજી ધર્મમાં સ્થિર રહો, એજ અમારો ઉપદેશ છે.

શ્રાવકમણિ ! તું સમ્યકત્વનું સ્વરૂપ જાણે છે, તથાપિ ઉપદેશ આપવો, એ અમારો ધર્મ છે, તેથી પુનઃ કહેવાનું કે, આ સંસારમાં સમ્યકત્વ એકજ સારરૂપ છે, સમ્યકત્વ વિના દેવ વગરનાં દેરાંની જેમ ધર્મ શોભતો નથી. દેવતાઓમાં જેમ ઇંદ્ર, તારાગણમાં જેમ ચંદ્ર, પર્વતોમા જેમ મંદરગિરિ, સ્ત્રીઓમાં જેમ લક્ષ્મી અને સર્વ દેવતાઓમાં જેમ જિનચંદ્ર; તેમ સર્વ ધર્મમાં સમ્યકત્વ છે. સમ્યકત્વ વિના બીજી ક્રિયાઓ આ સંસારરૂપ નાટકના ચાળા જેવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ, પારસમણિ અને નિધિરત્ન એ સમ્યકત્વની આગળ સેવક સમાન છે. સમ્યક્ત્વ એજ પરમ તત્વ, પરમ ગુરૂ, પરમ દેવ, અને પરમ તત્વ છે.

એ સમ્યકત્વ ધર્મરૂપ કલ્પવૃક્ષનું મૂળ છે, ચારિત્રરૂપ દેવાલયની તે પીઠ છે, ધર્મરૂપ વહાણનું તે જળસ્થાન છે, અને સર્વ ગુણરૂપ મણિઓનો નિધાન-ભંડાર છે. તે સમ્યકત્વ આત્મભાવથી અથવા ઉપદેશથી પ્રાપ્ત થાય છે, સમ્યકત્વ પ્રાપ્ત થવાથી કર્મની સાતે પ્રકૃતિનો ક્ષય થાય છે, અને અનાદિ પદમાં દોષનો નાશ થઈ જાય છે. જે જીવ સમક્તિને સ્પર્શે, તે અર્દ્ધ પુદ્દગલ પરાવર્ત્ત કરે છે. તેની ભવમાં કરેલી આશાતનાઓ દૂર થઇ જાય છે, ઉત્કૃષ્ટપણે સમ્યકત્વ-દર્શનનો આરાધક એવો જીવ, જો ચારિત્રવડે યુક્ત થાય, તો તે આઠ ભવે શિવપુરીનાં દર્શન કરે છે, સમ્યકત્વને પ્રાપ્ત કરી, જો જીવ તેને હારે છે, તો તે અનંતકાળ સુધી ભવભ્રમણ કરે છે. જ્ઞાન અને દર્શન બન્ને સાથે હોય, અને તેમાં જો ચારિત્ર ભળે, તો તેને ક્ષણમાં મોક્ષપદ મળે છે, અને તેનાં સંસારનાં સંકટો ક્ષણમાં ટળી જાય છે. જેમ શરદઋતુ કમળ વિનાની શોભે નહીં, તેમ સમ્યકત્વ વિના ક્રિયાઓ શોભતી નથી. ચતુરંગી સેના જેમ નાયક વિના શોભે નહીં, તેમ સમ્યકત્વ વિના ક્રિયા શોભતી નથી. ભરસમુદ્રમાં સઢ વિનાનું નાવ તરતું નથી. તેમ સમ્યકત્વ વિના આ સંસારરૂપ સમુદ્ર તરી શકાતો નથી. જેમ સંગ્રામ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભૂમિમાં હથીઆર વિનાનો શૂરવીર નકામો છે, અને ઇંધણાં વિનાનો અગ્નિ નિસ્તેજ છે, તેમ સમ્યકત્વ વિના ક્રિયા તેવી છે. સમ્યકત્વ વિનાની ક્રિયાવડે નિર્જરા થતી નથી, સમકિત વિનાનું અનુષ્ઠાન બુઝાઈ ગયેલા અગ્નિ જેવું, બેરાની આગળ વાત કર્યા જેવું, અને અંધારે નાટક ભજવવા જેવું છે. જ્યાં સુધી મિથ્યાત્વ શમ્યું નથી, ત્યાં સુધી સમ્યકત્વને માટે જે પ્રયત્ન કરવો, તે ફોતરાં ખાંડયા જેવું, અને શબને શણગાર્યા જેવું છે. કેટલાએક એમ કહે છે કે, 'અમે સમ્યકત્વવાળા છીએ. એ અભિમાનનાં વચન છે. સમ્યકત્વવાળા તેવું કહેતા નથી, જે શૂરા હોય, તે શૂરાપણું કહે નહીં, પણ શૂરાપણું કરી બતાવે છે. સંસારના સુખથી જો કે રહિત હોય, તોપણ શુદ્ધ સમક્તિવાળા સત્પુરૂષો પરભવથી ડરે છે; તેઓ કદિપણ આત્મપ્રશંસા કરતા નથી. ગણધરો મોટા સમર્થ હોય છે, તથાપિ તેઓ સ્વપ્રશંસાની વાણી કહેતા નથી, પણ તેઓ ઉલટા બીજાના ગુણો સાંભળવા ઇચ્છા કરે છે. કેટલાએક અવિરતિના બળથી પચ્ચખાણ કરતા નથી, તેઓ આ સંસાર સુખના સેવક થઈ રહે છે. વિરતિમાં ઉદ્યમવાળા પુરૂષો સ્વધર્મમાં દઢ રહે છે, અને અન્ય મતના દંભ દેખીને તેઓ પોતાનું મન લલચાવતા નથી. તેવા મહા પુરૂષો બીજાનો ઉપકાર પરમાણુ જેવો હોય, તેને મેરૂ પર્વતના જેવો ગણે છે. બીજાએ કરેલા ઉપકારને તેઓ કદિ પણ ભુલતા નથી, અને બને ત્યાંસુધી બીજાનાં દુઃખને દૂર કરે છે. રાગ દ્વેષવાળા દેવને તેઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણુતા નથી, દૂષિત વચનને સાંભળતા નથી. જ્યાં સંવર હોય, ત્યાંજ તત્વનો માર્ગ છે; આશ્રવ સંસારના માર્ગને વધારે છે. રાજકુમાર ! સમ્યક્ત્વને માટે શાસ્ત્રમાં ઘણું કહેલું છે; તે ઉપર વિજય રાજા અને હરિબળ રાજાની પ્રખ્યાત કથાઓ છે. તમારી મનોવૃત્તિ પવિત્ર જોઇ, અમને સંતોષ થાય છે. તમે એવા સમ્યક્ત્વનું સર્વદા સેવન કરો, એ અમારો ઉપદેશ છે.

આ પ્રમાણે દેશના આપી, મુનિ વિરામ પામ્યા. મુનિની દેશનાથી શ્રીચંદ્ર અને મદનસુંદરી ઘણાંજ ખુશી થયાં. તેઓના હૃદયમાં સમ્યક્ત્વનું સ્વરૂપ પાછું વિશેષ તાજું થયું. ભાવના ઉલ્લાસથી શરીર ઉપર રોગોદ્ગમ થઈ ગયો, આર્હત ધર્મના પ્રભાવિક તેજથી તેઓ પ્રકાશમાન થઇ ગયાં. ઉગ્રવિહારી મુનિઓ ત્યાંથી બીજે વિહાર કરી ગયા. શ્રીચંદ્ર અને મદના મુનિઓને વાંદી પોતાને સ્થાને આવ્યાં. તે રાત્રી ત્યાંજ રહી બીજે દિવસે તેઓ પણ આગળ ચાલવાને તત્પર થયાં. જેમનું દર્શન આપણને હવે બીજી ભૂમિકામાં થશે.

## પ્રકરણ ૬ ઠું.

## ત્રિપુરાનંદ યોગી.

સુંદરનગરની બહારની ભૂમિમાં એક અવધૂત પુરૂષ બેઠો છે. માથે જટા રાખેલી છે, કંઠમાં મોટા પારાની માળાઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પહેરેલી છે, તે શરીરે કદાવર અને પુષ્ટ છે. તેની ભ્રગુટીનો દેખાવ ભયંકર છે, નેત્રના ખુણાંમાં રતાશ દેખાય છે. શરીરે કૃષ્ણ વર્ણ છે; આ ભયંકર પુરૂષની દષ્ટિ નગર તરફ હતી. કોઇ પણ પુરૂષ ત્યાં થઇને પસાર થતો, તેનું તે અવધુત સૂક્ષ્મ દૃષ્ટિએ નિરીક્ષણ કરતો હતો. ઘણી વાર થઇ પણ તેની ધારણા પ્રમાણે કોઈ પુરૂષ તેને મળી આવ્યો નહિ, એટલે તે લાંબો નિશ્વાસ મુકી બેઠો થયો, હળવે હળવે શહેરના વસ્તીવાળા ભાગમાં આવવા લાગ્યો. વાંચનારને આ પુરૂષને ઓળખવાની ઇચ્છા થઇ હશે. તે પુરૂષ આ ચાલતાં પ્રકરણનો નાયક છે, તેમું નામ ત્રિપુરાનંદ યોગી છે, તેને સુવર્ણ પુરૂષ સાધવો છે. તે સાધનામાં બત્રીશ લક્ષણવાળા એક ઉત્તર સાધક પુરૂષની જરૂર છે, તેવો કોઇ પુરૂષ તેને મળતો નથી. પ્રત્યેક શહેર અને ગામે તે શોધ કરતો ફરે છે, તથાપિ હજુ તેની ઇચ્છા સફળ થઇ નથી.

જ્યાં એ પુરૂષ અત્યારે ફરે છે, તે કલ્યાણપુર નામે નગર છે, આ નગરમાં જૈન વસ્તી ઘણી વસે છે, **ગુણવિભ્રમ** નામે ત્યાં રાજા છે, તેના તાબામાં બીજા સાત દેશ છે; આથી કલ્યાણપુરનું રાજ્ય જગતમાં મોટું રાજ્ય ગણાય છે, વળી તે યોત્રાનું સ્થળ છે. **દંડકળશ** નામે એક જિનાલય કલ્યાણપુરમાં આવેલું છે, તે મેરૂ પર્વતના જેવું ઉંચું અને નમુનાદાર છે, તેની અંદર ઉંચી જાતની કારીગરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવામાં આવી છે, વિદેશી યાત્રાળુઓ શ્રેણીબંધ તેનાં દર્શન માટે આવે છે, દંડકળશ ચૈત્યની દિવ્ય શોભા જોઇ, પ્રેક્ષકો ચકિત થઇ જાય છે. તેની અંદર આવેલી જિન પ્રતિમા ઘણી મનોહર, દિવ્ય અને ચમત્કારી છે. અધિષ્ટાયક દેવના પ્રભાવથી એ જિનાલય પ્રભાવિક તરીકે વિશ્વમાં પ્રખ્યાત થયું હતું.

પેલો ત્રિપુરાનંદ યોગી ચાલતો ચાલતો આ જિનાલય પાસે આવ્યો, ત્યાં લોકોનું મોટું ટોળું જમાવ થતું તેના જોવામાં આવ્યું, સ્ત્રી પુરૂષો દોડાદોડ કરી રહ્યાં હતાં. આ દેખાવ જોઈ યોગીએ વિચાર્યું કે આવા જનસમૂહમાં વખતે કોઇ તેવા પુરૂષનો યોગ થઇ જાય તો. કાર્યસિદ્ધિ સત્વર થાય; આવું વિચારી, યોગી ચૈત્યનાં દ્વાર આગળ ઉભો રહ્યો. લોકોનું મોટું વૃંદ અંદર એકઠું થઈ શાંતપણે ઉભું હતું, સર્વની શ્રવણ ઇંદ્રિય સુધાપાન કરતી હતી, ત્રિપુરાનંદ પણ કંઠમાધુર્યથી મોહિત થઈ, બહાર સાંભળવા ઉભો રહ્યો, તેવામાં ચૈત્યમાંથી નીચેનું સ્તવન વસંત રાગમાં તેના સાંભળવામાં આવ્યું.

## શ્રી જિન સ્તવન.

### [ રાગ વસંત. ]

“ જિનરાજ હમારે દિલ વસ્યા,
કિમ વસ્યા કિમ વસ્યા કિમ વસ્યા, જિન.
જયું ઘન મોર ચકોર કિશોર ને,



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્રકળા જેમ મન વસ્યા. જિન. ૧
( એ આંકણી )
વીતરાગ તુમ મુદ્રા આગે,
અવર દેવ કહિયે કિશ્યા, જિન.
રાગી દોષી કામી ક્રોધી,
જે હોયે તેઓની શી દિશા. જિન. ૨
આધિ વ્યાધિ ભવની ભ્રમણા,
અમથી તે સઘળા નશ્યા, જિન.
જેણે તુમ સેવ લહીને છોડી,
તેણે મધુમશાપરે કર ઘશ્યા. જિન. ૩
મોહાદિક અરિયણ ગયા દુરે,
આપ ભયથી તે ખશ્યા, જિન.
તાળી દઇ સયણ સદાગમ,
પ્રમુખા તે સવિ મન વશ્યા, જિન. ૪
પ્રભુ તુમ શાસન આગે અવરના,
મત ભાસિત ફિકા જિસ્યા, જિન.
આજ અમારે એહ શરીરે,
હરખ રોમાંચિત ઉલ્લસ્યાં. જિન. ૫
મિથ્યા મત ઉરગે બહુ પ્રાણી,
જે હઠ વિષ ફરસેં ડશ્યાં, જિન.
તે હવે જ્ઞાનવિમળ પ્રભુ પામી,
સરસ સુધારસ મેં લસ્યાં. જિન. ૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરના ગીતનો મધુર ધ્વનિ ચારે તરફ વ્યાપી રહ્યો, તેનો પ્રતિધ્વનિ માધુર્યના વધારા સાથે સર્વત્ર પડી રહ્યો, શ્રોતૃવર્ગ ચિત્રવત્ સ્તંભિત થઈ ગયો. કંઠના માધુર્ય ઉપરથી યોગી ત્રિપુરાનંદે નિશ્ચય કર્યો કે, આ ધ્વનિ કોઈ લક્ષણવાળા પુરૂષનો લાગે છે. વસંત રાગનું સ્વરૂપ તેણે યથાર્થ ખડું કર્યું છે, તાલ અને લે સાથે પૂર્ણ રીતે રાગને પ્રકાશ કરનાર આ કોઈ કળાવાન પુરૂષ દેખાય છે. ત્રિપુરાનંદ આવું ચિંતવન કરતો હતો, ત્યાં તેની દક્ષિણ ભુજા અને દક્ષિણ નેત્ર ફરકવા લાગ્યાં. આ શુભ સૂચનાએ તેના ઉત્સાહને દ્વિગુણ કર્યો. યોગીના હૃદયમાં આશાનો આનંદ વ્યાપી રહ્યો. ઉમંગ રંગમાં યોગિરાજ રમી રહ્યો.

ક્ષણ વાર થઇ, ત્યાં ચૈત્યમાંથી એક સ્ત્રી પુરૂષનું જોડું બાહેર નીકળ્યું. પ્રિય અને પ્રિયાની સરખી જોડી જોઈ, કલ્યાણપુરની જૈન પ્રજા સંતોષ માનવા લાગી. પ્રસાર થતાં એ જોડાં ઉપર શ્રાવક અને શ્રાવિકાઓની સહસ્ર દૃષ્ટિ પડતી હતી, કેટલાએક ભાવિક લોકો મુનિની જેમ તેમને કર જોડી વંદના કરતા હતા, કોઈ આતિથ્ય કરવાને આગ્રહ કરતા હતા.

આ શ્રાવક દંપતિ કોણ છે ? તે વાંચનારના જાણવામાં આવી ગયું હશે. પેલી ધર્મશાળામાંથી આગળ ચાલીને શ્રીચંદ્ર તથા મદનસુંદરી આ કલ્યાણપુરમાં આવી ચડયાં છે. નગરની બાહેરથી જ **દંડકળશ** ચૈત્યને જોઇ, અને લોકોની પાસેથી તેને યાત્રાનું સ્થળ જાણી, તેઓ સત્વર ચૈત્યમાં આવ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતાં. પવિત્ર હૃદયથી શ્રીચંદ્રે પ્રિયાની સાથે ચૈત્ય પ્રતિમાનાં દર્શન કર્યાં, અને ઉપર કહેલું સ્તવન વસંત રાગમાં ગાયું હતું. એ સ્તવનનાં માધુર્યથી કલ્યાણપુરનાં શ્રાવક શ્રાવિકાઓ સાંભળવાને દોડાદોડ કરી એકઠાં થયાં હતાં; તે વિષે ઉપર કહેવામાં આવ્યું છે.

અહીં ચૈત્યમાંથી શ્રીચંદ્રને બાહાર નીકળતો જોઇ, યોગી ત્રિપુરાનંદ ખુશી થયો. એ વીરનરની આકૃતિ અને તેનાં લક્ષણો જોઈ, યોગીને નિશ્ચય થયો કે, આ પુરૂષ ખરેખરો બત્રીશ લક્ષણો છે. તેના લલાટ ઉપર સ્વાભાવિક દયાળુતા દેખાઈ આવે છે; તે ઉપરથી ખાત્રી થાય છે કે, પરોપકારી પુરૂષ કદિ પણ મારી કાર્યની સિદ્ધિ માટે આનાકાની કરશે નહીં. આવો ઉત્તર સાધક પુરૂષ મળશે, તો પછી હું સહેલાઇથી સુવર્ણ પુરૂષને સાધી શકીશ. મારી જમણી ભુજા અને નેત્રે ફરકીને જે વિજય સૂચવ્યો છે, તે સફળ થવાનો. આવું ચિંતવી ત્રિપુરાનંદ યોગી શ્રીચંદ્રની પાછળ હળવે હળવે ચાલવા લાગ્યો. તે પ્રેમી જોડું ત્યાંથી થોડે દૂર આવેલા એક ઉદ્યાનમાં આવ્યું. વૃક્ષની ઘાટી છાયા નીચે તેમણે ઉતારો કર્યો. યોગી તેમની ચેષ્ટા જોતો, ઉદ્યાનના એક ભાગમાં દૂર જઇ બેઠો, અને તે સમયની રાહ જોઇ આશાના તરંગમાં મહાલવા લાગ્યો.

શ્રીચંદ્રે પ્રિયાને રસોઇ કરવાની આજ્ઞા કરી, માળીની પાસે રસોઈની સામગ્રી મંગાવી. ચતુર મદનાએ અલ્પ સમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યમાં રસોઇ તૈયાર કરી, બંને પ્રેમી દંપતિ આનંદપૂર્વક ભોજન લઈ તૃપ્ત થયાં. વિદેશનાં કૈતુકોની અનેક વાર્તાઓ કરી, પરસ્પર આનંદ પામવા લાગ્યા. આ સમયનો લાભ લેવા પેલો ત્રિપુરાનંદ યોગી જ્યાં તે પ્રેમી દંપતી બેઠાં હતાં, ત્યાં આવ્યો. યોગીની પ્રચંડ આકૃતિ જોઈ, મદના વિચારમાં પડી, અને તેને પ્રત્યક્ષ વિઘ્નરૂપ માનવા લાગી. યોગી શ્રીચંદ્રની પાસે ઉભો રહ્યો; ક્ષણવાર શ્રીચંદ્રની સામું જોઈ, તે નીચે પ્રમાણે બોલ્યો:—

દયાવીર ! આકૃતિથી તમે કોઇ પરોપકારી અને દયાળુ જણાઓ છો. તમારા લલાટ ઉપર ધાર્મિક તેજ ચળકે છે, હૃદય નિર્મળ દેખાય છે, મુખમુદ્રાપર ગાંભીર્ય અને વિદ્વતાનું દર્શન થાય છે. મહાનુભાવ ! હું એક સાહસિક તાપસ છું મારૂં નામ ત્રિપુરાનંદ યોગી છે, સુવર્ણ પુરૂષની સિદ્ધિને માટે ઘણા દિવસ થયાં મારો પ્રયાસ છે; બીજી સર્વ પ્રકારની તૈયારી મેં કરેલી છે, માત્ર ઉત્તરસાધક પુરૂષની જરૂર છે. બત્રીશ લક્ષણવાળો એક ઉત્તરસાધક પુરૂષ કોઈ મારા જોવામાં આવતો નહોતો, તેની શોધમાં હું ઘણા દિવસ થયાં ભમ્યા કરૂં છું. આજે મારાં ભાગ્યયોગે તમારો મેળાપ થયો છે. તમારી આકૃતિ ઉપર બત્રીશ લક્ષણો સ્પષ્ટ દેખાય છે, જો કૃપા કરી મારા કાર્યમાં સહાય આપશો, તો હું તમારો આભાર માનીશ. તમે આકૃતિથી પરદુઃખભંજન દેખાઓ છો, તેથી હું

આપને પ્રાર્થના કરૂં છું કે, મને મારી વિદ્યા સાધવામાં સહાય આપો. આશા છે કે, મારી પ્રાર્થનાનો ભંગ નહીં થાય.

યોગીનાં આવાં દીન વચન સાંભળી ઉપકારી શ્રીચંદ્રનું હૃદય આર્દ્ર થઈ ગયું; તેણે તત્કાળ પ્રૌઢ સ્વરે જણાવ્યું, યોગીરાજ ! હું ખુશીથી તમારો ઉત્તરસાધક થઇશ. મારે લીધે જો તમારાં સારાં કાર્યની સિદ્ધિ થતી હોય, તો મારે પછી મારી જાતને શામાટે ઉપયોગી ન કરવી ? માનવ જીવન પરોપકારથી અલંકૃત થાય છે. જો કાંઇ પણ માનવ શરીરે ઉપકાર થઇ શકે તેમ હોય, તો શામાટે ઉપકાર ન કરવા ? પશુ પક્ષીઓનાં શરીર અને સ્થાવર જાતિ બીજાના ઉપયોગમાં આવે છે, તો આ સચેતન માનવ શરીરથી પરોપકાર કેમ ન કરવો ? યોગીરાજ ! કહો, કયારે તમારે મારી જરૂર છે ? બીજી સાધનની સામગ્રી તૈયાર છે કે કેમ ?

શ્રીચંદ્રનાં આવાં ઉત્સાહ ભરેલાં વચન સાંભળી યોગી ખુશી થયો. તે આનંદના ઉભરાથી બોલ્યો—મહાનુભાવ ! આજ રાત્રે તે ક્રિયા કરવાની છે; સ્મશાનમાં જઇ એક પુરૂષના શબ ઉપર તે સાધના થશે, હું ત્યાં જઇ બધી ગોઠવણ કરૂં છું, સમય વખતે આપ કૃપા કરી હાજર થજો. આ પ્રમાણે કહી યોગી બેઠો થયો; આનંદથી ઉતાવળાં પગલાં ભરતો સાધનાની સામગ્રી તૈયાર કરવામાં તત્પર થયો. યોગી ગયા પછી શ્રીચંદ્રે પ્રિયાને કહ્યું, પ્રાણેશ્વરી ! આજે આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શરીરથી ઉપકાર કરવાનો સમય આવ્યો છે, તે બિચારા યોગીનું કાર્ય સિદ્ધ કરવા હું જઈશ, તે સમયે તમે કયાં રહેશો ? પતિનાં વચન સાંભળી મદના બોલી—સ્વામિ ! આપ પરોપકાર બુદ્ધિએ જવા તૈયાર થયા છો, પણ મને શંકા આવે છે. એ યોગિની આકૃતિ પ્રચંડ છે, રખે તેમાં કાંઇ કપટ હશે, તો પછી શું કરીશું ? પ્રાણેશ ! પ્રથમથી દીર્ઘ વિચાર કરી, પગલું ભરજો; મને તો મોટી શંકા રહે છે. તે યોગીની આકૃતિ જોઇને જ મારૂં અંગ કંપતું હતું; એવા કુટિલ હૃદયવાળા તાપસનો સંગ કરવો, તે મને તો જરા પણ રૂચતું નથી. નાથ ! તેવી ઘોર સાધનામાં તમને હું નહીં જવા દઉં. આ પ્રમાણે રકઝક કરતાં રાત્રિ થવા આવી, મદના પતિના વસ્ત્રનો છેડો ઝાલી ઉભી રહી.

શ્રીચંદ્ર મંદહાસ્ય કરી બોલ્યો—આગ્રહી અબળા ! હવે રજા આપો; મનમાં જરા પણ શંકા રાખશો નહીં, નવકાર મંત્રના પ્રભાવથી મારા અંગની રક્ષા થશે, જ્યાં સુધી આર્હત ધર્મની જ્યોતિ મારા હૃદયમાં પ્રકટે છે, ત્યાં સુધી મને કોઇ જાતનો ભય નથી; મારા અંગની ચારે તરફ જૈન મહા મંત્રની રક્ષા છે. પ્રિયા ! વિશ્વાસ રાખો. જેનું હૃદય નિર્મળ છે, જે ત્રિકરણ [ મન, વચન અને કાયાને ] યોગે શુદ્ધ છે, તેને સર્વદા શુભ મંગળજ થાય છે, અંતરાયની મલિન છાયા તેની ઉપર પડતી નથી. જે મલિન હૃદયના હોય, તેમની ઉપર દુઃખની પરંપરા આવે છે, પાપી પોતાના પાપનોજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભોગ થઇ પડે છે, હૃદયેશ્વરી ! વળી વિચારો કે મેં તે યોગીને વચન આપ્યું છે, મારા વચન ઉપર વિશ્વાસ રાખી, એ તાપસ નિશ્ચિત થઈ પ્રવર્તે છે. વચનનો ભંગ કરવો, એ ઉત્તમ પુરૂષને ઘટે નહીં. જગતની મર્યાદા મહાન્ પુરૂષોનાં વચન ઉપરજ ટકી રહી છે. વચનને માટે ધર્મવીરો નીચેનું રમણીય પદ્ય ઉંચે સ્વરે બોલે છે.

राज्यं यातु श्रियो यांतु यांतु प्राणा विनश्वराः ।
परं या स्त्रयमेवोक्ता वाचा मा यातु शाश्वती ॥ १ ॥

" રાજ્ય જાઓ, લક્ષ્મી ચાલી જાઓ, અને નાશવંત પ્રાણ ભલે જાઓ, પણ પોતાની જાતે જે વચન કહેલું હોય, તે શાશ્વત વચન ન જાઓ. "

ગૃહેશ્વરી ! તમે પણ મારી સાથે ચાલો; પેલા પ્રવાવિક અંજનવડે તમને વાનરી બનાવી, તે પાસેના વૃક્ષ ઉપર રાખીશ. આર્હત શાસનનો મહા મંત્ર આપણા શરીરની રક્ષા કરશે, શાસનના અધિષ્ઠાયક દેવતાઓ ચોકીદારની જેમ આપણી આગળ ઉભા રહેશે. પ્રિયા ! હીંમત રાખો.

આ પ્રમાણે શ્રીચંદ્રે કહ્યું, એટલે મદનાના હૃદયમાં હીમ્મત આવી, તે આસ્તિક અબળા પતિને અનુસરવા ઉભી રહી. શ્રીચંદ્ર પ્રભાવિક અંજનથી તેને વાનરી બનાવી, સ્મશાનની ભયંકર ભૂમિ તરફ ચાલ્યો. કલ્યાણપુરનું સ્મશાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભયંકર હતું, કાળી ચૌદશની રાત્રિ હોવથી તે વિશેષ ભયંકર લાગતું હતું, ચારે તરફ ચિતાગ્નિમાંથી અગ્નિના ભડકા નીકળતા હતા, એક તરફ શ્વાનના ઘોર શબ્દ થતા હતા, શિયાળ, વરૂ વિગેરે માંસભક્ષી પ્રાણીઓ આમતેમ ફરતા હતાં, અસ્થિઓનાં રાશિ શ્રેણીબંધ નજરે પડતાં હતાં, ભૂત પ્રેત અને વેતાલો વિકાળરૂપે નૃત્ય કરી રહ્યાં હતાં, આ ભૂમિમાં શ્રીચંદ્ર આવ્યો, એક તરફ અગ્નિકુંડ પાસે પુરૂષનું શબ રાખી, યોગીરાજ ઉત્તરસાધકની રાહ જોઇ ઉભો હતો. મદના વાનરીરૂપે પાસેના વૃક્ષ ઉપર ચડી ગઇ. શ્રીચંદ્ર યોગીની પાસે આવી બોલ્યો—મહારાજ ! હું આવી પહોંચ્યો છું, તમારો ઉત્તરસાધક છું, જે કાર્ય હોય, તે કહો. યોગા શ્રીચંદ્રને પોતાની પાસે બેસારી, મંત્ર, જાપ અને હોમ કરવા લાગ્યો. કેટલીએક ક્રિયા કરતાં અર્ધી રાત્રિ થઈ, એટલે યોગીએ શ્રીચંદ્રને કહ્યું, મહાનુભાવ ! હવે તમારૂં કામ પડયું છે, અહીંથી થોડે દુર એક વડનું મોટું વૃક્ષ છે, ત્યાં એક ચોરનું શબ છે, તે વડની શાખા સાથે લટકે છે, તેને અહીં લાવો તો, મારૂં કાર્ય સિદ્ધ થાય. વીરમણિ શ્રીચંદ્ર સાહસથી બેઠો થયો. ઉત્તર દિશામાં રહેલા વડની પાસે વડ ઉપર ચડી, ખડ્ગવડે મુડદાના બંધને તોડી પાડી શબ નીચે પાડયું, અને પોતે નીચે ઉતર્યો. પુનઃ તે શબ પાછું ત્યાં જઇને વળગ્યું. પછી પોતે ઉપર ચડી, બંધને છોડી, શબને હાથે પકડી નીચે ઉતાર્યું. હાથવડે મજબુત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પકડી, ખાંધ ઉપર ચડાવ્યું, એટલે મુડદું ખડખડ હસીને બોલ્યું, રાજકુમાર! તું વીર રાજપુત્ર છે, મને એક કથા સંભળાવ, તો તારી સાથે આવું, તે સાંભળતાંજ શ્રીચંદ્ર આશ્ચર્ય પામી ગયો, અને આશ્ચર્યને લીધે ક્ષણવાર મૌન ધારી રહ્યો. જ્યારે શ્રીચંદ્ર બોલ્યો નહીં, એટલે શબે કહ્યું, રાજકુમાર! જો તું હોંકારો આપે, તો તને એક પદ્માવતીની વાર્ત્તા કહું, એમ કહી મુડદાંએ નીચે પ્રમાણે વાર્ત્તા શરૂ કરી:–

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજાને **ગુણસુંદર** નામે એક કુમાર હતો, તેને **સુબુદ્ધિ** નામે ગુણપર પ્રીતિ રાખનારો એક મંત્રિ હતો. એક વખતે તે રાજકુમાર અને મંત્રિ બંને વિપરીત ગતિ શીખેલા અશ્વ ઉપર બેસી ફરવા નીકળ્યા. વિપરીત ગતિવાળા અશ્વો તેમને એક મોટી અટવીમાં ખેંચી લાવ્યા, બંનેને તૃષા લાગી. અશ્વ ઉભા રહ્યા, એટલે તેઓ એક સરોવર ઉપર આવ્યા. સરોવરની પાળ ઉપર એક યક્ષનું મંદિર હતું. જળપાન કર્યા પછી રાજકુમાર મંત્રિને અશ્વ સોંપી સરોવરમાં ક્રીડા કરવાને ગયો, તેવામાં કાંઠા ઉપર એક સુંદર કન્યા જોવામાં આવી, તેણીના હાથમાં એક કમળનું પુષ્પ હતું. રાજકુમાર ગુણસુંદરને જોતાંજ તે કન્યાએ કમળ, દાંત અને કાનનો સ્પર્શ કરી સંજ્ઞા બતાવી. એવી સંજ્ઞા કરી, તે કન્યા પોતાને સ્થાને ચાલી ગઇ. રાજકુમાર વિચારમાં પડ્યો, તેની સંજ્ઞા બરાબર સમજ્યો નહીં. તત્કાળ તેણે આવી સુબુદ્ધિ મંત્રીને પુછ્યું, મંત્રિશ્વર!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સરોવરમાં ક્રીડા કરવા જતાં તટ ઉપર એક સુંદર કન્યા ઉભી હતી, તેણીના હાથમાં કમળ હતું. મને જોઇ તેણીએ કમળથી દાંત અને કાનને સ્પર્શ કર્યો, અને મને તે બતાવી ચાલી ગઈ, એનો અર્થ શું હશે ? ચતુર મંત્રિએ બુદ્ધિથી વિચાર્યું, અને તે બોલ્યો, રાજકુમાર ! એ કન્યાનો આશય મારા જાણવામાં આવી ગયો છે. તે દાંતાનગરના રાજા કર્ણદેવની પદ્મા નામે પુત્રી છે, તે તમારી ઉપર અનુરાગ દર્શાવવા એ સંજ્ઞા કરી ચાલી ગઇ છે. આ સાંભળી રાજકુમાર ખુશી થયો, અને મંત્રિના ચાતુર્યને તેણે ધન્યવાદ આપ્યો.

પછી રાજકુમાર મિત્ર સહિત દાંતાનગરમાં ગયો. બાહેરની વાડીમાં ઉતરી એક માલણને દ્રવ્ય આપી, પદ્માવતી રાજકુમારી પાસે પોતાના આવવાની ખબર આપવા મોકલી, અને સરોવરે જે પોતે મળેલ તે ઇંધાણી કહેવરાવી. માલણે એ ખબર રાજકુમારીને કહી; તે સાંભળતાંજ તેણીએ માલણના મસ્તક ઉપર ચંદનથી ભરેલાં પાંચ આંગળાંવાળા હાથવડે લપડાક મારી, અને બહાર કાઢી મુકી. માલણ વિલખી થઇ રાજકુમારની પાસે આવી, અને તેણીએ પોતાનો વૃત્તાંત નિવેદન કર્યો. ચતુર મિત્ર મંત્રિ તે મર્મ જાણી ગયો, અને તેણે રાજકુમારને કહ્યું, મિત્ર ! નાઉમેદ થશો નહીં, તે રાજબાળાએ પાંચ આંગળાવડે મસ્તકમાં લપડાક મારી, તમને એવી સૂચના કરી કે, આવતી શુકલ પંચમીને દિવસે તેનો

મેળાપ થશે; આ સંકેત જાણી ગુણસુંદર ખુશી થયો, પછી બંને મિત્ર નગરમાં એક ઘર ભાડે રાખીને રહ્યા.

જ્યારે પાંચમનો દિવસ આવ્યો, એટલે રાજકુમારને ઉત્કંઠા થઇ. પદ્માવતીને યાદ આપવા માટે માલણને પુનઃ જવા કહ્યું. માલણે પોતાનું અપમાન થયેલ, તેથી જવાની ના કહી. રાજકુમારે તેણીને ઘણું દ્રવ્ય આપવાની લાલચ બતાવી, એટલે માલણ છેવટે જવાને તૈયાર થઈ. **દ્રવ્યથી શું નથી થતું?**

માલણે આવી રાજકુમારીને કુમારનો સંદેશો કહ્યો, તે સાંભળતાંજ રાજકુમારીને રીસ ચડી. કુંકુમ ભરેલાં ચાર આંગળાંવાળા હાથવડે ગાલ ઉપર લપડાક મારી, અને મહેલની પછવાડેની બારીએથી દોરીવડે બાંધી ઉતારી માલણને કાઢી મુકી. આવું ભારે અપમાન થવાથી માલણ જીવ લઇને નાશી આવી. તેણીએ પોતાનીપર વીતેલો વૃત્તાંત રાજકુમારને જણાવ્યો, અને કહ્યું કે, હવે હું કદિ પણ ત્યાં જઇશ નહિ. ચતુર મંત્રિ મિત્ર તેનો ભાવાર્થ સમજી ગયો. તેણે રાજકુમારને જણાવ્યું કે, મિત્ર! હાલ ધિરજ રાખો. કુંકુમવાળાં ચાર આંગળાંવાળા હાથની લપડાક ઉપરથી એવી સૂચના કરે છે કે, તે હાલ રજસ્વળા છે, ચાર દિવસે શુદ્ધ થશે. મહેલની પાછળ થઇ બારીએ દોરવડે તમને બોલાવશે. ચાર દિવસ વધારે વિલંબ થયો છે. મિત્ર! ઉતાવળા થશો નહિ, ઉતાવળે આંબા પાકતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે રાજપુત્ર ! તે પછી જ્યારે પાંચમ પછી નવમીનો દિવસ આવ્યો, એટલે રાજપુત્ર ગુણસુંદર રાત્રે પદ્માવતીના મહેલની પછવાડે ગયો. રાહ જોઇ બેઠેલી રામાએ કુમારને જોયો, એટલે દોરીના યોગથી ઉપર ચડાવ્યો. કુમાર રાજબાળાને પ્રેમથી મળ્યો, પરસ્પર ક્રીડા સુખનો આરંભ થવા લાગ્યો. રાજબાળાએ કહ્યું, પ્રિય ! મારા કહેવાનો આશય તમે શી રીતે જાણી લીધો ? કુમાર બોલ્યો, પ્રિયા ! મારી સાથે મારો એક ચતુર મંત્રિ મિત્ર છે, જે તમારે દીયર સમાન છે, તેની બુદ્ધિના પ્રભાવથી મેં તમારો સંકેત જાણ્યો હતો. પછી રમણીએ રમણને ઉત્તમ રસોઈથી જમાડયો, અને ઘણો આદર સત્કાર કર્યો. પ્રાતઃકાળ પહેલાં તે સ્વસ્થાને જવા નીકળ્યો, તે વખતે પદ્માવતીએ વક્ર હૃદયથી ઝેરનો મોદક પોતાના દીયરને માટે કુમારની સાથે મોકલાવ્યો. રાજકુમાર પોતાને સ્થાને આવ્યો. પોતાનો સર્વ વૃત્તાંત મિત્રને જણાવ્યો, અને કહ્યું કે, તમારે માટે રાજકુમારીએ આ એક મોદક મોકલાવ્યો છે, એમ કહી મંત્રિને મોદક આપ્યો, મોદક લઈ ચતુર મંત્રિએ વિચાર્યું કે, રાજપુત્રી મને જરા પણ જાણતી નથી, તો આ મોદક મોકલાવી શા માટે મારી ઉપર રાગ કરે ? આમાં કાંઇક વિચારવાનું છે. એમ કરતાં સૂર્યોદય થયો, મોદક પોતાની પાસે મુકયો, ક્ષણવારે તે ઉપર બેઠેલી માખીઓને મરી ગયેલી જોઇ, તે ઉપરથી તેને નિશ્ચય થયો કે, આ ઝેરનો મોદક છે, તત્કાળ તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભૂમિમાં દાટી દીધો. સ્ત્રીઓની ઈર્ષા બુદ્ધિને ધિક્કાર આપ્યો.

બીજે દિવસે રાત્રિ થઈ, એટલે મંત્રિએ રાજકુમારને શીખવ્યું. મિત્ર! જો આજે રાજકુમારીને મળવા જવું હોય તો, હું તમને એક ઉપાય કહું, તે કરજો. જ્યારે રાજકુમારી નિદ્રાવશ થાય, ત્યારે તેની જાંગ ઉપર ત્રણ રેખાવાળું ત્રિશુળ કરી, પગમાંથી એક ઝાંઝર કાઢી લાવજો; એમ કરવાથી આપણને એ કુમારી સ્વતંત્ર રીતે મળશે. મંત્રિના કહેવા પ્રમાણે રાજકુમારે બીજી રાત્રે તેમ કર્યું. પછી બંને મિત્રોએ યોગીનો વેષ લીધો, એક ગુરૂ અને બીજો શિષ્ય થયો. બંને સ્મશાનમાં જઈ વસ્યા. શિષ્ય પેલું સુવર્ણનું ઝાંઝર લઈ નગરમાં આવ્યો. સોનાવાળાની દુકાને જઈ કહ્યું કે, આ ઝાંઝરનું જે મૂલ્ય થાય તે આપો. ઝાંઝર જોતાંજ વેપારીએ એ રાજાનું છે, એમ ઓળખી લીધું. તત્કાળ તે રાજાની પાસે લઇ ગયો. રાજાએ પોતાનું નામ વાંચી, તે શિષ્યને બોલાવી પુછ્યું કે, આ ઝાંઝર કયાંથી મળ્યું? શિષ્યે કહ્યું, મને કાંઇ ખબર નથી. મારા ગુરૂ જાણે. પછી રાજાએ સ્મશાનમાંથી ગુરૂને બોલાવી પુછ્યું કે, આ ઝાંઝર તમને કયાંથી મળ્યું? ગુરૂ બોલ્યા, આજ રાત્રે સ્મશાનમાં એક ઉગ્ર બળવાળી શક્તિ આવી હતી, મેં તેને પગે પકડવા માંડી, પણ તે જોર કરી ચાલી ગઇ. ચાલતી વખતે અમોએ તેની જાંગ ઉપર ત્રણ રેખા કરી, અને આ ઝાંઝર કાઢી લીધું છે. તે શક્તિ તમારા અંતઃપુરમાં ગઈ છે. આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળી રાજા અંતઃપુરમાં ગયો તપાસ કરતાં પોતાની પુત્રીને દૂષિત થયેલી જોઈ. તત્કાળ રાજાએ યોગીને પાસે બોલાવી કહ્યું, મહાનુભાવ ! તમારૂં કહેવું યથાર્થ છે. મારી પુત્રીજ દૂષિત થઇ છે. હવે તે નિર્દોષ કેવી રીતે થાય ? તે કૃપા કરી જણાવો. તમે સર્વ વિદ્યાના જાણ છો, અને મોટા દેવ સમાન છો. યોગી બોલ્યો, રાજા ! તમારી પુત્રીને નિર્દોષ કરવાનો એક ઉપાય છે. હું તમને એક મંત્રેલું વસ્ત્ર આપું, તેવડે રાજકુમારીના પગ અને મુખ બાંધી, અને આંખે પાટા બાંધી રથમાં બેસારી, પૂર્વ દિશામાં એક વૃક્ષ નીચે મુકી આવો. તમારા સુભટો તેની સામું જોયા વગર પાછા ચાલ્યા આવે, પછી તે રાજકન્યા આઠ પોહોર સુધી વનમાં સ્વેચ્છાએ ફરશે. એટલે તે તત્કાળ નિર્દોષ થઇ જશે, ત્યાર પછી મોટા ઉત્સવ સાથે તેને દરબારમાં લાવજો.

આ પ્રમાણે રાજાને ઉપાય બતાવી, બંને ગુરૂ શિષ્ય પોતાને ઘેર ગયા. રાજાએ રાજકન્યાને યોગીના કહેવા પ્રમાણે તે રાત્રે વનમાં મોકલી. બંને મિત્ર, યોગી અને શિષ્યનો વેષ છોડી દઇ, ઘોડા ઉપર બેસી, જ્યાં રાજકન્યા હતી ત્યાં આવ્યા. રાજકન્યાના બંધ છોડી બંને તેણીને અશ્વ ઉપર બેસારી પોતાના નગરમાં લાવ્યા. માર્ગમાં રાજબાળાએ મંત્રિને કહ્યું દીયરજી ! આ શું કર્યું ! મંત્રિ બોલ્યો, ભાભી ! એ તમારૂં જ કામ છે. જો ઝેરના મોદકથી ઉગર્યા, તો આવી બુદ્ધિ સુઝી. હવે કૃપા કરી, હૃદય નિર્મળ રાખજો. આમ વાર્ત્તાવિનોદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતાં તેઓ પોતાના નગરમાં પહોંચી ગયાં. અહીં આઠ પોહોર વીતી ગયા, પછી રાજા પોતાની પુત્રીને જોવા વનમાં આવ્યો. કોઇ ઠેકાણે પુત્રી જોવામાં આવી નહીં. આથી હૃદયમાં મોટો આઘાત થયો, અને તેથી રાજા મૃત્યુ પામી ગયો.

શબે શ્રીચંદ્રને કહ્યું, રાજકુમાર ! કહો, એ રાજાની હત્યા કોને લાગી ? કન્યાને, રાજકુમારને, કે તેના મિત્રને ? જો તું જાણ્યા છતાં નહિ કહે, તો આ હત્યા તને લાગશે. શ્રીચંદ્ર વિચાર કરી બોલ્યો, અરે મુડદા ! મારા વિચાર પ્રમાણે તો એ હત્યા રાજાને પોતાને લાગી છે. તેણે પોતાની પુત્રીને શા માટે મોટી કરી ? એ રાજાનોજ અન્યાય છે.

શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી, તે શબ પાછું વડે જઇને ચોંટી ગયું. શ્રીચંદ્ર શબનો દુરાગ્રહ જોઇ આશ્ચર્ય પામ્યો, અને પાછો તેને લેવાને વડ ઉપર ગયો. પુનઃ શબને નીચે ઉતાર્યું, એટલે રાજકુમારની આગળ શબે નીચે પ્રમાણે બીજી વાર્ત્તા કહેવા માંડી.

**ભોગવતી** નામે ભોગી લોકોને આનંદ આપનારી એક નગરી હતી. તેમાં **રૂપસેન** નામે રાજા હતો, તેને મનગમતી એક કન્યા પરણવી હતીઃ તે રાજાની પાસે પાંજરામાં એક કળાવાન્ અને વિચક્ષણ પોપટ રહેતો હતો. એક વખતે રાજાએ પોપટને પુછ્યું, અરે પક્ષી ! તું કાંઇ જાણે છે ? પોપટ બોલ્યો, રાજા ! હું સર્વ જાણું છું. રાજા બોલ્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો કહે, કેવી કન્યા મને પ્રાપ્ત થશે? પોપટ બોલ્યો, રાજા! મગધ દેશના રાજાને **સુરસુંદરી** નામે સ્ત્રી અને મદનમંજરી નામે પુત્રી છે, તે તમારી સ્ત્રી થશે. તે રાજપુત્રીની પાસે એક **ચંદ્રપ્રભા** નામે સારિકા છે, તેણીએ પણ આજ પ્રમાણે સારિકાને પુછયું હતું કે, મારો ભર્ત્તા કોણ થશે? ત્યારે સારિકાએ તમારૂં નામ આપ્યું છે, અને તમારા રૂપની પ્રશંસા કરી છે, આથી મદનમંજરીનો તમારી ઉપર રાગ થયો છે.

શ્રીચંદ્રકુમાર! તે પછી એવું બન્યું કે, મદનમંજરીએ પોતાનો ઇરાદો સખીદ્વારા માતાને કહેવરાવ્યો. માતાએ રાજાને જણાવ્યું, રાજાએ મંત્રિને ગોઠવણ કરવા કહ્યું, આથી મંત્રિએ **રૂપસેન** રાજાને સંકેતથી જણાવ્યું, અને છેવટે શુભ દિવસે મદનમંજરીની સાથે રૂપસેન રાજાનો વિવાહ થયો.

રાજા અનુક્રમે નગરમાં આવ્યો. મદનમંજરી પોતાની સાથે ચંદ્રપ્રભા સારિકાને લેતી આવી, શુક અને સારિકાને એક પાંજરામાં રાખ્યાં. રાજા મનવાંછિત રમણીનો યોગ થવાથી ઘણો આનંદ માનવા લાગ્યો, અને સુખે કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એક દિવસે પાંજરામાં રહેલા પોપટે સારિકાને કહ્યું, પ્રિયા! તું કેમ ભોગની ઉપેક્ષા રાખે છે? મારી સાથે સ્વેચ્છાએ ભોગ ભોગવ. આ સંસારમાં ભોગજ સાર છે, આ યૌવન વય ચંચળ છે, ફરીથી તે પ્રાપ્ત થવાનું નથી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શુકનાં આવાં વચન સાંભળી, સારિકા બોલી—શુકરાજ! હું પુરૂષની સાથે ભોગની ઈચ્છા રાખતી નથી; પુરૂષ જાતિ ઘણી ખરાબ હોય છે, મેં શાસ્ત્રમાં તે વિષે નીચે પ્રમાણે સાંભળ્યું છે.

स्वार्थनिष्टा मुखे मिष्टा द्रोहिणः परवंचकाः ।
मायाविनः कृतघ्नाश्च निर्दयाः पुरुषाः पुनः ॥ १ ॥

પુરૂષો સ્વાર્થી, મોઢે મીઠા, દ્રોહ કરનારા, બીજાને છેતરનારા, માયાવી, કૃતઘ્ની અને નિર્દય હોય છે.

સારિકાના મુખથી પુરૂષ જાતિની નિંદા સાંભળી શુક બોલ્યો—સારિકા! આ શું બોલો છો? પુરૂષોથી સ્ત્રીઓ વધારે ખરાબ હોય છે. સ્ત્રીઓ દુરાચરણી, પતિઘાતક અને પાપિણી થાય છે, તેને માટે પણ સાહિત્યમાં નીચે પ્રમાણે લખે છે.

अनृतं साहसं माया मूर्खत्व मतिलोभिता ।
अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभावजाः ॥ १ ॥
भववीजं नारकस्य द्वारमार्गस्य दीपिका ।
शुचां स्थानं कलेर्मूलं दुःखानां खानिरंगना ॥ २ ॥

અસત્ય, સાહસ, કપટ, મૂર્ખતા, અતિ લોભ, અપવિત્રતા અને નિર્દયપણું, એ સ્ત્રીઓના સ્વાભાવિક દોષ છે. સ્ત્રી સંસારનું બીજ છે, નરકના દ્વારના માર્ગની દીવી છે, શોકનું સ્થાન છે, કળિ કલહનું મૂળ છે, અને દુઃખની ખાણ છે. ૧-૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે શુક સારિકાની વચ્ચે મોટો વાદ થઈ પડ્યો. એ વાત રાજા અને રાણીની પાસે આવી, રાજાએ આવી સારિકાને પુછયું, આવો વાદ થવાનું શું કારણ છે ? ત્યારે સારિકાએ તે વાદનું મૂળ જણાવતાં નીચે પ્રમાણે એક વાર્ત્તા કહેવા માંડી:—

**કાંચનપુર** નામે એક નગરમાં **મહાધન** નામે એક શેઠ રહેતો હતો, તેને **ધનક્ષય** નામે પુત્ર હતો, પુણ્ય વર્દ્ધન નામની નગરીના **ઉદ્ધવ** નામના એક શેઠની પુત્રી સાથે તેનો વિવાહ થયો હતો. ધનક્ષય મહા વ્યસની હતો, તેથી તેના પિતાનું ધન તેણે ઉડાવી દીધું. તેની સ્ત્રી પોતાને પીયર ચાલી ગઈ હતી. કેટલે દિવસે જ્યારે ધનક્ષયની પાસે કાંઈ પણ દ્રવ્ય રહ્યું નહીં, એટલે તે પોતાની સ્ત્રીને બોલાવવા ઉદ્ધવ શેઠને ઘેર ગયો. કેટલાએક દિવસ ત્યાં રહી; પોતાની સ્ત્રીને તેડી પાછો ફર્યો. તેના સાસુ સસરાએ પુત્રીને શણગારી, તેના પતિની સાથે મોકલી. થોડા રસ્તા સુધી વળાવી, માતાપિતા પુત્રીને હિતશિક્ષા આપી પાછાં વળ્યાં.

ધનક્ષય સ્ત્રીને લઇ આગળ ચાલ્યો, ત્યાં રસ્તામાં એક ઉજ્જડ ગામ આવ્યું. તે જોઈ ધનક્ષયે તેની સ્ત્રીને કહ્યું, પ્રિયા ! આ માર્ગ વિકટ છે, માટે તમારાં વસ્ત્રાભૂષણ મને બાંધી આપો, રખે કોઇ ચોર આવી હરી જાય, ભોળી સ્ત્રીએ તેમ કર્યું. પછી આગળ ચાલતાં એક ઉંડો અંધારીઓ કૂવો આવ્યો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમાં ધનક્ષયે સ્ત્રીને અચાનક ઉપાડી કુવામાં નાખી દીધી. દુષ્ટ ધનક્ષય વસ્ત્રાભૂષણુ લઈ પોતાને ગામ ચાલ્યો આવ્યો.

અહીં અંધ કૂપમાં પડેલી સ્ત્રી વલખાં મારવા લાગી, તેવામાં કોઈ મુસાફરો ત્યાંથી જતા હતા, તેમણે દયા લાવી, તે સ્ત્રીને કુવામાંથી કાઢી. મુસાફરોએ તેણીને કુવામાં પડવાનું કારણ પુછ્યું, એટલે તે સ્ત્રીએ કહ્યું, કોઈ ચોરે આવી, મારા પતિને બાંધીને માર્યો, અને મારાં વસ્ત્રાભૂષણ લઈ, મને કુવામાં નાખી ચાલ્યો ગયો. મારા પતિ જીવતા હશે કે શું ? તે હું જાણુતી નથી. આવો કલ્પિત વૃત્તાંત કહી, તે સ્ત્રી કોઇ દયાળુ મુસાફરની સાથે પાછી પોતાના પીયરમાં આવી. પોતાનાં માતા-પિતાની પાસે પણ તેણીએ તે કલ્પિત વૃત્તાંત કહ્યો. માયાળુ માતાએ પુત્રીને હૃદય સાથે દાબીને કહ્યું, બેટા ! ચિંતા કરીશ નહીં, વસ્ત્રાભૂષણનો જરા પણ શોક ન રાખીશ. જો જમાઈ જીવતા હશે, તો પાછા મળશે; અને તું સુખી થઇશ.

અહીં ધનક્ષયે સ્ત્રીનાં આભૂષણ વસ્ત્ર વિગેરે વેચી દુર્વ્યસનમાં ઉડાવી દીધાં. અલ્પ સમયમાં તે પાછો નિર્ધન થઇ દુ:ખી થવા લાગ્યો, એટલે તે નિર્લજ પાછો પોતાના સાસરાને ગામ આવ્યો. તેના મનમાં પોતે કરેલા કુકર્મને માટે શંકા હતી, પણ તેનો કલ્પિત ઉત્તર કહેવા તે ઇચ્છતો હતો; તેવામાં પોતાની સ્ત્રીને જોઈ. સ્ત્રી પતિને જોઈ ખુશી થઇ; અને પોતાને ધન્ય માનવા લાગી. સ્ત્રીને જીવતી જોઇ ધનક્ષયના મનમાં વિચાર થયો કે, આ શું ? મેં મારી જાતે તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રીને કુવામાં નાખેલ, તે અહીં જીવતી કયાંથી ? આવું વિચારી તેણે નિશ્ચય કર્યો કે, કર્મની ગતિ વિચિત્ર છે; વખતે તેમાંથી કોઇએ બચાવી હશે.

હવે સ્ત્રી તેની ઉપર પ્રસન્નતા દર્શાવવા લાગી. કોઇવાર પણ કુવાની વાત તેણીએ જણાવી નહીં. કેટલાક દિવસ એમ ચાલ્યા ગયા, પછી એક દિવસે સ્ત્રી સુતી હતી, તેના શરીર ઉપરથી આભૂષણ ઉતારી તેને મારી નાંખી, ધનક્ષય રાત્રે સસરાને ઘેરથી પાછો ચાલ્યો ગયો. દુષ્ટ જન પોતાની દુષ્ટતા કદિપણ છોડતો નથી.

સારિકાએ કહ્યું, હે રાજા ! પુરૂષોનાં કામ એવાં નઠારાં હોય છે. કેટલાંએક પ્રત્યક્ષ જોયેલાં છે, અને કેટલાંએક સાંભળ્યાં છે. મીઠાઈમાં મેળવેલા ઝેરના જેવા પુરૂષો થાય છે. આથી મેં નિશ્ચય કર્યો છે કે, પુરૂષનો સંગ કરવો નહીં, અને તેથી આ શુકની સાથે મારે વાદ થાય છે.

શુક પક્ષી બોલ્યો—રાજા ! તમે તટસ્થ છો, એક તરફી સાંભળી નિર્ણય કરશો નહીં. એ સારિકાનું કહેવું ઘટિત નથી, બધા પુરૂષો તેવા હોતા નથી. કોઈ પુરૂષ તેવા દુષ્ટ થાય, તેથી કાંઈ પુરૂષજાતિ બધીને અપવાદ લાગતો નથી. પાપની અનંત રાશિ ઉદય આવવાથી સ્ત્રીવેદ બંધાય છે, તે પણ કર્મથી પ્રાપ્ત થાય તો; લેવો પડે છે. દુર્જનથી ડરી ગયેલા લોકો સજ્જનથી પણ ભય રાખે છે. ગરમ દૂધથી દાઝેલો

માણસ છાશને પણ ફુંકીને પીએ છે. વચ્ચે સારિકા બોલી ઉઠી, શુકરાજ ! શું વધારે વાણીમાં પંડિતાઇ બતાવો છો ? જો પુરૂષ જાતિના જેવી સ્ત્રીજાતિ હોય તો, તેનો કોઈ દાખલો આપો. તમે મારી સાથે સરખા ઉતરશો ? કાંઇ વાણીના વિલાસમાં વિજય નથી. ઘણા વાચાળ પુરૂષો બીજાને છેતરી પાડે છે; દુર્જનોથી છેતરાએલા પુરૂષો પછી સજ્જનનો પણ વિશ્વાસ કરતા નથી, તે વિષે સાહિત્યમાં નીચે પ્રમાણે લખે છે.

ये वांचिता धूर्त्तजनेन लोकास्ते साधुसंगेऽपि न विश्वसंति ।
उष्णेन दग्धाः किल पायसेन पिबंति फुत्कृत्य दधीनितक्रम्॥१॥

જેઓ ધૂર્ત જનથી છેતરાયા હોય, તેઓ સાધુઓની ઉપર પણ વિશ્વાસ કરતા નથી. ઉના દૂધથી દાઝેલા પુરૂષો દહીં અને છાસ ફુંકીને પીએ છે. વળી સ્ત્રી અને પુરૂષ વિષેષમાં ઘણો તફાવત છે, અને સ્ત્રીની યોગ્યતા તથા અયોગ્યતા પુરૂષ વિશેષને પ્રાપ્ત કરવાથી જણાય છે. તે વિષે સાહિત્યમાં નીચેનાં પદ્ય લખે છે.

वाजिवारणलोहानां काष्टपाषाणवाससाम् ।
नारी पुरुषतोयानामंतरं महदंतरम् ॥ १ ॥

અશ્વ, હાથી, લોહ, કાષ્ટ, પાષાણ, વસ્ત્ર, સ્ત્રી, પુરૂષ અને જળમાં મોટું અંતર છે.

शस्त्रं शास्त्रं विद्या वाणी वीणा नरश्च नारी च ।
पुरुष विशेषं प्राप्ता भवंति योग्या अयोग्याश्च ॥ १ ॥

શસ્ત્ર, શાસ્ત્ર, વિદ્યા, વાણી, વીણા, નર અને નારી, પુરૂષ વિશેષને પ્રાપ્ત થઈ યોગ્ય અને અયોગ્ય થાય છે.

આ પ્રમાણે ચતુર બુદ્ધિવાળા શુકે નીચે પ્રમાણે વાર્તા કહેવા માંડી.

કાંચનપુર નગરમાં સાગરદત્ત નામે એક શેઠ રહેતો હતો. તેને શ્રીદત્ત નામે એક પુણ્યવાન અને પવિત્ર પુત્ર હતો. શ્રીપુર નગર નિવાસી સોમદત્ત શેઠની જયશ્રી નામે એક પુત્રીની સાથે શ્રીદત્ત પરણ્યો હતો. શ્રીદત્ત જયશ્રીને પરણીનેજ તેના પિયરમાં મુકી કરીયાણા લઈ સમુદ્ર માર્ગે વેપાર કરવા ગયો. પછવાડે જયશ્રી યૌવન વયને પ્રાપ્ત થઈ કામિ પુરૂષોને નવા નવા રંગ દર્શાવવા લાગી, યૌવનવયમાં વિશેષ લાવણ્ય જણાય છે. કહ્યું છે કે,

यौवनमुदग्रसमये करोति लावण्यगतिं कुरुपेऽपि ।
दर्शयति पाककाले लिंबफलं चापि माधुर्यं ॥ १ ॥

કુરૂપી જનમાં પણ યૌવનવય પોતાના ઉગ્ર સમયે લાવણ્યને ઉત્પન્ન કરે છે. લીમડાનાં ફળ પણ પાકવા વખતે મધુરતા દર્શાવે છે.

એક દિવસે જયશ્રી મંદિરના ગોખ ઉપર બેઠી હતી. ત્યાં કોઈ સ્વરૂપવાન પુરૂષ જતો તેણીના જેવામાં આવ્યો. અસતી સ્ત્રીઓનું એવું લક્ષણ છે કે, તે સુંદર પુરૂષને જોઈ વિકારી બની જાય છે. કહ્યું છે કે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सरुपं पुरुषंदृष्ट्वा भ्रातरं पितरं सुतम् ।
श्रवते योनयः स्त्रीणामामपात्रमिवांभसा ॥ १ ॥

સ્વરૂપવાન્ પુરૂષ કદિ તે ભાઇ, પિતા અને પુત્ર હોય, તો પણ તેને જોઈને સ્ત્રીઓની યોનિ પાણી વડે કાચા પાત્રની જેમ સવ્યા કરે છે.

अग्निकुंडसमानारी घृतकुंभसमो नरः ।
संपर्काद् द्रवते नित्यं किंपुनः स्ववशाः स्त्रियः ॥१॥

સ્ત્રી અગ્નિકુંડના જેવી છે, અને પુરૂષ ઘીના ઘડા જેવો છે. તે સંપર્કથી હમેશાં દ્રવે છે. તો પોતાને વશ રહેનારી સ્ત્રીઓની શી વાત કરવી ?

યૌવનવતી જયશ્રીને તે સ્વરૂપવાન્ પુરૂષને જોઈ કુવિચાર આવ્યો. તત્કાળ માલતી નામની એક પોતાની સખીને તે પુરૂષની પાસે મોકલી. પુરૂષે માલતીની મારફત કહેવરાવ્યું કે, એક માલણને ત્યાં તેમને મળી શકશે. બંનેએ સંકેતસ્થળ નક્કી કર્યું. અને માલણને ઘેર તેમનો યોગ થયો, ત્યારથી પ્રત્યેક દિવસે તેઓ મળતાં હતાં અને વિષયભોગ કરતાં હતાં.

કેટલેક દિવસે શ્રીદત્ત સમુદ્રની મુસાફરીમાંથી પાછો આવી, તે જયશ્રીને તેડવા સસરાને ઘેર આવ્યો. પોતાના પતિને આવેલો જોઇ પેલા જાર પુરૂષને મળવામાં અંતરાય થવાની ચિંતા થઈ પડી. જયશ્રીએ પોતાની ચિંતા સખીની

આગળ જણાવી; ચિંતા એ કનિષ્ટ વસ્તુ છે, આનંદના માર્ગને રોધ કરનાર છે. ચિંતાને માટે સાહિત્યમાં નીચેનાં પદ્યો લખે છે.

चिंता चिता समानास्ति चिंता चैव गरीयसी ।
सजीवं दहते चिंता निर्जिवं दहते चिता ॥१॥

ચિંતા અને ચિતા સરખી નથી. ચિતાથી ચિંતા અતિ મોટી છે, ચિતા જીવ વિનાનાને બાળે છે. અને ચિંતા જીવવાળાને બાળે છે.

अति प्रलापोहि निरंकुशत्वं भर्त्तुःप्रवासः स्वरुचिस्तीर्थयात्रा ।
ईर्ष्यालुता स्वैरिणिसंगमता च स्वभावतः शीलविलुप्तकाइमे

અતિ બોલવાપણું, નિરંકુશપણું, પતિનો પ્રવાસ, પોતાની રૂચિ પ્રમાણે પ્રવર્ત્તન, તીર્થયાત્રા, ઇર્ષ્યાળુપણું, અને સ્વચ્છંદી સ્ત્રીનો સંગ. એ સ્વભાવથી શીલને લોપનારાં છે.

સખીએ જયશ્રીને સમજાવી કે, વિશેષ ચિંતા રાખીશ નહિ. જો લાગ મળે તો પતિને છેતરી જારનો સમાગમ કરજે. સખીનાં આવાં વચન સાંભળી જયશ્રી જરા શાંત થઈ.

શ્રીદત્તને તેનાં સાસુ સસરાએ આગતસ્વાગત કરી ઘણું માન આપ્યું. ઉત્તમ પ્રકારે ભોજન કરાવી એકાંતમાં શયન કરાવ્યું. જયશ્રી પતિની આગળ આવી, સ્નેહ દર્શાવી તેણીએ પોતાના પતિને અનુકુળ કરી લીધો. સ્ત્રીઓ પુરૂષને અનુકુળ કરવાને અનેક ચેષ્ટાઓ કરે છે. જેમકે —

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

स्नेहं मनोभवकृतं जनयंति भावा
नाभीभुजस्तनविभुषणदर्शितानि ।
वस्त्राणि संयमन केश विमोक्षणानि
भ्रूक्षेपकंपितकटाक्षनिरीक्षणानि ॥१॥

નાભિ, હાથ, સ્તન, અને આભુષણ બતાવવાં, વસ્ત્ર બાંધવાં, કેશ છુટા મૂકવા. ભ્રકુટિ કંપાવવી, અને કટાક્ષથી જોવું. એ સર્વ હાવભાવ કામદેવના સ્નેહને ઉત્પન્ન કરે છે.

જયશ્રી પતિને નિદ્રા આવી, એટલે ત્યાંથી ઉઠીને પોતાની સખીને ઘેર આવી. માર્ગમાં કોઇ ચોરના જોવામાં આવી. ચોરે લક્ષણ ઉપરથી તેણીને વ્યભીચારિણી જાણી ધી તે દિવસે તેજ રાત્રે કોઇ સ્ત્રી પુરૂષ ચૌટાની એક તરફ થમ સમાગમ માટે મળવાનાં હતાં. કર્મ યોગે જયશ્રી યાં આવી ચડી. રાહ જોઇ બેઠેલા રાજપુરૂષની સાથે તેનો યોગ થયો. તેવામાં કોઇ કોટવાળ ત્યાં આવ્યો, તેણે ચોરની ભ્રાંતિથી તે રાજપુરૂષને મારી નાંખ્યો. કામાતુર સ્ત્રી, તે પુરૂષના શબને આલિંગન અને ચુંબન કરવા લાગી. તથાપિ તેણીનો કામ શાંત થયો નહિ. પેલો ચોર આ બધી ચેષ્ટા જોતો હતો. તેવામાં તે સ્થાને એક યક્ષ હતો, તેને આ ચેષ્ટા જોઈ કામ ઉત્પન્ન થયો. તત્કાળ તે પેલા શબમાં પેઠો, એટલે શબ બેઠું થયું. તેણે જયશ્રીના કામને શાંત કર્યો, અને તે પછી તે સ્ત્રીની નાસિકાને દાંત વડે તોડી નાંખી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી પોતે શબમાંથી નીકળી કોઇ વૃક્ષ ઉપર બેસી ગયો જયશ્રી રૂધીરથી લીંપાતી અને શોક કરતી પોતાની સખી આગળ આવી; તેણીએ બધી વિતેલી વાર્તા સખીને જણાવી. કર્મની ગતિ કેવી વિચિત્ર છે ? માણસ શું ધારે છે અને કર્મ શું કરે છે ?

> अन्यथा चिंतितं कार्यं दैवेन कृतमन्यथा ।
> मलिनीवशचूर्णेन भद्रिनी प्रलयं गता ॥१॥

માણસ અન્ય રીતે કાર્ય ચિંતવે, અને દૈવ-કર્મ અન્ય રીતે કરે છે. મલિનીના વશીકરણ ચૂર્ણથી ભદ્રિનીનો પ્રલય થયો હતો. જયશ્રીની સ્થિતિ જોઈ, તેની સખીએ કહ્યું. બહેન, આમ ને આમ સૂર્ય ઉગ્યા પહેલાં તારા પતિની પાસે જા. અને આ બધો આરોપ તેના ઉપર મૂક. જયશ્રી સખીના કહેવાથી પતિ પાસે આવી, પેલો ચોર પણ ગુપ્તરીતે તેણીની પાછળ પાછળ ત્યાં ગયો. ક્ષણવાર પછી જયશ્રીએ ઢોંગ કર્યો. ઊંચે સ્વરે રૂદન કરવા માંડયું. તેણીનું રૂદન સાંભળી ઘરનાં માણસો એકઠાં થયાં. શ્રીદત્ત જાગી ગયો. સર્વએ આવી જોયું ત્યાં જયશ્રીનું નાક કપાએલું જોયું. બધાં એકી અવાજે બોલી ઉઠયાં, અરે દુષ્ટ, નિર્લજ ! તેં આ શું કર્યું ? અમારી નિરપરાધી પુત્રીની નાસિકા શા માટે છેદી ? શ્રી દત્ત તો વિચારમાં પડયો કે આ ધતિંગ કયાંથી જાગ્યું ? કહ્યું છે કે.—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

न विश्वसेन्नृपे शुद्रे कृष्णे चैव न ब्राह्मणे ।
न विश्वसेत्कृष्णसर्पे काये नैव च विश्वसेत् ॥ १ ॥

રાજા, શુદ્ર, કાળો બ્રાહ્મણ, કાળો સર્પ અને શરીર એટલાંનો વિશ્વાસ ન કરવો.

मद्यपाः किं न जल्पंति किं न भक्षंति वायसाः ।
कवयः किं न बोधंति किं न कुर्वंति पांसुलाः ॥ १ ॥

મદિરા પીનાર શું નથી બોલતા ? કાગડાઓ શું નથી ખાતા ? કવિઓ શું નથી જાણતા ? અને દૂષિત સ્ત્રીઓ શું નથી કરતી ?

ચકિત થઇ ગયેલા અને ગભરાઈ ગયેલા શ્રીદત્તને તેના સાસરીઆંએ રાજદ્વારમાં દોર્યો કહ્યું છે કેઃ—

दुर्बलानामनाथानां बालवृद्धतपस्विनाम ।
अन्याय परिभूतानां सर्वेषां पार्थिवो गति ः ॥ १ ॥

દુર્બળ, અનાથ બાળક, વૃદ્ધ, તપસ્વી અને અન્યાય કરનારા, એ સર્વની ગતિ રાજા છે.

अश्वप्लुतं वारिदं गर्जितं च
स्त्रीणां चरित्रं पुरुषस्य भाग्यम ।
अवर्षणं चापि हि वर्षणं च
देवो न जानाति कुतो मनुष्यः ॥ १ ॥

ઘોડાનું ઠેકવું, વર્ષાદનું ગાજવું, સ્ત્રીઓનું ચરિત્ર, પુરૂષનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાગ્ય, મેઘનું વર્ષવું કે ન વર્ષવું, એ દેવ પણ જાણતા નથી, તો માણસ કયાંથી જાણે ?

સર્વેએ રાજાને શ્રીદત્તના અપરાધની વાત કહી, પણ તે રાજાના મનમાં ઉતરી નહીં, તથાપિ રાજપુરૂષોએ સાક્ષી આપી કે, તે વાત સત્ય છે. તે દુષ્ટે આ સતીને કલંક આપ્યું. છે. તેમના કહેવા ઉપરથી રાજાએ શ્રીદત્તને દેહાંત શિક્ષા કરી, તેવામાં પેલો ગુપ્ત રીતે રહેલો ચોર પ્રગટ થયો, તેણે ખરેખરો સર્વ વૃત્તાંત રાજાની આગળ જાહેર કર્યો. અને જણાવ્યું કે, કોઇ રીતે આ પુરૂષ વધ્ય નથી; રાજાને તે નિશ્ચય થયો. જયશ્રીની ઉપર ગુસ્સો આવ્યો. શ્રીદત્તને છોડી મુકી સુખી કર્યો, અને દુષ્ટ કુલટા જયશ્રીને મસ્તકમુંડાવી ગધેડા ઉપર બેસારી બધા શહેરોમાં ફેરવી, અને આવાં કુકર્મ કરનારી સ્ત્રીઓની આવી દશા થાય છે, એમ લોકોની આગળ દર્શાવી આપ્યું. તેવી દુષ્ટ સ્ત્રીઓને માટે સાહિત્ય શાસ્ત્રમાં નીચેનું પદ્ય ગવાય છે.

( स्रग्धरा ).

आवर्तः संशयानामविनयभवनं पत्तनं साहसानां
दोषाणां संनिधानं कपटशतमयं क्षेत्रमप्रत्ययानाम् ।
स्वर्गद्वारस्य विघ्नं नरकपुरमुखं सर्वमायाकरंडं
स्त्रीयंत्रं येन सृष्टं विषममृतमयं प्राणिनामेकपाशः ॥ १ ॥

સંશયનો આવર્ત્ત (ઘુમરી), અવિનયનું ઘર, સાહસનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શહેર, દોષનો ભંડાર, સેંકડોકપટે ભરેલ, અવિશ્વાસનું ક્ષેત્ર, સ્વર્ગદ્વારનું વિઘ્ન, નરકપુરનો દરવાજો, સર્વ કપટનો કંડીયો અને અમૃતમય ઝેરરૂપ એવું સ્રી રૂપ યન્ત્ર કોણે સરજ્યું છે? જે સર્વ પ્રાણીઓને એક પાશ રૂપ છે?

શ્રીદત્ત પછી બીજી કુલીન સ્રીને પરણી સુખી થયો. હે રાજા જુઓ સ્રી જાતિ કેવી અધમ હોય છે? આપ પક્ષપાત વગર કહો કે, સ્રી અને પુરૂષ દુરાચરણમાં સરખાંજ ઉતરે છે. રાજાએ તે વાત માન્ય કરી.

પેલા શબે શ્રીચંદ્રને જણાવ્યું, રાજકુમાર: તું કહે તે સ્રી અને પુરૂષ દુરાચરણમાં સરખાં થયાં, કે કાંઈ ન્યુનાધિક છે? શ્રીચંદ્રે કહ્યું, મને સ્રી જાતિ વિશેષ પાપીણી લાગે છે. લોકમાં અને શાસ્રમાં સ્રીને વધારે નિંદવાયોગ્ય કહેલી છે. શાસ્રમાં લખે છે કેઃ—

**गुरुरग्निर्द्विजातिनां वर्णानां ब्राह्मणो गुरुः ।**
**पतिरेव गुरुः स्त्रीणां सर्वस्याभ्यागतो गुरुः ॥ १ ॥**

દ્વિજાતિ (બ્રાહ્મણ. ક્ષત્રિય અને વૈશ્ય)નો ગુરૂ અગ્નિ છે. બધા વર્ણનો ગુરૂ બ્રાહ્મણ (જૈન બ્રાહ્મણ) છે, સ્રીઓનો ગુરૂ પતિ છે અને સર્વનો ગુરૂ અભ્યાગત છે.

**निंद्या योषिन्न मर्त्यो हि यत्तो योषिद्विना नराः ।**
**धर्माधर्म विचारेषु तन्नियुक्ता भवंति यत् ॥ १ ॥**

સ્રી નિંદવા યોગ્ય છે, પુરૂષ નથી; કારણ કે, તેથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરીને સ્ત્રી શિવાય પુરૂષો ધર્મ તથા અધર્મના વિચાર કરવાને નિમાય છે.

શ્રીચંદ્રનાં આવાં વચન સાંભલી; શબ પાછું પોતાને સ્થાનકે ચાલ્યું ગયું. રાજકુમાર આશ્ચર્ય પામી પાછો તેને લઈ આવ્યો. શબે નીચે પ્રમાણે ત્રીજી વાર્ત્તા શરૂ કરી.

વર્દ્ધમાન નગરમાં શૂદ્રદેવ નામે રાજા હતો. એક વખતે રાજા દરબારમાં સભા સ્થાને બેઠો હતો, તેણે ચોપદારને પૂછયું, ચોપદાર! કોઈ રાજદ્વાર ઉપર છે કે નહીં? ચોપદારે કહ્યું, મહારાજા! બીજું કોઇ નથી, પણ અર્થી જનો ઘણા ઉભા છે. શ્રીમંતના દ્વાર આગળ આશા ભરેલા અર્થીઓ અથડાય, તેમાં કાંઇ આશ્ચર્ય નથી. એક વિદ્વાન તે વિષે લખે છે—

एह्यागच्छ त्वमुत्तिष्ट वद मौनं समाचर ।
एवमाशाग्रहग्रस्तैः सेव्यते धनिनोऽर्थिभिः ॥ १ ॥

" અહીં આવ, તું બેઠો થા, બોલ, ચુપ રહે. " આ પ્રમાણે આશારૂપ ગ્રહોએ ગ્રસ્ત થયેલા અર્થીઓ શ્રીમંત જનનાં દ્વાર સેવે છે. દ્વારપાળ રાજાને પ્રણામ કરી રાજદ્વાર આગળ આવ્યો. ત્યાં કોઈ પુરૂષને ભેટ લઈ ઉભેલો જોયો દ્વારપાળ રાજાને ખબર આપી આજ્ઞા લઈ, તે પુરૂષને અંદર લઇ ગયો. પુરૂષ ભૂપતિને પ્રણાણ કરી ઉભો રહ્યો. રાજાએ પૂછયું, તમે કોણ છો? તે પુરૂષે કહ્યું. મહારાજા! હું દક્ષિણમાંથી આવું છું. તે દેશના રાજાનો **વીરવર** નામે હું કુમાર છું, એમ કહી તેણે રાજાની આગળ ભેટ ધરી. રાજાએ ભેટ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વીકારી કહ્યું, અહીં આવવાનું શું પ્રયોજન છે? કુમારે કહ્યું, મારે આપની નોકરી કરવી છે. ગુણી જનની સેવા તે કલ્પવૃક્ષની સેવા છે. રાજાએ પૂછયું, શું પગાર લેશો? કુમારે કહ્યું, હમેશાં એક હજાર ગદીયાણા સોનું લઈશ. રાજાએ કહ્યું, તમારે તેટલો શો પરિવાર છે? હાથી, ઘોડા, રથ કે બીજું શું છે? કુમાર બોલ્યો—ના, તે કાંઇ નથી. એક પુત્ર, એક પુત્રી. સ્રી અને હું એમ ચાર માણસો છીએ. તે સાંભળી રાજાને આશ્ચર્ય થયું. તથાપિ રાજાએ વિચાર્યું કે, તેના પગાર પ્રમાણે તે ફળ આપશે. આવું વિચારી ભંડારીને બોલાવીને કહ્યું કે, આ વીરવરકુમારને પ્રતિદિવસ એક હજાર ગદીયાણા સુવર્ણ આપજો. વીરવર ઘણો ઉદાર હતો, યાચકોને અગણિત દ્રવ્ય આપતો. જે કોઈ દુઃખી આવે, તેને ભોજન વસ્ત્ર આપતો. આવા મોટા ખર્ચમાં તેના દ્રવ્યનો ઉપયોગ થતો હતો. તે રાત્રે રાજાનો પહેરેગીર થઇ ઉઘાડી તરવારે ચોકી કરતો હતો.

કોઇ વખતે અર્ધ રાત્રે રાજાએ મહેલમાંથી પૂછયું કે, કોણ પહેરેગીર જાગે છે? ત્યારે વીરવર જવાબ આપતો હતો. અતિકષ્ટ ભોગવી સેવા કરતો હતો. સેવકને કેવું કષ્ટ હોય? તેને માટે નીચેનાં પદ્ય સ્મરણ કરવા યોગ્ય છે.

कष्टं भो सेवकानां तु परार्थचानुवर्त्तिनः ।
स्वयं विक्रीतदेहस्य सेवकस्य कुतः सुखम् ।

સેવકોને ખરેખરૂં કષ્ટ છે. બીજાને માટે અનુસરનારા અને પોતે શરીરને વેચનારા એવા સેવકને ક્યાંથી સુખ હોય?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मौनान्मूकः प्रवचनपटुर्वातुलोजल्पकोवा
क्षांत्या भीरुर्यदि न सहते प्रायशो नाभिजातः ।
धृष्टः पार्श्वे वसति च यदा दूरतो वा प्रमादी
सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ॥ १ ॥

જો સેવક મુંગો રહે, તો તેને મુંગો કહે, વધારે બોલે તો બોલકો કે વાયડો કહેવાય, ક્ષમા રાખે તો બીકણ કહેવાય, જો સહન કરે નહિ, તો સારા કુળનો ન ગણાય, જો પાસે હાજર રહે તો ધીઠ કહેવાય; અને દૂર રહે તો પ્રમાદી કહેવાય; આ પ્રમાણે સેવા ધર્મ એવો ગહન છે કે, જે યોગિઓને પણ અગમ્ય છે.—

એક વખતે રાજાએ મધ્ય રાત્રે વીરવરને બોલાવીને કહ્યું કે, સ્મશાનમાં કોઈ સ્ત્રી રૂદન કરે છે, માટે તેની તપાસ કરી લાવ. મુશ્કેલી વખતે સેવકને મોકલવામાં તેની પરીક્ષા થાય છે. કહ્યું છે કે;—

जानियात् प्रेषणे भृत्यान् बांधवान् व्यसनागमे ।
मित्रमापत्तिकाले च भार्यांच विभवक्षये ॥ १ ॥

સેવક મોકલવાથી જણાય છે, બંધુઓ દુઃખમાં જણાય છે, આપત્તિ વખતે મિત્ર ઓળખાય છે, અને વૈભવનો ક્ષય થાય, ત્યારે સ્ત્રી ઓળખાય છે'

વીરવર રાજાની આજ્ઞાથી સ્મશાનમાં ગયો, શબ્દને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનુસારે જ્યાં સ્ત્રી રૂદન કરતી હતી, ત્યાં આવ્યો. રૂદન કરતી તે સ્ત્રી રંભાના જેવી સ્વરૂપવાન્ હતી, તેની આગળ જઈ કુમારે પુછ્યું, બાઇ! તું કોણ છું? અને શામાટે રૂદન કરે છે? તે સ્ત્રી બોલી— હું રાજલક્ષ્મી છું. આજથી ત્રીજે દિવસે આ નગરનો રાજા મૃત્યુ પામશે, તેથી હું રૂદન કરૂં છું. કુમારે કહ્યું, નગરપતિ રાજા મૃત્યુ ન પામે, તેવો કોઈ ઉપાય છે? તે સ્રી બોલી. હા, એક ઉપાય છે. તે રાજા જેવા સ્વરૂપવાન્ પુરૂષ જો નગરદેવીને બળિદાન આપવામાં આવે, અને પિતા, પુત્રનું મસ્તક છેદે, તો રાજા સો વર્ષ સુધી જીવે.

આ ચર્ચા જોવાને રાજા ગુપ્ત રીતે વીરવરની પછવાડે આવ્યો હતો, વીરવર રાજલક્ષ્મીનાં વચન સાંભળી પોતાને ઘેર આવ્યો. રાજા પણ ગુપ્ત રીતે તેની પાછળ આવ્યો, વીરવરે પોતાની સ્ત્રીને જગાડી પોતાની પાસે બોલાવી. ભદ્રે? તું પતિવ્રતા અને સુજ્ઞ છું, જેનું આપણે નિમક ખાઇએ છીએ, તે રાજાને માટે મારે પ્રાણ આપવાનો વખત આવ્યો છે. સ્ત્રીએ તે વિષે પૂછ્યું, એટલે રાજકુમારે સ્મશાનનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. છેવટે જણાવ્યું કે, પ્રિયા! તું આ બાળકોને લઇ તારે પિયર જા. તારે મારી આજ્ઞા માન્ય કરવી પડશે. પતિની આજ્ઞાને માને, તેજ ઉત્તમ સ્ત્રી કહેવાય છે. તેવી સ્રીઓને માટે સાહિત્યકારો નીચેનાં પદ્ય બોલે છે:—

ते पुत्रा ये पितुर्भक्ताः सपिता यस्तु पोषकः ।
तन्मित्रं यत्र विश्वासः सा भार्या पतिवाक्यगा ॥ १ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે પિતાના ભક્ત હોય, તે પુત્રો, જે પોષણ કરે. તે પિતા, જે ઉપર વિશ્વાસ મુકાય, તે મિત્ર અને જે પતિનાં વચનને અનુસરે તે સ્ત્રી કહેવાય છે.

आर्त्ते ह्यार्त्ता द्विषिद्विष्टा प्रोषिते मलिना कृषा ।
मृते म्रियेतयानारीं सा स्त्री ज्ञेया पतिव्रता ॥ १ ॥

પતિ દુ:ખી હોય તો, જે સ્ત્રી દુ:ખી રહે, પતિના દ્વેષી ઉપર દ્વેષ કરનારી થાય, પતિ પ્રવાસ કરે, તો મલિન અને દુબળી રહે, અને પતિ મૃત્યુ પામે, તો મરી જાય, તે સ્ત્રી પતિવ્રતા જાણવી.

मितं ददाति हि पिता मितं भ्राता मितं सुतः ।
अमितस्य हि दातारं भर्त्तारं का न पूजयेत् ॥ १ ॥

પિતા, ભાઈ અને પુત્ર મિત–માન પ્રમાણે આપે છે, અને ભર્તા અમિત–ઘણું આપે, છે તો તેવા ભર્તાને કંઇ સ્ત્રી પૂજે નહીં ?

न दानैः शुद्धयते नारीनोपवासशतैरपि ।
अव्रतापि भवेच्छुद्धा भर्तृसद्गतमानसा ॥ १ ॥

સ્ત્રી દાનો આપવાથી કે સેંકડો ઉપવાસ કરવાથી શુદ્ધ થતી નથી. વ્રત ન કરતી હોય, પણ જો પતિમાં હૃદય રાખે, તો તે સ્ત્રી શુદ્ધ થાય છે.

વળી જે સ્ત્રી, પુત્ર, બંધુ અને સારાં માતપિતાને છોડી દે, પણ આપતિમાં આવેલા પતિને ન છોડે, તે **મહાસતી**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહેવાય છે. જે બીજા પુરૂષને જુએ નહિ, અને સ્વભાવિક-પણે કોપ કરાવે, તોપણ જે કોપ કરે નહીં, તે **મહાસતી** કહેવાય છે. પોતાનો પતિ આંધળો, કુબડો, કોઢીયો, રોગી આપત્તિમાં આવેલો હોય. તોપણ જે સ્ત્રી તેનો ત્યાગ કરે નહીં, તે **મહાસતી** કહેવાય છે. આ સ્ત્રીઓનો ધર્મ કહેવામાં આવ્યો છે, તેજ ધર્મ સ્ત્રીઓની ગતિરૂપ છે. જે સ્ત્રી તે ધર્મને અન્યથા કરે, તે સ્ત્રી અવશ્ય નરકે જાય છે.

વીરવરનાં આવાં વચન સાંભળી તેનાં બાળ પુત્ર અને પુત્રી બોલી ઉઠયાં—પિતાજી ! જો આપણા આશ્રયદાતા ચિરંજીવી રહેતા હોય, તો અમારો વધ ખુશીથી કરો. એથી અમારી કીર્તિ ફેલાશે.

વીરવરનાં કુટુંબનાં બાળકોનો આવો વિચાર જાણી, ગુપ્ત રહેલો રાજા આશ્ચર્ય પામી ગયો, અને તેમને મનમાં ધન્યવાદ આપવા લાગ્યો. રાજાને તે પ્રસંગે નીચેનું કાવ્ય સ્મરણમાં આવ્યું.

**सा सा संपद्यते बुद्धिः सा मतिः सा च भावना ।**
**सहायास्तादृशा ज्ञेया यादृशी भवितव्यता ॥**

જેવી ભવિતવ્યતા હોય, તેવી બુદ્ધિ, તેવી મતિ, તેવી ભાવના અને તેવી સહાય મળે, એમ જાણવું.

સ્ત્રીએ પણ તે વાતને અનુમોદન આપ્યું. પછી વીરવર બધાં કુટુંબને લઇને નગરદેવીના મંદિરમાં આવ્યો. રાજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુપ્તરીતે ચર્ચા જોતો હતો, શૂરવીર વીરવરે ખડ્ગ તૈયાર કરી દેવીને કહ્યું. મહાદેવી ! અમારા રાજાને સો વર્ષનું આયુષ્ય આપજો, અને આ પુત્રનું બળીદાન સ્વીકારજો, એમ કહી, ખડ્ગવડે પુત્રનું મસ્તક છેદી નાખ્યું. પોતાના ભાઇની દશા જોઇ, તેની બહેન ખડ્ગ આગળ આવી ઉભી રહી. વીરવરે તેણીની ઉપર ઘા કર્યો નહીં, પછી તે પેટમાં છરી મારી, પોતાની જાતે મરી ગઈ; તે જોઇ માતાને શૂર ચડયું. પોતાનાં લાચાર બાળકોને મરતાં જોઇ. તેણીએ પણ આત્મઘાત કર્યો.

કુટુંબનો નાશ થએલો જોઇ વીરવરે વિચાર્યું કે, હવે મારે સુવર્ણને માટે જીવવું અનુચિત છે, આવું ચિંતવી તેણે પોતાના શિર ઉપર ખડ્ગનો ઘા કર્યો; આ દેખાવ જોઇ રાજા પોતે કંપી ચાલ્યો, અને તે બોલ્યો કે, મારે માટે આ વીરવરે સર્વ કુટુંબનો ઘાત કર્યો; મારા રાજ્યને અને મને ધિક્કાર છે. તેના મનમાં નીચેનું પદ્ય યાદ આવ્યું.

परप्राणैर्निजप्राणान् सर्वे रक्षंति जंतवः ।
निजप्राणैः परप्राणान् रक्षंति विरला जनाः ।

સર્વ પ્રાણી બીજાના પ્રાણથી પોતાના પ્રાણની રક્ષા કરે છે, પણ પોતાના પ્રાણથી બીજાના પ્રાણની રક્ષા કરનારા વિરલા પુરૂષો છે.

પછી રાજાએ પોતાના મસ્તક ઉપર ખડ્ગ ઉગામ્યું, ત્યાં નગરદેવી પ્રસન્ન થયાં; તત્કાળ રાજાને બચાવ્યો, અને અમૃત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છાંટીને વીરવર વિગેરે સર્વને સજીવન કર્યા. રાજાએ વીરવરને સાબાશી આપી, વીરવર પ્રણામ કરી નીચેનું પૂર્વાર્દ્ધ બોલ્યો—

क्षमी दाता गुणग्राही स्वामी पुण्येन लभ्यते ।

ક્ષમાવાન, દાતાર, અને ગુણગ્રાહી સ્વામી, પુણ્યથી મળે છે. રાજા પણ નીચેનું ઉત્તરાર્દ્ધ બોલ્યો—

अनुरक्तः शुचिर्दक्षः स्वामीन् भृत्योऽपि दुर्लभः ॥ १ ॥

અનુરાગી, પવિત્ર અને ડાહ્યો સેવક પણ મળવો દુર્લભ છે.

પ્રાતઃકાળે રાજાએ તે વીરવરને પોતાનું અર્ધ રાજ્ય આપ્યું, અને મોટી ધામધૂમથી તેનું સન્માન કર્યું,

મુડદાએ શ્રીચંદ્રને પુછ્યું–રાજકુમાર! કહે, એ બધામાં વધારે સત્વ કોનું છે? કુમારે કહ્યું—એ સર્વમાં રાજાનું સાહસ પ્રશંસનીય છે, બીજાઓ તેનાથી ઉતરતા છે. કારણ કે, વીરવરે જે સાહસ કર્યું, તે તેની ફરજ છે. સેવકે સ્વામીને માટે પ્રાણ આપવા જોઇએ; સાહિત્યમાં તેનો માટે નીચેનું કાવ્ય પ્રસિદ્ધ છે.

स्वाम्यर्थे सेवकाः प्राणान् त्यजंति तृणवत् युगे।
परं स्वामी स्वभृत्यार्थं प्राणान् त्यजति दुर्लभः ॥

સેવકો સ્વામીને માટે તૃણની જેમ પ્રાણ છોડે, પણ સેવકને માટે સ્વામી પ્રાણ છોડે તે દુર્લભ છે,

આ ઉત્તર સાંભળતાં શબ પાછું ત્યાંથી ઉછળી પોતાને સ્થાને ચાલ્યું ગયું. ત્રણવાર તો શ્રીચંદ્રે ક્ષમા કરી, પણ આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વખતે તેણે પોતાનું પરાક્રમ બતાવ્યું. શબને બળાત્કારે પકડયું, અને યોગીની પાસે તે લાવવા નીકળ્યો. રાજકુમારનું પરાક્રમ જોઇ, શબે કહ્યું—મહાવીર! તમે ચતુર અને વિલક્ષણ છો; તે યોગી ઉપર આટલો બધો રાગ કેમ રાખો છો? તે યોગી ધૂર્ત્ત, નિર્લજ્જ, અને નિર્દય છે, કુડ કપટનો લિંગી છે, માયાનો ભંડાર છે, તમને ભોળવી મારાથી તે કાર્ય સાધવા તૈયાર થયો છે. તેવામાં કોઇ આધેડ વયની સ્ત્રી ત્યાં અશ્રુધારા વર્ષાવતી આવી, તેને કુમારે પુછયું—તું કોણ છે? સ્ત્રી બોલી, આ નગરથી દક્ષિણ દિશામાં નંદિગ્રામ નામે એક ગામ છે, તેમાં હું રહું છું. મારો પતિ દરિદ્રી હતો, તે ચોરીનો ધંધો કરી આજીવિકા ચલાવતો હતો. આ વડના વૃક્ષ ઉપર પોલીસ લોકોએ તેને બાંધીને મારી નાખ્યો છે. આ ખબર સાંભળીને હું અત્યારે અહીં આવી છું. વડમાંથી મારા પતિનું શબ લઇ જતાં મેં તમને જોયા, એટલે અહીં આવી છું. આ શબને તમે શું કરશો?

શ્રીચંદ્ર બોલ્યો—એક યોગીની પાસે સાધવા માટે તેને લઇ જવું છે, તેનો હોમ અગ્નિકુંડમાં કરી સુવર્ણ પુરૂષ કરવાનો છે, તારે આ શબનું કાંઇ કામ છે? જે હોય, તે કર. પછી તે સ્ત્રીએ શબની ઉપર જળની ધારા કરી, ચંદનનો લેપ કર્યો, તેવામાં શબે બેઠા થઇ, તે સ્ત્રીનું નાક કાપી ખાધું. સ્ત્રી રૂદન કરતી પોતાના ગામ તરફ ચાલી ગઇ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી શ્રીચંદ્ર શબને લઇ, યોગીની પાસે આવ્યો. અગ્નિકુંડની ડાબી તરફ શબને મુક્યું. યોગીએ વિધિથી જળવડે શબને નવરાવ્યું., પછી ચંદન પુષ્પથી તેની પૂજા કરી, યોગી શબને લઇ. કુંડ પાસે ઉભો રહ્યો, તેણે શ્રીચંદ્રને કહ્યું, રાજકુમાર! હવે સાવધાન રહેજો, શ્રીચંદ્ર નવકાર મંત્રવડે અંગરક્ષા કરી બેઠો. યોગી કુંડમાં ચોખા, સરસવ વિગેરેનો હોમ કરવા લાગ્યો. અને તે દાણા શબ ઉપર છાંટવા લાગ્યો. જેમ જેમ છંટકાવ કરવા માંડયો, તેમ તેમ તે શબમાંથી દેવતાઇ પ્રભાવ પ્રગટ થવા લાગ્યો. તે વખતે યોગીએ પૂછયું, રાજકુમાર! શું કાંઇ જપો છો? શ્રીચંદ્રે કહ્યું, ત્રિકરણ શુદ્ધિથી જે જપવા યોગ્ય હોય, તે જપું છું. તે નવકાર મંત્રનો જાપ કરતો હતો. કહ્યું છે કેઃ—

यथा चित्तं तथा वाचा यथा वाचा तथा क्रिया।
चित्ते वाचि क्रियायांच साधूनामेकरूपता ॥

જેવું મનમાં, તેવું વાણીમાં, અને જેવું વાણીમાં, તેવું ક્રિયામાં. સાધુ પુરૂષોને ચિત્તમાં, વાણીમાં અને ક્રિયામાં એકરૂપતા હોય છે.

યોગીએ એકસો ને આઠવાર શબની ઉપર તંબુલ છાંટયું, પણ તે શબનો સુવર્ણ પુરૂષ થયો નહીં. કારણ કે, શબના મુખમાં પહેલી સ્ત્રીનું નાક હતું, તેથી મંત્ર સફળ થયો નહીં. પછી વિદ્યાનો દેવતા શબમાં પેઠો, અને તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગી પ્રત્યે બોલ્યો—અરે દુષ્ટ યોગી! તારા કુવિચાર મારા જાણવામાં છે; આ ઉત્તરસાધક પુરૂષ ધાર્મિક છે, તેનો વિજય થશે. તેને નાશ કરવાનો તારો ઇરાદો છે, તો તુંજ સુવર્ણ પુરૂષ થઇ જા, એમ કહી તે શબે યોગીને ઉપાડી, અગ્નિકુંડમાં નાખી દીધો. તે જોતાંજ શ્રીચંદ્રે ખેદ સાથે ચિંતવ્યું, અરે! આ યોગીનું શું થયું? તેના કાર્યની સિદ્ધિને બદલે હાનિ થઇ. તેવામાં તો યોગી પોતેજ સુવર્ણ પુરૂષ થઇ ગયો, અને દેવતા શબમાંથી નીકળી ચાલ્યો ગયો. શ્રીચંદ્રે શબનો અગ્નિસંસ્કાર કર્યો, અને પાપાનુબંધીરૂપ તે સુવર્ણ પુરૂષને કુંડમાં ગોપવી, અને તેની ઉપેક્ષા કરી, તે ઉભો થયો. પછી વૃક્ષ ઉપર વાનરીરૂપે રહેલી મદનસુંદરીને અંજન વિધિથી માનુષી કરી, બન્ને સ્ત્રી પુરૂષ નિર્વિઘ્ને પ્રેમથી ભેગાં થયાં.

ધર્મનો પ્રભાવ કેવો ચમત્કારી છે? યોગીની ઇચ્છા એવી હતી કે, તે શબ તથા શ્રીચંદ્ર બન્નેના સુવર્ણ પુરૂષ કરવા, પણ તે કાંઇ બન્યું નહીં, ધર્મિ ઉપર કુબુદ્ધિ કરનાર પોતેજ કુબુદ્ધિનો ભોગ થઈ પડે છે. ભયંકર આપત્તિમાંથી ધર્મિજન ક્ષણવારમાં તરી જાય છે. ત્રણ જગતમાં ધર્મ ખરેખરો રક્ષક છે. શ્રીચંદ્રનો ધર્મથી જય થયો, પોતાની પ્રિયાને પ્રેમથી મળ્યો. બન્ને સ્ત્રી પુરૂષે યોગીની વાર્ત્તા કરી, કેટલોક કાળ ત્યાં નિર્ગમન કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૭ મું.
## દેવદ્રવ્ય અને શકાવતાર તીર્થ.

એક ગગનતળ સ્પર્શી સુંદર જીન પ્રાસાદ ઉભો છે, અનેક વિદેશી :યાત્રાળુઓનાં ટોળેટોળાં તે તરફ આવે છે, અને જાય છે. " **जिनाय नमः** " એવું મહાં વાકય દરેકના મુખમાંથી ઉચ્ચરે છે, ચારે તરફ ધર્મનો ઉદ્યોત દેદીપ્યમાન લાગે છે, ચૈત્યની બાહેરની ભૂમિમાં શ્રાવિકાએ ધર્મનાં ગીત ગાય છે, લોકો દૂરથી આ મહા તીર્થનાં દર્શન કરી ગાંડા ઘેલા થઈ જાય છે, સર્વના હૃદયમાં ધર્મની પ્રભાવિક છાપ પડી રહે છે, જીન પ્રાસાદની બહાર શ્રેણીબંધ ધર્મશાળાએ ઉભી છે, જાણે બીજું નગર હોય, તેવો તેનો દેખાવ લાગે છે. મંદિરના ઘંટનાદોથી દિશામંડળ ગાજી રહે છે, વિવિધ સ્વરના માધુર્યથી સ્તવનોનો ધ્વનિ ગગનને ગજાવે છે, ભાવિક શ્રાવકો વિવિધ જાતની પૂજાએ ભણાવે છે, મૃદંગ, વીણા, સતાર, ઝાંઝ, પખાજ, બંસી અને સારંગીના તાલબંધ સુર થઇ રહ્યા છે, નૃત્યના તાલ સાથે ઘુઘરીઓના નાદ થાય છે, સર્વત્ર ધર્મ મંગળ થઇ રહ્યું છે.

આ વખતે આપણી વાર્તાનો નાયક શ્રીચંદ્ર મદન-સુંદરીને લઈ પેલા સ્મશાનમાંથી જુદો પડી અહીં આવે છે. દૂરથી આ મહા ચૈત્યને જોઈ તેના હૃદયમાં અપાર હર્ષ થઈ આવ્યો. તેણે મદનાને કહ્યું, પ્રિયા ! આજની મુસાફરી કૃતાર્થ થઈ છે. જુઓ, આ સુંદર જીન પ્રાસાદ કેવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગગનની સાથે વાતો કરતો રમણીય દેખાય છે? ચાલો, આપણે એ મહા પ્રાંસાદનાં દર્શન કરી પવિત્ર થઈએ જિન પ્રતિમાનું પવિત્ર ધ્યાન ધરી, માનવ ભવને કૃતાર્થ કરીએ. આસ્તિક શિરોમણિ પ્રેમદા તે સાંભળી હર્ષ પામી. બંને ઉતાવળે પગલે આગળ ચાલ્યાં. અનુક્રમે જીન પ્રાસાદની નજીક આવ્યાં. બંને શ્રાવક દંપતિ ત્રિકરણ શુદ્ધિથી પવિત્ર થઇ જિનાલયમાં પેઠાં. પરમ ભક્તિભાવથી પ્રતિમાને નીરખી, વંદન કરી, શ્રીચંદ્રે નીચેનું સ્તવન મધુર સ્વરે ગાવા માંડયું–

## સ્તવન.

### રાગ બિહાગડો.

મનમાં આવજો રે નાથ, હું થયો આજ સનાથ. મન. (એ આંકણી)
જયજિનેશ નિરંજનો, ભંજનો ભવદુઃખ રાશિ,
રંજનો સવિ ભવિ ચિત્તનો, મંજણો પાપનાપાશ. મન૦ ૧
આદિ બ્રહ્મ અનૂપ તું, અબ્રહ્મ કીધા દૂર,
ભવભ્રમ સવિ ભાંજી ગયા, તુંહિ ચિદાનંદ સનૂર. મન૦ ૨
વીતરાગ ભાવ ન આવહી, જીહાં લગે મુજને દેવ,
તિહાં લગે તુમ પદ કમલની, સેવના રહો એ ટેવ. મન૦ ૩
યદ્યપિ તુમો અતુલી બળી, યશવાદ એમ કહેવાય,
પણ કબજ આવ્યા મુજ મને, તે સહજથી ન જવાય. મન૦ ૪
મન મનાવ્યા વિણ માહરૂં, કેમ બંધથી છુટાય,
મનવાંછિત દેતાં થકાં, કોઇ પાલવડે ન ઝલાય. મન૦ ૫
હઠ બાળનો હોયે આકરો, તે લહોછો જિનરાજ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઝાઝું કહાવે શું હોયે, ગિરૂઆ ગરિબનિવાજ. મન૦ ૬
જ્ઞાનવિમળ ગુણથી લહો, સવિ ભવિક મનના ભાવ,
તો અક્ષયસુખ લીલા દિયો, જેમ હોવે સુજશ જમાવ. મન૦ ૭

ઉપર પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી, રોમાંચિત શરીરે હૃદયની ભક્તિ દર્શાવી, બંને દંપતિ બાહેર નીકળ્યાં.

આ જિન પ્રાસાદ તે શકાવતાર નામે તીર્થ કહેવાતું હતું. તેની પાસે સિદ્ધપુર નામે નગર હતું, જેની પાડોશમાં આ મહા તીર્થ આવેલું હતું. ચૈત્યની બાહેર નીકળી બંને દંપતી સિદ્ધપુરના દરવાજા આગળ આવ્યાં. નગરમાંથી નીકળતા લોકોનો દેખાવ દયાજનક જોવામાં આવ્યો, કોઈ પુરૂષ, કે સ્ત્રીના મુખ ઉપર લક્ષ્મી તેજ ન હતું, સર્વ નિર્ધન કંગાલ હાલતમાં હતાં, સર્વના શરીર ઉપર ફાટેલ વસ્ત્રો લટકતાં હતાં. કોઇ રોગી, કોઈ વંધ્ય, કોઇ કોઢીઓ, કોઇ અંધ, કોઇ પંગૂ અને કોઇ ઉન્મત્ત જોવામાં આવતાં હતાં. સ્ત્રીઓ પ્રાયે કરીને સૌભાગ્ય વગરની દેખાતી હતી. પ્રત્યેક સ્થળે વિધવાઓ અને દુર્બળ સ્ત્રીઓજ નજરે પડતી હતી. બાળક અને બાળકીઓ બુદ્ધિ વગરનાં, મૂર્ખ અને દીનમુખા જોવામાં આવતાં હતાં.

સિદ્ધપુરની પ્રજાનો આ દેખાવ જોઇ શ્રીચંદ્રને આશ્ચર્ય લાગ્યું. આવા સુંદર તીર્થની આગળ આ નગરની આવી સ્થિતિ જોઈ તેના મનમાં અનેક વિચાર આવવા લાગ્યા, તેવામાં કોઇ વૃદ્ધ પુરૂષ નગરમાંથી બાહેર આવતો જોવામાં

આવ્યો. શ્રીચંદ્રે તે વૃદ્ધને પુછ્યું, ભદ્ર ! આ નગરનું નામ શું ? આ નગરની પ્રજા નઠારી સ્થિતિમાં કેમ દેખાય છે ? આવી 'તીર્થની ભૂમી દારિદ્રથી પીડિત હોય, તે અમને આશ્ચર્ય લાગે છે. તે વૃદ્ધ બોલ્યો, વિદેશી મહાનુભાવ ! તમે પુછ્યું, તે બરાબર જાણવા જેવું છે. આ જિન પ્રાસાદ શકાવતાર નામે તીર્થથી ઓળખાય છે, આ નગરનું નામ સિદ્ધપુર છે, અહીં જૈન લોકોની મોટી યાત્રા છે, વિદેશી યાત્રાળુઓ આવી, આ તીર્થમાં ભક્તિથી ચોખા, ફળ, વસ્ત્ર, રત્ન, અને સુવર્ણ વિગેરેની ભેટ ધરે છે, અનેક સંઘપતિઓ આવી, અહીં મોટી મોટી પ્રભાવનાઓ કરે છે, અહીંના લોકો એક સંપ કરી આ દેવદ્રવ્યનું ભક્ષણ કરે છે. લોભને વશ થઇ શ્રાવકપણું ભુલી જાય છે, એ દેવદ્રવ્યના ભક્ષણથી બધી પ્રજા દારિદ્રથી પીડિત થઇ ગઈ છે. કોઈ રોગી, કોઇ કોઢીઆ, કોઇ વાંઝીયા, કોઇ નિર્ધન, અને કોઇ આંધળા કે અપંગ થઈ ગયા છે. દેવદ્રવ્યના ભક્ષણરૂપ અગ્નિમાં સિદ્ધપુરની જૈન પ્રજા દગ્ધ થઈ ગઈ છે. મહાનુભાવ ! આવું અશુભ ફળ ભોગવતાં છતાં પણ તેઓ અદ્યાપિ એ મલિન કર્મને છોડતા નથી, તેઓ પ્રમાદથી પાપાનુબંધી પાપ બાંધતા જાય છે.

આ પ્રમાણે કહી તે વૃદ્ધ ત્યાંથી ચાલ્યો ગયો. શ્રીચંદ્રે મદનાને કહ્યું, પ્રિયા ! આપણે આ સ્થળે કાંઇ પણ ભોજન કરવું નથી. અહીં પ્રત્યેક વસ્તુ દેવદ્રવ્યમય થઇ ગઇ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંઘ લોકોના ઘરમાં દેવદ્રવ્યેજ વાસ કરેલો છે. યાત્રાળુઓને આધારેજ આ નગરનો નિર્વાહ છે. તથાપિ મારા મનમાં એવો વિચાર આવે છે કે, અહીંના અગ્રેસર લોકોને બોલાવી, દેવદ્રવ્ય ન ખવાય તે વિષે બોધ કરવો, અને એ મહા પાપમાંથી તેઓનો ઉદ્ધાર કરવો પ્રિયા ! આ કાર્ય ખરેખરા ઉપકારનું છે. આ પવિત્ર ક્ષેત્ર પાપક્ષેત્ર થઇ પડયું છે, તેની રક્ષા કોઇ પણ પ્રકારે કરવી જોઇએ.

આવું વિચારી શ્રીચંદ્ર નગરમાં ગયો, અને સંઘના અગ્રેસરોને એક સ્થાને બોલાવી, શ્રાવકનો મોટો સમાજ એકઠો કર્યો. સર્વ સમાજ વચ્ચે ઉભો થઇ શ્રીચંદ્ર બોલ્યો— ગૃહસ્થો ! એક વિદેશી શ્રાવક છું. યાત્રા નિમિત્તે અહીં આવ્યો છું, આ પવિત્ર ક્ષેત્રને અને આ રમણીય જિનપ્રાસાદને જોઈ મને અતિ આનંદ ઉપજે છે. આવા આનંદની સાથે એક મોટો ખેદ પણ થાય છે, જે ખેદ આ સિદ્ધપુરની શ્રાવક પ્રજાની સ્થિતી જોઇને થાય છે.

સાધર્મિ બંધુઓ ! થોડા વર્ષ પહેલાં આપની સ્થિતી કેવી ઉત્તમ હતી ? તે સાંભળી મને તમારી હાલની સ્થિતી જોઈ ઘણીજ દિલગીરી થાય છે. દિલગીરી થાય છે, એટલુંજ નહીં, પણ દયા ઉપજે છે. આ સ્થિતી થવાનું શું કારણ ? તે વિષે તપાસ કરતાં જાણવામાં આવ્યું છે કે, દેવદ્રવ્યનું ભક્ષણ કરવાનુંજ આ ફળ છે. શકાવતાર તિર્થની મોટી યાત્રામાં વિદેશી યાત્રાળુઓનો મોટો સમૂહ આવ્યા કરે છે, તેઓ નવનવી વસ્તુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓની ભેટ આ તીર્થને સ્થાને ધરે છે, અને તે ભેટનો ઉપયોગ અહીંના તમે શ્રાવકો વહેંચી ખાઓ છો, તે વાત સાંભળી મને કંપારા સાથે મોટો પરિતાપ ઉત્પન્ન થાય છે. બંધુઓ ! તમારી આ સ્થિતી થવાનું કારણ એ દેવદ્રવ્યનું ભક્ષણ છે. એ મહા પાપરૂપ અગ્નિએ તમારી ઉન્નતિને દગ્ધ કરી નાખી છે. દેવદ્રવ્યનું ભક્ષણ કરવું, એ કેવું પાપ છે ? તે તમારે વિચારવું જોઇએ. જૈન શાસ્ત્રકારોએ તે પાપને મોટી અવનતિનું કારણ કહેલું છે, જે શ્રાવક દેવદ્રવ્યથી પોતાના ધનની વૃદ્ધિ કરે, તેના કુળનો ક્ષય થઈ જાય છે, અને તે નરકે જાય છે, દેવના રૂણથી બુદ્ધિનો નાશ થાય છે. જે દેવદ્રવ્યની સાથે પોતાનું દ્રવ્ય મેળવે છે, તે મેષના કુચાથી પોતાના ઘરને ધોળે છે. દેવદ્રવ્યને ખાનારો અનંત સંસારી થાય છે. દેવદ્રવ્યની આવક અને જાવકની તપાસ ન રાખે, અને તેની ઉપેક્ષા કરે, તે પણ દીર્ઘ સંસારી થાય છે. દેવદ્રવ્યને વધારવામાંજ શ્રાવકે તત્પર થવું જોઇએ. તે પણ દેવદ્રવ્યની વૃદ્ધિ ન્યાયોપાર્જિત દ્રવ્યવડેજ કરવી, અન્યાયોપાર્જિત દ્રવ્યથી કરવી નહીં. ન્યાય માર્ગે ઉપાર્જન કરેલા દ્રવ્યથી દેવદ્રવ્યની જે વૃદ્ધિ કરે, તે તીર્થંકર પદને અને સિદ્ધિને પ્રાપ્ત કરે છે. તેવો શ્રાવક જગતમાં સમૃદ્ધિ સંપાદન કરી, ગુણી જનમાં ગણાય છે. કીર્ત્તિ અને કમલા તેની આગળ નૃત્ય કરે છે. દેવદ્રવ્યનો રક્ષક અને ભક્ષક કેવો થાય, તેને માટે આપણા આગમની નીચેની ગાથા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્વદા સ્મરણમાં રાખવા યોગ્ય છે.

**चेइयदव्वविणासइ सिद्धाये पवयणस्स उड्डाहे ।**
**संजइण चउथ्थभंगे मूलाग्गी वोहिलाभस्स ॥ १ ॥**

ચૈત્યદ્રવ્યનો નાશ કરવો, પ્રવચનની નિંદા કરવી, અને સંયમીના ચોથા વ્રતનો ભંગ કરવો, એ બોધિ લાભના મૂળમાં અગ્નિરૂપ છે.

બંધુઓ! દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી, તેની ઉપેક્ષા કરવાથી પ્રાણી ભવોભવ ભટકે છે, તે જીવ દરિદ્રી થાય છે, નિંદાપાત્ર બને છે, અને અતિ કષ્ટ ભોગવે છે. શ્રાવકે દેવદ્રવ્યનું રક્ષણ કરવું જોઈએ, યત્નથી તેની વૃદ્ધિ થાય, તેવા ઉપાય યોજવા જોઈએ. પંચની સાક્ષીએ દેવદ્રવ્યનો વ્યવહાર ચલાવવો, અને જેમાં પાપવૃત્તિ થાય, તેમાં તે દ્રવ્યને ભેળવવું નહીં. દેવદ્રવ્યની આવક અને જાવકનો વહીવટ જુદો રાખવો જોઇએ. શ્રાવકે પોતાના ઘરના દ્રવ્યની સાથે તેનો સેળભેળ થવા ન દેવો, એમ વર્ત્તીને જે દેવદ્રવ્યની વૃદ્ધિ કરે, તે પુરૂષ તીર્થંકર ગોત્ર બાંધે છે.

સાધર્મી બંધુઓ! દેવદ્રવ્ય વિષે સંકાશ શ્રાવકની કથા સાંભળવા જેવી છે. સંકાશ શ્રાવકના ઘરમાં દેવદ્રવ્યની માત્ર અગીયાર કાંકણી વાપરવામાં આવેલ, તેટલાથીજ તેને અતિ કષ્ટ ભોગવવું પડયું હતું; પણ એ પવિત્ર શ્રાવક છેવટે સિદ્ધિનો પાત્ર થયો હતો. એ વાર્ત્તા સંક્ષેપમાં નીચે પ્રમાણે છેઃ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગંધિલાવતી નગરીમાં **સંકાશ** નામે એક શ્રાવક રહેતો હતો, તે સમ્યગ્ દર્શનવડે શુદ્ધ હતો, બાર વ્રતને પાળનારો હતો, જીવ અજીવ વિગેરે તત્વને જાણતો હતો, બંને કાળ આવશ્યક ક્રિયા કરતો હતો. એ સંતોષી શ્રાવક પ્રતિદિન તપશ્ચા આચરતો, અને સાત ક્ષેત્રમાં પોતાનું દ્રવ્ય વાપરતો હતો.

ગંધિલાવતી નગરીમાં શકાવતાર નામે એક ચૈત્ય હતું, તેની યાત્રા માટે ઘણા યાત્રાળુઓ આવતા, તેથી તેમાં દેવ-દ્રવ્યની ઉપજ ઘણી થતી હતી, સંકાશ શ્રાવક પવિત્ર હૃદયથી તે તીર્થનો વહીવટ કરતો હતો. સર્વ લોકો ચૈત્યદ્રવ્યની થાપણ સંકાશની દેખરેખ નીચે રાખતા હતા. સંકાશ શુદ્ધ ભાવથી દેવદ્રવ્યની રક્ષા કરતો, અને ન્યાય પ્રમાણે દેવદ્રવ્યનો વધારો કરતો હતો. સર્વને સંકાશ ઉપર એવો વિશ્વાસ બેસી ગયો હતો કે, કોઈ તેના વહીવટને માટે પુછતું ન હતું; તેમ કોઈ તપાસ પણ કરતું ન હતું.

એક વખતે તે સંકાશથી દેવદ્રવ્ય ખવાઈ ગયું. એ મહા પાપ કરીને પણ તેના મનમાં પશ્ચાતાપ થયો નહીં. કર્મયોગે તેવામાં તેના આયુષ્યનો અંત આવ્યો મૃત્યુ પામી તે સંકાશ ચારે ગતિમાં ભમવા લાગ્યો. પ્રથમ તેણે નારકીની દશ પ્રકારની વેદના ભોગવી, અનેક જાતના રોગનો અનુભવ કર્યો, જ્વલાયમાન અંગારાવાળા વજ્રકુંભી કુંડમાં તેને બોળી કાઢયો, ત્યાં તેણે કરૂણ સ્વરે રૂદન કર્યું હતું. ભઠ્ઠી ઉપર તેને ભડથું કરી શેક-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વામાં આવ્યો, લોઢાની તપાવેલી પુતળીની સાથે તેને આલિંગન કરાવ્યું, ધગધગતા સીસાનો રસ કરી તેનું પાન કરાવ્યું, તેના માંસના કડકા કરી તેનેજ ખવરાવ્યા, અસિપત્ર વનમાં લઇ જઈ તેના ગલબંધ અને મસ્તક છેદન કરવામાં આવ્યાં, માથે સેંકડો મણનો બોજો મુકી વૈતરણી ઉતરવાની તેને ફરજ પાડી, અણીયાળી સોયો તેના શરીરમાં ભોંકવામાં આવી. પૃષ્ટ ભાગે અગ્નિના આંક કરવામાં આવ્યા, ખડ્ગ, ભાલું અને શૂળીથી તેને પરોવવામાં આવ્યો, પરમાધામિઓએ તેના કાન તોડવા માંડયા, આંખો કાઢવા માંડી, અને છેદ તથા વેધ પાડવા માંડયા. ઉંચા હાય, નીચું મુખ કરાવી, તેની જીભ, તાળવું, અને દાઢો ખેંચવા માડી, ઈત્યાદિ અનેક પ્રકારની નારકીની વેદના ભોગવી સંકાશ તિર્યંચની ગતિમાં આવ્યો. તે ગતિમાં કાન વિગેરેનો છેદ; નાકનો વીંધ, ભારવહન, દોરીના બંધ, અંકુશ, પરોણા, ચાબુખ અને લાકડીઓના માર, શીત, તડકો. વરસાદ, ક્ષુધા અને તૃષાને સહન કરવાં, વિગેરે અતિ કષ્ટ ભોગવ્યાં. ત્યાં પંચેદ્રિય, સંમૂર્છિમ. વિકલેંદ્રિય, જળચર, સ્થળચર અને ખેચર બની અનેક પ્રકારની યાતનાઓ ભોગવી; તે પછી તે મનુષ્ય ગતિમાં આવ્યો. દેવદ્રવ્યનો ભક્ષક દેવગતિમાં જતો નથી. મનુષ્યમાં મસ્તક, હાથ પગ, નાસિકા, હોઠ જીભ, અને કાનનો છેદ, કારાગૃહમાં વાસ, દાસપણું, બંધ, પીડા, શોક, દારિદ્ર અને અપમાન વિગેરેના અનેક કષ્ટ તેણે સહન કર્યાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી રીતે અનંત ભવભ્રમણ કરી, અને અનેક વેદના ભોગવી, સંકાશ મનુષ્યમાં કોઈ ધનાઢય શેઠને ઘેર પુત્રરૂપે થયો. તેનો જન્મ થતાંજ તેનાં માતાપિતા ગુજરી ગયાં, અને ગૃહની સમૃદ્ધિનો નાશ થઇ ગયો. લોકમાં તે નિંદિત ગણાવા લાગ્યો. છેવટ તેને અન્ન પાણીની પણ તાણ પડી, ઘેર ઘેર ભીખ માગી, ઉદર પોષણ કરવાનો વખંત આવ્યો. તે સાથે રોગ અને શોકનું સ્થાન થઇ પડયો.

એક વખતે વિહાર કરતાં કોઈ કેવળી ત્યાં આવી ચડ્યા. એ દુઃખી જીવ મહા મુનિની પાસે આવ્યો. તેણે મુનિને વંદના કરી પૂછયું, મહાનુભાવ! મને આવી મહા વિપત્તિ કેમ પડી હશે? જ્ઞાની મહારાજે ક્ષણવાર વિચારી કહ્યું, ભદ્ર! તેં પૂર્વ ભવે અગીયાર કાંકણી દેવદ્રવ્ય ખાધું છે, તેથી તું આવી મહા વિપત્તિનો પાત્ર થયો છું. એટલું સાંભળતાંજ સંકાશના જીવે આત્મનિંદા કરવા માંડી, અરે! હું મહા પાપી થયો, મનુષ્ય ભવ પ્રાપ્ત કરી મેં જૈન ધર્મને આરાધ્યો નહીં. સિદ્ધાંત સાંભળી મેં મારૂં જીવન સાર્થક કર્યું નહીં. અહા! હું કુળમાં અંગાર થયો. દેવદ્રવ્યનું ભક્ષણ કરી મેં મહા પાપ ઉપાર્જન કર્યું, મારાં જીવિતને ધિક્કાર છે. પછી તેણે વિનયથી મુનિરાજને પૂછયું, મહારાજ! હું આ મહા પાપ કર્મમાંથી કેવી રીતે છુટું? તે ઉપાય કૃપા કરી બતાવો. જ્ઞાની બોલ્યા, ભદ્ર! જો ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યવડે દેવરૂણ આપી, તેમાંથી મુક્ત થા તો, તું પાછો સુખી થઈશ. તે સાથે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવો અભિગ્રહ કરજે કે, તારે પોતાને માટે જેટલું અન્ન, વસ્ત્ર, જોઇએ, તેટલું દ્રવ્ય રાખવું. અને બાકીનું દ્રવ્ય કોટીગમે હોય, તોપણ તે ચૈત્યદ્રવ્યને અર્થે વાપરવું. આવા ઉત્તમ અભિગ્રહના પ્રભાવથી તું સર્વ રીતે સુખી થઇ, ઉત્તમ પદનો અધિકારી થઈશ.

જ્ઞાનીનાં આવાં વચનથી તેણે તેવો અભિગ્રહ ધારણ કર્યો. મુનિરાજ ત્યાંથી વિહાર કરી ચાલ્યા ગયા; પછી સંકાશના જીવની સર્વ પ્રકારે ઉન્નતિ થવા માંડી. વ્યાપારમાં તેણે અનગળ દ્રવ્ય પ્રાપ્ત કર્યું. અલ્પ સમયમાં તે કોટીધ્વજ થઇ પડયો. પોતાના અભિગ્રહ પ્રમાણે નિર્વાહ જેટલું દ્રવ્ય રાખી, બાકીનું દ્રવ્ય તેણે ચૈત્ય અર્થે ખર્ચી નાખ્યું. ભારતવર્ષ ઉપર ઘણે સ્થળે સુંદર જિન પ્રાસાદો બંધાવ્યાં, દેવદ્રવ્યની વૃદ્ધિ થાય, તેવી મોટી મોટી દ્રવ્યની થાપણો મુકી, સંઘને સોંપી દીધી. સાત ક્ષેત્રમાં પણ દ્રવ્યનો ઉપયોગ સારી રીતે કર્યો. અનુક્રમે સંયમ લઇ; તપશ્ચર્યા કરી, સંકાશના જીવને કેવળ જ્ઞાન ઉપજ્યું, અને મોક્ષના મહા માર્ગનો તે સંપૂર્ણ અધિકારી થઇ ગયો.

પ્રિય બંધુઓ! એ સંકાશનું દૃષ્ટાંત લઇ, તમારે પ્રવર્ત્તન કરવું જોઇએ. માત્ર અગીયાર કાંકણીના દેવદ્રવ્યથી સંકાશે કેટલી વિડંબના ભોગવી, તેનો ખ્યાલ કરો. શ્રાવક કુળમાં જન્મ લઇ દેવદ્રવ્ય ખાવું, તેના કરતાં અન્ન જળ વિના મૃત્યુ પામવું સારૂં છે. તમારી આજીવિકાનાં જગતમાં ઘણાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધનો છે, તે છતાં છેવટે ભીખ માગી ખાવું. પણ દેવદ્રવ્યની ઇચ્છા કરવી નહીં. દેવદ્રવ્યને માટે નીચેનાં ત્રણ પદ્ય આર્હત શાસનમાં લખેલાં છે,

देवद्रव्येण या वृद्धिर्गुरुद्रव्येण यद्धनम् ।
तद्धनं कुलनाशाय मृतोऽपि नरकं व्रजेत् ॥ १ ॥
अन्यायदेवपार्षंडिसंबंधाद्धनमीहते ।
स मषीकूर्चकैर्द्धाम धवलीकर्त्तुमीहते ॥ २ ॥
वरं च ज्वलने वेशो वरं च विषभक्षणम् ।
परं यल्लिंगि द्रव्येण संबंधं नैवं कारयेत ॥ ३ ॥

દેવદ્રવ્યથી અને ગુરૂદ્રવ્યથી જે દ્રવ્યની વૃદ્ધિ કરવી, તે દ્રવ્ય કુળના નાશ માટે થાય છે, અને મૃત્યુ પામ્યા પછી નરકે જાય છે. જે અન્યાય, દેવ અને પાખંડીના સંબંધથી દ્રવ્યની ઇચ્છા રાખે છે, તે મેષના કુચડાથી પોતાનું ઘર ધોળવા ઇચ્છા રાખે છે. અગ્નિમાં પેસવું સારૂં, અને વિષ ભક્ષણ કરવું સારૂં, પણ લિંગી મુનિના દ્રવ્યની સાથે સંબંધ કરવો સારો નહીં,

બંધુઓ! દેવદ્રવ્ય વિષે બીજી એક જાણવા યોગ્ય કથા છે. સાકેત નગરમાં **સાગર** નામે એક શેઠ રહેતો હતો, તે શેઠની પ્રતિષ્ઠા સારી હતી, તે ધર્મનો રાગી હતો; તે નગરમાં એક ભવ્ય દેરાસર હતું, તેની અંદર પ્રતિમાજી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રભાવિક હતાં, તેથી લોકો દુરથી તેની યાત્રા કરવાને આવતાં હતાં. આથી તે જિન ચૈત્યનો વહીવટ મોટો થઇ પડયો હતો. સાકેત નગરના સંઘે મળી, તેના વહીવટનું કામ સાગર શેઠને સોંપ્યું હતું. ચૈત્યની આવક, જાવક અને નોકરોની બધી વ્યવસ્થા સાગર શેઠ રાખતો હતો; સર્વ પંચે મળીને સાગર શેઠને કુલસત્તા આપી હતી.

સાગર શેઠને જુદા જુદા કરીયાણાનો વેપાર હતો, તેની દુકાન ઉપર જથ્થાબંધ માલ ખપતો હતો, માલમાં વિશેષ નાણું રોકવાથી તેને ઘણો લાભ આવતો હતો. પ્રથમ તો સાગર શેઠ ચોખ્ખો રહ્યો હતો, પણ પાછળથી લોભના ઉદયથી તેની વૃત્તિમાં ફારફેર થયો. પોતાના વેપારમાં તેણે દેવદ્રવ્ય રોકવા માંડયું. અને તેનો લાભ પોતે લેવા લાગ્યો. દેવદ્રવ્યથી ગોળ, ઘી, અને વસ્ત્ર પ્રમુખ ખરીદી, તેને મોંઘે ભાવે વેચી તેણે સારો લાભ મેળવ્યો. તે દેવદ્રવ્યનો આવો પોતાના વેપારમાં ઉપયોગ કરતો, તથાપિ મનમાં જરાપણ શંકા લાવતો નહીં કર્મયોગે તેના આયુષ્યનો અંત આવ્યો; આવું ઘોર કર્મ ઉપાર્જન કરી- સાગર શેઠ મૃત્યુ પામ્યો. પ્રથમ તે નારકીમાં પડયો, ત્યાંથી નીકળી તે જળ મનુષ્ય થયો, તે પછી બીજી નારકે ગયો, પછી મોટો મત્સ્ય થઇ અવતર્યો; કોઈ મલેચ્છે તે મત્સ્ય ખરીદ કર્યો. તેના અંગનું છેદન કરી, મ્લેચ્છે અતિ કષ્ટ પમાડયો. પછી તે ચોથી નારકે ગયો; પાછો મત્સ્ય થયો, એમ બેવાર સાતે નરકમાં ભમ્યો.

એક હજાર કાંકણી દેવદ્રવ્ય ખાધાથી તેણે ઘણી વિટંબના ભોગવી. તે પછી શ્વાન, ભુંડ, બકરો, મેંઢો, દેડકો, મૃગલો, સસલો, શાબર, શીયાળ, માર્જાર, ઉંદર, નોળીઓ, ઘરોળી, ગ્રુંડ, મત્સ્ય, સર્પ, વીંછી અને વિષ્ટાનો કીડો, એમ એક હજાર જાતના અવતાર તેને લેવા પડયા. તે શિવાય પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશના જીવરૂપે થયો. તે પછી એકેંદ્રિય, બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌરિંદ્રિ તથા પંચેદ્રિય જીવ થયો. તેવા લાખો ભવ અનુભવી, પાછો મનુષ્ય ભવમાં આવ્યો. વસંત નગરમાં વસુદત્ત નામના કોટી પતિની સ્રી વસુમતિના ઉદરમાં અવતર્યો, તે ગર્ભમાં આવતાંજ વસુદત્ત શેઠની બધી સમૃદ્ધિ નાશ પામી ગઈ. તેનો જન્મ થતાં પિતા, અને પાંચ વર્ષની વય થતાં માતા મૃત્યુ પામી ગઇ; આથી લોકો તેને **નિ:પુણ્ય** કહેવાં લાગ્યા; આખરે ઘણોજ દુ:સ્થિતિમાં આવી પડયો. એક દિવસે પરગામથી તેનો મામો આવ્યો, તેને દયા આવવાથી તે તેને પોતાને ઘેર લઇ ગયો, તેના આવવાથી મામાના ઘરમાં મોટી ચોરી થઈ. ત્યાંથી તે બીજા કોઇ સંબંધીને ઘેર ગયો, ત્યાં પણ તેમ બન્યું, આથી લોકો તેને સંઘરતા નહીં, અને અપમાન કરી તેને બાહેર કાઢી મુકવા લાગ્યા. દુ:ખી થઈ રઝળતો તે તામ્રલિપ્તી નગરીમાં આવ્યો, ત્યાં તે કોઇ શેઠને ઘેર નોકર રહ્યો, તેજ દિવસે શેઠના ઘરમાં મોટી આગ લાગી, આથી તેને હડકાયા શ્વાનની જેમ કાઢી મુકયો. પછી તે કોઇ વહાણે ચડી દ્વીપાંતર ગયો, જતાં પ્રચંડ

પવનથી તે વહાણુ ડુબી ગયું, પણુ એક પાટીયું મેળવી, તે તરી ગયો, કાંઠે આવતાં કોઇ ઠાકોરનું ગામ આવ્યું, ઠાકોરે દયા કરીને તેને રાખ્યો. તેવામાં કોઇ પલ્લીપતિએ હુમલો કરી ઠાકોરનું ગામ ભાંગ્યું, અને મોટું નુકશાન પહોંચાડયું. ત્યાંથી તે નિઃપુણ્ય અપમાનથી દુર થયો. આવા પુણ્ય રહિત પુરૂષો જ્યાં જાય છે, ત્યાં આપત્તિઓ આવ્યા કરે છે.

કોઇ માથે ટાલવાળો પુરૂષ સૂર્યના કિરણોથી મસ્ત તપ્યું, એટલે કોઇ તડકા વગરના સ્થાનમાં જવાની ઇચ્છાથી એક બીલીના વૃક્ષ નીચે ઉભો રહ્યો, ત્યાં બીલીનું એક મોટું ફળ તેના મસ્તક ઉપર પડયું, જેથી તેનું મસ્તક ભાંગી ગયું, અને કંપી ચાલ્યું; તેથી જ્યાં અભાગીઓ માણસ જાય, ત્યાં ગમે ત્યાંથી આપત્તિ આવી પડે છે.

તે પ્રમાણે તે નિઃપુણ્ય ને થતું હતું, ત્યાં અનેક જાતનાં દુઃખ ભોગવી, તે એક મોટા જંગલમાં ગયો; ત્યાં **હિમસલક** નામના એક યક્ષના મંદિરમાં આવ્યો, ત્યાં તેણે એકવીશ ઉપવાસ કરી, યક્ષની આરાધના કરી. યક્ષે સંતુષ્ટ થઇ કહ્યું, અરે દુઃખી માણસ! સાંભળ, હંમેશાં સંધ્યાકાળે મારા ઘરને આંગણે એક સોનાનાં પીછાંવાળો મોર આવી નાચે છે, નાચ કરતાં તેની કળામાંથી એક પીછું પડે છે, તે પીછું તું લેજે; એમ પ્રતિદિવસ એક એક પીછું લેવાથી તારૂં દારિદ્ર દૂર થઇ જશે. યક્ષનાં આવાં વચન સાંભળી તે હર્ષ પામ્યો, અને તેણે મનવાંછિત પૂરા થવાની આશા બાંધી. પછી પ્રતિદિન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક એક પીછું લેતાં તેની પાસે નવાણું પીછાં એકઠાં થયાં ત્યારે તેણે વિચાર્યું કે. મારી પાસે સમૃદ્ધિ થઈ, હવે શા માટે જંગલમાં રહેવું ? હવે આજે તે મોરનાં બધાં પીછાં એક સાથે પકડી લઉં. અને પછી જંગલમાંથી ચાલ્યો જાઉં. આવું વિચારી તે મોરનાં બધાં પીછાં પકડવા ગયો, ત્યાં તે મોર કાગડો થઇ ગયો, અને જે પહેલાનાં નવાણું પીછાં હતાં, તે પણ બદલી ગયાં. તત્કાળ તે દુ:ખમાં આવી પડયો, અને પોતાંનાં કર્મને માટે પશ્ચાતાપ કરવા લાગ્યો.

નિ:પુણ્ય ચિંતાતુર થઇ આગળ ચાલ્યો, ત્યાં કોઇ જ્ઞાની મુનિ જોવામાં આવ્યા. તેમના ચરણમાં પડી તેણે પુછયું, સ્વામી ! મારા કર્મનો પાર કયારે આવશે ? મુનિએ પ્રથમથી તેનું પાપ, અને તેથી થયેલા બધા પૂર્વ ભવનું સ્વરૂપ કહી સંભળાવ્યું તે સાંભળી નિ:પુણ્યે કહ્યું. કૃપાળુ મહામુનિ ! મને પ્રાયશ્ચિત આપો, દેવદ્રવ્યના ભક્ષણથી લાગેલ મહા પાપ દૂર થાય, તેવો ઉપાય દર્શાવો. મુનિ બોલ્યા—દેવદ્રવ્યનું ઋણ મુકત થાય, તેટલું અધિક દ્રવ્ય આપવા વિચાર કરી વેપાર કર. માત્ર તારો નિર્વાહ થાય, તેટલું અન્ન, વસ્ત્ર રાખી બાકીનું દ્રવ્ય દેવને અર્પણ કરવાનો અભિગ્રહ કર.

મુનિનાં વચનથી નિ:પુણ્યે તેવો અભિગ્રહ ધર્યો, અને પછી વ્યાપાર કરવા આરંભ કર્યો. તેની શુભ વાસનાથી દ્રવ્યનો લાભ મળ્યો, અને તે દ્રવ્યથી તે દેવ ઋણમાંથી મુકત થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી તે શ્રાવક ધર્મમાં નિશ્ચલ થયો. અનુક્રમે પોતાના નગરમાં આવી. રાજમાન્ય એવા ધનાઢય નગરશેઠની પદ્વીને તે પ્રાપ્ત થયો. પ્રત્યેક પર્વે જિન પૂજા, મહોત્સવ, અને સાધર્મી વાત્સલ્ય કરી, તેણે જિન નામ કર્મ બાંધ્યું. અવસરે સંયમ લઇ, ગીતાર્થ થઇ, દેશના આપી, અરિહંતની ભક્તિ કરી, પ્રથમ સ્થાનક સેવી, સર્વાર્થસિદ્ધે દેવતા થઈ, મહાવિદેહ ક્ષેત્રમાં ત સિદ્ધિને પ્રાપ્ત થયો.

સાધર્મી બંધુઓ ! આ કથા ઉપરથી તમારે દેવદ્રવ્યને માટે ઘણો બોધ લેવાનો છે તેવી રીતે સાધારણ દ્રવ્ય, અને જ્ઞાનદ્રવ્ય વિષે પણ તમારે વિચારી લેવું, બંને દ્રવ્ય પણ દેવદ્રવ્યની જેમ અભક્ષ્ય છે. શ્રાવકનો પુત્ર કદિ પણ સાધારણ અને જ્ઞાનદ્રવ્યની ઇચ્છા કરે નહીં. તે વિષે **કર્મસાર** અને **પુણ્યસાર**ની કથા જાણવા જેવી છે, તે નીચે પ્રમાણે છે.

ભોગપુર નગરમાં **ધન** નામે એક શેઠ હતો, તે ચોવીશ કોટી સુવર્ણનો અધિપતિ હતો, તેને **ધનવતી** નામે સ્ત્રી હતી તેના ઉદરથી **કર્મસાર** અને **પુણ્યસાર** નામે બે પુત્ર થયા, તેઓને માતપિતા ઉત્તમ લાડથી ઉછેરતાં હતાં. એક વખતે ધનશેઠે કોઇ નિમિત્તિયાને પુછયું કે, આ બંને પુત્રોમાં ભાગ્યશાળી પુત્ર કયો છે ? અને ભાગ્ય રહિત કયો છે ? નિમિત્તિયાએ કહ્યું, શેઠજી ! આ તમારો **કર્મસાર** પુત્ર શઠ, બુદ્ધિ વગરનો, નિર્ધન અને ભાગ્ય રહિત છે, તે તમારૂં બધું દ્રવ્ય ગુમાવશે, અને નવું દ્રવ્ય ઉપાર્જન કરી શકશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહીં. આ પુણ્યસાર તેવોજ થશે, પણ તે કળામાં કુશળ થશે. બંને પુત્રો વૃદ્ધાવસ્થાએ સુખીયા થશે, તે વખતે તેમને ઘણું ધન પ્રાપ્ત થશે,

નિમિત્તિયાનાં આવાં વચન સાંભળી ધનશેઠ મનમાં ખેદ પામ્યો. પછી તેણે બંને પુત્રોને અભ્યાસ કરાવવા એક વિદ્વાન્ અધ્યાપકને સોંપ્યા. પુણ્યસાર સર્વ કળા શીખી ગયો, અને કર્મસાર મૂઢ રહ્યો, તેના ઉપર શિક્ષકે ઘણો પ્રયાસ કર્યો, પણ તેને વિદ્યા ચડી નહીં. અનુક્રમે બંને કુમારો યૌવનવયને પ્રાપ્ત થયા. કોઈ ઉત્તમ શેઠની કન્યાઓ સાથે તેમનો વિવાહ કર્યો. વિવાહ થયા પછી બંને ભાઇઓ વચ્ચે કજીયો થવા માંડયો. પછી ધનશેઠે તેમને બાર બાર કોટી સુવર્ણ વહેંચી આપી જુદા કર્યા. ત્યારબાદ ધનશેઠ સંયમ લઈ, વ્રત પાળી સ્વર્ગે ગયા. કર્મસારને પૂર્વનાં દુષ્કૃત કર્મ ઉદય આવ્યાં, તેને વેપારમાં ઘણી હાનિ થવા માંડી. અલ્પ દિવસમાં તેનું બાર કોટી દ્રવ્ય ઉડી ગયું. પુણ્યસારને ત્યાં પણ ચોર લોકોએ ખાતર પાડયું, તેમાં તેના દ્રવ્યનો નાશ થયો. બંને ભાઈ નિર્ધન થઈ ગયા. સગાંવહાલાંઓએ પણ તેમનો અનાદર કરવા માંડયો. તેમની સ્ત્રીઓ ભોજન વસ્ત્ર વિના દુઃખી થઇ પોતાને પીયેર ચાલી ગઈ. લોકોમાં અભાગી અને નિર્ધન તરીકે તેમની ખ્યાતિ થઈ. દ્રવ્ય વિના કોઇ તેમને માન આપતું નહતું. આથી કંટાળીને તેઓ દેશાંતરમાં ચાલ્યા ગયા. કોઇ શહેરમાં બંને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જુદા જુદા શેઠને ઘેર સેવક થઇ રહ્યા. કર્મસાર કૃપણ અને જુઠો હતો, તેથી તેના શેઠને અપ્રિય થયો, અને તેને એક કોડી પણ મળી નાહ. બીજા પુણ્યસારને સેવામાં કાંઈક દ્રવ્ય મળ્યું, પણ ધૂર્ત્તપણામાં તેણે ગુમાવી દીધું. પછી ત્યાંથી જુદા પડી તેઓ બીજે સ્થાને ગયા, ત્યાં ધાતુવાદ, રસાયણ, સિદ્ધાંજન વિગેરે પ્રયોગ કરવા માંડયા, તેમાં પણ કર્મયોગે તેઓ નિષ્ફળ થયા.

પછી તેઓ તે કામ છોડી કોઇ જંગલમાં ગયા, અનુક્રમે કોઈ બંદર ઉપર આવ્યા. ત્યાંથી વાહાણ ઉપર ચડી રત્નદ્વીપમાં આવ્યા. ત્યાં રત્નદેવિનું મંદિર હતું. તેમાં જઈ બંને આરાધન કરવા બેઠા. ભયંકર મરણાંત સુધીનો અભિગ્રહ લઈ, તેમણે અનશન કર્યું. અષ્ટમ થતાં દેવીએ પ્રત્યક્ષ આવી કર્મસારને કહ્યું કે, તારા ભાગ્યમાં ગમે તે કરીશ તો પણ દ્રવ્ય નથી. તે સાંભળી કર્મસાર નિરાશ થઈ ઉઠી ગયો, પુણ્યસારને એકવીશ ઉપવાસ થયા, એટલે દેવીએ પ્રત્યક્ષ આવી તેને ચિંતામણિ રત્ન આપ્યું. તે રત્ન મેળવી પુણ્યસારે કર્મસારને કહ્યું કે, બંધુ! ચિંતા કરીશ નહીં, આપણને ચિંતામણિ રત્ન મળ્યું છે; પછી તે રત્ન લઇ તેઓ વાહાણે ચડી સ્વદેશ તરફ રવાને થયા. માર્ગમાં પૂર્ણિમાની રાત્રિ આવી, એટલે પૂર્ણ ચંદ્રનો ઉદય થયો. ચંદ્રના પ્રકાશની સાથે ચિંતામણીનો પ્રકાશ જોવા તેઓએ ચિંતામણી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રત્ન વાહાણુ ઉપર પ્રકાશિત કર્યું. રત્નના તેજ આગળ ચંદ્ર ઝાંખો પડયો, તે જોઇ બંને અતિ હર્ષ પામ્યા, આમતેમ રત્નને ફેરવતાં નજરચુક થઇ અને તે રત્ન સમુદ્રમાં પડી ગયું. તત્કાળ બંને ભાઈ વિલખા પડી ગયા. અતિ દુઃખ પામતા પોતાને નગર આવી પહોંચ્યા. દુઃખ સહિત માંડમાંડ તેઓએ રાત્રિ પ્રસાર કરી. પ્રાતઃકાળે કોઈ જ્ઞાની ગુરૂ આવ્યા, તેમની પાસે તેઓ ગયા, જ્ઞાની મહારાજાઓની આગળ પોતાનું દુઃખ નિવેદન કર્યું. જ્ઞાનીએ જ્ઞાનથી અવ-લોકન કરી કહ્યું, તમને પૂર્વકર્મ નડે છે. તમે બંને પૂર્વે ચંદ્રપુરમાં જિનદત્ત અને જિનદાસ નામે શ્રાવક હતા. જૈન ધર્મમાં ઘણી પ્રીતીવાળા અને ઘણા આસ્તિક હતા. તમારી શુદ્ધ વર્ત્તણુક જોઇ ચંદ્રપુરના શ્રાવકોએ તમને સાધારણ દ્રવ્ય અને જ્ઞાનદ્રવ્યની વ્યવસ્થા કરવાનું સોંપ્યું. કેટલાએક વખત સુધી તમે એ દ્રવ્યની સારી રક્ષા કરી. એક વખતે જિનદત્તે પોતાને માટે એક પુસ્તક લખવા આપ્યું. પોતાની પાસે જ્ઞાનદ્રવ્ય કાંઈ હતું નહી, એટલે સાધારણ દ્રવ્ય તેમાં વાપર્યું. અને તેણે વિચાર્યું કે, આ દ્રવ્ય પણ જ્ઞાનદ્રવ્ય જેવુંજ છે, આથી પુસ્તક લખનારને બાર દ્રામ તેમાંથી આપ્યા. બીજા જિનદાસે એકવાર એવું વિચાર્યું કે, સાધારણ દ્રવ્ય સાતે ક્ષેત્રમાં કામ આવે છે. તેથી સાત ક્ષેત્ર માંહેલો શ્રાવક પણ તેને વાપરી શકે છે. તે વિષે આગમમાં નીચેની ગાથા લખેલી છે—

जिणभवण बिंब पुथ्थय, संघ सरूवाइ सत्त खित्ताई ।
विविहं घणंपि जायं शिवफलयगहो अणंतगुणं ॥ १ ॥

જિનભવન, જનબિંબ, પુસ્તક, સંઘ વગેરે સાતક્ષેત્રોમાં જે વિવિધ દ્રવ્ય વાવે, તેને અનંત ગુણવાળું મોક્ષફળ મળે છે. આવું વિચારી તેણે નિશ્ચય કર્યો કે, હું પણ સાત ક્ષેત્રમાં છું, માટે તે દ્રવ્ય વાપરી શકું. પછી તેણે પોતાના ઘરના વ્યવહારમાં બાર દ્રામ સાધારણ ખાતામાંથી વાપર્યા. આ મહા પાપ લાગવાથી તેઓ બંને આયુષ્ય પૂરી કરી પેહેલી નારકીએ ગયા, એ મહા પાપને માટે વેદાંત પ્રમુખ અન્ય શાસ્ત્રો પણ નીચે પ્રમાણે લખે છે:—

प्रभास्वे मा मतिं कुर्यात् प्राणैः कंठगतैरपि ।
अग्निदग्धाः प्ररोहंति प्रभादग्धो न रोहति ॥
प्रभास्वं ब्रह्महत्या च दरिद्रस्य च यद्धनम् ।
गुरूपत्नी देवद्रव्यं स्वर्गस्थमपि पातयेत् ॥

અરે પ્રાણી! તું સાધારણ દ્રવ્ય ખાવાની બુદ્ધિ કરીશ નહીં. અગ્નિથી દગ્ધ થયેલા ફરીવાર ઉગે, પણ સાધારણ દ્રવ્ય ખાઇને દગ્ધ થયેલો ફરીવાર ઉગતો નથી. સાધારણ દ્રવ્ય, બ્રહ્મહત્યા, દરિદ્રનું દ્રવ્ય, ગુરૂ પત્નીનો સંગ અને દેવદ્રવ્ય તે સ્વર્ગમાં રહેલાને પણ પાડે છે.

પહેલી નારકીનું દુઃખ ભોગવી તેઓ ભુજપરિસર્પ થયા, તે પછી બીજી નારકે ગયા, ત્યાંથી નીકળી ગીધપક્ષી થઇ ત્રીજી નારકે ગયા. એમ એકાએક ભવ કરી સાત નારકે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગયા. તે પછી એકેંદ્રીય, બેઈંદ્રી, વિગેરે તિર્યંચ ગતિમાં ભમ્યા—એકંદર બારહજાર ભવમાં તેમણે ભ્રમણ કર્યું. ત્યાંથી ચવીને તમે અત્યારે મનુષ્ય થયા છો. સાધારણ અને જ્ઞાનદ્રવ્યમાંથી બાર દ્રામ દ્રવ્યનો દુરૂપયોગ કરવાથી તમે આવાં કષ્ટ ભોગવો છો, જ્ઞાનદ્રવ્યની આશાતનાથી કર્મસાર બુદ્ધિ વગરનો થયો છે. હવે તમે તે પવિત્ર દ્રવ્યના રૂણમાંથી મુક્ત થવાનો અભિગ્રહ ધારણ કરો, અને તેનું પ્રાયશ્ચિત લ્યો.

જ્ઞાનીનાં આવાં વચન સાંભળી પુણ્યસાર અને કર્મસાર બંનેએ શ્રાવક ધર્મને આદર આપી, પ્રાયશ્ચિત લીધું. બાર દ્રામને બદલે બારહજાર દ્રામ આપવાનો અભિગ્રહ કર્યો. તે સાથે વીગયનો ત્યાગ કરી વિવિધ જાતના નિયમો લેવા માંડયા. અનુક્રમે તેઓ ધનવાન્ અને સુખી થયા. તેમણે બાર કોટી સુવર્ણ જ્ઞાન ખાતામાં અને સાધારણ ખાતામાં અર્પણ કર્યું. સાધર્મિ બંધુઓના ઉદ્ધારને માટે ઘણું દ્રવ્ય ખર્ચવા માંડયું. શ્રાવક ધર્મને પાળી છેવટે તેમણે સંયમ લીધો. સંયમ વ્રત પાળતાં તેમને કેવળજ્ઞાન થયું, અને અનુક્રમે તેઓ અજર, અમર, નિષ્કલંક મોક્ષ સુખને પ્રાપ્ત થયા.

બંધુઓ ! આ કથા ઉપરથી તમારે વિચારવાનું છે કે, જ્ઞાનદ્રવ્ય, અને સાધારણ દ્રવ્ય વિષે પણ શ્રાવકે કેવી રીતે પ્રવર્ત્તવું જોઇએ. માત્ર થોડી રકમની ભુલ કરવાથી કર્મસાર અને પુણ્યસારને માથે કેવી વિપત્તિ થઈ? જ્ઞાનદ્રવ્ય, અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવદ્રવ્યની ઉપેક્ષા કરવાથી મહા પાપ છે, તો તેને ખાવાથી કેવું પાપ હોય, તે તમો ઉપરની કથાઓથી જાણ્યું હશે. મિત્રો ! તમારા હિતની ખાતર હું આ કહું છું, મારો તેમાં કાંઈ સ્વાર્થ નથી. તમે આજ સુધી મોટી ભુલ કરી, દેવદ્રવ્ય ખાધું છે; હવે તેમાંથી મુક્ત થવાનો ઉપાય કરો, અને આજથી તે મહાપાપનો માર્ગ બંધ કરો, તોપણ તમારો કોઇ ભવે ઉદ્ધાર થશે. દેવદ્રવ્યમાં ભક્ષણથી તમને આ ભવમાં કેવી શિક્ષા થઈ છે? તેનો વિચાર કરો. સિદ્ધપુરની જૈન પ્રજા પાયમાલ થતી જાય છે, તેનું કારણ દેવદ્રવ્યનું ભક્ષણ છે. તમે તમારી સ્થીતિનો વિચાર કરો, તમારી દયાજનક સ્થિતિ જોઇ મારા હૃદયમાં ઘણો ખેદ થાય છે. આ શત્રુંજાવતાર તીર્થમાં તમારો વાસ છે, તે તમારે ધન્યવાદ માનવાનો છે. આ તીર્થમાં બરાબર શ્રાવક ધર્મ પાળ્યો હોય, તો તે સિદ્ધગતિ સુધી પહોંચાડે છે. આ તીર્થવાસનો સદુપયોગ કરી, તમે તમારા માનવભવને કૃતાર્થ કરો; વિશેષ કાંઈ કહેવાની જરૂર નથી. હવે હું મારી વાણીને વિરામ આપું છું. એજ.

શ્રીચંદ્રનું આવું ભાષણ સાંભળી સિદ્ધપુરના શ્રાવકોના હૃદયમાં અસર થઈ આવી. તેઓ પોતાના પાપને માટે પશ્ચાતાપ કરવા લાગ્યા. સર્વે મળી શ્રીચંદ્રનો આભાર માન્યો. કોઇ પોતાના હૃદયમાં નિશ્ચય કરવા લાગ્યા કે, હવેથી દેવદ્રવ્યનો સ્પર્શ કરવો નહીં, કોઇએ શત્રુંજાવતારના યાત્રાળુઓની સાથે વહીવટ ન રાખવાનો નિયમ ગ્રહણ કર્યો,

કોઇએ દેરાસરની કોઇ પણ વસ્તુનો સ્પર્શ ન કરવાના પ્રત્યાખ્યાન કરવાનો નિશ્ચય કર્યો, એમ વિવિધ જાતના શુભ વિચારો સિદ્ધપુરની જૈન પ્રજામાં ઉત્પન્ન થયા. શ્રીચંદ્રની ધાર્મિક વાણીએ સર્વની ઉપર સારી અસર કરી, પછી શ્રીચંદ્રે તે સર્વની આગળ ક્ષમા માંગી, શકાવતાર તીર્થના નાયક શ્રી જિન પ્રતિમાનાં ભાવથી દર્શન કરી, પોતાની પ્રિયા સાથે ત્યાંથી વિદાય થયો. દેવદ્રવ્યના ઉપયોગથી ભય પામી, તે તીર્થમાં તેમણે ભોજનાદિ પણ કર્યાં ન હતાં.

## પ્રકરણ ૮ મું.

### મદના હરણ.

બ્રાહ્મ મુહૂર્ત્તનો સમય હતો, શ્રાવકની દિનચર્યા પ્રમાણે જાગ્રત થવાનો અવસર હતો. આ પવિત્ર સમયે ધાર્મિક શ્રાવક જાગ્રત થઈ, આત્મચિંતવન કરે છે. હું પોતે કોણ છું? ક્યાં સુતો છું? ભૂમિ ઉપર છું, અધર છું, કે ક્યાં છું? મારે આ વખતે શું કરવું જોઇએ? એ વિચાર પવિત્ર શ્રાવકના હૃદયમાંથી ઉદ્ભવે છે. કાંઈપણ સંચાર કર્યા વગર યતનાપૂર્વક શ્રાવકપુત્ર તે સમયે જાગે છે. અને ધર્મક્રિયા આરાધે છે, રાત્રિરૂપ મહારાણી પોતાના મહારાજ્ય ઉપરથી વિદાયગીરી લે છે. તેનો પ્રકાશમાન તારારૂપી ઝભ્ભો અદૃશ્ય થતો જાય છે, ચંદ્રરૂપ પતિના વિયોગથી તે પોતાના શૃંગારને ત્યજી દે છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સમયે એક દંપતી અટવીમાં એક છાયાદાર વડના વૃક્ષ નીચે વાસ કરી રહ્યાં છે, પ્રેમી પ્રિયાની રક્ષા માટે તેનો પ્રેમી પતિ પહેરેગીર થયો છે, રાત્રિના પ્રત્યેક પ્રહરે પતિ જાગ્રત રહે, તેને માટે પ્રેમપૂર્ણા પત્ની ચિંતાતુર રહે છે, અને પતિને સુવાડી પોતે જાગ્રત રહેવા પ્રયત્ન કરે છે, રાત્રિના કેટલાક સમય સુધી પતિને વિશ્રામ આપી, ચોથે પહોરે તે નિર્મળ હૃદયની નારીનાં હૃદય ઉપર નિદ્રાએ મોટો ધસારો કર્યો છે, ગૌર અંગવાળી ગૌરી ગાઢ નિદ્રામાં તલ્લીન થઇ ગઇ છે, બ્રાહ્મ મુહૂર્ત્ત થયું છે, તથાપિ તે હજુ નિદ્રાનો મહાનંદ અનુભવે છે.

અનુક્રમે અરૂણોદય થવા આવ્યો, તથાપિ ઘટાદાર વડ નીચે હજુ અંધકાર ભરાઈ રહ્યો છે, તેની આસપાસ તેનો પહેરેગીર હાથમાં નગ્ન ખડ્ગ લઈ ફરે છે, તેના હૃદયમાં પ્રિયાને નિદ્રાનું પૂર્ણ સુખ લેવા દેવાની પ્રબળ ઇચ્છા પ્રગટી રહી છે, પ્રિયાને નિદ્રામાં ભરપૂર જોઈ તે વિદ્વાન્ નાયક નીચેની ગાથા સંભારે છે.

जननी जन्मभूमिश्च निद्रा पश्चिमरात्रिजा।
इष्टयोगः सुगोष्टी च दुर्मोचाः पंच देहिनाम् ॥ १ ॥

જનની માતા, જન્મભૂમિ, પાછલી રાતની નિદ્રા, ઇષ્ટ જનનો યોગ અને સારી ગોષ્ટ–ગમત, એ પાંચ વાનાં પ્રાણીઓને છોડવાં મુશ્કેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"આથી પ્રિયા ગુલાબી નિદ્રા લેતી હશે, રાત્રીએ કેટલોક સમય તે જાગ્રત રહેલી છે." આ પ્રમાણે વિચાર કરતાં શ્રીચંદ્રે કુકડાને શબ્દ સાંભળ્યો, અરૂણની રક્તપ્રભા ઝાંખી થવા માંડી, એટલે તે નીચે પ્રમાણે કહેવા લાગ્યો—

આ હરણો ઘાસ ચરવાને ફરે છે, આ પક્ષીઓ ચણ લેવાને જાય છે, અને આ સૂર્ય ઉદયગિરિના શિખરને સ્પર્શ કરે છે, હે સુંદર નેત્રા! ઉઠો, રાત્રિ ચાલી ગઈ. આ પદ્ય બોલી, પ્રિયાનો પ્રત્યુત્તર સાંભળવા તે તત્પર રહ્યો, તથાપિ કાંઇ પણ પ્રિયા તરફથી તેને પ્રત્યુત્તર મળ્યો નહીં. આથી તે નિરાશ થઈ ગયો. હળવે હળવે વડ નીચે આવ્યો, પ્રિયાનું મુખ જોઇ પ્રભાત મંગળ કરવા તે ઉત્સુક થયો, ત્યાં તેને ભયંકર અમંગળ દેખાયું. ભૂમિશય્યા શૂન્ય જોવામાં આવી, તે જોતાંજ તેના હ્રદયમાં આઘાત થઇ આવ્યો. પ્રિયા કયાં ગઇ? વાત્સલ્યની વિદ્યુત્ કયાં ઝબકી ગઈ? આ શું થયું? ચારે તરફ ચકિત નેત્રે અવલોકન કરવા માંડયું, તથાપિ કોઇ દ્રષ્ટિમાર્ગે પડયું નહીં. પ્રેમી પ્રિયના નયનમાંથી અશ્રુધારા ચાલી. આકાશ તરફ દ્રષ્ટિ કરી બોલ્યો—"પ્રિયા! તું કયાં અંતર્ધ્યાન પામી? આ અરણ્યમાં મને એકાકી કેમ મુકયો? આવી નિર્દયતા તને કોણે શીખવી? અથવા તારા જેવી પ્રેમ રંગિલી રામા નિર્દય થાય નહીં. જરૂર કાંઈ અશુભ બન્યું છે. કોઇ દુષ્ટે છળ કરી તારૂં હરણ કર્યું હશે? અરે પ્રીતિલતા! તું પ્રેમીનાં દર્શનરૂપ સિંચન વિના શુષ્ક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઈ વિનષ્ટ થઇ જઇશ." આટલું કહી તે પુરૂષને મૂર્છા આવી. ક્ષણવારે સાવધાન થયો. તત્કાળ આર્હત ધર્મનું સ્મરણ થઇ આવ્યું, ધર્મના પસાયથી ધૈર્ય ઉત્પન્ન થયું, મોહ દશાનું બળ ઘટવા માંડયું. તેના પવિત્ર હૃદયમાં વિચાર આવ્યો કે, જે બન્યું તે ખરૂં. હવે તેને સહન કરવું જોઇએ. કર્મની ઘટના ચમત્કારી છે. વિધિ અને દૈવ એ કર્મના પર્યાય છે, તેને માટે નીતિશાસ્ત્રમાં ઉત્તમ અને મનન કરવા લાયક પદ્યો લખેલાં છે, હવે તે પદ્યોનુંજ સ્મરણ કરવું યુક્ત છે. એમ કહી તેણે નીચેનાં પદ્યો ઉંચે સ્વરે ઉચ્ચાર્યા.

यत्कदापि मनसा न चिंत्यते यत्स्पृशंति न गिरः कवेरपि।
स्वप्नवृत्तिरपि यत्र दुर्लभा हेलयैव विदधाति तद्विधिः ॥ १ ॥

કદિ પણ જેનું મનમાં ચિંતવન ન થાય, કવિની વાણી પણ જેને સ્પર્શ કરી શકે નહીં, અને જેને માટે સ્વપ્નામાં પણ ખ્યાલ ન હોય, તેવો બનાવ વિધિ [ કર્મ ] હેલા માત્રમાં કરે છે. ૧

अघटित घटितानि घटयति सुघटित घटितानि जर्जरीकुरुते ।
विधिरेव तानि घटयति यानि पुमान् नैव चिंतयति ॥ २ ॥

વિધિ ન ઘટે તેવું ઘટાવે છે, સારી રીતે ઘટેલું હોય, તે શિથિલ કરી નાખે છે, અને જે પુરૂષના ચિંતવવામાં ન આવે, તેને પણ ઘટાવે છે. ૨

जं चिय विहिणा लिहियं, तं चिय परिणमइ सयल लोयस्स ।
इय जाणे विणु धीरा, विहुरेविन कायरा हुंति ॥ ३ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે વિધિએ લખેલું હોય, તેજ સર્વ લોકોને પરિણમે છે, એમ જાણી ધીર પુરૂષો કાયર થતા નથી. ૩

આ પદ્યનું ઉચ્ચારણ કરી તેણે વિચાર્યું કે, હવે વિશેષ ચિંતા ન કરવી, ચિંતા કરવાથી વિશેષ શોક થાય છે. હાનિ, લાભ સર્વ કર્મની સત્તાને આધીન છે. તેમાં બીજો તો માત્ર નિમિત્ત છે. જે કર્મને ન માની બીજા ઉપર આધાર રાખે છે, તે કલ્પવૃક્ષને છોડી બાવળના વૃક્ષ સાથે બાથ ભીડે છે. કર્મની સત્તા મોટી છે. કોઈ પ્રાણી અખંડિત સુખ મેળવી શકતું નથી. ઉદય અને અસ્ત સાથેજ છે. આવું વિચારી તે નીચેનું એક પદ્ય બોલ્યો—

**कस्य स्यान्न स्खलनं पूर्णाः सर्वे मनोरथाः कस्य ।**
**कस्येह सुखं नित्यं दैवेन न खंडितः कोवा ॥ १ ॥**

કોણ ભૂલ કરતું નથી ? કોના મનોરથ પૂર્ણ થતા નથી ? આ જગતમાં નિત્યે સુખ કોને રહે છે ? દૈવથી ખંડિત કોણ નથી ?

વાંચનાર અનુમાનથી આ દંપતીને જાણી શકયા હશે, તથાપિ પુનરૂક્તિ કરવી પડે છે. તે શ્રીચંદ્રકુમાર અને મદનસુંદરી હતાં, તેઓ મુસાફરી કરતાં આ અરણ્યમાં આવી ચડ્યાં હતાં, ત્યાં કોઈ દુષ્ટે મદનાનું હરણ કરેલું છે. શ્રીચંદ્ર પ્રમાદમાં રહ્યો ન હતો, તે સર્વથા જાગ્રત હતો, તથાપિ કર્મની પ્રબળતાથી આ બનાવ બન્યો હતો, મદનાનું હરણ કોણે કર્યું, તે વાત આગળ સ્પષ્ટ થશે. અત્યારે શ્રીચંદ્ર ધૈર્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાખી સાવધાન રહ્યો હતો, કર્મની ચમત્કૃતિ અને ભાવિની સત્તા ઉપર વિચાર કરી તેણે ધૈર્ય ધારણ કર્યું હતું, તે સાથે ધર્મ ભાવનામાં જાગ્રત થયો હતો, આર્હત ધર્મની ઉપાસનાને યોગે તેનાંમાં મદનાની મોહદશા વૃદ્ધિ પામી ન હતી, તેનામાં દ્રઢતા આવી હતી, અને તે કર્મ ઉપર આધાર રાખી તેમાં અચળ રહ્યો હતો. શ્રીચંદ્ર મદનાને હૃદયમાં સ્થાપી, ભાવી ઉપર આશા બાંધી આગળ શું કરવું ? તે વિચાર બુદ્ધિની વિશાળતા ઉપર રાખી, શ્રીચંદ્ર ત્યાંથી આગળ ચાલ્યો. ક્ષણે ક્ષણે પોતાની સહચારિણી મદના તેને યાદ આવતી હતી, પણ પોતાના ધૈર્યથી તેના હૃદયમાં શોક કે, સંતાપ પ્રગટ થતો નહતો. વળી કોઇ વેળા તે એવો વિચાર પણ કરતો કે, પ્રેમાળ હૃદયની મદના મારા શિવાય શી રીતે રહી શકશે ? તે પતિપ્રાણા પ્રમદાની શી ગતિ થશે ? તેના જીવિતની હાની તો નહીં થાય ? વખતે કોઇ દુષ્ટ તેણીની ઉપર બળાત્કાર કરશે, તો તે સતી શ્રાવિકા શી રીતે પોતાનું જીવિત ધારણ કરશે? સતી સ્ત્રીઓ પ્રાણ જતાં પણ શીયળરૂપ રત્નને ગુમાવતી નથી. શીયળવતી શ્રાવિકાઓ પોતાના શીયળને પ્રાણથી હજાર દરજ્જે શ્રેષ્ઠ ગણે છે. પ્રાણરૂપ મહામૂલ્ય આપી તે શીયળ-રત્નને ખરીદ કરે છે. શીલાલંકારથી સુશોભિત શ્રાવિકાઓજ આ આર્ય દેશને દીપાવનારી છે. મદનસુંદરી પણ તે માંહેલી છે. તે કદિ પણ શીયળ ગુમાવશે નહીં. તે પ્રેમવતી પત્ની મારા શિવાય શી રીતે રહી શકશે ? દુષ્ટ ધારણાથી તેણીનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હરણ કરનાર કામી પુરૂષ તે સુશીલાને અતિ સંતાપ કરશે, તે વખતે તે અબળા કોનું શરણ લેશે ? આવું વિચારી શ્રીચંદ્ર આકાશ તરફ દ્રષ્ટિ કરી બોલ્યો–શાસન દેવતા ! એ સતી શ્રાવિકાનું રક્ષણ કરજો. મેં જો કાંઈ પણ જૈન ધર્મ આરાધ્યો હોય, કાંઈ પણ દેવ ગુરૂની સેવા કરી હોય, અને મારામાં કાંઇ પણ સમ્યકત્વની પ્રભા રહેલી હોય, તો મદના નિરાબાધ રહેજો. તેણીના શીયળનું સર્વદા રક્ષણ થજો. આટલું બોલી શ્રીચંદ્ર પોતાને માર્ગે ચાલતો થયો. હવે આપણને તેની કયાં ભેટ થાય છે, તે જોવાનું છે.

## પ્રકરણ ૯ મું.

## મિત્રનો મેળાપ.

એક ઘોર જંગલમાં મોટું સૈન્ય છાવણી નાખી પડયું હતું, ચારે તરફ વીર પુરૂષોના શબ્દના પ્રતિધ્વની પડતા હતા, તેમના ત્રાસથી વનનાં પ્રાણીઓ ચકિત થઇ આમતેમ દોડતાં હતાં, ફળવાળાં વૃક્ષો ઉપર ક્ષુધાતુર સૈનીકો ચડી ચડી ફળ પાડતા હતા, કેટલાએક ફળના રાશિ કરી આસપાસ ભોજન કરવા બેસી ગયા હતા, કોઈ જળાશય ઉપર સ્નાન–પાન કરતા હતા, કોઇ જળ ક્રીડા કરવાને જળાશયમાં મઘરની જેમ પડતા હતા. કેટલાક અસ્વાર થઈ અટવીમાં અટન કરતા હતા, કોઈ ઉંટ, કોઈ હસ્તી, અને કોઇ ખચ્ચરપર આરૂઢ થઈ, વન શોભા જોવાને નીકળી પડ્યા હતા. આ વખતે એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરૂણ પુરૂષ તે છાવણીની આગળ પ્રસાર થયો. દૂરથી સેનાનો પડાવ જોઇ, તે મનમાં આશ્ચર્ય પામી ગયો. તે પુરૂષની આકૃતિ વીર પુરૂષના જેવી હતી, તેની ખાંધ ઉપર એક મજબૂત લાકડી હતી. તેનું શરીર ધૂળથી ધૂસરૂં થઇ ગયું હતું, તેની પાસે ભિક્ષાપાત્ર અને જળનું કમંડળ હતું; તેનો દેખાવ ખરેખર યોગીના જેવો હતો.

આ મુસાફર જ્યારે છાવણીની પાસે થઇ નીકળ્યો, ત્યારે એક સૈનિક દોડતો દોડતો આવ્યો; તેણે મુસાફરને ઉભો રાખ્યો, અને વિનયથી કહ્યું ભદ્ર, ! ચાલો તમને અમારા મહારાજા છાવણીમાં બોલાવે છે, મને ખાસ તમને તેડવા માટે મોકલ્યો છે. તે સાંભળી મુસાફર વિચારમાં પડ્યો હું કોણ ? અને મહારાજા કોણ ? મને બોલાવવાનું કારણ શું હશે ? મારા જેવા અજાણ્યા માણસને મહારાજા કયાંથી ઓળખે ? આવું હૃદયમાં ચિંતવી તે મુસાફરે કહ્યું, ભાઇ ! મને મહારાજા શામાટે બોલાવે છે ? હું તમારા મહારાજાને ઓળખતો નથી, તેમ મારા હૃદયમાં કોઈ જાતની આશા નથી. હું એક દુઃખી મુસાફર છું, મારી મુસાફરીનો હેતુ ગંભીર છે, મારે કોઇ જાતની અપેક્ષા નથી. સૈનિકે ફરીથી જણાવ્યું, ભદ્ર ! રાજાઓની આજ્ઞા સર્વને માન્ય છે; તમે નિસ્પૃહ છો, તથાપિ રાજાની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ. અમારા મહારાજા કાંઇ કારણ વિના પ્રવૃત્તિ કરતા નથી. તેઓ ધાર્મિક અને કૃતજ્ઞ છે, તેમની મનોવૃત્તિ સર્વદા નિર્મળ છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારૂં દર્શન થતાંજ તેઓની મુખમુદ્રા ઉપર વિલક્ષણ દેખાવ થયો હતો; જાણે તમારા પૂર્વ પરિચિત હોય, તેમ તેઓ દેખાયા હતા. ભદ્ર ! સત્વર ચાલો, મહારાજા તમને મળવાને ઉત્સુક છે, વિલંબ કરો નહીં.

સૈનિકનાં આવાં વચન સાંભળી તે મુસાફર છાવણી તરફ વળ્યો, છાવણીની પાસે આવેલા એક આમ્રવૃક્ષ નીચે બે પુરૂષો ઉભા હતા, અશ્વક્રીડા કરી તેઓ શાંત થઇ ગયા હતા. પેલો સૈનિક મુસાફરને લઇ, ત્યાં આવી ઉભો રહ્યો. આ બન્ને પુરૂષમાં એક મહારાજા હતો, અને બીજો તેનો મંત્રી હતો. મંત્રી પોતાના મંત્રીપણાની સાથે મિત્રપણું ધરાવતો હતો. તેઓ છાવણીમાંથી અશ્વક્રીડા કરવાને બહાર ફરવા નીકળ્યા હતા. ક્રીડાથી શાંત થઇ અહીં આમ્રવૃક્ષ નીચે બેઠા હતા. તેઓમાંથી જે મહારાજા હતો, તે આ મુસાફરને જતો જોઇ ઉત્સુક થયો હતો.

જ્યારે મુસાફર પાસે આવી ઉભો રહ્યો, એટલે મહારાજા ઉત્સુક થઇ બેઠો થયો, તેના નેત્રમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી, શરીરપર રોમાંચ ખડાં થયાં. તેણે બેઠા થઇ તે મુસાફરને પ્રેમથી આલિંગન કર્યું. પોતાના અંગને ઉમંગથી તેની સાથે સંલગ્ન કરી દીધું. વારંવાર ભેટ લઇ તેણે ચિરકાળનો વિયોગાગ્નિ શાંત કર્યો; પછી પ્રેમ વચન બોલ્યો, મિત્ર ગુણચંદ્ર ! અહીં કયાંથી ? આ વેશ કેવો ? આ તરફ નીકળવાનું શું પ્રયોજન ? તમારા શરીરની પૂર્વ સ્થિતિ કયાં ગઈ ? તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભવ્યતા, તે સુંદર તેજ, તે ઉત્સાહ અને તે દેખાવ કયાં ગયો ? શું મારે માટે તમારી આ સ્થિતિ ! મિત્રની પાછળ શું તમે આ ફકીરી લીધી ! જગતમાં મિત્રધર્મની પ્રતિમા તમે પોતેજ છો. મિત્રનું જીવન કેવું હોવું જોઇએ ? તેનું પ્રત્યક્ષ દ્રષ્ટાંત તમે પોતેજ થયા છો. તમારા જેવા પુરૂષોથીજ જગતમાં મિત્ર ધર્મ સજીવન છે. ખરેખર મિત્ર ધર્મની મહત્તા તમારામાંજ દેખાય છે, એમ કહી પુનઃ તેને આલિંગન કર્યું.

મુસાફર ક્ષણવાર વિચારમાં પડયો, પણ તત્કાળ તેણે મહારાજાને ઓળખી લીધો. તે તેના ચરણમાં નમી પડયો. નેત્રમાંથી પ્રેમાશ્રુની ધારા ચાલી, કંઠ ગદ્દગદિત થઈ ગયો. મહારાજાએ તેને બેઠો કરી દ્દઢ આલિંગન કર્યું. મુસાફર બોલ્યો, મિત્ર ! આ શું ? એક મિત્ર ફકીર અને બીજો મિત્ર મહારાજા એ કેવી વિચિત્રતા ? જેને માટે ફકીરી ધારણ કરી છે, તે મિત્ર મહારાજા થઇ મહાલે છે; એ કેવો કાળ ? તે ભલે થયું. કર્મની ગતિ ગહન છે, તમારા ભાગ્યની શ્રેષ્ટતા સર્વોત્તમ છે. જ્યાં શ્રીચંદ્ર ત્યાં **શ્રી** સાથેજ છે. શ્રી સંપત્તિનું અને **ચંદ્ર** આલ્હાદનું કાર્ય કરે છે. કહો, તમે મહારાજા કયાંથી બન્યા ? શરીર સંપત્તિની કુશળતા તો પ્રત્યક્ષજ છે. શ્રીચંદ્ર બોલ્યો—મિત્ર ! જે કહેવું હોય તે કહી દો. હું તમારો અપરાધી છું, મિત્રના દુઃખનું કારણ હું પોતે જ થઇ પડયો છું. જેટલાં મેણાં કહો તે સાંભળી સહન કરવાનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંપૂર્ણ અધિકારી છું, તમે કુશળ છો ? કુશસ્થલીના શા ખબર છે ? આપણા કુટુંબની કુશળતા તો છે ? પવિત્ર પિતા, માયાળુ માતા, અને પ્રેમી પત્નીના શા ખબર છે ? ગુણચંદ્ર બોલ્યો. પ્રિય મિત્ર ! તમારા જવા પછી સર્વના હૃદયમાં જે દુઃખાગ્નિ પ્રગટ્યો છે, તે અદ્યાપિ નિર્વાણ પામ્યો નથી માતા પિતા અને ચંદ્રકળાની ચિંતા વર્ણવી શકાય તેવી નથી. વિહાર કરતા કોઈ જ્ઞાની મુનિનાં વચનથી તેમનું જીવન આબાદ રહ્યું છે. તમારી પુણ્ય લક્ષ્મીનું બળ અવલંબીનેજ સર્વને ધીરજ રહી છે. તમે જે રાત્રે નીકળી ગયા તેજ રાત્રે મને વિચિત્ર સ્વપ્નું આવ્યું હતું. પ્રાતઃકાળે ઉઠી હું ચંદ્રકળાની પાસે આવ્યો હતો. ત્યાં ચંદ્રકળાએ તમારા ખબર પુછયા, મેં તેમાં મારી અજ્ઞતા જણાવી, એટલે તે મહાશયા મૂર્છા ખાઈને ભૂમિપર પડી. અનેક ઉપાયોથી તેને સાવધાન કરી હું પિતા માતાની પાસે ગયો. તેઓએ પણ તમારે માટે અત્યંત કલ્પાંત કરવા માંડયું, ક્ષણવારમાં તો મહારાજા પ્રતાપસિંહને તે વાતની ખબર પડી. એટલે તેઓએ મને પોતાના રૂબરૂ બોલાવ્યો. મેં જે હકીકત હતી તે નિવેદન કરી. તે પછી મહારાજાએ અને રાણી સૂર્યવતીએ ઘણો કલ્પાંત કર્યો, તેવામાં કોઇ જ્ઞાની મુનિ કુશસ્થલીમાં આવી ચડયા, મહારાજા પ્રતાપસિંહ અને રાણી સૂર્યવતીએ જ્ઞાની મહારાજાને તમારે માટે પુછયું. એટલે તે મહાત્માએ તમારૂં પૂર્વ સ્વરૂપ પ્રતાપસિંહ રાજાને જણાવ્યું, તમે સૂર્ય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વતીના પુત્ર છો, એમ સર્વના જાણવામાં આવી ગયું તે સાથે તે મહાશયે જણાવ્યું હતું કે, શ્રીચંદ્રકુમાર કુશળક્ષેમ પાછા એક વર્ષમાંજ આવશે. તે જ્ઞાનીનાં વચન ઉપર વિશ્વાસ રાખી, સર્વેએ પોતાનું જીવન ટકાવી રાખ્યું છે, તે પછી ચંદ્રકળાને તમારી ભોજાઇના સહવાસમાં રાખી હું આ ફકીર વેષે તમારી શોધ કરવા ચાલી નીકળ્યો હતો. મહારાજા પ્રતાપસિંહે પણ તમારી શોધને માટે દૂતોને મોકલ્યા છે, સૂર્યવતી સગર્ભા છે, તથાપિ જ્યાં સુધી તમારાં દર્શન ન થાય ત્યાં સુધી ઘેબર વિગેરે મિષ્ટાન્નનો ત્યાગ કરવાનો અભિગ્રહ તે કરી બેઠાં છે.

હું તમારી શોધને માટે કુશસ્થલીમાંથી નીકળ્યો. ત્યારે ચંદ્રકળા વિગેરેને માટે શુભશિક્ષા આપી ધનંજયને રાખ્યો છે, ત્યાંથી પ્રથમ કુંડલપુરમાં આવી ચંદ્રલેખાને મળ્યો, તેની વાત સાંભળી તેને સાંત્વન કરવા ત્રણ રાત્રિ સુધી તે નગરમાં રહ્યો, ત્યાંથી માંહેંદ્રપુરમાં આવ્યો, ત્યાં સુલોચનાને મળ્યો, ત્યાં હેમપુરમાં તમારા ખબર સાંભળવામાં આવ્યા, એટલે હું ત્યાં ગયો, ત્યાંના રાજા મદનપાળે તમારો વૃત્તાંત જણાવ્યો અને કહ્યું કે, શ્રીચંદ્ર બીજાને માટે રાજકન્યા પરણ્યા, તે આશ્ચર્યની વાર્ત્તા સાંભળીને હું કાંતિપુરમાં આવ્યો, ત્યાં પ્રિયંગુમંજરીને મળ્યો, તેની સાથે તમારી વાર્ત્તા કરી આ અટવીમાં નીકળ્યો, ત્યાં અહીં તમારો મેળાપ થઈ ગયો, મેં રસ્તામાં એવી વાત સાંભળી હતી કે, **શ્રીચંદ્ર** નામે એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નવલાખ દેશનો રાજા થયો છે, તે રાજા ઘણો ધાર્મિક અને પ્રતાપી છે, આથી મારા મનમાં શંકા થઇ હતી કે, વખતે તમે પોતેજ તે હશો, તે આજે પ્રત્યક્ષ જોઇ ઘણો હર્ષ થાય છે. પ્રિય મિત્ર કહો, તમારો વૃત્તાંત શું છે ?

શ્રીચંદ્ર બોલ્યો—મિત્ર ! કુશસ્થળી છોડયા પછી મને માર્ગમાં અનેક કૌતુક થયાં છે, જે સાંભળવા યોગ્ય છે. પછી તેણે સંક્ષેપમાં પોતાનો સર્વ વૃત્તાંત જણાવી દીધો. પ્રથમથી માંડીને ત્રિપુરાનંદ યોગીના વૃત્તાંત સુધીની વાર્ત્તા કહી, પછી તે સસ્મિતવદને બોલ્યો—પ્રિય મિત્ર ! આજ સુધીમાં મેં કાંઇ પણ કષ્ટ ભોગવ્યું નથી, સર્વ સ્થળે મારો વિજયજ થતો આવે છે. માત્ર મદનસુંદરીનુંજ હરણ થયું, તે મને હૃદયમાં શલ્યરૂપ લાગે છે. ગુણચંદ્રે સંભ્રમથી પુછ્યું, મિત્ર ! મદનસુંદરી કયાંથી પ્રાપ્ત થયાં હતાં ? અને તેમનું હરણ શી રીતે થયું ? તે કહો. પછી શ્રીચંદ્રે મદનસુંદરીનો સર્વ વૃત્તાંત જણાવ્યો, તે સાંભળી ગુણચંદ્રે પુનઃ પુછ્યું, રાજમિત્ર ! મદનસુંદરીના હરણ થયા પછી તમે આ મહારાજા કેવી રીતે બન્યા ? શ્રીચંદ્રે તે વાર્ત્તા વિસ્તારથી નીચે પ્રમાણે કહેવા માંડી.

મિત્ર ! મદનાનું હરણ થવાથી મને ઘણું દુઃખ લાગી આવ્યું હતું; મારા હૃદયમાં તેનો પરિતાપ ઘણો થતો હતો, પણ મારા પુણ્યને લીધે આર્હત ધર્મે મને સહાય કરી હતી, એ પ્રભાવિક ધર્મના સ્મરણથી મદનસુંદરી વિષેની મારી મોહદશા તદ્દન શીથિલ થઇ ગઇ, ભાવિ ઉપર આધાર રાખી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હું તે સ્થળેથી આગળ ચાલ્યો, થોડે દૂર જતાં **કનકપુર** નામે એક નગર આવ્યું, તેની પાસેના વનમાં જઇ મેં વિશ્રામ લીધો.

એ કનકપુર નગરનો રાજા કનકધ્વજ પુત્ર રહિત અકસ્માત શૂળના રોગથી મૃત્યુ પામ્યો હતો, તેના **લક્ષ્મણ** નામના આસ્તિક મંત્રીએ રાજ્યની અધિષ્ટાયક દેવીની આરાધના કરી, એટલે તે દેવીએ પ્રત્યક્ષ થઈ કહ્યું, મંત્રી ! ચિંતા કરો નહિ. પંચદિવ્ય કરી કોઇ ઉત્તમ પુરૂષને શોધી રાજા બનાવો. દેવીની આજ્ઞાથી મંત્રીએ પંચદિવ્ય કર્યાં. એક હાથિણીની સુંઢમાં સુવર્ણનો કળશ આપ્યો, તે હાથિણી વિગેરે પંચદિવ્ય ત્રણ દિવસ સુધી ગામમાં ફર્યા, પણ કોઈ યોગ્ય પુરૂષ મળ્યો નહિ. પછી તેઓ નગરની બહાર ગયાં. જે સ્થળે હું શાંત થઇ બેઠો હતો, ત્યાં તે પંચદિવ્ય આવ્યાં મંગળરૂપ હાથિણીએ મારી ઉપર કળશવડે અભિષેક કર્યો. અશ્વે ખોંખારો કર્યો. છત્ર અને બે ચામરે મને અલંકૃત કર્યો. બંદીજને જયનાદ ઉચ્ચાર્યો. તત્કાળ લક્ષ્મણ મંત્રી મારી પાસે આવી બોલ્યો:—મહાનુભાવ ! તમે અમારા મહારાજા થયા છો. આ કનકપુર તમારી રાજધાની છે, આ દેશ નવલાખ ગામનો છે. અમારા સ્વર્ગવાસી મહારાજા કનકધ્વજને **કનકાવળી** નામે પુત્રી છે. તેના તમે સ્વામી થાઓ, અને આ મહારાજ્ય ઉપર તમારી આજ્ઞા પ્રવર્ત્તાવો, અમે બધા આપના સેવક છીએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'મિત્ર! લક્ષ્મણ મંત્રીનાં આ વચન મેં માન્ય કર્યાં. તત્કાળ તેણે મારા હાથમાં ખડ્ગ આપ્યું. જ્યારે મેં હાથમાં ખડ્ગ લીધું, તે વખતે તે ચતુર મંત્રીએ મારો મુદ્રાલેખ વાંચી મારૂં નામ જાણી લીધું. મારૂં પ્રખ્યાત નામ જાણી, તે ઘણો હર્ષ પામ્યો, તત્કાળ તેણે મોટા પાયા ઉપર મારો પુર પ્રવેશ ઉત્સવ કરાવ્યો. કનકપુરની પ્રજાએ ઉમંગથી મને વધાવી લીધો. તે પ્રસંગે યાચકોને અગણિત દાન આપવામાં આવ્યાં. બંદીવાનોને છોડવામાં આવ્યા, અને જિનાલયોમાં પૂજા ભણાવવામાં આવી, ઇંદ્રના રાજ્યાભિષેકના જેવોજ મારો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો.

મિત્ર! કનકપુરની પ્રજાના આગેવાનો મને રાજ્યાસન ઉપર મળવાને આવ્યા; મને જોઇ તેઓ અત્યંત આનંદ પામતા હતા. કોઇ મને જોઇ 'કનકપુરનું રાજ્ય કૃતાર્થ થયું.' એમ કહેવા લાગ્યા, કોઇ 'કનકપુરની ભૂમિ રાજવન્તી છે' એમ ઉંચે સ્વરે બોલવા લાગ્યા. કેટલાએક મને જોઇનેજ કહેતા કે, 'આ કોઈ રાજકુમાર છે.' આપણને પુણ્યયોગે ખરેખરો રાજા મળ્યો છે, રાજકુટુંબના લોકો મને જોઇ ઘણોજ આનંદ પામ્યા, અને મારો સદાચાર જોઇ, તેઓના હૃદયમાં ઘણોજ સંતોષ થયો. તેઓ મને જોઇ પરસ્પર સંતોષ જણાવતાં નીચેનું પદ્ય બોલતા હતા.

आचारः कुलमाख्याति देशमाख्याति भाषणम् ।
संभ्रमः स्नेहमाख्याति रूपमाख्याति भोजनम् ॥ १ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આચાર કુળને કહી આપે છે; ભાષણ દેશને જણાવે છે, સંભ્રમ સ્નેહ દર્શાવે છે, અને રૂપ ભોજન–ખોરાક જણાવે છે.

મિત્ર ! વધારે શું કહું ? મારે માટે તો લોકોએ સારો વિચાર બાંધ્યો. હરિબળ માછીની જેમ મારા પુણ્યે મને ઉન્નતિ ઉપર મુકી દીધો. કનકપુરની પ્રજાને અને રાજકુટુંબને હું ઘણોજ પ્રિય થઇ પડયો. એક વખતે કનકપુરમાં ગાયકોનાં વૃંદ આવી ચડ્યાં, તેઓએ રાજ્યદ્વાર આગળ આવી ગાયન કરવા માંડયું. ગાયન પૂર્ણ કર્યા પછી એક ચતુર ગાયક નીચેનું કવિત ઉભો થઈને બોલ્યો—

### છપ્પો.

નયર કુશસ્થલ ઇશ, સૂર્યવતી રાણી કાંત હો,
પ્રતાપસિંહ જસ નામ, તેજ પ્રતાપ મહંત હો,
શોકય પુત્રની ભીતિ, રીતિ જાણીને મૂકે;
નિજ વાડીમાં ફુલ, પગરમાં બુદ્ધિ ન ચૂકે,
લક્ષ્મીદત્ત શેઠે ગ્રહ્યો, લહી વૃદ્ધિ તિહાં અતિ ઘણી,
કર્યું નામ શ્રીચંદ્ર તસ, કળા સર્વ તેણે ભણી. ૧
રાધાવેધ વિધાન, પદ્મિની વળી જેણે પરણી,
વીણારવને દાન, તુરગ રથ જાય ન વરણી,
નીસરિયો છે વિદેશ, ભાગ્યબલી ગુણનો આગર;
ઈત્યાદિક ગુણ રાશિ, સાંભળી હરખ્યા નાગર,
દેઇ દાન તેહને બહુ, કહે તુમો તસ ઓળખો,
વૃદ્ધ કહે અમ નાયકે, લેઈ દાન તસ જસ લખ્યો. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ કવિતા સાંભળતાં લક્ષ્મણ મંત્રીએ મારા સામું જોયેલ, તે વખતે સ્વપ્રશંસા સાંભળી હું નીચું મુખ કરી રહ્યો હતો. મને તેમ રહેલો જોઇ, લક્ષ્મણે ચિંતવ્યું કે, પોતાના ગુણની પ્રશંસા સાંભળી ઉત્તમ પુરૂષ નમ્રમુખ થાય છે, તેથી જરૂર આ પોતેજ ચંદ્ર હશે; આવું ચિંતવી મંત્રી હૃદયમાં સંતોષ પામ્યો. પછી અમો બંને આ વનમાં મોટી સેના લઈ અશ્વક્રીડા કરવાને ફરવા નીકળ્યા છીએ. અહીં તમારો સમાગમ થયો, તેથી અમારૂં આગમન કૃતાર્થ થયું છે. મિત્ર ! આ પ્રમાણે મારો આજ સુધીનો વૃત્તાંત છે. હવે ચાલો, આપણે કનકપુરની રાજધાનીમાં જઇએ. પછી લક્ષ્મણ મંત્રીએ ઉભા થઇ અંજલિ જોડી ગુણચંદ્રને કહ્યું, ભદ્ર ! તમારા દર્શનથી મને ઘણો આનંદ થયો છે, આપ અમારા મહારાજાના મિત્ર છો, તે જાણી વળી વિશેષ હર્ષ ઉત્પન્ન થાય છે, તમે કૃપા કરી મહારાજાની સાથે રાજધાનીમાં પધારો, અને મહારાજાના મુખ્ય મંત્રીની પદવી સ્વીકારો. તમારા જેવા ચતુર અને મિત્ર મંત્રીના યોગથી મહારાજા શ્રીચંદ્રનું રાજ્ય વિશેષ શોભા પ્રાપ્ત કરશે; એટલુંજ નહીં, પણ આ ભારતમંડળમાં તે સર્વોત્તમ ઉન્નતિ સંપાદન કરશે. લક્ષ્મણ મંત્રીના વચનને શ્રીચંદ્રે અનુમોદન આપ્યું, અને ગુણચંદ્રને મંત્રીપદ લેવાનો અતિ આગ્રહ કર્યો. પોતાના ઇષ્ટ મિત્રના આગ્રહથી ગુણચંદ્રે કનકપુરના રાજ્યનું મંત્રીપદ સ્વીકાર્યું; પછી તેઓ બધા કનકપુરમાં આવ્યા. શ્રીચંદ્રે મોટી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દરબાર ભરી ગુણુચંદ્રને મંત્રીશ્વરની પદવી આપી. પ્રજા વર્ગને પોતાના ઈષ્ટ મિત્રની ઓળખાણ કરાવી. સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો.

મહારાજા શ્રીચંદ્રે કનકપુરના રાજ્ય ઉપર સારી છાપ બેસારી ગુણુચંદ્રે પણ પ્રધાનપદને ન્યાયથી દીપાવ્યું. મહારાજાની આજ્ઞાથી કનકપુરનું રાજ્ય એક નમુનાદાર ધર્મરાજ્ય બની ગયું, રાજ્યમાં સર્વ પ્રખ્યાત સ્થળે દાનશાળાઓ જ્ઞાનશાળાઓ અને ધર્મશાળાઓ રચાવી, જૈન પર્વના દિવસોમાં અમારી ઘોષણા કરાવવા માંડી, પોતાની પ્રજામાં સાત વ્યસનનો નાશ થાય, તેવા ઉપાયો યોજ્યા, સ્થળે સ્થળે દુઃખી જૈનોના ઉદ્ધારને માટે નવાં ખાતાંઓ ઉઘાડ્યાં, જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. કોઇ સ્થળે નવાં જિનાલયો પણ સ્થાપિત કર્યાં. મુનિઓના વાસ માટે ઉત્તમ ઉપાશ્રય અને પૌષધશાળાઓ સ્થાપી, જૈન બાળિકાઓને જ્ઞાન આપવાને જૈન કન્યાશાળાઓ મોટા પાયા ઉપર સ્થાપિત કરી.

શ્રાવિકાઓને સદ્બોધ કરવાને શ્રાવિકાશાળાઓ પણ મોટા શહેરોમાં ગોઠવી. આવી ઉત્તમ રાજ્યપદ્ધતી કરી શ્રીચંદ્ર રાજાએ સારી સત્કીર્તિ સંપાદન કરી, તેનું યશોગાન ભારતવર્ષ ઉપર થવા લાગ્યું, પ્રત્યેક દેશમાં તેની સત્કીર્તિ ચંદ્રિકાના જેવી ઉજ્વળ થઈ ચળકવા લાગી. આવું રાજા અને મંત્રીનું યુગલ જોઇ, કનકપુરની પ્રજાને ઘણો આનંદ થતો હતો.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૦ મું.
## વસંત વિનોદ.

સૃષ્ટિના કુદરતી સાદર્યને ખીલાવનાર વસંતઋતુ વિશ્વને વિનોદ આપવાને પ્રવર્ત્તી છે, વનલીલાએ પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ કર્યું છે, ચારે તરફ વનનાં વૃક્ષોએ નીલવર્ણી પોશાક ધારણ કર્યો છે, ઉદ્યાનના મહારાજ્યમાં જાહોજલાલી થઇ રહી છે. કોકિલાઓ ઉંચે સ્વરે વસંતરાજના છડીદારોનું કામ કરે છે, પ્રમત્ત મધુકરો મધુર શબ્દોથી મહાનાદ કરી રહ્યા છે, કમળોની શ્રેણીઓમાં ઘોર ગુંજારવ થઈ રહ્યો છે. વાસંતીલતા પૂર્ણ યૌવન પામી નૃત્ય કરે છે, આમ્ર, બોડસલી અને સુગંધી મેંદીનો મનોહર દેખાવ પ્રેક્ષકોના હૃદયને આકર્ષે છે, પ્રફુલ્લિત થયેલી પુષ્પલતાઓ વસંતને અનુમોદન આપે છે, વિવિધ જાતનાં વૃક્ષો વિવિધ વિલાસ કરી વસંતને વધાવે છે, મધુર શબ્દવાળાં પક્ષીઓ પોતાના માધુર્યથી મધુનું યશોગાન કરે છે, પંચમ સ્વરનો મહાનાદ પ્રત્યેક સ્થળે થઇ રહ્યો છે, નવપલ્લવની શોભાથી સુશોભિત થયેલી વનશ્રેણી વસંતની શોભાને વધારે છે.

આ વખતે કનકપુરનો મહારાજા શ્રીચંદ્ર વસંતની વનલીલા જોવાને ઉત્સુક થયો હતો, તેના હૃદયમાં પોતાના પ્રિય મિત્ર ગુણચંદ્રને આનંદ આપવાની ઇચ્છા હતી, પોતાને માટે અથાગ શ્રમ લઈ દેશાટન કરનાર ગુણચંદ્રને વસંતના વિનોદથી આનંદ આપવો, આવો તેણે નિશ્ચય કર્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાતઃકાળની નિત્યક્રિયા કરી નિવૃત્ત થઇ શ્રીચંદ્રે પોતાના મિત્ર ગુણચંદ્રને સભા મંડપમાં બોલાવ્યો. ગુણચંદ્ર વિનયથી નમ્ર થઈ ઉભો રહ્યો. શ્રીચંદ્રે કહ્યું, મિત્ર ! આજ કાલ વસંતઋતુ ચાલે છે, સર્વ ઋતુઓમાં વસંતને ઋતુરાજની પદવી મળી છે, એ વિલાસી ઋતુમાં વનલીલાનો આનંદ મેળવવાની મારી ઇચ્છા થઈ છે. તમારા જેવા પ્રેમી મિત્રને લઇ, વનલીલાનો અનુભવ કરવા અને આત્માને ઉત્તમ આનંદ આપવા મારી મનોવૃતિ પ્રવૃત્ત થઈ છે. આજે ઘણે દિવસે આ મહા લાભ પ્રાપ્ત થયો છે. મિત્રગોષ્ટીની મહત્તા સર્વથી મોટી છે, મિત્રોનો આનંદ અલૌકિક છે, મિત્ર ધર્મની મહત્તા આવા મધુર સમયમાંજ દેખાઇ આવે છે. આ સમયનો સુખાનંદ સંપાદન કરવાને આપણે સંપૂર્ણ ભાગ્યશાળી થયા છીએ. મિત્રવર્ય ! આ દિવ્ય સમયનો લાભ લેવા આપણે ચુકવું ન જોઇએ. વનલીલાની કુદરતી શોભા મિત્રની સાથે જોવાની મને ઘણી હોંશ છે, વનનું સૌંદર્ય વસંતને દીપાવે છે, વસંતનો મહાનંદ દિવ્ય દર્શન આપે છે. મિત્ર ! ચાલો, એ અલૌકિક આનંદ લઇએ. વનની મનોહર શોભા તમારાં નેત્રને તૃપ્ત કરશે, પુષ્પોની લીજતદાર ખુશબો તમારી ઘ્રાણેંદ્રિયને સંતુષ્ટ કરશે, કોકિલાનો પંચમ સ્વર તમારા શ્રવણને આનંદ આપશે, સ્વાદિષ્ટ વનફળો તમારી રસનાને માધુર્ય આપશે, અને વનનો શીત, મંદ તથા સુગંધી પવન, તમારા અંગને સુખ સ્પર્શ થશે. મિત્ર ! વિવિધ જાતનાં વન,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પશુઓ, અને પક્ષીઓની ક્રીડા જોઈ તમારૂં કૌતુક પૂર્ણ થઈ જશે. પાથેય ભોજન લઈ, અને ઝરણના કુદરતી જળનું પાન કરી, તૃપ્ત થયેલા પથિકજનો છાયાદાર વૃક્ષોની નીચે બેઠેલા જોઇ, તમને અતિ આનંદ ઉત્પન્ન થશે. આમ્ર વૃક્ષોની ઘટા નીચે રાસડા લઇ ગમત કરતી, ભીલની બાળિકાઓ તમારાં નયનને કૌતુક આપશે, વડના વૃક્ષ નીચે વડવાઇના હીંચકા ઉપર હીંચતા વાંદરાઓને જોઇ તમને ઘણી ગમત પડશે, વેણુમાંથી નીકળતા મધુર સ્વર સાંભળી તમને અતિ વિનોદ થશે. મિત્રમણિ ! ચાલો, સત્વર તૈયાર થાઓ. વસંત ઋતુનો વિનોદ અનુભવી જીવનના સુખમાં વધારો કરો, કનકપુરની વનશોભા દર્શનીય છે, આ દેશ ફળદ્રુપ છે, અનેક જાતની અભિનવ ઔષધિઓ આ દેશમાં ઉત્પન્ન થાય છે વનના વિલાસી વૈભવથી આ દેશ સર્વ દેશોથી ચડીયાતો છે, વિવિધ જાતની ફળ સમૃદ્ધિ આ દેશની ભૂમિને અલંકૃત કરે છે, કનકપુરની પ્રજા વસંતના વિલાસનો યથાર્થ અનુભવ કરે છે, અહીંના લોકોમાં વનવિલાસ પ્રધાનપણે રહેલો છે. વનની રમણીયતાનો લાભ લેવાને રમણીય વર્ગ વધારે ભાગ લે છે. વસંતનો વરિષ્ટ મિત્ર કામદેવ, આ ઋતુને શ્રૃંગારની સહાય આપે છે; પ્રેમી દંપતિ વસંતનો વિલાસ ઉલ્લાસથી ભોગવે છે. કનકપુરની કામિનીઓ વસંત વિલાસ ભોગવવાને વિશેષ ભાગ લે છે મિત્ર ! જેવી રીતે સાંસારિક સમૃદ્ધિ વસંતમાં પ્રવર્તે છે, તેવી રીતે ધાર્મિક સમૃદ્ધિ પણ વસંતનો લાભ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેળવે છે. વસંતનાં વિકસિત પુષ્પો લઇ સદ્ગુણી શ્રાવકો જિન પ્રતિમાની પૂજા કરે છે, પુષ્પોની સુગંધી માળાઓથી જિન ભગવંતની પવિત્ર પ્રતિમાઓની આસપાસ ઉત્તમ પ્રકારની આંગી રચે છે; માળાકારની મહિલાઓ પંચરંગી પુષ્પોની છાબડીઓ ભરી જિનાલય તરફ જાય છે.

શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી ગુણચંદ્ર બોલ્યો, પ્રિય મહારાજા ! તમે વસંતનું વર્ણન કર્યું, તેથી કાંઇ હું વનમાં જવાને લલચાતો નથી, પણ તમારા જેવા પવિત્ર મિત્રના સહવાસનું સુખ સંપાદન કરવાની ઇચ્છાથીજ મને વનમાં આવવાની ઉત્કંઠા થાય છે. પ્રિય મિત્રની સાથે રહી, વન શોભા જોવા ભાગ્યશાળી થયો, તેને માટે હું મારા આત્માને અભિનંદન આપું છું. વસંતના વિલાસ કરતાં મને મિત્ર ગોષ્ટીનો વિલાસ વધારે આનંદ આપે છે: ધન: ગૃહ, વૈભવ સ્ત્રી કે રાજ્ય સુખને હું મિત્ર સુખની આગળ તૃણવત્ ગણું છું. આપે ખને મંત્રી પદ આપ્યું, તે કાંઇ મારા આનંદનો હેતુ થાય તેમ નથી. કારણ કે, તે પદવીના કરતાં ચડીયાતી મિત્રત્વની પદવી તમે મને પ્રથમથીજ આપેલી છે. જે પદવી સંપાદન કરી, હું અત્યાર સુધી કૃતાર્થ થયો છું. આપ મને વસંત વિલાસ કરવા વનમાં જવાનું આમંત્રણ કરો છો, તે પણ હું મારા મોટા ભાગ્યનું શુભ ચિન્હ ગણું છું. કારણકે આપે કરેલું પ્રેમપૂર્વક આમંત્રણું મારા હૃદયને અતિ આનંદકારક થઇ પડશે. મિત્ર! વિશેષ શું કહેવું, આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શરીર તમારેજ આધીન છે. યાવજ્જીવિત તમારી સેવા કરવાને આ જીવન નિર્માણ થયેલું છે. ચાલો તૈયાર છું.

ગુણચંદ્ર મંત્રીનાં આ વચન સાંભળી શ્રીચંદ્ર ઘણોજ ખુશી થયો, તેણે સેવકને વનમાં જવાની તૈયારી કરવા આજ્ઞા કરી, મહારાજાની આજ્ઞા થતાંજ સર્વ જાતની તૈયારી થઇ ગઇ. બન્ને રાજા અને મંત્રી એક સુંદર રથમાં બેસી કનકપુરની નજીક રહેલા સુંદર વનમાં આવ્યા, વનભૂમિને જોતાંજ તેઓને અલૈકિક આનંદ ઉત્પન્ન થયો. વસંતે પોતાની રાજધાની પ્રવર્ત્તાવી હતી, પ્રત્યેક સ્થળે કુદરતી રમણીયતા ખીલી રહી હતી, નવપલ્લવથી સુશોભિત વૃક્ષોમાંથી પંચમ સ્વરના પોકારો થતા હતા, શીત, મંદ અને સુગંધી પવન આમ્રવૃક્ષને આલિંગન કરી પ્રસરતો હતો, પ્રેમી પ્રિયની આગળ જેમ–રસિક પ્રિયા હાવભાવ કરે, તેમ વાસંતીલતા પોતાના વૃક્ષરૂપ પતિની આગળ હાવભાવ કરતી હતી, ઉત્કંઠિત અંગનાની જેમ વલ્લીઓ વૃક્ષોને ભેટી પડી હતી, પુષ્પોનાં વૃક્ષો પોતાના ગુચ્છથી જાણે હાસ્ય કરી આમંત્રણ કરતાં હોય તેમ દેખાતાં હતાં, તાલ, તમાલ, હિંતાલ, અને સોપારીનાં વૃક્ષો જાણે વસંતની ધ્વજાઓ હોય, તેવાં દીપતાં હતાં, ઝરણાના ધ્વનિઓ વસંત રાજાની નોબતની ગરજ સારતા હતા, તિલક, અશોક અને વરૂણનાં વૃક્ષો નવપલ્લવ થઇ વનને દીપાવતાં હતાં, મધુકર અને મધુકરી પુષ્પરૂપ પાત્રમાં મકરંદ રસનું પાન કરતાં હતાં, હરિણ અને હરિણી પોતાનાં શીંગડાંથી પરસ્પર ખુજલી કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રેમ દર્શાવતાં હતાં, હાથીઓ પોતાની શુંઢમાં જળ ભરી, હાથિણીઓની શુંઢમાં પ્રીતિથી રેડતા હતા, ચકલી અને ચકલો પરસ્પર મુખપર ચંચુથી ચુંબન કરતાં હતાં, કામદેવ પોતાનાં પાંચ બાણોથી વિયોગી દંપતિઓને ઉન્માદ, મોહ, અને શોષણ દશાને પમાડતો હતો. પંચમ સ્વરને શ્રવણ કરી સચેત પ્રાણીમાં વિકાર ઉત્પન્ન થતો હતો, સંયોગીને સુખ અને વિયોગીને દુ:ખ પ્રાપ્ત થતાં હતાં, વસંતનો વન વૈભવ જોઇ માનિનીઓનું માન ઉતરી જતું હતું, મેનાં, પોપટ, કોયલ, અને મોર સુંદર ક્રીડા કરતાં હતા.

જળાશયોમાં દંપતિ જળક્રીડા કરતાં હતાં, પરસ્પર જળની પીચકારી મારી અતિ આનંદ લેતાં હતાં, કોઇ કેશર જળની પીચકારી ભરી સૂક્ષ્મ વસ્ત્રપર છાંટતાં હતાં.

આ દેખાવ જોઈ બન્ને મિત્રો અતિ આનંદ પામ્યા, અનેક જાતની વનની ક્રીડાઓ કરી હૃદયને વિનોદ આપવા લાગ્યા. વસંતવડે પ્રદીપ્ત થયેલી વનની શોભા જોવાને વન-ભૂમિમાં ફરવા લાગ્યા. કોઇ સ્થળે કોકિલાનો પંચમ સ્વર, કોઇ સ્થાને વનવાસીઓના મુખથી હોરીનાં ગીત, અને કોઇ સ્થળે વેણુ ગાન સાંભળી, તેઓ અતિ હર્ષ પામ્યા. વસંતથી સુશોભિત વનભૂમિમાં વિચરતા બન્ને મિત્રો પરસ્પર વાર્ત્તા-વિનોદ કરતા હતા, કોઇ સ્થળે અભિનવ કૌતુક જોઇ, તેઓના હૃદયમાં અતિ આનંદ આવતો હતો. વસંતના વિહારથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મનોવૃત્તિને પ્રસન્ન કરતા તેઓ ઘણીવાર સુધી વનભૂમિમાં ફર્યા અને ગીત નાદના વિનોદથી તેમણે પોતાનો કાળ નિર્ગમન કર્યો.

સત્પુરૂષોનો સમય શ્રેષ્ટ આનંદમાંજ વ્યતિત થાય છે: તેઓની મનોવૃત્તિમાં દુરાચાર પ્રવેશ કરી શકતો નથી. દુરાચાર, અનીતિ, વ્યસન, દુઃશ્ચેષ્ટા, અને કુવિચારનાં પ્રતિબિંબ તેઓના હૃદયરૂપ દર્પણમાં પડતાંજ નથી, કુસંગ તેમનાથી ઘણોજ દૂર રહે છે, આસક્તિ તેમના અંગનો સ્પર્શ કરી શકતી નથી, લંપટપણું તેમનાથી દૂર નાસે છે, ક્રોધ તેમનામાં આવી શકતો નથી, માન તેઓનું માન રાખે છે, માયા કપટ તેનાથી અંજાઈ જાય છે, અને વિરોધ તેમની સાથે વિરોધ કરે છે. આવા સત્પુરૂષોનો કાળ નીતિના, મૈત્રીના, અને શાસ્ત્ર તથા ગીતોના વિનોદથી નિર્ગમન થાય છે. તેને માટે સાહિત્યકાર નીચેનું પદ્ય પોકાર કરી કહે છે.

गीत नाद विनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन हि मूर्खाणां निद्रया कलहेन च ॥ १ ॥

બુદ્ધિમાન્—સત્પુરૂષોનો કાળ ગીત નાદના વિનોદથી નિર્ગમન થાય છે, અને મૂર્ખ લોકોનો કાળ વ્યસન, નિદ્રા અને ક્લેશ—કંકાસથી જાય છે.

આ પ્રમાણે કનકપુરપતિ શ્રીચંદ્ર અને ગુણચંદ્ર મંત્રિનો સમય, વસંતના વિનોદથી પ્રસાર થતો હતો. તેઓ પૂર્વની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાર્ત્તાઓ કરી, પૂર્વ ચરિત્રો સંભારી, વિવિધ જાતની ગમત કરતા હતા; તે સાથે સમશ્યા, પાદપૂર્ત્તિ, અને ચમત્કારી કવિતાઓનો વિનોદ પણ કરતા હતા. ઘણીવાર સુધી કનકપુરની વનભૂમિમાં વિહાર કરી, તે બંને પોતાની રાજધાનીમાં પાછા ફર્યા. શ્રીચંદ્રે ગુણચંદ્રના આત્માને સર્વ પ્રકારે તૃપ્ત કરી દીધો. પોતે કરેલા શ્રમનો બદલો તેણે અલ્પ સમયમાં વાળી આપ્યો. રાજ્યવૈભવ, અને અધિકારના સુખનો સ્વાદ લઈ, ગુણચંદ્ર આત્મજીવનને કૃતાર્થ કરતો હતો. શ્રી ચંદ્રના પુણ્યનો પ્રભાવ જોઈ તેના હૃદયમાં આર્હત ધર્મ ઉપર અતિ શ્રદ્ધા થતી હતી. ધર્મનો પ્રભાવ, ધર્મની મહત્તા, ધર્મની દિવ્ય શક્તિ અને ધર્મનું ઉત્તમ પરિણામ જોઇ, ગુણચંદ્ર હૃદયમાં ચકિત થઈ આનંદ પામતો હતો, અને તે નીચેનું ગીત ગાઇ ધર્મની પ્રશંસા કરતો હતો—

## ધર્મગીત.

### [ રાગ ધન્યાશ્રી ]

આતમા હિત કરી ધૈર્ય ધરી ધર્મ કરી,
કર્મના મર્મની કોડિ ભાંજે;
સકલ સુખ અનુસરે, પ્રાણીઓ ભવ તરે,
ધર્મ ભવતરણનો પ્રવર ઝહાંજે. આતમા૦ ૧
ધર્મ તે ત્રિજગનો એક આધાર છે,
સદુપયોગે કર્યો ધર્મ તારે;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મ તે દ્રવ્યને ભાવના યોગથી,
અશુભ સવિ હેલમાત્રે નિવારે. આતમા૦ ૨.

સંત તે સત્ય કરી ધર્મને સદ્દહે,
ધર્મ તે સંત આધાર કહિયે.
એમ અન્યોન્ય આશ્રયથકી ધર્મની,
વાસનાયે કર્મની કોડિ દહિયે. આતમા૦ ૩.

ધર્મનું મૂળ તે પરમ સંતોષ છે,
વિષય જયથી સદા તેહ થાવે.
વિષયનો જય હોવે તપ અને દાનથી,
તેહ અભિદાન નિર્જર કહાવે. આતમા૦ ૪

તેહ તપ કીધલો પૂર્વ ભવ નિર્મળો,
આંબિલ વર્દ્ધમાનાભિધાનો.
ઐરવત ક્ષેત્રમાં તેહ શ્રીચંદ્ર નૃપ,
સુખ લહ્યો ભરતમાં સાવધાનો. આતમા૦ ૫.

સૂરી શ્રી જ્ઞાનવિમળે એમ ભાખીયું,
પૂર્ણ અધિકાર એ થયોય ત્રીજો,
શુદ્ધ ભાવે કરી ભવિ સુણો હિત ધરી,
એહ સમ અવર રસ નહિંય દૂજો. આતમાં૦ ૬

ઉપરનું ગીત ગાયા પછી તેના આત્મામાં ધર્મભાવના વિશેષ પ્રગટ થઈ આવી, મનોવૃત્તિ ઉપર ધર્મની દૃઢતા પાછી સજીવન થઇ ગઈ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે કનકપુરમાં શ્રીચંદ્ર અને ગુણચંદ્ર રાજ્ય વૈભવ ભોગવી આનંદ લેતા હતા, તે સાથે આર્હત ધર્મની ઉપાસના કરી જૈન જીવનને કૃતાર્થ કરતા હતા.

## પ્રકરણ ૧૧ મું.
## માતૃ મેળાપ.

પ્રાતઃકાળનો સમય હતો, વૃક્ષમાંથી પક્ષીઓ જાગ્રત થઈ પ્રભાત ગીત ગાતાં હોય તેમ દેખાતાં હતાં, પૂર્વ દિશાએ અરૂણને ઉત્સંગમાં લીધો હતો, આ સમયે બે મુસાફરો એક યક્ષ મંદિરમાં રાત્રિ વાસ કરી, જાગ્રત થયા હતા. મંદિરની બાહેર આવી તેઓ વનભૂમિનું સુંદર પ્રભાત અવલોકતા હતા, એક બીજાને વનનું પ્રાભાતિક સૌંદર્ય દર્શાવી વિનોદ મેળવતા હતા. યક્ષ મંદિરની જરા બાહેર આવી તે મુસાફરો આગળ ચાલ્યા; ત્યાં એક સુંદર પોશાકવાળી સ્ત્રી જોવામાં આવી. સ્ત્રીની વય પ્રૌઢ હતી, શરીર ઉપર સૌભાગ્યનું તેજ પ્રકાશતું હતું, તેણીનો દેખાવ રાજકુટુંબની સ્ત્રીના જેવો દેખાતો હતો, તેણીએ ધારણ કરેલાં દિવ્ય વસ્ત્ર દ્રષ્ટાના નયનને આકર્ષતાં હતાં, તે પ્રૌઢ રમણી સગર્ભા હતી, ગર્ભના ગૌરવથી તે મંદમંદ ચાલતી હતી.

આ બંને પુરૂષોને જોઇ તે રમણી તેમની તરફ વળી; જાણે તેમનું શરણ લેવા ઇચ્છતી હોય, તેમ તે અતિ પ્રયાસથી તેઓની સામે આવી. જેમ જેમ નજિક આવતી ગઈ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમ તેમ તે મુસાફરો તેની સામે વિલક્ષણ દૃષ્ટિએ જોવા લાગ્યા. તે જોતાંજ પેલા મુસાફરોમાંથી એક જણ તેણીની આગળ ધસી આવ્યો, અને તરતજ તે પવિત્ર પ્રમદાના ચરણમાં નમી પડયો, અને વિનયથી બોલ્યો—માતા! તમે અહીં કયાંથી? ઘણા દિવસ થયાં માતૃવિયોગથી પીડિત એવા આ પુત્રને આવો અચાનક લાભ કયાંથી હોય? ખરેખર મારા પુણ્યનો ઉદય થયો છે. ગઈ રાત્રે એક ઉત્તમ સ્વપ્ન આવ્યું હતું, તે મને આજે તરત જ સફળ થયું. એ સ્વપ્નમાં ઇષ્ટ યોગનો મહા લાભ સૂચવેલો હતો, જે મહા લાભ મને અકસ્માત્ પ્રાપ્ત થઇ આવ્યો. માતુશ્રી! આજે આ સેવક કૃતાર્થ થયો છે, મારા જીવનની સાર્થકતા થઇ છે. માતા! તમારો પૂર્ણ આભારી આ પુત્ર ખરેખર ધન્યતાનો પાત્ર થયો છે. માતાનું દર્શન એ પુત્રને પરમ લાભકારી છે. ઉદરમાં ધારણ કરી જીવન આપનારી જનનીનો પુત્ર યાવજ્જીવિત આભારી છે, પુત્રની પુત્રતા માતૃભક્તિમાંજ ચરિતાર્થ છે, માતાની પૂર્ણ ભક્તિ કરનારા પુત્રોજ સદ્ગતિના પાત્ર છે. માયાળુ માતા! હું તમારો પુત્ર શ્રીચંદ્ર છું, આ મારો મિત્ર ગુણચંદ્ર છે. શ્રીચંદ્રનું નામ સાંભળતાંજ તે સ્ત્રી ચકિત થઇ ગઈ, તેના સ્તનમાંથી પયોધારા છુટવા લાગી, પુત્રનો પવિત્ર પ્રેમ સ્તનના પયરૂપે દેખાયો. ક્ષણવાર સંભ્રમ પામતી અને નેત્રમાંથી પ્રેમાશ્રુ વર્ષાવતી, તે સ્ત્રી પુત્રને ભેટીને બોલી, વત્સ! આ અરણ્યમાં કયાંથી આવ્યો? આજ એક વર્ષ થયાં તારા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિયોગથી પીડિત છું. તારા વિના મારો રાજ્યવૈભવ અને રાજમહેલ શૂન્ય હતો, કુશસ્થલી રાજધાની મને સ્મશાન જેવી લાગતી હતી; આજે તારાં દર્શન કરી સૂર્યવતીનું હૃદય સુધા કુંડમાં મગ્ન થયું છે. જો કે હું અત્યારે રાજધાનીથી વિખુટી પડી છું, તારા પિતા મારા માટે અતિ શોક કરતા હશે, તથાપિ તારા મેળાપથી મારૂં તે દુઃખ વિનષ્ટ થઈ ગયું છે. મારા દુઃખનો અંત શુભ પરિણામી થયો છે, મને દુઃખ આપનારનો હું અત્યારે ઉપકાર માનું છુ. કર્મની વિચિત્રતા અવર્ણનીય છે, તેના યોગથી કોઈવાર દુઃખ પણ હર્ષનું કારણ થઈ પડે છે. પુત્ર! આ ચમત્કારી મેળાપનો હેતુ શો હશે? ગમે તે હેતુ હોય, પણ તે આ વખતે આનંદદાયક થઈ પડયો છે.

આ પ્રમાણે કહી સૂર્યવતીએ ગુણચંદ્રને કહ્યુ, વત્સ! તારા મિત્ર ધર્મને ધન્યવાદ આપું છું. તેં શી રીતે મિત્ર સમાગમનો લાભ મેળવ્યો? મિત્રની પાછળ ફકીરી લઈ, ચાલી નીકળનાર તારા જેવા મિત્ર વિશ્વમાં વિરલા છે. મિત્રતાનું માહાત્મ્ય તું એકજ જાણે છે. વત્સ! તારો વૃત્તાંત જાણવાની ઇચ્છા થાય છે, તે કોઈ પ્રસંગે જાણી લઈશ. આ પ્રમાણે સૂર્યવતીએ ગુણચંદ્રને કહ્યું, એટલે ગુણચંદ્ર નમ્ર થઇ બોલ્યો, માતુશ્રી! મને ધન્યવાદ આપો છો, તે કાંઈ યોગ્ય નથી, મેં કાંઈ પણ કર્યું નથી, યથાશક્તિ મેં મારી ફરજ બજાવી છે. તમારા પુત્ર શ્રીચંદ્રને માટે જેટલું કરીએ તેટલું થોડું છે. તે મહાનુભાવે મને બાલ્યવયથી પોતાનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી માન્યો છે, તેમની પુણ્ય સમૃદ્ધિ મોટી છતાં તેઓ મારા જેવા ગરીબને પ્રેમથી બોલાવે છે, એટલુંજ નહીં, પણ એક પોતાના સહોદર બંધુ જેવો તે મને ગણે છે, તેમના પ્રતાપથીજ મારૂં જીવન કૃતાર્થ છે, શ્રીચંદ્ર જેવા કૃતજ્ઞ મિત્ર જગતમાં થોડાજ હશે; તે સાથે મિત્રતાની મમતા ધરનારા તેવા વીર મિત્રને ઘણો ધન્યવાદ ઘટે છે.

આ પ્રમાણે સૂર્યવતીની સાથે વાર્ત્તાલાપ થતો હતો, ત્યાં શ્રીચંદ્રે પ્રણામ કરી માતાને પુછયું, માતા ! તમે આ સ્થાને કયાંથી આવ્યાં ? મારા પિતાશ્રી કયાં છે ? કુશસ્થલીમાંથી અહીં આવવાનું શું પ્રયોજન છે ? તમારી સાથે કોઈ પણ રાજપરિવાર કેમ નથી ? સૂર્યવતી બોલી—પુત્ર ! તારો ખરો મેળાપ મને આજે બાર વર્ષે થયો છે. કોઈ જ્ઞાની મુનિના કહેવાથી તું મારો પુત્ર છું, એવું મને હમણાંજ જ્ઞાન થયું છે, તું ગુમ થયો. ત્યારે મને અપાર દુઃખ થયું હતું, હું હમેશાં તારૂં સ્મરણ કરીને દિવસ નિર્ગમન કરતી હતી. થોડા દિવસ પહેલાં એવું બન્યું કે, ગર્ભના પ્રભાવને લઇ મને એવો દોહદ થયો કે, હું રૂધિરની વાપિકામાં એકલી સ્નાન કરૂં. આ દોહદની વાર્ત્તા મેં તારા પિતાને જણાવી, તેમણે મારો દોહદ પૂર્ણ કરવાને મંત્રીને પુછી રચના કરી. કુશસ્થલીના વનમાં એક વાવ હતી, તેમાં અલતાનો રસ નખાવ્યો, તેથી તે રૂધિરની વાપિકા હોય, તેવી થઈ ગઈ. પછી મને સુભટોની સાથે ત્યાં સ્નાન કરવા મોકલી. સુભટો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારાથી દૂર રહ્યા, અને હું એકલી તે વાપિકામાં સ્નાન કરવા ઉતરી. ઘણીવાર રૂધીરની બુદ્ધિએ તેમાં ક્રીડા કરી, મેં મારે દોહદ પૂર્ણ કર્યો. રૂધિરના સ્નાનથી તૃપ્ત થઈ હું તે વાપિકાના કાંઠા ઉપર બેઠી. મારાં વસ્ત્ર અલતાના રસથી રાતાં થઈ ગયાં હતાં, તેવામાં આકાશમાંથી ઉડતા કોઇ ભારંડ પક્ષીએ મને ત્યાં રહેલી દીઠી. રૂધીરમય દેખાવ ઉપરથી માંસની બુદ્ધિથી તે પક્ષી મને ત્યાંથી ઉપાડીને ઉડયું. મારો પોકાર સાંભળી સુભટો શસ્ત્ર લઇ દોડી આવ્યા, પણ તેઓ બધાં નિષ્ફળ થયા. આખો દિવસ અને રાત્રિ આકાશમાં ભ્રમણ કરી, તે પક્ષીએ મને જીવતી જાણી કોઈ વનમાં શિલા ઉપર છોડી દીધી. હું ' **નમોऽર્હદ્ભ્યઃ** ' એ મહાવાકય બોલી ત્યાં પડી. મારા શરીરનું મને જરા પણ ભાન રહ્યું નહીં, તે ભયંકર અરણ્યમાં શીકારી પ્રાણીઓના શબ્દ સાંભળી હું ઘણો ત્રાસ પામી, પછી શરીરે કંપતી હું તે અટવીમાંથી નાસવા લાગી: અનુક્રમે આ સ્થળમાં આવી પહોંચી. પુત્ર ! સારા ભાગ્ય યોગે અહીં તમારો મેળાપ થયો. મેં ભોગવેલાં કષ્ટનો મને ઉત્તમ પ્રકારનો બદલો મળ્યો. સુકર્મના પ્રભાવથી મારો હર્ષ સાગર ઉછળી ગયો. તથાપિ હૃદયમાં તારા પિતાને માટે ચિંતા થયા કરે છે. મારા વિયોગથી તેને ઘણું દુ:ખ લાગશે. હજુ તારા વિયોગની પીડા તેઓ અનુભવે છે, તેમાં આ મારો વિયોગ તેને અતિશે કષ્ટરૂપ થઇ પડશે. કુશસ્થળી રાજધાનીમાં એ મહારાજા અત્યારે ભરપુર દુ:ખ ભોગવતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હશે પુત્ર ! હવે ત્યાં સત્વર પહોંચાય તેવો ઉપાય કરવો જોઈએ.

શ્રીચંદ્રે પુનઃ માતાને નમન કરી કહ્યું, માતા ! તમારૂં અને પિતાનું કષ્ટ સાંભળી મને ઘણું દુઃખ લાગે છે, હવે તે દુઃખ દૂર કરવાને આપણે સમર્થ થઈ શકીશું. ચિંતા કરશો નહીં. મારા પુણ્યના પ્રભાવથી તમારૂં દર્શન થયું, તે હું આત્માને ભાગ્યવાન્ માનું છું. ભારંડપક્ષી દ્વીપાંતરમાં જઈ શકે છે, અને તેમનામાં દિવ્ય શક્તિ રહેલી હોય છે. કદિ જો તે પક્ષી તમને કોઈ દ્વીપાંતરમાં લઈ ગયું હોત, તો મને તમારૂં દર્શન કયાંથી થાત ? સારે ભાગ્યે સરવે અનુકુલ થયું છે. માતા ! તમારો ઉપકાર અપ્રતીકાર છે. માતાના વાત્સલ્ય જેવું બીજા કોઇનું વાત્સલ્ય ગણાતું નથી. માતાનું હૃદય દ્રાખ, અમૃત રસ, માખણ અને ચંદ્રનો સાર લઇ ઘડવામાં આવ્યું છે, એમ નીતિશાસ્ત્ર જણાવે છે, તે યથાર્થ છે. જનનીનો પ્રેમ દિવ્ય છે, માતાના હૃદયનો ભાવ અલૌકિક છે. માતા પુત્રના કેવાં ઉપકારી છે, તેનું બ્યાન સાહિત્યકાર નીચેના પદ્યથી વર્ણવે છે.

ऊढा गर्भप्रसवसमये दुःखमत्युग्रशूलं
पथ्याहारैः स्नपनविधिभिः स्तन्यपानप्रयत्नैः ।
विष्टामूत्रप्रभृतिमलिनैः कष्टमासाद्य मात्रा
त्रातः पुत्रः कथमपि यया स्तूयते सैव माता ॥ १ ॥



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતા ગર્ભના પ્રસવ વખતે અતિ ઉગ્ર શૂળ વિગેરેનું દુઃખ વહન કરનારી છે; તે પછી પથ્ય આહાર કરાવવો, સ્નાન કરાવવું, સ્તન પાન કરાવવું, વિષ્ટા અને મૂત્ર વિગેરે મલિનપણામાંથી રક્ષણ કરવું, એમ કષ્ટ પામી માતા પુત્રની રક્ષા કરે છે. તે માતાની સ્તુતિ કરાય તેમાં શી નવાઇ !

માતાજી ! તમારા ઉપકારનો બદલો પુત્રથી કોઇ રીતે વળે તેમ નથી. પુત્ર યાવજ્જીવિત સુધી માતાનો ઋણી છે. એવાં ઉપકારી માતાનાં આજે મને દર્શન થયાં. એ મારાં કેવાં ભાગ્ય ? આ પ્રમાણે કહી શ્રીચંદ્ર પુનઃ માતાના ચરણમાં નમી પડ્યો. માતાએ હાથ ઝાલી બેઠો કરી પુત્રને ઉત્સંગમાં બેસાર્યો. માતાએ પ્રેમથી પુછ્યું, વત્સ ! તારૂં વૃત્તાંત શું છે ? અને આ ગુણચંદ્ર તને કયાં મળ્યો ? તે કહે. પછી શ્રીચંદ્ર ગુણચંદ્રના મુખ સામું જોયું, એટલે ગુણચંદ્રે તેનો સર્વ વૃત્તાંત જણાવ્યો. પુનઃ સૂર્યવતીએ પુછયું, વત્સ ! આ સ્થાને તમે કયાંથી આવ્યા ? તે મને જણાવો. ગુણચંદ્ર બોલ્યો—માતા ! આ તમારા પુત્ર કનકપુરના રાજા થયા છે, અને હું તેમનો મંત્રી થયો છું. લક્ષ્મણ નામના એક જુના મંત્રીને કનકપુરના રાજ્યની સત્તા આપી, અમે બન્ને મિત્ર ફરવાને નીકળ્યા હતા. વેગવાળો અશ્વ ઉપર બેસી અમો બન્ને કનકપુરની બહાર નીકળ્યા, કેટલેક દૂર જતાં એક જંગલ આવ્યું, જંગલમાં ચાલતાં એક વૃક્ષ નીચે સુતેલો વૃદ્ધ અવસ્થાવાળો કાપડી જોવામાં આવ્યો, તેને જગાડી અમે તેની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થિતિ વિષે પુછયું, એટલે તેણે દીન સ્વરે કહ્યું, ભદ્ર ! હું દુઃખી છું, મને અતિસાર ( ઝાડા ) નો રોગ થયો છે, તેથી પીડિત થઇ હું આ વૃક્ષ નીચે અશક્ત થઈ પડયો છું. અહીં મારી સાર સંભાળ લેનાર કોઈ નથી, જો તમે કૃપા કરી મને સહાય કરો, તો હું તમારો ઉપકાર માનીશ. મારા આ કષ્ટસાધ્ય રોગનો કાંઈ પણ ઉપાય કરો. હું વૃદ્ધાવસ્થાને લઇને તે રોગની પીડા સહન કરી શકતો નથી.

તે વૃદ્ધ કાપડીનાં દીન વચન સાંભળી અમને ઘણી દયા આવી, અમો બન્ને અશ્વ ઉપરથી ઉતરી પડ્યા; એ નિરાધાર કાપડીને રોગમુક્ત કરવાનો અમોએ નિશ્ચય કર્યો. શ્રીચંદ્રે તેને આશ્વાસન આપી કહ્યું. ભદ્ર ! ચિંતા કરશો નહીં, અમો બનતી મહેનત લઈ તમારા રોગનો ઉપાય કરીશું. આ નિર્જન વનમાં બીજું કાંઈ સાધન નથી, પણ અહીંથી દૂર ભીલ લોકોનાં ગામ છે, ત્યાંથી કાંઇ ઔષધી લાવી, તમારી પીડા દૂર થાય, તેવો યત્ન કરીશું. તે ડોસાએ કહ્યું, વત્સ ! તમારૂં કલ્યાણ થાઓ. મને અંતકાળે તમારા જેવા સત્પુરૂષ મળી ગયા, તેથી હું ભાગ્યવાન છું. તમારા જેવા નિષ્કારણ ઉપકારી જોઈ, મને પૂર્ણ આશ્વાસન પ્રાપ્ત થાય છે. તમારા જેવા ઉપકારી પુરૂષોથીજ આ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે. જે પુરૂષોનો જન્મ બીજાના ઉપકારને માટે થતો નથી, તે પુરૂષનું જીવન નિરર્થક છે.

તે વૃદ્ધનાં આવાં વચન સાંભળી અમોને ઘણી અસર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઇ. તત્કાળ અમે પાસેના ભીલ લોકોના ગામમાં ગયા, અને અતિસારના રોગને નાશ કરનારાં ઔષધો ત્યાંથી લાવ્યા ઔષધનો ઉપચાર કરી મર્દનપૂર્વક સ્નાન કરાવી, તે ડોસાને સ્વસ્થ કર્યો. બે પહોરમાં તો તેનો રોગ મટી ગયો, અને તે સ્વસ્થ થઈ બેઠો થયો. તે વૃદ્ધ અમારી ઉપર ઘણો પ્રસન્ન થયો, અને તેણે ઝોળીમાંથી એક પાષાણ કાઢી અમોને આપ્યો, અને કહ્યું, ભદ્ર! આ સ્પર્શમણિ છે; લોઢાનો આ મણિથી સ્પર્શ કરશો, તો તે સોનું થઈ જશે. મને કોઇ મહાત્મા પાસેથી પ્રાપ્ત થયો છે. તમારા ઉપકારનો બદલો બીજી રીતે મારાથી વાળી શકાય તેમ નથી, તેથી આ એક ઉપયોગી વસ્તુ તમને ભેટ કરી, હું મારા આત્મામાં સંતોષ માનીશ. શ્રીચંદ્રે તે મણિ લીધો નહીં અને કહ્યું, વૃદ્ધ! મનુષ્ય મનુષ્યનો જાતિ મિત્ર છે; દુઃખી જનને સહાય કરવી, તે પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે. કાંઇ પણ બદલો લેવાની ઇચ્છાથી અમે કર્યું નથી, માટે એ મણિ આપવાની કાંઈ જરૂર નથી. એવી ઉપયોગી વસ્તુની તમારે જરૂર છે. વૃદ્ધાવસ્થામાં દ્રવ્ય હોય, તો સેવા થઇ શકે છે, માટે તમે તે વિષેનો આગ્રહ કરશો નહીં. તરતજ વૃદ્ધ સંભ્રમથી બોલી ઉઠ્યો, અરે ભાઈ! આ શું બોલો છો? મારો હાથ પાછો ઠેલશો નહીં, મારે હવે આ વસ્તુની જરૂર નથી, આ વસ્તુના અધિકારી તમેજ છો; વળી સર્વ રીતે સુપાત્ર છો, હું કાંઈ બદલો આપતો નથી, પણ મારા એક ગરીબ વૃદ્ધનું સર્વદા સ્મરણ રહેવાને માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ વસ્તુની ભેટ આપું છું. જો તમે ન સ્વીકારો તો, તમને મારા સોગન છે; એમ કહી તે વૃદ્ધે અતિ આગ્રહ કરી, અમને તે સ્પર્શમણિ ભેટ કર્યો. તે પછી વૃદ્ધે જણાવ્યું. મારૂં આયુષ્ય પૂર્ણ થયું છે, હવે હું આ શરીર છોડી દઉં છું, એમ કહી તે નીચે પડી ગયો. મૃત્યુ વખતે તેણે અમને સૂચના કરી કે, આ સ્પર્શમણિથી અગણિત દ્રવ્ય સંપાદન થશે, તેથી તે દ્રવ્યનો સદુપયોગ કરજો. આ ભારતભૂમિને ઋણ રહિત કરજો, દીન જનોનો ઉદ્ધાર કરજો, સાધર્મિ વાત્સલ્ય કરી જૈન વર્ગનો ઉદય કરજો, આર્હત ધર્મની ઉન્નતિ થાય, તેવાં સાર્વજનિક કામો ઉભાં કરજો, અને આ મારા મૃત્યુને સ્થાને એક જૈન વિહાર કરજો આ પ્રમાણે કહી તે વૃદ્ધે પોતાનો પ્રાણ છોડી દીધો.

માતુશ્રી ! તેની ઉત્તરક્રિયા કરી અમે ત્યાંથી આગળ ચાલ્યા. થોડે દૂર જતાં એક સુંદર બાગ જોવામાં આવ્યો, અમે તેની અંદર દાખલ થયા, ત્યાં એક વાંસનું જાળ જોવામાં આવ્યું. તે વાંસને સો પર્વ હતાં, તે પકવ, સરલ અને ઉન્નત હતો. શાસ્ત્ર પ્રમાણે તેનાં લક્ષણ જોઇ અમે તે વાંસને ચીર્યો, તેમાંથી નર અને માદા એમ બે મણિ નીકળ્યાં. તેનાં લક્ષણ જોઈ શ્રીચંદ્રે મને કહ્યું, મિત્ર ! આ ઉત્તમ પ્રકારનાં વંશમણિ છે, જે આ વૃદ્ધ મણિ છે, તે નર છે, અને જે આ લઘુ મણિ છે, તે માદા છે, આ મણિઓમાં એવો ગુણ છે કે, જે આ માદા છે, તે દ્રવ્ય લઇને બીજાને આપીએ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો પાછી તે માદા જ્યાં નર હોય, ત્યાં સ્વતઃ આવે છે; પણ તે દ્રવ્ય ઘણું દુષ્ટ કહેવાય છે. કારણ કે તેથી બીજાને છેતરવાનું થાય છે, માટે ઉત્તમ પુરૂષો એવું કામ કરતા નથી.

જનની! અમે ત્યાંથી આગળ ચાલ્યા, ત્યાં એક ઉંચો પર્વત જોવામાં આવ્યો, પર્વતની રચના જોઈ અમને જોવાની ઇચ્છા થઇ, તે ઉપર ચડતાં એક ગુફા આવી, તે ગુફાનો દેખાવ જોવાને અમે અંદર ગયા, તેમાં ઘણીવાર ફર્યા, તેથી અમને ઘણી તૃષા લાગી, બાહેર નીકળી કોઈ જળાશય શોધવા માંડયું. જળાશય શોધતાં એક સ્ત્રીને રૂદન કરતી દીઠી, તેણીને અમે જળને માટે પુછયું, એટલે તે સ્ત્રીએ એક લોઢાનો કુંભ અમારી આગળ લાવીને મુકયો. તે સ્ત્રી કઈ જાતિની છે, તે જાણ્યા વિના અમને તેણીનું જળ પીવું યોગ્ય લાગ્યું નહીં, પછી તેણે બતાવેલા જળાશયમાં જઇ અમે તૃપ્તિથી જળપાન અને સ્નાન કર્યું. પાછા તે દુઃખી સ્ત્રીની પાસે આવી તેના રોવાનું કારણ પુછયું, એટલે તે સ્ત્રીએ નીચે પ્રમાણે પોતાનો વૃત્તાંત કહ્યો.

ભદ્ર! હું ભીલ જાતિની સ્ત્રી છું, આ પર્વતની નજીક વીણાપુર નામે નગર છે, તે નગરનો **પદ્મનાભ** નામે રાજા છે, તે રાજાના નગરની નજીક એક બીજું નગર છે, તેમાં એક રાજા છે, તેના દરબારમાં એક સુવર્ણનો કુંભ હતો. એક વખતે કોઇ ચોરે તે રાજાનો સુવર્ણ કુંભ ચોરી લીધો, પગી લોકોએ તે ચોરીનું પગીરૂં કાઢયું, દૈવયોગે તે પગ અહીં મારા

સ્થાન આગળ આવ્યો. તરતજ રાજપુરૂષોએ મારા પતિને કેદ કરી લીધો. અમે નિરપરાધી હતાં, તે લોકોની આગળ ઘણા કાલાવાલા કર્યા, પણ તેઓએ માન્યું નહીં, અને મારા પતિને કારાગૃહમાં લઇ ગયા. રાજાએ એવી આજ્ઞા કરી છે કે, જ્યારે તે ભિલ સોનાનો કુંભ આપે, ત્યારે તેને છોડવો ભદ્ર! મારા ઘરમાં તેવો કુંભ કયાંથી હોય? અને મારો પતિ શી રીતે છુટે? આ અફસોસથી હું રૂદન કરૂં છું.

તે ભીલડીની ઉપર શ્રીચંદ્રને દયા આવી. તત્કાળ તેણે તેણીના ઘરમાંથી પહેલો લોઢાનો કુંભ મંગાવ્યો, તેને સ્પર્શ મણીથી સુવર્ણનો કરી દીધો. તે જોઈ કિરાતી આશ્ચર્ય પામી ગઈ, તત્કાળ તે સુવર્ણનો કુંભ રાજાને આપી તેના પતિને છોડાવ્યો. ભીલડીએ પોતાના પતિને શ્રીચંદ્રકુમારના નિષ્કારણ ઉપકારની વાર્ત્તા જણાવી. ભીલે રાજકુમારનો ઘણો આભાર માન્યો, અને પોતાનાથી તેનો બદલો વાળી શકાય તેમ નથી, તેને માટે અફસોસ કર્યો.

માયાળુ માતા! ત્યાંથી અમો બન્ને ચાલીને વીણાપુર નગરમાં આવ્યા. તે પ્રખ્યાત નગરના ગઢની તથા મંદિરની શોભા જોઇ અમને અતિ આનંદ થયો. ઘણી વાર ફરીને તે રમણીય નગરની રચના અમે જોવા નીકળ્યા, પછી શાંત થઇ એક રાજમાર્ગની વચમાં બેઠા, તેવામાં એક અદ્ભુત બનાવ બન્યો વીણાપુરના રાજા પદ્મનાભને ઘેર **પદ્મશ્રી** નામે એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુત્રી છે, તે પેલી [1] સારિકાનો જીવ હતો. સારિકા મૃત્યુ પામીને **પદ્મનાભ** રાજાને ઘેર જન્મી હતી, તે પદ્મશ્રીને તે રાજાના મંત્રીની પુત્રી **કમળશ્રી**ની સાથે મૈત્રી હતી. કમળશ્રી સર્વદા **પદ્મશ્રી**ની સાથેજ રહેતી હતી, બંને સખીઓ ક્રીડા કરીને આવતી હતી. જે માર્ગે અમે શાંત થઇ બેઠા હતા, ત્યાંથી પદ્મશ્રી સખી સાથે પ્રસાર થઇ. તત્કાળ પદ્મશ્રીની દૃષ્ટિ શ્રીચંદ્ર ઉપર પડી, પૂર્વ ભવના સંબંધને લઇ તેણીના હૃદયમાં તત્કાળ રાગ ઉત્પન્ન થયો. પવિત્ર પ્રેમનું બીજ તેણીના હૃદય ક્ષેત્રમાં અંકુરિત થઇ ગયું. તે રાજબાળાએ બાવના ચંદનથી શિખા સુધી ભરેલું એક કચોળું પોતાની સખીની સાથે શ્રીચંદ્રકુમારની આગળ મોકલ્યું. સખીએ નમ્ર થઈ રાજકુમારને કહ્યું, મહાનુભાવ! આ નગરના રાજા પદ્મનાભની કુંવરી પદ્મશ્રીએ આ ચંદનપાત્ર આપને ભેટ મોકલ્યું છે. ચતુર કુમારે તે કચોળું જોઇ વિચાર્યું કે, આ વસ્તુ ભોગની છે, પણ તે ભોગને માટે મોકલ્યું નથી, મારો આશય જાણવાને મોકલ્યું છે. આવું ચિંતવી રાજકુમારે તે કચોળામાં પોતાની મુદ્રિકા મુકી, અને સખીને વિદાય કરી. સખીએ પદ્મશ્રીને તે આપ્યું, એટલે રાજકુમારી ખુશી થઈ, અને પોતાનું કાર્ય સિદ્ધ થયું, એમ તેણીને નિશ્ચય થયો. પછી રાજપુત્રીએ કેટલાંએક છુટાં પુષ્પ મોકલ્યાં. ચતુર શ્રીચંદ્રે તેની માળા ગુંથીને સામી મોકલી.

---

[1] આ સારિકા સૂર્યવતીની પાસે રહેતી હતી, જેનો સંબંધ આગળ કહેવામાં આવ્યો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સમસ્યા જોઇ મને આશ્ચર્ય થયું. મેં તે વિષે સ્પષ્ટ જાણવા રાજકુમારને વિનંતિ કરી, એટલે રાજકુમારે મને જણાવ્યું, મિત્ર ! આ સમશ્યાનો ભાવાર્થ એવો છે કે, તે ચતુરાએ ચંદનનું ભરેલ પાત્ર મોકલી એમ જણાવ્યું કે, આ ચંદન પાત્રની જેમ મારામાં ઉત્તમ પ્રેમ ભર્યો છે, આપ સ્વીકારો. મેં મુદ્રિકા મુકી એમ જણાવ્યું કે, આ મારા મુદ્રારત્નની જેમ મારૂં પણ તેમાં સ્થાન છે, આથી સંતુષ્ટ થઈ રાજબાળાએ છુટાં પુષ્પ મોકલી જણાવ્યું કે, હું આ છુટાં પુષ્પની જેમ નિર્ગુણ અને સહાય વગરની છું, મેં તેની માળા ગુંથી જણાવ્યું કે, પુષ્પરૂપ ગુણની સંગતથી આ માળા મસ્તકપર ધારણ કરવાને યોગ્ય છે. આ ભાવાર્થ જાણી મને ઘણો આનંદ થયો, પછી પરસ્પર દ્રષ્ટિરાગ દર્શાવી, રાજકુમારી તેની સખી સાથે પોતાને સ્થાને ચાલી ગઈ. પૂર્વ ભવના સંબંધને લઈ તે પ્રેમ વૃક્ષ પલ્લવિત થવાને યોગ્ય થયું. પદ્મશ્રીએ સખીદ્વારા તે વિચાર પોતાના પિતાને જણાવ્યો, રાજા પદ્મનાભે પણ તેને હૃદયથી અનુમોદન આપ્યું.

માતા ! તે દરમીયાન પેલો વનનો ભીલ અમારી પાછળ શોધતો શોધતો આવ્યો, તેણે આવી અમોને વિનયથી જણાવ્યું, ઉપકારી મહાશય ! મારી ઝુંપડીમાં પધારી મારૂં આતિથ્ય અંગીકાર કરો. તમે મને જીવિતદાન આપ્યું છે. તેના નિર્મલ આગ્રહથી અમે તે ભીલને ઘેર ગયા; દ્રાખ, આમ્રફળ, નારંગી, ફણસ, અને બીજાં મધુર ફળ આપી, તે ભીલે અમારૂં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું. તે વખતે હેમંત ઋતુ ચાલતી હતી, તે છતાં વસંત વિગેરે ઋતુઓનાં મધુર ફળ જોઇ, અમને આશ્ચર્ય થયું. રાજકુમારે તે કિરાતને પુછયું, ભદ્ર ! આ હેમંતઋતુમાં બીજી ઋતુઓનાં ફળ કયાંથી ? તેનું શું કારણ છે ? તે કહો. કિરાત બોલ્યો—મહાનુભાવ ! આ ઉંચા પર્વતને પાંચ મોટાં શિખરો છે, તેઓમાં એક શિખર ઘણુંજ ઉંચું છે, તે ઉપર ઈશાન ખૂણે **વિજયા** નામે તેની અધિષ્ઠાત્રી દેવી રહે છે, એ દેવીની આ પર્વતને ઘણી સહાય છે. તે મહાદેવીના મંદિર આગળ એક વૃક્ષ છે, તેમાં સર્વ ઋતુઓનાં સર્વદા ફળ થાય છે. એ મહામાયા શક્તિના પ્રતાપથી કોઇ દુષ્ટ જન અહીં રહી શકતો નથી. ગિરિવનના વાસીઓ તે દેવીને પરમેશ્વરી, શંબરી, શંકરી, ભગવતી, ભવાની, ભાસુરી, જગદંબા, અને મહામાયા કહી સ્તવે છે. પુષ્પોના હારથી, ચંદનથી, અને વિવિધ જાતનાં બળિદાનથી તે મહાદેવીની મહા પૂજા કરે છે. વનની ગોપીકાઓ એ ગૌરીનાં ગીત ગાય છે. જો આપની ઈચ્છા હોય, તો તે દેવીનું મંદિર જોવા પધારો, એ સ્થળ ઘણું રમણીય છે.

માતા ! તે ભીલના કહેવાથી અમે તે ઉંચા શિખર ઉપર ચડ્યા, ત્યાં વનની રમણીયતા જોઇ અમને ઘણો આનંદ આવ્યો. ઉપર જતાં એક સ્વચ્છ જળનું સુંદર સરોવર આવ્યું તેમાં અમોએ સ્નેહથી સ્નાન કર્યું, પછી આગળ ચાલ્યા, ત્યાં એ અધિષ્ઠાત્રીનું મનોહર સ્થાન જોવામાં આવ્યું, તેની આગળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિવિધ જાતનાં વૃક્ષોની શ્રેણી આવેલી હતી, ગોસ્તની, આંબા, કદંબ, કદલી, નાળીએર, ખજુર, રાયણુ, જાંબુ, જંબીર, લીંબુ, બીજોરા, જામ, નારંગી, દાડિમ, ફણસ, ચારોલી, આંબળાં, આંબલી, પીલુ, કરણુ, વઅણુા, ગુદાં, બોરડી, ટીમણી, ચીભડી, દ્રાખ, લવીંગ, એલાઇચી, નાગરવેલ, જુઇ, કેવડો, જાઇ, ડોલર, ચંપક, કેતકી અને માલતી વિગેરે ઘણાં મનોહર વૃક્ષો પલ્લવિત થઇ ઉભાં હતાં, તે જોઇ અમને અત્યંત આલ્હાદ થયો.

તે ઉત્તમ સ્થળ જોઈ, રાજકુમારે ત્યાં ઘણા દિવસ પડાવ નાંખ્યો. તે અધિષ્ટાત્રીને પ્રસન્ન કરી, તે સ્થળે એક ગિરિનગર વસાવી, સુંદર વિમાનના જેવું જિનાલય કરાવ્યું. તેની પ્રતિષ્ટા કરી, ચૈત્યના નિર્વાહ માટે ગોઠવણ કરી, તે ભીલને ઉત્તમ પ્રકારની શિક્ષા આપી, પછી અમે ત્યાંથી નીચે ઉતર્યા.

માતુશ્રી ! ત્યાંથી અમે આગળ ચાલ્યા, ત્યાં કોઈ એક તરૂણ પુરૂષ બે પોપટનાં પાંજરાં સાથે અમને સામો મળ્યો. તેને અમોએ પુછ્યું કે, તમે કયાંથી આવો છો ? અને આ પક્ષીઓ કેવાં છે ? તે વખતે તે શુક પક્ષીઓએ અમારી સાથે ભાષણ કરવા માંડયું. ભાષણ ઉપરથી તે પક્ષીઓનું શાસ્ત્રજ્ઞાન જાણવામાં આવ્યું; તે સાંભળી રાજકુમાર ઘણા ખુશી થયા. તેમણે તે મુસાફરને પુછ્યું કે, આ પક્ષી કયાંથી લાવો છો ? આવાં પઢેલાં પક્ષી તમને કયાંથી મળ્યાં ? તે કોઈનાથી પ્રાપ્ત થયાં છે, કે વેચાતાં લીધાં છે ? તે મુસાફર બોલ્યો, ભદ્ર !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નંદનગરમાં હરિષેણ નામે રાજા છે, તે ઘણો ગુણવાન્ અને કૃતજ્ઞ છે, તેમને **તારાલોચના** નામે એક કુમારી છે, વીણાપુરના રાજાની **પદ્મશ્રી** નામે એક ગુણવાન્ પુત્રી છે, તેની તે **તારાલોચના** પ્રેમપાત્ર સખી છે, તે બાળાએ પોતાની સખી **પદ્મશ્રીને** માટે આ બે પક્ષીઓ ભેટ મોકલ્યાં છે, અને મારી સાથે તેણીએ કહેવરાવ્યું છે કે, સખી ! તેં સ્વયંવરમાં જે પતિને પસંદ કરવા ધાર્યો છે, તેજ મારો પતિ છે. આપણ બંને એકજ પતિને વરી, યાવજ્જીવિત સાથે રહેશું. મારો સ્નેહ તારી સાથે સંલગ્ન છે, મારૂં જીવન તારા જીવનની સાથે અભેદપણે રહે, એવી મારી ઇચ્છા છે. આ પ્રમાણે કહી તે મુસાફર અમને પ્રણામ કરી, અને રજા લઈ ચાલ્યો ગયો.

તે ગયા પછી મેં રાજકુમારને જણાવ્યું કે, મિત્ર ! વિણાપુરના સ્વયંવરમાં આપણે જઇએ. એ મહા સ્વયંવર જોવા જેવો થશે. દેશ દેશના રાજાઓ તેમાં સામેલ થશે. અમે આમ વાર્ત્તાલાપ કરતા હતા, તેવામાં કોઇ પુરૂષે આવી જણાવ્યું કે, વીણાપુરનો સ્વયંવર જોવા જેવો છે. રાજકુમારી પદ્મશ્રીએ અમુક પુરૂષને વરવાની પ્રતિજ્ઞા કરી છે, સ્વયંવરનો મંડપ ઘણો સુશોભિત બનાવવામાં આવ્યો છે, રાજા પદ્મનાભે અતિ આદરથી મોટા મોટા મહીપતિઓને બોલાવ્યા છે, આ સાંભળી અમને ત્યાં જવાની વધારે ઉત્કંઠા થઈ, પછી અમો બંને મિત્રો વેગથી વીણાપુરમાં આવી પહોંચ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતા ! જ્યારે સ્વયંવરનો દિવસ આવ્યો, તે વખતે રાજકુમારોથી ભરપૂર થયેલા મંડપમાં અમે દાખલ થયા. શ્રીચંદ્રકુમાર જ્યારે મંડપમાં આવ્યા, એટલે બીજો કોઈ રાજવીર તેમને ઓળખી શકયો નહીં, પણ પ્રથમ મળેલા હરિ નામના એક ચારણે તેમને ઓળખી લીધા. તત્કાળ તે ઉભો થઇ, નીચે પ્રમાણે પ્રાકૃત કાવ્ય બોલ્યો—

दाने कीर्त्ति वधे घणी, दाने दोलत होय,
दान किहांए दीधुं हतुं, अफल न थाये कोय ॥ १ ॥

તે પછી તે નીચેનું સંસ્કૃત પદ્ય બોલ્યો—

पात्रे पुण्यनिबंधनं तदितरे दीने दयाख्यापकम् ।
मित्रे प्रीति विवर्द्धनं रिपुजने वैरापहार क्षमम् ।
भट्टादौ च यशस्करं नरपतौ सन्मानसंपादकं ।
मृत्ये भक्त्यतिशायि दान मफलं श्रीचंद्र न क्वापिते ॥ १ ॥

પાત્રમાં આપેલું દાન પુણ્યને બાંધનારૂં થાય છે, બીજા દીન જનને આપેલું દાન દયા જણાવે છે, મિત્રમાં આપેલું હોય તો, પ્રીતિ વધારે છે, શત્રુજનને આપેલું હોય તો, વૈરનો નાશ કરવામાં સમર્થ થાય છે; ભાટ, ચારણ વિગેરેને આપેલું દાન યશ વધારે છે. રાજાને આપેલું દાન સન્માન અપાવે છે, અને સેવકને આપેલું દાન અતિશે ભક્તિ કરાવે છે. હે શ્રીચંદ્ર ! તમારૂં આપેલું દાન કયાંઈ પણ નિષ્ફળ થતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે કાવ્ય બોલ્યા પછી તે નીચેનો છંદ બોલ્યો:—

જે પરનારી સહોદર સુંદર, દુઃસ્થિત જન આધાર;
જે કાયર નર જરણાગત વર, વજ્રપંજર અનુકાર, ૧
જે નિષ્કારણ મેઘ તણીપરે, કરતા બહુ ઉપકાર;
તે શ્રીચંદ્ર સદા જયવંતો, અર્થિત સુર સહકાર. ૨

આ કાવ્યો સાંભળી રાજકુમારે તે હરિ ચારણને ગુપ્ત રીતે ઈનામ આપ્યું, પછી કુમારે મને કહ્યું કે, મિત્ર ગુણચંદ્ર ! આ ચારણ આપણને છતા કરશે, માટે ચાલો અહીંથી ચાલ્યા જઈએ. પછી અમો એકમત કરી ત્યાંથી ચાલી નીકળ્યા. અનુક્રમે આ અરણ્યમાં આવી યક્ષમંદિરમાં રાત્રી રહ્યા. પ્રાતઃકાળે આપ પરમ પવિત્ર માતુશ્રીનાં અમોને દર્શન થયાં; જેનો અતુલ આનંદ અત્યારે અનુભવીએ છીએ. માતા ! શ્રીચંદ્રકુમારની પુણ્યસમૃદ્ધિ ઘણી બળવાન્ છે; જેમાં અમે વિઘ્નની શંકા કરતા, તેમાંથી અમને લાભ થતો હતો. તમારા પ્રતાપી પુત્રે સર્વ સ્થળે અત્યાર સુધીમાં વિજયજ મેળવ્યો છે, તેમના ધાર્મિક વિચારો, શ્રાવક ધર્મપર દૃઢતા, અને પવિત્ર ભાવનાઓ સર્વ સ્થળે તેમનું યશોગાન કરાવે છે.

આ પ્રમાણે શ્રીચંદ્ર ગુણચંદ્ર અને સૂર્યવતી વાર્તાલાપ કરતાં હતાં, ત્યાં એક પુરૂષ અશ્વ ઉપર બેસી, પગલાં જોતો ત્યાં આવ્યો. તે પુરૂષની આકૃતિ વીરનરના જેવી હતી, તેના હાથમાં ચળકતું ભાલું રહેલું હતું. મુખમુદ્રા ઉપર વિચારમાળાનાં ચિન્હ દેખાતાં હતાં, પોશાક સાદો હતો, તથાપિ

તેનો દેખાવ રાજકીય પુરૂષના જેવો લાગતો હતો. તે શ્રીચંદ્રને જોતાંજ અશ્વ ઉપરથી ઉતરી પડયો, તેના હૃદયમાં શ્રીચંદ્રની ઓળખાણ આવી ગઇ. પાસે આવી તેણે શ્રીચંદ્રને પ્રણામ કર્યો. શ્રીચંદ્રે તેનો પ્રણામ સ્વીકારી પુછયું, તમે કોણ છો ? તે વિનયથી બોલ્યો, રાજકુમાર ! હું વીણાપુરના રાજા પદ્મનાભનો **બુદ્ધિસાગર** નામે મંત્રી છું. આપને મળવાને માટે ખાસ અહીં આવ્યો છું, અમારાં રાજકુમારી પદ્મશ્રીએ આપને જોયા છે, ત્યારથી તે તમારીપર અનુરાગી થયાં છે, તેમની સાથે રહેનારી મારી પુત્રી તમારા મિત્ર આ ગુણચંદ્ર ઉપર રાગી થયેલી છે. આ વૃત્તાંત જાણી અમારા મહારાજાએ મને તમારી શોધને માટે મોકલ્યો હતો. હું ઘણે સ્થળે ફર્યો, પણ કોઈ ઠેકાણે મને તમારો પત્તો મળ્યો નહીં. છેવટે આ તરફ જોઇને મારે પાછા જવું હતું, ત્યાં અહીં તમારાં દર્શન થયાં; તેથી મારા મનને ઘણો આનંદ થયો છે. હવે કૃપા કરીને મારી સાથે વીણાપુરમાં પધારો. ત્યાં મહારાજાએ પદ્મશ્રીનો સ્વયંવર રચ્યો હતો, ઘણા રાજકુમારોએ તેમાં ભાગ લીધો હતો, પણ પદ્મશ્રીએ કોઇ રાજકુમારને પસંદ કર્યો નહીં. આશાભરેલા રાજકુમારો પદ્મશ્રીના અનાદરથી નિરાશ થઇ ચાલતા થયા. પોતે કરેલ સ્વયંવર વ્યર્થ થવાથી અમારા મહારાજાને ઘણો ક્ષોભ થઇ પડયો છે. મહારાજા ચિંતાતુર થઇ " હવે શું કરવું " એવા વિચારમાં મગ્ન થઈ ગયા છે, ભારતભૂમિમાં વીણાપુરના રાજાની સ્વયં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વરને માટે ચર્ચા થઈ પડી છે, પદ્મશ્રીને યોગ્ય કોઇ રાજવીર મળશે નહી, અને તે રાજકુમારી કુંવારીજ રહેશે, એમ લોકવાર્ત્તા થવા લાગી છે. મહાનુભાવ ! હવે કૃપા કરી પધારો. વીણાપુરના અધીશ્વરની પ્રતિષ્ટાનો સત્વર ઉદ્ધાર કરો, રાજાઓની કીર્ત્તિ રાજાઓએજ વધારવી જોઈએ. કોઇ પણ ક્ષત્રિયની ચર્ચા થાય, તે દરેક ક્ષત્રિયબંધુને લજ્જા કરનારૂં છે.

મહાનુભાવ! જ્યારે હું અહીં આવવા તૈયાર થઇ રાજા આગળ આવ્યો, ત્યાં એક અદ્‌ભુત બનાવ બન્યો હતો. કોઈ પુરૂષ મેના પોપટની જોડ લઇ પદ્મશ્રીને ભેટ કરવા આવ્યો. પદ્મશ્રી પિતાના ઉત્સંગમાં બેઠાં હતાં, ત્યાં તે પુરૂષ આવી બોલ્યો, મહારાજા ! આ મેના પોપટની જોડ અમારી રાજકુમારી તારાલોચનાએ રાજકુમારી પદ્મશ્રીને માટે ભેટ મોકલાવી છે. તત્કાળ પદ્મશ્રીએ હર્ષ પામી. એ પક્ષીની જોડ હાથમાં લીધી. તેમને જોતાંજ રાજકુમારી મૂર્છા ખાઇ ભૂમિ ઉપર પડી ગયાં. મહારાજાએ શીતળ ઉપચાર કરી પદ્મશ્રીને સાવધાન કર્યા, અને પછી મૂર્છા આવવાનું કારણ પુછયું. રાજકુમારીએ પોતાના પિતાને કહ્યું, પિતાજી ! આ પક્ષીઓને જોઈ મને જાતિસ્મરણ થઈ આવ્યું છે. પૂર્વે કુશસ્થળી નગરીમાં રાણી સૂર્યવતીની પાસે હું મેનારૂપે હતી, મને જૈન ધર્મ ઉપર ઘણી આસ્તા હતી. એક વખતે નગરની બાહેરના ઉદ્યાનમાં આવેલ આદિનાથ પ્રભુના મંદિરમાં હું પૂજા કરવાને ગઈ હતી, ત્યાં મેં એક રાજકુમારને જોયો, અને તેની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપર રાગ કરી અનશન લઈ, નિયાણું કરી, મેં મારા દેહને છોડી દીધો; ત્યાર પછી હું અહીં તમારે ઘેર અવતરી છું. પૂર્વે ધારેલા તેજ રાજકુમારનાં મારે પુનઃ દર્શન થયાં છે, તેથીજ મેં તેને વરવાનો નિશ્ચય કર્યો છે. હવે આજથી હું ભોજન પાનનો ત્યાગ કરૂં છું, તે પ્રથમ ધારેલા પતિને મેળવ્યા પછીજ હું અન્ન જળ લઇશ. પછી મહારાજાએ મને સત્વર આજ્ઞા કરી, અને હું આપની શોધ કરવાને નીકળી પડયો; મહાનુભાવ ! હવે સત્વર તૈયાર થાઓ. એ રાજકુમારીના જીવનને ટેકો આપો.

મંત્રી બુદ્ધિસાગરનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર કાંઇ પણ બોલ્યો નહીં. લજ્જાવાળા મુખે રાજકુમારે માતાની સામું જોયું, એટલે સૂર્યવતી બોલી, વત્સ ! તૈયાર થા, રાજકુમારી પદ્મશ્રીના જીવનને અવલંબન આપ. ભાઇ ગુણચંદ્ર ! તું પણ ઉભો થા. આ મંત્રીની સુતા કમળશ્રીનું પાણીગ્રહણ કર. મને પુત્રનો વિવાહ કરવાની ઘણી હોંશ થઇ છે. તમારા બંનેનો વિવાહોત્સવ જોઇ, હું હૃદયમાં આનંદ પામી મારા જીવનને કૃતાર્થ કરૂં. પુત્રનું વિવાહ માંગલ્ય જોઇ કઇ માતા ખુશી ન થાય ? માટે પુત્રો ! ચાલો મારા મનોરથ પૂર્ણ કરો. માતાની આજ્ઞા માન્ય કરવી, એ વિનયી પુત્રનો ધર્મ છે.

માતાનાં વચન સાંભળી શ્રીચંદ્રના હૃદયમાં અસર થઇ આવી. તરત તેણે ગુણચંદ્રને સમશ્યા કરી. બંને કુમારો માતાને લઇ મંત્રીની સાથે વીણાપુરમાં આવ્યા. મંત્રીની સૂચ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાથી સૂર્યવતીને માટે એક સારા ઉતારાની ગોઠવણ કરી. વીણાપુરના રાજા પદ્મના અંતઃપુર તરફથી સૂર્યવતીને ભારે માન મળ્યું. હજુ સ્વયંવરની શોભા તેમની તેમ રાખી હતી, પદ્મરાજા પોતાની પુત્રી પદ્મશ્રીને લઇ સ્વયંવર મંડપમાં આવ્યો, અવશિષ્ઠ રહેલા સર્વ રાજમંડળમાં શ્રીચંદ્ર પોતાના મિત્રની સાથે દાખલ થયો. શ્રીચંદ્રને જોતાં પેલો પૂર્વનો હરિ ચારણ નીચેનું કવિત બોલ્યો.

## છપ્પો.

પૂર્વ કુશસ્થળ નયર, પ્રથમ જિનભવને દેખી,
સારિકા કરે નિદાન, ચારૂ જિન ધર્મને પેખી;
અણસણ કરી થઇ ઇશ્વ, નયર વીણાપુર રાજા,
**પદ્મ પદ્માવતી** કંત, **પદ્મશ્રી** પુત્રી તાજા;
પ્રથમા નિજ બુદ્ધે કરી, પછી જાતિસ્મરણથી પેખીયો;
તે શ્રીચંદ્ર જયોચિરં, આજે નયણે મેં નિરખિઓ. ૧

આ કવિતા સાંભળી સૂર્યવતીને અતિ આનંદ ઉત્પન્ન થયો, તેણીએ તરતજ એક કીંમતી હાર તે કવિને ભેટ કર્યો. શ્રીચંદ્રકુમારને દેખતાંજ પદ્મશ્રીની મુખમુદ્રા પ્રસન્ન થઇ ગઈ, અંગપર રોમોદ્‌ગમ ;થઇ આવ્યો, સાત્વિક ભાવના અંકુર સ્ફુરણાયમાન થઈ ગયા. પવિત્ર પ્રેમની છાયા છવાઇ ગઈ, રાજબાળાએ આવી અંતરથી પતિની પ્રેમ પૂજા કરી, કંઠમાં વરમાળા આરોપણ કરી, તે વખતે હર્ષની ગર્જનાથી સ્વયં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રર મંડપ ગાજી રહ્યો. વાજીંત્રોએ મધુર નાદ સાથે અનુમોદન આપ્યું. વીણાપુરનું રાજકુટુંબ હર્ષમાં મગ્ન થઇ ગયું. આ ક્રિયા પૂર્ણ થઇ, ત્યાંજ વિવાહની માંગલ્ય ક્રિયાનો આરંભ થયો. બુદ્ધિસાગર મંત્રીની પુત્રી કમળશ્રી મોટા ઠાઠમાઠથી ત્યાં આવી. તેણીએ સર્વ સમક્ષ ગુણચંદ્રની કંઠમાં વરમાળા આરોપણ કરી, બંને મિત્રોની લગ્ન ક્રિયા ત્યાંજ કરવામાં આવી. જૈન વિવાહ સંસ્કારના પવિત્ર મંત્રોથી લગ્ન મંડપ ગાજી રહ્યો. આ પ્રસંગે પદ્મશ્રીની સખી તારાલોચના આવેલ, તે પણ શ્રીચંદ્રને વરી હતી. પુત્રનો વિવાહોત્સવ જોઇ, સૂર્યવતી ઉલ્લાસમાં આવી ગઇ. તેણીએ વર કન્યાનાં ઓવારણાં લઇ, હૃદયથી આશીષ આપી. વિવાહિત વર કન્યા માતાનાં ચરણમાં નમી પડયાં. પદ્મ રાજાએ પણ આનંદપૂર્વક લગ્નની ભેટ અર્પણ કરી, વિવાહ ક્રિયા પૂર્ણ થયા પછી શ્રીચંદ્ર ચડી સ્વારીએ રાજબાળાની સાથે ગાજતે વાજતે પોતાના ઉતારામાં આવ્યો. ગુણચંદ્ર પણ કમળશ્રીને લઇ સાથેજ આવ્યો. બંને મિત્રોએ વિવાહ વિજય કરી, માતા સૂર્યવતીને હર્ષ પમાડી, અને પોતાના વડિલની આજ્ઞાને માન્ય કરી.

વાંચનારને અહીં શંકા થઇ હશે કે, શ્રીચંદ્ર અને પદ્મશ્રીના યોગ પૂર્વ ભવના સંબંધને લઇને જેમ થયો, તેમ ગુણચંદ્ર અને કમળશ્રીનો સંબંધ કેવી રીતે થયો? તેમાં કાંઇ પણ હેતુ હોવો જોઇએ. પૂર્વના સંબંધ વિના વિવાહનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગ થતો નથી, એ આર્હત ધર્મના સિદ્ધાંત છે. તે શંકાના સમાધાનમાં કહેવાનું કે, ગુણચંદ્ર અને કમળશ્રીનો યોગ પણ પૂર્વના સંબંધથીજ છે. જેનો પૂર્વ વૃત્તાંત નીચે પ્રમાણે છે.

પ્રથમના ખંડમાં ધરણ નામના એક જોષીના વૃત્તાંત આવ્યો હતો. ધરણ પોતાને લાગેલ સ્ત્રીહત્યાના પાપને દૂર કરવા શત્રુંજય તીર્થે ગયો હતો, ત્યાં એ મહાનુભાવ જપ, તપ, અને ધ્યાન કરી, હત્યા પાપમાંથી મુક્ત થયો. ધરણને સ્ત્રીહત્યાનું પાપ લાગ્યું હતું, પોતાની પહેલી સ્ત્રી શ્રીદેવીને તેણે જીવથી મારી નાખી હતી, શ્રીદેવી આર્હત ધર્મની ભક્તા હતી, તેથી તે સમાધિ મરણથી મૃત્યુ પામી, પુનઃ માનુષ ભવને પ્રાપ્ત થઈ નંદપુરમાં સુંદર શેઠને ઘેર **જિનદત્તા** નામે તે પુત્રી થઇને અવતરી હતી. પૂર્વનાં સુકૃતથી **જિનદત્તા** પરમ શ્રાવિકા થઇ હતી. તે યૌવનવયને પ્રાપ્ત થઇ, તથાપિ તેનામાં પતિની ઇચ્છા થતી નહતી. એક વખતે **જિનદત્તા** પિતાના સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રાએ આવી હતી, તીર્થમાં પોતાના પૂર્વ પતિ ધરણને તપસ્યા કરતો જોઇ, પૂર્વ ભવના સંબંધને લઈ તેના હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થઇ આવ્યો. તેણીનું હૃદય અત્યંત પ્રસન્ન થઈ ગયું, તરતજ તેણીને જાતિસ્મરણ થઇ આવ્યું. ધરણને પણ જિનદત્તાને જોઈ પ્રેમ ઉત્પન્ન થયો, અને જાતિસ્મરણ થઇ આવ્યું પરસ્પર ખમતખામણાં કર્યાં, પછી તેણે નિયાણુ કરી, અનશન લઈ, પોતાના દેહને છોડી દીધો. તીર્થ ભક્તિના મહિ-

માથી ત્યાંથી મૃત્યુ પામીને તે ધરણ આ ગુણચંદ્ર થઈ અવતર્યો છે, અને જિનદત્તા પણ બ્રહ્મચર્યને ધારણ કરી, ચિત્તની સમાધિથી મૃત્યુ પામી **કમલશ્રી** થઇ છે. એ પૂર્વના સંબંધથી ગુણચંદ્ર અને **કમલશ્રી**નો વિવાહ થયેલો છે. એ પ્રેમી દંપતિ પૂર્વના પવિત્ર પ્રેમનાં પાત્ર થયાં છે. આર્હત સિદ્ધાંતમાં "પ્રેમનો પ્રવાહ પૂર્વના સંબંધથી છુટે છે." એ કથન તેમણે સાર્થક કર્યું છે.

રાજમાતા સૂર્યવતી, પુત્રવધૂ પદ્મશ્રીને જોઈ અતિ પ્રસન્ન થયાં છે, કેટલેક સમયે પોતાને પુત્ર તથા પુત્રવધૂ પ્રાપ્ત થવાના મહા ભાગ્યને ભોગવવાને પોતે પૂર્ણ ભાગ્યશાળી થયાં છે. આ ઉત્તમ સુખનું પાત્ર મહારાજા પ્રતાપસિંહ ક્યારે થાય ? એ વિચાર સૂર્યવતીના હૃદયમાં આવ્યા કરે છે, પોતે સ્વામીથી વિખૂટાં પડી એકાકી સુખી થયાં, પણ પોતાના પતિ હજુ દુઃખી છે, તેને માટે હૃદયમાં પરિતાપ કરતાં હતાં. પોતાની રાજધાની કુશસ્થલપુરીમાં પુત્રવધૂ સાથે પ્રવેશ કરવાના મનોરથ સૂર્યવતીના હૃદયસાગરમાં તરંગની જેમ ઉછળી રહેતા હતા,

## પ્રકરણ ૧૨ મું.

### ચંદ્રપુર નગર.

શ્રી ચંદ્રકુમારે પોતાની માતાને આનંદ પમાડવાનો નિશ્ચય કર્યો. માતા પુત્રનો વૈભવ જોઇ હૃદયમાં સંતોષ પામે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવો વિચાર શ્રીચંદ્રને સ્ફુરવા લાગ્યો. માતાના મનોરથ પૂરા કરવાને શ્રીચંદ્ર સાવધાન રહેવા લાગ્યો, માતા જે કહે તે વચન પૂર્ણ કરવાને શ્રીચંદ્ર તત્પર થતો. તેણે વીણાપુરમાં રહી માતાને પ્રસન્ન કરવા ધાર્મિક ઉત્સવો કરવાં માંડ્યા. અરિહંત પ્રભુની ભક્તિને માટે તે અનેક પ્રકારનાં પર્વ ઉત્સવ કરવા લાગ્યો.

પદ્મશ્રી પણ પોતાની સાસુની સેવા કરવાને તત્પર રહેતી હતી, સાસુ ઉપર માતૃભક્તિ રાખી, તે તેમની સાથે વર્ત્તતી હતી, કુલીન શ્રાવિકાનો ખરેખરો ધર્મ પદ્મશ્રી દર્શાવતી હતી, સાસુની આજ્ઞા પુષ્પમાળાની જેમ મસ્તક પર ધારણ કરતી હતી, પુત્ર વધૂનો પવિત્ર પ્રેમ જોઇ સૂર્યવતી હૃદયમાં હર્ષ પામતી હતી, તે પણ પુત્રીની દ્રષ્ટિએ પદ્મશ્રીને જોતી હતી, કુલીન પુત્ર વધૂનો વિનય જોઇ, તેની પવિત્ર ભક્તિ જોઇ, સૂર્યવતીના હૃદયને પરમ શાન્તિ મળતી હતી.

ચતુર અને પરાક્રમી શ્રીચંદ્રે શ્રીગિરિની પાડોશમાં ચંદ્રપુર નામે એક નગર વસાવ્યું શ્રીચંદ્રના પૂર્વ ઉપકારનું સ્મરણ કરનાર પેલા ભિલની ઈચ્છા તેમ કરીને તેણે પૂર્ણ કરી હતી. પૂર્વે પોતાને પ્રાપ્ત થયેલ સ્પર્શમણિના યોગથી તેણે એ નગરને સુવર્ણની ખાણ બનાવ્યું હતું. નગરની આસપાસ ઉંચો અને મજબૂત કીલ્લો બાંધવામાં આવ્યો હતો. પ્રત્યેક સ્થળે લોકોનાં નિવાસગૃહો ઘણી સુંદર રચનાથી રચવામાં આવ્યાં હતાં. વિવિધ આકૃતિવાળી વિશાળ શેરીઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગોઠવવામાં આવી હતી, શહેરના દરવાજા ઘણા કોરણીદાર અને રમણીય બનાવ્યા હતા, સાત સાત માળની હવેલીઓ અને વિમાનનાં જેવાં જિનાલયો આકાશની સાથે વાતો કરતાં હોય, તેવાં ઉભાં કરવામાં આવ્યાં હતાં. જેવી શહેરની અંદર શોભા કરવામાં આવી હતી, તેવીજ બાહેર પણ શોભા કરવામાં આવી હતી. સરોવર, વાપિકાઓ અને સુંદર બગીચા બનાવવામાં આવ્યા હતા, કુવાઓ, જાહેર સ્થાનો, અને મોટાં સ્તૂપો ગોઠવવામાં આવ્યાં હતાં, શ્રીગિરિના મધ્ય શિખર ઉપર એક સુંદર જિનાલય કરવામાં આવ્યું હતું, તેનું નામ **ચંદ્રમહોદય** રાખ્યું હતું. ભિલ લોકોના નિર્વાહને માટે તે નગરમાં અનેક યોજનાઓ કરવામાં આવી હતી. સર્વ યાત્રાળુઓના સુખને માટે દાનશાળા, ધર્મશાળા, અને જ્ઞાનશાળા કરવામાં આવી હતી. શહેરના મધ્ય ભાગે રાજમહેલ અને તેની આસપાસ અંતઃપુરને રહેવા માટે નવીન પ્રાસાદો કરવામાં આવ્યા હતા, લોકોને ન્યાય આપવાને માટે ત્યાં ન્યાયશાળા કરી, તેની અંદર ફરીયાદીને દાદ મેળવવામાં સાધનરૂપ ઘંટ બાંધવામાં આવ્યો હતો. તે શિવાય પ્રજા વર્ગની સંતતિને જ્ઞાન મેળવવાને માટે પાઠશાળાઓ સ્થાપવામાં આવી હતી, તેને લગતી પુસ્તકશાળાઓ મોટા પાયા ઉપર રચવામાં આવી હતી. વિવિધ જાતની કળાઓને મેળવવાને જાતજાતની ઉદ્યોગશાળાઓ ઉઘાડવામાં આવી હતી.

આ પ્રમાણે શ્રીગિરિની નજીક ચંદ્રપુર વસાવી, તેમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીચંદ્રે પદ્મ રાજાની આજ્ઞાથી નિવાસ કર્યો. રાજમાતા સૂર્યવતીને માટે નવીન મહેલ તૈયાર કરાવ્યો, પોતાના રાજમહેલની પાસે મંત્રી ગુણચંદ્ર અને કમળશ્રીને રહેવાને એક ભભકાદાર મહેલ જુદો બંધાવ્યો. મહારાજા શ્રીચંદ્ર આ ચંદ્રપુરના રાજ્યને નીતિથી ચલાવતો હતો. ચંદ્રપુરની રાજભક્ત પ્રજા શ્રીચંદ્રને દેવની જેમ માનતી હતી. પ્રત્યેક ક્ષણે શ્રીચંદ્ર સાવધાન થઈ પ્રજાની સર્વ પ્રકારની ખબર લેતો હતો. જૈન ધર્મના ઉદ્યોતને માટે તેણે અનેક ખાતાંઓ સ્થાપ્યાં હતાં, દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, અને સાધારણ દ્રવ્યની વ્યવસ્થા કરવાને તેણે જુદી જુદી સભાઓ સ્થાપી હતી. પ્રત્યેક ખાતાંઓને આબાદ કરવાને રાજ્ય તરફથી તે મોટી મદદ આપતો હતો. પર્વના દિવસોમાં આર્હત શાસનનો ઉદ્યોત થાય, તેવા મહોત્સવો કરવાને તે ઉમંગથી પ્રવર્ત્તતો હતો. એક વખતે સૂર્યવતી રાજમહેલમાં બેઠી હતી, શ્રીચંદ્ર જેવા પુત્રની સમૃદ્ધિ અને માતૃ ભક્તિ જોઈ તે અતિ આનંદમાં મગ્ન થતી હતી; તથાપિ તેના હૃદયમાં પોતાના પ્રાણેશ પ્રતાપસિંહના વિયોગનું દુઃખ તેને શલ્ય જેમ સાલતું હતું.

આ વખતે એકાંતમાં બેઠેલી સૂર્યવતીને કુશસ્થલીનું સ્મરણ થઇ આવ્યું. પોતાના પ્રતાપી પ્રાણનાથનાં દર્શન કરવાની તેને ઇચ્છા થઇ. શ્રીચંદ્રકુમારની સાથે પોતાના રાજકુટુંબની ભેટ લેવાની તેણીને પ્રબળ વાસના જાગૃત થઈ. રાજરમણીએ વિચાર્યું કે, મારા પ્રતાપી પતિની શી સ્થિતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હશે ? મારા વિયોગથી એ મહાનુભાવને અતિ દુઃખ થઈ પડયું હશે. તેમનો પવિત્ર પ્રેમ મને બહુ યાદ આવે છે, હું આટલો વખત સુધી પુત્રના મોહમાં પતિને ભુલી ગઇ, તે મેં સારૂં કર્યું નહીં. પુત્ર ગમે તેવો પ્રતાપિ, પંડિત અને માતૃભક્ત હોય, પણ તે પતિથી બીજે દરજ્જે છે. પુત્રરૂપ મનોરથને પૂરનાર, કલ્પવૃક્ષ તો કાન્તાને કાન્તજ છે. દંપ-તીરૂપ પ્રેમવૃક્ષનું એ બીજ છે. પુત્રના લાભમાં લુબ્ધ બની લલનાઓ પોતાના પતિથી વિમુખ બની, પુત્ર પ્રેમમાંજ પોતાના સ્વાર્થને સિદ્ધ થયેલો માને, એ કેવી મૂર્ખતા ? હું તેવી મૂર્ખ મહિલા બની છું. આજ દિન સુધી પતિના દુઃખનો ઉપાય મેં કાંઈ પણ યોજ્યો નહીં. વનિતાના વિયોગથી વિપત્તિમાં પડેલા પતિને મેં કાંઈ પણ શુભ સંદેશો કહાવ્યો નહીં, તેમજ શ્રીચંદ્રકુમારને પિતાની સંભાળ લેવાને કાંઈ પણ કહ્યું નહીં, એ મારી કેવી અજ્ઞતા ?

આવો પશ્ચાતાપ કરી સૂર્યવતી સત્વર બેઠી થઇ, શ્રીચંદ્રની પાસે આવી. માતાને આવતી જોઈ શ્રીચંદ્ર વિન-યથી બેઠો થઈ સામો આવ્યો, ઉત્તમ આસન ઉપર માતાને બેસાડી, શ્રીચંદ્ર—શી આજ્ઞા છે ? એમ કહી સન્મુખ ઉભો રહ્યો. સૂર્યવતીએ પુત્રને સામો બેસારી નીચે પ્રમાણે કહ્યું:—

વ્હાલા પુત્ર ! આજે મને મારી અજ્ઞાનતાનું ભાન થયું છે. તારી સમૃદ્ધિ, તારૂં પરાક્રમ અને તારી ધાર્મિકતા જોઇ મને પૂર્ણ સંતોષ થાય છે, તે સાથે તારી અપ્રતિમ માતૃ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભક્તિએ મને વશ કરી લીધી છે, જે ભક્તિથી તું આટલા સમયમાંજ માતાના ઋણમાંથી મુક્ત થવા પામ્યો છું. પુત્ર ! હવે તે વિશે તારી કૃતાર્થતા પૂર્ણ થઇ છે; પણ હવે તારી જન્મભૂમિ, તારા ઉપકારી પિતા, અને પાળક માતા પિતા તરફ દૃષ્ટિ કર. કુશસ્થલીની જન્મભૂમિને સ્મરણમાં લાવ, તારા દુ:ખી પિતાને શાંતિ આપવા તત્પર થા. આપણે અહીં સર્વ પ્રકારના સુખમાં મગ્ન છીએ, પણ તારા પિતાની શી સ્થિતિ હશે ? તે તું વિચારી જો. હું અચાનક ભારંડપક્ષીનો ભોગ થઈ છું, મારા વિયોગ તારા પિતા પૂર્ણ દુ:ખી છે. પુત્ર અને પત્ની બંનેના વિયોગથી કુશસ્થલીપતિ પૂર્ણ રીતે પીડિત હશે. વત્સ ! તારા હૃદયમાં રહેલી પીતૃભકિતને જાગ્રત કર, પિતા તરફની તારી પવિત્ર ભાવના હૃદય ઉપર આરૂઢ કર, તારા જેવો સત્પુત્ર પિતાની પિડાને સહન કરી શકે નહિ; પિતાને દુ:ખે દુ:ખી થનારા કુલીન પુત્રોથીજ આ ભારતભૂમિ ભૂષિત છે.

સૂર્યવતીનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્રના હૃદયપર ઘણી અસર થઇ આવી. પિતૃભકિતરૂપ કલ્પલતા તેના હૃદયરૂપ ક્યારામાં તત્કાળ અંકુરિત થઇ ગઇ. શરીર ઉપર રોમાંચ થઇ આવ્યાં, નયનમાંથી પ્રેમાશ્રુની ધારા ચાલવા લાગી, પ્રેમી હૃદયમાં પશ્ચાતાપ થઇ આવ્યો, ક્ષણવાર વિચાર કરી શ્રીચંદ્ર અંજલિ જોડી માતા પ્રત્યે બોલ્યો, માતા ! આપે તેનું સ્મરણ આપી મને પાપમાંથી બચાવ્યો છે. મારા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પિતાની સ્થિતિનું ભાન આજ સુધી મારા હૃદયમાં આવ્યું નહીં, તેને માટે અતિ ખેદ ઉત્પન્ન થાય છે. મારા જેવા અલ્પમતિ પુત્રો આ જગતને કલંકિત કરે છે. માજી ! મારો અપરાધ ક્ષમા કરો. આ સ્વાર્થી પુત્રે પિતાને જે દુઃખ આપ્યું છે, જે કષ્ટ ભોગવાવ્યું છે, તે મહા પાપમાંથી હું કયારે મુક્ત થઇશ ? માતા ! તમારો મેળાપ થયો, ત્યારેજ મેં પિતાની સ્થિતિ જાણી હતી, તે છતાં આટલો વિલંબ કર્યો, તેને માટે મને અતિ પશ્ચાતાપ થાય છે. શ્રીચંદ્રનાં આવાં પશ્ચાતાપ ભરેલાં વચન સાંભળી સૂર્યવતીને સંતોષ થયો. પુત્રની પિતૃભક્તિ માટે તેણીને હૃદયમાં સારૂં લાગ્યું. તે બોલી—વત્સ ! હવે વિશેષ પશ્ચાતાપ કરીશ નહીં, જે બનવાનું હતું તે બન્યું છે. મોહ એ અતિ નિંદવાં યોગ્ય પદાર્થ છે, મોહરૂપ ભયંકર રાક્ષસ સર્વનો પરાભવ કરી શકે છે. મને પુત્ર મોહ થયો, અને તને માતૃમોહ થયો, એ મોહનુંજ આ પરિણામ છે, દુષ્ટ મોહનાં પરિણામ ઘણાં વિપરીત હોય છે.

જેના હૃદય ઉપર મોહરાજાની સત્તા પ્રવર્ત્તી, તે પુરૂષ જીવતાં છતાં શબ જેવો થઇ જાય છે, તેની સ્મરણશક્તિ અને વિચારશક્તિ વિમૂઢ થઇ જાય છે. મોહરૂપ મહા વિષ જેના અંગમાં વ્યાપ્ત થાય, તે પુરૂષના હૃદયમાંથી તીવ્ર દુઃખરૂપ જવાળાઓ નીકળે છે. મોહરૂપ મહા શત્રુ એવો પ્રચંડ છે કે; જે ક્ષણમાં પરાભવ કરી પ્રાણીને પાતાળમાં નાખી દે છે, મોહ એ વિપરીત શિક્ષા કરેલો અશ્વ છે, તે પોતાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વારને દુર્ગ સ્થાનમાં લઇ જઇ અથડાવી પાડે છે. મોહ ખરેખરો મારણ તથા ઉચ્ચાટનનો મહામંત્ર છે. એ મહામંત્રના જાપથી પ્રાણી મારણ અને ઉચ્ચાટનની સ્થિતિ પામે છે. તેવા દુષ્ટ મોહને પરાભવ કરવા માટેજ શ્રીતીર્થંકરોએ ધર્મરૂપ મહા શાસ્ત્ર રચ્યું છે. એ અપ્રતિહત શાસ્ત્રને હાથમાં લઇ, જૈન મહર્ષિઓએજ મોહ ઉપર વિજય મેળવ્યો છે. પંચમહાવ્રતરૂપ વજ્ર પંજરમાં બેસી, તે મહાશયો એ મહાન્ યોદ્ધાનો પરાભવ કરી શકયા છે, તથાપિ તેઓ ક્ષણે ક્ષણે કેશરીસિંહની જેમ તેનાથી ડરતા રહેલા છે, એ મોહ રાજા સંસારરૂપ છાવણી નાંખીને આ જગતમાં પડયો છે. પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક પદાર્થે એ ક્રૂર યોદ્ધાથી સર્વને ચેતતા રહેવાનું છે. આ વિશ્વરૂપ અરણ્યમાં મોહરૂપ કેશરી જ્યાં સુધી ગર્જના કરી રહ્યો છે, ત્યાં સુધી પ્રત્યેક સંસારી પ્રાણીને સાવધાન રહેવાનું છે, તે પ્રચંડ કેશરી હરિણની જેમ ધર્મ રહિત એવા પામર પ્રાણીઓનો ક્ષણમાં શીકાર કરી શકે છે.

વત્સ શ્રીચંદ્ર ! એવા સમર્થ અને દુષ્ટ મોહના પ્રભાવથી આપણે આ મોટી ભુલ કરી છે. હવે બન્યું તે ખરૂં, તેનો વિશેષ અફસોસ નહીં કરતાં જે કર્ત્તવ્ય છે, તેમાં પરાયણ થા. તારા દુઃખી પિતાને સત્વર આપણા શુભ સમાચાર પહોંચે તેવો ઉપાય કર. એ શુભ સમાચાર સાંભળી તારા પિતાને ઘણું આશ્વાસન મળશે. એટલુંજ નહીં પણ તેમના હૃદયમાં પ્રગટેલી ચિંતારૂપ મહાજ્વાળા તરત નિર્વાણ પામી જશે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

માતા સૂર્યવતીનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્રે સત્વર બુદ્ધિસાગર મંત્રીને બોલાવી, આ પ્રમાણે કહ્યું, મંત્રી ! તમે મારા વિશ્વાસુ મંત્રી છો, એક વેગવાળી સાંઢ ઉપર બેસીને કુશસ્થળીમાં જાઓ. માર્ગમાં કંનકપુર આવે, ત્યારે ત્યાં લક્ષ્મણ નામના મંત્રીને મારા ખબર આપી. કુશસ્થળીમાં જજો. મારા પિતાશ્રી પ્રતાપસિંહને અમારાં શુભ સમાચાર આપજો. તેમને મારા પ્રણામ કહી જણાવજો કે, તમારો સ્વાર્થી પુત્ર થોડા સમયમાં આવી તમને મળશે, તેની માતા સૂર્યવતી કુશળ છે, અને તેઓ તેમની સાથે શ્રીગિરિમાં ચંદ્રપુર નગરે રહે છે. આ પ્રમાણે પિતાજીને ખબર આપી તેમના હૃદયની ચિંતા દૂર કરાવજો. તમે અમારી જે સ્થિતિ પ્રત્યક્ષ જુવો છો, તેમને સત્ય રીતે જણાવજો.

શ્રીચંદ્રની આજ્ઞા થતાંજ મંત્રિ બુદ્ધિસાગર તૈયાર થયો. તેણે ઉષ્ટ્ર શાળામાંથી એક પવનવેગી સાંઢ મંગાવી. મુસાફરીમાં ઘટે તેવો સામાન લઈ, બુદ્ધિસાગર શ્રીચંદ્રને પ્રણામ કરી ચાલી નીકળ્યો. બુદ્ધિસાગર ચાલતી વખતે કેટલાંએક શુભ શુકનો થયાં હતાં. પોતાના સ્વામીની આજ્ઞા સંપાદન કરી તેને સફળ થવાની આશા રાખી, તે ઉમંગમાં રહી ચાલતો થયો.

બુદ્ધિસાગર મંત્રિ ગયા પછી શ્રીચંદ્ર માતાની આજ્ઞા લઇ, રાજમહેલમાં આવ્યો. તે વખતે ગુણચંદ્ર મંત્રિની સાથે તે રાજધાનીમાં ફરવા નીકળ્યો. અનેક સ્થળે ફરતાં તે પોતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થાપેલી દાનશાળામાં આવી ચડયો. દાનશાળામાં વિદેશી યાત્રાળુઓ અને મુસાફરોને માટે ઉત્તમ પ્રકારની ગોઠવણ કરવામાં આવી હતી. સર્વ પ્રકારની સામગ્રીવડે ત્યાં ઉત્તમ પ્રકારનું આતિથ્ય થતું હતું. એ પવિત્ર ભૂમિ સાધર્મિ બંધુઓની સેવાનું એક સ્થળ થઇ પડી હતી. વિદેશમાંથી આવતા મુસાફરોના સત્કાર માટે તેમાં ઉત્તમ યોજના કરવામાં આવી હતી. તે સ્થળે ખાસ એક આસ્તિક અધિકારીને નિમ્યો હતો. દાનશાળાનો વહિવટ કરવામાં બીજા પણ કેટલાએક સહાયકારી સેવકો નિમવામાં આવ્યા હતા, આવી ઉત્તમ પ્રકારની યોજના કર્યા છતાં શ્રીચંદ્ર પોતાની જાતે ઘણી વાર દાનશાળાની ભેટ લેતો હતો. પોતે સ્થાપેલાં શુભ ખાતાંની વ્યવસ્થા કેવી થાય છે, તેને માટે તે સૂક્ષ્મરીતે અવલોકન કરતો હતો.

આ વખતે શ્રીચંદ્ર દાનશાળામાં આવ્યો, આવીને તેણે પ્રત્યેક સ્થાનનું નિરીક્ષણ કર્યું, ત્યાં કેવા અતિથીઓ આવેલા છે? અને તેઓ કેવી વાર્ત્તા કરે છે? ઇત્યાદિ તપાસ કરતો તે આસપાસ ફરતો હતો. તેવામાં એક યુવાન પુરૂષ જોવામાં આવ્યો, તેની આકૃતિ શાંત હતી, તીર્થયાત્રાની પવિત્ર ભાવના તેના દેખાવ ઉપરથી જણાઈ આવતી હતી, લલાટ ઉપર જૈન તેજ પ્રકાશતું હતું, શ્રાવક વ્રતનાં ભવ્ય કિરણો તેની મુખમુદ્રા ઉપર ચળકતાં હતાં; સત્ય, શુદ્ધ હૃદય, નિર્મળતા, પ્રમાણિકતા, વિનય, નમ્રતા, ધૈર્ય, ધાર્મિકતા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આસ્તા, અને બીજા ઉત્તમ ગુણો તેનામાં વાસ કરી રહ્યા હોય, તેમ તે દેખાતો હતો. તેને જોઈ શ્રીચંદ્ર પ્રસન્ન થયો, આવા પવિત્ર શ્રાવક અતિથિ દાનશાળાનો ઉપયોગ કરે છે, તેને માટે તે આત્માને કૃતાર્થ માનતો હતો. પોતે હમેશાં સાધર્મી બંધુઓની સેવાનું મહાફળ મેળવે છે, તેને માટે જીવનને ચરિતાર્થ ગણવા લાગ્યો.

શ્રીચંદ્રે તે યુવાનને પુછયું, તમે કોણ છો ? અને કયાંથી આવો છો ? તે તરૂણ પુરૂષ બોલ્યો—હું યાત્રાળુ શ્રાવક છું, કલ્યાણપુરમાંથી નીકળેલો છું; આજે કનકપુરનો ચાલ્યો અહીં વેગથી આવ્યો છું. શ્રીચંદ્ર—બે દિવસનો માર્ગ એક દિવસમાં આટોપીને આવવાનું શું કારણ હતું ? તેવી ઉતાવળ શા માટે કરવી પડી ? તરૂણ પુરૂષ બોલ્યો—મહાનુભાવ ! કનકપુરમાં આજે એક તોફાન જાગ્યું છે, તે નગરનો રાજા પોતાના લક્ષ્મણ નામના મંત્રીને રાજ્ય સોંપી, કોઇ કાર્ય માટે બહાર ગયેલ છે, મંત્રી સાવધાન થઈ રાજ્યનું કાર્ય કરતા હતા, ત્યાં **ગુણવિભ્રમ** નામે કોઇ બળવાન્ રાજા મોટું સૈન્ય લઇ ચડી આવ્યો છે. તે સમર્થ રાજાએ પોતાના મોટા સૈન્યથી કનકપુરને ઘેરી લીધું છે. આ બનાવ જોઈ હું ત્યાંથી વેગે નાશી છુટયો, અને ઉતાવળો ઉતાવળો અહીં આવી પહોંચ્યો છું. આ ખબર સાંભળી શ્રીચંદ્ર ચમકી ગયો કનકપુરપતિ પોતાનો સંબંધી છે, તેથી તેને સત્વર સહા કરવાની તેની ઇચ્છા થઈ. તત્કાળ શ્રીચંદ્રે ગુણચંદ્રને કહ્યું,

P. P. Ac. Gunratansuriji M.S.                    Jin Gun Aaradhak Trust

મિત્ર! ચાલો આપણે આપણાં સ્નેહી કનકપુરના રાજાની મદદે જઈએ. સ્નેહીને સહાય કરવી એ સ્નેહીનો ધર્મ છે, કનકપુરના રાજા મારે માટેજ બહાર ગયા હશે, તે સમયનો લાભ લેવા ગુણવિભ્રમ રાજા ચડાઇ કરીને આવ્યો હશે. શ્રીચંદ્રનાં વચન સાંભળી ગુણચંદ્ર બોલ્યો—રાજમિત્ર! તમારૂં કહેવું યોગ્ય છે, તે કાર્ય સત્વર કરવું જોઇએ; પણ રાજમાતા સૂર્યવતીને અહીં એકલાં મુકવાં; તે મને યોગ્ય લાગતું નથી. તે પુત્રવત્સલા માતા પછવાડે ચિંતાતુર રહેશે; માટે મને એકનેજ ત્યાં જવાની આજ્ઞા આપો, અને તમે માતાની આગળ હાજર રહો, શ્રીચંદ્રે મિત્રના તે વિચારને સાબાશી સાથે અનુમોદન આપ્યું; પછી તેઓ પેલા તરૂણ અતિથિને ધન્યવાદ આપી મહેલમાં આવ્યા. ત્યાં પદ્મરાજાને તે વાત જણાવી, એટલે પદ્મરાજા ગુણચંદ્રની સાથે સૈન્ય સહિત જવાને તૈયાર થયો. શ્રીચંદ્રે તે વાર્ત્તા સ્વીકારી, અને પોતાનું ચંદ્રહાસ નામનું દિવ્ય ખડ્ગ ગુણચંદ્રને યુદ્ધ કાર્યને માટે આપ્યું. પદ્મરાજા અને ગુણચંદ્ર શ્રીચંદ્રની આજ્ઞા લઇ, મોટી સેના સાથે કનકપુરને માર્ગે ચાલ્યા. વીણાપુરના સૈનિકોના સિંહનાદથી દિશાઓમાં પ્રતિધ્વની પડવા લાગ્યા. શ્રીચંદ્ર સૂર્યવતી અને પદ્મશ્રીના સહવાસમાં ચંદ્રપુરમાંજ રહ્યો.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૩ મું.

## પિતાને જીવિતદાન.

એક ઘાટા જંગલમાં કોઈ પુરૂષ મૃત્યુની સામગ્રી એકઠી કરી ઉભો છે, તેની આજુબાજુ લોકોનું મોટું ટોળું ઉભું ઉભું રૂદન કરે છે, તેનું કુટુંબ આક્રંદ કરી તે પુરૂષને વિનવે છે, તેના સેવકો અશ્રુધારા વર્ષાવતા તેને વિનતી કરે છે, મહારાજ ! આવું સાહસ કરો નહીં, આપના મહારાણી અને રાજકુમાર કુશળતાથી પાછાં આવશે, હવે કેટલોક કાળ સુધી ધીરજ ધરો, જ્ઞાનીઓનાં વચન ઉપર વિશ્વાસ રાખો, મહારાજા ! આપ સંસારનું સ્વરૂપ જાણો છો, આર્હત વાણીનો ઉપદેશ આપના હૃદયમાં પેઠો છે, અને જિન મુનિઓના ઉપદેશને આપે માન આપ્યું છે, તે છતાં આવું અનુચિત આચરણ કરો છો, તે કેવી વાત ? દીર્ઘ વિચાર કરો. આવું શાસ્ત્ર અને લોક વિરૂદ્ધ કાર્ય કરવામાં અગ્રણી થાઓ નહીં. આત્મહત્યાના મહા પાપનો વિચાર કરો, એ મહા પાપનું ફળ કેવું કષ્ટ ભરેલું છે ? તેનો હૃદયમાં દીર્ઘ વિમર્શ કરો, જિન વાણીનો અનાદર કરો નહીં. કાષ્ટ ભક્ષણની અધમ ક્રિયાને માટે જિન શાસ્ત્રમાં શું લખ્યું છે ? તે વિચાર કરી જુઓ. જિન નામથી પવિત્ર એવા આપના આત્માને આ મહા પાપથી કલંકિત કરો નહીં. કૃપાળુ રાજા ! આપના વિના અમારો કોઇ આધાર નથી, આ સમૃદ્ધિમાન્ રાજધાનીનો અને પ્રજાનો પાલક કોઈ અમોને હજુ

પ્રાપ્ત થયો નથી, તે વિચારો. આપના જેવા આર્હત અધિપતિ અમને કયાંથી મળશે ? આપની પ્રજા પ્રીતિ, સ્વધર્મનિષ્ટા અને રાજનીતિ અમે કયાંથી લાવીશું ? પુજ્ય મહારાજા ! અમારી સામું દયા દ્રષ્ટિથી અવલોકન કરો. કદિ અમારા અપરાધ હોય, તો ક્ષમા કરો. આપના જેવા ધર્મપિતા પ્રજાના અપરાધો ગણતા નથી. આપના ધર્મ રાજ્યથી પ્રજાએ અને સેવક વર્ગે જે સુખ મેળવ્યું છે, તેવું સુખ ભારતમાં કોઇ બીજી પ્રજા ભાગ્યેજ મેળવી શકશે. મહારાજા ! અમારી વિનતી સ્વીકારી, આ અકાર્યથી નિવૃત્ત થાઓ. કોઇવાર પૂજ્ય અને સેવ્યજનો પણ પૂજક અને સેવકોનાં વચનને સ્વીકારે છે. આ પ્રમાણે વિનતીનાં વચનો સાંભળતો, પણ પોતાના શોકાવેશને લઈ તેની અવગણના કરતો, તે પુરૂષ મરવાને તૈયાર થયો. તેણે પોતાની જાતે અગ્નિ પ્રજ્વલિત કર્યો, અને પોતે તેમાં ઝંપલાવાને આગળ ઉભો રહ્યો. આ મરણોન્મુખ થયેલા પુરૂષે સ્નાન કર્યું હતું, લલાટ ઉપર તિલક લગાવ્યું હતું, પોતાની ગોત્રદેવીને ઉદ્દેશી તે નીચે પ્રમાણે આકાશ તરફ દ્રષ્ટિ કરી બોલ્યો:—

હે પવિત્ર દેવી ! મારા કુમારોમાં જે રાજ્યને લાયક કુમાર છે, તેની તમે રક્ષા કરજો. મારા રાજ્યની પ્રજાનું પાલન કરવાને એ કુમારને પ્રેરણા કરી મોકલજો, જય વિગેરે કુમારોમાં સદ્બુદ્ધિને આરોપજો, આ રાજ્ય વૈભવની ઉન્નતિ થાય, તેવી યોજના કરવા સદા તત્પર થજો. મહાદેવી ! તમે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમારા કુળના ત્રાતા છો, અમારા વંશપરંપરાનાં રક્ષક છો; તમારા પ્રભાવથી અમારો વંશ પ્રકાશિત છે, અમારૂં ઐશ્વર્ય રૂપ રાજતેજ, તમારા ભુજાબળને આશ્રીને ટકે છે, મારા રાજ-મહેલની ઉપર તમારા પવિત્ર નામના નિશાનરૂપ ચઢેલી ધ્વજા તરફ તમે સર્વદા દ્રષ્ટિ રાખજો, ભારતવર્ષમાં પ્રસરેલી મારી નીતિમય રાજ્યની કીર્તિને તેવી ને તેવી આબાદ રાખજો.

આ પ્રમાણે કહી તેણે પાસે ઉભેલા મંત્રિવર્ગ અને પ્રજાવર્ગને જણાવ્યું, મહારા વફાદાર મંત્રિઓ! મારી ઈચ્છા પ્રમાણે રાજ્યની ઉપર મેં મારા યોગ્ય કુમારને નિમવા જણાવ્યું છે, તે પ્રમાણે બરાબર કરજો, અને તેની આજ્ઞામાં પ્રવર્ત્તજો; તે રાજકુમારને ઉત્તમ પ્રકારની સલાહ આપજો, રાજા અને પ્રજાની ઐકયતા કરવાનોજ સદા ઉપદેશ આપજો, રાજનીતિના પવિત્ર માર્ગે પ્રવર્ત્તાવવા સર્વદા પ્રયત્ન કરજો, નવીન રાજાને ઉત્સાહ વધે, તેવાં કામ કરવાને હમેશાં પ્રેરણા ક્ર્યા કરજો; દુરાચાર, વ્યસન અને અનીતિથી તેને દુર રાખજો. સદાચારની શિક્ષા સંપાદન થાય, તેવાં સાધનો તેની પાસે ગોઠવજો, દુર્ગુણી માણસોના પ્રસંગમાં તે ન આવે, તેવું ધ્યાન રાખજો, જગત્‌માં સર્વમાન્ય થએલા જૈન ધર્મની ઉપાસના કરવાનો તેને હમેશાં ઉપદેશ મળે; તેવી ગોઠવણ કરજો. આર્હત ધર્મનાં તત્વો અને આચારોથી તે કદિ પણ વિમુખ ન થાય; અને તે ધર્મનો પૂર્ણ રાગી થાય; તેવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોજના કરવાના ઉપાય સર્વદા સજ્જ રાખજો. પ્રિય મંત્રિઓ ! મારા થએલા અપરાધ ક્ષમા કરજો, કોઇ પણ રાજકીય કામને લઇ, મેં કાંઇ પણ તમારે માટે અયોગ્ય કર્યું હોય, તેને ક્ષમા કરી, મારા રાજ્યને અને મારી પ્રજાને એકનિષ્ટાથી જાળવજો, હવે હું તમને છેલ્લા પ્રણામ કરૂં છું.

આ પ્રમાણે કહી, તે પુરૂષ ચિતામાં પડવા જતો હતો ત્યાં એકાએક પછવાડેથી શબ્દ થયો. "બુદ્ધિમાન મહારાજા ! સાહસ કરો નહીં. આપને શુભ સમાચાર આપવા આવ્યો છું." આ વચન સાંભળી, રાજાએ વિસ્મય પામી, પછવાડે જોયું. બીજા પ્રેક્ષકો ચકિત થઈ જોવા લાગ્યા, ત્યાં એક પુરૂષ નિમિત્તિઆને વેષે આવ્યો, તેના એક હાથમાં જ્યોતિષપત્ર હતું, બીજો હાથ રાજાને અટકાવવાને ઉંચો કર્યો હતો, લલાટ ઉપર તિલક કર્યું હતું, તેના શરીરની આસપાસ બ્રહ્મતેજ પ્રકાશી રહ્યું હતું તેને જોતાંજ સર્વ ખુશી થયા. મરણોન્મુખ થએલા રાજાએ તેને પ્રણામ કર્યો, બીજા મંત્રી વિગેરે પણ તેના ચરણમાં નમી પડયા. તે પંડિત શિરોમણિ સર્વને આશીર્વાદ કહી ઉભો રહ્યો. તેના મુખમાંથી શું વચન નીકળશે, તે સાંભળવાની રાહ જોઇ, સર્વ કર્ણેન્દ્રિયને સાવધાન કરી ઉભા રહ્યા.

પ્રિય વાચકવૃંદ ! આ સમયનું સ્પષ્ટીકરણ હવે કરીએ છીએ. હ્રદયમાં જરાપણ અધૈર્ય રાખશો નહીં. જે ચિતાગ્નિમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મરવાને તૈયાર થયો છે, તે કુશસ્થળીનો મહારાજા પ્રતાપસિહ છે. પોતાના પુત્ર શ્રીચંદ્રકુમારનું અને રાણી સૂર્યવતીનું ગુમ થવું, તેને ઘણું દુ:સહ થઈ પડયું હતું. રાણી અને રાજકુમારના વિયોગ દુ:ખથી કંટાળી મહારાજા પ્રતાપ આત્મહત્યા કરવા તૈયાર થયો હતો. તેના રાજકુટુંબે, મંત્રીઓએ અને પ્રજાએ ઘણી વિનંતિ કરી, તથાપિ એ દૃઢ સંકલ્પી રાજાએ પોતાનો વિચાર ફેરવ્યો નહીં, આવા અણીને વખતે જે આ બીજો પુરૂષ નિમિત્તિઆને રૂપે આવી ચડયો, તે તેનો પુત્ર શ્રીચંદ્રકુમાર છે. શ્રીચંદ્રે આ વાર્ત્તા કયાંથી સાંભળી અને તે શ્રીગિરિમાં રહેલ પોતાની માતાની પાસેથી અહીં શી રીતે આવ્યો, તે વૃત્તાંત જાણવા જેવું છે, તે નીચે પ્રમાણે આપીએ છીએ.

પદ્મનાભ રાજા અને ગુણચંદ્રને કનકપુરના રાજાની સહાયમાં મોકલી, શ્રીચંદ્ર પોતાની માતા સૂર્યવતીની સાથે શ્રીગિરિમાં રહ્યો હતો. એક વખતે રાત્રિચર્યા જોવાને શ્રીચંદ્ર રાત્રે બાહાર ફરવા નીકળ્યો, એક પથિકશાળા કે જ્યાં વિદેશી મુસાફરો આવી ઉતરતા હતા, ત્યાં તે આવી ચડયો શ્રીચંદ્ર ત્યાં ગુપ્ત રીતે ફરતો હતો, તેવામાં કોઈ મુસાફરો જુદી જુદી વાતો કરતા હતા. તેઓમાં એક મુસાફર બોલ્યો, મિત્રો ! મારો એક વૃત્તાંત સાંભળવા જેવો છે, તે સાંભળો. ગત દિવસે હું **કુંતલ** નામના નગરમાં રાત રહ્યો હતો, તે ગામમાં **સુધન** નામના એક શેઠને ચાર પુત્રવધૂ છે, તે

હંમેશાં મધ્ય રાત્રે ઉઠીને સ્નાન શ્રૃંગાર કરી કોઇ વાડીમાં જાય છે. ત્યાં એક ખીજડીના વૃક્ષ ઉપર ચડીને કયાંઈ ઉડી જાય છે. દૈવે યોગે હું તે સ્થળે જતો હતો, મને તે દેખાવ જોઇને ઘણો ભય લાગ્યો. તે ગામ અહીંથી વીશ ગાઉ દૂર આવેલું છે.

આ વાર્ત્તા શ્રીચંદ્રે ગુપ્ત રીતે સાંભળી લીધી, પછી બીજે દિવસે પોતે તે સુધન શેઠને ઘેર સાયંકાળે ગયો, અંજન ગુટિકાના યોગથી ગુપ્ત રીતે ઘરમાં રહ્યો. બરાબર મધ્ય રાત્રિ થઈ, એટલે તે પેલી વધૂઓની સાથે વાડીમાં ગયો, અને ખીજડીના વૃક્ષ પાસે ઉભો રહ્યો. તે વધૂએ પરસ્પર કહેવા માંડયું કે, બહેનો! આજે કયાં જવું છે? તેઓમાંથી એક બોલી—ગઈ કાલે આપણે જે વાત સાંભળી છે, તે આશ્ચર્ય જોવાને આજે કર્કોટકદ્વીપમાં જઇએ. પછી તેમણે યોગિનીનો મંત્ર જપ્યો, એટલે શમીવૃક્ષ આકાશ તરફ ઉડયું. શ્રીચંદ્ર તેના થડને વળગી રહ્યો. તત્કાળ તેઓ કર્કોટકદ્વીપમાં આવીને ઉતર્યાં. પછી વૃક્ષને બાહેર મુકી તેઓ નગરમાં પેઠાં. શ્રીચંદ્રકુમાર પણ તેમની પાછળ ચાલ્યો. તે વનિતાઓ તે નગરના રાજદ્વારમાં આવી, તેમણે અંદર પ્રવેશ કર્યો. રાજમહેલમાં એક સુશોભિત મંડપની મધ્ય ભાગે રત્નજડિત સિંહાસન મુકયું હતું, પ્રજ્વલિત દીવાઓની કાન્તીથી વિવિધ જાતના ચંદ્રોની ભ્રાંતિ થતી હતી, તે સિંહાસન આગળ રહેલું પાદપીઠ મુકતાફળથી વિરાજિત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતું. જાતજાતની કારીગરીવાળા તેના પાયા સુશોભિત લાગતા હતા, જાણે વિમાન હોય, તેવું તે સિંહાસન જોઇ શ્રીચંદ્રને વિચાર થયો. અહા ! કેવું સુંદર સિંહાસન છે ? આવું મનોહર આસન શૂન્ય હોવાથી શોભતું નથી. આ કોઇ વીરનરને ભોગ્ય છે. શયન, આસન, વાહન, શસ્ત્ર, શાસ્ત્ર, ભોજન, અને પાન એ સર્વને સાધારણ છે. પણ પુણ્યનિધાન પુરૂષોને તો ઉત્તમ રીતે ભોગ્ય છે. આવુ વિચારીને ધર્મવીર શ્રીચંદ્ર મુખમાંથી અંજનગુટિકા બાહેર કાઢી પ્રત્યક્ષ થઈ, તે સિંહાસન ઉપર નિર્ભય થઈ ચડી બેઠો, હાથમાં ચકચકિત ખડ્ગ ધારણ કર્યું હતું, પર્વતનાં શિખર ઉપર જેમ કેશરી શોભે તેમ તે શોભવા લાગ્યો, તેની પાસે નાગરવેલના પત્રનો એક ભરેલો થાળ પડયો હતો, તેમાંથી એક તાંબુલનો સ્વાદ કરી, રાજકુમાર દર્પણમાં મુખાવલોકન કરવા લાગ્યો. આ અવસરે પડદામાં બેઠેલા કેટલાક ચતુર પુરૂષો જયજય શબ્દ કરતા બાહેર આવ્યા. તેમણે આવીને કહ્યું તમે પ્રત્યક્ષ થયા તે ઘણું સારૂં થયું. એમ કહી તેઓમાંથી કોઇ વાજીંત્રો વગાડવા લાગ્યા, કોઈ સંગીત કરવા લાગ્યા અને કોઇ પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા, તેવામાં સુભટોથી વીંટાએલો તે નગરનો અધીશ ત્યાં આવ્યો, તેણે શ્રીચંદ્રકુમારને ઉત્સંગમાં લીધો, તેની તેજસ્વી મૂર્ત્તિ જોઇ તે જનપતિને અતિશય આનંદ થયો. તે ઉમંગમાંથી બોલ્યો—રાજકુમાર ! અમારા ભાગ્યથી તમારૂં આગમન વાદળ અને ગાજવીજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિના જેમ વરસાદ થાય તેમ થયું છે. હું આ કર્કોટક દ્વીપનો **રવિપ્રભ** નામે રાજા છું, મારે નવ પુત્રીઓ છે, તેમનાં **૧ કનકસેના, ૨ કનકપ્રભા, ૩ કનકમંજરી, ૪ કનકાભા, ૫ કનકસુંદરી, ૬ કનકમાળા, ૭ કનકરમા, ૮ મનોરમા,** અને **૯ સુવર્ણાભા** એવાં નામ છે. એ નવ પુત્રીઓ યૌવનવતી થઈ, એટલે તેની ચિંતાથી હું ચિંતાતુર રહેતો હતો, યૌવનવતી પુત્રીનો પિતા સર્વદા ચિંતાતુરજ રહે છે.

રાજપુત્ર ! એક વખતે મેં કોઈ નિમિત્તિયાને સભામાં બોલાવી પુછ્યું કે, આ નવ કન્યાનો સ્વામી કોણ થશે ? તે સર્વેનો એકજ પતિ થશે, કે જુદા જુદા પતિ થશે ? તે વખતે એ જોષીએ મને કહ્યું કે, આ નવે કન્યાનો એકજ પતિ થશે. બીજા દ્વીપમાંથી કોઈ મહારાજા આવીને તેમને પરણશે. તે મહારાજાનું નામ કહેવાને મારામાં જ્ઞાન નથી, પણ એટલું તો કહું છું કે, આવતી દશમીની મધ્યરાત્રે તે આવીને તમને મળશે તે દિવસ લગ્નનો છે, માટે લગ્નની તૈયારી કરી રાખજો. તે પછી અમોએ લગ્ન મંડપ કરાવીને આ સિંહાસન તૈયાર રાખ્યું હતું તેજ પ્રમાણે આજે તમે અકસ્માત્ આવ્યા છો. અમારી ધારણા સફળ થઈ છે. અત્યારનું નિર્દોષ લગ્ન છે, માટે જેમ ચંદ્ર રોહિણીનું પાણિગ્રહણ કરે, તેમ તમે આ કન્યાનું પાણિગ્રહણ કરો.

રાજા રવિપ્રભનાં આવાં વચન સાંભળી, શ્રીચંદ્રે હર્ષથી તેનું પાણીગ્રહણ કર્યું. આ વખતે નગરના લોકોની સાથે પહેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુધન શેઠની પુત્રવધૂઓ ત્યાં જોવાને આવી હતી; તેમને જોઈ કુમારે ચિંતવ્યું કે; આ સ્ત્રીઓ જો ચાલી જશે, તો મારે પછી અહીંજ રહેવું પડશે, માટે અહીંથી આજજ રાત્રે યુક્તિ કરી ચાલ્યા જવું જોઈએ. :મારા વિના મારી માતા સહિત શ્રીગિરિનો દેશ શૂન્ય છે. આવું ચિંતવી કુમારે એક રાજકન્યાના પાનેતર ઉપર કુંકુમના અક્ષરે લખ્યું કે, હું પ્રતાપસિંહનો પુત્ર શ્રીચંદ્ર છુ, કુશસ્થળીમાં કુશળ ક્ષેમ રહેવાનો છું." પછી તે શરીરે ચિંતાનું બહાનું કરી, વેષ ધરીને ચાલ્યો ગયો. તે પેલી પુત્રવધૂઓના શમી વૃક્ષની પાસે આવી ઉભો રહ્યો, તેવામાં **ખર્પરા** અને **ઉમા** નામે યોગિણિઓ પરસ્પર વાર્ત્તાલાપ કરતી ત્યાં આવી. ખર્પરાએ ઉમા યોગિણીને કહ્યું કે, બહેન ઉમા! આ શેઠની ચારે પુત્રવધૂને મેં પ્રસન્ન થઇને વિદ્યા આપેલી છે. ઉમાએ પુછ્યું, તું શામાટે પ્રસન્ન થઈ હતી? ખર્પરા બોલી, એક વખતે હું અતિ ક્ષુધાતુર હતી, તે **સુધન** શેઠને ઘેર ભિક્ષા લેવા ગઈ, તે સમયે આ પુત્રવધૂઓએ મને ભોજન કરાવી અતિ તૃપ્ત કરી. તે પછી મેં તેમની ઉપર પ્રસન્ન થઈને આ વિદ્યા આપી છે. યોગિનીનો આ વાર્ત્તાલાપ સાંભળી તે પુત્રવધૂઓ ત્યાં આવી અને તેમના ચરણમાં નમી પડી તેઓ બોલી. માતા! અહીં કયાંથી પધાર્યા, અને કયાં જાઓ છો? યોગિનીએ કહ્યું, ભદ્રે! અમે આજે કુશસ્થલી નગરીમાં જવાનાં છીએ. વધૂઓ બોલી, ત્યાં આજે શું કાંઈ કૌતુક છે? ખર્પરા બોલી, કુશ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થલીનો રાજા પ્રતાપસિંહ, તેને સૂર્યવતી નામે રાણી છે, તે સગર્ભા થતાં તેને રૂધિરવડે સ્નાન કરવાનો દોહદ થયો; તે પૂરવાને મંત્રીની બુદ્ધિથી રાજાએ ગોઠવણ કરી. જ્યારે તે રૂધિર જેવા રંગના જળમાં સ્નાન કરતી હતી; તેવામાં ભારંડ પક્ષી તેને રૂધિરનો પિંડ જાણી ઉપાડી ઉડી ગયું. આથી રાજા પ્રતાપસિંહ ઘણો શોક કરવા લાગ્યો. કેટલોક વખત રાણીની શોધમાં નિર્ગમન કરી, છેવટે એ રાજા આજે ચિતાગ્નિમાં પ્રવેશ કરી. આત્મઘાત કરવા તૈયાર થયો છે. તેનું રાજકુટુંબ, મંત્રીઓ અને પ્રજાજન શોકાશ્રુ વર્ષાવે છે: આ કૌતુક જોવાને અમારે આજે કુશસ્થલી જવાનું છે.

યોગિનીનાં આ વચન સાંભળી સુધનશેઠની પુત્રવધૂઓએ વિનતિ કરી કે, તે કૌતુક જોવાને અમને પણ સાથે લ્યો. આ બધો વૃત્તાંત સાંભળી શ્રીચંદ્રકુમાર ચિંતાતુર થયો હતો. તે પોતાના પિતાના પ્રાણની રક્ષા કરવાને તે વધૂઓની સાથે શમીવૃક્ષને અવલંબી કુશસ્થલીમાં આવ્યો હતો, અને તેણે નિમિત્તઆનો વેષ લઇ, પોતાના પિતાને ચિતાગ્નિમાં પડતા અટકાવ્યા, જે વૃત્તાંત આ વાર્તાના પ્રસંગમાં ઉપર કહેવામાં આવ્યો છે.

અહીં રાજા પ્રતાપસિંહ અને તેનો મંત્રીવર્ગ તથા પ્રજાવર્ગ તે નિમિત્તિયાની શુભ વાણી સાંભળવાને ઇંતેજાર થઇ ઉભા હતા. પછી ચતુર નિમિત્તિએ પ્રસન્નતાથી જણાવ્યું, " મહારાજા! હું બ્રાહ્મણ છું, નિમિત્તિયાની વિદ્યા જાણું છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તિથિપત્ર અને સ્વર જ્ઞાનથી ભવિષ્ય કહી શકું છું, જે મનમાં ચિંતવ્યું હોય, તે ક્ષણમાં જાણી શકું છું. તમારે માટે મે જોયું છે, તમારાં રાણી સૂર્યવતી પુત્ર સહિત જીવતાં છે, કોઈ સારા સ્થાન ઉપર સુખે રહ્યાં છે, હવે અલ્પ સમયમાં તમારે તેમનો મેળાપ થશે. પ્રાયે કરીને આઠ દિવસમાંજ તેઓ આવી પહોંચશે; તેથી ધૈર્યને ધારણ કરી રાહ જુઓ. મારી વાણીમાં કાંઇ પણ શંકા રાખશો નહિ." તેનાં આવાં વચન સાંભળી રાજા અને મંત્રી વિગેરે ઘણાજ ખુશી થયા. જ્યોતિષીનાં વચનામૃત સાંભળી, તેમને પરમ આનંદ પ્રાપ્ત થયો. મંત્રીઓ પુનઃ પ્રણામ કરી બોલ્યા, મહાનુભાવ ! તમારી વાણીરૂપ સુધાએ અમને જીવન આપ્યું છે. મહારાજાની ગોત્ર-દેવીએ તમારા જેવા પંડિતરત્ન મોકલ્યા હોય, તેમ લાગે છે. કુશસ્થલીની પ્રજાની ભાગ્યદેવી આજે અમારી ઉપર પ્રસન્ન થયાં. અમારા શિરછત્ર મહારાજા પ્રતાપસિંહને આપે યોગ્ય અવસરે નવું જીવન આપ્યું છે. આપનો આ મહોપકારનો બદલો અમારાથી કદિપણ અપાય તેમ નથી. કુશસ્થલીના પ્રતાપી ઇંદ્રને આપે બચાવી, અમારા જીવનને સુધાર્યું છે.

આ પ્રમાણે કહી તેઓએ ફરીથી એ નિમિત્તિયાની પૂજા કરી. મહારાજા પ્રતાપે તેનો અતિ આભાર માની, સત્કાર કર્યો. પછી મહારાજાએ આનંદ ઉત્સવ સાથે પુરમાં પ્રવેશ કર્યો. જેમ મૃત્યુ પામ્યા પછી સ્મશાનમાંથી સજીવન થઇ ઘેર આવે, અને જેવો આનંદોત્સવ થાય તેવો કુશસ્થ-લીની પ્રજાએ આનંદ ઉત્સવ પ્રવર્ત્તાવ્યો. સઘળી નગરીમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘેરઘેર મંગળ ગીત ગવાયાં, રાજકુટુંબમાં હર્ષ સાથે જય-ધ્વનિ થઇ રહ્યો, મહારાજા મોટા સન્માનપૂર્વક નિમિત્તિયાને રાજદ્વારમાં લઈ ગયા. મોટા માન સાથે તેનું અતિથ્ય કરવાની ગોઠવણ કરવામાં આવી.

તે ચતુર નિમિત્તિયો કે જે શ્રીચંદ્ર પોતેજ છે, તેણે વિચાર્યું કે, જો પેલી યોગિણીઓ ચાલી જશે, તો પછી અહીં જ રહેવું પડશે. શ્રીગિરિમાં એકલાં રહેલાં સૂર્યવતી માતાને ઘણો સંતાપ થશે, માટે આજની રાત્રીમાંજ ત્યાં જવું યોગ્ય છે. આવું ચિંતવી તે વીર કુમાર છાની રીતે જ્યાં પેલી યોગિનીનું શમીવૃક્ષ હતું, ત્યાં આવ્યો. કોઇ યોગિની કે શમીવૃક્ષ જોવામાં આવ્યું નહીં. તેના હૃદયમાં ચિંતા થઈ, પણ પિતાના જીવિતને ઉગારવાનું મહા કાર્ય સિદ્ધ થવાથી તે હૃદયમાં પૂર્ણ સંતોષ માની, પાછો પોતાને સ્થાને આવ્યો.

આવી રીતે ચતુર શ્રીચંદ્ર પોતાના પિતાને જીવિતદાન આપી, કુશસ્થલીમાં રહ્યો. રાજા પ્રતાપસિંહ તેને ઓળખી શક્યો નહીં. એક વિદ્વાન્ નિમિત્તજ્ઞ જાણીને તેનું બહુ માન કરતો હતો. હમેશાં વિવિધ જાતનો શાસ્ત્રીય વિનોદ લઈ, તેની સાથે દિવસ નિર્ગમન કરતો હતો. કર્મની વિચિત્રતા કેવી ચમત્કારી છે ? કુશસ્થલીનો યુવરાજ પોતાનીજ રાજધાનીમાં પિતાનો ઉપકારી થઇ; એક જોષીરૂપે પૂજાય છે. પિતા પુત્રને ઓળખી શકતો નથી, અને પુત્ર પિતાને ઓળખતાં છતાં ગુપ્ત રીતે રહી, પિતાનું શુભ ચિંતન ચિંતવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૪ મું.

## યોગવિદ્યાનો ઉપદેશ.

મધ્યાન્હનો સમય હતો, શરીરના નિર્વાહને માટે જનસમૂહ આહારની ક્રિયામાં પ્રવર્ત્તી રહ્યો હતો, ઉદ્યોગની પ્રવૃત્તિમાં વિશ્રાંતિ લેવાનો એ વખત હતો, આસ્તિકો ધર્મ-ક્રિયામાંથી, ઉદ્યોગીઓ ઉદ્યોગમાંથી અને અભ્યાસીઓ અભ્યા-સમાંથી નિવૃત્ત થઈ ભોજનની ક્રિયામાં પ્રવર્ત્તતા હતા. આ સમયે મહારાજા પ્રતાપસિંહ ભોજન લઈ, તે નવીન નિમિ-ત્તિયાના ઉતારામાં આવ્યો. કાંઈ પણ ધર્મચર્ચા કરવાની તેની ઈચ્છા હતી. તેને આવતા જોઈ સેવકોએ ખબર આપ્યા કે, આજે જોષીજી પ્રાત:કાળથી ધ્યાન લગાવી બેઠા છે, તેમની મનોવૃત્તિમાં આજે સમાધિ કરવાની ઇચ્છા થઈ છે તેમણે અમોને પ્રથમથી જણાવ્યું છે કે, હું મધ્યાન્હ સુધી ધ્યાન કરીશ. જે કોઈ આવે, તેને સૂચના આપજો. સેવકનાં વચન સાંભળી મહારાજા પૂજાગૃહમાં ગયા, ત્યાં તેની ધ્યાનમૂર્ત્તિ જોવામાં આવી. જોષી દૃઢ આસન ઉપર બેઠા હતા, તેમણે યોગમુદ્રા ધરી હતી, શરીર કાષ્ટવત્ થઈ સ્થિરભાવે રહ્યું હતું, લલાટ ઉપર ધ્યેય વસ્તુની એકતાનું તેજ ચળકતું હતું. આવી ધ્યાનાવસ્થા જોઈ પ્રતાપસિંહને આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું કે, આ કોઇ મહાયોગી લાગે છે, તેના ત્રિકાળ જ્ઞાનનો હેતુ આ યોગવિદ્યાજ હશે. આ મહા વિદ્યાને માટે ઘણું જાણવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગ્ય હોય છે. ઉત્તમ ધ્યાનનો પ્રકાર એ વિદ્યાથીજ જાણી શકાય છે. સિદ્ધ પરમાત્માના સ્વરૂપને પ્રત્યક્ષ ઓળખવાનું મહા સાધન સમાધિવિદ્યા એકજ છે, માટે આ પુરૂષની પાસેથી તે યોગવિદ્યાનું શ્રવણ કર્યું હોય, તો ઘણો લાભ થાય. રાજા આમ ચિંતવતો હતો, ત્યાં તે જોષીજી ધ્યાનમાંથી જાગ્રત થયા. તત્કાળ તેની દૃષ્ટિ મહારાજાની ઉપર પડી. સસ્મિત વદને બેઠા થઈ, તે ચતુર જોષી પૂજાલયમાંથી બાહેર નીકળી પ્રતાપસિંહની પાસે આવ્યા પ્રતાપસિંહે પ્રણામ કરી કહ્યું— મહાશય! તમે યોગવિદ્યા જાણો છો, એ આજેજ જાણ્યું. તમારી ધ્યાનાવસ્થા જોઈ, મને ઘણો આનંદ થયો છે આર્હત ગ્રંથોમાં યોગ વિષે મેં ઘણીવાર સાંભળ્યું છે, પણ તે વિષય બરાબર સાંભળવામાં આવ્યો નથી, તેથી તે જાણવાની મારી ઘણી ઇચ્છા છે. જો કૃપા કરી મને તે વિષે વિવેચન કરી સમજાવો, તો આપનો આભાર માનીશ. મારા ચૈતન્ય જીવનને તમે જીવન આપ્યું છે, પણ પરમાત્માના સ્વરૂપના જ્ઞાનરૂપ જીવનને આપવા માટે જો યોગવિદ્યાનો ઉપદેશ કરો, તો આપના સમાગમનું મને પૂર્ણ ફળ પ્રાપ્ત થશે. પ્રથમ આપ ભોજન કરી લ્યો, અને પછી તમારાં વચનામૃતથી મારા કર્ણને તૃપ્તિ આપો.

વિદ્વાન્ શ્રીચંદ્રકુમાર હાસ્ય કરી બોલ્યો—મહારાજા! આપની આવી ઉત્તમ ઈચ્છા જાણી મને અતિ આનંદ ઉદ્ભવે છે, હવે ભોજન કરવાની મારી ઇચ્છા નથી. સમાધિનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તમ સ્વાદ લઇ મને અપૂર્વ તૃપ્તિ મળી છે. જો કે, શરીરના નિર્વાહ માટે યોગીને ભોજનની અપેક્ષા રાખવી પડે છે, પણ તેના કરતાં યોગામૃતની તૃપ્તિ વધારે આનંદકારક છે. આ ઉદર, કે જે અપાર ભક્ષ્ય મેળવતાં છતાં હમેશાં અપૂર્ણ રહેનારૂં, અને ભોજનની વાસના રાખનારૂં છે, તેને અન્નનું બળિદાન આપ્યા વિના ચાલે તેમ નથી. સર્વ પ્રકારે જઠરરૂપ મહાગર્ત્ત પૂર્યા વિના કાંઇ પણ કાર્ય થઇ શકતું નથી.

જેથી યોગીએ પણ અન્નને આદર આપવો પડે છે.

મહારાજા! અન્ન વિના કોઇને ચાલે તેમ નથી, તથાપિ આજે મારે આ વખતે તેની જરા પણ અપેક્ષા નથી. હવે આપ એક ચિત્તે યોગવિદ્યાનું સ્વરૂપ સંક્ષેપથી સાંભળો. યોગ સર્વ ક્રિયાઓમાં શ્રેષ્ટ છે, એ પરમ રસનું મુખ્ય અંગ છે; અષ્ટાંગ પ્રકારનો તે યોગ શુભ પરિણામથી પ્રાપ્ત થાય છે. યમ, નિયમ, પ્રણિધાન, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, અને ધારણા, એ યોગનાં આઠ અંગ છે. તે શિવાય તેના બીજા ઘણા ભેદ છે, જે યોગવિદ્યાના ગ્રંથોમાં વિસ્તારથી દર્શાવ્યા છે, વાયુ–પ્રાણની સાધના, નિદ્રા, વિકથા તથા આહારનો આસનના ભેદથી જય કરી. ધ્યાનારંભનો વિચાર કરવો જોઇએ, અને તે સર્વથી બ્રહ્મ બીજનું સ્મરણ કરવાનું છે, તેમાં મુખ્યપણે આધાર લિંગ, નાભિ, હૃદય, કરકમલ, કંઠ, તથા લલા એ સ્થાનકોમાં રહેલાં પત્ર સહિત કમળ અને ચક્રોનાં સ્થ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાણવાં જોઇએ. તેનું વર્ણન આ પ્રમાણે છે. ગુદાના મૂળમાં ચાર દળવાળું આધાર ચક્ર છે. તેમાં श, ष, स, અને મધ્યે ह કાર છે. લિંગ મૂળમાં સ્વાધિષ્ટાન ચક્ર છે, તે ષટકોણાકૃતિ છ દળવાળું છે, નાભિમાં દશ પત્રવાળું મણિચક્ર છે, હૃદયમાં બાર દળનું અનાહત ચક્ર છે, કંઠમાં સોળ ચક્રવાળું વિશુદ્ધિ ચક્ર છે, અને લલાટમાં બત્રીશ દળવાળું પ્રણવબીજ ચક્ર છે. એ છ ચક્રોનું સ્વરૂપ યથાર્થ જાણવાથી યોગી યોગવિદ્યાનો પરમ ઉપાસક થઈ શકે છે. એજ ભાવાર્થને દર્શાવનારૂં નીચેનું પદ્ય યોગવિદ્યામાં ગવાય છે.

" आधारे लिंगनाभौ हृदि करकमले कंठदेशे ललाटे
द्वे पत्रे षोडशारे द्विदश दशदले द्वादशार्द्धे चतुष्टे ।
नासांते वालमध्ये डफकठसहिते कंठदेशे स्वराणा
मित्येवं ब्रह्मबीजं सकलजनहितं ब्रह्मरूपं नमामि " ॥ १ ॥

આ યોગવિદ્યાની ઉપાસનાથી સર્વ પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, યોગવિદ્યાનું મૂળ કર્ત્તવ્ય મનનો નિગ્રહ કરવો, તે છે. જ્યારે ધર્મવીર યોગારાધક અષ્ટાંગ યોગની ઉપાસના કરવા તત્પર થાય છે, ત્યારે તે મન, વચન અને કાયાના યોગની પરમ શુદ્ધિ પ્રાપ્ત કરે છે. દ્રઢ આસન ઉપર આરૂઢ થઈ બેઠેલો યોગી જે અસાધ્ય હોય, તે પણ સાધવાને સમર્થ થઇ શકે છે. આસનની દ્રઢતાથી તેના મનની દ્રઢતાને પુષ્ટિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મળે છે, યમ નિયમના ઉત્તમ માર્ગમાં પ્રવેશ કરવાથી યોગી મનની શુદ્ધિ પ્રાપ્ત કરી, પરબ્રહ્મનું દર્શન મેળવી શકે છે, આ લોકની ક્ષણિકતા, કે જે સાંસારિક પદાર્થો તરફ વૈરાગ્ય ભાવને પ્રગટ કરનારી છે, તેને સમર્થ યોગસાધક પુરૂષ અલ્પ સમયમાં જાણી લઇ, આત્મ સાધન કરી શકે છે.

મહારાજા! તે યોગવિદ્યાનો પ્રભાવ અલૌકિક છે, આત્માનંદના દિવ્ય સુખને આપનારો છે, આર્હત ધર્મનું બોધિબીજ, કે જેને માટે જૈન સાધકો અનેક પ્રયત્ન કરી, મેળવવાને અતિ કષ્ટ સહન કરે, તે બોધિબીજ યોગ સાધનના પ્રભાવથી પ્રાપ્ત થાય છે. રાજેંદ્ર! તે યોગવિદ્યાનું સ્વરૂપ સંક્ષેપમાં કહું, તે આપ ધ્યાન આપીને શ્રવણ કરો. છદ્મસ્થ યોગિઓ એક મુહૂર્ત્ત સુધી મનને સ્થિરતા આપે, એ ધ્યાન કહેવાય છે. તે ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન એવા બે પ્રકારનું છે. જેઓ સયોગી કેવળી છે, તેમને તો મન, વચન, અને કાયાના નિરોધનો જે કાળ, તેજ ધ્યાન ગણાય છે. કારણ કે, તેઓ એક દેશે ઉણી એવી પૂર્વ કોટી સુધી મન, વચન અને કાયાના વ્યાપાર સાથે વિહાર કરે છે, અને મોક્ષને વખતે તે વ્યાપારનો નિરોધ કરે છે. એક મુહૂર્ત્ત વાર પછી ચિંતા અથવા ધ્યાનાંતર હોઈ શકે, અને ઘણા અર્થનો જો સંક્રમ હોય, તો લાંબા કાળ સુધી પણ ધ્યાનની પરંપરા થઈ શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મ ધ્યાનની પુષ્ટિને માટે યોગીએ મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, અને મધ્યસ્થપણારૂપ ભાવનાની યોજના કરવી જોઇએ. મૈત્રી ભાવનામાં સર્વ જગતને મોક્ષ મેળવવાની બુદ્ધિ કરવાની, અને સર્વ પ્રાણીઓને સુખી જોવાની ઇચ્છા રહેલી છે. પ્રમોદ ભાવનામાં નિર્દોષ અને જ્ઞાન તથા ક્રિયાએ યુક્ત એવા મુનિઓના ગુણમાં પક્ષપાત રાખવાની યોજના છે. કરૂણા ભાવનામાં દીન, પીડિત, ભયભીત અને જીવિતની યાચના કરનારાં પ્રાણીઓ તરફ પ્રતિકાર કરવાની બુદ્ધિની ઘટના છે, અને મધ્યસ્થ ભાવનામાં ક્રૂર કર્મ કરનારા, નિઃશંકપણે દેવગુરૂની નિંદા કરનારા અને આત્માની પ્રશંસા કરનારા પ્રાણી તરફ ઉપેક્ષા રાખવાનું છે. આ ઉત્તમ ભાવનાથી યોગી જ્યારે આત્માને વિષે ભાવ ધરે છે, ત્યારે તેની તુટી ગયેલી શુદ્ધ ધ્યાનની પરંપરા પાછી સંધાય છે. આ ઉત્તમ ધ્યાન કોઇ તીર્થ અથવા પોતે સ્વસ્થ રહી શકે, તેવા સ્થાનમાં કરવાનું છે. તે યોગ ધ્યાન કરવાને માટે કેટલાં આસનોનો અભ્યાસ કરવો જોઇએ. જેઓમાં પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, કમળાસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન અને કાર્યોત્સર્ગ એ મુખ્ય આસનો છે. જે આસનથી મન સ્થિર થઇ શકે તેમ લાગે, તે આસન ઉપર યોગીએ આરૂઢ થવું જોઇએ.

મહારાજા! સમાધિ સુખની ઇચ્છા રાખનારા યોગીએ તે આસન ઉપર બેસી, કેવી સ્થિતિ રાખવી જોઇએ? તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિષે સાંભળો. પ્રથમ સુખાસને બેસી, શરીરની અને મનની સ્વસ્થતા સંપાદન કરવી, બંને હોઠ જોડી દેવા, નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ રાખવી, ઉપલા અને નીચલા દાંત જુદા રાખવા, મુખ પ્રસન્ન રાખવું, પૂર્વ અને ઉત્તરાભિમુખે બેસવું. આવી સ્થિતિ સંપાદન કર્યા પછી મન અને પવનનો જય કરવાને પ્રાણાયામ કરવો. મન અને વાયુ દુધ જળની જેમ જોડાઇ રહે છે, જ્યાં મન ત્યાં વાયુ, અને જ્યાં વાયુ ત્યાં મન હમેશાં હોય છે. એ બંનેમાંથી જો. એકનો નાશ થાય, તો બીજાનો પણ નાશ થાય છે. જો એક વિદ્યમાન હોય, તો બીજો પણ વિદ્યમાન હોય, અને જ્યારે બંનેનો નાશ થાય, એટલે ઇંદ્રિય અને મતિનો નાશ થાય છે; તે વખતે પરમાનંદ મોક્ષનો મહા માર્ગ પ્રકાશિત થાય છે. જ્યારે શ્વાસ અને ઉચ્છ્વાસની ગતિ રોકવામાં આવે, ત્યારે પ્રાણાયામ થાય છે. તે રેચક, પૂરક અને કુંભક, એવા ત્રણ ભેદથી પ્રખ્યાત છે. વળી પ્રત્યાહાર, શાંત, ઉત્તર અને અધર, એ ચાર ભેદ વધારે ગણતાં તેના સાત ભેદ થઇ શકે છે. ઉદરમાંથી યતનાપૂર્વક વાયુને નાસિકા, બ્રહ્મરંધ્ર અને મુખથી જે બહાર ફેંકવો, તે **રેચક** પ્રાણાયામ કહેવાય છે. બહારના વાયુને આકર્ષણ કરી, છેક અપાન સુધી ઉદરને ભરવું, તે **પૂરક** પ્રાણાયામ કહેવાય છે, અને તે વાયુને નાભિ કમળમાં સ્થિર કરી રોકવો, તે **કુંભક** પ્રાણાયામ કહેવાય છે. નાભિ વિગેરે સ્થાનથી વાયુને હૃદયાદિ સ્થાનમાં ખેંચવો, તે

**પ્રત્યાહાર** કહેવાય છે. તાળુ, નાસિકા અને મુખદ્વારથી વાયુનો નિરોધ કરવો, તે **શાંત** પ્રાણાયામ કહેવાય છે. બહારના પવનને લઈ, તેને ઉંચો ચડાવી, હૃદય વિગેરેમાં જે ધારી રાખવો, તે **ઉત્તર** પ્રાણાયામ કહેવાય છે, અને તેથી જે વિપરીત તે **અધર** પ્રાણાયામ કહેવાય છે, અર્થાત્ તેમાં વાયુને ઉંચેથી નીચે લાવવામાં આવે છે.

રાજેંદ્ર ! આપ્રાણાયામની ક્રિયા શારીરિક સંપત્તિમાં વધારો કરે છે, શારીરિક બળને અર્પણ કરી ઉત્તમ પ્રકારની દિવ્ય સ્ફુર્ત્તિ આવે છે, રેચક પ્રાણાયામ ઉદરની પીડા તથા કફનો નાશ કરે છે, **પૂરક** વ્યાધિઓનો નાશ કરી પુષ્ટિ બક્ષે છે, કુંભક હૃદય કમળને વિકસ્વર કરી, અંદરની ગ્રંથિ તોડી બળની સ્થિરતામાં વધારો કરે છે, પ્રત્યાહાર બળ અને કાંતિ વધારે છે, શાંત પ્રાણાયામ સર્વ જાતના દોષને દૂર કરે છે, અને **ઉત્તર** તથા **અધર** કુંભકને સ્થિર કરવાનું સામર્થ્ય અર્પે છે. એવી રીતે પ્રાણાયામના જુદાજુદા પ્રકારથી જુદાજુદા ગુણ થાય છે. જો યોગી પ્રાણ પ્રેમુખનાં સ્થાન, વર્ણ, ક્રિયા અર્થ અને બીજને જાણે છે, તો તે પ્રાણાયામની ક્રિયાથી પ્રાણવાયુને, વિષ્ટાદિકને દુર કરનારા અપાનવાયુને, રસ પ્રમુખને ઉંચે લઇ જનારા ઉદાનવાયુ, અને શરીરમાં બધે વ્યાપનારા વ્યાનવાયુને જીતી શકાય છે. પ્રાણવાયુ નાસિકાના અગ્રમાં, હૃદયમાં, નાભિમાં અને પગના અંગુઠાના અગ્ર ભાગમાં રહે છે, તેનો રંગ લીલો છે, ગમનાગમનના પ્રયો-

ગથી અથવા ધારણ કરવાથી તેનો જય થાય છે. અપાન વાયુ ગળાની પાછળની નાડીઓમાં, ગુદામાં, અને પગના પાછલા ભાગમાં રહે છે, તેનો રંગ કાળો છે, તે વારંવાર રેચન અને પૂરણથી જીતી શકાય છે. સમાન વાયુ હૃદય, નાભિ અને સર્વ સાંધાઓમાં રહે છે, તેનો રંગ શ્વેત છે, અને તે વારંવાર રેચન અથવા પૂરણથી જીતી શકાય છે. ઉદાન વાયુ હૃદય, કંઠ, તાળુ અને ભ્રકુટીના મધ્ય ભાગમાં તથા મસ્તકમાં રહે છે; તેનો રંગ રાતો છે, તે ગમનાગમનના નિયોગથી જીતી શકાય છે. નાસિકાને ખેંચી ઉદાન વાયુને હૃદયાદિકમાં સ્થાપવો, અને બળથી ઉંચે ચડતા એવા, તેને રોકીને વશ કરવો. વ્યાન વાયુ ત્વચામાં રહે છે, તેનો રંગ ઈંદ્ર ધનુષ્યના જેવો છે, તેને સંકોચ અને પ્રસરે કરીને કુંભકના અભ્યાસથી જીતી લેવાનો છે.

મહારાજા ! એ વાયુનું સ્વરૂપ પૂર્ણ રીતે જાણી પ્રાણ અપાન, સમાન, ઉદાન અને વ્યાન વાયુમાં અનુક્રમે " યં પૈં વૈં રૌં લૌં " એ બીજોનું ધ્યાન કરવું, અને જે સ્થાને પ્રાણીને પીડા કરનારો રોગ થયો હોય, તે રોગની શાંતિને માટે તે તે સ્થાને પ્રાણાદિક વાયુઓને ધારણ કરવા. એવી રીતે પ્રાણાયામ કર્યા પછી મનની સ્થિરતાને માટે ધારણા વિગેરેનો અભ્યાસ કરવો જોઈએ, ધારણાનો પ્રયોગ આ રીતે છે કે, વાયુને ધીરે ધીરે રેચકથી રેચી ડાબી નાડીથી મનની સાથે પગના અંગુઠાથી માંડીને છેક બ્રહ્મદ્વાર સુંધી લાવી, તેવડે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શરીરને પુરવું. તેમાં પહેલા પગના અંગુઠામાં, પછી પગના તળીયામાં, પછી પાછલા ભાગમાં, પછી ઘુંટીમાં, પછી જંઘામાં, પછી ઘુંટણુમાં, સાથળમાં ગુદામાં, લિંગમાં, નાભિમાં, ઉદરમાં. હૃદયમાં, કંઠમાં. જિહ્વામાં, તાળુમાં, નાસિકાના અગ્ર ભાગમાં, નેત્રમાં, ભ્રકુટીમાં કપાળમાં અને મસ્તકમાં, એમ અનુક્રમે વાયુની સાથે મનને લાવીને છેક બ્રહ્મદ્વાર સુધી તેને ભરવો. પછી અનુક્રમે તેવીજ રીતે છેક ઉતારી ઉતારીને પગના અંગુઠા સુધી લાવવો, અને નાભિ કમળમાં લાવીને પવનનું વિરેચન કરવું, આનું નામ **ધારણા** કહેવાય છે. મહારાજા ! આ ધારણા ઉત્તમ ફળને આપનારી છે. પગના અંગુઠા વિગેરેમાં ધારણ કરેલો વાયુ શીઘ્ર ગતિ અને બળને માટે ગુણકારી છે, નાભિમાં રહેલો જ્વરાદિ રોગ શમાવે છે, જઠરમાં રહેલો કાયાની શુદ્ધિ કરે છે, હૃદયમાં રહેલો જ્ઞાન આપે છે, કૂર્મ નાડીમાં રહેલો રોગ તથા જ્વરને દૂર કરે છે, કંઠમાં ક્ષુધા તૃષાને શમાવે છે, જીહ્વાને અગ્ર ભાગે રસનું જ્ઞાન અર્પે છે, નાસિકાના અગ્રભાગે ગંધનું જ્ઞાન વધારે છે, ચક્ષુમાં રહેલો રૂપનું જ્ઞાન દર્શાવે છે, કપાળમાં ત્યાંના રોગનો નાશ, અને ક્રોધરૂપ કષાયને શમાવે છે. અને બ્રહ્મદ્વારમાં રહેલો વાયુ સાક્ષાત્ સિદ્ધોનાં દર્શન કરાવે છે. તે વાયુના ચાર ગમન અને સ્થાનના જ્ઞાનથી અભ્યાસને યોગે શુભ અશુભ ફળના ઉદયવાળા કાળ અને આયુષ્ય જાણી શકાય છે. આ પ્રમાણે પ્રાણાયામ અને ધારણાથી યોગીએ પવનની સાથે મનને ખેંચી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હૃદયકમળની અંદર સ્થાપિત કરી કબજે કરવું. જ્યારે મનનો નિગ્રહ થયો, એટલે અવિદ્યાઓ લય પામે છે, વિષયની ઇચ્છા નાશ પામી જાય છે. વિકલ્પો નિવૃત્ત થાય છે, અને અંદર જ્ઞાનનું જ્યોતિ પ્રગટ થાય છે. જ્યારે હૃદયકમળમાં મન સ્થિર થયું, એટલે ' વાયુની ગતિ કયાં મંડળમાં છે ? વાયુનું સંક્રમણ અને વિશ્રમણ કયાં થાય છે ? તથા નાડી કઈ ચાલે છે : એ સઘળું જાણવામાં આવે છે, યોગવિદ્યાને અંગે એ ચમત્કારી સ્વરોદય જ્ઞાન પૂર્ણ રીતે પ્રકાશે છે. નાસિકાના છિદ્રોમાં અનુક્રમે ભૂમિ, વરૂણ, વાયુ અને અગ્નિ સંબંધી ચાર મંડળો કહેલાં છે, તે ચારે મંડળમાં સંચાર કરતો વાયુ ચાર પ્રકારનો થાય છે, તે વાયુ જુદાં જુદાં શુભાશુભ ફળ સૂચવે છે, એ સર્વ જ્ઞાનનું મૂળ મનનો નિગ્રહજ છે. આ વિદ્યાને અંગે કેટલીક સિદ્ધિ—લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, જે કર્મની ઉત્પાદક થઇ, મોક્ષમાં વિઘ્નરૂપે થઇ પડે છે.

રાજેંદ્ર ? એ ધ્યાન કરવામાં ઘણી સાવચેતી રાખવી પડે છે. ધ્યાન ધરનાર કેવો જોઈએ ? તે પણ અવશ્ય મનન કરવા જેવું છે. પ્રાણ જાય, તોપણ જે સંયમનું અગ્રેસર-પણું ત્યજે નહીં, પોતાતા આત્મસ્વરૂપથી જુદો થયા વિના જે બીજાને પણ પોતાની મેળેજ જુએ છે, જે શીત, પવન અને તડકાથી પણ પરિતાપને પામતો નથી, જે મોક્ષદાયક અમૃતને પીવાની ઇચ્છા કરે છે, જે પોતાના મનને રાગા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્રાંત, ક્રોધાદિકથી દૂષિત અને આત્મારામરૂપ બનાવે છે, તે સર્વ કર્મમાં નિર્લેપ રહે છે, કામ ભોગથી વિરત થાય છે. પોતાના શરીરમાં પણ નિસ્પૃહ રહે છે, સર્વત્ર શમતાનો આશ્રય કરી, સંવેગના ધ્રોમાં મગ્ન રહે છે, રાજા અને રંકનું સરખી રીતે કલ્યાણ ઇચ્છે છે. તેના હૃદયમાં કરૂણાનો ભરપૂર સાગર ઉછળ્યા કરે છે. સંસારનાં કોઇ પણ જાતનાં સુખની તે દરકાર રાખતો નથી. મેરૂની જેમ નિષ્કંપ, ચંદ્રની જેમ આનંદદાયક, અને પવનની જેમ નિઃસંગ થઇ પ્રવર્ત્તે છે. આવો સદ્બુદ્ધિમાન્ ધ્યાતા સર્વ રીતે પ્રશંસનીય છે.

એવા ઉત્તમ ધ્યાતા ને ધ્યેય કેવો હોય, તે પ્રથમ વિચારવાનું છે, ધ્યાનના આલંબનરૂપ ધ્યેયના ચાર પ્રકાર કહેલા છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપવર્જિત (રૂપાતીત) એ ચાર પ્રકારના ધ્યેયને જુદી જુદી ધારણાઓ હોય છે. પાર્થિવી, અગ્નેયી, મારૂતી, વારૂણી અને ભૂ, એ પાંચ ધારણાઓ પિંડસ્થ ધ્યેયમાં ઉપયોગી થાય છે, તે ધ્યેય આત્માના સ્વરૂપને જ્યારે પાર્થિવી ધારણાથી ધ્યાવું હોય, ત્યારે તિર્યક્લોકના પ્રમાણ જેવડા ક્ષીર સમુદ્રમાં જંબૂદ્વીપ સમાન સહસ્રપત્ર કમળનું ધ્યાન કરવું; તે કમળની અંદર પીળા વર્ણની મેરૂ સામાન કર્ણિકાપર રહેલા શ્વેત સિંહાસન ઉપર બેઠેલા કર્મનાશક આત્માનું ચિંતવન કરવામાં આવે છે, અગ્નેયી ધારણાથી નાભિને વિષે રહેલા સોળ પત્રવાળા કમળમાં ' अर्हं '

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ મહા યંત્રનું ધ્યાન કરાય છે, તે કમળનાં દરેક પત્રે સ્વરોની પંક્તિ છે, તે મહા મંત્રમાં રેફ, બિંદુ અને કળાથી આક્રાંત એ ર્હં એવો જે અક્ષર છે, તેના રેફમાંથી નીકળતી ધૂમરેખાનું સ્મરણ કરવામાં આવે છે, અને તે સ્મરણ પૂર્વક ધ્યાનમાં અગ્નિના તણખા અને જ્વાળાઓની શ્રેણીવડે હૃદયસ્થ કમળને બાળી નાખતાં જેમાં આઠ કર્મો બળીને ભસ્મ થાય, એવી ધારણા કરવામાં આવે છે, અગ્નિ ધારણાના પ્રભાવથી મંત્રની શિખા અને અંતર અગ્નિની સમીપ દેહ અને પદ્મને બહાર કહાડીને ભસ્મ કર્યા પછી શાંત થઈ જવાનું છે.

વાયવી ધારણાથી ત્રણ જગતને પુરી પર્વત તથા સમુદ્રને ચલાયમાન કરે, તેવા પવનનું ધ્યાતાએ ધ્યાન કરવું તે પછી ઉપરની ભસ્મને વાયુથી ઉડાડી, દ્રઢ અભ્યાસી આત્માને શાંત કરવો. વારૂણી ધારણાથી અમૃત વૃષ્ટિ કરનારી મેઘમાળાથી પરિપૂર્ણ એવા આકાશનું સ્મરણ કરવું. તે પછી અર્દ્ધ ચંદ્રવડે આક્રાંત અને વારૂણીથી અંકિત એવા મંડળનું ચિંતવન કરવું, ત્યારબાદ તે નભસ્તલને અમૃત સમાન પાણીથી સ્નાવિત કરી, તે એકઠી થયેલી રજને ધોઈ નાખવી. ભૂધારણાથી સાત ધાતુ રહિત, પૂર્ણ ચંદ્રના જેવું ઉજ્વલ સર્વજ્ઞ સમાન આત્મસ્વરૂપનું સ્મરણ કરવું. પછી સિંહાસનપર આરૂઢ, સર્વ અતિશયથી સુશોભિત, સમગ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્મને નાશકારક, કલ્યાણ મહિમાથી વિરાજિત એવા આત્માને પોતાના અંગના ગર્ભમાં નિરાકારપણે ચિંતવવો.

આ પ્રમાણે પાંચ ધારણાથી પિંડસ્થ ધ્યેયના ધ્યાનમાં અભ્યાસી એવો યોગી, મોક્ષ સુખને પ્રાપ્ત કરી શકે છે. તે યોગીને પિંડસ્થ ધ્યાનના પ્રભાવથી ઉચ્ચાટન, મારણ સ્તંભન વિગેરે વિદ્યાઓ તથા મંત્ર, મંડળ, શકિત વિગેરે તેનો પરાભવ કરી શકતાં નથી. તે શિવાય ભૂત, પ્રેત, પિશાચ, ડાકણી તથા દુષ્ટ એવા હાથી, સિંહ, અષ્ટાપદ, અને સર્પ વિગેરે ઘાતકી પ્રાણીઓ પણ તેનાથી દુર રહે છે.

મહારાજા ? તે પછીનું પદસ્થ ધ્યેય કહેવાય છે. મંત્રના પવિત્ર પદનું આલંબન લઈને જે કરવામાં આવે છે, તેથી તે **પદસ્થ** ધ્યાન કહેવાય છે. તે ધ્યાનમાં નાભિકમળની અંદર સ્વરોની શ્રેણીનું ધ્યાન થાય છે. તે પછી હૃદયસ્થ કમળ, તેની ચોવીશ પાંખડીઓ અને કર્ણિકા ઉપર પચીશ વ્યંજનો, બીજા આઠ પત્રવાળાં મુખ કમળ ઉપર આઠ વ્યંજનોનું ધ્યાન થાય છે. આ માતૃકાના સ્મરણથી યોગીને ત્રિકાળ જ્ઞાન થાય છે. આ પદસ્થ ધ્યેયમાં વ્યંજનાક્ષરના ધ્યાનથી નષ્ટાદિકનું જ્ઞાન છે, એટલે જેને જન્મતિથિ અને મુહૂર્ત્તવેળાનું જ્ઞાન ન હોય, તેવાઓની જન્મતિથિ તથા મુહૂર્ત્તવેળાને તે જાણી શકે છે,

મહારાજા પ્રતાપસિંહ ? એ પદસ્થ ધ્યેયમાં ' ॐ ह्रीं એ પદનું ધ્યાન કરવામાં આવે છે. એ પદ પ્રાણ પ્રતિને સ્પર્શ કરનારૂં તથા પાપને દહન કરનારૂં છે. એમાં મસ્ત-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કને વિષે ફટિક જેવા નિર્મળ પરમેષ્ટી અર્હંતનું ધ્યાન થાય છે. તે વખતે ધ્યાનના આવેશથી " सोहं सोहं " એમ વારંવાર ઉચ્ચારતા નિઃશંકપણે પરમાત્માની સાથે આત્માની એકતા થઇ શકે છે. રાગ દ્વેષ, અને મોહથી રહિત, સર્વદર્શી દેવતાઓને પૂજનીય એવા પરમાત્મા ધર્મદેશના આપતા હોય, તે વખતની સ્થિતિનું ધ્યાન કરવામાં આવતાં તે યોગી ક્લેશને નાશ કરતાં પરમાત્માપણાને પ્રાપ્ત થાય છે.

રાજેંદ્ર ! ધ્યેયના ત્રીજા પ્રકારમાં રૂપસ્થ ધ્યેય આવે છે. તે રૂપસ્થ ધ્યાનમાં મોક્ષ લક્ષ્મીની સન્મુખ રહેનારા, સર્વ કર્મને નાશ કરનારા, સર્વ જગતને અભય આપનારા ચાર મુખવાળા, ચંદ્ર મંડળ જેવા ત્રણ છત્રોથી સુશોભિત ભામંડળથી સૂર્યને અનુસરનારા, દિવ્ય દુંદુભિના શબ્દોથી અને સંગીતની સંપત્તિથી વિરાજિત ભમરાના ઝંકારાથી શબ્દાયમાન એવાં અશોક વૃક્ષથી સુશોભિત સિંહાસનપર બેઠેલા, ચામરોથી વીંજાતા, સુર અસુરના મુગટ રત્નની કાન્તીથી પ્રકાશિત ચરણવાળા, દિવ્ય પુષ્પોના રાશિથી ભરપૂર એવી પરિષદામાં રહેલા, અને મૃગ અને સિંહાદિ પ્રાણીઓ સ્થિર રહી, જેમના મધુર શબ્દને સાંભળે છે, એવા શ્રી કેવળ જ્ઞાનથી પ્રકાશિત અર્હંત પ્રભુને સમવસરણમાં રહેલા ધ્યાન કરવામાં આવે છે. એ ધ્યાનમાં રાગ દ્વેષ તથા મોહ વિકારોથી રહિત, નિષ્કલંક, શાંત, સુંદર, મનોહર,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્વ લક્ષણોથી યુક્ત, યોગમુદ્રાથી સુશોભિત, નેત્રને અત્યંત આનંદ આપતું જિનેંદ્ર પ્રતિમાનું સ્વરૂપ અનિમેષ દ્રષ્ટિએ ચિંતવવામાં આવે છે.

સતત અભ્યાસના યોગથી તન્મય થયેલો રૂપસ્થ ધ્યાની યોગી પોતાના આત્માને સર્વજ્ઞરૂપ જુએ છે. જે સર્વજ્ઞ ભગવાન્ છે, તે હું પોતેજ છું એમ માની તન્મયતાને દર્શાવે છે. આ ધ્યાનના પ્રભાવથી યોગીની સ્થિતિ ઉત્તરોત્તર ઉત્તમ પ્રકારની થતી જાય છે. મોક્ષને અવલંબી રહેલી સર્વ જાતની સિદ્ધિઓ તેને સ્વત: સિદ્ધ થાય છે, અને તેથી કરીને તે મોક્ષના સુખનો પૂર્ણ અધિકારી થઇ ચુકે છે.

**રૂપાતીત** નામના ધ્યેયનો પ્રકાર એ સર્વથી વિલક્ષણ છે. એ ધ્યાનની પરાકાષ્ટા છે, અમૂર્ત્ત. ચિદાનંદ, અને નિરંજન પરમાત્માનું રૂપ રહિત ધ્યાન હોવાથી તે રૂપાતીત કહેવાય છે, તે ધ્યેયનો ધ્યાતા ગ્રાહ્ય અને ગ્રાહકના ભેદથી રહિત થઇ, તન્મયપણાને પ્રાપ્ત કરે છે. તે બીજાનું શરણ મેળવ્યા વિના તે ધ્યેયમાં એવો લીન થાય છે કે, ધ્યાતા અને ધ્યાન બન્નેના અભાવથી તે ધ્યેયની સાથે એકતાને પામી જાય છે: આ તે યોગીની સ્થિતિ તેજ **સમરસી** ભાવ, અને તેજ **એકીકરણ** કહેવાય છે. આ ધ્યાનના પ્રકારમાં એવી શિક્ષા આપેલી છે કે, લક્ષ્યના સંબંધવાળા સ્થૂળથી અલક્ષ્ય એવા સૂક્ષ્મનું ચિંતવન કરવું અને સાલંબનથી નિરાલંબ તત્વનું ચિંતવન કરવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી રીતે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, અને રૂપાતીત, એ ચાર પ્રકારના ધ્યાનરૂપ અમૃતમાં જે મુનીનું મન મગ્ન થાય, તે મહાશય આ વિશ્વ તત્વને સાક્ષાત્ કરી; આત્મ-શુદ્ધિ ધારણ કરે છે. મહારાજા! તે પ્રમાણે **આજ્ઞા, અપાય. વિપાક અને સંસ્થાન.** એ ચાર પ્રકારના બીજા પણ ધ્યેય કહેવાય છે, અને તે પ્રમાણે ચતુર્વિધ ધર્મનું ધ્યાન થઈ શકે છે. સર્વજ્ઞ પ્રભુનાં આજ્ઞા વચનને માન્ય કરી, તત્વથી જે અર્થ ચિંતન કરવું, તે **આજ્ઞાધ્યાન** કહેવાય છે. આ આજ્ઞાધ્યાનમાં એવો નિશ્ચય કરવામાં આવે કે. સર્વજ્ઞનું. સૂક્ષ્મ વચન હેતુઓથી અબાધિત છે. કારણ કે, શ્રી જિનેશ્વરો મૃષાવાદી હોતા નથી. રાગ, દ્વેષ, અને કષાય વિગેરેથી ઉત્પન્ન થતા અપાયોનું જ્યાં ચિંતવન થાય, તે **અપાયધ્યાન** કહેવાય છે. આ ધ્યાનમાં આલોક અને પરલોક સંબંધી અપાયો દૂર કરવામાં તત્પર થઈ, ચોતરફના પાપમાંથી પાછા હઠવાનું મુખ્ય કર્તવ્ય છે. ક્ષણે ક્ષણે કર્મનાં ફળનો વિચિત્ર ઉદય જેમાં ચિંતવવામાં આવે તે **વિપાકધ્યાન** કહેવાય છે. એ ધ્યાનમાં એમ ચિંતવાય છે કે, અરિહંત પદની સમૃદ્ધિ તે પુણ્યનું પ્રબળ, અને નારકીની વિપત્તિ, તે પાપનું પ્રબળ છે. અનાદિ, અનંત, સ્થિતિ, ઉત્પત્તિ, અને નાશના સ્વભાવવાળા લોકની આકૃતિ જેમાં ચિંતવાય, તે **સંસ્થાન** ધ્યાન કહેવાય છે. એ ધ્યાનથી વિવિધ જાતનાં દ્રવ્યની અંદર રહેલા અનંતા પર્યાય ફર્યા કરે છે, એવું જ્ઞાન થવાથી તેમાં રક્ત

થએલું મન રાગાદિકથી આકુળવ્યાકુળ થતું નથી. આ ધર્મ-ધ્યાન કરવાથી ક્ષયોપશમિક વિગેરે ભાવ થાય છે, અને તે પછી અનુક્રમે પીત, પદ્મ, અને શિત એવી લેશ્યાઓ પણ પ્રાપ્ત થાય છે. અને તે શિવાય જ્યારે તે ધર્મધ્યાન વૈરાગ્યની સાથે તરંગિત થાય, ત્યારે ધ્યાતા પ્રાણીને, ઇંદ્રિયોને, અગોચર એવું, આત્મસંવેદ્ય સુખ પ્રાપ્ત થાય છે.

તે ધર્મધ્યાનને માટે અનુભવી મહાત્માઓ એમ પણ લખે છે કે; નિઃસંગ યોગીઓ ધર્મ ધ્યાનથી ગ્રૈવેયક વિગેરે દેવલોકમાં દેવતા થાય છે. તે દેવપણામાં મોટા મહિમાવાળુ શરદ ઋતુના ચંદ્ર જેવું, તેજસ્વી અને અલંકાર તથા દિવ્ય વસ્ત્રોથી સુશોભિત એવા શરીરને સંપાદન કરે છે, તે પછી તેઓ વિશેષ વીર્ય તથા બોધ મેળવી કામ પીડાથી રહિત થઈ અંતરાય રહિત એવા અનુપમ સુખને સેવે છે. પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ અર્થથી મનોહર એવા તે સુખરૂપ અમૃતને નિર્વિઘ્ને ભોગવતા તેઓ પોતાના ગત જન્મને જાણતા નથી તે દિવ્ય સુખનો ભોગ કર્યા પછી તેઓ દેવલોકમાંથી ચવીને ઉત્તમ શરીરમાં જન્મ લઇ પૃથ્વી ઉપર અવતરે છે, ત્યાં દિવ્ય વંશમાં ઉત્પન્ન થઇ, અખંડીત મનોરથવાળા થઈ વિવિધ ભોગને ભોગવે છે. પછી વિવેકનો આશ્રય કરી, બધા ભોગથી વિરક્ત થઈ ધ્યાનરૂપ અગ્નિથી કર્મને દહન કરી, અવ્યયપદને પ્રાપ્ત થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહારાજા ! એ ધર્મ ધ્યાનનું સ્વરૂપ આપના જાણવામાં આવ્યું હવે શુકલ ધ્યાનનું સ્વરૂપ ધ્યાનમાં લ્યો. જેવું ધર્મ-ધ્યાન સ્વર્ગ ને મોક્ષનું કારણ છે, તેવુંજ શુકલ ધ્યાન મોક્ષનુંજ કારણ છે વજ્રઋષભ નારાચની સંઘયણવાળા પૂર્વધારીઓજ આ ધ્યાનના અધિકારી થાય છે. અલ્પ સત્વવાળા તેના અધિકારી થતા નથી. આ મહા ધ્યાન વર્ત્તમાનકાળે થઇ શકતું નથી. **નાનાત્વ શ્રુત વિચાર, ઐક્ય શ્રુત વિચાર, સુક્ષ્મક્રિય,** અને **ઉત્સન્નક્રિય** એવા શુકલ ધ્યાનના ચાર ભેદ છે. તે અનુક્રમે એકત્ર યોગી એક યોગી, તનુ યોગી, અને નિર્યોગીને પ્રાપ્ત થાય છે. આ શુકલ ધ્યાનરૂપ અગ્નિ જ્યારે તીવ્ર રીતે પ્રજ્વલિત થાય, ત્યારે યોગીંદ્રનાં ઘાતી કર્મોને તે દહન કરી નાંખે છે, ઘાતી કર્મને નાશ થયા પછી તે યોગી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરીને, આ લોકાલોકને યથાર્થ રીતે જાણી શકે છે, અને જોઈ શકે છે. તીર્થંકર, કેવળી વિગેરેના અતિશય તથા ચમત્કારી પ્રભાવના મહિમાનું કારણ એજ ધ્યાન હોઈ શકે છે. રાજેંદ્ર ! એવી રીતે અનુક્રમે અભ્યાસના આવેશથી નિરાલંબ ધ્યાનને ભજનારા અને સમતા રસના સ્વાદને પ્રાપ્ત કરનાર મહા યોગી છેવટે દુર્લભ એવા પરમ આનંદને અનુભવે છે. બાહ્ય આત્માના ત્યાગ કરી, પ્રસસ્ત ભાવે અંતરાત્માથી તે યોગીંદ્ર તન્મય થઈને પરમાત્માનું ચિંતવન કરી શકે છે. આત્મબુદ્ધિથી ગ્રહણ કરેલ કાયાદિ તે બહિરાત્મા, અને કાયાદિ પ્રત્યે અધિષ્ઠાયક તે અંતરાત્મા એવા ભેદનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેને યથાર્થ ભાન થાય છે. ચિદ્રૂપ, આનંદમય, નિરૂપાધિ, શુદ્ધ, દષ્ટિને અગોચર, અને અનંતગુણી પરમાત્માનું સ્વરૂપ તે સૂક્ષ્મ રીતે જાણી શકે છે. તે પરિપકવ યોગી કાયાથી આત્માને અને આત્માથી કાયાને પૃથક્ જાણી આત્માના નિશ્ચયમાં વિરામ પામે છે. જ્યારે તે યોગી આત્માને વિષે આત્મજ્ઞાનની ઇચ્છા કરે, ત્યારે જ્ઞાની પુરૂષો તે અયત્ન પ્રાપ્ય એવું મોક્ષપદ સંપાદન કરે છે.

માહારાજા ! આવી યોગવિદ્યા મોક્ષ સાધવાની સર્વોત્તમ કળા છે, તેને પ્રાપ્ત થાય, તો માનવ જીવન કૃતાર્થ થાય છે. મહારાજા આપ આર્હત છો, દયા ધર્મના રાગી છો, તમારા હૃદયમાં શુદ્ધ સમ્યક્ત્વે સર્વદા વાસ કર્યો છે, તેથી આ મહા વિદ્યાની ઉપાસના કરજો. પ્રત્યેક ક્ષણે નિરંજન પ્રભુનું ધ્યાન ધરવા તત્પર થજો. હું હમેશાં એ યોગવિદ્યાના પ્રભાવથી ત્રિકાળી જ્ઞાન ધારણ કરૂં છું, મારા અંતરંગમાં એ મહા વિદ્યાએ પોતાનોદિવ્ય પ્રભાવ દર્શાવ્યો છે.

તે નિમિત્તિયાનો આ ઉપદેશ સાંભળી પ્રતાપસિંહ ઘણો આનંદ પામ્યો, યોગ સમાધિના તત્વજ્ઞાનરૂપ અમૃતથી તેને નિરવધિ તૃપ્તિ પ્રાપ્ત થઇ, હૃદયમાં આનંદ સાગર ઉછળી રહ્યો, શરીર પર રોમોદ્ગમ થઈ આવ્યો, તેણે બેઠા થઇ તે નિમિત્તિયાને ભક્તિથી વંદણા કરી કહ્યું, મહાનુભાવ! તમે મારી ઉપર અપાર ઉપકાર કર્યો છે; મૃત્યુના મુખમાંથી બચાવી મને જીવિતદાન આપ્યું, અને છેવટે આ યોગવિદ્યાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપદેશથી મારા જીવનને કૃતાર્થ કરાવ્યું. આપના સમાગમથી મને જે લાભ થયો છે, તે અવર્ણ્ય છે. તેનો મારાથી અલ્પ પ્રતીકાર પણ થઇ શકે તેમ નથી. આર્હત શાસ્ત્રોમાં સત્સંગનો મહિમા જે વર્ણવ્યો છે, તે તમે યથાર્થ કરી બતાવ્યો છે. તમારા સત્સંગથીજ મને અંતરંગ બળ પ્રાપ્ત થયું છે, મારા આત્મામાં અતુલિત મનોબળ સંપાદિત થયું છે. આજ સુધી માત્ર યોગવિદ્યાનું નામજ હું સાંભળતો હતો, તે આપના મુખથી સવિસ્તર સાંભળી મને તેનું પૂર્ણ ભાન થયું છે, આજે મને આપના તરફથી અપૂર્વ લાભ મળ્યો છે.

આ પ્રમાણે કહી પ્રતાપસિંહ પોતાના મેહેલમાં ગયો, અને તે જોષીરૂપ શ્રીચંદ્ર પોતાના કર્ત્તવ્યમાં પરાયણ થઇ પ્રવર્ત્તવા લાગ્યો. શ્રીગિરિમાં રહેલાં માતુશ્રી સૂર્યવતીને મળવાની તેને ઉત્કંઠા થતી, અને પોતાના વિયોગથી માતુશ્રીની શી સ્થિતી થઈ હશે ? તેને માટે અપાર ચિંતા થતી હતી.

---

## પ્રકરણ ૧૫ મું.

## નિમિત્તિયાનું બીજું પરાક્રમ.

કુશસ્થલીની બહાર એક સુંદર મેહેલ બનાવવામાં આવ્યો હતો, તે મેહેલની રચના ઉત્તમ પ્રકારની કરવામાં આવી હતી, તેનો દેખાવ ઘણો સુંદર હતો, તેના ગોખ,



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાળિયાં વિગેરેમાં નકશીદાર કામ કરવામાં આવ્યું હતું, મેહેલની રચના થોડી મુદતમાં તૈયાર થઇ હતી, તથાપિ જાણે લાંબા કાળ સુધી તેનું કામ ચાલ્યું હોય, તેવો તેનો દેખાવ હતો.

આ મેહેલમાં બે પુરૂષો આવ્યા, તેમાંથી એક પુરૂષ બોલ્યો—મહારાજા ! મેહેલ ઘણો સુંદર બનાવ્યો છે, તેની કારીગરી અને વિચિત્ર શોભા જોઈ, પ્રેક્ષકને અતિ આનંદ ઉપજે છે. તે સાંભળી બીજા પુરૂષે જવાબ આપ્યો, મહાનુભાવ ! તમારા કહેવા પ્રમાણે મેહેલની રચના સારી છે, પણ મને આ મેહેલ જોઇને શંકા આવે છે કે, આવો સુંદર મેહેલ ક્ષણ વારમાં શી રીતે બનાવ્યો હશે ? આજથી આઠ દિવસ પહેલાં આજ માર્ગે હું ફરવા નીકળ્યો હતો, ત્યારે અહીં કાંઈ પણ ન હતું, આ સ્થળ શૂન્ય દેખાતું હતું; આજે અહીં મેહેલ થઇ ગયો, એ કેવું આશ્ચર્ય ?

આ પ્રમાણે તે બંને પુરૂષો વાતચિત કરતા હતા, ત્યાં અકસ્માત્ અગ્નિનો ભડકો જોવામાં આવ્યો. તેની દેદીપ્યમાન જવાળાથી તેઓ બંને ભયભીત થઇ ગયા. તરતજ તે બંને પુરૂષોમાંથી એક પુરૂષ બીજા પુરૂષનો હાથ ઝાલી નીચે લઈ ગયો, અને એક વિશાળ ભૂમિ ગૃહમાં થઈ તેને બીજે માર્ગે પસાર કરી દીધો. એકના રક્ષણથી બીજાનું પણ રક્ષણ થયું. બંને પુરૂષો મૃત્યુના મુખમાંથી બચી ગયા.

વાંચનાર ! શંકામાં મગ્ન થશો નહીં, આ બાબતનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—જ્યારે કુશસ્થલીના પ્રતાપી પ્રતાપસિંહને આપણા વેષધારી નિમિત્તિયાએ ચિતાગ્નિમાંથી બચાવ્યો, અને તે આનંદ કુશસ્થલીની પ્રજામાં પ્રવર્ત્યો હતો, પણ તેના **જય, વિજય, અપરાજીત,** અને **જયંત** એ ચાર કુમારોને તે આનંદ થયો ન હતો; તેઓ ઉલટા વિશેષ શોકાગ્રસ્ત થયા હતા. જ્યારે પ્રતાપ પુનર્જીવન મેળવી પાછો આવ્યો, અને તેની વફાદાર પ્રજાએ તેને પ્રેમથી વધાવી લીધો, તે પછી ઉપરથી આનંદ દર્શાવી, તે કપટી કુમારો એકાંતમાં એકઠા થયા હતા. તેઓમાંથી એક કુમારે જણાવ્યું કે, બંધુઓ! આપણી ધારણા નિષ્ફળ થઇ છે. પિતા પ્રતાપસિંહને મૃત્યુમાંથી નિમિત્તિયાએ બચાવી લીધો, એટલુંજ નહીં, પણ તેણે સૂર્યવતી તથા શ્રીચંદ્ર આઠ દિવસમાં કુશળક્ષેમ પાછાં આવશે, એમ પણ જણાવ્યું. હવે આપણે શું કરવું? જો પિતા ચિતાગ્નિમાં નાશ પામ્યા હોત, તો આપણો અર્થ સિદ્ધ થાત. ત્યારબાદ કદિ શ્રીચંદ્ર આવત, તોપણ તેનું કાંઇ ચાલત નહીં. કુશસ્થલીના રાજ્યાસન ઉપર જયકુમારને બેસારી દેત, પણ આપણી એ ધારણા નિષ્ફળ ગઇ. હવે શું કરવું? ત્યારે તેમાંથી એક બીજો કુમાર બોલ્યો. બંધુઓ! મને એક ઉપાય સુઝી આવ્યો છે. આપણે નગરની બહાર એક લાક્ષાપ્રાસાદ–લાખનો મહેલ ઉભો કરીએ. હજારો માણસોથી એ મહેલને ચાર દિવસમાં તૈયાર કરાવીએ, પછી તેમાં આપણા પિતાને દેખા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ડવાને બહાને લઈ જઈ, અગ્નિથી ભસ્મ કરી નાખીએ. તેના આ કુવિચારને બીજાઓએ અનુમોદન આપ્યું. તત્કાળ તેમણે તેવો બનાવટી મહેલ તૈયાર કરાવી દીધો હતો, અને રાજાને નિમિત્તિયા સાથે ત્યાં બોલાવ્યો હતો. એ મહેલમાં જે બે પુરૂષો હતા, તે રાજા પ્રતાપસિંહ અને પેલો નિમિત્તિઓ હતો. તે મહેલને તેમણે અગ્નિ લગાડયો હતો. તે વખતે ચતુર જોષી, રાજા પ્રતાપને લઇ, ભૂમિગૃહમાં થઇને ચાલ્યો ગયો હતો. એ ભૂમિગૃહ કેવી રીતે રચેલું હતું, તેનો વૃત્તાંત આ પ્રમાણે છેઃ—

જ્યારે જય વિજય વિગેરે કુમારો રાજાનું અનિષ્ટ ચિંતવતા હતા, ત્યારે જોષીરૂપે બનેલા આ વાર્ત્તાના નાયકે અંતર્ધ્યાન વિદ્યાથી તે વિચાર સાંભળી લીધા હતા. તત્કાળ તેણે પોતાના ઉપકારી પિતાને બચાવવાને ગુપ્ત રીતે એક ભૂમિગૃહ સુરંગ કરાવવાની યોજના કરી હતી, જે યોજનાથી રાજા પ્રતાપસિંહ અને શ્રીચંદ્ર જોષી લાક્ષામહેલમાંથી બચી ગયા હતા, તેઓ સુરંગદ્વારા બીજે માર્ગે કુશળક્ષેમ નીકળ્યા હતા.

બુદ્ધિની ગતિ વિચિત્ર છે, પોતાના યાવજ્જીવિત ઉપકારી પિતાનું અનિષ્ટ ચિંતવવું, તેવી કુબુદ્ધિ કરવી, એ પુત્રોનું કેવું ઘોર કૃત્ય? જેને માટે શાસ્ત્રોમાં બહુ માન છે, જેને જંગમ તીર્થ માનવામાં આવે છે, જેની ભક્તિનો મહિમા અવર્ણ્ય કહેલો છે, એવા પિતાની ઉપર કુબુદ્ધિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરનારા પુત્રોને સહસ્રવાર ધિક્કાર છે. પુત્રની પિતા તરફ કેવી ભક્તિ જોઇએ ? પુત્રનો ધર્મ શો છે ? અને પુત્ર, પિતાનો કેટલો આભારી છે ? એ વિચાર કર્યા વગર પિતાનું અનિષ્ટ કરવા વિચાર કરવો, અને તે પણ સાહસથી અમલમાં લાવવો, એ કેવી દુષ્ટતા ? આવા કુપુત્ર અને અકૃતજ્ઞ પાપી પુત્રોજ પૃથ્વીને ભારરૂપ શા માટે અવતરતા હશે ? સર્વ ભારને સહન કરનારી વસુધા એવા પુત્રોથીજ ભારવતી છે. આર્યમાતાઓ ! એવા દુષ્ટ પુત્રોને જન્મ આપશો નહીં, તેવા પાપી ગર્ભ ધારણ કરી, પાપ માર્ગની ઉત્તેજિકા થશો નહીં. તેવા પુત્રો કરતાં વંધ્યાપણું ઘણે દરજ્જે સારૂં છે. એવા અધમ પુત્રોથી કઇ અંગના પોતાને પુત્રવતી કહેવરાવવા ઇચ્છા કરે છે ? તેવા પુત્રને પ્રસવ કરનારી માતાઓનાં જીવિત કલંકિત છે, તેવાં સંતાનથી માતા પિતાને અધોમુખ થવાનું છે. એટલુંજ નહીં, પણ તેના જીવને માટે પશ્ચાતાપના પાત્ર થવાનું છે.

લાક્ષામહેલ બળી ગયો, અને તેમાં રાજા અને નિમિત્તિઓ પણ સાથે બળી ગયા, આ વાતની લોકોમાં જાણ થવાથી કુશસ્થલીમાં હાહાકાર થઇ રહ્યો, બાળકથી તે વૃદ્ધ સુધી સર્વ પ્રજાવર્ગ અપાર શોક કરવા લાગ્યો, સર્વના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી, લોકોનાં ટોળેટોળાં રાજદ્વાર આગળ એકઠાં થવા લાગ્યાં. મંત્રીઓ, સામંતો અને બીજા હજુરનાં માણસો આક્રંદ કરી રૂદન કરવા લાગ્યાં, પ્રતાપ-

સિંહના સદ્દગુણોનું સ્મરણ કરી, તેઓના હૃદયને વધારે આઘાત થતો હતો. કપટી હૃદયના જય વિગેરે કુમારો પણ ઉપરથી શોક બતાવતા હતા.

હવે આ તરફ જે રાજા પ્રતાપસિંહ સુરંગ દ્વારથી બીજે સ્થાને કુશળ ક્ષેમ નીકળ્યો હતો, તેના હૃદયમાં આ શું થયું? આ સુરંગ કોણે કરી? આવો ભયંકર અગ્નિ કયાંથી જાગ્યો?" ઈત્યાદિ અનેક તર્ક વિતર્ક થતા હતા. રાજાને ચિંતાતુર જોઈ, નિમિત્તિઓ બોલ્યો, મહારાજા! ચિંતા કરશો નહીં. શુભ કર્મના પરિણામથી આપણે બચી ગયા છીએ. આ બનાવની હકીકત તમારા જાણવામાં છે? નિમિત્તિયાનાં આવાં વચન સાંભળી રાજા પ્રતાપસિંહ સંભ્રમથી બોલી ઉઠયો, ઉપકારી મહાશય! કહો, આ શું થયું? નિમિત્તિયાએ અંજલી જોડી જણાવ્યું, મહારાજા! તમારા હૃદયમાં જેમને માટે શંકા પણ ન આવે, જેઓને તમે સર્વથા હિતકારી જાણો છો, જેમના તમે પરમ ઉપકારી છો, અને જેઓનો ઉદય, વૈભવ અને સર્વ જાતનાં સુખ તમારાથીજ પ્રાપ્ત થાય છે, તેવા તમારા જય, વિજય, જયંત અને અપરાજિત એ ચાર કુમારોનું આ ચરિત્ર છે. તેમણે રાજ્યલોભને લઇનેજ આ વિપરીત કામ કરેલું છે. તેઓ લોભાંધ થઇ તમારા મહાન્ ઉપકારને ભુલી ગયા છે. રાજેંદ્ર! તમારો નાશ કરવાને માટે તેમણે તે લાખનો મહેલ કરાવ્યો હતો, તે મહેલમાં તમને મારવાને માટેજ બોલાવ્યા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ તેમનો કુવિચાર પ્રથમથીજ મારા જાણવામાં આવ્યો હતો. મેં તમને ચિતાગ્નિમાંથી બળતા બચાવ્યા, તેથી તેઓને મારી ઉપર પણ ઈર્ષ્યા થઈ હતી. તમારી સાથે મારો પણ ઘાત કરવાની તેમની ધારણા હતી.

જોષીનાં આવાં વચન સાંભળી પ્રતાપસિંહને રોષ ઉત્પન્ન થયો. તેના હૃદયમાં આશ્ચર્ય સાથે અનેક વિચારો થવા લાગ્યા. તે ક્રોધાવેશથી બોલ્યો, જોષી મહારાજ! આ કેવો જુલમ? જેમને હું પૂર્ણ વાત્સલ્ય ભાવથી રાખું છું. તે છતાં તેઓ મારી સાથે વૈર બુદ્ધિથી વર્તે, તે કેવી વાત? આવા પિતૃઘાતી પુત્રોને સહસ્રવાર ધિક્કાર છે, આવા પુત્રો ખરેખર શિક્ષાને પાત્ર છે. મહાશય! હું એ દુષ્ટ પુત્રોને પૂર્ણ શિક્ષા કરીશ, તેમને મારા રાજ્યની હદપાર કરીશ, અથવા તેમને શારીરિક શિક્ષા કરી મહાન્ દંડ આપીશ. આવા દુર્બુદ્ધિ પુત્રોની પ્રત્યે પિતાએ પુત્રવાત્સલ્ય રાખવું, તે અનુચિત છે, કદિ આવા કુમતિ પુત્રોનું દૃષ્ટાંત લઇ, બીજા પુત્રો પણ આવાં દુરાચરણો કરવા શીખે, તેથી આ પુત્રોને ખરેખરી શિક્ષા આપવી જોઇએ.

પ્રતાપસિંહનાં આવાં વચન સાંભળી ચતુર જોષી બોલ્યા મહારાજા! આપનાં વચન યથાર્થ છે, તેવા પુત્રો શિક્ષાને લાયક છે, પણ હવે આપણે શું કરવું? તેનો આપ વિચાર કરો મારી ઈચ્છા એવી છે કે. આપ સત્વર નગરમાં પધારો, કુશસ્થલીમાં હાહાકાર થઇ રહ્યો હશે, આપના મૃત્યુના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખબર જાણી, મંત્રી, સામંત, અને બીજા રાજસેવકો અતિ શોકમાં આવી પડયા હશે, કપટી રાજપુત્રો અને તેનાં માણસો રાજ્યના પદાર્થોને હાની કરવા માંડશે, તેઓ લુંટારાની જેમ રાજ્યની રીયાસત લુંટી જશે, રાજ્યના મોટા ભંડાર અને ખજાનાની ખુવારી કરશે, માટે હવે આપને સત્વર ત્યાં જવું જોઈએ. જોષીના કહેવા ઉપરથી રાજાએ પોતાના અંગરક્ષકોને બોલાવ્યા. અંગરક્ષકો રાજાને જોઇ આશ્ચર્ય પામી ગયા, પોતાનો સ્વામી જીવતો છે, એ ખબર જાણી બીજા પણ હજુરી માણસો આવી એકઠા થઇ ગયા, પરસ્પર એ વાર્તા ચર્ચાણી અને તમામ મંત્રીવર્ગને તથા પ્રજાવર્ગને પણ જાણ થઇ ગઈ.

જેમ મૃત્યુ પામેલ પુનઃ સજીવન થઈ આવે, તેમ રાજાને જોઇ સર્વના મનમાં અતિ આનંદ ઉત્પન્ન થયો. કુશસ્થલીની પ્રજા અતિ આનંદમાં આવી ગઈ, તે આશ્ચર્ય પામી પોતાના મહારાજાનાં દર્શન કરવાને ઉમંગથી ચાલી નીકળી, આખા નગરમાં એ વાતનીજ ચર્ચા થઇ પડી. આ પસંગનો હર્ષ બતાવવાને જય વિગેરે કપટી કુમારો રાજાની સામે આવવા તૈયાર થયા. પોતાની ધારણા સફળ ન થઇ, તેને માટે તેઓને હૃદયમાં અપાર શોક થયો.

સર્વ સમાજ મહારાજાને સામે મળ્યો, અને તેઓ તેમને જોઈ, નેત્રમાં પરમ તૃપ્તિ પ્રાપ્ત કરી, ચરણમાં નમી પડયા. પ્રજાની ઉત્તમ ભક્તિ જોઈ મહારાજાની મનોવૃત્તિમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરમ આનંદ ઉત્પન્ન થયો. પ્રજાવર્ગ, મંત્રિવર્ગ, અને સામંતવર્ગના મોટા સમાજ સાથે પ્રતાપસિંહ પોતાના દરબારમાં આવ્યો. સભા મંડપમાં આવી, તેણે સર્વની વચ્ચે પોતાના ચાર કુમારોને બોલાવ્યા, તે વખતે રાજાની મુખમુદ્રા ઉપર ક્રોધના અંકુરો સ્ફુરતા હતા, નેત્રો રક્તતાને ધારણ કરતાં હતાં, અને હોઠ કંપતા હતા. આવો ક્રોધ દર્શાવી, પ્રતાપે ગર્જનાથી કહ્યું દુષ્ટ પુત્રો! તમને ધિક્કાર છે, તમે મારી તરફ જે વર્તણુક ચલાવી છે, તે મારા જાણવામાં આવી છે. મારો ઘાત કરવાને માટેજ તમે લાક્ષામહેલ કર્યો હતો. આ ઉપકારી જોષી મહારાજ ન હોત તો, અગ્નિની ભયંકર જ્વાલામાં મારૂં અપમૃત્યુ થાત. દુષ્ટો! હું મૃત્યુથી ડરતો નથી, પણ તમારાં આવાં દુષ્ટ કાર્યને માટેજ મને તમારી તરફ તિરસ્કાર આવ્યો છે. તમારા જેવા કુળાંગાર અને પિતૃઘાતી પુત્રોને મોટી શિક્ષા થવી જોઇએ; તમારા જેવા દુરાચારી પુત્રોનું જીવન જગતમાં નકામું છે, તમને દેહાંત શિક્ષા આપવી જોઇએ, પણ આ જોષીરાજનાં વચનથી અને દયા ધર્મના અવલંબનથી હું તમને ભયંકર શિક્ષા કરતો નથી; પણ જાઓ મારાથી વિમુખ થાઓ, અને કાષ્ટના પાંજરામાં મારી બીજી આજ્ઞા થાય, ત્યાં સુધી પડ્યા રહો. આ પ્રમાણે કહી રાજાએ સેનાપતિને આજ્ઞા કરી, એટલે તે ચારેને કાષ્ટના પાંજરામાં પુરી દીધા.

રાજા પ્રતાપસિંહ શાંત થયો, એટલે મંત્રીઓએ આવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમને તખ્ત ઉપર બેસારી પુનઃ માંગલ્ય કર્યું, તેની બન્ને બાજુ ચામર વીંજાવા લાગ્યાં, અને પૂર્ણચંદ્રના જેવું ઉજ્વલ છત્ર મસ્તકપર ધારણ કરવામાં આવ્યું. તે વખતે હૃદયમાં પ્રસન્ન થએલા પ્રતાપસિંહે પોતાના ઉપકારી નિમિત્તિયાને પોતાના તખ્તની પાસે અતિ આગ્રહ કરી બેસાર્યો. લોકોએ હર્ષના નાદ કર્યા. સર્વત્ર આનંદ મંગળ વર્ત્તાઈ રહ્યો.

સર્વ સમાજ શાંત પડ્યા પછી પ્રતાપસિંહે આજ્ઞા કરી, અમૂલ્ય રત્નો અને મહા મૂલ્ય વસ્ત્રોથી ભરેલા થાળ મંગાવ્યા, તરતજ તે હાજર કરવામાં આવ્યા. મહારાજાએ ઉભા થઈ, તે થાળ જોષી મહારાજની આગળ ધર્યા. જેના હૃદયમાં દ્રવ્યની સ્પૃહા નથી, એવા નિમિત્તિઆએ ઉભા થઇને કહ્યું, મહારાજા! આ શું કરો છો? આવો વિવેક કરવાનું કાંઇ કારણ નથી. મેં આપને પ્રથમથીજ કહ્યું છે કે, મારે કોઈ જાતની લાલસા નથી. બીજાનો ઉપકાર કરી તેનો બદલો લેવો, એવી અધમ પદ્ધતિ મને પસંદ નથી.

કોઈ જાતની સ્પૃહા રાખ્યા વિના પરોપકાર કરવો, એજ ખરો પરોપકાર છે, અને મારા જીવનમાં એવોજ પરોપકાર કરવાની મેં પ્રતિજ્ઞા કરી છે. જોષીનાં આવાં વચન સાંભળી પ્રતાપસિંહ હૃદયમાં આનંદ પામ્યો, તેણે આનંદના આવેશમાં જણાવ્યું, મહાનુભાવ! તમારા વિચાર પવિત્ર છે, મહાત્માઓની એ સુંદર પ્રકૃતિ છે. પ્રત્યુપકારની આશા રાખ્યા વિનાજ મહાત્માઓ ઉપકાર કરે છે, તથાપિ મને સંતોષ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપવાને. મારા તરફથી કાંઈક ભેટ સ્વિકારો, તો વધારે સારૂં. આપનો મારી ઉપર મહાન્ ઉપકાર છે, આપે બે બે વાર મને જીવિતદાન આપ્યું છે, ધર્મ સાધનમાં ઉપયોગી એવા મારા માનવ જીવનને મોટા ઘાતમાંથી બચાવ્યું છે, તેનો બદલો ગમે તેટલો આપું, તોપણ મારાથી વળે તેમ નથી. હવે કૃપા કરી જે કાંઇ હું આપું છું તે સ્વીકારો, અને મારા અર્ધા રાજ્યના સ્વામી થાઓ, મને કાંઇ પણ આપના ઋણમાંથી મુક્ત કરો. મહા પુરૂષોનો પ્રત્યુપકાર કોઈનાથી થઇ શકતો નથી. આપના જેવા પરોપકારી પુરૂષોથીજ આ પૃથ્વી બહુરત્ના છે. સ્વાર્થી અને દુષ્ટ પ્રાણીઓને વહન કરી, ભારવતી થયેલી ભારતભૂમિ આપ જેવા મહાનુભાવને વહન કરવાથી આશ્વાસન મેળવે છે.

આ પ્રમાણે રાજા પ્રતાપ, અને જોષી વચ્ચે વાર્ત્તાલાપ થતો હતો, ત્યાં અકસ્માત છડીદારે આવી ખબર આપ્યા કે, કોઈ પુરૂષ સાંઢ ઉપર બેસીને આવ્યો છે, અને તે સત્વર આપને મળવા ઇચ્છે છે. રાજાએ પ્રવેશ કરાવવાની આજ્ઞા આપી, એટલે દ્વારપાળ તેને અંદર લઇ ગયો. આ પુરૂષ ઉપર નિમિત્તિયાની દ્રષ્ટિ પડી, તુરત તેણે તેને ઓળખી લીધો. આવનાર પુરૂષ જોષીના મૂળ સ્વરૂપને ઓળખી શક્યો નહીં.

તે પુરૂષે આવી પ્રણામ કરી પ્રતાપના હાથમાં એક પત્ર આપ્યો. રાજાએ પત્ર હાથમાં લઇ તેને પુછ્યું, ક્યાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવો છો ? તે આનંદપૂર્વક બોલ્યો—મહારાજા ! આપના પુત્ર શ્રીચંદ્ર રાજાનો હું બુદ્ધિસાગર નામે મંત્રી છું, તેઓ મારી ઉપર સારી કૃપા રાખે છે, આપને ખબર આપવાને મને મોકલ્યો છે. રાણી સૂર્યવતી તેમની સાથે છે. માતા અને પુત્ર ક્ષેમ કુશળ છે, તેમના મિત્ર ગુણચંદ્ર પણ તેમની સાથે છે. ગિરિનિવાસમાં તેમનું નીતિ રાજ્ય પ્રવર્ત્તે છે, તેમના સદ્‌ગુણો તે સ્થળમાં બધે પ્રસરી ગયા છે. તેથી કરીને તેમની ચંદ્રના જેવી ઉજ્વળ કીર્ત્તિ ચોતરફ પ્રવર્તી છે; તેમના યશોગાનને વિદ્વાન કવિઓ ઉંચે સ્વરે ગાય છે. મહારાજા ! તે તમારા પુત્રની પ્રેરણાથી હું ત્યાંથી અહીં આવ્યો છું. એ શ્રીચંદ્ર રાજાના તાબામાં કનકપુર નામે એક બીજું નગર છે, તે નગરમાં શ્રીચંદ્ર રાજાની આજ્ઞાથી **લક્ષ્મણ** નામે એક મંત્રી રહે છે, તેને મળવાની મને તેમના તરફથી ભલામણ થઈ હતી, તેથી તેને મળીને આજે હું અહિં આવ્યો છું. પછી તે કનકપુરના રાજ્યને શ્રીચંદ્રે કેવી રીતે મેળવ્યું, અને ત્યાં બે કન્યાનું શ્રીચંદ્રે, અને એક કન્યાનું ગુણચંદ્રે કેવી રીતે પાણિગ્રહણ કર્યું, એ બધો વૃત્તાંત બુદ્ધિસાગરે પ્રતાપસિંહને સવિસ્તર જણાવ્યો.

પછી પ્રતાપસિંહે શ્રીચંદ્રનો પત્ર વાંચ્યો. આ ખબર કુશસ્થળીમાં પ્રસરી ગઈ. સર્વ પ્રજા આનંદ મગ્ન થઇ ગઇ. મહારાજા પ્રતાપે તે ખુશાલીમાં યાચકોને અગણિત દાન આપ્યાં, જૈન મંદિરોમાં પૂજા ભણાવવામાં આવી, વિદ્વાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુનિઓને પ્રતિલાભિત કરવા પ્રયત્ન કરવા માંડ્યા, મોટા મોટા આડંબરથી ધાર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યાં, દિન તથા દુઃખી જનનો ઉદ્ધાર કરવા માંડ્યો. કારાગૃહમાંથી બંદીવાનોને છોડી મુકયા, અવાચક પ્રાણીઓને છુટાં મુકી તૃપ્ત કરાવવા માંડ્યાં, કુશસ્થળીમાં ઘેર ઘેર આનંદ મંગળ વર્ત્તાઈ રહ્યો. લોકોએ મોટો ઉત્સાહ દર્શાવી, અનેક જાતના ઉત્સવો કર્યા. મહારાજાના દરબારમાં ઉપરાઉપર વધામણીઓ આવવા લાગી. ચારણ, ભાટો, રસાલંકારવાળાં કવિત બોલી, મોટાં મોટાં ઈનામો મેળવવા લાગ્યા. પ્રત્યેક ચકલે અને શેરીએ લોકોનાં વૃંદ એકઠાં થઈ, મહારાજાની આગળ હર્ષ બતાવવા લાગ્યાં કુશસ્થળીમાં આ બનાવ અદ્‌ભુત હતો. મહારાજાના પુનર્જિવનથી પણ તે વધારે હતો. ઘણો કાળ થયાં શ્રીચંદ્રરૂપ ચંદ્રનાં દર્શન કરવાને ચકોરની ચેષ્ટા કરતી, કુશસ્થળીની પ્રજાને એવો આનંદ થાય, તેમાં શું આશ્ચર્ય ? શ્રીચંદ્ર જેવા રાજકુમારને કઈ પ્રજા ન ચાહે ? કોણ તેના દર્શનથી તૃપ્ત ન થાય ? તે મહાનુભાવ કુમારે બાલ્ય વયથીજ સારા ગુણો ધારણ કરેલા છે; તેનામાં ધાર્મિકતા ઉત્તમ પ્રકારની છે, અને તે ખરેખરો દયા ધર્મનો ઉપાસક છે, આથી તેનું શુદ્ધ પ્રવર્ત્તન સર્વને વશીકરણરૂપ થાય, તેમાં શું આશ્ચર્ય ?

## પ્રકરણ ૧૬ મું.

## મોહિનીનો મેળાપ.

ચારે તરફ ભુંબારવ થઈ રહ્યો છે, લોકો આમતેમ દોડાદોડ કરી રહ્યા છે, 'પકડો' 'મારો' એવા શબ્દો ચોતરફ સંભળાય છે, પ્રચંડ પવનથી જેમ સમુદ્ર ક્ષોભ પામે, તેમ આખું નગરક્ષોભ પામી ખળભળી રહ્યું છે, વૃદ્ધો પોતાની આશક્તિની નિંદા કરતા અને ક્ષણે ક્ષણે અથડાઇ પડતા દેખવામાં આવતા હતા, બાળકો વેગથી દોડાદોડ કરી પોતાના આશ્રય તરફ રવાના થતા હતા, માતાઓ પોતાના શિશુઓને સંભાળી લેવા શેરીએ શેરીએ ભયભીત થઇ ભમતી હતી, પતિવ્રતાઓ બહાર ગએલા પોતાના પતિઓને માટે ચિંતાતુર થઈ, દ્વાર આગળ ચકિત દૃષ્ટિએ અવલોકતી હતી, પાઠશાળામાં ગયેલાં બાળકોની કુશળતાને માટે માતાપિતાને અપાર ચિંતા થઇ પડી હતી, પિતા પુત્રને અને પુત્ર પિતાને શોધતા હતા, ગૃહદ્વારને બંધ કરવામાં લોકો એકતાને લાગ્યાં હતાં, સર્વને આશ્રય લેવાની અકસ્માત્ જરૂર પડતી હતી, જે જ્યાં આવી ચડયું, તે ત્યાંજ ભરાઇ રહ્યું હતું.

જ્યારે એક તરફ લોકોની દોડાદોડ થતી હતી, ત્યારે બીજી તરફ રાજાના સેવકોની અને સૈનિકોની દોડાદોડ થઇ રહી હતી. કોઇ શસ્ત્રો લઈ, કોઇ સાંકળો લઈ, કોઇ રાંઢવાં લઈ, કોઇ ચીપીયા લઇ, કોઈ સાણસા લઇ, કોઈ વીંછીના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આકાર જેવાં સાધનો લઈ, અને કોઇ મોટાં ભાલાંઓ લઈ, આમ તેમ ભમતા હતા. કોઇ ઘોડેસ્વાર થઇ, અને કોઈ ઉંટપર આરૂઢ થઇ હોકારા કરતા દોડતા હતા, કોઇ પોતાનું શૌર્ય દર્શાવવા, કોઇ પોતાની હિમ્મત બતાવવા, કોઈ પોતાનું અતુલ પરાક્રમ દેખાડવા, કોઇ મહાન્ શક્તિ બતાવવા, કોઈ રાજભક્તિ દર્શાવવા, અને કોઈ પ્રજા પ્રેમ પ્રગટ કરવા આગળ પડી દોડતા હતા. તેમની દોડાદોડીથી પૃથ્વી ઉપરની રજ ઉડતી હતી, આકાશમાર્ગ ધૂમ્રવર્ણો થઇ ગયો હતો. આ વખતે મહારાજા પ્રતાપસિંહ, કે જે પોતાના કુમાર શ્રીચંદ્રના શુભ સમાચાર જાણી અતિ આનંદમાં હતો, અને એ ખબર લાવનાર મંત્રિ બુદ્ધિસાગરને અમૂલ્ય પોષાક આપી, પોતાની કૃતજ્ઞતા દર્શાવતો હતો; તેથી પાસે આવી એક સેવકે પ્રણામ કરી ખબર આપ્યા, મહારાજા! આપણી ગજશાળામાંથી **જયકળશ** નામે હાથી તોફાનમાં આવ્યો છે, તે પોતાનો બાંધવાનો ખીલો ઉખેડી, અને મહાવતોને પાડી, ઉન્મત્ત થઇ ગામમાં ફરવા નીકળ્યો છે. જે કોઇ સામું આવે, તેની ઉપર મારવા ધસી પડે છે; ક્ષણ વારમાં તો તેણે અનેક પ્રકારની રંજાડ કરી મુકી છે. કેટલાંએક ઘરનાં છાપરાં અને મહેલાતોને તે ભાંગતો જાય છે, મોટી ભયંકર ગર્જનાથી લોકોને ભયભીત કરી દે છે. આથી કુશસ્થળીમાં હાહાકાર થઇ રહ્યો છે. લોકોમાં ભારે ત્રાસ વર્ત્તાઇ રહ્યો છે, અનેક સૈનિકો, ચતુર મહાવતો, અને ઘોડેસ્વારના ઉસ્તાદો તેની પુંઠે પડ્યા છે, તથાપિ તેનો જરા પણ પરાભવ થઈ શકતો નથી. તે મોટી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દોટ કરી સર્વને નસાડી મુકે છે, તેની આગળ જવાને કોઈની પણ હિમ્મત ચાલતી નથી. આ ભયંકર ઉત્પાતથી બધી કુશસ્થલીની પ્રજા કંપી ચાલી છે. સર્વને જીવિતને માટે સંશય થઈ પડ્યો છે, આપ સહાય કરી સર્વનું રક્ષણ કરો.

આ પ્રમાણે તે સેવકે ખબર આપ્યા, ત્યાં કોઇ બીજો સેવક દોડતો આવ્યો. સ્વામી! સાવધાન રહો, તે ઉન્મત્ત હાથી આપણા દરબારમાં આવે છે. તે સાંભળતાંજ પ્રતાપસિંહ બેઠો થયો. તેણે મહેલના દ્વાર આગળ જોયું, ત્યાં મદથી ભરેલો, પોતાની સુંઢને આમતેમ ઉછાળતો, ઘુરી કરી ઉછળતો પોતાના દંતુશળથી પૃથ્વીને ખોદતો, રાતાં નેત્રોથી ચારે તરફ અવલોકતો અને પોતાના પગને ઉંચા કરી કુદતો, તે ગજેંદ્ર રાજાના જોવામાં આવ્યો. તેની ભયંકર મૂર્ત્તિ જોઇ, પ્રતાપના હૃદયમાં જરા ભય ઉત્પન્ન થયો, તેવામાં તો તે હાથી રાજાની નજીક આવી પહોંચ્યો. તેનો ઉગ્ર દેખાવ જોઈ, રાજા પોતાના જીવિતની શંકા રાખવા લાગ્યો. તેના હૃદયમાં વિચાર થયો કે, "આ ભયંકર ગજેંદ્ર અવશ્ય મારો સંહાર કરશે. તેની પ્રચંડ શક્તિ અત્યારે વિશ્વનો પ્રલય કરે તેવી છે, તેના દાંતનો આઘાત જ્યારે પૃથ્વી ઉપર થાય છે, ત્યારે પૃથ્વી કંપાયમાન થાય છે." આ પ્રમાણે રાજા ભય સહિત મૃત્યુની ચિંતા કરતો હતો, ત્યાં અકસ્માત્ તે પરાક્રમી નિમિત્તિયો ગજેંદ્રની સામે ચાલ્યો. સિંહની જેમ તલપ મારી, તે હાથીના સ્કંધ ઉપર ચડી ગયો. રાજા તેને દુરથી અટકા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વતો રહ્યો. ગજશિક્ષામાં ચતુર એવો શ્રીચંદ્ર પોતાના પરાક્રમથી અને બળના પ્રભાવથી ગજેંદ્રને ખૂબ દમન કરવા લાગ્યો, દમન કરવાની ચતુરાઇથી તે હાથીને નગરની બહાર લાવ્યો. ઉન્મત્ત અને પ્રબળતાથી વધેલો ગજેંદ્ર તેની પ્રેરણાને વશ થઈ ગયો. ક્ષણવાર ગજેંદ્ર પોતાનું પ્રૌઢ બળ દર્શાવવા જતો, પણ જોષીરૂપ રાજકુમારની સામર્થ્ય ભરેલી કળા આગળ તેનું કાંઈ પણ ચાલતું નહીં. નગરની બહાર નીકળી ગજેંદ્રને રાજકુમાર દૂર ખેંચી ગયો. કેટલેક દૂર જતાં તે મદોન્મત્ત હાથી તદ્દન શિથિળ થઈ ગયો, તેનાં સર્વ અંગ અતિ નમ્ર થઈ ગયાં, તેની ઉપર શ્રીચંદ્રની સર્વ સત્તા પ્રવર્ત્તવા લાગી, આગળ જતાં એક ઘાટાં વૃક્ષોથી ભરપૂર અને શિકારી પ્રાણીઓના નિવાસથી ભયંકર એવી અટવી આવી, તેમાં એક ઉંચો પર્વત અને તળેટીમાં એક સરોવર જોવામાં આવ્યું. સરોવરની અંદર ભ્રમરાઓના ગુંજારવથી શબ્દાયમાન કમળવન આવેલું હતું, બંને તટ ઉપર શ્વેત હંસોની શ્રેણી જાણે રૂપાની કટીમેખળા હોય, તેમ ચાલતી હતી. આ સુંદર દેખાવ જોઈ, જોષીએ તે સ્થળે વશીભૂત થયેલા ગજેંદ્રને ઉભો રાખ્યો. પોતે તેના સ્કંધ ઉપરથી ઉતરી પડયો. પછી નિમિત્તિયાનો :વેષ ફેરવી, પોતે સ્વાભાવિક વેષે થઇ ગયો; ખરેખર શ્રીચંદ્ર બની ગયો. તે સુંદર સરોવરમાં સ્નાનપાન કરી, કુમારે ગજેંદ્રને તેના નામથી બોલાવ્યો. ગજેંદ્રે પોતાના પૂર્વ પરિચિત રાજકુમારને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓળખી લીધો. વાહ્ય અને વાહક ભાવથી પવિત્ર એવો સ્વામી–સેવક ભાવ પ્રગટ થયો. ગજેંદ્ર જાણે પોતાના અપરાધની ક્ષમા માગતો હોય, તેમ સુંઢ નમાવી, તેની આગળ વિનયથી ઉભો રહ્યો.

આ વખતે એક બીજો બનાવ બન્યો. તે અટવીમાં ભીલ લોકોનો મોટો સમૂહ રહેતો હતો. તે ભીલો અટવીમાં ફળફુલથી અને લુંટના દ્રવ્યથી જીવનનો નિર્વાહ કરતા હતા. તેઓની ઉત્તમમાં ઉત્તમ સમૃદ્ધિ વનભૂમિ હતી, વનની રમણીયતામાંજ તેઓ વિલાસ સુખ ભોગવતા હતા, અરણ્યની અવનીમાં તેમનું સામ્રાજ્ય હતું, વનના કુદરતી ભોગના તેઓ ઉત્તમ ભોગી હતા, તે ભીલના રાજાએ આ ગજેંદ્રને સરોવરના તીર ઉપર ફરતો જોયો. ગજેંદ્રનો દેખાવ, તેનાં લક્ષણો અને તેનું સૌંદર્ય જોઈ, શબરપતિને મોહ થયો. પોતાના વનરાજ્યમાં આવું પ્રાણી સંપાદિત થાય, તેને માટે તેને પ્રબળ ઈચ્છા થઇ. તત્કાળ તે ભીલ લોકોનું મોટું સૈન્ય લઈ, તે ગજેંદ્રને લેવા આવ્યો. ગજેંદ્ર ચમત્કારી હતો, તેનામાં હેય ઉપાદેયનું જ્ઞાન હતું, આથી તે ભીલની સામે થયો સર્વ ભીલો એકઠા થઈ ગજેંદ્રની ઉપર ધસી આવ્યા, એટલે રાજકુમાર યુદ્ધ કરવાને સજ્જ થયો. ભીલ લોકોના સૈનિકો તેના ઉપર તુટી પડ્યા, પણ મોટા પરાક્રમથી શ્રીચંદ્રે તેમનો પરાભવ કરવા માંડયો. તે બાહુબળી કુમાર એકલાએ ભીલોના પ્રચંડ સૈન્યને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષણમાં પરાસ્ત કરી દીધું. સિંહની આગળ જેમ શિયાળીયાં નાશી જાય, તેમ તેની આગળ ભીલ લોકો નાશી ગયા. તેના અદ્ભૂત પરાક્રમે સર્વ વનવાસીઓને ચકિત કરી દીધા. પરાજિત થયેલા ભીલડા તેના વીર્યને વખાણુતા પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

કુમાર શ્રીચંદ્ર ભીલ લોકોને હરાવી, વિશ્રામ લેવાને એક વૃક્ષ નીચે જરા વાર બેઠો, ત્યાં ભીલડીઓનું એક વૃંદ તેની પાસે આવ્યું. કિરાત સ્ત્રીઓએ વિચાર્યું હતું કે, “ આપણા બળવાન્ ભીલોને ક્ષણમાં હરાવનાર કોણ વીર છે? તે દર્શનીય વીરનું આપણે અવલોકન કરીએ. ” આવી ધારણાથી સર્વ કિરાતીઓ જ્યાં શ્રીચંદ્ર વૃક્ષ નીચે બેઠો હતો, ત્યાં આવી હતી. આ કિરાતીઓના વૃંદમાં ભીલોના રાજાની **મોહિની** નામે એક કન્યા આવી હતી, તે ભીલ-કન્યા છતાં તેનામાં યૌવનવયના વિકાશથી સારૂં સૌંદર્ય દેખાતું હતું, વનવાસિની છતાં તે નાગરી નવવધૂના ચાતુર્યને ધારણ કરતી હતી. આ કિરાત કન્યા શ્રીચંદ્રને જોઈ મોહિત થઈ ગઈ. તે પ્રભાવિક વીરની સુંદર આકૃતિએ કિરાતબાળા કામને વશ થઈ ગઈ શ્રીચંદ્રના અલૌકિક સૌંદર્યે તેને દઢ રીતે આકર્ષી, અને પરાધીન કરી દીધી. તેના અંતરંગમાં શ્રીચંદ્રને તેણે સ્થાપિત કર્યો, અને તેની સાથે પવિત્ર પ્રેમનું બંધન કરવાનો સંકલ્પ કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કિરાતીઓ રાજકુમારને નિરખી સાનંદાશ્ચર્ય થઈ પાછી ફરી, બીજી કિરાતીઓ માનસરૂપ આસન ઉપર શ્રીચંદ્રને અવકાશ આપી, પોતપોતાના કાર્યમાં પ્રવર્ત્તી; પણ એકલી મોહિની શ્રીચંદ્રની મોહિની થઇ ગઇ, અને તે શ્રીચંદ્રને પ્રેમાલયનો મનથી પતિ બનાવી મનમગ્ન થતી પોતાના પિતાની પાસે આવી. ભીલબાળા જરા લજ્જા ધરતી પિતા પ્રત્યે બોલી–પિતાજી ! તમને અને તમારા સૈન્યને પરાભવ કરનાર તે વીર પુરૂષને હું હૃદયથી વરી ચુકી છું, આ ભવમાં એ કુમારજ મારા પતિ છે, બીજા પુરૂષને હું પતિપદ આપવાને ઈચ્છતા નથી. મોહિનીનાં આવાં મોહિત વચન સાંભળી, કિરાતપતિ વિચારમાં પડયો. ક્ષણ વાર વિચાર કરી, અને પોતાની પુત્રીનો દૃઢ નિશ્ચય જાણી, તે રાજકુમારની પાસે મોહિનીને લઈને આવ્યો. કિરાતપતિએ આવી કુમારના ચરણમાં પ્રણામ કર્યો, અને વિનયથી તે બોલ્યો–રાજકુમાર ! તમે મોટા રાજા છો, અમે એક વનવાસી છીએ, અજ્ઞાનતાને લઇને અમોએ જે સાહસથી અપરાધ કર્યો, તેને માટે ક્ષમા કરશો, અમો વનવાસી જંગલી કહેવાઇએ, અમારી મનોવૃત્તિ ઉપર અજ્ઞાનતાનું આચ્છાદન સર્વદા રહ્યા કરે છે, તેથી અમો દીર્ઘ વિચાર કર્યા વગરજ આપની સામે થયા હતા, રાજેંદ્ર ! આપ દયાળુ અને ક્ષમાધારી છો, તેથી હું એક વિનતિ કરવા આવ્યો છું. મોહિની નામે મારે એક પુત્રી છે, તે આપના સુશીલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને સૌંદર્યમાં રાગિણી થઈ છે, તેને આપ અંગીકાર કરો. મહાન્ પુરૂષો કોઇની પ્રાર્થનાનો ભંગ કરતા નથી. ભીલનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્રે કહ્યું, ભીલરાજ ! તમે કરેલા અપરાધને માટે મારા મનમાં કાંઈ નથી, બીજાની ઉત્તમ વસ્તુ ભોગવવાની ઈચ્છા થવી, એ રાજસી પ્રકૃતિ છે; તેવી પ્રકૃતિને લઈ યુદ્ધ થાય, તેમાં કાંઈ આશ્ચર્ય નથી, અને તેને માટે કોઇને ક્ષોભ કરવાનો નથી. બીજું તમે તમારી પુત્રીને માટે જે કહ્યું, તે વાત અનુચિત છે. અમે શુદ્ધ ક્ષત્રિય છીએ, અને તમે ભીલ જાતિ છો, કયાં મણિ ! અને કયાં કાચ ! રાજકન્યાને મુકી ભીલકન્યાને કેમ પરણી શકાય ? એમ કરવાથી અમારૂં કુળ કલંકિત થઈ જાય; પછી ભારતવર્ષમાં પ્રખ્યાતિ પામેલા ક્ષત્રિય વંશને કોઇ માન :આપે નહીં, માટે આ કાર્ય મારાથી શી રીતે થાય ? તે વખતે લજ્જા છોડી મોહવતિ મોહિની બોલી–રાજકુમાર ગમે તે કરો, પણ મારો વિચાર ફરવાનો નથી. જો મને પાણીગ્રહણ કરી નહીં પરણો, તો તમારૂં વસ્ત્ર અને પાદુકા આપો, તેની સાથે હું મારો પવિત્ર સંબંધ જોડીશ. તમારા નામથી અંકિત થઈ હું તમારી દાસી થઈને રહીશ. મારો અંગીકાર કરો. તમારા ઘરની બહારનું કામ કરવાને મારો નિયોગ કરજો. તમારી દાસી ભાવે સેવા કરવાને મને અધિકારિણી કરો, એટલે મારૂં જીવન સફળ થાય, જો મારી તે પ્રાર્થનાનો પણ ભંગ કરશો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો પછી અગ્નિમાં પ્રવેશ કરીશ. મોહિનીનાં આ વચનથા શ્રીચંદ્રનું હૃદય આર્દ્ર થઈ ગયું, તેની મનોવૃત્તિમાં મોહિનીને માટે દયા ઉપજી, વનવાસિની વનિતાનો ઉદ્ધાર કરવા તેના મનમાં આવ્યું. તરતજ પોતાનું વસ્ત્ર અને પાદુકા તેના હાથમાં મુકી, તે જોઇ ભીલપતિ ખુશી થયો, તરતજ તેણે ભીલોને બોલાવી, તેમનો વિવાહોત્સવ કર્યો. વિવાહને પ્રસંગે રથ, ઘોડા, હાથી, બેલ, મોતી, માણેક અને બીજી વસ્ત્રાદિ સામગ્રી શ્રીચંદ્રને ભેટ કરી. શ્રીચંદ્ર તેને સ્વીકારી ઘણોજ ખુશી થયો.

આ પ્રસંગે એક ચમત્કાર બન્યો. ભીલપતિએ આપેલા દાયજામાંથી એક રથ આવી શ્રીચંદ્રની પાસે આવી ઉભો રહ્યો. રથના ઘોડાઓ પગના પુંછડાના અને મસ્તકના ચાળાથી ઘણો હર્ષ દર્શાવવા લાગ્યા. તેમનાં નેત્રમાંથી હર્ષના અશ્રુની ધારાઓ ચાલી, પોતાનાં મસ્તકો નમાવી, એ પ્રબુદ્ધ પ્રાણીએ શ્રીચંદ્રની આગળ પોતાનો પ્રેમ દર્શાવ્યો. તેમનો આ દેખાવ જોઈ સર્વ ભીલો ચકિત થઇ ગયા, માત્ર શ્રીચંદ્ર તે વાત સમજી ગયો. શ્રીચંદ્રે ઉભા થઇ પોતાનો હાથ તે અશ્વના પૃષ્ટ ઉપર ફેરવ્યો. દિવ્ય અશ્વોએ ઉત્તમ ચેષ્ટાથી સામો પ્રેમ દર્શાવ્યો. શ્રીચંદ્ર મૃદુવાણીથી આર્દ્ર થઇ બોલ્યો–મારા પ્રેમી પ્રાણી ! તમારૂં અહીં અચાનક દર્શન થવાથી મને અતિ આનંદ ઉપજે છે, ઘણે દિવસે તમારો સંયોગ મારા પૂર્વના વિયોગને વિસરાવે છે. મારા પ્રિય વાહનો!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારા વિયોગનું કારણ હું પોતેજ છું. મારો ઉદારતાનો ગુણ તમોને દોષરૂપ થઈ પડયો છે, તેને માટે ક્ષમા કરજો. તમારી પૂર્વની સેવાનું સ્મરણ મને સતત રહેતું હતું, તે સ્મરણનો શ્રમ આજે સફળ થયો છે. વ્હાલા વાજી ! હવે આપણા સંયોગ વિયોગનું કારણ ન થાય, તેવી મારી ઈચ્છા છે. મારાં પૂર્વનાં સત્કર્મે જે તમારો સંયોગ, અને વિયોગ કરાવ્યો હતો, તેણેજ પાછો પુનઃ સંયોગ કરાવ્યો છે, તે ખાતે મને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે કહી શ્રીચંદ્રે અશ્વોને આલિંગન આપ્યું.

પ્રિય વાચકવૃંદ તમે તમારી બુદ્ધિના પ્રભાવથી જાણ્યું તો હશે, તથાપિ ન જણાયું હોય, તો પુનઃ સ્મરણ કરો. વાયુવેગ, અને મહાવેગ નામના અશ્વથી યુક્ત એવો આ શ્રીચંદ્રનો પૂર્વનો **સુવેગ** રથ હતો. એ દિવ્ય રથ તેને કેવી રીતે પ્રાપ્ત થયેલો ? અને તેનામાં કેવું સામર્થ્ય છે, તે તમારા જાણવામાં છે. પોતે ઉદારતાના મહાન્ ગુણથી એ રથ એક ઉત્તમ કવિને ભેટ આપ્યો હતો, તે પણ તમે જાણો છો. આ રથની ઉદારતાજ શ્રીચંદ્રને મોટી મુસાફરી કરવાનું કારણ થયું હતું, એ રથ તેને કર્મના ચમત્કારી યોગે અહીં પ્રાપ્ત થયો છે. દરેક વસ્તુનો સંયોગ, અને વિયોગ કર્મની મહાન્ સત્તાને આધીન છે. કર્મની સૂક્ષ્મ પ્રકૃતિઓની આગળ વિશ્વના બધા પદાર્થો રાંક છે. કયાં શ્રીચંદ્રનું આ અરણ્યમાં જોષીરૂપ બદલાવી આવવું ! કયાં મદોન્મત્ત હા-

થીનો યોગ થવો! કયાં ભિલ લોકોનું યુદ્ધ! કયાં ભિલ્લ કન્યા મોહિનીનો મેળાપ! અને કયાં સુવેગ રથનો અચાનક લાભ! આ દેખાવ જોઈ ભિલ્લ લોકો આશ્ચર્ય પામતા હતા. તે વખતે શ્રીચંદ્રે કહ્યું. કિરાતરાજ! કહો, આ ઉત્તમ રથ તમને કયાંથી પ્રાપ્ત થયો? તે અદ્ભુત વાર્ત્તા જાણવાની મારી પૂર્ણ ઈચ્છા છે. કિરાતરાજા બોલ્યો–મહારાજ! આપ મારા પૂર્ણ સંબંધી થયા છો, હવે આપની આગળ જે યથાર્થ હોય, તે કહેવામાં કાંઈ પણ શંકા નથી. રાજેંદ્ર! અહીંથી થોડે દૂર કુંડલપુર નગર છે, તે નગરના રાજાના તાબા નીચે અમે આ અરણ્યમાં રહીએ છીએ, ચોરી કરવાની અમારી આજીવિકા છે. જે કોઇ માર્ગે પ્રસાર થતું હોય, તેને લુંટી તે દ્રવ્યથી અમારો નિર્વાહ ચાલે છે. કુંડલપુર પતિને જ્યારે યુદ્ધનો પ્રસંગ આવે, ત્યારે અમે તેમને સહાય કરવા જઇએ છીએ. એક વખતે આ માર્ગે ગાયકોનું વૃંદ જતું હતું, તેઓની આગળ આ રથ હતો. અમો તેમને લુંટીને આ રથ લાવ્યા છીએ. અમારા ત્રાસથી તે ગાયકો જીવ લઈને નાસી ગયા, ત્યારથી આ અશ્વસહિત રથ અમારા તાબામાં આવી ગયો. તે રથ આજે શુભ પ્રસંગે તમને ભેટ કરવામાં આવ્યો છે. રાજકુમાર! એક બીજી વિચિત્ર વાત એ છે કે, જ્યારથી અમે આ રથ અમારા તાબામાં લાવ્યા છીએ, ત્યારથી આ રથના ઘોડા દુર્બળ થતા જાય છે, દુઃખથી નિશ્વાસ મુકે છે, તેમનાં નેત્રમાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અહોરાત્ર નિર ધારા ચાલે છે, આજે તમારાં દર્શનથી તેઓ ઘણા ખુશી થયા હોય, તેમ મને લાગે છે. એ પ્રાણીનો તમારી તરફનો પ્રેમ અપૂર્વ દેખાયો છે, આનું શું કારણ હશે ? તેમના આવા પ્રશ્નથી પછી શ્રીચંદ્રે પોતાનો પૂર્વનો સંબંધ સવિસ્તર કહી સંભળાવ્યો, જે સાંભળી સર્વ કિરાતો આશ્ચર્ય પામી ગયા. પછી કિરાતોને જણાવ્યું કે, પ્રિય વનવાસિઓ ! હવે મારે ઉતાવળથી કનકપુરમાં જવાનું છે. આ હાથી, કન્યા, અને બીજા સર્વ પદાર્થો કુશસ્થળીમાં અથવા કુંડલપુરમાં પહોંચાડજો, અને મારો સંદેશો તેમને જણાવજો. તમારા સહવાસથી મને અતિ સંતોષ થયો છે. શ્રીચંદ્રે જ્યારે રજા માગી, ત્યારે ભીલ્લ લોકો તેના ચરણમાં નમીને બોલ્યા, મહાશય ! આપનો વિયોગ અમારાથી સહન થઈ શકે તેમ નથી, તથાપિ અમે વનવાસી આપને શી રીતે રાખી શકીએ ? આપના જેવા ઉત્તમ પુરૂષનું યોગ્ય આતિથ્ય અમારાથી શી રીતે થઈ શકે ? કયાં ક્ષાત્રતેજ ! અને કયાં અમે ! તથાપિ અમારા હિતની કાંઇ પણ શિક્ષા હોય, તો અમને કૃપા કરી કહેશો.

શ્રીચંદ્રે તે સાંભળી વિચાર કર્યો કે, આ લોકો લુંટારા અને હિંસક છે. આવા લોકોનો હિંસક સ્વભાવ દૂર થાય, તેવો જરા બોધ આપ્યો હોય, તો વખતે તેમને લાભકારી થાય; અને વળી તેમની મારી તરફ માન્યતાની બુદ્ધિ છે, તેથી તેઓ જરૂર માન્ય કરશે. આવું વિચારી શ્રીચંદ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોલ્યો. વનવાસી મિત્રો! હું જતા પહેલાં મારે તમને કેટલીએક હિતશિક્ષા આપવાની છે, તે તમે ધ્યાનપૂર્વક સાંભળશો. પ્રથમ તો તમે નીચેની કવિતા સર્વદા હૃદયમાં ધારણ કરજો.

હિત શિક્ષા છે આટલી, જે છે શિક્ષા સાર;
ઉત્તમ સંગતિ ગુણ કરે, લહીએ શુભ આચાર. ૧
કેટલા નર એહવા, સ્વારથના સવિ યાર;
પણ ઉત્તમ નિઃસ્વારથે, કરતા છે ઉપકાર. ૨
ધર્મ સમાન ન કોઇ છે, હિતકારી જગમાંહ;
ભવસમુદ્ર તરવા ભણી, ધર્મ તે પોતે અથાહ. ૩
માનવ ભવ પામી કરી, નવિ જાણે જે ધર્મ;
તે દુઃખિઆ ભવ ભવ રૂલે, નવિ પામે શિવ શર્મ. ૪
પાપ મૂળ હિંસાજ છે, તે તજતાં સુખ થાય;
હિંસા નરક દુઃખદાયિની, હિંસા ભવ દુઃખદાય ૫

કિરાત ભાઇઓ! એ કવિતા હમેશાં સ્મરણમાં રાખીને તમારે વર્ત્તવું. આ જગતમાં જે આરંભ છે, તે હિંસાનું મૂળ છે, તે આરંભથી ઘણો દંભ વધે છે. બીજાં પ્રાણીઓને પોતાની સમાન ગણવા જોઇએ. કદિ સર્વદા હિંસા રહિત ન થવાય, તો ચાર પર્વમાં તો હિંસા થાય, તેવો આરંભ કરવોજ નહિ. શ્રી જિન ભગવંતનાં કલ્યાણક પણ જાળવવાં જોઇએ. તે કલ્યાણક પાંચ પર્વના સ્થાનરૂપ છે. તે પર્વને માટે એકલું જિન શાસ્ત્રમાં કહ્યું છે તેમ નથી; પણ બીજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અન્ય મતમાં પણ ઘણે સ્થળે કહેલું છે. વિષ્ણુપુરાણમાં લખે છે કે, ચૌદશ, આઠમ, અમાવાસ્યા, પૂર્ણિમા અને સૂર્યસંક્રમણ, એ પાંચ પર્વ કહેવાય છે, તે પર્વના દિવસોમાં તેલ, માંસ અને સ્ત્રીનો ભોગ કરનારો પુરૂષ મર્યા પછી **विण्मूत्र भोजन** નામના નરકમાં જાય છે. મહાભારતમાં લખે છે કે, "હિંસા કરનાર, હિંસાની અનુમોદના કરનાર, માંસભક્ષક માંસ વેચનાર, અને ખરીદ કરનાર, એ પાંચે પ્રાણિના ઘાતક ગણાય છે. હે રાજા ! જેટલાં પશુની ઉપર રૂવાંટાં હોય, તેટલાં હજાર વર્ષ સુધી પશુઘાતક મનુષ્યો પીડાય છે.

જે જ્ઞાની પુરૂષો જુ, માકડ, અને ડાંસ વિગેરેની પુત્રની જેમ રક્ષા કરે, તે પુરૂષો સ્વર્ગે જાય છે. જેઓ જુ, માકડને તડકા વિગેરેમાં મારે છે, તેઓ પણ અવશ્ય નરકે જાય છે. અપરાધી જીવોની પણ સર્વદા રક્ષા કરવી.

જીવોની રક્ષાને માટે પાણી ગળવાની યતના રાખવી જોઇએ, અને તેને માટે વીશ આંગળ પહોળું, અને ત્રીશ આંગળ લાંબું વસ્ત્ર લઈ, તેને બેવડું કરી, તેવડે ગાળીને પાણી પીવું. તે ગરણામાં રહેલા જીવને જળની અંદર પરઠવવા. આ પ્રમાણે કરીને જે જળપાન કરે, તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે. દ્રષ્ટિથી પવિત્ર કરી પગ મુકવો, વસ્ત્રથી પવિત્ર [ ગળેલું ] પાણી પીવું. સત્યથી પવિત્ર વાણી બોલવી, અને મનની પવિત્રતાથી પ્રવર્ત્તવું.

વિષ્ણુપુરાણમાં લખે છે કેઃ—અહિંસા એ પરમ ધ્યાન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે, અહિંસા પરમ તપ છે, અહિંસા પરમ જ્ઞાન છે, અહિંસા પરમ સુખ છે, અહિંસા પરમ દાન છે, અહિંસા પરમ દમ છે, અહિંસા પરમ યજ્ઞ છે, અને અહિંસા પરમ શુભ છે. જે મહાત્માઓ તે અહિંસા લક્ષણ ઉત્તમ ધર્મને આચરે છે, તે મહાત્માઓ વિષ્ણુલોકમાં જાય છે.

કૂર્મ પુરાણમાં નગપડલ ગ્રંથમાં લખે છેઃ—

સઘળાં અભક્ષ્ય ભક્ષણ કરવા યોગ્ય નથી; તેમાં કંદ, મૂળ અને જેમને નવાં પત્ર આવ્યાં હોય, તે વિશેષ વર્જવા યોગ્ય છે. મદ્યપાન કરવાથી પુરૂષોની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, તેમને ધર્મ, દયા, ધ્યાન અને સત્કારની ક્રિયાઓ રહેતી નથી. મદ્યપાન કરવાથી ક્રોધ, માન, લોભ, મોહ, મત્સર, અને દુષ્ટ ભાષણ થાય છે. વારૂણી–મદિરાનું પાન કરવાથી કીર્ત્તિ, કાંતિ, મતિ, અને લક્ષ્મી ચાલી જાય છે. કાજળીની જેમ વિચિત્ર ચિત્ર રચનાની ઇચ્છા થાય છે. મદિરાપાની પુરૂષ જાણે ભૂત વળગ્યું હોય, તેમ અતિ નાચે છે, શોકવાળો હોય, તેમ અતિશે રૂવે છે, અને દાહજ્વરથી પીડિત હોય, તેમ પૃથ્વી ઉપર આળોટે છે.

તેને માટે જૈન સિદ્ધાંતમાં પણ લખે છે—

"मज्जंमिय मसंमिय णवनीयंमि चउथ्थए ।
उपज्जंति असंखेया तवन्ना तत्थ जंतुओ ॥ १ ॥"

મદિરામાં, માંસમાં, માખણમાં અને મધમાં તેના જેવા રંગવાળા અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કિરાત મિત્રો ! આ વાત ધ્યાનમાં રાખજો. તે શિવાય અન્ય મતના માર્કંડેય પુરાણમાં એવો પણ લેખ છે કે, જે પુરૂષ શ્રાદ્ધમાં ધર્મ મેળવવાની ઇચ્છાથી મધ આપે છે, તે તે ભોજન કરનારા લંપટ પુરૂષોની સાથે ઘોર નરકમાં જાય છે. કંદ મૂળને ખાનારા મિથ્યાત્વીઓના શાસ્ત્રમાં પણ તે વાતનો નિષેધ છે. ઇતિહાસ પુરાણમાં લખ્યું છે કે, જે વૃંતાક, કાલિંગાં અને મૂળાનું ભક્ષણ કરે છે, તે મૂઢ પુરૂષ અંતકાળે દુઃખ પામશે. જેના ઘરમાં સારૂં અન્ન છતાં મૂળા રંધાય, તો તેનું ઘર સ્મશાન જેવું છે, અને તેના ઘરમાં પિત્રિઓ રહેતાં નથી. પદ્મ પુરાણમાં લખે છે કે, અડદ અથવા મગ વિગેરે *ગોરસની સાથે ભક્ષણ કરે, તો તે માંસ તુલ્ય છે. સૂર્ય અસ્ત થયા પછી જળ, રૂધિર સમાન અને અન્ન માંસ સમાન ગણાય છે, એમ માર્કંડેય મુનિએ કહેલું છે. વળી તે લખે છે કે, રાત્રિ ભોજન, પરસ્ત્રી ગમન, સંધાન (બોળ અથાણું) અને અનંત કાયનું ભક્ષણ, એ ચાર નરકનાં દ્વાર છે.

હે કિરાતલોકો ! કેટલાએક અભક્ષ્ય પદાર્થો છે, તે તમારે જાણવા જોઇએ. જેમાં સંક્ષેપથી મદ્ય, માંસ, માખણ, મધ, બહુબીજ, કંદ, મૂળ વિગેરેને સર્વથા ત્યાગ કરવાં; તેની અંદર સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે.

કિરાત મિત્રો ! તમે અરણ્યમાં રહો છો, માટે તમને

---

* કાચું-ઉષ્ણ નહીં કરેલું દુધ, દહીં કે છાશ.

ભક્ષ્યાભક્ષ્યની ખબર હોતી નથી, તેથી તમારે અજાણ્યાં ફળ, બરફ, માટી વિગેરે અભક્ષ્ય વસ્તુનો ત્યાગ કરવો. અનંતકાયનો ત્યાગ કરવાને માટે શાસ્ત્રમાં લખે છે કે, વજ્રકંદ, સૂરણ, આદુ, હળદર, આલુ, કચુરો, કુંઆર, લસણ, થોહાર ગિરિકર્ણી, વાંસ, કારેલાં, લુણી, સતાવરી, લીલી મોથ, ગાજર, રતાળુ, પિંડાળુ, મૂળા, અમૃતવેલ, વૃક્ષની અંતર છાલ, થેગ, સુરિ, આમળી, ખિલોડા, બધાં કોમળ પાન, ગળો અને ભૂમિછત્ર, એ બધાંને જે પુરૂષ ત્યજી દે છે, તે આ સંસાર સાગરને તરી જાય છે.

મિત્રો ! તમે તમારી આજીવિકા લુંટવા ઉપર રાખી છે, તે ઘણી અધમ આજીવિકા છે. હવેથી તેવી આજીવિકાનો ત્યાગ કરજો. તે અદત્તાદાનથી મહા પાપ લાગે છે, ચોરીનું વ્યસન એ નરકનું દ્વાર છે. બીજાની વસ્તુ હરી લેવાથી તેનો અંતરાત્મા પરિતાપ પામે છે, તેની શુભ વાસનાનો વિચ્છેદ થાય છે, અને તે સર્વદા તેને માટે અતિ દુઃખ રાખ્યા કરે છે, તેવું કામ કરવામાં કેટલું પાપ ? તેનો વિચાર કરો. હવે ચોરીરૂપ મહાપંકની સાથે તમે તમારા આત્માને લિપ્ત કરશો નહીં. તે મહા પાપનું ફળ કેવળ પરલોકમાં મળે છે, એટલુ જ નહીં, પણ આ લોકમાં પણ તે મળે છે.

ભિલ્લરાજ ! જેવુ ચોરીના વ્યસનનું પાપ છે, તેવાં બીજાં પણ પાપનાં કારણો ઘણાં છે. મિત્રનો દ્રોહ, સ્વામીનો દ્રોહ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશ્વાસઘાત, કરેલા ગુણનો ઘાત, અને છળકપટ, એ નરકની ગતિને આપનારાં છે. તેથી તેવાં બધાં પાપનો ત્યાગ કરજો. નીતિરૂપ કલ્પલતાનું સર્વદા સેવન કરજો. તમે વનવાસી છો, નાગરિક જનના આચારથી અજ્ઞાત છો, તથાપિ નાગરિક જનના કરતાં તમારાં હૃદય વિશેષ નિર્મળ હોય છે. જે દ્રઢતા તમારામાં છે, તેવી નગરવાસીઓમાં હોતી નથી. તમારી બુદ્ધિ અલ્પ હોય, પણ તમારાં હૃદયમાં નિર્મળતાનો પ્રકાશ વિશેષ હોય છે, તેથી તમે અલ્પ સમયમાં સારી ગતિના પાત્ર થવાની યોગ્યતા મેળવી શકો છો.

કિરાત ગૃહસ્થો ! હવે છેવટે એટલુંજ કહેવાનું કે, તમે મનુષ્ય છો, તમારી શક્તિ ઉત્તમ છે, તમારૂં જીવન જેવી ઉન્નતિ મેળવવી હોય, તેવી મેળવવાને લાયક છે, તમારો વાસ અરણ્યમાં હોવાથી તમે સદાચારની યોગ્યતાના અધિકારી થઈ શકયા નથી, તેમ તમને તેવી યોગ્યતા સંપાદન કરાવે, તેવા કોઈ ધાર્મિક પુરૂષનો સમાગમ પણ થયો નથી, તેથી તમે આજ સુધી અજ્ઞતામાં મગ્ન થઈ રહ્યા હતા. હવે ઉદ્દયનો સમય આવ્યો છે, તમારી કન્યાનો સ્વીકાર કરી, મેં તમારી સાથે પવિત્ર સંબંધ જોડયો છે. મારા સંબંધને કૃતાર્થ કરવો એ તમારા હાથમાં છે. તમારા સંબંધથી મને લોકોમાં લજ્જા થવી ન જોઈએ. તમે વનરાજ્યના રાજા છો, તમારી કન્યા એક રાજકન્યા છે, તે સ્થિતિનો વિચાર કરી મેં જોડેલો આ સંબંધ જેવી રીતે લોકોમાં પ્રશંસા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાત્ર થાય, તેવી રીતે તમે પ્રવર્ત્તન કરજો; અને અતિ દુર્લભ એવા આ માનવ જીવનને સંપૂર્ણ રીતે કૃતાર્થ કરજો.

આ પ્રમાણે શ્રીચંદ્રકુમારે ઉપદેશ આપ્યો, તે સાંભળી ભિલ્લ લોકો ઘણા ખુશી થઈ ગયા. તેમના જંગલી વિચારોમાં ઘણો ફેરફાર થઇ ગયો, તેમના મલિન સંસ્કારોમાં ઉત્તમ પ્રકારનો સુધારો થઇ આવ્યો, તેઓના હૃદયમાં માનવ જીવન કાંઈક ઉત્તમ પદાર્થ છે, એવું ભાન આવ્યું. તેઓ બધાએ વિનયથી નમન કરી, શ્રીચંદ્રનો ઉપકાર માન્યો, અને તેમના વિયોગને માટે હૃદયનો શોક પ્રદર્શિત કર્યો.

તેમનામાંથી જયકુંજર નામના એક ઉત્તમ જાતના ક્ષત્રિયને પોતાના સુવેગ રથનો સારથિ નિમી અને ભિલ-કન્યા તથા બીજા પરિવારને કુશસ્થલીપુરીમાં જઈ અંગીકાર કરવાની પ્રતિજ્ઞાનાં વચન આપી, શ્રીચંદ્ર માર્ગે રવાને થયો. પ્રેમી કિરાત વર્ગ અને કિરાત કાંતાઓ તેને વલોટાવાને કેટલેક દૂર આવ્યાં. શ્રીચંદ્રનો રથ જ્યાં સુધી દેખાયો, ત્યાં સુધી તેઓ એક દ્રષ્ટિએ તેની સામે જોઇ રહ્યાં, અને જ્યારે અદર્શન થયું, ત્યારે નયનમાંથી અશ્રુધારા ચાલવા લાગી. મોહિની અને તેનો પરિવાર બીજે માર્ગે ગયો હતો. શ્રીચંદ્ર અને મોહિનીના માર્ગ અત્યારે જુદા હતા, પણ તેમના પ્રેમનો માર્ગ એકજ હતો. તે પ્રેમયજ્ઞની સમાપ્તિ આખરે કુશસ્થળી નગરીની રાજધાનીમાં થવાની છે. સુવેગરથનો દિવ્ય પ્રભાવ પોતાના મૂળ નાયકને મળવાથી વિશેષ પ્રદીપ્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો હવે તે રથ અને તેના નાયકનો ચરિતાનુયોગ ક્યાં થશે, અને તેમાં બીજો શો ચમત્કાર આવશે? તે વાચકોને આગળ જણાશે.

---

## પ્રકરણ ૧૭ મું.

### સરસ્વતી.

એક સુંદર યક્ષ મંદિર આવેલું છે; મંદિરની શોભા વિમાનના જેવી છે, તેના મનોહર સ્તંભ ઉપર અદ્ભુત કારીગરી રચેલી છે, પ્રત્યેક સ્તંભ ઉપર નમુનાદાર પુતળીઓ ગોઠવેલી છે, મંદિરના મધ્ય ભાગે ઉંચો અને મોટા ઘેરાવવાળો ઘુમટ આવેલો છે, ઘુમટની ચારે બાજુ જુદાં જુદાં ચમત્કારી ચિત્રો ચિતરેલાં છે, કોઇ દેવતાનાં, કોઈ દેવીઓનાં, કોઇ રાજાઓનાં, કોઈ શૂરવીરોનાં, અને કોઈ શાસન દેવતાઓનાં છે, પ્રત્યેક ચિત્રો જાણે પ્રત્યક્ષ રૂપે હોય, તેવાં દેખાય છે.

આવા સુંદર મંદિરમાં એક રાજકન્યા બે સખીઓની સાથે ફરે છે. રાત્રિનો સમય છે, મંદિરમાં જડેલાં રત્નોના પ્રકાશથી અંધકાર દૂર થઇ ગયું છે, તેમાં વળી આ રાજકન્યાના તેજથી અને તેનાં રત્નમય આભૂષણોથી એ પ્રકાશમાં વધારો થાય છે તે ત્રણે બાળાઓ ફરતી ફરતી મંદિરના એક ભાગમાં આવી, ત્યાં એક તરૂણ પુરૂષ સુતેલો જોવામાં આવ્યો. તેની આકૃતિ મોહક હતી, તથાપિ રાત્રિના ઝાંખા



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રકાશથી તે જોઇએ તેવો દેખાતી નહતી. નિદ્રાએ તેના મનોબળને મૂઢ બનાવી દીધું હતું, તેની બધી શારીરિક ચેષ્ટાઓ શાંત પડી ગઇ હતી, નિદ્રાની મહા શક્તિએ તેને નિશ્ચેષ્ટ અને મૂઢ કરી દીધો હતો, રાત્રિનો સમય અને મંદિર એકાંત હતું, તથાપિ તે નિર્ભયપણે નિદ્રાનો સ્વાદ લેતો હતો.

ત્યાં ફરતી તે ત્રણ બાળાઓમાં એક મુખ્ય હતી, અને બીજી બે તેની આશ્રિત સખીઓ હતી, બીજી બે તેની આશ્રિત છતાં તે મુખ્ય નાયિકાની સમાનતાને ધારણ કરતી હતી. મુખ્ય નાયિકા તેઓનું માન સાચવતી, અને ક્ષણે ક્ષણે તેઓની તરફ પ્રેમદૃષ્ટિએ જોતી હતી.

તે સૂતેલા પુરૂષને જોતાંજ મુખ્ય નાયિકાને સંભ્રમ થઇ ગયો. પોતાની મનોવૃત્તિની ધારણા સફળ થવાથી તેણી અત્યંત આનંદ પામી ગઇ. તત્કાળ તેણીએ પોતાની બંને સખીઓને કહ્યું, સખીઓ! યક્ષની વાણી સફળ થઇ. જેને માટે યક્ષ દેવે પ્રેરણા કરી આપણને અહીં મોકલ્યાં, તેજ આ વીર પુરૂષ છે. સખીઓ! આ સૂતેલા વીર પુરૂષને જગાડવો જોઇએ; જરૂર તેજ પુરૂષ છે. **સખીઓ** બોલી, પ્રિય સખી! તમારૂં કહેવું યથાર્થ છે, તમારા મનની ઇચ્છા પૂર્ણ કરનાર અને તમારા મનોરથને સફળ કરનાર, આ વીર નરજ છે. સખી! હવે તેને જગાડો, અને તમારૂં સુંદર દર્શન કરાવો. હજુ તે ગાઢ નિદ્રામાં તલ્લીન છે. આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાશયનાં સત્કર્મનો પડદો જ્યાં સુધી પડયો નથી, ત્યાં સુધી તે અજ્ઞાન દશારૂપ નિદ્રા સુખને અનુભવે છે. તેને ખબર નથી કે, મારે માટે એક સુંદર રાજકુમારી વરવાને તૈયાર થઇ ઉભી છે. ભાગ્યના ઉંચા શિખર ઉપર મારે હમણાંજ ચડવાનું છે, મારે પૂર્વ કર્મનાં મહા ફળ અનુભવવાનો સમય નજીક આવ્યો છે, અને મારી આશાલતા નવપલ્લવ થઇ મધુર ફળ આપવાને ઉન્મુખ થઇ રહી છે.

સખીઓનાં આવાં વચન સાંભળી રાજબાળા બોલી, પ્રાણનાથ ! જાગ્રત થાઓ. આ રાજપુત્રી પોતાની ભાગ્યદેવીની પૂજા કરી, આપની પૂજા કરવાને તૈયાર થઇ ઉભી છે. આપ મહાશયને મળવાનો મહા માર્ગ એ ભાગ્યદેવીએ મને દર્શાવ્યો છે. તે માર્ગને અનુસારેજ હું આપની સન્મુખ આવી ઉભી છું. પ્રાણેશ ! જાગ્રત થાઓ, આપની પહેલાં મારાં અને તમારાં સદ્દભાગ્ય જાગ્રત થઈ ગયાં છે. આવા રાજબાળાના શબ્દો તે રાજકુમારના કર્ણ માર્ગમાં થઇ અંતરમાં પેઠા. તરતજ નિદ્રાનો મહા મોહ પવનથી વાદળની જેમ વીંખાઇ જવા લાગ્યો, મૂર્છા અને જાગ્રતિ વચ્ચે યુદ્ધ ચાલ્યું; જાગ્રતિએ જોર કરી મલિન મૂર્છાને દબાવી દીધી. તે પુરૂષ તરતજ જાગ્રત થઈ બેઠો થયો; આગળ અવલોકન કરતાં રાજબાળા અને તેની બે સખીઓ દૃષ્ટિએ પડી.

વાંચનાર ! ચાલતા પ્રસંગને લઇ તમે આ જાગેલા પુરૂષને ઓળખી લીધો હશે. એ પુરૂષ તમારો ઘણો પરિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિત છે, તેનાં ઉન્નતિ ભરેલાં ચરિત્રો તમે પ્રથમથીજ વાંચતા આવો છો; એટલે તે પુરૂષના જ્ઞાનનું પ્રતિબિંબ તમારા હૃદય દર્પણમાં પડી ગયું હશે. બીજી જે ત્રણ સુંદરીઓ છે, તેઓને તમે ઓળખી શકશો નહીં કારણ કે, તેઓ તમારી પરિચિત નથી, તેમનાં ચરિત્રનું, કે તેમની ઉત્પત્તિ તથા આ પ્રવૃત્તિનું તમને બીલકુલ જ્ઞાન નથી, ચાલો હવે તમને એ બધાં પાત્રો ઓળખાવીએ. આ યક્ષ મંદિરમાં સૂતેલો પુરૂષ તે આપણો ધાર્મિક નાયક શ્રીચંદ્ર છે, તે આ યક્ષ મંદિરમાં આવી સૂતો છે. આ યક્ષ મંદિર કુંડલપુરના ઉદ્યાનમાં આવેલું છે. રાજકુમાર શ્રીચંદ્ર સુવેગ રથ તથા કુંજર સારથિને સાથે લઇ કુંડલપુર આવ્યો હતો. પોતાનો કાફલો બીજે સ્થળે રાખી, તે કુંડલપુર જોવાને ગયો હતો. સંધ્યાકાળ થયો, એટલે ત્યાંથી પાછો ફરી તે આ યક્ષ મંદિરમાં આવી સૂતો હતો. આ વખતે કુંડલપુરની રાજકુમારી **સરસ્વતી** પોતાની બે સખીઓની સાથે અહીં આવી છે. તે બંને સખીઓનાં નામ **સુનામિકા** અને **સુરૂપિણિ** છે. આ વીર પુરૂષને સુતો જોઇ, તેઓ આશ્ચર્ય પામી જાય છે, અને જે જાગ્રત કરવાનો પ્રયત્ન કરે છે.

કર્મની ગતિ કેવી વિચિત્ર છે? સુકૃતની પ્રબળતા કેવી અદ્દ્ભુત છે? પુરૂષ ગમે ત્યાં ગયો હોય, અને ગમે ત્યાં છુપી રીતે રહ્યો હોય, પણ સુકૃતની શ્રેણી નૃત્ય કરતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતી શુભ ફળ લઇને તેની પાસે આવે છે. સાહિત્યકાર તેને માટે નીચેનું પદ્ય લખે છે:—

यद्यपि कृतसुकृतलवः प्रयाति गिरिकंदरांतरेषु नरः ।
करकलितदीपकलिका विलोक्य लक्ष्मीस्तमनु याति ॥१॥

**ભાવાર્થ**—એક થોડું સુકૃત કરી પુરૂષ પર્વતની ગુફામાં ચાલ્યો જાય, તથાપિ લક્ષ્મી હાથમાં દીવી લઇને તેને જોતી જોતી તેની પાછળ જાય છે. ૧

તે વિષે જ્ઞાનવિમળસૂરિ પણ પોતાના રાસમાં તેને મળતુંજ નીચે પ્રમાણે લખે છે:—

**જેહને સાથે સુકૃત છે, તે જાણો તિહાં જાય,**
**કરતલ દિપકની પરે, લક્ષ્મી હોય સહાય.**

ક્ષણવાર પછી રાજકુમાર સાનંદાશ્ચર્ય થઇ બોલ્યો ? સુંદરીઓ ! તમે કોણ છો ? આવા એકાંત સ્થળમાં રાત્રે ક્યાંથી આવો છો ? તમારી સાહસ શક્તિ બળવાન્ લાગે છે, આવા સ્થળમાં અબળા જાતિ આવે, તે જોઇ કોને આશ્ચર્ય ન થાય ? આ વખતે તમે અહીં આવ્યાં, તેનું શું પ્રયોજન છે ? વળી મારી ગાઢ નિદ્રાનો ભંગ કરવાનું કારણ શું છે ? મંદિરની બહાર કોઈ તમારી સાથે આવેલ છે કે નહીં ? રાજકુમાર શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી, તેઓમાંથી એક સ્ત્રી બોલી—મહાવીર ! આ સુંદરી અરિમર્દન રાજાની પુત્રી સરસ્વતી છે, તે હમેશાં યક્ષની પૂજા કરે છે, પોતાના સૌભાગ્યની વૃદ્ધિને માટે તેણીની આસ્તા યક્ષની ઉપર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વધારે છે, યક્ષના પ્રભાવથી તેના ભાગ્યનો મહિમા વધ્યો છે. એક વખતે રાજકુમારી પોતાના પિતાના ઉત્સંગમાં બેઠી હતી, પુત્રીનું સૌંદર્ય અને યોગ્યપણું જોઈ, રાજાએ મંત્રીને જણાવ્યું કે, આ પુત્રીના વરને માટે તપાસ કરો. કોઇ વીર માનવ રત્નને શોધી કાઢો. રાજા આ પ્રમાણે મંત્રીને કહેતો હતો, ત્યાં એક યાચક નીચે પ્રમાણે બોલી ઉઠયા—

" કુશસ્થળપુરનો રાજકુમાર શ્રીચંદ્ર છે, તે દાતા, ભોક્તા, સાહસી અને ગુણરૂપ મણિરત્નનો ભંડાર છે, તે મહાવીર કોઈ કારણથી રીસાઇને બહાર ચાલ્યો ગયો છે. "

યાચકના આ શબ્દો કવિતારૂપે સાંભળી, રાજા આશ્ચર્ય પામી ગયો, પોતાને એ વાત અનુકુળ હતી, તથાપિ તે મૌન ધરીને બેસી રહ્યો.

આજ દિવસે રાજકન્યાને સ્વપ્નામાં આવી યક્ષે કહ્યું કે, રાજકુમારી ! ચિંતા કરશો નહીં, આજથી પાંચમે દિવસે હું તને મનોવાંછિત વરની સાથે ભેટાડીશ. યક્ષનાં આવાં વચનથી રાજકન્યા ઘણી ખુશી થઇ. તે વાત તેણીએ અમો, કે જે તેમની સખીઓ છીએ, તેમને જણાવી. આ અરસામાં એવું બન્યું કે, નગરમાં **શ્રીદત્ત** નામે મંત્રીનો પુત્ર હતો, તે રાજકુમારીના સૌંદર્યથી તેણીની ઉપર રાગી થયો હતો, તેણે રાજકન્યા મેળવવાને અનેક ઉપાયો કરવા માંડયા. મંત્રીના કહેવાથી અરિમર્દન રાજાના મનમાં પણ એમ થયું

કે, આ રાજકન્યા મંત્રીપુત્ર શ્રીદત્તનેજ આપવી. આ ખબર જાણી દૃઢ હૃદયની રાજબાળાએ અમોને તે વાત જણાવી, અને યક્ષના કહેવા પ્રમાણે આજે વિવાહની સામગ્રી લઇને અમો અહીં છુપી રીતે આવેલાં છીએ, અને એ મહાશયાના મહા ભાગ્યથી આજે તમારાં દર્શન થયાં છે. રાજપુત્ર! હવે સત્વર તૈયારી કરો, આ બાળાના મનોરથ પૂરા કરો. જો આ ખબર અમારા મહારાજાને કાને આવશે તો, વિપરીત થશે.

આ બધો વૃત્તાંત સાંભળી, શ્રીચંદ્રે નિશ્ચય કર્યો કે, “ આશા ધરી આવેલી આ રાજકન્યાને નિરાશ કરવી નહીં; વળી તેણીની સાથે મારો સંબંધ કર્મજનિત છે. ” આવા નિશ્ચયથી શ્રીચંદ્રે તે રાજકન્યાનુ પાણિગ્રહણ કર્યું. સદ્ભાગ્યના પ્રભાવથી અને પુણ્યના પ્રતાપથી શ્રીચંદ્ર સરસ્વતીનો પતિ થયો. એક સદ્‌ગુણરૂપ સરસ્વતીથી તે પ્રથમ તો સુશોભિત હતો, તે આ સદ્‌ગુણી સરસ્વતીથી વિશેષ સુશોભિત થયો. શ્રીચંદ્ર જેવા સદ્‌ગુણી પતિને સંપાદન કરી, સરસ્વતીએ પોતાના સૌભાગ્યને સાર્થક કર્યું. જેવી રીતે આ મહાન્ લાભથી રાજકુમારી સરસ્વતીના હૃદયમાં આનંદ થયો હતો, તેવીજ રીતે તેને આનંદની સાથે ચિંતા પણ થઈ હતી. તે રાજબાળાએ વિચાર્યું કે, “ આ વિવાહ વિધિ ગુપ્તરીતે કરવામાં આવ્યો છે, તેથી પિતાને અતિશય કોપ થશે. કોપે પ્રેરાયેલા પિતા જો ચડાઈ કરીને આવશે તો, આ સહાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વગરના રાજકુમારનો નિગ્રહ થઇ જશે. મારા નિમિત્તે રાજકુમાર અતિશય કષ્ટ પામશે, તેથી હવે અહીંથી સહી-સલામત ચાલ્યાં જવું જોઇએ. આવું વિચારી રાજકન્યા બોલી–"પ્રાણનાથ ! સત્વર તૈયારી કરો, હવે અહીં રહેવું સલામત નથી. આપણે માટે યક્ષ મંદિરની બહાર સાંઢડી ઉભી રાખી છે, એ પવનવેગા સાંઢડી આપણને ક્ષણમાં ઘણે દૂર લઇ જશે."

પ્રિયાનાં આવાં વચન સાંભળી શૂરવીર શ્રીચંદ્ર બોલ્યો–પ્રાણેશ્વરી ! તમારૂં કહેવું યથાર્થ છે. હું સારી રીતે સમજું છું કે, હવે અહીં રહેવું સહીસલામત નથી; પણ આવા અંધકારમાં શી રીતે જવુ ? વળી સાંઢડીને હાંકવાનું કામ પણ હું જાણતો નથી. સાંઢણને હંકારવી અને ઝોકાવવી, એજ ખરેખર જાણવાનું છે; તેથી હવે પ્રભાતકાળ થાય, ત્યાં સુધી અહીંજ રહેવું પડશે, જે થવાનું હોય તે થાય પ્રાણીને શુભાશુભ કર્મ, ફળ આપ્યા વિના રહેતાં નથી. પ્રિયા ! કોઇ જાતની ચિંતા કરશો નહીં, પુણ્યનો પ્રભાવ મોટો છે. જો પુણ્ય પ્રબળ હોય, તો ચક્રવર્ત્તી રાજા પણ પરાભવ પામી જાય છે, અને અસહાય અને એકાકિ માણસ વિજય મેળવે છે. અત્યારે આપણને પુણ્યની સહાય છે. પંચપરમેષ્ટીનું સ્મરણ કરો, નવકાર મંત્રની નિર્મળતાને પ્રકાશ કરનાર અર્હંત પ્રભુનુંજ શરણ લ્યો. પ્રિયનાં આવાં વીરત્વ ભરેલાં અને પુણ્યની પ્રગટ શ્રદ્ધાનાં વચન સાંભળી રાજકુમા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીને ધીરજ આવી; પછી તે મહાનુભાવાએ રત્નદીપક લઇ પોતાના પતિના મુખને બરાબર અવલોક્યું. મુખના નિરીક્ષણથી તેના હૃદયમાં વિશેષ સંતોષ થયો. ચંદ્રના જેવું લલાટ, કમળનાં જેવા નેત્ર અને મુખાકૃતિનું લાલિત્ય જોઈ, સરસ્વતી સાનંદા થઈ ગઇ. પોતાના સૌંદર્યને અને સૌભાગ્યને તે સાર્થક થયેલું સમજવા લાગી. ક્ષણવાર પછી સરસ્વતીએ કહ્યું, પ્રાણેશ ! યક્ષનાં વચનથી આપના સ્વરૂપને મેં જાણેલું તો છે, તથાપિ પુનઃ વિશેષ સંતોષ પ્રાપ્ત કરવાને પુછવાની ઇચ્છા થાય છે. પ્રાણેશ ! કહો, આપ કોણ છો ? અને કયાંથી આવો છો ? શ્રીચંદ્ર હાસ્ય કરી બોલ્યો—પ્રિયા ! વિવાહથી હૃદયને અર્પણ કરી, પછી પૂછવું, તે અનુચિત છે. ચતુર માણસ પૂછયા પછીજ હૃદય અર્પે છે, અને સંબંધ જોડે છે. સરસ્વતીએ ઇંતેજારીથી જણાવ્યું, પ્રાણપતિ ! મેં આનંદની ખાતરજ પૂછયું છે, તમારે માટે મારૂં મન નિઃશંક છે, તમારા હૃદયથી મેં તમારી સર્વ જાતની પરીક્ષા કરી છે. નિર્મળતા જોઈનેજ મેં તમને મારા મનોમંદિરમાં સ્થાપ્યા છે. હવે ઈચ્છામાં આવે તો જણાવો, નહીં તો મારે કાંઈ જાણવાની જરૂર નથી.

સરસ્વતીનાં આવાં સાપેક્ષ વચન સાંભળી શ્રીચંદ્ર હસતો હસતો બોલ્યો—સરલે ! શાંત થાઓ. તમારા પવિત્ર પ્રેમની પરીક્ષા સારી રીતે થઈ છે, હૃદય ઉપરનું અંધકાર દૂર થઈ ગયું છે, મારા હૃદયપર તમારા પ્રેમને પ્રકાશે સારૂં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અજવાળું પાડયું છે. મારો વૃત્તાંત સાંભળો. હું જાતે ક્ષત્રિય છું, મારૂં નામ શ્રીચંદ્ર છે. કુશસ્થળી નગરીમાંથી મુસાફર થઈ અહીં આવ્યો છું. વિદેશનાં અનેક કૌતુક જોવાનો લાભ સંપાદન કરવાની ઇચ્છાએ હમેશાં હું વિચરૂં છું. આ સાંભળી સરસ્વતીના આનંદમાં વધારો થઇ ગયો. પોતાને મનોવાંછિત પતિ મળવાથી સ્ત્રી જીવનને કૃતાર્થ માનવા લાગી, તેમજ હૃદયમાં ઉંડી રીતે પોતાના આ ગુપ્ત વિવાહના વિજયની આશા રાખવા લાગી. પછી સરસ્વતીએ અંજલી જોડી કહ્યું, પ્રાણેશ ! મારા આનંદમાં મોટો વધારો થયો છે. આનંદનાં તેજસ્વી કીરણો મારા હૃદયાંધકારને દૂર કરે છે, તથાપિ તે અંધકારનો સમૂળગો નાશ થતો નથી. હૃદયના એક પ્રદેશમાં અંધકારની મલિન છાયા રહે છે. શ્રીચંદ્રે ઇંતેજારીથી પુછયું, પ્રાણેશ્વરી ! તે શું ? મને સ્ફુટ કરી સમજાવો. પ્રકાશની અંદર થોડો પણ અંધકાર ન રહેવો જોઇએ. તમારૂં તે વચન કાંઈક હેતુ સહિત લાગે છે. સરસ્વતીએ પુનઃ જણાવ્યું, પ્રાણાધીશ! આપ જેવા ચતુર પુરૂષથી તે અજ્ઞાત રહે, એ અસંભવિત છે; તથાપિ આપની ઇચ્છા મારે મુખે સાંભળવાની છે, એમ જણાય છે. સ્વામી ! એ પ્રકાશમાં અંધકાર તે મારા હૃદયની ચિંતા છે. હવે ક્ષણવારમાં મારા પિતા આવી તમારો નિગ્રહ કરશે, અને તમે સહાય વગરના એકલા શું કરી શકશો ? આ ચિંતાના અંધકારે મારા આનંદના પ્રકાશને ઝાંખો કરી દીધો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વામીનાથ ! તમારા પુણ્યના પ્રકાશથી એ ચિંતારૂપ અંધકાર દૂર થઇ જાઓ. શ્રીચંદ્રે ઉત્સાહથી કહ્યું, “ પ્રિયા ! હિમ્મત રાખો, તમારા પિતાથી શું અનર્થ થઈ શકે તેમ છે ? તે માનવરૂપે છે, અને હું પણ માનવરૂપ છું; તેમાં શો ભય રાખવાનો છે ? જે ભાવી હશે તે બનશે, કર્મની પ્રબળ સત્તા આગળ હું અને તે બને રાંક છીએ. ક્ષાત્રતેજમાં ભયનો અંધકાર પેસી શકતો નથી. જગતમાં ક્ષાત્રબળ અપ્રતિહત છે, સાહસની સીમા ક્ષાત્રતેજમાંજ સમાપ્ત થાય છે. ” આવાં શ્રીચંદ્રનાં વચન સાંભળી સરસ્વતીના હૃદયમાંથી ચિંતાંધકાર દૂર થઈ ગયો, હૃદયના સર્વ પ્રદેશમાં આનંદનો પ્રકાશ પડી રહ્યો. પતિના ક્ષાત્રતેજની છાયા તેણીના ઉપર આરૂઢ થઇ ગઈ.

જ્યારે પ્રાતઃકાળ થયો, એટલે યક્ષના પૂજારીએ આ સર્વ બનાવ જોઈ લીધો. કોઈ અજાણ્યા પુરૂષની સાથે રાજકન્યા પરણી, એ વાત તેના જાણવામાં આવી. તરતજ તે કુંડલપુરના દરબારમાં દોડી આવ્યો; તેણે આ વાત રાજા અરિમર્દનને જણાવી. તે સાંભળતાંજ કુંડળપુરના પતિને અતિશય ક્રોધ ચડી આવ્યો. યક્ષમંદિરમાં બનેલા આ ગુપ્ત બનાવથી પોતાની પ્રતિષ્ટાની હાની થવાનો વિચાર આવ્યો. તરતજ તેણે પોતાના મંત્રીને બોલાવ્યો, અને પોતે જાતે યક્ષમંદિરમાં જવાને તૈયાર થયો. ચતુર મંત્રીએ રાજાને ત્યાં જતાં અટકાવ્યો, અને ચતુરંગ સૈન્યને લઈ સેનાપતિને

મોકલવાનો ઠરાવ કર્યો. રાજાની આજ્ઞાથી સેનાપતિ ચતુરંગ સેના લઇ યક્ષમંદિર ઉપર ચડી આવ્યો. ઉછળતા સમુદ્ર જેવા સૈન્યને આવતું જોઈ, રાજકન્યા કંપી ચાલી. તેણે સ્વામીને કહ્યું કે, પ્રાણનાથ ! હવે કોનું શરણ લેવું ? શ્રીચંદ્રે વીરતા દર્શાવી કહ્યું, પ્રિયા ! નાહીંમત થાઓ નહીં, આપણે ધર્મનું શરણ છે, તમે જરાપણ ગભરાશો નહીં. આ મોટા સૈન્યના શા ભાર છે ? હું તેને ક્ષણમાત્રમાં વીખેરી નાખીશ. આ પ્રમાણે પ્રિયાને શાંત કરી શ્રીચંદ્ર ગર્જના કરી સૈન્યની ઉપર તુટી પડ્યો. ક્ષણમાત્રમાં તો તેણે બધા સૈન્યને સર કરી દીધું. તેના ઉત્કૃષ્ટ પુણ્યથી મોટી બળવાન સેના વીખાઇ ગઇ. સૈન્યનો પરાભવ જોઇ મંત્રી પોતે ત્યાં આવ્યો; તેણે હાક મારીને શ્રીચંદ્રને પૂછ્યું, અરે ચોર ! તું કોણ છે ? રાજકન્યાનું હરણ કરી ક્યાં જઇશ ? તારૂં નામ, કુળ અને વાસસ્થાન જણાવ. શ્રીચંદ્રે સામી હાક મારી જણાવ્યું, અરે ગર્વિષ્ટ ! તારા જેવા અધમની આગળ મારે નામ ઠામ જણાવવાની કાંઇ જરૂર નથી. મેં મારા પરાક્રમથીજ રાજકન્યાનું હરણ કર્યું છે, તારે યુદ્ધ કરવાની ઇચ્છા હોય તો, સામો આવ. આ પ્રમાણે કહી શ્રીચંદ્ર મંત્રીની સામો થયો, અને તેણે પોતાના અતુલ બળથી મંત્રીને સૈન્ય સહીત પાછો હઠાવ્યો.

આ વૃત્તાંત જાણી રાજા અરિમર્દન મોટું સૈન્ય લઇ ચડી આવ્યો. પોતાના પિતાને આવતા જોઈ સરસ્વતીએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીચંદ્રને કહ્યું, પ્રાણેશ ! હવે મારા પિતા જાતે આવે છે, તેમની સાથે મોટી સેના છે, આવી મહાન્ સેના લઇ આવેલા મારા પિતાને આપ શીરીતે જીતી શકશો ? શ્રીચંદ્ર બોલ્યો પ્રિયા ! ચિંતા કરો નહીં, પુણ્યની પ્રબળતા હશે, તો તમારા પિતાને પણ ક્ષણમાં જીતી લઇશ. આ પ્રમાણે કહી શ્રીચંદ્રે પોતાના નામની **રત્નમુદ્રિકા** સરસ્વતીને આપી, અને પોતાની સર્વ જાતની ઓળખાણ કરાવી, પછી પોતે એક અંજન ગુટીકાના પ્રયોગથી સરસ્વતીને વાનરી બનાવી દીધી. તે ચપળ વાનરી શ્રીચંદ્રની સામે જોતી જોતી ઉભી રહી. તેની સખીઓ તે જોઇ આશ્ચર્ય પામી ગઇ. ક્ષણમાત્રમાં રાજા અરિમર્દને યક્ષ મંદિરને ઘેરી લીધું, અને શ્રીચંદ્રને પકડવાને પોતે ગજેંદ્ર ઉપર બેસી નજીક આવ્યો. શૂરવીર શ્રીચંદ્ર રાજાને ગજેંદ્ર ઉપર આવતો જોઇ, તરતજ પરાક્રમ દર્શાવવા કુદી પડ્યો, અને અતિ જોરથી રાજાને ખેંચી ગજેંદ્ર ઉપરથી પાડી નાખ્યો. તે પછી રાજાને બાંધીને બંધીવાન કરી દીધો. આ વખતે રાજાના સૈનિકોએ કોલાહલ કરી મુકયો, અને રાજકુમારનું અતુલ પરાક્રમ જોઈ સર્વે ચકિત થઇ ગયા.

આવું મહાપરાક્રમ દર્શાવી શ્રીચંદ્ર રણભૂમિમાંથી પસાર થઈ ગયો. તે કયાં ગયો ? અને શી રીતે ગયો ? એ કોઈના પણ જાણવામાં આવ્યું નહીં. શીયાળનાં ટોળાંમાંથી જેમ કેશરીસિંહ ચાલ્યો જાય, તેમ તે ધીરવીર મહા પુરૂષ સૈનિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોના સમૂહમાંથી ચાલ્યો ગયો. પછી મંત્રી વિગેરે બંધનમાં પડેલા રાજાની પાસે આવ્યા. મંત્રીએ પોતાના મહારાજાને બંધનમાંથી મુક્ત કર્યો, અને કોમળ વચનોથી તેના ઉશ્કેરાયેલા હૃદયને શાંત કર્યું. શાંત થયેલો રાજા યક્ષમંદિરમાં પોતાની પુત્રીને મળવા અને શોધવા જતો હતો, ત્યાં એક ચારણના મુખથી નીચેની હકીકત સાંભળવામાં આવી.

જે ગુણી પુરૂષના ગુણ કહેવાથી રસના [ જીભ ] પવિત્ર થાય છે, બાલ પુત્રના વિરહથી દુ:ખી અને પોતાના પતિથી રહિત એવી સ્ત્રીને જેણે ચોરના ઘરમાંથી મુક્ત કરી હતી, એવા શ્રીચંદ્રકુમાર જય પામો. જેણે કુંડલપુરનું રાજ્ય તથા ચંદ્રમુખી રાજકન્યાનું પાણિગ્રહણ કર્યું, અને યક્ષનાં વચનથી **ચંદ્રપુર** નગર વસાવ્યું, તે કુંડલપુરના અધિપતિ અને પ્રતાપસિંહ રાજાના પુત્ર શ્રીચંદ્ર જય પામો. યક્ષ પણ ભક્તિથી જેનાં ચરણ તળનો સ્પર્શ કરે છે, તે શ્રીચંદ્ર જય પામો.

ચારણની આ કવિતા સાંભળી, રાજા અરિમર્દનને શ્રીચંદ્રનું સ્મરણ થઈ આવ્યું, પોતાના સર્વ સૈન્યને પરાભવ કરનાર, અને પોતાનો બંધ કરી ગર્વ ઉતારનાર, તે કુશસ્થળીનો રાજપુત્ર શ્રીચંદ્ર હતો, આ વાત જાણી તેના હૃદયમાં હર્ષનો ઉભરો આવી ગયો. તત્કાળ તેણે પોતાના યોદ્ધાઓને આજ્ઞા કરી કે, મને બાંધનાર અને આપણો પરાભવ કરનાર તે વીરકુમાર ક્યાં છે ? તેને અહીં લાવો. મેં અજ્ઞાનથી મોટી ભુલ કરી કે, જેની સામે હું યુદ્ધ કરવાને ચડી આવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો એ વીરનરે રાજપુત્રીનું હરણ કર્યું હોય, તો મારૂં જીવન કૃતાર્થ થયું છે. મારી રાજકન્યાના ભાગ્યનો મહાન્ ઉદય થયો છે. શ્રીચંદ્ર જેવા દિવ્ય પુરૂષને સંપાદન કરનારી સુંદરીઓના જીવનની સાર્થકતા સંપૂર્ણ રીતે થાય છે. વીર યોદ્ધાઓ ! સત્વર જઈ એ મહાવીરને અહીં લાવો. એ મહાશયનાં પવિત્ર દર્શન મને કરાવો.

રાજાનાં આવાં વચન સાંભળી, સર્વે યોદ્ધાઓ તેને શોધવાને ચારે તરફ દોડાદોડ કરવા લાગ્યા, પણ કોઇ ઠેકાણે શ્રીચંદ્ર જોવામાં આવ્યો નહીં. ઘણીવારે તેઓએ પાછા વળી રાજાને જણાવ્યું કે, સ્વામી ! રાજકુમાર કોઇ સ્થળે નથી. ક્ષણ માત્રમાં તેઓ કયાં ચાલ્યા ગયા ? તે જાણવામાં આવતું નથી. આ સાંભળી જેના મુખ ઉપર ગ્લાનિ થયેલી છે, એવો અરિમર્દન રાજા યક્ષમંદિરમાં પોતાની પુત્રીને મળવા આવ્યો. ત્યાં રાજકુમારી જોવામાં આવી નહીં, પણ એક વાનરી જોવામાં આવી. પોતાના ચપળ સ્વભાવને દૂર કરી, વાનરી રાજાની પાસે ઉભી રહી, અને નયનમાંથી અશ્રુધારા વર્ષાવવા લાગી. રાજા હૃદયમાં આશ્ચર્ય પામી ગયો. તેણે સુનામિકાને પુછયું, આ વાનરી કયાંથી ? અને રાજકુમારી કયાં છે ? સુનામિકાએ બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, તે સાંભળી રાજા શોક ધરતો બોલ્યો—વત્સે ! ચિંતા કરીશ નહીં, તારા શુભ થયેલા પતિને શોધી લાવીશ, અને તને સુખી કરીશ પછી રાજા વાનરીરૂપ સરસ્વતીને પોતાના નગરમાં લાવ્યો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને કુશસ્થળી નગરી તરફ શ્રીચંદ્રનો શોધ કરવા માટે અનેક સુભટોને તૈયાર કરવા લાગ્યો.

આ વાર્ત્તાનો પ્રચાર કુંડળપુરમાં થઇ રહ્યો, ઘેર ઘેર રાજકુમારી સરસ્વતી સંબંધી વાર્ત્તાનીજ ચર્ચા થવા લાગી. રાજકુમારીને વાનરીરૂપે રાજમહેલમાં રાખવામાં આવી. રાજા અરિમર્દન રાજકુમારીની જેમ તેની ઉપર વાત્સલ્ય ભાવ દર્શાવતો હતો. કોઈ વાર સરસ્વતી તિર્યંચ ભાવને પામી પોતાનાં કર્મને હૃદયમાં નિંદતી, પણ શ્રીચંદ્રના પુનઃ સમાગમની આશા રાખી, દિવસ નિર્ગમન કરતી હતી.

કુંડલપુરની સર્વ પ્રજા રાજકુમારીનું વાનરીરૂપ જોઇ, કર્મના પ્રભાવ ઉપર વિશ્વાસ રાખી, આત્મસાધન કરવાને વિશેષ પ્રવૃત્ત થતી હતી. આ વાર્ત્તાનો નાયક શ્રીચંદ્ર ત્યાંથી પ્રસાર થઈ કયાં ગયો ? અને તેનાં પુણ્યનો પ્રભાવ કયાં પ્રગટ થયો ? તે આપણે હવે જોઇએ.

## પ્રકરણ ૧૮ મું.

### કાષ્ટ ભક્ષણ.

સાયંકાળના સમયની તૈયારી હતી, ગગનમણિનો રથ અસ્તાચળના શિખર તરફ વળ્યો હતો, ચોવિહારના પ્રત્યાખ્યાન કરનાર ધાર્મિક જૈનો આહાર પાણી કરવાની તૈયારી કરતા હતા, જૈન ઉપાશ્રયોમાં આહાર પાણીના યોગને માટે યોજના થતી હતી, તપધારી પુરૂષો સાયંકાળના પ્રતિક્રમણની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાહ જોતા હતા, પ્રવૃત્તિ માર્ગમાં પડેલી સર્વ પ્રજા શાંતિ સુખનો સ્વાદ લેવાની તૈયારી કરતી હતી, સૂર્યનાં કિરણોએ પાથરેલી પ્રકાશિત જાજમ સકેલાતી હતી, અને નિશારૂપ મલિન દાસી અંધકારની શ્યામ રંગની જાજમ પાથરવાની તૈયારી કરતી હતી.

આ સમયે એક તરૂણ બાળા કાષ્ટ ભક્ષણ કરવાની તૈયારી કરતી હતી, કેટલાંએક તેનાં સંબંધીઓ તેને તેવા કામમાંથી અટકાવવાનો પ્રયત્ન કરતાં હતાં, કોઇનાં નેત્રમાંથી અશ્રુધારા ચાલતી હતી, કોઇ ઉંચે સ્વરે રૂદન કરી, એ ચતુર તરૂણીને પ્રાર્થના કરતું હતું. એક તરફ એક વૃક્ષની સાથે કોઇ તરૂણ પુરૂષને બાંધવામાં આવ્યો, લોકો અનેક જાતના તિરસ્કારના શબ્દોથી તેને તરછોડતા હતા, કોઇ ક્રુર દ્રષ્ઠિથી તેની સામે જોતા હતા, કોઇ તેને મહા શિક્ષા કરવાની સૂચના કરતા હતા, કોઇ હૃદયમાં દયા લાવી, તેને માફી આપવાની ભલામણ કરતા હતા, કોઇ પ્રચંડ શબ્દો ઉચ્ચારી તેને ગાળો આપતા હતા, અને કોઇ તેની ધૂર્ત્તતાને પ્રગટ કરવા તેનાં છળ કપટોનો વૃત્તાંત જણાવતા હતા,

આ વખતે આ વર્ત્તાનો નાયક શ્રીચંદ્ર પોતાના સુવેગ રથમાં બેસી તે માર્ગે પસાર થયો. તેની સાથે કુંજર સારથિ અને મદના નામે પોતાની સ્ત્રી રથમાં બેઠાં હતાં. આ સ્થળે ઉપરનો દેખાવ જોઈ તેઓ પૂર્ણ આશ્ચર્ય પામી ગયાં. તેમની



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મનોવૃત્તિમાં અનેક જાતનાં કૌતુકો થવા લાગ્યાં તે વિષેની હકીકત જાણવાની પ્રબળ જિજ્ઞાસા ઉત્પન્ન થઈ.

વાંચનારને પણ આ સ્થળે જાણવાની ઈચ્છા થઈ હશે કે, શ્રીચંદ્ર અહીં કયાંથી આવ્યો ? તેની સાથે રથમાં બેઠેલી સ્ત્રી કોણ છે ? અને આ સ્થળ શું છે ? આ સર્વ બાબતનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. કુંડલપુરના રાજા અરિમર્દનની પુત્રી સરસ્વતીને વાનરી કર્યા પછી શ્રીચંદ્ર યક્ષ મંદિરમાંથી નીકળી, રણભૂમિમાં થઇને પસાર થઇ ગયો હતો. જ્યાં કુંજર સારથિ સહિત સુવેગ રથ હતો ત્યાં આવી, તે સુવેગ રથમાં બેસી આગળ ચાલ્યો હતો. માર્ગમાં જતાં જ્યાં રાત્રિ પડે, ત્યાં વિશ્રામ કરતાં હતાં. શ્રીચંદ્ર અને કુંજર સારથિ પરસ્પર રાત્રે શયનમાં એક બીજાની રક્ષા કરતા હતા. એક વખતે જંગલમાં રાત્રિએ શ્રીચંદ્ર અને કુંજર વિશ્રાંત થયા હતા, ત્યાં મૃદંગનો ધ્વનિ તેમના સાંભળવામાં આવ્યો. મૃદંગની સાથે સારંગીનો સુંદર સ્વર થતો હતો, વચમાં આંતરે આંતરે તાલમ પણ લેવામાં આવતી હતી.

આ ધ્વનિ સાંભળતાંજ શ્રીચંદ્રના હૃદયમાં તે જાણવાનું કૌતુક ઉત્પન્ન થયું, તરતજ તે ધ્વનિને ઉદ્દેશીને આગળ ચાલ્યો, થોડે દૂર જતાં એક યક્ષનું મંદિર જોવામાં આવ્યું, મંદિરનું દ્વાર બંધ હતું; ચતુર રાજકુમાર દ્વારની આગળ ઉભો રહ્યો, તેણે કમાડના છિદ્રમાંથી જોયું, ત્યાં મદનસુંદરી જોવામાં આવી. તેણીની સાથે આઠ કન્યાઓ હતી, તેઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મદના તાલ, મૂર્છના, સ્વર, અને લયની તાલમ આપતી હતી, વળી સંગીતના જ્ઞાનની સાથે નૃત્ય કરવાના હાવભાવ તથા નિયમો શીખવતી હતી. મદનાને જોતાંજ શ્રીચંદ્ર ખુશી થઈ ગયો, પોતાની પ્રિયા મદનાને જોઇ તેના હૃદયમાં અતિશય આનંદ ઉત્પન્ન થયો. અહા! તેજ મારી પ્રિયા મદના! પૂર્વની પ્રેમ મુદ્રાથી મુદ્રિત થયેલી મદના! હવે આ મદના અને બીજી કન્યાઓ કયાં જાય છે? તે અવશ્ય જાણવું જોઇએ. આવો વિચાર કરી શ્રીચંદ્ર અદ્રશ્ય ગુટિકા લઈ તેમની પાછળ જવા તૈયાર થયો. પ્રાતઃકાળે તે કન્યા સહિત મદના ત્યાંથી નીકળી, એક પાસેના પર્વતની ગુફામાં ગઇ. શ્રીચંદ્ર પણ તેમની પાછળ ગયો. ગુફામાં મણિદીપકની જ્યોત ઝળકી રહી હતી, તેની અંદર આવેલા એક મહેલમાં પ્રવેશ કરતાં મદનાનું વામ અંગ ફરકયું, એટલે તે વખતે મદના બોલી—પ્રિય સખીઓ! આજે શુભ શુકન થાય છે. મારાં વામ અંગ ફરકે છે, જરૂર પ્રિય પતિનો મેળો થવો જોઈએ. તે વખતે તેની રત્નચૂલા નામની સખીએ કહ્યું, પ્રિય બહેન! મારાં પણ વામ અંગ ફરકે છે, મને પણ શુભ ફળ મળવું જોઈએ, જે દિવસથી તમે અહીં આવ્યાં, ત્યારથી હું આંબેલનું તપ કરૂં છું, આંબેલનું તપ કદિ પણ નિષ્ફળ થતું નથી.

આ વખતે કોઇ બીજી સખી આવી, તેણે કહ્યું, પ્રિય બહેન! તમને અને બીજી બહેનોને માતા રત્નવેગા જમવાને બોલાવે છે. તે સાંભળી મદના બોલી–બહેનો! તમે બધી જમવાને જાઓ; મને ભોજન કરવાની ઇચ્છા નથી.

P. P. Ac. Gunratansuriji M.S.                                                  Jin Gun Aaradhak Trust

આ ખબર માતા રત્નવેગાને આપ્યા, એટલે તે પોતાની જાતે આવી, અને બોલી—પુત્રી! જમવા ચાલ, શા માટે નથી આવતી? તારા વિના હું જમીશ નહીં. મદના બોલી–માતા મને ચેન પડતું નથી, તેથી હું જમવા આવીશ નહીં. રત્નવેગા બોલી—બેટા! શા માટે અફસોસ કરે છે? તારાથી હું વધારે દુ:ખી છું. વિદ્યા સાધવાને ગયેલા મારા પતિને કોઈએ મૃત્યુ પમાડ્યા છે, તેથી કરીને મારે સ્થાન ભ્રષ્ટ થવું પડયું છે. હું જાણું છું કે, તું પણ તેવીજ રીતે દુ:ખી છું, તારા દુ:ખનો છેડો થોડાજ દિવસમાં આવશે. તે વિશેની ચિંતા કરીશ નહીં. ચાલ બેઠી થા, ભોજન કરી લે. તું ભોજન કરીશ નહીં, તો બીજાં કોઇ ભોજન કરશે નહીં. તારે બીજાને અંતરાય કરવો ન જોઇએ. આવાં તેનાં વચન સાંભળી અદ્દશ્ય રહેલા શ્રીચંદ્રે વિચાર્યું કે, જંગલમાં વિદ્યા સાધતાં જે વિદ્યાધરને મેં મારી નાખ્યો, તેજ વિદ્યાધરની આ સ્ત્રી લાગે છે. તેણીની મદનાની ઉપર પ્રીતિ છે, અને તેને લઇને મારી ઉપર પણ પ્રીતિ લાગે છે. તેથી આ સ્થળે પ્રગટ થવામાં કાંઈ હરકત નથી. પછી શ્રીચંદ્ર અદશ્યરૂપે બહાર ગયો, પછી પોતાનું રૂપ પ્રગટ કરી, તે મેહેલના દ્વાર આગળ આવ્યો. પોતાના નામની મુદ્રા આપી, દ્વારપાળને અંદર મોકલ્યો. દ્વારપાળે તે મુદ્રિકા સુવેગાને આપી. તે જોતાંજ સુવેગા સામી આવી, અને પ્રેમથી પૂર્ણ થઈ શ્રીચંદ્રને મેહેલ ઉપર લઇ ગઇ. મદનાએ પણ પોતાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પતિને ઓળખી લીધો. તેણીના હૃદયમાંથી પ્રેમામૃતની ધારાઓ છુટવા લાગી. મદનાએ પોતાની સખીઓને શ્રીચંદ્ર ઓળખાવ્યો આ વધામણી રત્નવેગાની પાસે આવી, એટલે તે ઘણી ખુશી થઈ. સર્વ સુંદરીઓમાં રહેલો શ્રીચંદ્ર તારાઓમાં જેમ ચંદ્ર શોભે તેમ શોભવા લાગ્યો. રત્નવેગાની સંમતિથી મદનાની બીજી સખીઓએ શ્રીચંદ્રના કંઠમાં વરમાળા આરોપણ કરી. શ્રીચંદ્રે તેઓને પ્રેમદૃષ્ટિથી અવલોકન કરી તેમનો સ્વીકાર કર્યો. સર્વનાં હૃદય આનંદમય થઇ ગયાં. સુંદરીઓના સંપાદનથી સંતુષ્ટ થયેલા શ્રીચંદ્રે સુંદર સ્વરથી જણાવ્યું—માતા! તમારો આભાર માનું છું. મને જાણવાની ઇચ્છા થાય છે કે, તમે અહીં આવા સ્થળમાં ક્યાંથી આવી ચડયા આવા ભૂમિગૃહમાં રહેવાની શી જરૂર પડી? જો કહી શકાય તેવું હોય તો, મારા જેવા જિજ્ઞાસુની જિજ્ઞાસા તૃપ્ત કરશો. શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી વિદ્યાધરી રત્નવેગાએ નીચે પ્રમાણે પોતાનો વૃત્તાંત કહ્યો—

વૈતાઢય પર્વત ઉપર **મણિભુષણ** નામે એક નગર છે, ત્યાં રત્નચૂડ નામે વિદ્યાધર રાજા છે, અને તેને મણિચૂડ નામે યુવરાજ છે. રત્નવેગા તથા મહાવેગા નામે અમો બે તે રત્નચૂડ રાજાની સ્ત્રીઓ છીએ, તેને રત્નચૂલ અને મણિચૂલ નામે બે પુત્ર તથા ચાર પુત્રીઓ છે. અમારા ગોત્રના એક **સુગ્રીવ** નામના વિદ્યાધરે ક્રૂરતાથી અમારૂં રાજ્ય જીતી લીધું, અને અમોને બાહેર કાઢી મુકયાં, અને તે દુષ્ટે અમારા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુટુંબનું સર્વસ્વ લઇ લીધું. પછી અમો તેના ભયથી અહીં પાતાળમાં આવી રહ્યાં છીએ, પછી કેટલેક કાળે રત્નચૂડ પોતાના દેશને પાછો લેવા અટવીમાં વિદ્યા સાધવા ગયેલ, ત્યાં તેનું અચાનક મૃત્યુ થઇ ગયું, તેને કોણ મારી ગયું ? તે અમારા જાણવામાં આવ્યું નહીં. પોતાના પિતા રત્નચૂડના મરણથી દુ:ખી થયેલો, તેનો પુત્ર રત્નધ્વજ તેના શત્રુની શોધ કરવાને વનમાં ફરે છે, તે રત્નધ્વજ આ રત્નચૂલાનો મોટો ભાઈ થાય છે. એક વખતે તેના જાણવામાં આવ્યું કે, મદનાનો પતિ તેના પતિ રત્નચૂડનો મારનાર છે, તેથી તે મદનાને અહીં હરી લાવ્યો છે, ત્યારથીજ આ મદના અહીં રહે છે. એ શીળવતી અને ગુણવતી છે. પ્રતિદિન અનુરાગિણી થઈ, એ બાળા પતિનું સ્મરણ કરે છે. તેણીએ નિશ્ચય કર્યો છે કે, જે પતિ ધાર્યો છે- તેનેજ પતિ કરવો.

રાજપુત્ર! એક વખતે રત્નચૂલે કોઈ નિમિત્તિઆને પુછયું કે, મારૂં રાજ્ય મને કયારે મળશે ? અને આ આઠ કન્યાઓનો પતિ કોણ થશે ? નિમિત્તિઆએ તેને જણાવ્યું કે આઠ કન્યાઓનો એકજ પતિ થશે. તે મહા સત્વવાન્ અને પરાક્રમી પુરૂષ તારા રાજ્યને પાછું લાવશે. તમે **અપ્રતિચક્રા** વિદ્યા સાધવા જાઓ, એ વિદ્યાના પ્રભાવથી તમારી કાર્ય સિદ્ધિ સત્વર થશે. નિમિત્તિઆનાં આવાં વચન સાંભળી તે રત્નચૂલ અને મણિચૂલ બંને ભાઈ વિદ્યા સાધન કરવાને ગયા છે, તે વિદ્યા સાધતાં છ માસ થયા છે. તેઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવગિરિપર આવેલા નંદન વનમાં રહી વિદ્યા સાધન કરે છે. તેમને વિદ્યા સાધતાં ચાર માસ તો વીતી ગયા છે, હવે બે માસ બાકી રહ્યા છે. તમે આ કન્યાને વરી બે માસ સુધી અહીં રહો. તે અવધિ પૂરો થતાં તે બંને ભાઈ અહીં આવી પહોંચશે.

શ્રીચંદ્ર બોલ્યો—માતા ! મારાથી રહી શકાય તેમ નથી. મારે હજી ઘણા કાર્યો સાધવાનાં છે. અહીંથી કનકપુર જવાની મારી ઇચ્છા છે, ત્યાં અનેક કામ કરવાનાં છે. માતા ! મને સત્વર આજ્ઞા આપો. જ્યારે તમારા પુત્રો વિદ્યા સાધીને આવે, ત્યારે તેમને આ વૃત્તાંત જણાવજો, અને મને ખબર કરજો એટલે હું આવીશ હવે હું જાઉં છું સત્કર્મના યોગથી તમારાં દર્શન થયાં, તે દૂધ અને સાકર મળ્યા જેવું થયું છે.

તેનાં આવાં વચન સાંભળી માતા બોલી—મહાવીર ! જ્યારે તમે તમારાં કાર્યની ઉત્સુકતા વિશેષ જણાવો છો, ત્યારે હું તમને વિશેષ આગ્રહ કરતી નથી, તથાપિ એટલી વિનંતિ કરવાની છે કે, આ મદનાને સાથે લઈ જાઓ. હવે મદના તમારો વિયોગ સહન કરી શકે તેમ નથી. આ પાતં પ્રેમા મદનાને સાથે લઈ ખુશી કરો. શ્રીચંદ્રે તેમ કરવાને કબુલ કર્યું, એટલે મોહિત થયેલી રત્નચૂલા શ્રીચંદ્રના વસ્ત્રનો છેડો પકડી ઉભી રહી, અને મધુર સ્વરે નીચેની કવિતા બોલી–

**અમને રહેવું નહિ ઘટે, આવીશું તુમ સાથ;**
**પતિવ્રતાને પતિ સમી, અવર ન બેલી આથ. ૧**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીચંદ્ર શાંત સ્વરે બોલ્યો—તમે બધાં અધિરાં થાઓ નહીં. હું અવધિ પ્રમાણે આવીને અહીં ઉભો રહીશ. હજુ મારે અહીં ઘણું કામ કરવાનું છે. મણિચૂલ વિદ્યાધરને તેના પિતાનું રાજ્ય પાછું અપાવવું છે; અને તેના ગયેલા રાજ તેજને પાછું પ્રકાશમાન કરવું છે. તમે બધાં અલ્પ સમયમાં જ મને પાછાં મળશો, અને આજની જેમ હું પાછો તમારા પ્રેમ ભરેલા આવકારને ગ્રહણ કરીશ. આ શ્રીચંદ્રનાં વચન-પર શ્રદ્ધા રાખજો. આર્હત ધર્મનો ઉપાસક રાજપુત્ર કદિ પણ મૃષાવાદ બોલે નહીં. અધર્મ અને અસત્યના માર્ગથી દૂર રહેનાર મનુષ્યના જીવનને હું વધારે ઉપયોગી ગણું છુ, અને તેવું ઉપયોગી જીવન ધારણ કરી આ માનવ ભવને કૃતાર્થ કરવાની ઉત્તમ ધારણા આ મુસાફરના હૃદયમાં હમેશાં રહ્યા કરે છે, તેથી મારા વચન ઉપર વિશ્વાસ રાખજો.

શ્રીચંદ્રનાં આવાં અસરકારક વચન સાંભળી વિદ્યાધરીએ તેને જવાની આજ્ઞા આપી. તરતજ મદનાને લઈને રાજપુત્ર ત્યાંથી ચાળી નીકળ્યો. તેની બીજી પ્રિયાઓ આતુર હૃદયે તેના સામું જોઇ રહી, અને નયનમાંથી અશ્રુધારા વર્ષાવતી મદનાને કૃતાર્થ માનવા લાગી. શ્રીચંદ્ર કનકપુરને ઉદ્દેશીને આગળ ચાલ્યો.

વાંચનાર! હવે તમારા હૃદયમાં સંતોષ થયો હશે. આપણી વાર્ત્તાનો નાયક ત્યાંથી જુદો પડી આ સ્થળે આવી ચડયો છે, તે સુવેગ રથમાં પ્રિયાની સાથે બેઠો છે, આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થળ રૂદ્રપુરીનું ઉદ્યાન છે, તે કનકપુરના માર્ગમાં આવે છે. ત્યાં એક તરૂણ સ્ત્રી અગ્નિની ચિતા ખડકી કાષ્ટ ભક્ષણ કરવાને તૈયાર થઈ છે, અને પડખેના વૃક્ષની સાથે એક તરૂણ પુરૂષને બાંધેલા છે.

આ દેખાવ જોઈ દયાળુ શ્રીચંદ્રે એક વનપાળને પુછયું—ભદ્ર! આ શું છે? અહીં આ લોકો શું કરવા એકઠા થયેલા છે? વનપાળ નમ્રતાથી બોલ્યો—મહાશય! આ રૂદ્રપલ્લી નગરીનું ઉદ્યાન છે. આ નગરીના રાજાનું નામ **વજ્રસિંહ** છે, તેને **ક્ષેમવતી** નામે રાણી છે, તેને **હંસાવળી** નામે એક સુંદર રાજકુમારી છે, આટલી વાત વનપાળે કહી, ત્યાં વજ્રસિંહ રાજાનો મંત્રી હરિબંધુ શ્રીચંદ્રની પાસે આવ્યો. રાજા વજ્રસિંહે શ્રીચંદ્રનો અદ્ભુત રથ જોઈ, તેને તેડવાને તેને મોકલ્યો હતો. તેના કહેવાથી શ્રીચંદ્ર ત્યાં ગયો, તે વખતે એક બંદી નીચેની કવિતા બોલ્યોઃ—

શ્રીગિરિ પર્વત કૂટ પંચ છે અતિહિ ઉતંગા,
ગિરિસુરિ વિજયા નામ પ્રથમ છે શિખર સુચંગા.
સદા ફળ સહકાર સાર છે તેની પાસે,
અગ્નિ કોણે અગ્નિ કુંડ કનકની ખાણ વિભાસે,
મધ્ય કૂટે જિનગેહ કૂટ દુગ કેલીનું ઠામ છે,
ભિલ્લરાય રક્ષક કર્યો તે શ્રીચંદ્ર મનમાં રૂચે. ૧
વળી શ્રીપર્વત શૃંગ ચંદ્રપુર પટ્ટણ વાસ્યું,
વિજયદેવી આણંદ જેહ સુહઠાણ વિલાસ્યું,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુર મધ્યે એક ચૈત્ય પ્રથમ જિનનું મણિ કેરૂં,
ચોબારૂં અતિચારૂં જોયતાં જાણે મેરૂ,
ધર્મ કર્મ કરતાં ઘણા જન્મારો સફલો કરે,
તે શ્રીચંદ્ર નરિંદજી કીર્તિ જગમાં વિસ્તરે. ૨

બંદીના મુખથી ઉપરની કવિતા સાંભળી વજ્રસિંહ રાજાએ શ્રીચંદ્રને ઓળખી લીધો. તત્કાળ રાજા પુત્રીને સાથે લઈ તેની સામો આવ્યો, રાજકુમારને લઈ તે પોતાને સ્થાને આવ્યો, અને તેને યોગ્ય સ્થાને બેસાર્યો. રાજકુમારે યોગ્ય સ્થાને બેસી રાજા વજ્રસિંહને કહ્યું, રાજેંદ્ર! આ શું છે? રાજપુત્રીને આવી દુઃસ્થિતિમાં કેમ આવવું પડયું છે? આ યુવાન પુરૂષને વૃક્ષની સાથે કેમ બાંધ્યો છે? વજ્રસિંહ વિનયપૂર્વક બોલ્યો, રાજપુત્ર! આ વૃત્તાંત જાણવા જેવો છે, એક ચિત્તે સાંભળો. નવલખ દેશનો **કનકસેન** નામે રાજા છે, તેને કનકાવલી નામે પુત્રી છે, તે આ મારી પુત્રી હંસાવળીની સખી છે, તે કનકાવલી પૂર્વે તમને વરેલી છે. પોતાની સખીના સહવાસની ઇચ્છાથી તેમજ તમારા સદ્‌ગુણો સાંભળવાથી હંસાવળીએ સર્વની સમક્ષ એવો નિશ્ચય કર્યો કે, જે પતિને કનકાવલી વરેલ છે, તેજ મારા પતિ થાઓ. મન વચન અને કાયાથી હું તેમનેજ વરી ચુકી છું. રાજકુમારીનો આવો દ્રઢ નિશ્ચય જાણી, તમારી શોધ કરવાને મારા **વિશ્રુત** નામના એક મંત્રિને મેં મોકલ્યો હતો. મંત્રિ વિશ્રુતને માર્ગમાં લક્ષ્મણ મંત્રિ મળ્યો, તેણે જણાવ્યું કે, શ્રીચંદ્ર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમાર વિદેશમાં છે. આ ખબર વિશ્રુતે આવી મને કહ્યા, અને તે રાજકુમારીના જાણવામાં પણ આવ્યા. તેથી તે ઘણી દુ:ખિણી થઈ ગઇ; હમેશાં તમારા નામનુંજ સ્મરણ કરતી, અને મન, વચન, કાયાથી તમારૂંજ રટણ કરતી એ બાળા ત્યારથી દિવસ નિર્ગમન કરવા લાગી.

આ અરસામાં કુંડલપુર રાજાનો કુમાર ચંદ્રસેન, રાજકુમારી હંસાવળીનો પૂર્ણ રાગી થયેલ, તે પ્રતિદિન હંસાવળી મેળવવાનો પ્રયત્ન કરતો હતો. ચંદ્રસેન કપટ વિદ્યાનો કુંભ હતો, કોઈ પણ છળ કપટ કરી, તે હંસાવળીને મેળવવાનો લાગ જોતો હતો. એ કુમતિ કુમાર તમારા ખબર જાણી, એક સેવક લઇને રાત્રે કનકપુરમાં આવ્યો. તેણે તમારા જેવો વેષ પહેરી **શ્રીચંદ્ર** નામ ધારણ કર્યું. ઘણા દિવસ સુધી તે છાની રીતે કનકપુરમાં રહ્યો; તમારી જેમ તે લોકોમાં દાનગુણ પ્રગટ કરી ઘણી પ્રશંસા પામ્યો તેના કપટને કોઇ પણ જાણી શકયું નહીં, હું પોતે પણ પતંગની જેમ તેના કપટાગ્નિમાં હોમાઈ ગયો. ચંદ્રસેનને શ્રીચંદ્ર ધારી રાજકુમારી હંસાવળી પણ લોભાણી, અને ગુપ્ત રીતે તેને વરવાનો પ્રયત્ન કરવા લાગી. રાજકુમારીની પવિત્ર પ્રીતિ જાણી મેં તેણીનો ચંદ્રસેનની સાથે વિવાહ કર્યો. આખરે ચંદ્રસેને તમારા નામથી મોટી ફતેહ મેળવી.

આ અરસામાં કોઇ વણિક ગૃહસ્થ કનકપુરમાં આવી ચડ્યો, તેણે આવી ચંદ્રસેનની વાત ઉઘાડી પાડી. તે વાતની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાત્રી થતાં મને ઘણો ક્રોધ ચડ્યો, તત્કાળ તેને શિક્ષા કરવાને પકડયો, અને આ વૃક્ષની સાથે બાંધી મારવા લીધો. મારના ભયથી તેણે કબુલ કર્યું કે, “ હું કુંડલપુરપતિનો પુત્ર ચંદ્રસેન છું, મેં કબુદ્ધિથી આ છળ કપટનું કામ કર્યું છે, મને ક્ષમા કરો, પુનઃ આવું વિપરીત કાર્ય કદિ પણ કરીશ નહીં. ” આ ખબર રાજકુમારી હંસાવળીને પડી, એટલે તેણીના હૃદયમાં ઘણોજ ખેદ થયો. પોતાના જીવનની નઠારી સ્થિતિ થયેલી જોઇ, તેનુ હૃદય શોકાનળથી અતિશે દગ્ધ થવા લાગ્યું. આ સમયે અમારો મોકલેલો અંગદ ભાટ આવ્યો, તેણે આવીને તમારા ગુણ સંભળાવ્યા, તે સાંભળતાંજ રાજકુમારી મૂર્છિત થઇ ગઈ. ક્ષણવાર પછી તેણીએ વિચાર્યું કે, આ શરીર જેને ત્રિકરણ શુદ્ધિએ અર્પણ કરવામાં આવેલ, તે મહાવીર મને વર્યો નહીં; છળ કપટથી બીજા પુરૂષે મારા જીવનને કલંકિત કર્યું. હવે આ મલિન જીવન ધારણ કરીને શું કરવું છે ? ક્ષાત્રસુતા કલંકિત થઈ જીવે, એ સર્વ રીતે અનુચિત છે, તેથી આ શરીર મરણને શરણ કરવું યોગ્ય છે. આવો વિચાર કરી રાજકુમારી હંસાવળી આ કાષ્ટ ભક્ષણ કરી મરવાને તૈયાર થઇ છે. અમોએ ઘણું કહ્યું, ઘણુ સમજાવ્યું, અને ઘણું પ્રબોધ્યું, પણ એ રાજબાળા પોતાનો વિચાર ફેરવતી નથી, તેના સંબંધને લઇને, અને તેના પ્રેમને લઇને અમો બધા અપાર ખેદ કરીએ છીએ. રાજવીર ! આ વખતે કર્મની અનુકૂળતાથી તમે આવી ચડ્યા છો, તેથી હવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમારા હૃદયમાં સારી આશા ઉદય પામે છે. પ્રથમથીજ તમે તેના હૃદયંગમ છો, તેણીના મુગ્ધ હૃદયમાં તમારી પ્રેમ મૂર્ત્તિનું પ્રતિબિંબ પડેલું છે, તેથી તમારી વાણી ઉપર તે પ્રતીતિ ધારણ કરશે. તમારા પવિત્ર હૃદયના બળથી, તેણીનું હૃદય સાધ્ય થઈ શકશે, તેથી હે મહાશય ! કૃપા કરી તમે આ બાળાને સમજાવો. આત્મઘાતના મહા પાપમાંથી એ અબળાનો ઉદ્ધાર કરો, તેમજ આ પાપી અને કપટી પુરૂષ કે જે આ નિર્દોષ બાળાના આત્મઘાતનું કારણ થઈ પડયો છે, તેને અમારે શી શિક્ષા કરવી ? તે પણ બતાવો. આપ મહાશય ન્યાય તત્વોની સૂક્ષ્મતા જાણી શકો છો, આપની ન્યાય બુદ્ધિમાં ન્યાયની બારીકીનું મહાજ્ઞાન રહેલું છે, એ જ્ઞાનના પ્રભાવથી આપની ન્યાયવૃત્તિ જગતમાં પ્રશંસનીય થયેલી છે આ દુષ્ટ પુરૂષે એક નિર્દોષ રાજકન્યા ઉપર જુલમ ગુજાર્યો છે, તેની વિશ્વાસઘાતિની છળતા જોઈ અતિશે ક્રોધ ઉત્પન્ન થાય છે. તેણે કરેલું આ સાહસ ઘણું પ્રચંડ છે. આવા સાહસથી તેણે પોતાની ધારણા થોડે અંશે સફળ કરી, પણ આખરે તેનું અનિષ્ટ ફળ ભોગવવાનો વખત આવ્યો છે. સહસા કાર્ય કરવાથી શું થાય છે ? તે વિષે એક નીચેનું સંસ્કૃત પદ્ય મને યાદ આવે છેઃ—

**सहसा विदधी त न क्रिया—मविवेकः परमा पदां पदम् ।**
**वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वमेव संपदः ॥ १ ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"સહસા કામ કરવું નહીં, સહસાકામે કરવાનો અવિવેક મોટી આપત્તિનું સ્થાન છે. ગુણલુબ્ધ એવી સંપત્તિઓ વિચારીને કાર્ય કરનાર પુરૂષને પોતાની મેળેજ વરે છે."

રાજા વજસિંહનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર વિચારમાં પડ્યો, તેની મનોવૃત્તિમાં અતિ આશ્ચર્ય ઉત્પન્ન થયું. રાજકુમારી હંસાવળીનો આત્મઘાત ન થવા દેવો, એવો તેણે હૃદયમાં નિશ્ચય કર્યો. આ બાળાનો આત્મઘાત પોતાને ઉદ્દેશીને છે, એવું ધારી તેણે રાજકુમારીનો વિચાર ફેરવવાને માટે હૃદયમાં અનેક યોજનાઓ રચવા માંડી. પ્રથમ તેણે રાજા વજસિંહને સાંત્વન કરવા નીચે પ્રમાણે કહ્યું—

મહારાજ ! આ વૃત્તાંત સાંભળી મને હૃદયમાં ખેદ, અને આશ્ચર્ય બંને ઉત્પન્ન થાય છે. આ વિષે તમારે કાંઈ પણ અફસોસ કરવો નહીં. આ જગતમાં કર્મની ગતિ વિચિત્ર છે. જીવને અનાદિ કાળથી કર્મની સાથે સંબંધ છે, તે સંબંધ પ્રત્યેક સમયે નવા નવા સ્વરૂપને ધારણ કરે છે. કોઈ ઠેકાણે જીવ બળવાન્ હોય છે; અને કોઈ ઠેકાણે કર્મ બળવાન્ હોય છે; જેને માટે નીચેની ગાથા જૈન, આગમમાં ગવાય છે—

**कत्तवि जीवो वलियो, कत्तवि कम्माइ हुंत्ति बलियाइं ।**
**जीवस्सय कम्मस्स य, पुव्व निवद्धाइ वइराइं ॥ १ ॥**

" કોઈવાર જીવ બળવાન્ હોય છે, અને કોઈવાર કર્મ બળવાન્ હોય છે. જીવને, અને કર્મને પૂર્વનો સંબંધ છે."

આ પ્રમાણે કર્મનું સ્વરૂપ જાણીને તમારે હૃદયમાં ખેદ રાખવો નહીં. આ અજ્ઞ રાજકુમારે મોહાંધ થઇને આ કાર્ય કરેલું છે. તે મૂઢ કર્માવળીના ભ્રમથી ભુલાઈ ગયો છે, તેમાં તેનો દોષ નથી. પ્રચંડ કર્મરૂપ પવને તેને ઉછાળીને આ દુઃખના ગર્ત્તમાં નાખ્યો છે, તે બિચારો પામર આ વખતે તમારાથી કૃત્રિમ બંધનો ભોક્તા થઈ પડ્યો છે, પણ હજુ પરલોકનો બંધ તેને હવે ભોગવવાનો છે. રાજન્! કર્મના સ્વરૂપને જાણી, અને દયા ધર્મના અંકુરને પ્રગટ કરી આ પામરને છોડી મુકો.

શ્રીચંદ્રનાં આવાં વચનથી વજસિંહે તે ચંદ્રસેનને છોડી મુકયો. પછી વિદ્વાન શ્રીચંદ્રે રાજકુમારી હંસાવળીને પ્રતિબોધ આપવા માંડયો—રાજપુત્રી! તમે સુજ્ઞ છો. કર્મના સૂક્ષ્મ સ્વરૂપને ઓળખી, આવું સાહસ કેમ કરો છો? આ ચિંતા મણિ રત્ન સમાન માનવ જન્મ ફરી ફરીને મળી શકતો નથી. એ દુર્લભ જન્મનો નાશ કરવો, એ પોતાની મેળે વહોરી લીધેલ મહા પાપ છે. ભદ્રે! તમે રાજશ્રાવિકા છો, દીર્ઘ વિચાર કરો. આત્મહત્યાના મહા પાપને સ્વયમેવ અંગીકાર કરો નહિ. આત્મઘાત કરનારા પ્રાણીઓની ગતિ કેવી નઠારી થાય છે? તેનું શાસ્ત્રીય વિચારથી મનન કરો. રાજપુત્રી! ક્ષત્રિય કુમારી એકજ પતિની નારી થાય છે; મનમાં ધારેલો પતિ મેળવતાં કદિ છેતરાય, તોપણ સતી પોતાના વિચાર ફેરવતી નથી. કર્મ યોગે જેવો ભર્ત્તા મળે,

તેથી સંતોષ માની તે મહાશયા સતીવ્રતને આચરે છે. પૂર્વ કર્મના યોગથી જે પતિ પ્રાપ્ત થાય, તેને ઇષ્ટદેવની સમાન ગણનારી સુંદરીઓની જગત્માં સારી કીર્ત્તિ કહેવાય છે. જેને માટે દેશી ભાષામાં નીચેની કવિતા ગવાય છેઃ—

પાણિગ્રહણે જે આદરિયો,
તેજ ભર્ત્તા નારીએ વરિઓ;
એક વાર ચડે કાષ્ટ હાંડી,
પછી ચઢે તો થાયે ભાંડી. ૧

આ કવિતાના મર્મનો વિચાર કરી બરાબર મનન કરો. તમે જેને વર્યાં છે, તે પણ રાજપુત્ર છે. કદિ નીચ જાતિના પુરૂષે છેતરીને તેવું કામ કર્યું હોય તો તે વિચારવાનું; પણ આ કામ કરનાર એક પ્રતિષ્ટિત રાજ્યનો કુમાર છે. તેની સાથે તમારો વિધિથી વિવાહ થયો છે. તમારા પિતાએ તેને સર્વની સમક્ષ તમારૂં દાન કર્યું છે. આપેલું દાન હવે પાછું લેવું, તે સર્વ રીતે અનુચિત છે. જેને માટે લૌકિક સાહિત્યમાં નીચેનું પદ્ય કહેવાય છેઃ—

" सकृज्जल्पंति राजानः सकृज्जल्पंति साधवः
सकृत्कन्याः प्रदीयंते त्रीण्येतानि सकृत् सकृत् ॥ १ ॥ "

"રાજાઓ એકજ વાર બોલે છે, સજ્જન પુરૂષો એકજવાર કહે છે, અને કન્યા પણ એકવારજ અપાય છે, આ ત્રણ વાનાં એકુવારજ થાય છે." ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજપુત્રી ! આ બધો વિચાર કરી. તમે આત્મઘાતનાં મહા પાપમાંથી વિરામ પામો. કાષ્ટ ભક્ષણની ક્રિયા જૈન શાસ્ત્રની વિરૂદ્ધ છે. તમારા જેવી રાજશ્રાવિકા થઈ જ્યારે આવું શાસ્ત્ર વિરૂદ્ધ આચરણ કરે, તોપછી બીજાઓ કરે તેમને શું કેહેવું ? જો કોઈ પણ બાબત અસાધ્ય, લોકનિંદિત, અને ઘણીજ વિપરીત હોય, તો આત્મઘાત કરવો, તે અયોગ્ય છતાં કાંઈક યોગ્ય ગણાય, પણ આ તમારો આત્મઘાત એક સાહસ છે, તેની અંદર કાંઈ લોક નિંદિત કે વિપરીત બાબત જોવામાં આવતી નથી. જે રાજપુત્રે તમને છેતર્યા છે, તે પણ લગ્નના વિધિથીજ છેતરીને દુર રહ્યો છે, તેણે હજુ કોઈ જાતના ભોગનો પ્રસંગ તમારી સાથે લીધો નથી, તે છતાં આવું સાહસ શા માટે કરો છો ? આવાં વિપરીત કર્મથી વિરામ પામો. ઉત્તમ કુળની કન્યાઓ આત્મઘાતના કર્મને નિંદે છે.

શ્રીચંદ્રકુમારનાં આવાં વચન સાંભળી હંસાવળી પોતાનું સત્ય પ્રગટ કરવાને અને પોતે કરેલાં કર્મને પ્રશંસવાને મધુર સ્વરે વિનયથી બોલી—રાજકુમાર ! તમે કહ્યું તે સત્ય છે, પણ તેની અંદર કેટલાએક અપવાદ છે, તે ધ્યાન આપીને સાંભળો. કુળવતી કન્યા જે પતિને વરે તેજ પતિ પ્રમાણ છે, પણ તે મનથી વરેલો હોવો જોઇએ. મનથી વરેલો પતિજ પ્રમાણભૂત છે. કાયાથી વરેલો પતિ પ્રમાણભૂત ગણાતો નથી. ગીત અને નૃત્યમાં જેનું નામ ગાએલું છે, અને જેની



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સત્કીર્ત્તિ ભારત મંડળના સર્વ ભાગમાં પ્રસરેલી છે, તેવા વીર પુરૂષને માનસિક ભાવનાએ વર્યા પછી છળ કપટનાં પ્રભાવે તેજ ભાવનાએ બીજાને વરવામાં આવે, અને તે જો ખુલ્લું થાય, તો પછી કાયિક સંબંધવાળા પતિને કેમ ભજાય ? વળી શાસ્ત્રને અનુસારે કરવામાં આવેલાં પાણિગ્રહણમાં જે પતિની સાથે સર્વની સમક્ષ કપટપણે કાયિક સંબંધ થયો હોય, તેવી લોક મર્યાદાને કેવી રીતે છોડાય ? આ ઉભય રીતે અસાધ્ય ઉપાધી આવે, તો પછી કુલીન કન્યાને કાષ્ટ ભક્ષણ શિવાય બીજું શું શરણ છે ? તમે જો આ કાષ્ટ ભક્ષણથી મને બચાવવાને ધારતા હો તો, તમારાથી બચાવી શકાય તેમ છે. મન વચનથી પ્રથમ વરેલા એવા તમે જો એમ ધારો કે, જે બાળા મને શુદ્ધ હૃદયથી વરી ચુકી છે, તેને છળ કપટ કરી વરીને બીજો કોણ લઈ જનાર છે ? સિંહના ભાગને શિયાળ કેમ લઈ જશે ? આ પ્રમાણે જો આપ અભિમાનપણાથી મારી ઉપર મમત્વ રાખો; તો પછી મારે લોક મર્યાદાની જરૂર નથી. મેં મણિની ભ્રાંતિથા કાચ લીધો પણ જ્યારે તે મણિને બદલે કાચ નીકળ્યો, અને તેની ખાત્રી થઇ, તો પછી તે કાચને શા માટે લેવો ? રાજકુમાર ! હું જે છેતરાઈ છું, તે તમારા નામથીજ છેતરાઈ છું. તમારા નામથી અને વેષથી મારા હૃદયમાં ભ્રાંતિ થઇ, અને તે ભ્રાંતિને યોગે હું વિલોમ કર્મમાં હોમાઇ ગઇ છું. મારો ઉદ્ધાર તમારેજ કરવાનો છે. જો મારો ઉદ્ધાર નહિ થાય, અને મારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાષ્ટ ભક્ષણ કરવું પડે તો, તેથી તમારી લાજ જવાની છે, તેમાં મારે કાંઇ નથી. રાજપુત્ર! વળી આમાં એકલી લોક રૂઢી જોવાની નથી, પણ શાસ્ત્રની રૂઢી જોવાની છે. શાસ્ત્રમાં લખે છે કે, જે કામ મનથી થાય, તેજ ખરેખરૂં કામ ગણાય છે. વચન તથા કાયાથી કરવામાં આવેલું કામ નિરર્થક ગણાય છે.

કહેવાય છે કે—

"બંધ મોક્ષનો હેતુ છે, માનવને મન એવ,
આલિંગને સમાન છે, બહેન ને સ્ત્રી સ્વયમેવ. ૧

હે રાજપુત્ર! એથી કરીને સિદ્ધ થાય છે કે, મનવડે કરેલી ક્રિયા બળવાન્ ગણાય છે, માટે હું પ્રથમથીજ મનવડે તમને વરી હતી. જે પુરૂષ મને છળ કપટ કરી વર્યો, તે માત્ર કાયાથીજ. તેમાં પણ તમારોજ ભ્રમ હતો. તો મારો તે પુરૂષની સાથેનો વિવાહ કેમ વ્યર્થ ન ગણાય?

**શ્રીચંદ્ર બોલ્યો:**—રાજકુમારી! તમારાં વચનથી જોઇએ તેટલો પ્રકાશ પડતો નથી કદિ કોઇ બીજી વસ્તુનો પરાવર્ત્ત થઈ શકે, પણ વિવાહિત પુરૂષનો પરાવર્ત્ત કદિ પણ થઈ શકતો નથી. કદિ લવણને સાકરની ભ્રાંતિથી દુધમાં નાખી દીધું, અને તે દુધની સાથે એક થઈ ગયું, તો પછી તેને દુધથી જુદું કરી શકાતું નથી. તેને માટે એક નીચેની કહેવત છે:—

P. P. Ac. Gunratansuriji M.S.                                    Jin Gun Aaradhak Trust

માઢા પ્રાણીને ભ્રમે, કણિકા ખારે નીર,
મેલી પણ મીઠી ન હોય, તેમ વિવાહિત વીર. ૧
કર મેળાપક જેહનો, થયો ભ્રાંતે અથ જાણ.
તે તેહનો ભરતાર થયો, અપરને પરસ્ત્રી વાણ. ૨

આ કહેવતનો અર્થ બરાબર સમજશો તો, તમને નિશ્ચય થશે કે, મને જે પુરૂષ વર્યો છે, તેજ મારો ખરો ભર્ત્તા છે. રાજપુત્રી! હવે બીજો વિચાર કરો તે અનુચિત છે. તમે જ્યારે અન્ય પુરૂષની સાથે વિધિથી વિવાહિત થયાં, તો પછી તમને મારાથી કેમ પરણી શકાય? તમે મારે પરસ્ત્રી છો, તમે બીજાનાં છો. લગ્નના કાયદાથી તમે બીજાની સાથે બંધાયાં છો.

શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી હંસાવળીને ઘણું માઠું લાગ્યું, પોતાના નિશ્ચયનો ભંગ કરવાનાં વચનો સાંભળી તે વધારે ઉશ્કેરાઈ ગઈ, પછી વિશેષ વચનો ન બોલતાં રાજકુમારી ટુંકામાં સર્વ સમક્ષ નીચેની ગાથા ઉંચે સ્વરે બોલી—

એમ સુણી કન્યા કહે, વીર સુણો મુજ વાત,
મન વાચાએ તુમ વર્યા, અવર સર્વ નર તાત. ૧
પરણી એણે છળ કરી, પણ મુખે ન કહું એ કંત;
સતી અથવા અસતિય છું, તે જાણે ભગવંત. ૨

આ ગાથા બોલ્યા પછી રાજકુમારીએ અંજલિ જોડી કહ્યું, રાજપુત્ર! કદિ તમે મારા નિશ્ચયને માન્ય કરશો નહિ. અને મને પરસ્ત્રી જાણી મારો અંગીકાર કરશો નહિ, તો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મ્હવે મારે બીજું કોઈ શરણ નથી. મારે એનુંજ શરણ લેવાનું છે. એક તો આ અગ્નિની ચિતા અને બીજું અનશન તપ.

હંસાવળીનાં આવાં નિશ્ચિત વચનો સાંભળી શ્રીચંદ્રકુમારના હૃદયમાં અસર થઇ ગઇ, તેના હૃદયમાં ખાત્રી થઇ કે, આ બાળા ખરેખર મારી ઉપર પ્રેમવતી છે, તેમજ શીલ ગુણથી સુશોભિત છે. આવી શીળવતી શ્રાવિકાઓથીજ જૈન ધર્મ ચરિતાર્થ છે. આવી સ્ત્રીરૂપ અલંકારો સંસારને સંપૂર્ણ રીતે શોભાવે છે. આવું વિચારી હંસાવળીના શીળની દ્રઢતા જોઇ, પ્રસન્ન થયેલા શ્રીચંદ્રે નીચે પ્રમાણે વજસિંહ રાજાને કહ્યું—

રાજેંદ્ર! આ કપટી રાજકુમાર સર્વ રીતે નિગ્રહ કરવા યોગ્ય છે, તથાપિ મોહના સ્વરૂપ તરફ દ્રષ્ટિ કરી એ કુમાર સારી રીતે દયાપાત્ર છે. મહારાજા! આ જગતમાં સ્ત્રી એક મોહરાજાની રાજધાની છે. અનેક પ્રાણીઓને એ મોહરાજાએ વિષયમાં રોળવી દીધા છે, તેની આગળ રાજા અને રંક બંને સરખા છે. દ્રવ્ય, જીવિત, ભોગ, ભોજન, અને પાનમાં સઘળાં પ્રાણી તૃષાતુર છે. એ તૃષ્ણામાંજ કૈક ચાલ્યા ગયા, કૈક ચાલ્યા જશે, અને કૈક ચાલ્યા જાય છે. એ તૃષ્ણાના વેગમાં તણાએલાં પ્રાણી ચાર ગતિરૂપ ખાણમાં ભમ્યા કરે છે, ત્યાં તેમને કામદેવરૂપ પિશાચ છળે છે. સ્ત્રીના ઉદરની ત્રિવળી ઉપર મોહીત કરી તેમને નીચે પાડે છે. ત્યાં આવેલા પુષ્ટ સ્તનરૂપ ચોતરા ઉપર તેમને તે અથડાવે છે, અને ત્યાં રહી, તેઓ તરૂણીના ચપળ નેત્રને નીરખી સ્તંભિત થઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાય છે. આવાજ ભાવાર્થને સૂચવનારી નીચેની સંસ્કૃત કવિતાને સાહિત્યના ઉપાસકો નિત્યે સ્મરણ કરે છેઃ—

धनेषु जीवितव्येषु स्त्रीषु चाहारकर्मसु ।
अतृप्ताः प्राणिनः सर्वे याता यास्यंति यांति च ॥ १ ॥
मध्यत्रिवलि त्रिपथी पीवरकुचचत्वरे च चपल दशाम् ।
छलयति मदनपिशाच पुरूषस्यमनोऽपि च स्खलितं ॥ २ ॥

રાજેંદ્ર! આ જગતમાં ત્રણ પ્રકારની મદિરા કહેવાય છે. પિષ્ટની, મધુની, અને ગોળની, એ ત્રણ પ્રકારની મદિરા ઉપરાંત ચોથી મદિરા કામિની છે. એ મદિરાનો નીસ્સો બીજી બધી મદિરાથી વિલક્ષણ છે. એ મદિરાથી આ જગત્ મોહિત થઇ ગયું છે. બીજી મદિરા પીવાથી મદ કરે છે, અને આ મદિરા તો જોવાથીજ મદ કરે છે. રાજેંદ્ર! સ્ત્રીઓના પ્રસંગમાં ચાર માર્ગ છે, તે ચતુઃપથ કહેવાય છે, તેઓ સંકટ માર્ગ, વિષમ માર્ગ માહા માર્ગ—અને સમ માર્ગ એવાં નામથી ઓળખાય છે. એ ચાર માર્ગ ખરેખર ઉલ્લઘંન કરવા યોગ્ય છે. જ્યાં સુધી એ માર્ગનું ઉલ્લંઘન ન થાય, ત્યાં સુધી મોક્ષનો માર્ગ મળી શકતો નથી. મોક્ષ માર્ગે જવામાં એ માર્ગ સારી રીતે વિઘ્નકારક થઇ પડે છે. એ ચાર માર્ગનું સ્વરૂપ આ પ્રમાણે છે—પરસ્ત્રી એ સંકટનો માર્ગ છે, વિધવા સ્ત્રી એ વિષમ માર્ગ છે, વેશ્યા એ મહા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માર્ગ છે, અને પોતાની સ્ત્રી એ સમ માર્ગ છે. એ ચાર માર્ગમાં બીજા માર્ગોનો ત્યાગ કરી પ્રાણીએ સમ માર્ગે ચાલવું જોઇએ. સમ માર્ગ શિવાયના બીજા માર્ગે ચાલનારાં પ્રાણીનું શીળરત્ન હરાઇ જાય છે. બધા કર્મમાં મોહિની કર્મ જીતવું અતિ દુષ્કર છે, વ્રતોમાં બ્રહ્મચર્ય રાખવું મુશ્કેલ છે, અને ત્રણ ગુપ્તિમાં મનોગુપ્તિ કરવી મુશ્કેલ છે. રાજેંદ્ર ! જેઓ પુષ્પ, ફળ, રસ, મદિરા, માંસ, અને સ્ત્રીઓમાંથી વિરત થયા છે, તે પુરૂષો ખરેખર દુષ્કરકારક છે, અને વંદવા યોગ્ય છે. તેને માટે તેવાજ ભાવાર્થની ગાથા નીચે પ્રમાણે કહેવામાં આવે છે—

पुप्फफलाणं च रसं सुराइंसाण महिलियाणंच ।
जाणंता जे विरया ते दुक्करकारयं वंदे ॥ १ ॥

રાજેંદ્ર ! વળી પ્રાણીને બોધીરત્ન મેળવવું અત્યંત મુશ્કેલ છે. એ મહા રત્નને માટે ઘણાઓ શ્રાંત થઇ ભમ્યા કરે છે, તથાપિ એ રત્નનો મહા પ્રસાદ તેમને પ્રાપ્ત થયો નથી, દેવતાના વિમાનમાં વાસ મેળવવો સહેલો છે, અને પૃથ્વીનું એક છત્ર રાજ્ય પ્રાપ્ત કરવું, તે સહેલું છે, પણ બોધિરત્ન મેળવવું ઘણુંજ મુશ્કેલ છે, તેને માટે તેવાજ ભાવાર્થવાળી નીચેની ગાથાને જિનાગમ ઉંચે સ્વરે પોકારી જણાવે છે:—

सुलहो बिमाणवासो एगच्छत्ता वि मेइणी सुलहा ।
दुलहा पुण जीवाणं जिणंदावरसासणे बोही ॥ १ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજેંદ્ર ! આવાં બોધિ રત્નને માટે પ્રત્યેક મનુષ્યે પ્રયત્ન કરવો જોઇએ જ્યાં સુધી બોધિરત્ન પ્રાપ્ત થાય નહીં, ત્યાં સુધી માનવ ભવ કૃતાર્થ થતો નથી. જેણે મન, વચન અને કાયાથી બોધિરત્ન મેળવ્યું છે, અને તે મેળવીને આત્મ સાધનનો મહાન્ ઉદ્યોગ કર્યો છે, તેજ પુરૂષનું જીવન કૃતાર્થ છે, તેવા પુરૂષથી આ રત્નગર્ભા પૃથ્વી અલંકૃત છે. જેના હૃદયરૂપ મુગટમાં બોધિરત્નનો ચળકાટ પડે છે, તેના હૃદયનું અજ્ઞાનરૂપ અંધકાર તુરત નાશ પામી જાય છે. જ્યારે અજ્ઞાન અંધકાર નાશ પામે, એટલે તેનામાં જ્ઞાનની મહા જ્યોત પ્રગટે છે.

આ પ્રમાણે શ્રીચંદ્રનાં બોધ વચન સાંભળી સર્વ સમાજ ખુશી થઇ ગયો. રાજા વજસિંહ, મંત્રી વિગેરે બધા હૃદયમાં ચમત્કાર પામી ગયા. સર્વે શ્રીચંદ્રના ડહાપણની પ્રશંસા કરવા લાગ્યા, તે વખતે બંધમાંથી મુક્ત કરાવેલો કુમાર ચંદ્રસેન ઉભો થયો, અને શ્રીચંદ્રના ચરણમાં નમી આ પ્રમાણે બોલ્યો—ઉપકારી મહાશય ! આપે મારી ઉપર અપાર ઉપકાર કર્યો છે, મને ખરેખરૂં જીવિત દાન આપ્યું છે, એટલુંજ નહીં, પણ મારા આત્માનું શ્રેય થાય, તેવો બોધ આપી મારા જીવનને કૃતાર્થ કર્યું છે. આપનાં બોધિ વચનોએ મારા હૃદય ઉપર એટલી બધી અસર કરી છે કે, જેથી હું મારા આત્મસ્વરૂપને ઓળખી શક્યો છું. પાપના સંકષ્ટ ભરેલા માર્ગમાં હું કદિ પણ પ્રયાણ કરીશ નહીં. જેનાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હું બંધનની અધમ દશાને પ્રાપ્ત થયો હતો, તેવા મોહનું સ્વરૂપ આપે મને સંક્ષેપમાં દર્શાવી આપ્યું છે. જગત મોહિની મહિલાઓનો મોહ કેવો ખરાબ છે? અને મોહરૂપ મદિરાથી મત્ત થયેલો તરૂણ પુરૂષ કેવી સ્થીતિમાં આવે છે? તે બધું મેં સારી રીતે અનુભવ્યું છે, તથાપિ મોહની પ્રબળતાથી હું તેને ભુલી જાત, પણ આપ મહોપકારીના સમાગમથી મને તે વિષેની સારી જાગ્રતિ મળી છે. મહાનુભાવ! હવે કૃપા કરી આ સેવકને માથે હાથ મુકી પોતાનો કરો, અને દાસપણાની પદવી આપી કૃતાર્થ કરો.

હંસાવળીએ પણ શ્રીચંદ્રને જણાવ્યું, મહાશય! આપે પ્રથમથી મારૂં મન હરી લીધુંજ હતું, પણ આ વખતે ધર્મદેશના આપી વધારે હરી લીધું છે, એટલુંજ નહીં, પણ આપનાં બોધવચન સાંભળી મારા હૃદયમાં વિશેષ ઉલ્લાસ પ્રાપ્ત થયો છે. કાષ્ટ ભક્ષણના વિપરીત કામથી હું હવે વિરામ પામું છું. આ સાહસથી હું આ સંસારમાં દુર્ગતિનું પાત્ર થઈ પડત. તેમજ આ માનવ જીવન કે જે ચિંતામણી સમાન ગણાય છે, તેને હું ક્ષણમાં ગુમાવી દેત. તમે મારા જીવિતદાયક અને ધર્મદાયક થયા છો, તમારી વાણીએ અરિહંત શુદ્ધ દેવ, દયામૂળ ધર્મ, અને તમારા જેવા ગુરૂ, એ ત્રિપુટીનો મને લાભ થયો છે. મહાનુભાવ! તમારા પસાયથી શીળગુણને માટે મને વધારે માન થયું છે, હવેથીજ મારૂં શીળરત્ન વિશેષ નિર્મળ થયું છે.

P. P. Ac. Gunratansuriji M.S.                                                    Jin Gun Aaradhak Trust

જિનાગમમાં શીળનું જે મહાત્મ્ય વર્ણવવામાં આવ્યું છે, તેનું મને વિશેષ સ્મરણ થાય છે. સ્ત્રીઓનો મોટામાં મોટો અલંકાર શીળ છે, સર્વ ધર્મમાં અને સર્વ સંપ્રદાયોમાં શીળને સર્વોત્તમ ગણેલું છે, શીળના પ્રભાવથી માણસ આ ભવસાગરને તરી જાય છે, શીળરૂપ સિંહના ત્રાસથી પાપરૂપ મૃગલાંઓ પલાયન કરી જાય છે, શીલના મહાન્ શિખર ઉપર ચડેલાં પ્રાણીઓ કદિ પણ પાછાં નીચે પડતાં નથી. શીળના માહાત્મ્યને જિનાગમ નીચે પ્રમાણે ગાય છેઃ—

" सीलं चिय आभरणं, सीलं रुवं च परम सोहग्गं ।
सीलं चिय पंडितत्तं, सीलं चिय निरुवमं धम्मं ॥ १ ॥ "

"શીળ તેજ આભૂષણ છે, રૂપ તથા પરમ સૌભાગ્ય પણ શીળ છે, શીળજ પંડિતપણું છે, અને શીળ એ નિરૂપમ ધર્મ છે. ૧"

હંસાવળીનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર વિગેરે બધા ખુશી થઇ ગયા. કુમાર શ્રીચંદ્ર પણ તેની દ્રઢતા જોઇને હૃદયમાં પ્રસન્ન થઇ ગયો. રાજા વજસિંહે પોતાની પુત્રીનો દ્રઢ નિશ્ચય, અને શ્રીચંદ્રકુમારના વિચાર સાંભળી હૃદયમાં વિચાર્યું કે, રાજકુમારી હંસાવળી પોતાના વિચાર ફેરવશે નહીં. તે શીળવતી બાળાનો નિશ્ચય કોઇનાથી શીથિળ કરી શકાય તેમ નથી, આવું વિચારી રાજા વજસિંહ બોલ્યો— રાજકુમાર ! આપની ઉપદેશ વાણીએ સર્વનાં હૃદયને ખેંચ્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે, રાજપુત્રી હંસાવળીના વિવાહની વાત તો મનમાં રહી, કૃપણના ધનની જેમ, અને વિધવાના યૌવનની જેમ અમારા તે વિષેના મનોરથ વ્યર્થ થયા, હવે જો અમારી પ્રાર્થના સફળ કરો તો, એક વિનંતિ કરવાની છે. આ રાજકુમારી હંસાવળીને **ચંદ્રાવળી** નામે એક નાની બ્હેન છે, તે બાળા આપનાથી સૌભાગ્ય વધારવાની ઇચ્છા રાખે છે, આપના પવિત્ર આશ્રય નીચે રહી આત્મજીવનને કૃતાર્થ કરવાની કામનાને તે ધારણ કરે છે. આ વાત સાંભળી મદના અને હંસાવળીએ તેને અનુમોદન આપ્યું, અને ચંદ્રાવળીને પરણવા શ્રીચંદ્રને આગ્રહ કર્યો.

રાજા વજસિંહ, મદના અને હંસાવળીની ઈચ્છાઓ પૂર્ણ કરવા, તેમજ પોતાના પૂર્વ કર્મની યોજનાને સાર્થક કરવા શ્રીચંદ્રે તે વાત માન્ય કરી. તત્કાળ રાજા વજસિંહે મોટા આડંબરથી વિવાહોત્સવનો સમારંભ કર્યો, જેથી વજસિંહની રાજધાની માંગલ્ય ધ્વનીઓથી ગાજી રહી.

આ પ્રમાણે શ્રીચંદ્રકુમાર હંસાવળીને કાષ્ટ ભક્ષણમાંથી બચાવી મદના અને ચંદ્રાવળીની સાથે ઘણી સંપત્તિ લઇ, ત્યાંથી આગળ ચાલ્યો. રતિ અને પ્રીતિથી જેમ કામદેવ શોભે, તેમ શ્રીચંદ્ર તે બન્ને યુવતિઓથી શોભતો હતો. રૂદ્રપલ્લી નગરીથી આગળ ચાલી, તે મહાવીરે નવલાખ દેશની સીમાનું ઉલ્લંઘન કર્યું હતું.

પુણ્યનો પ્રભાવ કેવો છે ? તેનું પ્રત્યક્ષ દ્રષ્ટાંત શ્રીચંદ્રે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જગતને જણાવી આપ્યું હતું. પુણ્યથી કેવાં કેવાં અસાધ્ય કાર્યો સધાય છે? પુણ્યનું બળ કેવું અનિવાર્ય છે? પુણ્ય પ્રકૃતિની આગળ કોની સત્તા છે? અને પુણ્યનાં વાવેલાં બીજ કેવાં સુસ્વાદુ તથા અલૌકિક ફળ આપે છે? એ બધું શ્રીચંદ્રકુમારના પ્રભાવિક ચરિત્ર ઉપરથી સિદ્ધ થાય છે.

---

## પ્રકરણ ૧૯ મું.

## માતા અને પુત્ર.

શ્રી ગિરિ પર્વત ઘણો મનોહર પર્વત હતો, એ સુંદર ગિરિનો દેખાવ ભવ્ય હતો, તેની અંદર વિવિધ જાતની વનસ્પતિઓ ખીલી હતી, સિંહ, વ્યાઘ્ર, વરૂ, અષ્ટાપદ, અને બીજાં વિવિધ જાતનાં મૃગલાંઓ એ ગિરિની તળેટીમાં વિચરતાં હતાં, ચમરી મૃગ પોતાનાં પુંછડાંથી ત્યાંની વનલક્ષ્મીને રાજ્યલક્ષ્મીની શોભા આપતાં હતાં, કોકિલાઓ મધુર સ્વરથી વનનું સૌંદર્ય બતાવવાને પથિકોને આમંત્રણ કરતી હતી, વિવિધ જાતનાં વૃક્ષોની શ્રેણીઓ એ ગિરિરાજની સમૃદ્ધિને દર્શાવી કૃતાર્થ થતી હતી; ઠામ ઠામ આવેલાં જળાશયો, અને ઝરણાંઓથી તે સ્થળની સંપૂર્ણ ઉપયોગિતા દેખાતી હતી.

આ પર્વતની પાસે ચંદ્રપુર નગર આવેલું છે, એ નગરની પ્રજાનું સર્વ જાતનું વૈભવસુખ શ્રીગિરિ પર્વતથી સંપા-

દન થતું હતું, શ્રીગિરિ પર્વતની શોભા જોઇ, અને ત્યાં વસનારી પ્રજાને સર્વ જાતનાં સુખની પ્રાપ્તિ જોઈને પુણ્યાત્મા શ્રીચંદ્રે તે વસાવ્યું હતું. એ નગરમાં ધર્મશાળા, દાનશાળા, અને બીજાં ઉપયોગી સ્થળોનું સ્થાપન કરી શ્રીચંદ્રે ત્યાંની પ્રજાને સર્વ જાતનું સુખ કરી આપ્યું હતું. શ્રીચંદ્રે પ્રાપ્ત કરેલા સ્પર્શમણિનું સર્વ મહાત્મ્ય તે સ્થળેજ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું,

. . . . . . .

ચંદ્રપુર નગરના એક ભવ્ય સ્થાનમાં એક પ્રૌઢા સ્ત્રી બેઠી છે, તેના ઉત્સંગમાં એક લઘુવયનો બાળક પડયો પડયો રમે છે, એ બાળક તદ્દન નાનો છે, તેના મુખમાંથી હજુ વૈખરીવાણી સ્ફુરી નથી, હજુ તે તદ્દન નિર્દોષ અવસ્થામાં રમે છે, તેની સર્વ જાતની ઇચ્છાઓ રૂદન કરવાથીજ સિદ્ધ થાય છે. "**बालानां रोदनं बलं**" એ કહેવત પ્રમાણેજ તેની પ્રવૃત્તિ છે. બાળકને હજુ બીજી સંજ્ઞા આવીજ નથી, માત્ર તેના મુખકમળ ઉપર મૃદુ હાસ્યના અંકુરો સ્ફુર્યા કરે છે. પુત્રને હુલાવતી માતા આ પ્રમાણે બોલી–વ્હાલા પુત્ર ! તારો જ્યેષ્ટ બંધુ હજુ આવ્યો નહીં. એ પુણ્યવાન્ પુત્ર કોઇ સ્થળે પુણ્યના સુખમાં મગ્ન થઇ માતાને ભૂલી ગયો. હે બાપ ! તું શું જોઇ હસે છે ? અત્યારે તારો આધાર હું એકજ છું. તારા પિતા, અને તારો બંધુ વિદેશમાં છે તું એક મ્હોટા મહારાજાનો પુત્ર છું, તારી સેવામાં અનેક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સેવકો હાજર રહે તેવી તારી સ્થિતિ છે, તે છતાં કર્મ યોગે તારે વિદેશમાં એકલાં રહેવું પડે છે.

આ પ્રમાણે માતા પુત્રની સાથે વાર્તાલાપ કરતી હતી, ત્યાં તેણીનું વામનેત્ર ફરકયું. તરતજ હૃદયમાં છુપી રીતે રહેલી આશાલતા પલ્લવિત થઈ ગઈ. આશાના ઉમંગમાં આવેલી માતાએ પુત્રને ઉંચો લઈ કેટલાંએક પ્રેમનાં ચુંબન લીધાં.

આ વખતે એક અનુચર દોડતો આવ્યો, તેણે આવી તે પ્રૌઢાને પ્રણામ કર્યો. જેના મુખ ઉપર હર્ષના અંકુર સ્ફુરી રહ્યા છે, એવા તે પુરૂષે આવી જણાવ્યું કે, માતા! વધામણી છે. આપના પ્રતાપી પુત્ર મોટા પરીવાર સાથે નગરની બાહેર આવ્યા છે. આ વધામણી સાંભળી એ પ્રૌઢા શ્રાવિકા અત્યંત આનંદ પામી ગઇ, તરતજ પોતાના બાળ પુત્રને પ્રેમ ચુંબન આપી, અને પારણામાં સુવારી પોતે આનંદના વેગથી પ્રેરીત થઇ પુત્રદર્શન કરવાને અતિ આતુર બની ગઇ.

પ્રિય વાંચકવૃંદ! આ પ્રૌઢા સ્ત્રી કોણ, એ આપે અનુમાનથી જાણ્યું હશે, શ્રીગિરિ તથા ચંદ્રપુર નગરનું સ્થળ તેને સારી રીતે જાણવામાં વધારે અજવાળું પાડે છે. તમે કદિ આ પ્રાઢા સ્ત્રીને ઓળખશો, પણ તેના ઉત્સંગમાં જે બાળ પુત્ર રમતો હતો, તેને તમે ઓળખી શકશો નહીં. તે ચરિત્ર તદ્દન અભિનવ છે. તેનું સ્પષ્ટીકરણ કરવાની હવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જરૂર છે. તે પ્રૌઢા સ્ત્રી તે ચંદ્રકુમારની માતા સૂર્યવતી છે. તેના ઉત્સંગમાં જે નિર્દોષ બાળક રમતો હતો. તે તેનો નાનો પુત્ર છે. શ્રીચંદ્રે પોતાની માતાને શ્રીગિરિના ચંદ્રપુરમાં રાખી હતી. પૂર્વે જ્યારે સૂર્યવતીનું કુશસ્થળીમાં હરણ થયું, ત્યારે તે સગર્ભા હતી. શ્રીચંદ્રે પોતાની માતાની સગર્ભા સ્થિતિ જોઇનેજ આ સ્થળે રાખી હતી. માતા સૂર્યવતીએ થોડો સમય થયાં એક બાળકને જન્મ આપ્યો છે. તેજ બાળપુત્ર માતાના ઉત્સંગમાં રમતો હતો, તેવામાં જ તેણે જે વધામણી સાંભળી, તે શ્રીચંદ્ર અને તેના બીજા પરિવારના આવવાની વધામણી હતી.

શ્રીચંદ્ર રૂદ્રપલ્લી નગરીથી નીકળીને ફરતો ફરતો ચંદ્રપુર આવ્યો હતો. તેના પરિવારમાં મોટી સેના સાથે વજ્રસિંહ રાજા આવ્યો હતો, તેમજ તેની સાથે માર્ગમાં તેનો પ્રિયમિત્ર ગુણચંદ્ર પણ મળ્યો હતો, સાથે મદના અને ચંદ્રાવળી પણ હતાં. આ બધો પરિવાર લઈ શ્રીચંદ્ર ચંદ્રપુરમાં આવ્યો, અને જ્યાં પોતાની વહાલી માતા સૂર્યવતી, પુત્રને મળવાની ઇચ્છા રાખી સન્મુખ આવવા તૈયાર થતી હતી, ત્યાં શ્રીચંદ્ર આવીને માતાના ચરણકમળમાં નમી પડયો. હર્ષની અશ્રુધારાથી માતાના ચરણમાં તેણે સિંચન કર્યું. માતાએ હર્ષના અશ્રુથી પુત્રના મસ્તકનું સિંચન કર્યું. માતા અને પુત્ર બંનેની વચ્ચે અદ્ભૂત પ્રેમરસ પ્રગટ થઇ આવ્યો. વાત્સલ્ય રસ, અને ભક્તિ રસ બંનેનો ત્યાં ભેટો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો. પુત્રવત્સલા માતાએ પુત્રનાં દુખડાં લઇ હૃદયમાં દાબ્યો, અને આજ સુધીના વિરહ તાપને શમાવી દીધો. પછી ગુણચંદ્રે માતા સૂર્યવતીના ચરણમાં પ્રણામ કર્યો, માતાએ તેને પણ પ્રેમ દૃષ્ટિથી અવલોકયો, અને અતિ આદરથી સંતુષ્ટ કર્યો. મદના, અને ચંદ્રાવળી પણ પોતાની પૂજ્ય સાસૂને પગે પડી, સાસૂએ આદર સહિત જોઇ, તેમને હૃદયની આશીષ આપી. અનુક્રમે સાથે આવેલા રાજાઓએ અને વફાદાર મંત્રીઓએ રાજમાતાને પ્રણામ કર્યા.

શ્રીચંદ્રે ચંદ્રપુર આવતાં માર્ગમાંજ સાંભળ્યું હતું કે, પોતાને એક લઘુ બંધુ પ્રગટ થયો છે. આ ખબર થતાંજ તેના હૃદયમાં અતિ હર્ષ થયો હતો, તેથી આ વખતે તેણે પ્રેમથી માતાને પુછ્યું કે–માતા ! નાનાભાઇ કયાં છે ? મને બતાવો, સૂર્યવતીએ પારણા તરફ હાથની ચેષ્ટા કરી, એટલે શ્રીચંદ્ર પોતાની જાતે પારણા પાસે આવ્યો, ત્યાં બાળ પુત્ર પારણામાં ધુત્કાર શબ્દ કરતો રમતો હતો. પોતાના સહોદર બંધુને જોઈ, જાણે વિશેષ ખુશી થયો હોય, તેમ તે પારણામાં હસતો હસતો ઉછળવા લાગ્યો. શ્રીચંદ્રે પ્રેમ ધરી તેને પારણામાંથી લીધો, અને હૃદયની સાથે ચાંપી ભ્રાતૃ પ્રેમ દર્શાવ્યો. આ મંગલિક પ્રસંગને ઉજવવાને ત્યાંજ યાચકોને તેણે ઘણાં દાન આપવા આજ્ઞા કરી. પરસ્પર બંધુઓની ભેટ, અને તેમનું સૌભ્રાતૃ જોઇ સૂર્યવતીને વિશેષ આનંદ પ્રાપ્ત થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેટલીએક પરસ્પર વાતો કરી, માતા અને પુત્રે પોત-પોતાનાં હૃદય ઠલવ્યાં. અને પુણ્યના અદ્દભૂત પ્રભાવને માટે તેમના હૃદયમાં આર્હત ધર્મની ઉપર વધારે દ્રઢતા થઇ. પછી માતા સૂર્યવતીએ શ્રીચંદ્રને કહ્યું, પુત્ર! માત્ર બાહેર જવાની આજ્ઞા લઇ આટલો વખત કયાં રહ્યો ? અને આ રાજકન્યાઓ કયાંથી સંપાદાન થઇ? અને તારો આ મિત્ર ગુણચંદ્ર કયાંથી મળ્યો? શ્રીચંદ્ર આત્મપ્રશંસાના ભયથી કાંઈ બોલ્યો નહીં, તેણે પોતાના પ્રિયમિત્ર ગુણચંદ્રની સામું જોયું, એટલે ગુણચંદ્ર વિનયથી બોલ્યો—માતા ! એ વાત મનેજ પુછો. રાજકુમાર પોતાના પુણ્યનો પ્રભાવ પોતાને મુખે નહીં કહે. માજી! તમારા પુત્રના પુણ્યનો પ્રભાવ અદ્દભૂત છે, તમારાંથી જુદા પડી એ મહાવીરે અનેક પરા-ક્રમ કર્યાં છે. રાત્રે દાનશાળામાં છુપી રીતે ફરતાં તેમણે એવા ખબર સાંભળ્યા છે કે, કનકપુરનો રાજા પોતાના લક્ષ્મણ મંત્રીને રાજ્ય ભાર સોંપી બાહેર ગયો છે. આ લાગ જોઈ કલ્યાણપુરનો રાજા ગુણવિભ્રમ કનકપુર ચડી આવ્યો છે. આ ખબર સાંભળી રાજકુમારે પદ્મરાજાને અને મને કનકપુરની સહાય કરવાને મોકલ્યા હતા, અને તેમાં સહાય કરવા તે પરોપકારી વીરે મને **ચંદ્રહાસ** નામનું એક ખડ્ગ આપ્યું હતું. અમને ત્યાં મોકલ્યા પછી પોતે પથિક શાળામાંથી એક **સુધન** શેઠની ચાર પુત્રવધૂની વાર્ત્તા સાંભળી તેની શોધમાં ચાલ્યા ગયા. તે પ્રસંગે કર્કોટક દ્વીપમાં આવી; તે દ્વીપના રાજાની



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નવ કન્યાઓ પરણ્યા. તે કન્યાઓને ત્યાં રાખી પછી પોતાના પિતા પ્રતાપસિંહને તમારા, અને પુત્રના વિયોગથી કાષ્ટ ભક્ષણ કરી આત્મઘાત કરવા તૈયાર થયેલા સાંભળી નિમિત્તિયાને વેષે કુશસ્થળીમાં ગયા, ત્યાં જઈને પિતાને બચાવ્યા, અને જયાદિક કુમારો, કે જેઓ પિતાને લાક્ષાગૃહમાં બાળવાના અપરાધી થયા હતા, તેમને કાષ્ટ પંજરમાં નખાવી પોતાના આવવાના ખબર પિતા પ્રતાપસિંહને વીણાપુરના મંત્રી બુદ્ધિસાગરની દ્વારા જણાવી દીધા. તે પછી ગુણચંદ્રે સૂર્યવતીને જયકળશ હસ્તીની વાર્ત્તા કહી સંભળાવી; પછી કુંડલપુરના ભિલ્લ લોકોની સાથે થયેલું યુદ્ધ, અને મોહિનીના મોહનો બધો વૃત્તાંત જણાવ્યો. પછી વાયુવેગ તથા મહાવેગ અશ્વ, અને કુંજર સારથિ સહિત રથના મેળાપની વાર્ત્તા પણ કહી. તે પછી મદનાનો મેળાપ, સરસ્વતીનો સમાગમ, અને મણિભૂષણ નગરના રત્નચૂડ વિદ્યાધર વિગેરેની કથાઓ સંક્ષેપમાં કહી સંભળાવી, અને ત્યાર પછી ત્યાં આવેલી ચંદ્રાવળીની વાર્ત્તા જણાવી. આ બધી વાર્ત્તાઓ સાંભળી સૂર્યવતી સાનંદાશ્ચર્ય થઈ ગઈ, તેણીની મનોવૃત્તિમાં પોતાના પુત્રના મહિમાને માટે ઘણું માન ઉત્પન્ન થયું. રાજમાતા આનંદ પૂર્વક બોલ્યાં—વત્સ ગુણચંદ્ર ! તમે રાજકુમારને ક્યારે મળ્યા ? એ વાત કહો. તમને જે કનકપુરની સહાય કરવાને મોકલ્યા હતા, ત્યાં શું બન્યું ? અને રાજા ગુણવિભ્રમનો પરાભવ થયો કે નહિ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણચંદ્ર બોલ્યો—માજી ! એ વાત સાંભળવા જેવી છે. મહાવીર શ્રીચંદ્ર રૂદ્રપલ્લી નગરીથી રાજા વજસિંહની સાથે મોટા સૈન્ય સહિત નીકળી આગળ ચાલ્યા. નવલાખ દેશની સીમા ઉપર આવી, તેઓ છાવણી નાખી પડયા હતા. આ ખબર સાંભળી પદ્મરાજા, લક્ષ્મણ મંત્રી, અને હું તેમની સામે આવ્યા. પરસ્પર પ્રેમના ઉછળતા સાગરમાં અમોએ સ્નાન કર્યું, એક બીજાના કુશળ વૃત્તાંત પુછી કેટલીએક વાર્ત્તા કરી, મહાવીર શ્રીચંદ્રે મને પ્રેમ દર્શાવી પુછ્યું કે, મિત્ર ! કનકપુરના શા ખબર છે ? દુષ્ટ બુદ્ધિના ગુણવિભ્રમને શી શિક્ષા કરી ? એ દુરાચારીને કાઢી મુકયો કે નહિ ? શ્રીચંદ્ર કુમારના આવા પ્રશ્નથી મને લજ્જા તો આવી, પણ જે ખરેખરી હકીકત હોય, તે યથાર્થ કહેવી જોઇએ એવું ધારી મેં તેમને વિનંતિ પૂર્વક કહ્યું, સ્વામી ! દુરાચારી ગુણવિભ્રમ મારાથી જીતી શકાયો નથી, એ દુરાશય સર્વ રીતે અજેય છે, તેના જેવો કોઇ કપટી શત્રુ મારા જોવામાં આવ્યો નથી. સામ, દામ, ભેદ અને દંડ—એ ચારે ઉપાયની યોજના કરવામાં આવી, તથાપિ તે જરા પણ ડગ્યો નહીં. સ્થળમાં ચાલતી જળની રેલની જેમ, તે મારાથી કોઈ રીતે વશ થઈ શકયો નહીં. તે હંમેશાં નવી નવી જાતના સંદેશા લઈ દૂતોને મોકલતો, અને અમોને ઘણી ભિતિ દર્શાવતો હતો, તેની કપટ કળામાં અમો બધા મુંઝાઈ ગયા હતા, ત્યાંજ તમે આવી પહોંચ્યા. સ્વામી ! હવે એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુઃસાધ્યને સાધ્ય કરો, અને આ ચંદ્રહાસ ખડ્ગને પૂર્ણ રીતે કૃતાર્થ કરો. માતા ! તે પછી આપના પ્રતાપી પુત્રે જે પરાક્રમ દર્શાવ્યું હતું, તે અલૌકિક હતું, તેનું વર્ણન મારાથી થઇ શકે તેમ નથી. ગર્વિષ્ટ થઇ સામા આવેલા ગુણવિભ્રમે પ્રથમ તો મોટો છાપો માર્યો હતો, પણ પાછળથી તમારા વીરપુત્રે તે ગર્વીષ્ટ શત્રુને હરાવી દીધો. તેના મોટા સૈન્યને છિન્નભિન્ન કરી નાંખ્યું. છેવટે પ્રચંડ કોપ કરી મહાવીર શ્રીચંદ્ર ચંદ્રહાસ ખડ્ગ લઈ ગુણવિભ્રમ ઉપર ધસી આવ્યા, પણ તે દયાળુ મહાશયના હૃદયમાં તત્કાળ દયા ઉત્પન્ન થઈ આવી. તેણે શત્રુના મસ્તકને છેદ્યું નહીં, પણ દયાથી તેને જીવતો બાંધી લીધો, અને સર્વના જોતાં એક કાષ્ટના પાંજરામાં પૂરી દીધો. આ બનાવથી અમારી સેનામાં જય જય ધ્વનિ થઇ રહ્યો. રાજા વગરના અનાથ સૈન્યને પછી અમે તાબે કરી લીધું. કેટલાએક તેના પક્ષના રાજાઓ ખુટીને અમારા પક્ષમાં આવ્યા. પછી તમારા વીરપુત્રે કલ્યાણ-પુરમાં પોતાની આજ્ઞા પ્રવર્ત્તાવી, પોતાના મંત્રીઓને રાજ્ય ઉપર નીમી દીધા.

માતા ! એ કાર્ય સિદ્ધ કર્યા પછી તમારા પુત્રના હૃદયમાં તમારૂં સ્મરણ થઇ આવ્યું, અને મહોપકારી મા-તુશ્રીનાં દર્શન કરવાને તેમનું હૃદય ઉત્કંઠિત થયું. ત્યાંથી ચંદ્રપુરને માર્ગે પ્રયાણ કરતાં તેમના સાંભળવામાં આવ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે, તેમને એક લઘુ બંધુનો લાભ થયો છે, આ ખબર સાં-ભળી તેમના મનમાં અત્યંત હર્ષ થયો, અને માર્ગમાં તેનો જન્મોત્સવ કરાવ્યો. હે માતા! ત્યાર પછીજ અમે અહીં આવ્યા, અને અમને આપનાં પવિત્ર દર્શનનો મહાન્ લાભ થયો.

ગુણચંદ્રના મુખથી આ પ્રમાણે પોતાના પુત્રનો વૃત્તાંત સાંભળી, માતા સૂર્યવતીને અત્યંત આનંદ ઉત્પન્ન થયો. પુત્રની પુણ્યલક્ષ્મી આવી અલૌકિક જોઇ, તેઓ પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. આવા મહાન્ પુણ્યવાળા પુત્રની પોતે એક માતા છે. એવું જાણી પોતાના આત્માને ધન્યવાદ આપવા લાગ્યાં, અને પોતે આચરેલા સુકૃતનું અને શ્રાવિકા ધર્મનું પૂર્ણ રીતે સાફલ્ય માનવા લાગ્યા.

શ્રીચંદ્ર માતાને પ્રણામ કરી બોલ્યો–પૂજ્ય માતુશ્રી! આપના પ્રસાદથી મારાં સર્વ કાર્યો સિદ્ધ થયાં છે, હવે પિતાશ્રીનાં દર્શન કરવાની ઇચ્છા થઈ છે. આપ પવિત્ર જનનીનાં દર્શન થયાં, હવે જન્મભૂમિનાં દર્શન કરવાની ઇચ્છા થાય છે. તે સાથે મારા પરમ પવિત્ર પિતાશ્રીનાં દર્શન કરવાની અભિલાષા પણ ઉત્પન્ન થાય છે. પ્રેમી પિતા ઘણા દિવસ થયા વિરહ પીડિત છે.

તમારા અને મારા વિયોગથી પ્રેરાએલા પિતાશ્રી ચિતાગ્નિમાં પડવાને તૈયાર થયા હતા, તેમની અનુપમ પ્રીતિનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બદલો કોઇ રીતે વળી શકે તેમ નથી, એ પિતાની સેવા કરી, પુત્રપણાને કૃતાર્થ કરવાની મારી અભિલાષા છે. ઉપકારી પિતાના ઉપકારનો બદલો વાળવાને કોઈ પણ પુત્ર સમર્થ થયો નથી, થતો નથી, અને થશે પણ નહીં. એ મહોપકારી પૂજ્ય તાતની પવિત્ર મૂર્તિ અવલોકી મારા જીવિતને ચરિતાર્થ કરવાની મારી સંપૂર્ણ ઈચ્છા થઇ છે. માતુશ્રી! હવે આજ્ઞા આપો તો, આપણે કુશસ્થળીમાં જઈએ. ઘણો કાળ થયાં એ નગરીનો અને તેની પ્રજાનો વિયોગ છે.

પુત્રનાં આવાં વચન સાંભળી સૂર્યવતી સાનંદા થઈ બોલ્યાં—વત્સ! જે અભિલાષાએ તારા હૃદયમાં સ્થાન કર્યું છે, તેજ અભિલાષાએ મારા હૃદયમાં પણ સ્થાન કર્યું છે. પુત્ર! તારા વિચારને હું સર્વ રીતે મળતી છું. તારી પિતૃભક્તિ જોઈ, મને અતિ આનંદ થાય છે. પિતૃભક્તિથી ભાવિત હૃદયવાળા પુત્રોનેજ ધન્યવાદ ઘટે છે. જે પુત્રો માતાપિતારૂપ જંગમ તીર્થના ઉપાસક છે, તેવા પુત્રોથીજ આ ભૂમિ રત્નગર્ભા છે. વત્સ! હવે સત્વર તૈયારી કરો. તારી જેમ મારા હૃદયમાં પણ કુશસ્થળી નગરીમાં જવાની ઉત્કંઠા વિશેષ થઇ છે.

સૂર્યવતીનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્રે પોતાના મિત્ર ગુણચંદ્રને અને બીજા સહાયકોને જણાવ્યું કે, કુશસ્થળી તરફ કુચ કરવા તૈયારી કરાવો. શ્રીચંદ્રની ઈચ્છા થતાંજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તત્કાળ ચારે તરફ તૈયારીઓ થઇ રહી, બધી સેના ખળભળી ચાલી, આકાશમાં જેમ મેઘ ચડી આવે, તેમ તેની મોટી સેના પ્રયાણ કરવા ચડી આવી. હાથી, ઘોડા, રથ, અને પેદલ ઉપર સૈનિકો જયધ્વનિ કરવા લાગ્યા. આસપાસના સ્નેહી રાજાઓ મોટી મોટી ભેટો લઇ, શ્રીચંદ્રને મળવા આવ્યા. પ્રત્યેક નરના મુખમાં "શ્રીચંદ્રનો જય થાઓ" એવા ઉચ્ચારો નીકળવા લાગ્યા. છત્ર, ચામર, અને છડી વિગેરે રાજ્ય લક્ષ્મીની શોભાથી શ્રીચંદ્ર પ્રકાશવા લાગ્યો. પોતાના પુત્રની આવી સમૃદ્ધિ અને પુણ્યથી ચડીયાતું સૌભાગ્ય જોઈ, માતા સૂર્યવતી હૃદયમાં વધારે આનંદ પામતી હતી.

આ પ્રમાણે તૈયારી થઈ, એટલે શ્રીચંદ્રે પોતાના સ્થાપેલા શ્રીગિરિ પર્વતના રાજ્યની સારી વ્યવસ્થા કરી, પોતાના પૂર્વોપકારી અને સહાયક સ્નેહીઓને જુદા જુદા રાજ્યના ભાગ વહેંચી આપ્યા. વામાંગ માતુલને બધા ખાતાનો અધિકાર આપ્યો. ધનંજયને સેનાપતિ કર્યો, બીજા પરિવારને ખાસ પોતાના અંગરક્ષક બનાવ્યા, ચંદ્રકળાને પટરાણી કરી, અને **મલ્લ** નામે જે ભીલ હતો, તેને ગજેંદ્રોનો અધિપતિ કર્યો. આ પ્રમાણે શ્રીગિરિ પર્વતના રાજ્યની વ્યવસ્થા કરી, શ્રીચંદ્ર પોતાની જન્મભૂમિ તરફ જવા તૈયાર થયો. જ્યારે તેની આગળ પ્રયાણનો રથ આવી હાજર થયો, તે વખતે તેને સ્મરણ થયું કે, આ અવસરે મારે ઇષ્ટ દેવનાં દર્શન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવાં જોઇએ. જેમના અનુગ્રહથી હું આવી પુણ્ય સ્થિતિ ભોગવું છું, સ્વદેશ તરફ પ્રયાણ કરવાનું પ્રથમ માંગલ્ય શ્રી અર્હત દેવનાં દર્શન છે. પવિત્ર જિન પ્રતિમાના પ્રભાવથી મારૂં, મારા કુટુંબનું, મારા રાજ્યનું, મારા દેશનું અને મારી પ્રજાનું કલ્યાણ થાય, અને સર્વદા મારામાં ધર્મની જાગ્રતિ રહ્યા કરે, આવું વિચારી સદ્ગુણી શ્રીચંદ્ર પોતાના ખાસ પરિવારને લઇ, જિન ચૈત્યમાં દર્શન કરવાને ગયો. ત્રિકરણ શુદ્ધિથી પ્રભુની પ્રતિમાને વંદના કરી, તેણે ભક્તિ ઉલ્લાસ દર્શાવ્યો. પ્રતિમાના દર્શન કરતાંજ તેના શરીરપર રોમોદ્ગમ થઇ આવ્યો, અને કંઠ ગદ્ગદ્ થઈ ગયો. નયનમાંથી પ્રેમાશ્રુને વર્ષાવતો, અને હૃદયને ભક્તિરસમાં ભરપૂર કરતો, શ્રીચંદ્ર નીચે પ્રમાણે જિન સ્તુતિ કરવા લાગ્યો:—

## જિન સ્તુતિ.

### રાગ ધન્યાશ્રી.

[ સામું જુઓ સેવક કહીને બોલાવો—એ રાહ. ]

આજ માહારા સાહિબ સુનજર કરિને,
સેવક સામું નિહાળો;
જન્મ કૃતારથ જેની પરે થાવે,
જાવે કલિમલ કાળોરે. આજ—એ ટેક. ૧
ભવ ભવ સંચિત દુષ્કૃત દુર્ગતિ,
પાતક પંક પખાલો;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેહ અનાદિ અશુદ્ધ અફળતા,
ગહન ગ્રથિલતા ગાળોરે. આજ. ૨
પ્રભુ તુમ નામ ધ્યાન સ્થિરતાયે,
ન હોવે અરતિ ઉચ્ચાલો;
પર આશા પાશા વિષવેલી,
સમભાવે પરજાલોરે. આજ. ૩
ભક્તવત્સલ શરણાંગત પંજર,
પ્રમુખ બિરૂદ સંભાળો;
મૈત્રી ભાવે ત્રિભુવન રાખો, [ પણ ]
સેવકને પ્રતિપાળોરે. આજ. ૪
આજ પ્રભુ દર્શનથી જાણું,
દીધો દુર્ગતિ તાળો;
બાહ્ય અભ્યંતર દુશ્મન જોરો,
જન્મ મરણ ભય ટાળોરે. આજ. ૫
પ્રભુ તુમ પદ કજ્જરને તિલકે,
શોભિત ભાલ સુહાલો;
જ્ઞાનવિમલ ગુણ ઉદય અધિક હોય,
સમક્તિ સૂથ સુગાલોરે,
વૃદ્ધિ તણો વરસાલોરે. આજ. ૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૦ મું.

## વધામણી.

કુશસ્થળીમાં મહારાજા પ્રતાપસિંહ નીતિથી રાજ્ય ચલાવે છે, નિમિત્તિયાનાં વચન ઉપર વિશ્વાસ રાખી, પોતાની રાણી સૂર્યવતી અને શ્રીચંદ્રના સમાગમની રાહ જુવે છે; પત્ની અને પુત્રનાં પ્રિય દર્શન કરવાને તે અતિ આતુર થઇ રહેલ છે, રાજ્ય વૈભવની ઉપેક્ષા રાખી, રાજેંદ્ર છતાં યોગીંદ્રના જેવી સ્થિતિ ભોગવે છે, ત્રિકાળ જિન પૂજા કરી, અને ઉત્તમ ભાવના ભાવી દિવસ નિર્ગમન કરે છે. સતી ધર્મ પરાયણા અને શ્રાવિકા એવી સૂર્યવતી રાણી અને શ્રાવક ધર્મ પરાયણ એવા પુણ્યવાન્ પુત્ર શ્રીચંદ્ર વિના તે પોતાના રાજ્ય સંસારને અપૂર્ણ માને છે, એટલુંજ નહીં, પણ પ્રતાપથી પરિપૂર્ણ અને પ્રકાશમાન એવા પોતાના રાજતેજને તે સર્વ રીતે ઝાંખું ગણે છે. દિવસે, રાત્રે, ખાતાં પીતાં, સુતાં અને બેસતાં તે જિન ભગવંતના સ્મરણની સાથે પોતાનાં પત્ની અને પુત્રનું સ્મરણ પણ કરે છે. રાજ્યનાં દરેક કાર્યો નિયમ પૂર્વક કરે છે, પણ તે બધાં કાર્યોમાં પોતાનાં બે રત્નોનું મનન થયા કરે છે. જ્યારે જ્યારે સૂર્યને અને ચંદ્રને જુવે છે, ત્યારે ત્યારે તેના હૃદયમંદિરમાં સૂર્યવતી અને શ્રીચંદ્રની મૂર્તિઓ દશ્યમાન થાય છે.

એક વખતે પ્રાતઃકાળે પ્રતાપસિંહ નિત્ય નિયમમાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરવારી સભા મંડપમાં બેઠો હતો, ત્યાં તેનાં દક્ષિણ અંગ ફરકવા લાગ્યાં. આ શુભ સૂચનથી તેના હૃદયમાં વધારે ઉત્સાહ આવ્યો. આથી તે પોતાના મનમાં ચિતવવા લાગ્યો, અને હૃદયને સંબોધીને કહેવા લાગ્યો–પ્રિય હૃદય ! અધીરૂં થઇશ નહીં, તારી આશાલતા નવપલ્લવિત થાય, તેવાં શુભ ચિન્હો થાય છે. હવે અલ્પ સમયમાંજ તારા મનોરથ સિદ્ધ થઈ જશે, અને વિદ્વાન નિમિત્તિયાની વાણી સફળ થશે. આજ દિન સુધી જે તેં અપ્રતિમ ધૈર્ય રાખ્યું છે, તેનું ફળ તને મળ્યા વિના રહેશે નહીં. તેં આજ દિન સુધી રાજ્યવૈભવને ગણ્યો નથી, બીજા અંતઃપુરની ઇચ્છા રાખી નથી, ઉત્તમ પ્રકારનાં ખાનપાન ઉપર આસક્તિ કરી નથી, રાજ્યમદ, લક્ષ્મીમદ, અને પ્રભુતાનો મદ ધારણ કર્યો નથી, અને સર્વ જાતના રાજકિય વિલાસોથી તું આકર્ષાયું નથી. તે સાથે વિરહની તીવ્ર વેદનાને તેં અનુભવી છે. શોક, અશ્રુપાત અને રૂદનના ગુપ્ત ધ્વનિ કરી, તેં તારા સ્વરૂપને વિકલ કર્યું છે, એ તારૂં તીવ્ર તપ જોઇ. તારાં શુભ કર્મ તને સારૂં ફળ આપશે. કરેલું કામ કદિ પણ નિષ્ફળ જતું નથી.

આ પ્રમાણે પ્રતાપી પ્રતાપ રાજા હૃદયમાં ચિંતવતો હતો, ત્યાં દ્વારપાળે આવી ખબર આપ્યા કે કોઈ ચાર અધિકારી પુરૂષો આપને મળવા ઇચ્છે છે, આપની શી આજ્ઞા છે ? પ્રતાપે પ્રવેશ કરવાની આજ્ઞા આપી, એટલે દ્વારપાળ તે પુરૂષોને લઈ મહારાજાની સન્મુખ આવ્યો. તેઓ મહારાજાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિનયથી નમન કરી સન્મુખ ઉભા રહ્યા, મહારાજાએ તેમને યોગ્ય આસને બેસાર્યા, અને પુછયું કે, તમે કોણ છો ? અને કયાંથી આવો છો ? તેઓ બોલ્યા—મહારાજ ! અમે ચાર મંત્રીઓ છીએ, **લક્ષ્મણ, સુધીર, રાજસુંદર અને બુદ્ધિસાગર,** એવાં અમારાં નામ છે, અમે કુંડળપુરથી પરભાર્યા આવીએ છીએ. આપના પ્રતાપી પુત્ર શ્રીચંદ્રકુમારે આપને ખબર આપવાને મોકલ્યા છે. મહારાજા ! આ હર્ષદાયક વધામણી આપવાને અમે ભાગ્યશાળી થયા છીએ. થોડાજ વખતમાં શ્રીચંદ્રકુમાર અહિં પધારશે. અને આપના મુખરૂપ કમળમાં સૂર્ય સમાન થશે. આ વચન સાંભળતાંજ પ્રતાપસિંહના હૃદયમાં આનંદસાગર ઉછળી રહ્યો, અને તેના મુખકમળ ઉપર કોઇ વિલક્ષણ વિકાશ થઈ ગયો. આનંદના ઉભરામાં આવેલા પ્રતાપે પ્રેમપૂર્વક પુછયું, ભદ્ર ! તમે આપેલી વધામણી મારા મનરૂપ કુમુદને ચંદ્રિકારૂપ થઇ પડી છે. આજે મારાં દક્ષિણ અંગોએ સ્ફુરી સ્ફુરીને પોતાનો પ્રભાવ સાર્થક કર્યો છે. કહો, મારા વીરપુત્ર ક્યાં છે ? અને કયારે આવશે ? મંત્રીઓએ કહ્યું, મહારાજ ! તેઓ મહેંદ્રનગર આવી પોહોંચ્યા છે. અમોને તમને ખબર આપવાને માટેજ અગાઉથીજ મોકલ્યા છે. અમારાં રાજમાતા સૂર્યવતી પણ તેમની સાથે છે. માર્ગમાં તેમણે જે જે ચરિત્રો કર્યા, તે બધાં સાનંદપણે સાંભળવા યોગ્ય છે. તેવા ધાર્મિક, વીર અને પ્રભાવિક પુત્રના પિતાની પદવી સંપાદન કરનાર એવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમને અમો ઘણોજ ધન્યવાદ આપીએ છીએ. રાજેંદ્ર ! વળી આપને કહેવાને આનંદ થાય છે કે, પ્રતાપી શ્રીચંદ્રકુમારની સાથે તેમના એક નાના ભાઈ છે, જે બાળકુમાર રાજમાતા સૂર્યવતીના ઉત્સંગનો અલંકાર છે, હવે એ પ્રતાપી કુમાર અલ્પ સમયમાં આવી પહોંચશે. મહેંદ્રપુરથી તિલકપુરમાં આવશે, ત્યાંથી રત્નપુર અને સિંહપુર થઇને તેઓ અહીં આવશે, અતિ ઉત્સાહથી આવીને તમારા ચરણ કમળમાં તેઓ હમણાંજ વંદના કરશે.

પ્રતાપસિંહે હર્ષના આવેશમાં પુછયું, મંત્રીશ્વરો ! કુમાર શ્રીચંદ્ર કયાંથી આવે છે ? અને તેણે શું શું કામ કર્યું ? તે કાંઇ જાણતા હો, તો તેનું ચમત્કારી ચરિત્ર મને સંભળાવો મંત્રીઓ વિનયથી બોલ્યા, મહારાજ! તમારા વીર પુત્રનાં ચરિત્રો ઘણાં અદ્દભૂત છે. તેનું સવિસ્તર વર્ણન કરવાને અમે સમર્થ નથી. તેમજ પ્રથમનાં તેનાં ચરિત્રો અમે યથાર્થ રીતે જાણતા નથી. શ્રીગિરિથી નીકળ્યા પછીનું તેમનું ચરિત્ર અમે બરાબર જાણીએ છીએ; તે આપ એક ધ્યાને શ્રવણ કરો.

પ્રતાપી શ્રીચંદ્ર પોતાની માતા અને લઘુ બંધુને શ્રી ગિરિની રાજધાનીમાં મળી પછી મોટા મોટા રાજાઓ અને મોટા સૈન્યની સાથે શ્રી જિન ચૈત્યમાં પ્રભુનાં દર્શન કરી. મોટા ઠાઠમાઠથી નીકળ્યા હતા. પાણિગ્રહણ કરેલ બે સુંદરીઓથી તે વિરાજિત હતા. તેમની સમૃદ્ધિનો દેખાવ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અદ્ભૂત હતો. તે ચક્રવર્તીની મહાન્ સમૃદ્ધિનું સ્મરણ કરાવતો હતો.

મહા પરાક્રમી શ્રીચંદ્રકુમાર માર્ગે પ્રયાણ કરતા કરતા અનેક લોકોપકાર આચરતા હતા. કોઇ ઠેકાણે શાળા, કોઇ ઠેકાણે પાણીની પરબ, કોઇ ઠેકાણે મઠ, કોઇ ઠેકાણે પૌષધ-શાળા, કોઈ ઠેકાણે જિનાલય, અને કોઇ ઠેકાણે પાઠશાળા સ્થાપતા હતા. સ્થાને સ્થાને તીર્થની સ્થાપના કરતા શ્રીચંદ્ર કનકપુરમાં આવ્યા હતા. ત્યાં કેટલાક દિવસ રહી કલ્યાણપુરમાં આવ્યા, કલ્યાણપુરના રાજા ગુણવિભ્રમે તે પ્રસંગે મોટો ઉત્સવ કર્યો, અને પોતાની ગુણવતી નામની પુત્રીને શ્રીચંદ્રકુમારની સાથે પરણાવી હતી, તે સ્થળે મદનાએ સુવર્ણ પુરૂષનો બધો વૃત્તાંત જણાવ્યો, તે સાંભળી બધાને આશ્ચર્ય થયું હતું. તે રાજા, તે કન્યા, અને તે સુવર્ણ પુરૂષને સાથે લઈ શ્રીચંદ્ર અટવીમાં આવ્યા હતા. ત્યાં રહેલા અંદરના મણિગ્રહમાંથી રત્નાદિ સાર વસ્તુઓ લઇ તેઓ આગળ ચાલ્યા, પછી જ્યાં રત્નચૂડને માર્યો હતો ત્યાં આવ્યા, અને તે સ્થળે એક સુંદર જિન ચૈત્ય કરાવ્યું. ત્યાંથી પ્રતાપી શ્રીચંદ્રકુમાર કાંતિપુરમાં આવ્યા. ત્યાં તે નગરના રાજા નૃસિંહે મોટા ઉત્સવથી રાજકુમારનો પ્રવેશોત્સવ કર્યો હતો. તે સ્થળેથી આગળ જતાં વડગામ આવ્યું, જેમાં રાજકુમારના વિદ્યાગુરૂ ગુણધર પંડિત રહેતા હતા. પોતાના પાઠક અને પરમ ઉપકારી એ ગુરૂનાં દર્શન કરવા શ્રીચંદ્રકુમાર પરિવાર સાથે ત્યાં ગયા.

ઉદાર રાજપુત્રે ગુરૂ, અને ગુરૂનાં પત્નીના ચરણકમળમાં પ્રણામ કરી, સારી ભેટ આગળ ધરી હતી. તેમજ ગુરૂના બંધુ, સગાં અને બીજા સંબંધીઓનો પણ સારો સત્કાર કર્યો હતો. પછી નૃસિંહરાજાને પ્રિયંગુમંજરી રાણી સહિત સાથે લઇ, ત્યાંથી આગળ ચાલીને હેમપુર નગરમાં આવ્યા; ત્યાં મકરધ્વજ રાજા, કે જે મદનપાળનો પિતા થાય, તેણે રાજકુમારના માનને માટે મોટો ઉત્સવ કર્યો, ત્યાં મદનસુંદરીના ખબરથી તેમને ઘણો હર્ષ થયો હતો. તે રાજા મોટા પરિવાર સાથે શ્રીચંદ્રકુમારની સાથે ચાલ્યો- ત્યાં કેટલાક દિવસ રહી, પછી તેઓ કપિલપુરમાં આવ્યા. ત્યાં રહેલા જિતશત્રુ રાજાએ તેમનો મોટા આડંબરથી નગર પ્રવેશ કરાવ્યો. તે રાજાને કનકાવતી વિગેરે ચાર કન્યાઓ હતી, તેમને શ્રીચંદ્ર, માતાના આગ્રહથી પરણ્યા. આ વખતે વીણારવ ગાયકે કેટલાંક ચમત્કારી, અલંકારી કાવ્યો સંભળાવ્યાં જેનાથી પ્રસન્ન થઈ શ્રી ચંદ્રકુમારે તેને પાંચ લાખ સોનૈયા અને ઉત્તમ પોષાક આપ્યો.

હે રાજા પ્રતાપસિંહજી ! આ અરસામાં આપના ધર્મવીર કુમારે એક ચમત્કારી પરાક્રમ કર્યું હતું, તે સાંભળી આપ આશ્ચર્ય પામી જશો.

મહેંદ્રપુરના સીમાડામાં **વજ્રખુર, લોહખુર, અને રત્નખુર** નામે ત્રણ ચોર રહેતા હતા, અને તેની આસપાસના પ્રદેશમાં તેઓ આશ્ચર્ય રીતે ચોરી કરતા હતા. ચોરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરીને તેઓ એવી રીતે અદૃશ્ય થઇ જતા કે, કોઇના જોવામાં પણ આવતા ન હતા, ઘણાએક બાહોશ પુરૂષો પણ તેમને પકડી શકતા ન હતા, મોટા પરાક્રમી અને સાહસિક પુરૂષો પણ તેની શોધ કરી શકતા નહીં, અને આખરે લજ્જાથી નમ્ર મુખ થઈ પાછા ફરતા હતા. તેઓ એવી ચતુરાઈથી ચોરી કરતા કે, જેથી ચતુર નગર રક્ષકો ઘણુંજ આશ્ચર્ય પામી જતા.

આ ત્રણ ચોરોને ખબર મળ્યા કે, કુશસ્થળીના રાજ-કુમાર શ્રીચંદ્રે વીણારવ ગાયકને મોટું ઈનામ આપ્યું છે, તે ઇનામમાં ઘણો કીંમતી માલ છે, આવું વિચારી જે દિવસે કપિલપુરમાં શ્રીચંદ્રકુમારે વીણારવને ઈનામ આપ્યું, તેજ રાત્રે તે ત્રણે ધૂર્ત્ત ચોરો પોતાના ચાતુર્યથી ગાયકના ગૃહ-માંથી બધો માલ ચોરી ગયા, અને તે પોતાના ગુપ્ત સ્થાનમાં લઈ ગયા.

જે દિવસે તે ચોર ગાયકનો માલ ચોરી ગયા, તેજ દિવસે કપિલપુરની પ્રજાના મુખમાંથી રાજકુમારે સાંભળ્યું હતું કે, કોઈ ધૂર્ત્ત ચોર ચમત્કારી રીતે નગરમાંથી ચોરી કરે છે, અને રાજા જિતશત્રુથી તેનો પત્તો મેળવી શકાતો નથી. તે દુષ્ટ ચોરથી આખા નગરમાં ત્રાસ વર્તી રહ્યો છે. આ ખબર સાંભળી પરોપકારી રાજપુત્ર તેજ રાત્રે અદૃશ્ય ગુટિકાનો પ્રયોગ કરી, તે ત્રણ ચોરોની પાછળ ગયા. તેઓ જે ગુપ્ત ગૃહમાં ચોરીનો માલ રાખતા હતા, તેજ ગૃહમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજકુમારે પ્રવેશ કર્યો, અને તે ચોર લોકો ગાયક વીણારવના ઘરમાં ચોરી કરી જે માલ લાવેલા, તે બધું પાછળ જઈને રાજકુમારે જાણી લીધું હતું. તે ચોર લોકો જુદી જુદી વિદ્યાઓ જાણતા હતા. એક અવસ્વાપિની નિદ્રા જાણતો, અને બીજો શબ્દવેધ વિગેરે પ્રયોગ જાણતો, અને ત્રીજો હરણ ક્રિયામાં ચતુર હતો. આ ત્રણે ચોર ગાયકના ઘરમાંથી ચોરી કરી, તે ચોરીનો માલ ભૂમિગૃહમાં રાખી, તે ઉપર એક શિલા આડી મુકી, બરાબર મજબુત કામ કરી, પછી યોગીનો વેષ લઇ, બહાર રહેલા મઠમાં આવીને સુતા.

મહાવીર શ્રીચંદ્ર તેમની આ બધી ચેષ્ટા જોઇ, પછ પોતાને સ્થાને આવ્યા. અદૃશ્ય ગુટિકાનો પ્રયોગ દૂર કર્ર, તે શય્યામાં સુઈ ગયા. પ્રાતઃકાળ થયો, એટલે પેલો વીણારવ ગાયક પોકાર કરતો કરતો કુમારની આગળ આવ્યો તેણે નમન કરી વીર કુમારને જણાવ્યું, સ્વામી ! આપના જેવા પરાક્રમી પુરૂષ વિદ્યમાન છતાં મારા ઘરમાંથી મોટી ચોરી થઈ. ગઈ કાલે આપે જે ઇનામમાં દ્રવ્ય આપ્યું હતું, તે બધું ચોરાઈ ગયું. જેને માટે આ નગરમાં ચોરીનો પોકાર થાય છે, તેજ ચમત્કારી ચોરોએ મારૂં ધન હરી લીધું. દ્રઢ સ્થાનમાં રાખેલા ધનને તેઓ ક્ષણ માત્રમાં લઇ ગયા. મહારાજા ! તેમાં આપનો શો દોષ કાઢવો ? મારા ભાગ્યનોજ તે મહિમા છે. ધનવંતપણાના ભાગ્યનો હું કોઈ રીતે અધિકારી નથી. આપ જેવા ઉદાર સ્વામીએ મારાં દારિદ્રનો છેદ

૨૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યો હતો, અને મને જગતમાં ધનવંતની શ્રેણીમાં મુકયો હતો, તથાપિ હું પાછો મારી પૂર્વ સ્થિતિમાંજ આવ્યો. મારી સ્થિતિ જોઇ, મને નીચેની કવિતાનું સ્મરણ થાય છે—

દોષ કિશો દાતારનો, જો કર્મે નવિ હોય,
સર્વ રત્ન દેવે ગ્રહ્યાં, શંભુ કાળકૂટ જોય. ૧

વીણારવની આવી ફરીયાદ સાંભળી રાજકુમારે તરત જિતશત્રુ રાજાને બોલાવ્યા. અને બીજા અધિકારીઓને પણ બોલાવ્યા. સર્વની સમક્ષ રાજકુમારે જિતશત્રુ રાજાને ગુસ્સાથી કહ્યું, રાજન્! આ શો જુલમ? તમારે શરમાવાનું છે. કપિલપુરની પ્રજા ઘણો વખત થયાં પોકાર કરે છે, તથાપિ કોઇ તેમની સંભાળ લેતું નથી, એ કેવી અનીતિ? નરપતિ! તમે રાજા નામ ધારણ કરી, તમારી પ્રતિષ્ઠાને ગુમાવી છે. પ્રજાનું રક્ષણ નહીં કરનારા નૃપતિઓ રાજા નથી, પણ રાજાનો વેષ પહેરનારા નટડા છે. તમે રાજ્યસત્તા ધારણ કર્યા છતાં આખું શહેર હમેશાં લુંટાય, એ કેવી વાત? આકાશ, પાતાળ, કે અંતરીક્ષમાં રહેલા તે દુષ્ટ ચોરોને શોધીને તમારે શિક્ષા કરવી જોઈએ. જેના રાજ્યમાં પ્રજા દુઃખી થાય, અને રાજા રાજ્ય વૈભવ ભોગવે, તે રાજા નરકના અધિકારી થાય છે.

રાજકુમાર શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી જિતશત્રુ રાજાને ઘણી લજ્જા આવી. તે ઘણી વાર નીચું જોઈને રહ્યા. પોતાના મનમાં એટલે સુધી થયું કે, જો ધરતી માર્ગ આપે, તો હું અહીંજ સમાઇ જાઉં. જિતશત્રુ રાજાના મુખ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપર આવી ગ્લાનિ જોઇ શ્રીચંદ્રે એક બીડું મંગાવ્યું, અને તે હાથમાં લઇ સર્વને જણાવ્યું કે, જે કોઈ તે ચોર; પકડવાને માટે આ બીડું ગ્રહણ કરશે, તેને હું સુંદર પોષાકની સાથે મોટું ઈનામ આપીશ. આ પ્રમાણે કહી, ઘણી વાર સુધી બીડું રાખ્યું, તથાપિ કોઇ બીડું લેવાને આવ્યું નહિ. ઘણી વાર થઈ, એટલે સભાજન બોલ્યા કે, મહારાજ! આ પ્રમાણે ઘણીવાર બીડાં કરવામાં આવ્યાં હતાં, તથાપિ કોઈ પણ હજુ સુધી એ બીડાંનો ગ્રાહક થયો નથી. શા માટે આપ વિલંબ કરો છો? એ ચમત્કારી ચોરની શોધ કરવાને કોઇ પણ વીર સમર્થ થયો નથી. ઘણી વાર બીડાંને ગ્રહણ કરી, પ્રયાસ કરનારાઓ છેવટે નિષ્ફળ થયા છે. મહારાજ! આપ તે વિષેનો આગ્રહ છોડી દ્યો. રાજાનું રાજત્વ. વીરનું વીરત્વ, ધર્મીનું ધર્મિત્વ. અને અભિમાનીનું અભિમાન એ દુષ્ટ ચોરોએ વ્યર્થ કર્યું છે.

સભાજનનાં આ વચન સાંભળી રાજપુત્ર ઉપરના દેખાવથી વિચારમાં પડયા હોય તેમ દેખાયા; પરંતુ તેઓ એ ચમત્કારી ચોરનો નિગ્રહ કરવાનો ઉપાય જાણતા હતા, તેથી તેઓ પોતાના નિશ્ચયથી ચલિત થયા નહીં. ઘણી વાર સુધી સભામાં બેસી રહ્યા. જ્યારે મધ્યાન્હ કાળ થયો, એટલે રાજમાતા સૂર્યવતીને ચિંતા થઈ કે, રાજકુમાર અદ્યપિ સભામાંથી કેમ આવ્યા નહીં હોય? તે દયાળુ માતાએ તરતજ એક દૂતને પત્રિકા લઇ મોકલ્યો, અને મુખેથી કહેવરાવ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે, રાજકુમાર ! ઘણી વિલંબ થઇ ગઇ છે, દેવ પૂજા અને ભોજનને કાળાતિક્રમ થઈ ગયો છે, માટે સત્વર પધારો. અહીંનું સર્વ રાજમંડળ ભોજનની રાહ જોઇ બેઠું છે. આપણે જેને ઘેર મિજમાન થઈ આવ્યા છીએ, તેને આપણા તરફથી જરા પણ દુઃખ ન થવું જોઈએ. જેના જવાથી ગૃહપતિ ખુશી થાય, અને તેનું કુટુંબ રાજી રહે, તેનું નામજ ઉત્તમ અતિથિ કહેવાય છે. આપણા નિમિત્તથી જિતશત્રુ રાજાના દરબારમાં બધું રાજકીય મંડળ ક્ષુધાથી પીડાય છે. ક્ષુધા કેવી ખરાબ છે, તે તમે જાણો છો, તે છતાં તેનું પુનઃ સ્મરણ આપવાને મોકલાવેલી પત્રિકાની અંદર જે સંસ્કૃત કવિતા છે, તેનું વાંચીને બરાબર મનન કરજો.

દૂતે આવી રાજમાતાની પત્રિકા કુમારના હાથમાં મુકી, અને માતાએ જે સંદેશો કહ્યો હતો, તે બધો રાજકુમારના શ્રવણમાં સ્થાપિત કર્યો. પોતાની માયાળુ માતાનો સંદેશો સાંભળી સ્મિત હાસ્ય કરતાં કુમારે તે પત્રિકા ઉખેળીને વાંચી. જેમાં નીચે પ્રમાણે સંસ્કૃત કાવ્ય લખેલું હતું:—

या सद्रुपविनाशिनी श्रुतहरी पंचेंद्रियोत्कर्षिणी
चक्षुः श्रोत्रललाटदैन्यकरणी वैराग्य मुत्पादिनी ।
वधूनां त्यजनी विदेशगमनी चारित्रविध्वंसिनी
सेयं बाधति पंचभूतदमनी प्राणापहारा क्षुधा ॥ १ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"જે સારા રૂપને નાશ કરનારી છે, સાંભળેલાને ભુલાવનારી છે, પાંચ ઈંદ્રિઓને ખેંચનારી છે, નેત્ર, કર્ણ અને લલાટને દીનતા આપનારી છે; વૈરાગ્યને ઉત્પન્ન કરનારી છે, બંધુઓને ત્યાગ કરનારી છે, વિદેશમાં લઇ જનારી છે, ચારિત્રનો નાશ કરનારી છે, અને પાંચ ભૂતને દમન કરનારી છે, તેવી તે પ્રાણહારિણી ક્ષુધા, અતિશય પીડા કરે છે."આ પત્રિકા વાંચી રાજકુમાર વિચારમાં પડયા, તરતજ તેમણે મંત્રીને મોકલી માતુશ્રીને જણાવ્યું કે, માજી ! જ્યાં સુધી આ બીડું કોઇ લેશે નહીં, ત્યાં સુધી મારે જમવાનો અભિગ્રહ છે; બીજાઓને મારા સોગન આપી જમાડજો, જ્યારે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થશે, ત્યારેજ હું તો જમવાનો છું. મંત્રીએ આવી રાજમાતાને એ ખબર આપ્યા. તરત જ રાજમાતાએ બીજાં રાજકીય માણસોને જમવાનો આગ્રહ કર્યો. માત્ર પોતેજ 'પુત્ર વિના જમવું નહીં.' એવો નિશ્ચય કરી બેઠાં.

રાજકુમારનો આવો દઢ નિશ્ચય જોઈ, તેમના પ્રિયમિત્ર ગુણચંદ્રે નમ્રતાથી જણાવ્યું, મહારાજ ! આવો અભિગ્રહ કર્યો, તે સાહસ છે. એ ચોરની ચોરી ચમત્કારી છે. કોઈ પણ સમર્થ વીર તેની શોધ કરી શકયો નથી, અને કરી શકે તેમ પણ નથી. ગુણચંદ્રનાં આવાં વચન સાંભળી રાજકુમાર તરતજ બેઠા થયા. સભા વિસર્જન કરી, મિત્રને સાથે લઈ અશ્વારૂઢ થઇ નગરની બાહેર ચાલ્યા. રાજકુમારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાત્રે જે માર્ગ જોયો હતો, તેજ માર્ગે તેઓ આગળ ચાલ્યા. આગળ જતાં એક ઉદ્યાન આવ્યું. ઉદ્યાનની અંદર પ્રવેશ કરતાં મઠ જોવામાં આવ્યો, તે મઠની અંદર અનેક મુસાફરો આવી ઉતરતા હતા, ત મઠમાં જતાં ત્રણ યોગીઓ જોવામાં આવ્યા, તે યોગીઓ મુખમાં તાંબૂલ ચાવતા હતા, અને પરસ્પર વાર્ત્તા કરતા હતા. તે યોગીઓને રાજપુત્રે પોતાની પાસે બોલાવ્યા. યોગીઓએ શાંત પ્રકૃતિથી કુમારને આશીર્વાદ આપ્યો. રાજકુમારે મૃદુહાસ્ય કરી તે યોગીઓને કહ્યું, ભદ્ર! તમે ખરેખરા યોગી છો કે ભોગી? યોગીઓ ચમકીને બોલ્યા—મહારાજ! અમે યોગી છીએ, ભોગી તો આપ જ કહેવાઓ. રાજા બોલ્યો—જો તમે ભોગી ન હો, અને યોગી ન હો, તો તાંબૂલના અલંકારથી અલંકૃત કેમ થયા છો? રાજકુમારનાં આવાં વચન સાંભળી, તે કૃત્રિમ યોગીઓ શ્યામ મુખ થઈ ગયા. તરતજ રાજાએ તેમને ઓળખી લીધા. પછી તેમણે આજ્ઞા કરી કે, આ મઠમાં ઘણા મુસાફરો આવે છે, તેથી આ મઠને વિશાળ કરવાની જરૂર છે. પછી તરતજ ઘણા લોકોને નગરમાંથી બોલાવ્યા, અને મઠની આસપાસની ભૂમિને ખોદાવા માંડી, તે ખોદતાં એક શિલા જોવામાં આવી, અને તે શિલા નીચે મોટું ભૂમિગૃહ નીકળ્યું, તેની અંદર હીરા, રત્ન, મોતી અને કીંમતી દાગીનાઓ તથા સુંદર વસ્ત્રો જથ્થાબંધ નીકળવા માંડયાં. ત્યાં જિતશત્રુ, વીણારવ, અને બીજા પ્રજાના આગેવાનોને બોલાવ્યા. તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કીંમતી માલના ઢગલા જોઈ, બધા આશ્ચર્ય પામી ગયા. ચોરીના માલને પત્તો લાગવાથી નગરના લોકો આવીને એકઠા થઇ ગયા. રાજકુમારે આજ્ઞા કરી, એટલે વીણારવ વિગેરે બધા લુંટાએલા લોકો પોતપોતાનો માલ ઓળખીને લઇ ગયા. નગરમાં ચોરાએલો માલ પાછો મળવાથી લોકોની અંદર આનંદોત્સવ થઇ રહ્યો, પછી તરતજ રાજકુમારે આજ્ઞા કરી, એટલે પહેલા ત્રણે યોગીઓને બાંધી લીધા. અનેક પ્રકારની શિક્ષા કરવામાં આવી, તથાપિ તેઓએ પોતાનો ગુન્હો કબુલ કર્યો નહીં. પછી મહાવીર રાજકુમારે તેમને ફાંસીની શિક્ષા ફરમાવી, જ્યારે ફાંસીને ભયંકર સ્થાને આવ્યા, એટલે દયાળુ મહારાજા શ્રીચંદ્ર તેમની પાસે ગયા, અને પુછયું, અરે દુષ્ટો ? તમે કોણ છો ? અને આ ચોરીનું કામ તમે કર્યું છે કે નહીં ? તે બધુ સત્ય હોય તે કહો, નહીં તો તમને દેહાંત શિક્ષા કરવામાં આવશે.

લોહખુરે જણાવ્યું, રાજા ! અમો કાંઇ પણ જાણુતા નથી, તમો દયાળુને જેમ યોગ્ય લાગે તેમ કરો. રાજકુમારે હસતાં હસતાં કહ્યું, અરે મૂર્ખ ! સાચેસાચું કહી દે, હું તને ઓળખું છું, તારૂં નામ લોહખુર છે. મેં તને મહેંદ્રપુરની સીમમાં જીવતો મુકયો હતો, કેમ ભુલી જાય છે ? તું અવસ્વાપિની નિદ્રા જાણે છે, કેમ સાચી વાત છે કે ખોટી ? રાજકુમારનાં આ વચન સાંભળી તેઓ આશ્ચર્ય પામી ગયા; તરતજ તેમણે હૃદયમાં વિચાર્યું કે, આ ખરેખર શ્રીચંદ્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા છે, તેમણે આપણને ઓળખ્યા છે, હવે જે સાચું હોય, તે કહી દેવું જોઈએ. વળી માતા, પિતા, ગુરૂ, દેવ અને રાજાની આગળ હમેશાં સાચુંજ બોલવું, એ નીતિ છે, આવું વિચારી લોહખુર બોલ્યો—સ્વામી ! તમે કહો છો તે સત્ય છે. તમે પરોપકારી છો, તમારે આધારે પ્રાણ અર્પણ કરી હું સત્ય કહું છું. લોહજંઘના અમે ત્રણ પુત્રો છીએ, **વજ્રખુર લોહખુર**, અને **રત્નખુર** એવાં અમારાં નામ છે, કુંડળટોળક પર્વતની પાસે આવેલા મહેંદ્રપુરના સીમાડામાં અમે રહીએ છીએ; ચૌર્યકળામાં અમે પ્રવિણ છીએ, આજે આપના તાબામાં આવી ગયા છીએ, હવેથી આપ અમારા સ્વામી છો, જે યોગ્ય લાગે તે કરો.

તે ચોરોની વિનતીથી શ્રીચંદ્રકુમારને દયા આવી, તત્કાળ તેમને દેહાંત શિક્ષામાંથી મુક્ત કર્યા, અને ધર્મ સંભળાવી પ્રતિબોધિત કર્યા. જે ધર્મના પસાયથી તેઓ દુષ્કર્મથી મુક્ત થયા; તેવા દુરાચારી પણ સદાચારી થઈ ગયા, રાજકુમારની આજ્ઞા લઈને તેઓ હર્ષ સાથે મહેંદ્રપુર ગયા. બેસતાં, ઉઠતાં, અને બીજી યોગ્ય ક્રિયાઓ કરતાં તેઓ નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યા. તેઓ ચારે પર્વણીમાં પોષહ વ્રત કરતા, પાંચ પર્વે જ્ઞાન ભણતા, છ પર્વે તપસ્યા કરતા, અને સાત ક્ષેત્રે ધન વાવતા, અને હમેશાં ત્રિકાળ જિનપૂજા કરતા હતા. શ્રીચંદ્રકુમારના સંગથી તેઓ સર્વરીતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શુદ્ધ શ્રાવક થઇ ગયા, તેમજ મહેંદ્રપુરનો રાજા પણ ઘણોજ આસ્તિક થઇ ગયો. હે મહારાજા પ્રતાપસિંહજી ! તમારા પુત્રના પ્રભાવથી મહેંદ્રરાજાના હૃદય ઉપર ઘણી અસર થઇ ગઇ. પછી રાજકુમારે સુલોચના રાજપુત્રીનું વિધિથી પાણી-ગ્રહણ કર્યું. આ મહોત્સવમાં રાજકુમાર શ્રીચંદ્રની સત્કીર્તિ ચારે દિશામાં પ્રસરી ગઈ છે. રાજેંદ્ર ! ત્યારપછી મહારાજા શ્રીચંદ્રકુમારે આપને ખબર આપવા અમોને અહીં મોકલ્યા છે; રાજકુમાર આપનાં પવિત્ર દર્શન કરવાની ઈચ્છાથી ચૌદ રાજાઓની સાથે કુશસ્થળી રાજધાનીમાં હવે આવે છે. તમારા રાજપુત્રે આર્હત ધર્મના વિજયધ્વનિથી ભારતને ગજાવી મૂક્યું છે, પુણ્યના પ્રભાવિક પ્રકાશથી ભારત પ્રજાને અંજાવી નાખી છે.

મંત્રીઓના મુખથી આ વૃત્તાંત સાંભળી કુશસ્થળીપતિ ઘણોજ ખુશી થઇ ગયો, તત્કાળ તેણે મોટા માનની સાથે તે ચારે મંત્રીઓને પોશાક આપ્યો, અને કુશસ્થળીમાં મહોત્સવ કરવાની આજ્ઞા કરી. પોતાના રાજકુમારનાં દર્શનની ઇચ્છાથી પ્રજા અત્યંત આનંદ પામી ગઇ. બાળકથી તે વૃદ્ધ સુધીનો તમામ પ્રજાવર્ગ કુશસ્થળીના પાટવી કુમારના આગમનને વધાવવાને તૈયાર થઈ ગયો, કુશસ્થળીપુરી ધ્વજાઓ અને તોરણોથી અલંકૃત થઇ ગઇ, પ્રત્યેક ચત્વરે અને શેરીએ અષ્ટમંગળનાં ચિત્રમય ચિન્હો સ્થાપિત કરવામાં આવ્યાં, અને નવરંગિત આરકાઓ કરી, તેમાં “ શ્રીચંદ્રકુમારનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જય " ઈત્યાદિ આશિર્વાદસૂચક મહાવાકયો લખવામાં આવ્યાં, સૌભાગ્યવતી સુંદરીઓ નવરંગે અલંકૃત થઇ, રાજપુત્રને સુવર્ણ તથા મોતીએ વધાવવાને તૈયારી કરવા લાગી, જૈન પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓ જિન સ્તુતિ ગર્ભિત આશિર્વાદના વચનોના શુદ્ધ ઉચ્ચાર શીખી તૈયાર થવા લાગ્યા, જૈન બાલિકાઓ પોતાના યુવરાજનાં ઓવારણાં લેવા તૈયાર થવા લાગી, ઘેર ઘેર આનંદ ઉત્સવ થઈ રહ્યો, અને સર્વ પ્રજા શ્રીચંદ્રકુમારરૂપ ચંદ્રની શીતળ અને સુધામય છાયાનો આશ્રય લેવાનો અભિલાષ ધરી આનંદમાં મગ્ન થવા લાગી.

## પ્રકરણ ૨૧ મું.

### સુહૃત્ સમાગમ.

કુશસ્થળીમાં આનંદમંગળ વર્ત્તાઇ રહેલ છે, પોતાના રાજકુમારનાં દર્શન કરવાને પ્રજા, ચંદ્ર ઉપર ચકોરની જેમ ચતુર ચેષ્ટા કરે છે, શેરીએ શેરીએ મહામંગળ વર્ત્તાઇ રહ્યો છે, પૂર્ણ કુંભ; વેદિકા, અને તોરણની શોભાથી ગૃહાંગણ દીપી રહ્યાં છે. વિચિત્ર રંગની પતાકાઓની શ્રેણીથી રાજમાર્ગ શોભે છે, નવરંગિત પોશાક ધારણ કરી, નગરજનો પ્રત્યેક સ્થાને ફરે છે, વિવિધ રંગથી સુશોભિત કરેલી અટારીઓમાં તથા અગાશીઓમાં પુરરમણીઓ સજ્જ થઈ ઉભી રહેવાની તૈયારી કરે છે, અને પોતાના યુવરાજને પુષ્પોહાર, સુવર્ણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તથા મોતીઓથી વધાવવાનો ઉમંગ ધરે છે. વિવિધ જાતનાં વાજિંત્રોના નાદથી ગગનમંડળ ગાજી રહ્યું છે, રાજમહેલમાં જાતજાતની રચના કરવામાં આવી છે, નવરંગિત પતાકાઓની શ્રેણીઓથી રાજગૃહને સુશોભિત કરવામાં આવ્યું છે, નોબત સરણાઇ, ભેરી, અને મૃદંગના શબ્દોના પ્રતિધ્વનિથી રાજમહેલ ગાજી રહ્યો છે, પવનના પ્રસારથી ચલાયમાન થયેલી ધ્વજાઓ જાણે પોતાના યુવરાજને બોલાવતી હોય, તેમ દેખાય છે, રાજપુરૂષો નવીન પોષાક ધારણ કરી નવીન રાજાને નમન કરવાનો ઉમંગ ધરી ફરે છે, વસ્ત્રાલંકારથી દેદીપ્યમાન દેખાતી દાસીઓ સુંદર શ્રૃંગાર ધારણ કરી, યુવરાજને વધાવવા તૈયાર થાય છે; મહારાજા પ્રતાપસિંહ પુત્રનાં દર્શન કરવા ઉત્કંઠિત થઇ ઇષ્ટોપાસના કરે છે. આ વખતે નગરચૈત્ય અને ગૃહચૈત્યમાં મહોત્સવ પૂર્વક જિનપૂજા ભણાવા લાગી, ઉત્તમ પ્રકારની આંગીઓ રચી અને દીપમાળ પૂરી જિનપૂજાની ભક્તિ કરવા માંડી, અઠ્ઠાઇ ઉત્સવ અને જળયાત્રા વિગેરે આર્હત ઉત્સવોના સમારંભ કરવામાં આવ્યા, પોતાના મનોરથ સિદ્ધ થવાથી પવિત્ર હૃદયના પ્રતાપસિંહે દેવભક્તિ, ગુરૂભક્તિ, અને ધર્મભક્તિની વૃદ્ધિ કરવા માંડી, એક તરફ લૌકિક ઉત્સવ અને એક તરફ ધાર્મિક ઉત્સવ આરંભી, મહારાજાએ આ પ્રસંગે દાનધર્મનો પ્રભાવ પણ પ્રવર્ત્તાવવા માંડ્યો. પાત્રદાન, દયાદાન અને કીર્તિદાન, એ ત્રિવિધ દાનના પ્રવાહ પ્રવર્ત્તવા લાગ્યા; કવિઓ, વિદ્વાનો, અને ગુણિજનોને મોટાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોટાં ઇનામ આપવામાં આવ્યાં, દીન, દુઃખી અને નિરાશ્રિત લોકોનો સારો ઉદ્ધાર કરવા માંડ્યો, કારાગૃહમાંથી અપરાધીઓને પણ મુક્ત કરવામાં આવ્યા, આ સર્વથી સાધર્મિવાત્સલ્ય કરવામાં મહારાજાએ મોટી ઉદારતા દર્શાવી હતી. જૈન પાઠશાળાઓમાં ભણતાં શ્રાવક શિશુઓ અને બાળશ્રાવિકાઓને સારાં સારાં ઇનામો વહેંચવામાં આવ્યાં, પૌષધશાળાના તપસ્વીઓને ભોજન વસ્ત્રનાં દાન આપવામાં આવ્યાં, અને દિવસના ચારે પોહોર સુધી દાનશાળાનાં દ્વાર ઉઘાડાં રાખવામાં આવ્યાં. આ પ્રમાણે કુશસ્થળીમાં ધામધૂમ પ્રવર્ત્તી રહી હતી.

અહિં પ્રતાપી વીર શ્રીચંદ્ર પોતાના પિતાની રાજધાનીમાં આવતા પહેલાં જે જે રાજાઓના સંબંધમાં પોતે જોડાએલ, અને જે જે રાજકન્યાને પોતાના પ્રેમથી અંકિત કરેલ, તે બધાંને તે ઉત્સાહથી મળ્યો હતો. પોતે કહેલાં વચનને સાર્થક કરવા તે ખંતીલો હતો. જે જે પુરૂષ કે સ્ત્રી તેના વચન ઉપર રહેલ, તેને ગમે તે પ્રકારે વચન પૂર્ણ કરવાનો તેનો દૃઢ નિશ્ચય હતો.

પોતાના પ્રિય મિત્ર ગુણચંદ્રની પ્રેરણાથી તે પૂર્વે વશ કરેલા ગંધહસ્તીને વશ કરવાને પાછો સુવેગરથમાં બેસી કુંડલપુરમાં ગયો હતો. ઈંદ્ર જેમ ઐરાવત ઉપર બેસે, તેમ તે ગજેંદ્રને બોલાવી તેની પર આરૂઢ થઈ, મહેંદ્રપુરમાં આવ્યો હતો. ત્યાંથી તિલકપુરમાં આવતાં ત્રિલોચન રાજાને મળી તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે લીધો હતો. તે પછી વસંતપુર જઈ વીરવર્માને તેણે રાજ્ય આપ્યું, અને તે પછી નરવર્માનો અતિથિ સત્કાર ગ્રહણ કર્યો હતો. એવી રીતે માર્ગે ઘણા રાજાઓને તેણે એકઠા કર્યા હતા. જે નૃપતિઓએ તેની આજ્ઞા માન્ય કરી, તેવાઓના મનોરથ તેણે પૂરા કર્યા હતા. કેટલાએકને ઇનામો આપતો, અને જે ઉન્મત થતા તેમને શિક્ષા આપતો હતો. ગજેંદ્રપર સ્વારી કરી તેણે અનેક કાર્યો સિદ્ધ કરી પોતાની ઉજ્વલ કીર્ત્તિને ભારતના ક્ષેત્ર ઉપર પ્રસરાવી હતી. પોતાના ગમનથી પવિત્ર થયેલા પ્રદેશમાં તેણે જેવી પોતાની વીરતા દર્શાવી આપી હતી, તેવીજ તેણે ધાર્મિકતા પણ દર્શાવી આપી હતી.

આ પ્રમાણે ગજેંદ્રપર સ્વારી કરી તે પાછો તિલકપુરમાં આવ્યો. ત્યાં વિશ્રાંત થયેલા શ્રીચંદ્રને એક દૂતે આવી વિજ્ઞપ્તિ કરી કે, સ્વામી! આપના પિતા પ્રતાપસિંહજી આપને મળવાને રત્નપુર આવેલા છે. પુત્રનાં દર્શન કરવાની આતુરતાથી તેઓ પૂર્ણ રીતે ઘેરાએલા છે, તેમની દૃષ્ટિ પુત્રનાં દર્શનરૂપ અમૃતમાં મગ્ન થવાને આતુર બની રહી છે, તેમની ભુજાઓ આપને દૃઢાલિંગન કરી મળવાની ઉત્કંઠા ધારણ કરે છે; તેમની ઘ્રાણ ઇંદ્રિય આપના મસ્તકનું આઘ્રાણ કરવા તત્પર થઈ રહી છે, ચિરકાળના આપના વિરહથી તે અતિ પીડિત છે. દૂતના મુખથી આ ખબર સાંભળતાંજ શ્રીચંદ્ર પિતાના દર્શનમાં ઉત્સુક થઇ ગયો, પિતૃભક્તિના પ્રભાવથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેના શરીરપર રોમાવળી પ્રગટ થઇ ગઇ, તેના હૃદયમાં આવ્યું કે, આજે મારૂં અહોભાગ્ય, કે જેથી હું પવિત્ર પિતાનાં દર્શન કરીશ. એ જંગમ તીર્થનાં ચરણમાં નમન કરી હું મારી પુત્રતાને સર્વ રીતે કૃતાર્થ કરીશ. આજે ચિરકાળ સેવેલો આર્હત ધર્મ મને સફળ થયો, ચતુર્વિધ પુરૂષાર્થને પૂર્ણ કરનાર મારો ચતુર્વિધ ધર્મ આજે કલ્પવૃક્ષની જેમ ફળોન્મુખ થયો. આ પ્રમાણે વિચારી શ્રીચંદ્ર તિલકપુરથી આગળ ચાલ્યો.

કેટલોક માર્ગ ઉલ્લંઘન કરતાં પ્રતાપસિંહની સ્વારી સામી આવતી જોવામાં આવી કુશસ્થળી રાજધાનીની કેટલીએક મહાન્ સમૃદ્ધિને જોતાંજ શ્રીચંદ્રના નેત્રમાંથી હર્ષાશ્રુની ધારા ચાલી પોતાના સૈનિકોની પતાકાઓમાં કુશસ્થળીના રાજ્યનાં ચિન્હો જોઇ તેના હૃદયમાં ઘણી અસર થઇ ગઇ. જન્મભૂમિનો પ્રભાવ અલૌકિક છે. માણસ ગમે ત્યાં જાય, ગમે ત્યાં જઇ અસંખ્ય ધન મેળવે, મહાન્ સમૃદ્ધિ સંપાદન કરે, કીર્તિના કોટ ઉભા કરે, અપૂર્વ સન્માન સંપાદન કરે, અદ્ભુત પરાક્રમ દર્શાવે, લોકોને ચકિત કરી દે, અને જયધ્વનિથી ગગને ગજાવી મુકે, તથાપિ તેને પોતાની જન્મભૂમિ કદિપણ વિસ્મૃત થતી નથી. જ્યારે જન્મભૂમિ કે, તેના દેખાવોનાં દર્શન થાય, ત્યારે તેના હૃદયમાં અલૌકિક આનંદ પ્રગટ થઈ આવે છે. જન્મભૂમિનું વાત્સલ્ય દિવ્યતાને ધારણ કરે છે. જ્યાં પોતાનું બાલ્યવય નિર્ગમન થયું હોય, જ્યાં શિશુવયનો નિર્દોષ આનંદ અનુભવ્યો હોય, જ્યાં માતા પિતાના સહ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાસનું સુખ સંપાદિત કર્યું હોય, જ્યાં વિવિધ જાતની બાળ ક્રીડાઓ આચરી હોય, જ્યાં મિત્રમંડળમાં રહીને અદ્ભુત વિનોદ કરેલો હોય, જ્યાં સમાન વયના મિત્રોની સાથે પાઠશાળા કે જ્ઞાનશાળામાં રહી, ઉત્તમ અભ્યાસ આચર્યો હોય, અને વિદ્યાર્થી અવસ્થાના સ્વતંત્ર સુખ સાથે વિદ્યા વિલાસ અનુભવ્યો હોય, તે જન્મભૂમિનું-બાલ્ય વયની ક્રીડાભૂમિનું વિસ્મરણ કોને થાય ? કોઇને પણ થાયજ નહીં. જન્મભૂમિનું વાત્સલ્ય કેવું પ્રભાવિક છે ? તેને માટે લૌકિક શાસ્ત્રમાં વારંવાર લખવામાં આવ્યું છે. એક વિદ્વાન કવિ નીચેનું પદ્ય લખે છે:—

जननी जन्मभूमिश्च निद्रा पश्चिमरात्रिजा ।
इष्टयोगः सुगोष्टी च दुर्मोचाः पंच देहिनाम् ॥ १ ॥

"જનની, જન્મભૂમિ, પાછલી રાત્રિની નિદ્રા, ઈષ્ટ જનનો યોગ, અને સારી ગમ્મત–એ પાંચ પ્રાણી માત્રને દુર્મોચ છે, એટલે દુઃખે મુકી શકાય તેવાં છે. ૧

પ્રતાપી પ્રતાપસિંહની સ્વારી નજીક આવી, એટલે રાજકુમાર શ્રીચંદ્ર ગજેંદ્ર ઉપરથી નીચે ઉતરી પડ્યો. પિતાના ચરણમાં આવી દંડવત્ પ્રણામ કર્યો. પુત્રનાં દર્શન કરતાંજ પ્રતાપસિંહના હૃદયમાં એટલો બધો આનંદ આવ્યો કે, તેનું વર્ણન સહસ્ર જિંહાથી પણ થઇ શકે તેમ નથી. તેના નેત્રમાંથી આનંદના અશ્રુનો પ્રવાહ છુટવા લાગ્યો, શરીર રોમાંચિત થઇ ગયું. તરતજ પ્રેમના ઉભરાથી પ્રતાપે પુત્રની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભેટ લીધી. બે ઘડીવાર સુધી પ્રતાપસિંહ પ્રેમ મૂર્છામાં મૂઢ બની ગયો. પુત્રના અંગસ્પર્શથી તેને દિવ્ય આનંદ ઉત્પન્ન થયો, આવી રીતે પિતા, અને પુત્રનું પરસ્પર વાત્સલ્ય જોઈ, બીજાં પ્રેક્ષકો પણ ચકિત થઈ ગયા. ક્ષણવાર પછી સૂર્યવતી પણ પોતાના પતિની પાસે આવી સર્વની સમક્ષ અસ્કુટ જણાતો, તેમનો દાંપત્ય પ્રેમ નહીં ગુપ્ત, અને નહીં પ્રકાશ એમ દેખાયો. સૂર્યવતીએ વિનયથી પોતાના પતિને પ્રણામ કરી કુશળતા પુછી.

આ પ્રમાણે મેળાપનો મહોત્સવ થઈ રહ્યો હતો, તેવામાં એક તેજસ્વી બાળક શ્રીચંદ્રની પાસે આવીને ઉભો રહ્યો. સિંહના શિશુ જેવા એ બાળકે વિનયથી પ્રતાપસિંહને પ્રણામ કર્યો. તેની તેજસ્વી, અને વિક્રાંત મૂર્ત્તિ જોઇ, પ્રતાપસિંહ વિચારમાં પડયો, આવું તેજસ્વી બાળક કોનું હશે? તેની આકૃતિ ઉપર ક્ષાત્ર ધર્મનાં સર્વ ચિન્હો પ્રકાશી રહ્યાં છે, બાળ આકૃતિ છતાં તેમાં પ્રચંડતા દેખાય છે, કમળના જેવાં વિશાળ નેત્રોમાં કરૂણા, અને વીર, બન્ને રસ વાસ કરીને રહ્યા હોય, તેમ જણાય છે. પ્રતાપસિંહની આ શંકા તેના નેત્ર વિકારથી ચતુર શ્રીચંદ્રે જાણી લીધી. તત્કાળ તે વિનયથી અંજલિ જોડી બોલ્યો, પિતાજી! આપના હૃદય પ્રેમનું સ્થાન જેવી રીતે હું છું, તેવીજ રીતે આ બાળક પણ તેનો અધિકારી છે. જેવી રીતે તમારૂં પુત્રવાત્સલ્ય મારી તરફ વિકાશિત છે, તેવી રીતે આ બાળક તરફ પણ વિકાશિત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થવાને યોગ્ય છે. શ્રીચંદ્રનાં આવાં હેતુગર્ભિત વચન સાંભળી પ્રતાપસિંહ જાણી ગયો. પોતાની રાણી સૂર્યવતી સગર્ભાવસ્થાએ બાહેર ગયેલ, એ વાત તેને યાદ આવી, તરતજ તેને નિશ્ચય થયો કે, આ કુમાર તે પોતાનોજ કુમાર છે, તે શ્રીચંદ્રનો સહોદર બંધુ છે. તરતજ તેના હૃદયમાં વાત્સલ્ય રસ ઉત્પન્ન થઇ આવ્યો. પુત્ર વરવીરને પોતાના હૃદયની સાથે દાબ્યો, તેના કોમળ મસ્તકપર હર્ષાશ્રુની ધારાથી સિંચન કર્યું.

આજ પ્રસંગે એક મોટા હર્ષનું બીજું કારણ ઉત્પન્ન થયું. શ્રીચંદ્રનાં પાળક, અને પોષક માતા પિતા શેઠ લક્ષ્મીદત્ત, અને લક્ષ્મીવતી રત્નપુરથી ત્યાં આવ્યાં હતાં. રાજા પ્રતાપસિંહે શ્રીચંદ્રના આવવાના ખબર તેમને આપ્યા હતા. તેમને ઉમંગથી આવતા જોઇ શ્રીચંદ્રને ઘણોજ આનંદ ઉત્પન્ન થયો. પોતાનાં ઉપકારી માતાપિતાનાં દર્શન થતાંજ શ્રીચંદ્ર તેમની સન્મુખ દોડી આવ્યો. અને તે માતાપિતાના ચરણમાં દંડવત્ નમી પડયો. શેઠ લક્ષ્મીચંદ્રે અંતરંગ પ્રેમથી તેને આલિંગન કર્યું. ચિરકાળના વિયોગરૂપ અગ્નિથી દગ્ધ થયેલા હૃદયને પુત્ર અંગના સ્પર્શ સુખથી શાંત કર્યું. માતા લક્ષ્મીવતીએ પુત્રનાં ઓવારણાં લઈ નેત્રમાંથી આનંદાશ્રુ પાડ્યાં. પરસ્પર કુશળવાર્તા પુછી હૃદયકમળને પૂર્ણ આશ્વાસન આપ્યું.

તે પછી શ્રીચંદ્રકુમારની વિવાહીત પત્નીઓએ આવી પૂજ્ય વડીલ શ્રી પ્રતાપસિંહને, લક્ષ્મીદત્ત શેઠને તથા લક્ષ્મીવતીને નમન કર્યું. વડિલ વર્ગે પુત્રવધૂઓને ઉમંગથી

આશિષ આપી. શ્રીચંદ્રના પુનઃ સમાગમથી રાજી થયેલા મંત્રીઓ, અધિકારીઓ તથા કુશસ્થળીપુરીના આગેવાનો રાજકુમારને પ્રેમથી મળ્યા. વિનય અને વિવેકથી તેમણે પરસ્પર કુશળ સમાચાર પુછયા. આ સ્થળે કનકકુંડળ રાજ્યના મંત્રી લક્ષ્મણ, વામાંગ, વરચંદ્ર, ધનંજય, સેનાપતિ અને મદનપાળ વિગેરે આવી શ્રીચંદ્રને પ્રેમથી મળ્યા, તેમની તરફ શ્રીચંદ્રે પણ પોતાનો અપૂર્વ પ્રેમ દર્શાવ્યો. તેમની અપૂર્વ રાજ્યભક્તિ જોઈ, રાજકુમારે ઘણી પ્રશંસા સાથે તેમને અભિનંદન આપ્યું.

ચતુર બુદ્ધિના ગુણચંદ્રે પ્રસંગને લઈ રાજા પ્રતાપસિંહની આગળ શ્રીચંદ્રનું મુસાફરીમાં થયેલું ચમત્કારી ચરિત્ર વિસ્તારથી કહી બતાવ્યું. વિદેશ યાત્રામાં તેણે જે અદ્ભૂત પરાક્રમ, અને પુણ્યનો પ્રભાવ દર્શાવેલ, તે બધો મિત્ર ગુણચંદ્રે પ્રતાપસિંહની આગળ વર્ણન કરી બતાવ્યો, તે સાંભળી કુશસ્થળીપતિ ઘણો ખુશી થઇ ગયો. પરાક્રમી, અને વિદ્વાન્ પુત્રની પ્રશંસા સાંભળી કયો પિતા ખુશી ન થાય ? સત્પુત્રનાં સચ્ચરિત્રો જાણી, વિદ્વાન્ પિતા પોતાના જન્મની કૃતાર્થતાજ માને છે, જેના પુત્રનું નિષ્કલંક, પરાક્રમ ભરેલું અને નીતિથી નિર્મળ ચરિત્ર હોય, તો તેવા પિતાનું જીવિત સાર્થક છે, તેવા પુત્રથીજ પિતા ખરેખર પુત્રવાન્ છે.

પ્રભાવિક પ્રતાપસિંહ, પુત્રની પ્રશંસા ભરેલી ચરિત્ર કથાઓ સાંભળી ઘણોજ ખુશી થયો; તે સાંભળતાં પોતાને,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુશસ્થળીના રાજકુટુંબને અને કુશસ્થળીની પ્રજાને તે પુણ્યવાન્ તથા ભાગ્યશાળી માનવા લાગ્યો. પુત્રનો ઉત્કર્ષ સાંભળી તેની મનોવૃત્તિમાં ઘણીજ ઉત્તમ પ્રકારની અસર થઇ આવી, તે પ્રસંગે તેને નીચેનું મહાવાક્ય યાદ આવ્યું:—

" सर्वत्र जयमन्विच्छेत्पुत्राच्छिष्यात्पराजयम् । "

" સર્વ સ્થળે જય ઇચ્છવો, પણ પુત્રથી અને શિષ્યથી પરાજય ઇચ્છવો. "

પ્રતાપસિંહે પ્રેમ પૂર્વક પુછયું, વત્સ ! તારા સમાગમને માટે એક અવધૂત નિમિત્તિયાનો હું ઘણોજ આભારી છું. એ મહાત્માએ મને ખરેખરૂં જીવિતદાન આપેલું છે; તે સાથે યોગવિદ્યાનો ઉપદેશ આપી, મારા જીવનને સુધાર્યું છે. તેનું સ્મરણ કરતાં મને ઘણોજ અફસોસ થાય છે, તે મહાશયના ઉપકારનો બદલો હું જરા પણ વાળી શક્યો નથી. મેં તેમને ઘણી વિનંતિ કરી, ઘણી પ્રાર્થના કરી, અને ઘણી આજીજી કરી, પણ તે નિઃસ્પૃહ મહાત્માએ મારા તરફની કાંઇ પણ ઈચ્છા રાખી નહીં તેના જેવો નિઃપૃહ અને પરોપકારી મહાત્મા ભાગ્યેજ જોવામાં આવે છે. તેવા ઉપકારશીળ મહાત્માઓથીજ આ પૃથ્વી રત્નગર્ભા છે. ચિતાગ્નિમાં ભસ્મ થવાને તૈયાર થયેલા મારા આત્માને તેણે અચાનક આવી બચાવ્યો હતો.

પિતાનાં આ વચન સાંભળી, શ્રીચંદ્ર હૃદયમાં તે વાત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાણી ગયો હતો, તથાપિ એ વાતને પ્રકાશિત કરવાને તેણે પિતાને પુનઃ પ્રશ્ન કર્યો. પવિત્ર પિતાજી ! એ મહાત્મા કયાં ગયા, અને તેણે કેવી રીતે તમારો ઉપકાર કર્યો ? એ બધો વૃત્તાંત કૃપા કરી કહો. પુત્રના વચન ઉપરથી પ્રતાપસિંહે તે બધી વાત વિસ્તારથી કહી સંભળાવી. સમગ્ર વૃત્તાંત સાંભળ્યા પછી શ્રીચંદ્ર વિનયથી બોલ્યો—પિતાજી ! એ ચમત્કારી નિમિત્તિઓ તમારા ઘરનોજ માણસ હતો. તેણે કરેલો ઉપકાર તમારા ઉપકારની આગળ કાંઇપણ બીસાતમાં નથી. તે વિષે હવે વધારે કહેવાની ઇચ્છા થતી નથી. એટલુંજ બસ છે. શ્રીચંદ્રનાં વચન સાંભળી પ્રતાપસિંહ વિચારમાં પડ્યો. ત્યાં ચતુર ગુણચંદ્રે વિનયથી જણાવ્યું, સ્વામી ! આપ શો વિચાર કરો છો ? એ નિમિત્તિઓ બીજો કોઈજ નહીં, પણ આ તમારા પ્રતાપી પુત્ર શ્રીચંદ્રજ હતા. તે સાંભળતાંજ પ્રતાપસિંહ સાનંદાશ્ચર્ય થઇ ગયો. તરતજ તે પ્રેમાશ્રુ સહિત બોલ્યો—વત્સ ! તને જેટલો ધન્યવાદ આપું, તેટલો થોડો છે. આ સંસારમાં માતાપિતા મહાન્ ઉપકારી ગણાય છે, પણ તેનો બદલો આપનારા તારા જેવા થોડા પુત્રો હશે. તેં ખરેખર મહાન્ ઉપકાર કર્યો છે. તારી માતા અને તારા વિયોગરૂપ અગ્નિથી દગ્ધ થયેલું આ શરીર પુનઃ પ્રત્યક્ષ અગ્નિથી દગ્ધ થવા તૈયાર થયું હતું, તે વખતે તારૂં આગમન મારા જીવીતનું આગમન થઇ પડયું હતું. પણ વત્સ ! મને અતિ આશ્ચર્ય થાય છે કે, તે વખતે તું કયાંથી આવ્યો ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પિતાનાં વચન સાંભળી શ્રીચંદ્રે આત્મપ્રશંસા દોષ ન લાગે, તેવી રીતે પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો, જે સાંભળી સર્વ સમાજ ચકિત થઈ ગયો.

આ વૃતાંત સાંભળી સૂર્યવતીને વધારે આશ્ચર્ય થયું. પોતાના પુત્રે એ વાર્ત્તા તેણીને સ્પષ્ટ રીતે જણાવી નહતી, તેથી તેના હૃદયમાં અનેક પ્રકારની વિચારમાળા પ્રગટ થવા લાગી, અને તેણીને નિશ્ચય થયો કે, આ જગતમાં આત્મ-પ્રશંસાના મહાન્ દોષથી અદૂષિત એવો રાજકુમાર શ્રીચંદ્ર એકજ છે. વળી પોતાની તરફ પ્રતાપસિંહનો ઉત્તમ પ્રેમ જાણી, તેણીની મનોવૃત્તિમાં વધારે ખુશી ઉત્પન્ન થઇ. દાંપત્ય પ્રેમનો નમુનો પોતાના કુટુંબમાંજ રહેલો છે, એમ તેનું હૃદય સાભિમાન થયું. આ જગતમાં પતિભક્તા સ્ત્રીઓ કદાચ વિશેષ જોવામાં આવે છે, પણ પત્નીભક્ત પુરૂષો કોઇ જોવામાં આવતા નથી. એ કહેવત પોતાના પતિ પ્રતાપસિંહે ખોટી પાડી છે. પોતાની પ્રિય પત્નીના વિયોગથી પ્રાણ ત્યાગ કર-વાને તૈયાર થએલા પ્રતાપસિંહ મહારાજા પત્નીભક્તનો એક દ્રષ્ટાંત લેવા લાયક નમુનો બન્યા હતા. વૈધવ્યના દુ:ખને નહીં સહન કરનારી પતિવ્રતાઓ પ્રેમને વશ થઇ, કાષ્ટ ભક્ષણ કરવાને જેમ તૈયાર થાય છે, તેમ વિધુર અવસ્થાના મોટા દુ:ખને નહીં સહન કરનારા પત્નીવ્રતધારી મહારાજા પ્રતાપસિંહ પત્નીના પ્રેમને આધીન થઇ, કાષ્ઠ ભક્ષણ કરવાને તૈયાર થયા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે સર્વનો મેળાપ થયા પછી હર્ષિત થએલા શ્રીચંદ્રે તેજ સ્થળે એ પ્રેમ સ્વરૂપ મેળાપનું સ્મરણ રહેવા માટે **મેળકપુર** નામે એક નગર વસાવ્યું હતું. વિવિધ વર્ણની પ્રજાઓ મોટી સમૃદ્ધિ સહિત ત્યાં આવીને વસી હતી, તે શિવાય તેનાથી થોડે દૂર સમુદ્રને કાંઠે એક બીજું નગર પણ વસાવ્યું હતું. પોતાના પિતાના નામથી તે નગરનું નામ **પ્રતાપપુર** રાખ્યું હતું. મોટી મોટી નવરંગિત હવેલીઓથી, અટારીઓથી, અને વિમાનના જેવા જિનપ્રાસાદોથી તેને ઘણું સુશોભિત બનાવ્યું હતું. પ્રતાપપુરની રમણીયતા એવી સરસ બનાવી હતી કે, જેને જોવાને વિદેશી પ્રજાઓ ઉમંગથી આવતી હતી. પ્રતાપપુરમાં મોટે ભાગે શ્રાવક પ્રજા વસાવેલી હતી. પ્રત્યેક શેરીએ શેરીએ જિન ચૈત્ય આવેલાં હતાં, તે શિવાય બીજાં ગૃહચૈત્યો પણ સ્થાપિત કરવામાં આવ્યાં હતાં, એથી કરીને પ્રતાપપુર એક જૈન ધર્મની રાજધાની થઈ પડયું હતું. પિતાના નામને ચિરકાળ રાખવાને માટે પ્રતાપપુર વસાવીને તેમની નામ મુદ્રાથી અંકિત કરી, સોનાનાણું, રૂપાનાણું, અને તાંબાનાણું પણ શ્રીચંદ્રે એ નગરમાં ચલાવ્યું હતું. પ્રતાપની દ્રવ્ય મૂર્ત્તિને ચિરકાળ રાખવા એ મુદ્રાની અંદર તેની પ્રતિમા સાથે રાજચિન્હને સ્થાપિત કરવામાં આવ્યું હતું.

આ અરસામાં કર્કોટક દ્વીપમાંથી સૂર્યપ્રભ રાજાની સાથે નવ રાજકન્યાઓ પાંચસો વાહાણ સહિત ત્યાં આવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતી, જે રાજકન્યાઓમાં કનકસેના મુખ્ય હતી. સૂર્યપ્રભે ઘણી સમૃદ્ધિ સાથે તે રાજકન્યાઓ શ્રીચંદ્રને અર્પણ કરી અને તેમનો પૂર્વ સંબંધ સર્વની સમક્ષ જાહેર કર્યો; આથી પોતાના પુત્રના પુણ્યની મહાન્ સમૃદ્ધિ જોઈ, પ્રતાપસિંહના આનંદમાં મોટો વધારો થયો, અને તેણે સાનંદાશ્ચર્ય થઇ, પોતાના નિર્મળ હૃદયથી પ્રિય કુમારને અભિનંદન આપ્યું, તેવુંજ અભિનંદન પાળક પિતા લક્ષ્મીદત્ત શેઠે પણ હૃદયથી અને વચનથી પ્રકાશિત કર્યું.

---

## પ્રકરણ ૨૨ મું.

## ગુણચંદ્રને જાતિસ્મરણ.

એક સુશોભિત મેહેલમાં તેજસ્વી સિંહાસહન ઉપર તેજસ્વી પુરૂષ બેઠો છે, તેની પાસે મંત્રીસમાજ રાજકાર્યની વ્યવસ્થા કરે છે, મંત્રીઓ એક પછી એક રાજકીય કાર્ય વિષે તે પુરૂષને પુછે છે, પણ તેની તરફથી કાંઈ પણ સંતોષકારક જવાબ મળતો નથી. ક્ષણવાર તે હર્ષના આવેશમાં આવી જાય છે, વળી ક્ષણમાં ચિંતાતુર રહે છે, આ દેખાવ જોઈ એક શાણા મંત્રીએ પુછ્યું, રાજેંદ્ર ! આજે શા વિચારમાં છો ? તમારા મુખકમળ ઉપર ક્ષણે હર્ષનાં અને ક્ષણે શોકનાં ચિન્હો જોવામાં આવે છે, તેનું શું કારણ છે ? સિંહાસનપર બેઠેલા પુરૂષે વિચાર કરી જણાવ્યું, મંત્રીઓ ! બીજું કાંઇ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માત્ર રાજપુત્રીનું સ્મરણ થાય છે, ચિરકાળથી વિયુક્ત થયેલી રાજપુત્રીને મળવાની ઉત્કંઠા થઇ છે. જયારથી મને તેનું સ્મરણ થવા માંડયું છે, ત્યારથી મારાં દક્ષિણ અંગ ફરકે છે. તેવાં શુભ ચિન્હ જોઇ મને હર્ષ થાય છે, અને જયારે તે વાત દુર્લભ માનું છું, ત્યારે પાછી ચિંતા થાય છે, આથી ક્ષણમાં હર્ષ અને ક્ષણમાં ચિંતા થયા કરે છે.

વાંચનારને ભ્રમ પડ્યો હશે કે, આ સિંહાસનપર બેઠેલો પુરૂષ કોણ હશે ? અને તેની રાજપુત્રી પણ કોણ હશે ? આ સિંહાસનપર બેઠેલો સિંહપુરનો રાજા શુભગાંગ છે, તે ચંદ્રકળાનો પિતા થાય છે. પોતાની પુત્રી ચંદ્રકળાનું તેને સ્મરણ થઇ આવ્યું છે. અગાઉ તેના સાંભળવામાં આવેલ કે, પોતાનો જામાતા શ્રીચંદ્ર, રાજપુત્રી ચંદ્રકળાને સાથે લઇ વિદેશ ગયેલ છે, તે હજુ સુધી આવેલ નથી. ત્યારથી કોઇ કોઈ વાર તેના મનમાં તે વિષેની ચિંતા થતી હતી, પણ આજે શુભ શુકન થવાથી તેને ક્ષણમાં હર્ષ, અને ક્ષણમાં ચિંતા થાય છે. આજ વખતે એક દૂતે આવા ખબર આપ્યા કે, " સિંહપુરના સીમાડામાં શ્રીચંદ્રકુમાર પોતાના રાજકુટુંબની સાથે આવેલ છે. " અમૃતના સિંચન જેવા આ શબ્દો સાંભળી શુભગાંગ રાજાને ઘણોજ આનંદ થઇ ગયો. મનવાંછિત સફળ થવાથી તેની મનોવૃત્તિમાં શુભ નિમિત્તને માટે મોટો વિશ્વાસ ઉત્પન્ન થયો, તે સાથે આર્હત ધર્મ ઉપર વિશેષ શ્રદ્ધા ઉત્પન્ન થઇ. તરતજ પોતે સિંહાસન ઉપરથી બેઠો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો, અને મંત્રીઓને તેના પુરપ્રવેશનો ઉત્સવ કરવાની આજ્ઞા આપી.

રાજાની આજ્ઞાથી તત્કાળ સિંહપુરને શણગારવામાં આવ્યું. ધ્વજા, પતાકા, અને તોરણની શોભાથી સર્વ નગરને અલંકૃત કરવામાં આવ્યું. વિવિધ જાતનાં વાજિંત્રોના નાદથી શુભગાંગ રાજાના દરબારમાં ભારે ગર્જના થઈ રહી. ઘોડા, હાથી, રથ, અને પેદલ સાથે મોટી સ્વારી તૈયાર થઈ. રાજ્યની રીયાસતથી સામૈયાની શોભા દિવ્ય બની રહી.

રાજા શુભગાંગ મોટા ઠાઠમાઠથી સિંહપુરના સીમાડામાં સામો આવ્યો. પ્રેમથી ભરપૂર હૃદયે પોતાના જામાતા શ્રીચંદ્રને મળ્યો, રાજકુમારી ચંદ્રકળાને જોઇ નેત્રમાંથી હર્ષનાં અશ્રુની ધારા ચાલી. જો કે ચંદ્રકળા બાળવયથી પોતાના મોશાળમાં ઉછરી હતી, તથાપિ તેના પિતા શુભગાંગ રાજાની તેણીની ઉપર ઘણી પ્રીતિ હતી. ચંદ્રકળા પિતાને મળવાથી ઘણીજ ખુશી થઈ, તેણીએ પોતાનાં પૂજ્ય સાસુ સૂર્યવતીનો હૃદયથી ઉપકાર માન્યો. કારણ કે સૂર્યવતીની પ્રેરણાથીજ શ્રીચંદ્ર સિંહપુરમાં આવ્યો હતો. રાજા શુભગાંગ પુત્રીને મળ્યા પછી તરતજ સૂર્યવતીને મળ્યો, અને કુશળ સમાચાર પુછયા. અંતઃપુરનો સર્વ પરિવાર આવી ચંદ્રકળાને પ્રેમપૂર્વક મળ્યો. રાજકુમારીને પૂર્ણ સૌભાગ્યવાળી જોઇ, સર્વેએ મળીને અભિનંદન આપ્યું. સર્વેનો પરસ્પર મેળાપ થયા પછી તે સ્વારી મોટી ધામધુમ સાથે નગરમાં આવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીચંદ્રકુમાર અને રાજકુમારી ચંદ્રકળાને સિંહપુરની પ્રજાએ વધાવી લીધાં. પ્રજાજનનાં નેત્રને ઉત્સવ આપતી, તે સ્વારી રાજદ્વારમાં આવી પહોંચી.

આ પ્રસંગે એક ચમત્કારી બનાવ બન્યો. જેવામાં સ્વારી રાજદ્વાર આગળ આવી, ત્યાં ગુણચંદ્રને મૂર્છા થઈ આવી. તત્કાળ તેનું શરીર રથમાંજ ઢળી પડયું. શ્રીચંદ્ર તે જોઈ ચમકી ગયો, તેને સાવધાન કરવાનાં સાધનો લેવાને સેવકોની દોડાદોડ થઇ પડી. રાજા શુભગાંગ પણ ત્યાં દોડી આવ્યો; તેજ ક્ષણે સૂર્યવતી અને ચંદ્રકળાની સાથે બેઠેલી કમળશ્રીને પણ ત્યાંજ મૂર્છા આવી. એ ખબર પણ શ્રીચંદ્રના જાણવામાં આવ્યા. તત્કાળ તે બંને સ્ત્રી પુરૂષને રાજમંદિરમાં લઇ જવામાં આવ્યા. મૂર્છાના ઉપચાર કર્યા પછી ક્ષણવારે બંને સાવધાન થયાં. કૃપાળુ રાજકુમાર શ્રીચંદ્રે ગુણચંદ્રને પુછયું, મિત્ર ! આ શું થયું ? તને અકસ્માત્ મૂર્છા કેમ આવી ? આવા મહોત્સવમાં હર્ષ થવાને બદલે મૂર્છા થવાનું શું કારણ?

ગુણચંદ્ર સાવધાન થઈ બોલ્યો—મિત્રવર્ય ! આ નગરની ભૂમિ જોતાંજ મારા હૃદયમાં જુદીજ અસર થઈ ગઇ છે. આ પ્રદેશમાં પૂર્વે હું આવ્યો છું, એવું મને ભાન થઇ આવ્યું, અને તરતજ મારા પૂર્વ જન્મનું સ્મરણ થઇ આવ્યું. પ્રિય મિત્ર ! ખરેખર મને મારા પૂર્વ જન્મનું અહીં સ્મરણ થઈ આવ્યું છે. મારા પૂર્વ જન્મની સ્થિતિ મારી દ્રષ્ટિ આગળ ખડી થઇ ગઇ છે, હું પૂર્વે **ધરણ** નામે જોષીનો પુત્ર હતો. મારા પિતાનું નામ **શ્રીધર** અને માતાનું નામ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**નાગિલા** હતું, મારી સ્ત્રીનું નામ **શ્રીદેવી** હતું, એ પવિત્ર શ્રીદેવી મારી માતા નાગિલાને અપ્રિય થઇ હતી. દૈવયોગે મારેજ હાથે એ સતીનો સંહાર થઇ ગયો હતો. એ પાપનું પ્રાયશ્ચિત કરી હું શુદ્ધ થવાને અધિકારી થયો, પણ મને આ વખતે તે બધો વૃત્તાંત દ્રષ્ટિગોચર થયો છે. મિત્ર ! કમળશ્રીને પણ પોતાના શ્રીદેવીના જન્મનું સ્મરણ થઇ આવ્યું છે, આથી તે પણ મૂર્છા પામી છે. તીર્થારાધનના પ્રભાવથી હું આ ગતિને પામ્યો છું, તેમ શ્રીદેવી બીજે ભવે જિનદત્તા શ્રાવિકા થઇ. જન્મથી તે બ્રહ્મચારિણી રહી, નમસ્કાર મંત્રના પ્રભાવથી હાલ કમળ શ્રી થઈ છે. તે વખતે સોમદેવ વિગેરે જે હતા, તે બધા પ્રતિબોધ પામ્યા હતા, હું એક **ઉમા** નામે બીજી સ્ત્રી પરણ્યો હતો, તેમજ એક ખર્પરા નામે યોગિણી તે પ્રસંગે વિદ્યમાન હતી. પ્રિય મિત્ર ! મારી દ્રષ્ટિ આગળ પૂર્વનો સર્વ સંસાર પ્રત્યક્ષ થઈ આવ્યો છે. આ બધો તીર્થનો, અને નવકાર મંત્રનો મહિમા છે.

ગુણચંદ્રની આ વાર્તા સાંભળી શ્રીચંદ્ર વિગેરે સર્વ સમાજ સાનંદાશ્ચર્ય થઇ ગયો. સર્વેના હૃદયમાં આર્હત ધર્મની ભક્તિ જાગ્રત થઈ, જૈન તીર્થની અને પંચપરમેષ્ટીરૂપ નવકાર મંત્રની પ્રશંસાના ઉદ્ગાર સર્વના મુખમાંથી નીકળવા લાગ્યા.

મહારાજા શુભગાંગે શ્રીચંદ્રકુમારનું સહકુટુંબ આતિથ્ય કર્યું. પ્રતિદિન નવનવાં ખાનપાનથી, વિવિધ જાતના સત્કા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રોથી, રાજકીય ક્રીડાઓથી, રસ ભરેલી વાર્તાઓની ગોષ્ટિઓથી, અશ્વવિદ્યા, ગજેંદ્ર શિક્ષા, અને મલ્લયુદ્ધના અખેડાઓથી રાજા શુભગાંગે શ્રીચંદ્રકુમારને ઘણો વિનોદ પમાડયો. તે સાથે આર્હત ધર્મના ઉત્સવો, ધર્મની પ્રભાવનાઓ, ચૈત્યપૂજાના મહોત્સવો, અને જ્ઞાનગોષ્ટિના વિનોદથી કુશસ્થળીના યુવરાજને ઘણોજ પ્રસન્ન કરવામાં આવ્યો. કેટલાક દિવસ સુધી આગ્રહ કરી, રાજા શુભગાંગે શ્રીચંદ્રને પોતાની રાજધાનીમાં રાખ્યો.

એક દિવસે સૂર્યવતીએ રાજકુમારને જણાવ્યું, વત્સ ! જો તમારી ઇચ્છા હોય, તો અહીંથી તમારા મોશાળમાં જઇએ. ઘણાં વર્ષ થયાં મેં જન્મભૂમિનાં દર્શન કર્યાં નથી. તમારાં દર્શન કરવાને તમારા માતામહ દીપચંદ્ર રાજા ઘણા આતુર હશે. પુત્ર ! જો મોશાળની રાજધાનીમાં જશો, તો તમારો મોશાળપક્ષ ખુશી થશે. પિતા શ્રી દીપચંદ્ર રાજા અને માતા દીપવતી તમને જોઇ ઘણાંજ ખુશી થશે. તમારા જેવા પરાક્રમી અને ભાગ્યવાન્ ભાણેજને જોઇ, મારા પિતૃગૃહમાં આનંદ ઉત્સવ થઈ રહેશે. તમને વધૂ સહિત દેખી તમારાં મોશાળીયાંઓ ઘણાંજ પ્રસન્ન થશે. તમારા મોશાળની રાજધાની દીપશિખા નગરી એક ખરેખરા આનંદનું ધામ થઈ પડશે. મોશાળની માનીતી પ્રજા તમારૂં પવિત્ર દર્શન કરી પોતાના હૃદયને પ્રેમાર્દ્ર કરશે.

માતાનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર ક્ષણવાર વિચારમાં પડયો. ક્ષણવારે તેણે નિશ્ચય કર્યો કે, માતાની ઈચ્છા પૂર્ણ કરવી જોઈએ. મહોપકારી માતાની મનોવૃત્તિને માન આપી અનુસરવું, એ આજ્ઞાંકિત પુત્રનો ધર્મ છે. નવ માસ ઉદરમાં રાખી ઉપકાર કરનારી માતાના મનોરથ કયો કુલીન પુત્ર પૂરા ન કરે? માતૃભક્તિથી અંકિત થયેલા પુત્રનું જીવન કૃતાર્થ છે. જેના હૃદયમાં માતૃભક્તિરૂપ પવિત્ર ગંગાનો પ્રવાહ વહ્યા કરે છે, તે પુત્રની પુત્રતાને સહસ્રવાર ધન્યવાદ છે. ઉપકારી માતાનાં વચન પ્રમાણે નહી વર્તનાર અધમ પુત્રોના જન્મને ધિક્કાર છે. ભવિષ્યમાં યોગ્ય વયવાળા પુત્રો પાસેથી આત્મસેવાની આશા રાખનારી માતાને નિરાશ કરનારા પુત્રો નરકનાજ અધિકારી છે.

આવું વિચારી રાજપુત્ર શ્રીચંદ્રે પોતાની માતા સૂર્યવતીને વિનયથી જણાવ્યું, પૂજ્ય માતા! આપની ઇચ્છા પ્રમાણે કરવાને હું તૈયાર છું, મને મારા મોશાળમાં જવાની ઘણી હોંશ છે. માતુલગૃહના મનગમતાં લાડ ભોગવવાની મારા હૃદયમાં અભિલાષા છે. દીપશિખા નગરીની રાજધાનીમાં રહી, મોશાળનાં માન મેળવવાને મારો અંતરાત્મા ઉત્કંઠિત થયો છે.

પુત્રનાં આવાં વચન સાંભળી રાજમાતાના હૃદયમાં આનંદ ઉત્પન્ન થયો, અને આજ્ઞાંકિત પુત્રની માતૃભક્તિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોઇ, તેણીના હૃદયમાં શાંતિ થઇ. પછી શ્રીચંદ્રે સિંહપુર-પતિની પાસે આગ્રહથી રજા માગી, અને દીપશિખા નગરી તરફ જવાની સર્વની ઇચ્છા જણાવી. શ્રીચંદ્ર ચંદ્રકળા અને સૂર્યવતી વિગેરેનું રાજકુટુંબથી જુદું પડવું, એ શુભ-ગાંગ રાજાને ગમ્યું નહી; પણ તેમના આગ્રહથી છેવટે તેને માંડ માંડ રજા આપવી પડી. ચંદ્રકળા જુદી પડશે, એમ સાંભળી ચંદ્રવતી રાણીને ઘણુંજ માઠું લાગ્યું. નેત્રમાં પ્રેમાશ્રુને ધારણ કરતી ચંદ્રવતી ચંદ્રકળાને મળવા આવી. પરસ્પર પ્રેમાશ્રુને વર્ષાવતાં બંને ગાઢ આલિંગન કરીને ભેટી પડયાં.

ચાલતી વખતે શુભગાંગ રાજાએ પોતાના જમાઈ શ્રીચંદ્રનો સારો સત્કાર કર્યો, વિવાહને અંગે જેટલું આ-પવું જોઇએ, તેટલું સૈન્ય, વાહન, દાસ, દાસી, રીયાસત અને પોશાક વિગેરે તેણે આ પ્રસંગે આપ્યું. સર્વ પરિવાર લઈ શ્રીચંદ્ર દીપશિખા નગરીને માર્ગે વિદાય થયો, અને ત્યાં જઈ તેણે મોશાળ તરફનું મોટું સન્માન સંપાદન કર્યું. સૂર્યવતીના પિતા દીપચંદ્ર રાજાએ પોતાના ભાણેજને ઘણા પ્રેમથી આવકાર આપ્યો, અને તે પ્રસંગે પોતાની રાજધાનીમાં આનંદ ઉત્સવ પ્રવર્ત્તાવ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૩ મું.
## શ્રી ધર્મઘોષ મુનિ.

એક સુંદર વન હતું, વિવિધ જાતનાં વૃક્ષોની શ્રેણીથી ઘણું રમણીય લાગતું હતું, કોકિલ, મયુર, શુક, સારિકા અને બીજાં મધુરભાષી પક્ષીઓના શબ્દોથી શ્રવણેંદ્રિયને તે આનંદ આપતું હતું, સ્થળે સ્થળે તાપસોનાં આશ્રમો જોવામાં આવતાં હતાં, મુનિઓના સંચારથી ત્યાં રહેલાં વિરોધી પ્રાણીઓ પોતપોતાનાં વૈરને છોડી દેતાં હતાં, સિંહણ મૃગનાં બચ્ચાંને ધવરાવતી હતી, માજારી મૂષકના શરીરને પ્રેમથી ચાટતી હતી, મયૂર અને સર્પ પરસ્પર આનંદથી ક્રીડા કરતાં હતાં, શ્યેન પક્ષીની સાથે ચકલાંઓ રમતાં હતાં, અને શીકારી શ્વાન સસલાંને પંપાળતા હતા.

આવા મનોહર ઉદ્યાનમાં એક મહા મુનિ આવી પ્રાસુક સ્થળે ઉતર્યા હતા. તે દયાળુ અનગાર શાંત થઈ, મુનિ ધર્મની ક્રિયા આચરતા હતા, પ્રતિલેખના અને કાયોત્સર્ગ કરી, તેઓ પરમાત્માને ચિંતવતા હતા. તેમણે મુનિવેષ ધારણ કર્યો હતો, તથાપિ તેમના શરીરની શોભા અનુપમ હતી, વિશાળ લલાટ ઉપર ધર્મતેજ ચળકતું હતું, પ્રત્યેક અંગ તથા ઉપાંગનું સૌંદર્ય ઉત્તમ પ્રકારનું હતું, મુખ ઉપર કરૂણાનાં કિરણો પ્રકાશી રહ્યાં હતાં, મૃદુ હાસ્યની સાથે શાંતિનું સ્વરૂપ જણાતું હતું, તેમનું શાંતિમય સ્વરૂપ જોઇ, પ્રેક્ષકોના હૃદયમાં શાંતિની સુધા પ્રસરતી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ વખતે ત્રણ પુરૂષો મોટા પરિવાર સાથે ત્યાં આવતા હતા, તેમનાં હૃદય મુનિનાં દર્શન કરવાને ઉત્કંઠિત હતાં, મોટાં આડંબરથી તેઓ મુનિના વાસસ્થળ પાસે આવ્યા. તે ત્રણ પુરૂષો સર્વના નાયક થઈ આગળ આવ્યા. તેઓએ પંચ અભિગમ સાચવી, સચિત દ્રવ્યનો ત્યાગ કર્યો. અચિતનો સ્વીકાર કર્યો, અને મનની એકાગ્રતા કરી, ગુરૂનું દર્શન થતાંજ તેમણે ઉત્તરાસંગ કરી, અંજલિ જોડી, છત્ર, ખડ્ગ, મુગટ, ઉપાનહ અને ચામર, એ રાજચિન્હનો ત્યાગ કર્યો. પછી ગુરૂને ત્રણ પ્રદક્ષિણા કરી, બે ખમાસણાં આપ્યાં, અને મુખથી ઇચ્છાકાર એ મંત્રનો ઉચ્ચાર કર્યો. તેમની પછી પરિવારના બીજા લોકોએ પણ ગુરૂને વંદના કરી. સર્વ સમાજ ગુરૂની સન્મુખ ધર્મવાણી સાંભળવાની ઇચ્છા રાખી તત્પર થઇ રહ્યો. સર્વે યોગ્ય સ્થાને બેઠા.

વાંચનારને હૃદયમાં શંકા થઈ હશે કે, એ ઉદ્યાન કયું હશે? તે મુનિ કોણ હશે? અને તેમને વાંદવાને મોટા પરિવાર સાથે આવેલા ત્રણ પુરૂષો પણ કોણ હશે?

આ ઉદ્યાન તે વૈતાઢય ગિરિપર આવેલું **મણિભૂષણ** નામે વન છે, તેની અંદર ધર્મઘોષ નામે એક જ્ઞાની મુનિ આવી ચડયા છે, તેમને વાંદવાને મણિચુડ અને રત્નચુડ વિદ્યાધર તથા શ્રીચંદ્રકુમાર આવી ચડેલા છે; એ ત્રણ પુરૂષોની સાથે બીજો ઘણો પરિવાર છે. શ્રીચંદ્ર પોતાના સઘળાં રાજકુટુંબની સાથે છે, ગયા પ્રકરણમાં આપણે શ્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચંદ્રને દીપશિખા નગરીમાં મુકયો હતો, ત્યાંથી અહીં શી રીતે આવ્યો? તે જાણવાની વાંચનારને ઉત્કંઠા થાય એ સ્વાભાવિક છે.

શ્રીચંદ્રકુમાર પોતાના મોશાળની રાજધાનીમાં ઘણા દિવસ રહ્યો હતો. ચંદ્રકળાના વિવાહ નિમિત્તે સંકલ્પ કરેલી કેટલીએક લગ્નની ભેટો દીપચંદ્ર રાજાએ પોતાના ભાણેજને અર્પણ કરી હતી, તે પછી તેજ સ્થળે શ્રીચંદ્રે કનકદત્તની પુત્રી રૂપવતીનું પાણિગ્રહણ કર્યું હતું. આ સદ્‌ગુણી સુંદરીએ પોતાનો પવિત્ર પ્રેમ નામ ઠામ સહિત ગોખમાંથી પત્રિકા નાખીને જણાવ્યો હતો. મોશાળની રાજધાનીમાં ઘણા દિવસ રહીને શ્રીચંદ્ર પાછો પોતાની રાજધાની કુશસ્થળીમાં આવ્યો હતો. કુશસ્થળીની પ્રજાએ પોતાના યુવરાજનાં દર્શન કરવાને માટે ઘણો ઉત્સાહ દર્શાવ્યો હતો. કુશસ્થળી નગરી યુવરાજના જયધ્વનિથી ગાજી ઉઠી હતી, નવરંગિત ધ્વજાઓથી, રત્ન તથા કનકના કળશોથી અને તોરણની શ્રેણીઓથી નગરીને ઘણી શણગારવામાં આવી હતી. શેરીએ શેરીએ અટારી ઉપર ચડેલી શ્રૃંગાર ધારી સુંદરીઓ પોતાના યુવાન રાજાને વધાવા ઉભી હતી, વાજિંત્રોના નાદના પ્રતિધ્વનીઓથી નભોમંડળ ગાજી રહ્યું હતું, મહારાજા પ્રતાપસિંહ અને યુવરાજ શ્રીચંદ્રનો મેળાપ જોઇ, પ્રજાના નયનમાંથી હર્ષાશ્રુની ધારાઓ ચાલતી હતી. આ સમયની પ્રજાની રાજભક્તિ, પ્રજાના હૃદયનો પ્રેમ અને પ્રજાની ઉત્તમ વફા-

૨૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દારી અલૌકિક હતી. બાળકથી તે વૃદ્ધ સુધીનો તમામ પ્રજાવર્ગ અને સેવકવર્ગ આનંદસાગરની તરંગમાળામાં ઉછળતો હતો.

આવી રીતે પોતાની રાજધાની કુશસ્થળીમાં શ્રીચંદ્રકુમાર આવ્યો હતો, ત્યાં પ્રથમજ કારાગૃહમાં બંધીવાન્ થઇ પડેલા પોતાના બંધુ જય, વિજય વિગેરેને તેણે છોડાવ્યા હતા. જય, વિજય પોતાના બંધુનો ઉપકાર માની પિતાને ચરણે લાગ્યા હતા. આ કાર્ય કરવાથી શ્રીચંદ્રની સત્કીર્તિમાં મોટો વધારો થયો હતો, અને તેના દયાળુતાના ખુલ્લા દિલથી વખાણ કરવામાં આવ્યાં હતાં.

આ અરસામાં વિદ્યાધર મણિચુડ અને રત્નચુડ, કે જેઓ મેરૂ પર્વત ઉપર વિદ્યા સાધવાને ગયા હતા, તેઓ પોતાના પાતાળ નગરમાં આવ્યા, ત્યાં તેમણે ખબર સાંભળ્યા કે, કુશસ્થળીના યુવરાજ શ્રીચંદ્રકુમાર પોતાની રાજકન્યાને પરણી ગયા. આવા ખબર સાંભળી તેઓ ઘણા હર્ષ પામ્યા, અને તરતજ શ્રીચંદ્રને મળવાને વિમાનમાં બેસી કુશશ્થળપુરીમાં આવ્યા. ત્યાં આવી તેમણે પોતાની ઓળખ આપી, અને શત્રુઓને જીતવામાં સહાય કરવાને શ્રીચંદ્રની પ્રાર્થના કરી. જેણે તે કાર્ય કરવાનું વચન આપ્યું હતું, એવો શ્રીચંદ્ર પોતાનું વચન સત્ય કરવાને પોતાનાં બંને માતાપિતા અને બધી પત્નીઓનો પરીવાર લઈ વિમાનમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બેસી પાતાળ નગરમાં ગયો હતો. ત્યાં આવી યુદ્ધની સામગ્રી લઇ, બધાં વૈતાઢય પર્વત ઉપર ગયાં.

વિજયને સૂચવનારાં વાજિંત્રોના ધ્વનિઓથી વનભૂમિને ગજાવતાં તેઓ આ મણિભૂષણ વનમાં આવ્યાં હતાં ત્યાં તેમણે વનચરના મુખથી સાંભળ્યું કે, અહીં **ધર્મઘોષ** આચાર્ય આવેલા છે. આ ખબર જાણી શ્રીચંદ્ર બંને વિદ્યાધરોને સાથે લઈ બીજા સર્વ પરિવારથી વીંટાઈને અહીં આચાર્યને વંદના કરવા આવેલો છે. આટલુ જાણી હવે વાંચનારના હૃદય ઉપર સારૂં અજવાળું પડ્યું હશે. આ સમયે પૃથ્વી ઉપર ધર્મઘોષ મુનિ ઘણા પ્રખ્યાત આચાર્ય હતા. તેમણે પોતાના ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનથી ઇતર મતના વાદીઓને પરાભૂત કર્યા હતા. તેમને ઘણા રાજાઓ મોટા આડંબરથી વાંદવાને આવતા હતા શ્રીચંદ્ર, મણિચૂડ, અને રત્નચૂડ વિગેરે બધે પરિવાર આચાર્યની સન્મુખ વિનયથી બેઠો, તે વખતે સુગ્રીવ વિગેરે વિદ્યાધરો પણ તેમને વંદના કરવાને આવ્યા હતા. સર્વ સમાજમાં પ્રતાપી શ્રીચંદ્ર નાયકરૂપે દેખાતો હતો, ગુરૂના મુખની ઉપદેશ વાણી સાંભળવાને તે ઇંતેજારી રાખી રહ્યો હતો.

ઉપકારી આચાર્ય મહારાજ સકળ સમાજને ધર્મ-શ્રવણમાં ઉત્સુક જોઈ, અતિ પ્રસન્ન થયા. તેમની દ્રષ્ટિ શ્રીચંદ્રની ઉપર પડતાં તેમણે જાણ્યું કે, આ પુરૂષ પુણ્યનો રાશિ છે. દેશના સાંભળવામાં જે બુદ્ધિના આઠ ગુણ કહેલાં

છે, તે બધા આ ધર્મવીર પુરૂષમાં દેખાઇ આવે છે. શુશ્રૂષા શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહ, અપોહ, વિચાર અને અર્થજ્ઞાન, એ બુદ્ધિના આઠ ગુણ કહેવાય છે. ગુરૂની સેવા અથવા સાંભળવાની ઈચ્છા તે સુશ્રૂષા કહેવાય છે. સાંભળવું અને સાંભળેલું ગ્રહણ કરવું તે ગ્રહણ, જે ગ્રહણ કરેલું હોય તેને ધારવું, તે ધારણા. તેનો તર્ક કરી નિશ્ચય કરવો તે ઉહા. સાંભળતાં નેત્રની કોઇ ચેષ્ટા કરવી તે અપોહ, સાંભળેલાનો વિચાર કરવો તે વિચાર, અને કહેલા અર્થનું જાણવું તે અર્થ જ્ઞાન, આ બુદ્ધિના આઠ ગુણ ગુરૂએ શ્રીચંદ્રમાં જોયા હતા.

આચાર્યે પ્રસન્ન હૃદયથી દેશનાનો આરંભ કર્યો. પ્રથમ તેઓ તપશ્યાના પ્રભાવનું વર્ણન કરવાને નીચેનો શ્લોક બોલ્યા:—

शिखरिणी.

न नीचैर्जन्मस्यात्प्रभवति न रोग व्यतिकरो–
नचाप्यज्ञानत्वं विलसति न दारिद्र्यलसितम् ।
पराभूतिर्नस्यात् किमपि न दुरापंकिलयत–
स्तदेवेष्टप्राप्तौ कुरुत निजशक्त्यापि सुत ॥ १ ॥

હે ભવિ પ્રાણીઓ ! તમે તમારી શક્તિ પ્રમાણે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિને માટે તપ કરો. જે તપના પ્રભાવથી નીચ કુળમાં જન્મ થતો નથી, રોગ ઉત્પન્ન થતો નથી, અજ્ઞાન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેતું નથી, દારિદ્ર આવતું નથી, કોઈનાથી પરાભવ થતો નથી, અને કાંઈ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી. ૧

આ શ્લોક કહ્યા પછી મુનિએ વિશેષમાં જણાવ્યું–ભવ્ય જીવો! તપશ્યાનો પ્રભાવ એવો ઉત્તમ છે. પરોક્ષ-રીતે તેનો પ્રભાવ તમને કહેવામાં આવ્યો છે, પણ જો તેનો પ્રત્યક્ષ પ્રભાવ જાણવો હોય તો, તે પણ અહિંજ છે. જુઓ, આ કુમાર શ્રીચંદ્ર, કે જેનો પુણ્ય પ્રભાવ પૃથ્વી તળમાં પ્રસરી રહ્યો છે, જેનું ચરિત્ર જાણી જગતના મહા પુરૂષો પણ આશ્ચર્ય પામ્યા છે, અને પામે છે, તે શ્રીચંદ્ર આવી સ્થિતિએ આવ્યા, તેનું કારણ પૂર્વની તપશ્યા છે. પૂર્વ ભવે કરેલી તપશ્યાથી તેનું ચરિત્ર લોકોત્તર થયું છે.

આચાર્યનાં આ વચન સાંભળી સર્વ સમાજ આશ્ચર્ય પામી ગયો. તેમાં પણ સર્વનાથી શ્રીચંદ્રના હૃદયમાં વિશેષ કૌતુક થઈ આવ્યું. તે વખતે સુગ્રીવ વિદ્યાધર વિનયથી બોલી ઉઠયો. સ્વામી! આપનું કહેવું યથાર્થ છે. તપના પ્રભાવ વિના આવી પ્રબલ પુણ્ય લક્ષ્મી થાયજ નહીં. શ્રીચંદ્રકુમારે સર્વ જગતને ચકિત કરી નાખ્યું છે. દેવતાને દુર્લભ એવી સંપત્તિઓ પણ તેણે આત્મબળથી સાધી છે. જે વસ્તુ અનેક વિઘ્ન ભરેલી હોય, અને જે પ્રાપ્ત કરવામાં મરણને શરણ થવું પડે તેવું હોય, તેવી વસ્તુ પણ આ બહાદૂર કુમારે ક્ષણવારમાં મેળવેલી છે. તેમજ તે નરના પુણ્ય યોગે આ મહારાજા પ્રતાપસિંહ જેવા પિતા, સૂર્યવતી

માતા, ચંદ્રકળા વિગેરે વધૂઓ અને ગુણચંદ્ર જેવા મિત્ર પ્રાપ્ત થયા છે. આથી અમને ખાત્રી થાય છે કે, પ્રતાપી શ્રીચંદ્રે પૂર્વે કાંઇ પણ તપ કરેલું હોવું જોઈએ.

પુનઃ શ્રીચંદ્ર બોલ્યો—ગુરૂવર્ય ! મે પૂર્વે શું તપ કર્યું હતું ? તે જાણવાની ઈચ્છા છે, તો આપ કૃપા કરી જણાવશો. તે સાંભળી આચાર્ય તત્કાળ નીચેની ગાથા ઉંચે સ્વરે બોલ્યાઃ—

एरवय खित्तंमि चंदण भवंमिणुद्दिय तवस्स माहप्पा
अच्चुय इंदो जाओ तह रायाहि राय सिरिचंदो ॥१॥

" હે શ્રીચંદ્ર ! પ્રથમ ઐરવત ક્ષેત્રમાં આજથી ત્રીજે ભવે તું મનુષ્યભવ પામ્યો હતો, ત્યાં બોધિબીજ પ્રાપ્ત કરી તેં આંબિલવર્દ્ધમાન નામે તપ કર્યું હતું ત્યાંથી મૃત્યુ પામી અચ્યુતેંદ્ર થયેલ અને તે પછી આ શ્રીચંદ્ર થયો છું"

આ પ્રમાણે સંક્ષેપથી પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળી શ્રીચંદ્રે અંજળી જોડી વિનંતિ કરી, સ્વામી ! કૃપા કરી તે વૃત્તાંત વિસ્તારથી સંભળાવો. શ્રીચંદ્રની વિજ્ઞપ્તિથી અને બીજા શ્રોતાઓનો ઉપકાર થાય, એવી ધારણાથી આચાર્યે શ્રીચંદ્રના પૂર્વ ભવનો વૃત્તાંત નીચે પ્રમાણે કહેવા માંડયોઃ—

આ જંબૂદ્વીપના વિદેહ ક્ષેત્રમાં બૃહણી નામે નગરી છે. ત્યાં **જયદેવ** નામે એક રાજા હતો. તેણે પોતાના પરાક્રમથી શત્રુઓને વશ કરી લીધા હતા. તેને **જયાદેવી** નામે રાણી હતી. અનુક્રમે ગૃહસ્થાવાસ ભોગવતાં તેમને **નરદેવ** નામે એક પુત્ર થયો. રાજા જયદેવને **વર્દ્ધન** નામે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક મંત્રી હતો. તેની સ્ત્રીનું નામ **વલ્લભાદેવી** હતું. તેને **ચંદન** નામે પુત્ર થયો હતો. મંત્રી વર્દ્ધન ઘણો ગુણી હતો, અને તેથી તે રાજાનો પ્રિયમિત્ર થઈ પડયો હતો. રાજકુમાર નરદેવ અને મંત્રિપુત્ર ચંદન એ બંને સાથે રહેતા હતા. યોગ્ય વય થતાં તેમને એકજ નિશાળમાં કોઈ પંડિતની પાસે ભણવા બેસાર્યા, અનુક્રમે તેઓ સર્વ કળામાં કુશળ થયા, બંને સરખાજ પ્રવીણ અને સરખી વિદ્વતાને ધારણ કરનારા થયા, એમ કરતાં તેઓ બંને યૌવનવયને પ્રાપ્ત થયા.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં **પ્રજાપાળ** નામે એક રાજા છે, તેને **દેવી** નામે રાણીથી **અશોકશ્રી** નામે પુત્રી થઈ હતી. એ રાજકુમારી ભ્રમરીની જેમ યૌવન વયરૂપ પુષ્પને પ્રાપ્ત કરી, ખીલી નીકળી હતી. અશોકશ્રીનું અનુપમ અને ચમત્કારી સૌંદર્ય જોઇ, રાજા પ્રજાપાળે તેનો સ્વયંવર કરવ.નો નિશ્ચય કર્યો. સ્વયંવરની કુંકુમપત્રિકાઓ સર્વ સ્થળે મોકલવામાં આવી. આ પ્રસંગ ઉપર કુમાર નરદેવ પોતાના મિત્ર ચંદનને લઈ, તેણીના સ્વયંવરમાં આવ્યો. વિવિધ દેશના રાજાઓ સ્વયંવર મંડપમાં એકઠા થયા. રાજકુમારી અશોકશ્રી પૂર્વ જન્મના સંબંધથી સર્વ રાજકુમારોને છોડી, મંત્રીપુત્ર ચંદનને વરી. કુમાર નરદેવ તે જોઈ, મનમાં હર્ષ પામ્યો. ચંદન રાજકન્યાને વરી ઘેર આવ્યો, તે વાત પ્રજાપાળ રાજાએ જાણી. પછી તેણે **શ્રીકાંતા** નામે પોતાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક ભાણેજીને નરદેવની સાથે પરણાવી. તે વિવાહ મોટા ઉત્સવથી કરવામાં આવ્યો. બંને મિત્રો સાથેજ નવવધૂના શૃંગાર સુખના સંપાદક થયા.

મંત્રીપુત્ર ચંદનને પરણે જ્યારે છ માસ થયા, એટલે પૂર્વ કર્મના ઉદયથી તેને દેશાંતર જવાનો વિચાર થયો. સેવા વૃત્તિને ધિક્કારનારો ચંદન, વ્યાપાર વૃત્તિથી પોતાનો ઉદય કરવા પિતાની આજ્ઞા લઇ, સમુદ્ર માર્ગે ચાલી નીકળ્યો.

ચતુર ચંદને પોતાની સાથે પાંચ વહાણ લીધાં હતાં તે રત્નદ્વીપમાં આવ્યો. ત્યાં વેપાર કરતાં તેને અનગળ દ્રવ્યનો લાભ મળ્યો, ત્યાંથી તે કોણપપુરમાં આવ્યો, ત્યાં આવતાં સમુદ્ર માર્ગમાં તોફાન થયું. તોફાનમાં ચંદનનું વહાણ ડુબી ગયું, દૈવયોગે એક પાટીયું ચંદનને હાથ આવ્યું, બીજાં જે ચાર વહાણ હતાં, તે દૈવયોગે શબર મંદિરમાં તણાતાં ગયાં. તે સ્થળે મુક્તાવળ ઉત્પન્ન થતાં હતાં, જેનાથી તે વાહાણ પુરાઈ ગયાં. ચંદન પાટીયાનાં સાધનથી બાર વર્ષે કોણપપુરને કાંઠે આવ્યો.

ચંદનના વહાણમાંથી એક બીજો માણસ પણ પાટીયું લઈને નીકળી ગયો હતો. તે ફરતો ફરતો બૃહણી નગરમાં આવ્યો. તેણે ચંદનનાં વહાણ ડુબવાની વાર્તા તેને ઘેર જણાવી, આથી ચંદનનાં માતાપિતા અને તેની સ્ત્રી અ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શોકશ્રી ઘણાં દુઃખીયાં થયાં. ચંદનના પિતા વર્દ્ધન મંત્રીએ બીજાં વહાણો મોકલી, સમુદ્રમાં ચંદની શોધ કરાવી, પણ ચંદનનો પત્તો કયાંઈ પણ લાગ્યો નહીં. સાત વર્ષ સુધી રાહ જોઇ, પછી ચંદનના મૃત્યુ વિષે બધાને નિશ્ચય થયો. લોકાપવાદને લઇને શીળવતી અશોકશ્રીએ વિધવાનો વેષ ધારણ કર્યો, પતિતા શોકથી અશોકશ્રી શરીરે કૃષ થઇ ગઈ, અને તેજ ચિંતામાં તે રાત દિવસ દહન થવા લાગી; વળી અશોકશ્રી પ્રતિદિન એકનિષ્ટાથી આર્હત ધર્મની ઉપાસના પણ કરતી હતી.

બાર વર્ષે કોણપપુર આવેલો ચંદન પોતાના નગરમાં આવ્યો, તેને જોઇ માતાપિતા ઘણાંજ ખુશી થયાં. વિધવા બનેલી અશોકશ્રી સધવા થઈ. આ ઉત્સવ નિમિત્તે વર્દ્ધન મંત્રીએ મોટા ઉત્સાહથી ધાર્મિક ઉત્સવો કર્યા, અને અનેક પ્રકારનાં પાત્રદાન તથા અનુકંપાદાન આપ્યાં. લોકો ચંદનને જીવતો આવેલો જોઇ, અશોકશ્રીનું ધર્મરૂપ કલ્પવૃક્ષ સફળ થયું, એમ કહેવા લાગ્યા.

વળી કેટલોક કાળ ગયા પછી નરદેવકુમાર રાજા થયો, ચંદન મંત્રી થયો, તેમજ તે નગરશેઠ પણ થયો. એ અરસામાં **જ્ઞાનસૂરિ** નામે એક મુનિરાજ તે નગરમાં આવી ચડ્યા. મુનિરાજનાં દર્શન કરવાને રાજા નરદેવ, મંત્રી ચંદન તથા રાજકુટુંબ અને મંત્રીકુટુંબ તેને વંદના કરવાને આવ્યું, તેમની સાથે નગરના ભાવિક અને આસ્તિક લોકોનાં પણ ટોળેટોળાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવવા લાગ્યાં. રાણી શ્રીકાંતા અને ચંદનની સ્ત્રી અશોકશ્રી પણ ત્યાં આવ્યાં હતાં. સર્વ પર્ષદા ભરાયા પછી મુનવરે નીચે પ્રમાણે ધર્મદેશના આપી.

तक्रादिव नवनीतम् पंकादिव पद्ममममृतं जलधेः ।
मुक्ताफलमिववंशात् धर्मः सारं मनुष्यभवात् ॥ १ ॥
संसारे मानुष्यं सारं मानुष्यके च कौलीन्यम् ।
कौलीन्ये धर्मित्वं धर्मित्वे चापि सदयत्वम् ॥ २ ॥

છાશમાંથી જેમ માખણ સાર છે, કાદવમાંથી જેમ કમળ સાર છે, સમુદ્રમાંથી જેમ અમૃત સાર છે, અને વાંસમાંથી જેમ મુક્તાફળ સાર છે, તેમ મનુષ્ય ભવમાંથી ધર્મ સાર છે. સંસારમાં સાર મનુષ્યપણું છે, મનુષ્યપણામાં કુળવાન્પણું સાર છે, કુળવાનપણામાં ધર્મીપણું સાર છે, અને ધર્મીપણામાં દયાળુપણું સાર છે.

આ પ્રમાણે દેશના આપી; પછી રાજા નરદેવે વિનયથી પુછયું, સ્વામી ! આ મંત્રી ચંદનને કયાં કર્મથી અશોકશ્રીનો વિયોગ થયો, અને પાછો કયા ધર્મથી યોગ થયો ? તે કૃપા કરી જણાવો. પછી કૃપાળુ મુનિવર નીચે પ્રમાણે બોલ્યા:—

કદિ સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે, મેરૂપર્વત ચલાયમાન થાય, અગ્નિ શીતળ થઈ જાય, અને કમળ પર્વતની શિલા ઉપર ઉગે, તોપણ ભાવી કર્મની રેખા ફરતી નથી. પર્વતના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શિખર ઉપર જાઓ, સમુદ્રનું ઉલ્લંઘન કરીને પાતાળમાં જાઓ, તોપણ વિધિએ લલાટમાં જે લખ્યું હોય, તે થાય છે; રાજાથી કાંઇ થતું નથી. સુખ દુઃખ કરવામાં પોતા શિવાય બીજું કોઈ કારણ નથી. જે સુકૃત તથા દુષ્કૃતનો કરનાર આત્મા છે, તેજ તેમાં કારણ છે. કોટી કલ્પે પણ કરેલાં શુભાશુભ કર્મને ભોગવ્યા વિના છુટકો નથી, માટે કરેલાં શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાં પડે છે.

આ પ્રમાણે દેશના આપી જ્ઞાનસૂરિએ મંત્રી ચંદન શેઠના પૂર્વ ભવની વાત જણાવી મંત્રીશ્વર ! આથી ત્રીજે ભવે તું **સુલસ** નામે શેઠ હતો, અને આ અશોકા કોઇ કુળપુત્રની **ભદ્રા** નામે કન્યા હતી. સુલસ અને ભદ્રા બન્ને પરણ્યાં, તે અવસ્થામાં તેમણે વિયોગ નિમિત્તનું કર્મ બાંધ્યું હતું, તેથી સુલસને ભદ્રાની સાથે ચોવીશ વર્ષનો વિયોગ થયો હતો.

એક વખતે કોઇ પુરૂષ કુવામાં પડી ડુબતો હતો, તેવે વખતે સુલસ ફરતો ફરતો ત્યાં આવી ચડ્યો. તે પુરૂષને ડુબતો જોઇ સુલસના હૃદયમાં દયા ઉપજી; તરતજ તેણે દોરી નાંખી તે માણસને કુવામાંથી બહાર કાઢ્યો. આ પ્રયોગથી તેણે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. પછી સુલસે પોતાની સ્ત્રી ભદ્રાની સાથે રહી, પાંચસો આંબેલ કર્યાં હતાં. આંબેલ તપના મહાન્ પ્રભાવથી તેઓએ પ્રભાવિક પુણ્ય ઉપાર્જન કર્યું. દૈવયોગે તે બન્ને કાળધર્મને પ્રાપ્ત થયાં પુણ્યના સર્વોત્તમ

પ્રભાવથી તેઓ બન્ને દેવલોકમાં ગયાં, દેવલોકનું સુખ સંપાદન કરી ત્યાંથી ચવીને સુલસનો જીવ આ ચંદન થયો છે, અને ભદ્રાનો જીવ આ અશોકશ્રી થયો છે. પૂર્વ ભવના સંબંધથી અશોકશ્રી રાજપુત્રીં છતાં, આ ચંદન શેઠને વરી છે. પૂર્વનાં અવશેષ રહેલાં બીજાં કર્મને લઇને આ ચંદન અને અશોકશ્રીને વિયોગ રહ્યો હતો. જે પુરૂષને તેણે કુવામાંથી બાહેર કાઢયો હતો, તેણે ઘણી તપસ્યા કરી હતી, તેથી તે મૃત્યુ પામીને આ નરદેવ રાજા થયો છે. પૂર્વના ઉપકારને લઇને તેની ચંદનની સાથે મૈત્રી થઈ છે.

સૂરીશ્વરનાં આ વચન સાંભળી સર્વ સમાજ ચકિત થઇ ગયો. પવિત્ર હૃદયવાળા ચંદનના મનમાં ઘણી સારી અસર થઈ. પોતાનો પૂર્વ ભવ જાણી, તેની મનોવૃત્તિ આર્હત ધર્મ તરફ વિશેષ આકર્ષાવા લાગી. તેના હૃદયક્ષેત્ર ઉપર બોધિબીજ સજ્જડ રીતે આરૂઢ થયું. જૈન મુનીશ્વરોની તરફ તેની અત્યંત ભકિત વધવા લાગી. પછી મુનિને ત્રિકરણ શુદ્ધિથી નમન કરી, ચંદન અંજલિ જોડી બોલ્યો—કૃપાળુ સૂરીશ્વર ! આપે મારા હૃદયનું અંધકાર દૂર કર્યું છે, અજ્ઞાનના મલિન પટળમાંથી મારો ઉદ્ધાર કર્યો છે. મારા પૂર્વભવના વૃત્તાંતના શ્રવણથી મારા અંતરમાં ધર્મની ઉંડી છાપ પડી છે, તે સાથે મુનીશ્વરોના દિવ્ય જ્ઞાન તરફ પૂર્ણ શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે. સ્વામી ! મારે આપને એટલુંજ પુછવાનું છે કે, હજુ મારે ભોગવવાનાં કર્મ બાકી છે કે નહીં ? જો તે કર્મ ભોગવવાનાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાકી હોય, તો જેવી રીતે તે કર્મમાંથી મારો છુટકારો થાય તેવો ઉપાય બતાવો. આપ પરોપકારી છો, આપની વાણીના પ્રભાવથી અનેક જીવોનો ઉદ્ધાર થાય છે. આપની દેશનાએ મારા હૃદયનો અંતર્પટ ખુલ્લો કર્યો છે, મારા અંતરનું તત્વ આપે ગુમ થયેલા રત્નની જેમ મને પ્રત્યક્ષ દર્શાવી આપ્યું છે. પૂજ્ય મહાશય ! મને કર્મરાશિનો મહાન્ ભય છે. મને એ ભયમાંથી મુક્ત કરો.

ચંદનની આવી પ્રાર્થના સાંભળી, મુનીશ્વરના હૃદયમાં દયા ઉત્પન્ન થઇ આવી. દયાળુ અનગાર હસતા હસતા બોલ્યા—ભદ્ર ! તારા હૃદયની નિર્મળતા જોઈ મને આનંદ થાય છે, તું ખરેખર ઉપદેશને પાત્ર છું, તારા જેવા શ્રાવકને જોઈ ઉપદેશકને પરમ સંતોષ થાય તેવું છે. ધાર્મિકમણિ ! જો તારે કર્મના કઠોર કષ્ટમાંથી મુક્ત થવું હોય, તો એક સર્વોત્તમ ઉપાય છે. આંબેલ વર્દ્ધમાન તપનું તુ આચરણ કર, એ તપ તપશ્યામાં પ્રખ્યાત છે, કર્મરૂપ મૃગલાંને નસાડવામાં તે ખરેખર કેશરી છે, પાપરૂપ કાદવને પ્રક્ષાલન કરનાર નિર્મળ વારિ છે. આંબિલ તપના પ્રભાવથી ઘણાં પ્રાણીઓ પુણ્ય સ્થિતિએ પહોંચ્યાં છે. આંબેલના તપરૂપ તરણીના પ્રકાશથી અજ્ઞાન અંધકારનો નાશ થઈ જાય છે. પવિત્ર આંબેલ તપમાં અનુક્રમે ચઢવાથી ઓલી થાય છે, તેના સંપૂર્ણપણામાં ઉપવાસ આવે છે. ઓલીના ક્રમથી કરેલી તપશ્યા મોક્ષપદને આપે છે. મોક્ષરૂપ રાજમહેલની એ મજબૂત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિસરણી છે. ભદ્ર ચંદન ! તમે બંને સ્ત્રી પુરૂષ એ તપશ્યાનો આરંભ કરો. મન, વચન અને કાયાની શુદ્ધિથી એ મહા તપની આરાધના કરો, જેથી તમારે અવશેષ કર્મ ભોગવવાં પડશે નહીં.

મુનિશ્વરનાં આવાં વચન શ્રવણ કરી, ચંદન અને ભદ્રાએ તે મહા તપનો આરંભ કર્યો. નિદાન વગરની તે તપશ્યા તેમણે એક નિષ્ટાથી આરાધવા માંડી. ચંદન શેઠને ઘેર હરિ નામે એક સેવક હતો, અને બીજી તેની એક ધાવમાતા દાસી હતી, તેમજ તેના પાડોશની બીજી સોળ સ્ત્રીઓ હતી, તે બધાંએ આ દંપતિની સાથે આંબેલ તપની આરાધના કરવા માંડી. એ ઉગ્ર તપશ્યા તેમણે નિષ્કામપણાથી અને પવિત્ર બુદ્ધિથી આચરી હતી. દૂધ, દહીં, ઘૃત અને બીજા મીઠા પદાર્થોની ઇચ્છા જરાપણ રાખી નહીં. રસનો ત્યાગ કરી, રસના ઇંદ્રિયને વશ કરી, તેમણે રૂક્ષ આહાર કરવા માંડયો. સંયમથી સર્વ ઇંદ્રિયોને તાબે કરી, હૃદયમાં સંવેગનો રંગ પ્રગટ કર્યો. એ મહા તપસ્યાને તેના મિત્ર નરદેવે હૃદયથી અનુમોદન આપ્યું હતું. વિધિથી તપનું પારણું કરી, તેમણે એ મહા તપનું ઉદ્યાપન કર્યું. પૂર્ણ વિધિથી કરેલા ઉદ્યાપનને પ્રસંગે સાત ક્ષેત્રોમાં અગણિત દ્રવ્યનો વ્યય કર્યો, તે પ્રસંગે પાત્રદાન અને અનુકંપાદાન ઘણી ઉદારતાથી કરવામાં આવ્યાં. આથી કરીને તેમને પુણ્યનું પોષણ અને અશુભનું શોષણ થયું, અને કર્મથી નિર્મળ થયાં છેવટે બંને દંપતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંયમ લઈ મૃત્યુ પામ્યાં. પુણ્યવાન્ ચંદન અચ્યુતેંદ્ર થયો, અને ભદ્રા સમાનિક દેવતા થઈ.

ધર્મઘોષ મુનિ કહે છે—હે શ્રીચંદ્ર ! તે ચંદનશેઠનો જીવ અચ્યુતેંદ્રપણાથી ચવીને તું શ્રીચંદ્ર થયો. તારો મિત્ર-રૂપ સામાનિક દેવતા થયેલ ભદ્રાનો જીવ ત્યાંથી ચવીને આ ચંદ્રકળારૂપે તારી સ્ત્રી થઇ અવતર્યો. પૂર્વ ભવના સ્નેહથી તેણીએ તારીપર પરમ પ્રેમ ધારણ કર્યો હતો. જે નરદેવ હતો, તે કેટલાએક ભવમાં ભમીને સિંહપુરમાં ધરણ નામે બ્રાહ્મણ થઈ અવતર્યો, તે ભવે શત્રુંજય તીર્થની સેવા કરતાં મૃત્યુ પામીને આ શ્રીચંદ્રનો મિત્ર ગુણચંદ્ર થયેલ છે. પેલો હરિદાસ અને ધાવમાતા મૃત્યુ પામીને પૂર્વના પુણ્યયોગે આ લક્ષ્મીદત્ત શેઠ અને લક્ષ્મીવતી થઈ અવતર્યાં છે, જેમણે પૂર્વના સ્નેહ સંબંધને લઈ શ્રીચંદ્રનું પાલનપોષણ કર્યું હતું. પેલી પાડોશીની સોળ સ્ત્રીઓ આંબેલ તપના પ્રભાવથી મૃત્યુ પામીને દેવતા થઇ, ત્યાંથી ચવીને તેઓ આ ભવે રાજપુત્રીઓ થઇ, શ્રીચંદ્રની પ્રેમવતી સોળ સ્ત્રીઓ થઈ છે, સુલસના ભવમાં જે ભોગિની વેશ્યા હતી, તે **મોહિની** નામે ભીલડી થઇને અવતરી છે, જેને શ્રીચંદ્રની ઉપર ઘણો પ્રેમ પ્રગટ થયો હતો.

ભદ્રજનો ! આ પ્રમાણે તમારા પૂર્વ ભવનો વૃત્તાંત છે. પૂર્વ ભવના સંબંધ વિના પ્રેમ પ્રગટ થતો નથી. પ્રેમનો પ્રવાહ દિવ્ય છે, તે પ્રવાહ પૂર્વ સંબંધના અવલંબનથી વહે

છે. સ્નેહ એ દિવ્ય વસ્તુ છે, તેની મહત્તા અલૌકિક છે. જે કોઈ પ્રાણીને અમુક પ્રાણી ઉપર સ્નેહ થાય, તો તે પૂર્વના સંબંધનું સૂચન છે. સચેતનની વાત તો એક તરફ રહી, પણ જે અચેતન–જડ પદાર્થો છે, તેઓમાં પણ સ્નેહની મુદ્રાની અસર હોય છે. વિશેષે કરીને એ બાબત સ્ત્રી પુરૂષમાં વધારે જોવામાં આવે છે. સ્ત્રી પુરૂષની અંતરની પ્રકૃતિની ગતિ ધીરેધીરે એકજ રીતે થવાની તરફ લગભગ એકજ વસ્તુની ઉપર દંપતિનો વિરાગ અને એકજ વિષય ઉપર ચાહ ઉત્પન્ન થાય છે. એકાકાર થવું અથવા વશીભૂત થવું, એજ પૂર્વ પ્રેમનો ધર્મ છે. દરેક સંસારમાં તેનાં દૃષ્ટાન્તો જોવામાં આવે છે. જો પૂર્વ સંબંધનો પવિત્ર તાર બંધાયો હોય, એકમેકના સ્વભાવદ્વારા પુરૂષ અને સ્ત્રીનો પરસ્પરનો સ્વભાવ કંઈક અનુરંજિત થશે ને થશે. કદાચ બંનેનું પરિવર્ત્તન થશે નહિ, તો એક બીજાને અનુરૂપ થશે. ક્રોધી પણ અક્રોધીમાં મળ્યાથી ક્રોધી અક્રોધી અથવા અક્રોધી ક્રોધી થશે. પૂર્વના સંબંધથી પશુત્વ દેવત્વની તરફ ખેંચાય છે, નહિ તો પશુત્વ દેવત્વને ખેંચી નીચે લઇ જાય છે. દિવ્ય જ્ઞાની મહાત્માનાં આવાં વચન સાંભળતાંજ તે શ્રોતાઓના હૃદયપર વિચિત્ર જાતની અસર થઈ ગઇ, ધર્મવીર શ્રીચંદ્રના હૃદયમાં તત્કાળ વિચાર ચક્ર ફરી ગયું. બુદ્ધિતત્વમાં અકસ્માત્ ફારફેર થઈ ગયો, તેની સ્મરણશક્તિ વિકાશ પામી. સ્મરણશકિતની અસરથી દૃષ્ટિ આગળ પૂર્વ ભવનાં સ્વરૂપ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખડાં થયાં, જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેની સાથે ચંદ્રકળા વિગેરેને પણ પોતપોતાના પૂર્વ ભવ દૃષ્ટિગત થયા. ગુણચંદ્રે પણ પૂર્વ ભવનો વૃત્તાંત સ્મરણ માર્ગે અવલોકયો. સુગ્રીવ વિદ્યાધરની પુત્રી રત્નવતી જાતિસ્મરણ થતાં પ્રેમથી શ્રીચંદ્રને વરી. શ્રીચંદ્રે વૈર બુદ્ધિ છોડી, સર્વ વિદ્યાધરોને ખમાવ્યા. ગુરૂની શાક્ષીએ રત્નચૂડે પોતાનો અપરાધ જણાવી ખમાવ્યો. મણિચૂડ અને રત્નચૂડ પણ એક બીજાને ખમાવી નમી પડ્યા.

પછી વિદ્યાધરપતિ વિગેરે બધા ગુરૂને વંદના કરી પોતાના નગરમાં ગયા. મણિચૂડે વૈરબુદ્ધિ છોડી પોતાના વિરોધી વિદ્યાધરોને નગરપ્રવેશ કરાવ્યો. દક્ષિણ અને ઉત્તર શ્રેણીના વિદ્યાધરોના રાજાએ અઢળક દ્રવ્યની સાથે પોતાની પુત્રીઓને શ્રીચંદ્રની સાથે પરણાવી. રત્નચૂડા, રત્નવતી, મણિચૂલા, મણિમાળા અને રત્નકાંતા વિગેરે બીજી જે વિદ્યાધરની પુત્રીઓ હતી, તે બધીને શ્રીચંદ્ર પ્રેમપૂર્વક પરણ્યો. તેમના વિવાહમાં વિદ્યાધરોએ કરમોચન સમયે ઘણું દ્રવ્ય અર્પણ કર્યું; તે સાથે આકાશગામિની અને કામરૂપિણી વિગેરે સિદ્ધ વિદ્યાઓ પણ અર્પણ કરવામાં આવી. સુગ્રીવ વિગેરે એકસો ને દશ વિદ્યાધરોના રાજાઓએ મળીને તેમનો મહોત્સવ કર્યો હતો.

શ્રીચંદ્રના પુણ્ય પ્રભાવથી અને તેના અનુપમ સામ-

૨૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ર્થ્યથી પ્રસન્ન થયેલા વિદ્યાધરોએ તેને વિદ્યાધરોનું ચક્રવર્ત્તી પદ આપ્યું. વિદ્યાધરોની સામ્રાજ્ય લક્ષ્મીએ પ્રતાપના પ્રતાપી કુમારને રાજ્યતિલક કર્યું. સર્વ સ્થળે જયધ્વની પ્રવર્ત્તી રહ્યો. શ્રીચંદ્ર પોતાનાં માતાપિતા અને બીજો પરિવાર લઈ વિવિધ પ્રકારથી શાશ્વત ચૈત્યની યાત્રા કરી, અને વિદ્યાધરોની રાજધાનીની રમણીયતા પ્રેમપૂર્વક અવલોકન કરી. યાત્રામાં ફરતા એવા રાજકુમારની આસપાસ વિદ્યાધરોની મહાન્ સમૃદ્ધિ પરિવૃત્ત થઇ પ્રકાશતી હતી. ઉછળતા સમુદ્રના જેવું વિદ્યાધરોનું સૈન્ય તેની સાથે વિચરતું હતું. વિદ્યાધર વીરોના વિચિત્ર રંગ બેરંગી પોશાકોથી અને શસ્ત્રોના ચળકાટથી ગગન ઉપર વિચિત્રતાની ભાત પડતી હતી. તેની અંદર વિજળીની જેમ ચમત્કારી ચળકાટ પડતો હતો. તેના નિશાનના ધ્વનિથી શત્રુ વર્ગ ત્રાસ પામતો હતો. ગજેંદ્રના ઝરતા મદથી પૃથ્વીપર સિંચન થતું હતું. આકાશમાં ઉડતી ધોળી ધ્વજાઓ બગલીઓની જેમ દેખાતી હતી. આ વખતે કવિઓ શ્રીચંદ્રને મેઘની ઉપમા આપતા હતા, અને તે ઉપમાની પૂર્ણતા નીચેની કવિતાથી દર્શાવતા હતાઃ—

"નીશાન ધ્વનિ ગીતશું, ગંજે અરિજન ત્રાસ,
મદ ઝરતા માતંગ શું, સિંચે ભૂતળવાસ. ૧

શુકલ ધ્વજ બગલી સ્ફુરે, દારિદ્ર તાપ વિલાસ.
સઘળે શસ્ય વધારતો, શોષે કુમતિજ વાસ. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સજ્જન મોર ઉલ્લાસતો, શ્રીચંદ્ર નૃપ જળધાર;
અપર રાજ ગ્રહ તેજનો, સાંધે સર્વ પ્રચાર." ૩

શ્રીચંદ્રરૂપી મેઘ નીશાનના ધ્વનિથી શત્રુજનને ગજાવતો હતો, મદઝરતા હસ્તીઓના મદજળથી પૃથ્વીપર છંટકાવ કરતો હતો, ધોળી ધ્વજાઓરૂપ બગલીઓને ફરકાવતો હતો, દારિદ્રરૂપ તાપને શમાવતો હતો, પ્રશંસારૂપ ધાન્યને વધારતો હતો, કુમતિરૂપ જવાસાને શોષવતો હતો, સજ્જનરૂપ મોરને ઉલ્લાસ કરાવતો હતો, અને બીજા દુષ્ટ રાજાઓરૂપ ગ્રહના તેજના પ્રચારને દૂર કરતો હતો.

આ પ્રમાણે શ્રીચંદ્ર મહારાજા વિદ્યાધરોનું આધિપત્ય સંપાદન કરી, તે દેશમાં કેટલોક સમય રહ્યો હતો. વિદ્યાધરોની વિદ્યાઓથી, તેમના રાજવૈભવથી અને તેમની જાહોજલાલીથી પરિપૂર્ણ આનંદ સંપાદન કરતાં છતાં શ્રીચંદ્રની મનોવૃત્તિમાં કાંઇપણ વિકારો થયા નહોતા. આર્હત ધર્મની ઉપાસનામાં તે તલ્લીન રહેતો હતો, શ્રાવકના સદાચારો તેણે જરા પણ ત્યજી દીધા નહોતા, જૈન પર્વો, જૈન મહોત્સવો અને જૈન ધર્મની ક્રિયાઓમાં તેનો અબાધિત રાગ રહ્યો હતો, રાજકીય વૈભવના મહાન્ સુખને તે લઘુ જાણતો હતો. રાજભોગને તે અસ્થિર જાણતો હતો, વનિતાઓના વિલાસને તે વિદ્યુતવિલાસ સમજતો હતો, વિદ્યાધરોની રાજ્યલક્ષ્મી, ચમત્કારી વિદ્યાઓ, દિવ્ય સુખની પરંપરા અને વિદ્યાધરીઓનો શૃંગાર, તે બધાં તેના ધાર્મિક હૃદયને ધર્મના પવિત્ર

માર્ગમાંથી આકર્ષણ કરી શકયાં નહોતાં. તે સર્વમાં અનાશકત થઇ ધર્મક્રિયાને પૂર્ણ આદર આપતો હતો. આથી કરીને તેના પુણ્યનો પ્રભાવ પ્રતિદિન વૃદ્ધી પામતો હતો.

## પ્રકરણ ૨૪ મું
## રાજ્યાભિષેક.

પ્રતાપી શ્રીચંદ્ર વિદ્યાધરનો ચક્રવર્તી થયા પછી પોતાના પરિવાર સાથે કુશસ્થળીમાં, આવ્યો હતો. તે વખતે કુશસ્થળીની રાજભકત પ્રજાએ પોતાના યુવાન રાજાને ભારે આવકાર આપ્યો હતો. એક વખતે પુત્રની મહાન્ સમૃદ્ધિ તટસ્થપણે રહી જોવાને ઈચ્છનારા મહારાજા પ્રતાપસિંહે વિચાર કર્યો કે, યુવરાજ શ્રીચંદ્ર હવે રાજ્યધુરા વહન કરવાને પૂર્ણ અધિકારી થયો છે. કુશસ્થળીનું રાજ્ય સિંહાસન એક સર્વ ગુણ સંપન્ન યુવાન રાજાને આરૂઢ કરવાને ઇચ્છે છે. ઘણો કાળ રાજ્યવૈભવનો ઉપભોગ કરવાથી હું હવે શ્રાંત થઇ ગયો છું. રાજ્યધુરાના ભારથી મુકત થવાની મને ઇચ્છા ઉત્પન્ન થાય છે. શ્રીચંદ્ર જેવો પ્રતાપી પુત્ર રાજ્યનો ધુરંધર હોય, તે છતાં શામાટે મારે રાજ્ય ચિંતાથી આતુર રહેવું જોઇએ? રાજ્યસુખ અને સાંસારિક સુખનો અંત લાવી, ઉપશમના મહાન્ સુખને સંપાદન કરવાનો હવે સમય આવ્યો છે. શાંતિના પવિત્ર પ્રવાહમાં મગ્ન ગઇ, આ આત્મિક સુખનો અધિકાર સંપાદન કરવાનો કાળ પ્રાપ્ત થયો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે વિચારી પ્રતાપસિંહે પોતાના પુત્ર શ્રીચંદ્રને રાજ્યાભિષેક કરવાનો નિશ્ચય કર્યો. પોતાના એ નિશ્ચયને વધારે દૃઢ કરવાને રાજ્યના બુદ્ધિમાન્ સચિવ વર્ગને બોલાવી, તેણે એક મોટી સભા ભરી, તે સભાની અંદર સામંતો, મંત્રીઓ અને ઉત્તમ સલાહકારોને બોલાવ્યા, અને તે શિવાય રાજ્યના આશ્રિત વિદ્વાનો, અને રાજકવિઓને પણ તેમાં સામેલ કરવામાં આવ્યા.

જ્યારે સભા મંડપ ચીકાર ભરાઇ રહ્યો, અને શ્રીચંદ્રને રાજ્યાભિષેક કરવાનો સુવિચાર મહારાજાએ જણાવ્યો, એટલે સર્વ તરફથી ઉત્તમ પ્રકારની તેમાં સંમતિ મળી; તે વિચાર સાંભળતાંજ સર્વના હૃદયમાં સોત્સાહ આનંદ વ્યાપી રહ્યો. આ વખતે છડીદારે આવી મહારાજાને જણાવ્યું કે, કેટલાએક રાજાઓ રાજકન્યા સાથે અહીં આવવાની રજા માગે છે. તે સાંભળી પ્રતાપસિંહ આશ્ચર્ય પામી ગયો, અને તેણે તેમનો સત્વર પ્રવેશ કરાવવાની આજ્ઞા આપી.

પ્રથમ કુંડલપુરનો રાજા આવ્યો. પ્રતાપસિંહને અને શ્રીચંદ્રને પ્રણામ કરી, તે આગળ બેઠો. તે વખતે તેણે મોટી ભેટની સાથે એક વાનરી શ્રીચંદ્રની આગળ અર્પણ કરી. વાનરીને જોતાંજ સભાજન આશ્ચર્ય પામી ગયો. પછી રાજાએ ઉઠીને શ્રીચંદ્રને વિનતિ કરી કે, આપ કૃપા કરી અજ્ઞાનતાથી કરેલા બધા અપરાધ ક્ષમા કરો. તે વખતે સભાજને તે વિષે પુછતાં તેણે સર્વ વૃત્તાંત જણાવ્યો, જે સાંભળીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સભ્યજનો વધારે આશ્ચર્ય પામી ગયા. પછી શ્રીચંદ્રે પિતાની આજ્ઞા લઇ, તે વાનરીના નેત્રમાં કૃષ્ણાંજનનો પ્રયોગ કર્યો, એટલે તે સુર સુંદરી જેવી થઇ ગઈ. તેનું મનોહર સ્વરૂપ જોઇ, સભ્યજન ચકિત થઇ ગયા. લજ્જાથી નીચું મુખ કરી રહેલી એ રાજબાળાને શ્રીચંદ્રે સ્વીકારી. પ્રસન્ન મુખી રમણી પોતાના સસરાને ચરણમાં નમી પડી, અને પછી સાસુને વાંદવા ગઇ. તે દરમીયાન અરિમર્દન રાજા પોતાના પુત્ર મદનપાળની નિંદા કરતો આવ્યો. અને તેણે શ્રીચંદ્રને નમન કર્યું, મદનપાળ પણ લજ્જા વનીત થઇ, શ્રીચંદ્રને નમી પડયો. ત્યાર પછી તરતજ ભિલ્લોની સાથે ઘણાં રત્નો લઇને પેલી મોહિની આવી, એ જૈન ધર્મના પસાયથી બાળ બ્રહ્મચારિણી રહી હતી, તે શ્રીચંદ્રની પાદુકાને પ્રણામ કરી દિવસ નિર્ગમન કરતી, અને માનવ જન્મને સફળ કરતી, તે ભિલ્લ બાળા આ સંસારના પારને પામી હતી. તે પછી શિવમતી બ્રાહ્મણીનો પણ ત્યાં યોગ થયો, નાયકપુરનો દેશ તેને સોંપવામાં આવ્યો, અને ધનના મોટા ભંડારો ભેટ કરવામાં આવ્યા.

પછી મહારાજા પ્રતાપસિંહે રાજ્યાભિષેકના ઉત્સવનો સમારંભ કર્યો. શુભ દિવસે અને શુભ મુહૂર્ત્તે શ્રીચંદ્રના રાજ્યાભિષેકની ક્રિયા કરવામાં આવી. કુશસ્થળી રાજધાની આનંદ ઉત્સવથી ગાજી રહી, ઘેર ઘેર મંગળ ગીત અને જયધ્વનિ થઇ રહ્યાં, પ્રત્યેક પૌરજન તે ઉત્સવમાં સામેલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયાં, શ્રીમતી ચંદ્રકળાને પટરાણીનું પદ આપવામાં આવ્યું, અને તેની નીચે બીજી સોળ પટરાણીઓ સ્થાપવામાં આવી. કનકાવળી પદ્મશ્રી, મદનસુંદરી, રત્નચૂલા, રત્નવતી, પ્રિયંગુમંજરી, મણિચૂલા, તારાલોચના, ગુણવતી, ચંદ્રમુખી, ચંદ્રલેખા, તિલકમંજરી, કનકા, કનકાવતી, સુલોચના અને સરસ્વતી એ સોળ પટરાણીઓ મુખ્ય હતી. તેની નીચે બીજી સોળ અને આઠ મુખ્ય મળી છત્રીશ પટરાણીઓ થઇ હતી. તે શિવાય બીજી સોળ રાણીઓનો પરિવાર થયો હતો. ચંદ્રાવળી, રત્નાવળી, રત્નકાંતા, ધનવતી, ચતુરા અને કોવિદા વિગેરે બીજી પાંચહજાર ભોગતરૂણી હતી. તેઓ લાવણ્ય, રૂપ, સૌભાગ્ય અને ક્રીડાના સ્થાનરૂપ હતી. પૂર્વનાં ભોગ્ય કર્મથી શ્રીચંદ્રને તેમનો યોગ મળી આવ્યો હતો.

રાજ્યાભિષેક કર્યા પછી શ્રીચંદ્ર કુશસ્થળીનો મહારાજા થયો. લૌકિક રાજ્ય પ્રાપ્ત થતાં પણ તે ધર્મના રાજ્યને ભુલી ગયો નહોતો. પુણ્યના પ્રભાવથી તેણે જે જે ધન ઉપાર્જન કરેલું, તેનો તે સદ્દુપયોગ કરતો, અને સાત ક્ષેત્રમાંજ દ્રવ્યનો વ્યય કરી, તે અતુલિત પુણ્ય ઉપાર્જન કરતો હતો. જે જે વિદ્યાઓ તેણે પૂર્વે સિદ્ધ કરી હતી, તે તે વિદ્યાઓના બળથી તે અનેક દેશને તાબે કરતો. એવી રીતે તેણે અલ્પ સમયમાંજ ત્રણ ખંડ સાધી લીધા હતા. ચતુરંગ બળ, અનુપમ રાજ્યની રીયાસત, અને બુદ્ધિનો મહાન્ વૈભવ, એ ત્રિવિધ પ્રકારથી તે નવીન ઈંદ્રના જેવો લાગતો હતો. કલ્પવૃક્ષની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમ તે પોતાની પ્રજાની આશાઓને પુરતો હતો. પ્રજા તેના નિર્મળ યશનું ગાન કરતી હતી. મનમાં જે જે ઇચ્છાઓ થતી, તે બધી ઈચ્છાઓને તે લીલા માત્રમાંજ પુરી કરતો હતો. સ્પર્શમણિના યોગથી જેમ લોહ સુવર્ણ થાય, તેમ દરિદ્રી અને દુસ્થિત જનો તેના સમાગમથી ધનવાન્ અને વભવ વિલાસી થયા હતા. છ ઋતુઓનાં વિવિધ જાતનાં સુખ તે ભોગવતો હતો.

આ પ્રમાણે સર્વ ગુણસંપન્ન શ્રીચંદ્ર કુશસ્થળીમાં મહાન્ સમૃદ્ધિ સંપાદન કરી, નીતિ રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં નીતિરૂપ કલ્પલતા ચારે તરફ છવાઇ રહી હતી, સોળ હજાર દેશ તેની આજ્ઞાને ઉઠાવતા હતા. હાથી ઘોડા, રથ અને પેદલ તથા દિવ્ય વસ્તુની સમૃદ્ધિથી તે ઇંદ્રની પ્રભુતા દેખાડતો હતો.

મહીમંડળ ઉપર લોકરાજ્ય, અને ધર્મરાજ્ય ચલાવનારા મહારાજા શ્રીચંદ્રે જે જે પોતાના સંબંધી અને સહાયક હતા, તેઓની સારી કદર જાણી હતી. સુગ્રીવ વિદ્યાધરને ઉત્તર શ્રેણીનું, અને રત્નધ્વજ મણિચૂડને દક્ષિણ શ્રેણીનું રાજ્ય આપ્યું હતું. પોતાના અપરાધી છતાં નમી પડેલા જય વિજય વિગેરે ચારે બંધુઓને ચાર દેશનાં રાજ્યો આપી, તેણે સુખી કર્યા હતા. ધર્મના સામ્રાજ્યને વધારનારા શ્રીચંદ્રે બધા મહીમંડળને જિન પ્રાસાદોથી મંડિત કરી દીધું, અને જિનેંદ્રના ધવલ વિહારરૂપ હારથી ભૂમિરૂપ ભામિનીને વિભૂષિત કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીધી. જગત્ ઉપર તેણે શત્રુ વગરનું નિષ્કંટક રાજ્ય પ્રવર્ત્તાવ્યું, દાનમાં કલ્પવૃક્ષ જેવા શ્રીચંદ્ર મહારાજાએ યાચકોને ધનાઢય કરી દીધા, વિદ્યાધરોના ચક્રવર્તી શ્રીચંદ્રે પોતાના રાજકીય પરિવારમાં મોટો વધારો કર્યો હતો. દેશોનો અધિકાર ધર્મરૂચિ એવા સોળહજાર મંત્રીઓને તેણે સોંપી દીધો હતો, બુદ્ધિના નિધાન એવા સોળસો મુખ્ય પ્રધાનો કર્યા હતા, લક્ષ્મણ વિગેરે સોળ મહા મંત્રીશ્વર બનાવ્યા હતા, અને તે સર્વની ઉપર સંપૂર્ણ સત્તા સાથે પોતાના મિત્ર ગુણચંદ્રને નિમી દીધો હતો. રાજ્યના બીજા અંગમાં પણ તેણે સારો વધારો કર્યો હતો. તેની ચતુરંગ સેનાની રચના મોટા પાયા ઉપર કરવામાં આવી હતી. તેમાં બેંતાલીશલાખ ગજેંદ્રો હતા, દશ કરોડ ઘોડા હતા, તેટલાજ રથ, ગાડાં અને ઉંટ હતા, અડતાલીશ કોટી સુભટો હતા, તેઓ અંજલી જોડી, મસ્તકપર આજ્ઞા ઉઠાવવાને હાજર રહેતા હતા. તે બધી સેનાના મુખ્ય અધિકારની પદવી ધનંજયને આપવામાં આવી હતી. તેની સમૃદ્ધિમાં ગગનની સાથે વાતો કરે, તેવા બેંતાલીશહજાર ઉંચા ધ્વજ હતા. નરવાહન શિબિકાઓ અને વાજિંત્રોનાં મંડળો અસંખ્ય હતાં; તેનાં ચળકતાં નિશાનો સૂર્યથી અધિક તેજસ્વી દેખાતાં હતાં, ચમર છત્રને ધારણ કરનારા હજારો અંગરક્ષકો મસ્તક નમાવીને હાજર રહેતા હતા, હરિતારક, ચારણ, ભાટ, રાજકવિઓ અહર્નિશ તેનું યશોગાન કરતા હતા, તેઓમાં વીણારવ મુખ્ય હતો. ગવૈયાઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને અપ્સરાઓ વિગેરે તેની દાનકીર્તિ અને ધર્મકીર્તિનું ગાન રાસમંડળથી કરતાં હતાં.

મહારાજા શ્રીચંદ્ર આર્હત ધર્મની પ્રભાવના મોટા આડંબરથી કરતો હતો, ધાર્મિક પર્વના ઉત્સવો ઘણા ભભકાથી ઉજવતો હતો, ધર્મના ભારે ઉદ્યોતથી તેણે અઢાર વર્ણમાં જૈન ધર્મની પ્રવૃત્તિ કરાવી હતી, મોટી સામાયિક શાળાઓ, પૌષધશાળાઓ, મઠો, પાઠશાળાઓ, ધર્મશાળાઓ, ચૈત્યો, યક્ષમંદિરો, વનો અને વાટિકાઓ રચાવી, તેણે પોતાની રાજધાનીને સુશોભિત કરી દીધી હતી.

આ શિવાય શ્રીચંદ્ર મહારાજાએ પોતાના ઉત્પાદક અને પાલક માતાપિતા તથા પરિવારને લઇ, મોટી યાત્રાઓ કરી હતી. આથી શ્રીચંદ્ર ભૂમિપતિ અને સંઘપતિ પૂર્ણ રીતે બન્યો હતો. નિત્ય વિવિધ પ્રકારની પૂજા ભણાવી, તે પૂજાના પવિત્ર પ્રભાવને વધારતો હતો. તેના રાજ્યમાં કોઈ ગિરિ, કે ગામ એવું નહોતું, કે જેમાં જિનાલય ન હોય. વળી તે ષટ્ આવશ્યકની ક્રિયા કરવામાં તત્પર રહેતો હતો, તેણે ધનનો મોટો વ્યય કરી, જ્ઞાનના અસંખ્ય ભંડારો કરાવ્યા હતા. આવી મહા સત્તા પ્રાપ્ત થતાં પણ તે પિતાની આજ્ઞા લઇનેજ દરેક કામ કરતો હતો. સઘળા કુવ્યાપારનો તે ત્યાગ કરતો હતો, અને ચારે પર્વમાં શુભ ધ્યાન આચારતો હતો.

શ્રીચંદ્રના મહાન્ રાજ્યમાં ચોરી, વ્યભિચાર, છળ, કપટ અને નિષિધ આચાર થતો નહીં, અને આખા રાજ્યમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમારી ઘોષણા થતી હતી. શ્રીચંદ્રના નીતિ રાજ્યમાં પ્રજાને સ્વર્ગનું સુખ મળતું હતું. લોકો નિશ્ચિત અને નિર્ભય થઈ, આત્મસાધન કરતા હતા.

## પ્રકરણ ૨૫ મું

## સુવૃત્તાચાર્ય.

કુશસ્થળીમાં આનંદ ઉત્સવ થઈ રહ્યો હતો, શ્રીચંદ્રની રાજનીતિથી પ્રજા રંજન થતી હતી, ધર્મ, અર્થ અને કામને સાધવામાં શ્રીચંદ્રે પૂર્ણ ફતેહ મેળવી હતી, શ્રીચંદ્ર જેવા નીતિમાન્ રાજાથી કુશસ્થળી રાજવન્તી કહેવાતી હતી, શ્રીચંદ્ર રાજકીય વૈભવના વિલાસમાં મગ્ન રહેતાં પણ, રાજયોગી કહેવાતો હતો, તે હમેશાં નિયમિત રીતે સમય પ્રમાણે પ્રવર્તન કરી, બીજાઓને દ્રષ્ટાંતરૂપ થતો હતો. અમુક વખતે અમુક કામ કરવું. એવા નિયમથીજ તેનું આહ્નિક ચાલતું હતું. આવશ્યક ક્રિયામાં તે સારી રીતે સાવધાન રહેતો હતો. પાત્રદાન, દયાદાન વિગેરે કરવામાં તેનું ઔદાર્ય ઉત્તમ પ્રકારનું દેખાતું હતું. કવિઓ, વિદ્વાનો અને યાચકો તેની દાનકીર્તિને દિશાઓમાં પ્રસારતા હતા, ઇંદ્રના જેવો વૈભવ છતાં તેનું હ્રદય અભિમાનને વશ થયેલું નહોતું, દુર્વ્યસનો તેને આકર્ષવાને સમર્થ થયાં નહોતાં, તેના હ્રદયમાં શાંતિનો પ્રવાહ સતત વહ્યા કરતો, તેથી ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કષાયો તેનાથી દૂર રહેતા હતા, તેનામાં પ્રતાપનો ઉગ્ર ગુણ છતાં ઉપશમનો ભંગ થતો નહોતો, રજોગુણની યોગ્યતા રાખવા છતાં સત્વગુણનું પ્રબળ ઘટતું નહોતું.

આવી રીતે કુશસ્થળીનો અધિપતિ શ્રીચંદ્ર, ચંદ્રની જેમ રાજ્યરૂપ ગગનમાં ચળકતો હતો; તેની રાજ્યનીતિની પ્રશંસા સાંભળી વૃદ્ધ પ્રતાપસિંહને ઘણો આનંદ થયો હતો.

એક વખતે અભિનવ મહારાજા શ્રીચંદ્ર રાજસભામાં બેઠો હતો, તેની આગળ ઉચ્ચ આસન ઉપર પ્રતાપસિંહ બીરાજતો હતો, મંત્રિ, સામંત વગેરે સર્વ પરિવાર ત્યાં હાજર હતો. આ વખતે એક યુવાન પુરૂષ દોડતો આવ્યો, અને દ્વારપાળની દ્વારા અંદર જવાની રજા મેળવી રાજસભામાં આવ્યો. ભૂમિપર મસ્તક નમાવી તે પુરૂષે વિનયથી કહ્યું—પૂજ્ય વૃદ્ધ મહારાજા અને વિદ્યાધર ચક્રવર્ત્તિ મહારાજાધિરાજ શ્રીચંદ્ર! આજે આપણા ઉદ્યાનમાં એક જ્ઞાની સૂરિશ્વર પધાર્યા છે. આ ખબર સાંભળી પ્રતાપસિંહ, શ્રીચંદ્ર અને તેનો પરિવાર ખુશી થઈ ગયો. શેઠ લક્ષ્મીદત્ત પણ ત્યાં હતા, તે આ વૃત્તાંત જાણીને અતિ આનંદ પામ્યા. શ્રીચંદ્રે વધામણી કહેનારને સારૂં ઇનામ આપ્યું. પછી એ ખબર અંતઃપુરમાં પહોંચાડવામાં આવી, એટલે સૂર્યવતી, લક્ષ્મીવતી વિગેરે રાજમાતાઓ અને ચંદ્રકળા વિગેરે રાણીઓ ત્યાં આવી હાજર થઈ. કુશસ્થળીમાં ચારેતરફ આ ખબર ફેલાઈ ગઇ, એટલે બીજા ગૃહસ્થો પણ સૂરીશ્વરનાં દર્શન કરવાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્સુક થયા. મહારાજા શ્રીચંદ્રની આજ્ઞાથી આચાર્યને વાંદવા જવાની મોટી તૈયારી થવા માંડી, મોટા આડંબરથી રાજ્યની તમામ રીયાસત સ્વારીરૂપે ગોઠવવામાં આવી.

મહા જ્ઞાની સુવૃત્તાચાર્ય તે સમયે જગતમાં વિખ્યાત હતા, આર્હત મુનીશ્વરોમાં તેઓ જ્ઞાન સંપન્ન કહેવાતા હતા, તેમના ઉપદેશે આખા વિશ્વની ઉપર સારી અસર કરી હતી, ભારતવર્ષની આર્હત પ્રજામાં તે આચાર્યની ધર્મકીર્ત્તિ સર્વત્ર પ્રસાર થઈ હતી, મુનિધર્મનું પૂર્ણ સ્વરૂપ તેનામાં દેખાતું હતું; એ મહાન્ આચાર્ય ચરણ કરણના ગુણના રાગી હતા, જાણે મૂર્ત્તિમાન ધર્મનો પુંજ હોય, એવા તે દેખાતા હતા. પાંચ મહા વ્રતને તેમણે ત્રિકરણ શુદ્ધિથી ધારણ કર્યાં હતાં, દશ પ્રકારનો યતિધર્મ, સત્તર પ્રકારનો સંયમ, દશ પ્રકારનું વૈયાવચ્ચ, અને નવ પ્રકારનું બ્રહ્મચર્ય તેઓ એકનિષ્ઠાથી પાળતા હતા. જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એ ત્રણ રત્નોથી તેઓ પ્રકાશતા હતા, નિદાન (નિયાણું) કર્યા વગર બાર પ્રકારનું તપ આચરતા હતા, અને ક્રોધાદિ ચાર કષાયનો નિગ્રહ કરતા હતા. આ પ્રમાણે ચરણ સીત્તરીનું તેઓ સારી રીતે પ્રતિપાલન કરતા હતા, તેવીજ રીતે કરણ સીત્તરીમાં પણ તેઓ સર્વદા તત્પર રહેતા હતા. આહાર, શય્યા, વસ્ત્ર અને પાત્ર, એ ચાર પ્રકારની પિંડ વિશુદ્ધિ તેઓ સારી રીતે સાચવતા હતા. પાંચ પ્રકારે સમિતિ, બાર ભાવના, બાર પ્રતિમા, પાંચ ઇંદ્રિઓનો નિરોધ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પચીશ પ્રકારની પ્રતિલેખના, ત્રણ ગુપ્તિ અને ચાર અભિગ્રહ, આ કરણ સીત્તરીરૂપ કલ્પલતાનો તેઓ સર્વદા આશ્રય લેતા હતા.

આવા મહાન્ પ્રભાવિક સુવૃત્તાચાર્યને વાંદવાને કુશસ્થળીપતિ મોટા ઠાઠમાઠથી આવ્યો. ઉદ્યાનની પાસે આવી રાજા પ્રતાપસિંહ અને શ્રીચંદ્ર રાજ્યચિન્હો દૂર કરી, નમ્ર ભાવથી સૂરીશ્વરની પાસે આવ્યા. આચાર્યની અદ્ભુત તેજને ધારણ કરનારી અને શાંત રસના પ્રવાહને પ્રસાર કરનારી સુંદર મૂર્ત્તિ જોઇ પ્રતાપ અને શ્રીચંદ્ર પરિવાર સહિત સાનંદાશ્ચર્ય પામી ગયા, તેમના હૃદયમાં ગુરૂભક્તિની પ્રભા પડી ગઇ. ગુરૂ દર્શનથી જીવનને કૃતાર્થ માનનારા તેઓએ આવી સૂરીશ્વરને પ્રદક્ષિણાપૂર્વક વંદના કરી. ગુરૂની ભવ્ય મૂર્ત્તિનાં દર્શન અને વિધિપૂર્વક વંદના કરતાં, તેઓના હૃદય અને શરીર ઉપર સાત્વિક ભાવ પ્રગટ થઈ આવ્યો, શરીર રોમાંચિત થઈ ગયું, કંઠ ગદ્ગદિત થઇ આવ્યો, અને નયનમાંથી આનંદાશ્રુના પ્રવાહ છુટવા લાગ્યા.

જ્યારે સર્વ પરિવાર વંદના કરી યોગ્ય સ્થાને બેઠો, એટલે પરોપકારી અને કરૂણાનિધિ સૂરીશ્વરે ધર્મલાભની આશિષ આપી ધર્મદેશનાનો આરંભ કર્યો. ભવ્ય રાજેંદ્ર ! આ સંસારનું સ્વરૂપ વિચિત્ર છે, તે દુઃખરૂપ છતાં તેમાં સુખનો આભાસ માનવામાં આવે છે, એ પુરેપુરી અજ્ઞાનતા છે. આવા અસાર અને દુઃખાત્મક સંસારમાં ધર્મ એકજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાર છે, કે જે ધર્મ શ્રી સર્વજ્ઞના મુખથી પ્રગટ થયો છે. ધર્મ એ એવો ઉત્તમ પદાર્થ છે કે, જે પરિણામે કર્મના કીલ્લા તોડાવી, મોક્ષ સુખને સંપાદન કરાવે છે, એ ધર્મના સર્વ વિરતિ અને દેશ વિરતિ એવા બે પ્રકાર છે. દેશ વિરતિ એ સાગારિક—ગૃહસ્થનો ધર્મ છે, અને સર્વ વિરતિ એ અનગાર–સાધુનો ધર્મ છે. એ ધર્મમાં ત્રિવિધ કરણનો યોગ, પંચ મહાવ્રત ક્ષમા વિગેરે દશ પ્રકાર, પાંચ આચાર, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વિગેરે અનેક ભેદો રહેલા છે, જેથી કરીને શિવગતિની પ્રાપ્તિ થાય છે, એ ધર્મના પ્રકાર ચારિત્ર ધર્મની સાથે ઉત્તમ રીતે રહેલા છે.

ગૃહસ્થ–સાગાર ધર્મમાં દેશ વિરતિ સમ્યકત્વનો યોગ કહેલો છે, તેમાં વિરતિ ધર્મની રૂચિ હોય, પણ વિષય કષાયના સંપર્કથી વિરતિ ધર્મ સર્વ અંશે પ્રાપ્ત થતો નથી. નિઃશંક અને નિરતીચાર સમક્તિ ગુણનું તેમાં ધારણ થાય છે, બહુ પ્રકારની જિન પૂજાનું તેમાં આરાધન થાય છે, પૂજાના પ્રભાવથી ચિત્તની સમાધિ થાય છે, અને સમાધિ પામેલું ચિત્ત પ્રસન્નતા મેળવે છે. જ્યારે ચિત્ત પ્રસન્ન થાય, એટલે શુભ ધ્યાનની પ્રાપ્તિ થાય છે, અને શુભ ધ્યાનથી અનુપમ મોક્ષ સંપાદન થાય છે, જેમાં અસમાન સુખ અનુભવાય છે, જેને માટે જિનાગમમાં નીચેની ગાથા ગવાય છે.

"पूयाएं मणसंती मणसंतीए सुहावहं झाणं ।
सुहझाणाओ मुक्खो मुक्खे सुक्खं अव्वावाहं ॥१॥"

"પૂજાથી મનને શાંતિ થાય છે, મનની શાંતિથી શુભ ધ્યાન થાય છે, શુભ ધ્યાનથી મોક્ષ થાય છે, અને મોક્ષમાં નિરાબાધ સુખ પ્રાપ્ત થાય છે. ૧"

તે પૂજાના બે પ્રકાર છે. દ્રવ્યપૂજા અને ભાવપૂજા, દ્રવ્યપૂજાના અનેક ભેદ છે. જગતમાં જે જે સારરૂપ દ્રવ્ય છે, તે પૂજામાં ઉપયોગી થાય છે. દ્રવ્યપૂજાને પૂર્ણ રીતે કરનાર ભવ્ય મનુષ્ય અચ્યુત કલ્પ સુધી જાય છે. અંગપૂજા અને અગ્રપૂજા એવા તેના ભેદ થઈ શકે છે. એ સર્વથી ભાવપૂજા ઉત્કૃષ્ટ છે. ભાવપૂજા સંયમ સાધવાથી થઈ શકે છે, જેથી પરિણામે મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. જિનપૂજાથી તીર્થંકરની પદવી પણ મેળવી શકાય છે. સમક્તિ અને દેશ વિરતિ વ્રતની શોભાથી શ્રાવક સંપૂર્ણ રીતે શોભાયમાન થાય છે. દેશ વિરતિ બાર વ્રતને ધારણ કરનાર શ્રાવક મુક્તિ વધૂને વરવાનો પૂર્ણ અધિકારી થાય છે. રાજેંદ્ર ! દ્રવ્યપૂજાથી ભાવપૂજા વધે છે. તે પૂજા સંવરરૂપ હોવાથી સાધુ ધર્મને યોગ્ય થઇ, છેવટે અરૂપ મોક્ષ સ્થિતિને પ્રાપ્ત કરાવે છે. એ ભાવપૂજા તપ સંયમનું સ્વરૂપ છે. સંયમનો પ્રભાવ સર્વથી ચડીયાતો છે, તેને માટે જિનાગમ નીચેની ગાથા પોકારે છેઃ—

"कंचण मणिसोवाणं थंभसहस्ससयं सुवण्णतलम् ।
जो कारिज्जइ जिणहरं तओवि तवसंजमो अहिओ ॥१॥"

"સુવર્ણ મણિના પગથીઆવાળુ, હજારો સૈકડો સ્તં-

ભથી સુશોભિત અને સુવર્ણના તળિઆવાળું જિનાલય જે પુરૂષ કરાવે, તેનાથી પણ તપ સંયમ અધિક છે."

આવો તપ:સંયમ પ્રત્યેક મનુષ્યે આચરવા યોગ્ય છે, તે તપ સંયમના પ્રભાવથી ચાર પ્રકારનું ધર્મ ધ્યાન થઇ શકે છે. તે ધ્યાનના પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, અને રૂપાતીત એવાં ચાર ભેદ પડે છે. તીર્થંકરના જન્મની અવસ્થા, રાજ્યાવસ્થા, અને શ્રમણાવસ્થાનું ધ્યાવું, તે પિંડસ્થ ધ્યાન છે. કેવળજ્ઞાનની અવસ્થા, તે પદસ્થ ધ્યાન કહેવાય છે. મૃત્યુ પછી પ્રતિમાવસ્થાનું ચિંતવન તે રૂપસ્થ ધ્યાન, અને સિદ્ધાવસ્થાનું ચિંતવન એ રૂપાતીત ધ્યાન કહેવાય છે. આ મહાધ્યાનનો મહિમા અપાર છે, કે જેનાથી સ્વર્ગ, અને મોક્ષનાં ઉત્તમ સુખ પ્રાપ્ત થઈ શકે છે.

હે રાજેંદ્ર ! આ પ્રમાણે મેં તમને ધર્મનું સૂક્ષ્મ સ્વરૂપ કહેલું છે. એ સ્વરૂપનું તમે એકાગ્રતાથી મનન કરજો, અને તમારા મનુષ્ય જન્મને કૃતાર્થ કરવાનો પ્રયત્ન કરજો. આ ધર્મ સાધનને યોગ્ય એવો માનુષ્ય ભવ વારંવાર પ્રાપ્ત થતો નથી. સર્વમાં માનવજીવન દુર્લભ છે. એ મહા જીવનને શાસ્ત્રકારો ચિંતામણી રત્નની ઉપમા આપે છે. ચિંતામણિ રત્નથી જેમ જે જે ઇચ્છાઓ પૂર્ણ થાય છે, તેમ દુર્લભ માનવ જીવનથી બધી જાતની ઇચ્છા પૂર્ણ થાય છે. આ લોકનાં, પરલોકનાં તેમજ પરમાનંદ પદનાં અનુપમ સુખો મેળવવાનું સાધન એક માનવ જીવનજ છે. વિમાનવાસી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવતાઓ પણ પરમ સુખ મેળવવાને એ જીવનની સર્વદા અપેક્ષા રાખે છે. યોગીંદ્ર, મુનિંદ્ર, કેવળી, અને તીર્થંકર જેવી મહાન્ પદવીઓમાં પ્રવેશ કરવાનું દ્વાર પણ માનવ જીવન છે.

સુવૃત્તાચાર્ય આ પ્રમાણે કહી વિરામ પામ્યા, તેમની દેશનાથી કુશસ્થળીના પૂર્વ રાજા પ્રતાપસિંહના હૃદય ઉપર ઘણી અસર થઇ ગઈ, તેના રોમે રોમે સંવેગ રસની ધારાઓ પ્રસરી ગઇ. તરતજ મહારાજાએ હૃદયમાં વિચાર્યું કે, આ સંસારમાં માનવજીવન એક અમૂલ્ય રત્ન સમાન છે. આવા ઉત્તમ જીવનને મેં અદ્યાપિ સાર્થક કર્યું નથી. આજ સુધી હું રાજ્ય લક્ષ્મી, અને કુટુંબના મોહમાં મગ્ન રહ્યો છું, હવે આત્મ સાધન કરવું જોઇએ. શ્રીચંદ્ર જેવા પ્રતાપી પુત્રે મને નિશ્ચિંત કર્યો છેઃ કુશસ્થળીની પ્રજા ખરેખર સનાથ થઇ છે. રાજ્યના સાત અંગોએ પોતાને યોગ્ય એવો સ્વામી મેળવ્યો છે. હવે મારે પરલોક તરફ દ્રષ્ટિ કરવી જોઇએ. જેની આગળ મારૂં રાજ્ય, મારો વૈભવ, મારો પ્રતાપ, અને મારી શક્તિ લઘુ ગણાય, તેવા અનેક ચક્રવર્તીઓ, અને મહારાજાઓએ આ લોક રાજ્યને છોડીને સંયમ રાજ્ય લીધેલું છે. આ અસાર સંસારનું સ્વરૂપ જાણી લઈ, પોતાના આત્માના ઉદ્ધારને માટે તેમણે ચારિત્રનો મહાન્ માર્ગ લીધેલો છે. આ સંસાર, આ શરીર, આ વૈભવ, અને બધા દ્રશ્યમાન મોહક પદાર્થો અસ્થિર છે. આવા અસ્થિર પદાર્થો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપર મોહ રાખવો તે નિષ્ફળ છે. હવે તો સંયમ લઇ આ મનુષ્ય જીવનને કૃતાર્થ કરવું.

આવોજ વિચાર રાજમાતા સૂર્યવતીના હૃદયમાં પણ થયો હતો, તે શિવાય લક્ષ્મીદત્ત શેઠ, લક્ષ્મીવતી શેઠાણી, અને બીજા વૃદ્ધ પ્રધાનો પણ સંયમ લેવાને ઉત્સુક થયા હતા.

મહારાજા પ્રતાપસિંહે મહા વ્રત લેવાને શ્રીચંદ્રની આગળ પોતાની તે ઇચ્છા બતાવી, અને આત્મ સાધન કરવાનો સંયમ સૂચવ્યો, એટલે પિતૃભક્ત શ્રીચંદ્રે કેટલીક વાર પિતૃભક્તિ દર્શાવી, અને પિતૃ વિયોગનું દુઃખ જણાવ્યું પણ છેવટે તે ધર્મજ્ઞ મહાશય પિતાના વિચારને સંગત થયો.

શ્રીચંદ્રે પોતાના પિતા પ્રતાપસિંહનો દીક્ષા મહોત્સવ ઘણા ઠાઠમાઠથી કર્યો, અઠ્ઠાઈ મહોત્સવ કરી વિવિધ પ્રકારની પૂજા ભણાવવામાં આવી, પુષ્કારાવર્ત્ત મેઘની જેમ અઢળક દાન આપવામાં આવ્યાં. હજાર પુરૂષો વહન કરે, તેવી શિબિકામાં પિતાને બેસારી મોટો વરઘોડો કાઢવામાં આવ્યો. શુભ દિવસે અને શુભ લગ્ને સુવૃત્તાચાર્યે કુશસ્થળીના પૂર્વ મહારાજાને સંયમ રાજ્ય ઉપર સ્થાપિત કર્યો. તેમની સાથેજ સૂર્યવતી, લક્ષ્મીદત્ત શેઠ, લક્ષ્મીવતી અને બીજા વૃદ્ધ પ્રધાનોએ પણ વ્રત ગ્રહણ કર્યું હતું. આ વખતે બીજા કેટલાએકે સમ્યકત્વ અને કોઇએ દેશ વિરતિ વ્રત ગ્રહણ કર્યાં હતાં. રાજા શ્રીચંદ્રે પણ પત્ની સહિત શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કર્યાં, તે શિવાય બીજા કેટલાએક અભિગ્રહ નિયમો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે લીધા હતા. ગુરૂની આગળ તેણે પ્રત્યાખ્યાન લઈ કબુલ કર્યું કે, સ્વામી ! આપના પસાયથી હું મારા સમ્યકત્વ વ્રતમાં સાવધાન રહીશ. આઠ આચાર અને ચાર આગાર એવા સમ્યકત્વને હું આદરપૂર્વક સેવીશ, મુનીંદ્ર ! તમે તારક છો, ભક્તના ઉદ્ધારક છો, તમારા જેવા દયાળુનો અવતાર અમારા જેવા અજ્ઞ પુરૂષોના ઉદ્ધારને માટે થાય છે. તમારા કહેવા પ્રમાણે અઢાર દૂષણ રહિત અરિહંત દેવ ત્રણ રત્નોને ધારણ કરનાર ગુરૂ, અને તમે કહ્યો તેવો શુદ્ધ ધર્મ, એ મારા સમક્તિનો સાર છે. તે દેવગુરૂ અને ધર્મ મને યાવજ્જીવિત પ્રાપ્ત થાય. હમેશાં ત્રિકાળ જિન પૂજા, ષટ આવશ્યક અને બીજી વિવિધ પ્રકારની નિયમ ક્રિયાઓમાં હું ત્રિકરણ શુદ્ધિથી પ્રવર્તુ, ત્રણસો કાઉસ્સગનો સઝાય કરૂં, એક સહસ્ત્ર નોકારગણું, પ્રત્યેક દિવસે એક લાખ દ્રવ્ય સાત ક્ષેત્રોમાં વાપરૂં, દશ આશાતના અને બીજી ચોરાશી આશાતનાનો ત્યાગ કરૂં, ચાર પ્રકારની શ્રદ્ધા, ત્રણ લિંગ, દશ પ્રકારના વિનય, ત્રણ પ્રકારની શુદ્ધિ, પાંચ દૂષણ, આઠ પ્રભાવક, પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ પ્રકારની જતના, છ આગાર, છ ભાવના અને છ સ્થાન, એ બધા ભેદ જાણી સમ્યક્ત્વને આદરપૂર્વક ભજું, જે અન્ય મતના પાખંડી અને કુલિંગી હોય, તેમને ન ભજું, લૌકિક દેવની સેવના ન કરૂં, હમેશાં દાનશીળ થાઉં, અવિધિની આશાતના ટાળું, પરિણામને વધતાં કરૂં, દેવદ્રવ્ય તથા ગુરૂદ્રવ્યનો ઉપભોગ ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આચરૂં, તેવો ઉપભોગ કરનારનો સંગ પણ ન કરૂં, અઢાર પાપ સ્થાનને સેવું નહીં, ભોગ ઉપભોગમાં અભક્ષ્ય તથા અનંતકાયના ભાગના યાવજ્જીવિત પચ્ચખાણ કરૂ, આર્ત્ત, રૌદ્ર વિગેરે અશુભ ધ્યાનનો ત્યાગ કરૂં, કાષ્ટ ભક્ષણ વિગેરે દુરાચારથી દૂર રહું, શ્રાવકનાં બાર વ્રત ત્રિકરણ શુદ્ધિથી આરાધું, બધા પંચાશી પ્રકારના અતિચારથી દૂર રહું, પાંચ પ્રકારની ધર્મ સંલેખના કરૂં, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપઆચાર અને વીર્યઆચારની સાનંદપણે સેવના કરૂં. તે શિવાય આર્હત ધર્મનો જે શુદ્ધ સદાચાર છે, તેનું યથાશક્તિ પાલન કરૂં. મુનીશ્વર ! આ પ્રમાણે મારા હૃદયમાં ધર્મભાવના પ્રગટ થઇ છે. દેવ, ગુરૂ અને ધર્મના પ્રસાદથ આપે ઉપદેશ કરેલ આર્હત ધર્મના મહાત્મ્યને મેં જાણ્ છે. મારા મનુષ્યભવને કૃતાર્થ કરવાનું કારણ આપ પોતેજ બન્યા છો, આપે ઉપદેશ કરેલા સમ્યક્ત્વના તીવ્ર પ્રકાશથી મારૂં અજ્ઞાનરૂપ અંધકાર દૂર થઈ ગયું છે.

આ પ્રમાણે કહી શ્રીચંદ્ર ઉભો થયો. તેણે પોતાના ઉપકારી ગુરૂને ત્રણ પ્રદક્ષિણા કરી, અને શુદ્ધ હૃદયથી ભક્તિપૂર્વક વંદના કરી, પછી ઉંચે સ્વરે નીચેની ગાથા બોલ્યો:—

सम्मत्तमूलो गुणआलवालो,
सिलप्पवालो वयसंघसालो ।

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

गिहथ्थधम्मो वरकप्परूक्खो,
फलेउ मे सासय मुक्ख सुक्खो ॥ १ ॥

" સમકીતરૂપ મૂળવાળો, ગુણરૂપ ક્યારાવાળો, શીળરૂપ પલ્લવે યુક્ત અને વ્રતરૂપ શાખા સહિત, એવો ગૃહસ્થ ધર્મ-રૂપ ઉત્તમ કલ્પવૃક્ષ શાશ્વત સુખરૂપ મોક્ષરૂપ અર્થે ફલિત થાઓ. " ૧

શ્રીચંદ્રની ગુરૂભક્તિ જોઈ, સુવૃત્તાચાર્ય ઘણાજ પ્રસન્ન થઈ ગયા. શ્રીચંદ્રની પવિત્ર ભાવના જોઈ તેમની મનોવૃત્તિમાં ધાર્મિક આનંદ ઉભરાઇ ગયો. તરતજ તેઓએ ત્યાંથી વિહાર કરવાની ઇચ્છા કરી. ગુરૂશ્રીની સાથે રાજર્ષિ પ્રતાપસિંહ, મુનિ-વર્ય લક્ષ્મીદત્ત, સાધ્વી સૂર્યવતી, સાધ્વી લક્ષ્મીવતી અને બીજો પરિવાર વિહાર કરવાને તૈયાર થયો. પૂર્વ સંબંધને લઇને શ્રીચંદ્ર અને તેના કુટુંબને ક્ષણવાર વિયોગપીડા ઉત્પન્ન થઈ. કુશસ્થળીની પૂર્વ લાલિત પ્રજાએ પોતાના સ્વામીની નવદીક્ષિત મૂર્તિને પ્રેમ ભક્તિથી વંદના કરી, અને નયન-માંથી અશ્રુધારા વર્ષાવી. ભૂતળરૂપ ક્ષેત્ર ઉપર દેશનાની ધારા વર્ષાવનાર બોધિબીજરૂપ વિવિધ ધાન્યને ઉત્પન્ન કરનાર સુવૃ-ત્તાચાર્યરૂપ ગગનમણિ સર્વ રાજકીય ચારિત્રધારી પરિવારને લઇ જગતના ઉપકારની બુદ્ધિએ અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવા પ્રકાશમાન થઈ, ત્યાંથી વિહાર કરવા પ્રવર્ત્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુવૃત્તાચાર્યની દેશનાએ કુશસ્થલીની પ્રજા ઉપર ભારે અસર કરી હતી, તેથી કેટલાએક ચારિત્રધારી, કોઇ બાર વ્રતધારી અને કોઇ સમ્યકત્વના ધારક બન્યા હતા. તે પછી રાજા શ્રીચંદ્ર કુટુંબ સહિત હૃદયમાં ગુરૂભકિતની ભાવના ભાવતો રાજદ્વારમાં આવ્યો, અને તેણે પોતાના શાસનથી દેશમાં આર્હત ધર્મનો વિજયવાવટો ફરકાવ્યો હતો.

મહા મુનિ પ્રતાપસિંહ, વિગેરેએ સુવૃત્તાચાર્યની સાથે વિહાર કર્યો હતો. આચાર્યે એ નવા દીક્ષિત મુનિઓને મુનિ ધર્મનો ઉપદેશ કર્યો હતો, ચારિત્રના ચળકાટને અ.પનારા મુનિના આચાર તેમને શીખડાવવામાં આવ્યા હતા. કોઇએ પૂર્વ શ્રુતનું અધ્યયન કર્યું, કોઈ અગીયાર અંગમાં પારંગત થયા, કોઇએ વિનય શિક્ષાને સંપાદન કરી, આગમનો સાંગોપાંગ અભ્યાસ કર્યો, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિગુપ્ત અને ચરણ કરણના ધામરૂપ બનેલા અને વિષય કષાયને નિવારતા તેઓ પૂર્ણ રીતે સંયમને સાધતા હતા. દ્રવ્ય અને ભાવ સંયમના ગુણથી તેઓ વિરાજીત હતા, છઠ્ઠ અને અઠ્ઠમ તપને તેઓ આદરતા હતા, ઉગ્ર વિહાર કરી પરીષહોને સહન કરતા હતા, આતાપના વિગેરે આચરી બાર પ્રતિમાને વહેતા હતા, અભિગ્રહ ગ્રહણ કરી, બાર પ્રકારના તપને આચરતા તેઓ ગુણ સ્થાનનું આરોહણ કરતા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૬ મું.

## જયણાનું માહાત્મ્ય.

सुट्ठु तवं कुणंतो जयणविहूणो न पावए सिद्धिं ।
सुसढ्ढव्व लहइ दुक्खं किंपुण जीवो तवविहूणो ॥ १ ॥

**“ જે જીવ સારી રીતે તપશ્યા કરે, પણ જો જયણાથી રહિત હોય, તો તે સિદ્ધિને પામતો નથી; પણ તે સુસઢ્ઢ (સુશ્રાદ્ધ) ની જેમ દુઃખ પામે છે. ૧ ”**

જયણા એ આર્હત ધર્મનું ખરેખરૂં મૂળ છે, જયણા દયા ધર્મની માતા છે, જયણા એજ ધર્મનું પાલન છે, જયણાથી તપ અને જપની વૃદ્ધિ થાય છે, એટલુંજ નહિ, પણ જયણાથી સત્વર મોક્ષ મળે છે. જયણાની સાથે જ્ઞાન, દર્શન અને ચારિત્રનો સંયોગ હોય તો, મનોહર મુક્તિસુંદરીનો સત્વર મેળાપ થાય છે. કદિ જપ, તપ અને ધર્મક્રિયા પ્રબળ હોય, પણ જો જયણા ન હોય, તો તે બધાં આકાશ પુષ્પની જેમ નિષ્ફળ છે.

આવી જયણાને માટે રાજર્ષિ પ્રતાપસિંહને તેમના ગુરૂ સુવૃત્તાચાર્યે સારો બોધ આપ્યો હતો. તે જ્ઞાનવિભૂષિત આચાર્યે એક વખતે પોતાના શિષ્ય મંડળ વચ્ચે જયણાને માટે ઘણું વિવેચન કર્યું હતું, અને તેથી કરીને સર્વ અનગાર વૃંદે પોતાના મુનિ ધર્મની અંદર જયણાને પ્રથમ પદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપ્યું હતું, અને જયણાનું પાલન કરવાને યાવજ્જીવિત અભિગ્રહ ધારણ કર્યો હતો.

વાંચનાર ! તમને પણ જયણાને માટે જીજ્ઞાસા ઉત્પન્ન થઈ હશે. આ શ્રીચંદ્રકુમારના વાચકોને જયણાનું મહાત્મ્ય અવશ્ય જાણવું જોઇએ. આ વાર્ત્તાના નાયક શ્રીચંદ્રના ઇતિહાસમાં જેવી રીતે આંબિલ તપનું મહાત્મ્ય મુખ્ય છે, તેવી રીતે બીજી તરફ જયણાનું મહાત્મ્ય પણ મુખ્ય છે. સનાતન જૈન માર્ગમાં જયણાનો પ્રભાવ અનાદિ કાળથી ગવાય છે. જયણાના પ્રભાવ માટે સુસઢ—સુશ્રદ્ધાનો ઇતિહાસ જૈન આગમમાં પ્રખ્યાત છે. તે ઇતિહાસ આનંદ મંદિરના વાચકની આગળ સર્વ રીતે દર્શનીય છે.

પૂર્વે વિશાળા નગરીમાં એક **ચેટક** નામે રાજા હતો. તે દેશવિરતિ વ્રતથી અલંકૃત થઇ પોતાના માનવ જીવનને કૃતાર્થ કરનારો હતો. એક વખતે તે નગરીના ઉદ્યાનમાં ગૌતમ ગણધર આવી ચડ્યા. વનપાળની વધામણીથી તે ખબર જાણી ચેટક રાજા મોટા આડંબરથી ગણધરને વાંદવા આવ્યો. પાંચ અભિગમ પૂર્વક પાસે આવી તેણે મુનીશ્વરને વંદના કરી. પરોપકારી ગણધર મહારાજાએ ધર્મદેશના આપી. દેશનાને પ્રસંગે તપશ્ચાની વાર્ત્તા ચાલી, તે વાર્ત્તામાં મુનિવરે આંબિલ વર્દ્ધમાન તપનો મહિમા વિશેષ વર્ણવ્યો. તેમણે એ તપોમણિનો વિધિ શ્રી વીરભગવંતે કહેલ અંતગડ સૂત્રના આધારથી જણાવતાં કહ્યું કે, આંબિલ વર્દ્ધમાનમાં એક એક

આંબિલ વધતાં સો આંબિલ સુધી વધાય છે, અને અંતે ઓળી થાય છે; તેમાં પારણાનો આરંભ છે. એક ઓળીને છેડે જો શક્તિ હોય, તો ઉપવાસ થાય નહીં તો પારણું કરવું પડે છે. પાંચ હજાર આંબિલ થાય, ત્યારે ઓલીના સો ઉપવાસ થાય છે, અને તેમાં ચૌદ વર્ષ, ત્રણ માસ અને વીશ દિવસનું પરિમાણ છે.

આ તપના મહાત્મ્યમાં ગણધરે આપણા શ્રીચંદ્ર રાજાનો વૃત્તાંત જણાવ્યો હતો. પ્રતાપી શ્રીચંદ્રે ચંદનના ભવમાં આંબિલ વર્દ્ધમાન નામે મહા તપ આચર્યું હતું. તે તપશ્યાના પ્રભાવથી તે મહા પ્રભાવિક થયો છે. તેનો બધો વૃત્તાંત ગૌતમે ચેટક રાજાને કહ્યો છે, અને આપણે આટલે સુધી વાંચીને જાણ્યું છે. આ શ્રીચંદ્રકુમારને ઉદ્દભાવ ગણધરના મુખમાંથીજ થયો છે.

એક વખતે ગૌતમ ગણધરે ઉપદેશ પ્રસંગે જયણાનું મહાત્મ્ય દર્શાવતાં જયણા ન રાખવાથી જપ તપ વિગેરે વ્યર્થ થાય છે, અને દુઃખી થવાય છે, તેના દાખલામાં **સુસઢ** નામના એક શ્રાવકનું નામ આપ્યું, એટલે ચેટક રાજાએ પુછયું કે, સ્વામી ! સુસઢ કોણ હતો ? તેણે જયણાને માટે શું કર્યું હતું ? એ મને વિસ્તારથી વાર્ત્તા કહો. આ પ્રમાણે ચેટક રાજાએ પુછયું, એટલે કૃપાળુ ગણધર બોલ્યા કે, એક વખત રાજગ્રહી નગરીમાં શ્રી વીર ભગવંત સમોસર્યા હતા. તેમની સાથે ચૌદ હજાર મુનિઓ હતા. તેમણે

પર્ષદામાં યતનાનો પ્રતિબોધ આપતાં મને સુસઢ શ્રાવકની વાર્તા કહી સંભળાવી હતી. સુસઢ શ્રાવક ધર્મનો અનુરાગી અને તપસ્વી હતો, પણ જયણા પાળવામાં પ્રમાદ કરવાથી તે સંસારના પારને પામી શકયો નહોતો.

ભરતક્ષેત્રમાં અવંતી દેશની અંદર **સંબુક** નામે એક ગામ હતું, ત્યાં **સુજશિવ** નામે એક દરિદ્રી અને નિર્દય બ્રાહ્મણ રહેતો હતો, તેને **યજ્ઞયશા** નામે સ્ત્રી હતી. તેણીના ઉદરમાંથી **સુજશ્રી** નામે એક પુત્રી થઈ હતી. તે એવી અભાગણ હતી કે, તેના જન્મ વખતેજ તેની માતાનું મૃત્યુ થયું, અને ઘરમાં કેટલીએક હાની થઇ હતી.

હે ચેટક રાજા ! તે વખતે મેં શ્રી વીરપ્રભુને પુછયું કે, એ સુજશ્રી દુર્ભગા કેમ થઈ? ત્યારે પ્રભુએ જણાવ્યું કે, ભરતક્ષેત્રમાં આવેલા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં અરિમર્દન રાજા હતો. તે સુજશ્રી તે ભવે વરકાંતા નામે તે રાજાની રૂપવતી સ્ત્રી હતી, તેણીને એક બીજી શોકય હતી, તેને એક પુત્ર હતો. એક વખતે શ્રીકાંતાએ ચિંતવ્યું કે, જો આ શોકયનો પુત્ર મરી જાય, તો મારે ઠીક થાય, બધું રાજ્ય મારા પુત્રનેજ મળે; અથવા જો તે શોકય મરી જાય, તોપછી રાજાનો બધો ભોગ મારી સાથેજ રહે. આવા દુર્ધ્યાનથી તેણીએ અશુભ કર્મ બાંધ્યું, અને ત્યાંથી મૃત્યુ પામીને આ સુજશ્રી થઈ અવતરી હતી. પૂર્વના પાપથી તે દુર્ભાગી થઇ હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે ગૌતમ ! સુજ્જશ્રી માતા વગરની થઇ, એટલે તેના પિતાએ જે તે સ્ત્રીઓની પ્રાર્થનાઓ કરી, તેને સ્તનપાન કરાવી મોટી કરી. જેમ જેમ તે મોટી થતી, તેમ તેમ તે સુજ્જશિવ વધારે દુઃખી થતો હતો. જ્યારે સુજ્જશ્રી આઠ વર્ષની થઈ, એટલે બાર વર્ષનો દુકાળ પડ્યો. લોકોમાં ભારે ભુખમરો ચાલવા લાગ્યો; આથી સુજ્જશિવ પણ ઘણો દુઃખી થયો. ક્ષુધાથી પીડિત થઇ, તેણે પુત્રીનું માંસ ખાવા સુધીના વિચાર કર્યા. પછી તેણે તેવા કુવિચારને માટે અફસોસ કરી, છેવટે સુજ્જશ્રીને વેચી દેવાનો નિશ્ચય કર્યો. પછી **ગોવિંદ** નામના એક ધનાઢ્ય બ્રાહ્મણને ત્યાં સુજ્જશ્રીને વેચી દીધી. પુત્રીના વેચવાથી તેની ગામમાં નિંદા થવા લાગી, એટલે તે ગામ છોડીને પરદેશ ચાલ્યો ગયો. પરદેશમાં પણ દ્રવ્યના લોભથી જેનાં તેનાં બાળકો વેચવા માંડ્યાં, અને ઘણું ધન એકઠું કર્યું, અને તે દ્રવ્યથી રત્ન ખરીદ કર્યા. તેમ કરતાં કરતાં સુજ્જશિવે દુકાળનાં આઠ વર્ષ પસાર કર્યા.

અહીં ગોવિંદ બ્રાહ્મણને પણ સુજ્જશ્રીના આવવાથી લક્ષ્મીનો ક્ષય થઈ ગયો. જીવને જેમ આયુષ્ય ચાલ્યું જાય, અને અંજલિમાંથી જળ ચાલ્યું જાય, તેમ તેના ઘરમાંથી ધન ચાલ્યું ગયું, હવે તેને દુકાળ પ્રસાર કરવાની ચિંતા થઇ પડી. કુટુંબનો નિર્વાહ શી રીતે કરવો ? તેને માટે ફાંફાં મારવા લાગ્યો. સુજ્જશ્રીના ઉદરથી કેટલાંએક સંતાનો થયાં હતાં, તે બધાનું પોષણ કરવાને તેની પાસે કાંઈપણ સાધન

ન હતું. કોઈ વાર રાજદરબારમાં યાચના કરવા જતો, ત્યારે ધાન્ય વિગેરે કાંઇક લાવતો હતો.

એક વખતે એવું બન્યું કે, કોઈ ગોકુલી નામે ગોવાલણ મહી વેચવાને ગોવિંદને ઘેર આવી ચડી, તે ચોખાને બદલે મહીની માટલી આપતી હતી. ગોવિંદ રાજમાંથી એક *આઢક જેટલા ચોખા લાવેલો, તેથી તેણે તેણીનું મહી ખરીદવાને સુજ્જશ્રીને કહ્યું કે, આપણા ઘરમાં જે ચોખા છે તે આપી, આ મહી ખરીદ કર. તરત સુજ્જશ્રી ચોખા લેવાને ઘરમાં ગઈ, ચારે તરફ જોયું, પણ કોઈ ઠેકાણે ધાન્ય જોવામાં આવ્યું નહીં. પછી તે એક બીજા ઘરમાં ગઈ, ત્યાં પોતાનો જ્યેષ્ટપુત્ર વેશ્યાની સાથે રતિવિલાસ કરતો જોવામાં આવ્યો. માતાને જોઇ પુત્ર ઉંચે સ્વરે બોલ્યો, માતા! અહીંથી ચાલી જા, નહીં તો મારી નાખીશ એમ કહેતાંજ સુજ્જશ્રી મૂર્છા ખાઈ. કાષ્ટવત્ પૃથ્વીપર પડી ગઈ. તત્કાળ ગોવિંદ દોડ્યો આવ્યો, મૂર્છા વળવાના ઉપાય કર્યા. ક્ષણવારે તે બેઠી થઇ બોલી, સ્વામી! હું ધાન્ય લેવાને ઘરમાં આવી ત્યાં મેં એક અકાર્ય જોયું. તે જોતાંજ મને જાતિસ્મરણ થયું અને તેથી મૂર્છા આવી. મારી મનોવૃત્તિમાં પૂર્વભવનું સ્વરૂપ ખડું થયું. મને સંવેગ પ્રગટ થયો છે. આ સંસારનાં પુદ્ગળિક સુખ તરફ મને તિરસ્કાર છુટ્યો છે. સ્વજન, બંધુ, સગાં સ્નેહી સૌ સ્વાર્થી છે, મેં અનેક કષ્ટ વેઠી, જે પુત્રને

---

* એક જાતનું દાણાનું માપ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉછેર્યો, અને યૌવનવય સુધી પહોંચાડ્યો, તે પુત્ર દુષ્ટ કાર્ય કરવા તત્પર થયો, અને તે કાર્યને માટે તેણે મારો ઘાત કરવાનું પણ જણાવ્યું. અહા! મારામાં કેવો મોહ પ્રબળ છે? પુત્રને માટે મે મારા જીવનને સ્વાર્થી કર્યું. હું માનવભવને હારી ગઈ, મોક્ષરૂપ વૃક્ષના બીજરૂપ સમકિતને મેં ધારણ કર્યું નહીં, દર્શનશુદ્ધિ જિનરાજની દ્રવ્યપૂજા, ભાવપૂજા અને ત્રિકાળ જિનસ્તુતિ એ કાંઇ પણ મેં આચર્યાં નહીં, આ સંસારરૂપ સાગરને તરવાનું નાવ મેં હાથે કરીને ગુમાવી દીધું. પરોપકાર, સામાયિક. પોષહ, તપ, પર્વઆરાધન અને જ્ઞાનાભ્યાસ વિગેરે બીજાં સુકૃત્યો મારાથી થઇ શકયાં નહીં. બકરીના ગળાના સ્તન જેવા મારા નિરર્થક જીવનને ધિક્કાર છે.

સ્વામી! હવે હું દેશથી અને સર્વથી ધર્મ આચરવાનો આદર કરૂં. આ માનવ જન્મ દુર્લભ છે. જ્યાં સુધી શરીરમાં આયુષ્ય છે, ત્યાં સુધીમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની સેવના કરવા તત્પર થઉં. હજુ આત્મસાધન કરવાનો સમય છે. જ્યાં સુધી આ શરીરમાં ઇંદ્રિયો આબાદ છે, ત્યાં સુધી કાંઇ પણ ધર્મ સાધન થઈ શકશે. જો જરારૂપ રાક્ષસી આવી આ શરીરને વળગશે, તો પછી કાંઇપણ બની શકશે નહીં. તે પહેલાં મારે ચેતવું જોઇએ.

આ પ્રમાણે સુજ્જશ્રી જાતિ સ્મરણના બળથી પ્રતિબોધ પામી ગઇ, તેણીનાં વચન સાંભળી ગોવિંદને પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિબોધ થયો. ગોવિંદે પોતાની પ્રિયાને સંવેગ વિષે અનુમોદન આપી, વ્રત લેવાની ઈચ્છા જણાવી. બંને દંપતીએ તત્કાળ શ્રુત કેવળી આચાર્યની પાસે દીક્ષા લીધી. જ્ઞાન અને ચારિત્ર ગુણને ઘણો કાળ આરાધી તેઓ તેજ ભવે સિદ્ધ થયાં. આ વૃતાત સાંભળી ગૌતમે આશ્ચર્ય પામી પુછયું કે, સ્વામી ! ગોવિંદ બ્રાહ્મણે પૂર્વે શું સુકૃત કર્યું હશે, કે જેથો તે એજ ભવમાં સિદ્ધ થયો ? પ્રભુ બોલ્યા—ગૌતમ ! તેણે પૂર્વભવે શલ્ય રહિત થઇ યતનાથી આલોયણા કરી હતી. ગુરૂએ આપેલા પ્રાયશ્ચિતને તેણે યથાર્થ રીતે આચરી, અને શુદ્ધ ચારિત્રને આરાધી ઉતમ સુકૃત સંપાદન કર્યું હતું, અને ઈંદ્રની મુખ્ય પટરાણી થઈ, ત્યાંથી ચવીને એ બ્રાહ્મણી સુલભબોધિ થઈ હતી. અને તેનાથી ગોવિંદે સિદ્ધિસુખ મેળવ્યું હતું, તે સાંભળી ગૌતમે ફરીવાર પુછયું, સ્વામી ! એ બ્રાહ્મણી પૂર્વે શી રીતે સાધ્વી થઈ હતી ? તે કૃપા કરી કહો પ્રભુ બોલ્યા, તે બ્રાહ્મણી પૂર્વે એક ગચ્છનો નાયક મુનિ હતી, તેણે ગચ્છના પ્રવર્તનમાં ઘણી રીતે માયા, અને છળ કપટ આચરેલ, તેથી તેણે સ્ત્રી વેદ બાંધ્યો હતો. ગચ્છપતિ સાધુ થતાં પણ તેણે પોતાનું ચારિત્ર સારી રીતે સાધ્યું નહીં, તેણે માયાની રચના કરી ગુરૂને ભ્રમમાં નાખ્યા, તથાપિ ગુરૂ તે માયા પ્રવચનની પ્રતિકૂળ જોઇ, તે પ્રમાણે વર્ત્યા નહીં, અને એક અણુમાત્ર પણ માયાની છાયા લીધી નહીં.

પૂર્વે તે ભરતખંડમાં ચૌદ રત્નનો સ્વામી હતો. એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દિવસે ગુરૂની પાસેથી દેશના સાંભળી તેના હૃદયમાં સારી અસર થઈ ગઇ. સંસારથી ભય પામી, તેણે સંયમ લીધો. સારી રીતે શાસ્ત્રનો અભ્યાસ કરી, તે ગીતાર્થ થયો, અને સૂરિપદનો અધિકારી થયો. આવી સ્થિતિએ પહોંચ્યો હતો, તથાપિ તેના પૂર્વ કર્મનો દોષ અવશેષ રહ્યો, તેથી તેને દેવીરૂપે થવું પડયું હતું. ગૌતમ! તે બ્રાહ્મણે જે માયા કરી હતી, તે લાખ ભવને અંતરે પણ નડી હતી, તે વૃત્તાંત સાંભળો.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં **શ્રી સામાન્ય** નામે લોકમાન્ય રાજા હતો, તેને **રૂપી** નામે ગુણપાત્ર પુત્રી હતી. તે રૂપ અને લાવણ્યમાં રંભા જેવી હતી. અનુક્રમે તે રાજબાળાને યૌવન વયમાં પરણાવી. દુષ્કર્મને યોગે તે બાળા તરતજ વિધવા થઇ. એ દુર્ભાગી રાજપુત્રીને અતિ કષ્ટ ભર્યું વૈધવ્ય દુઃખ પ્રાપ્ત થયું. પુત્રીને દુઃખી જોઇ સામાન્ય રાજા તેને બોધ આપતો કે, પ્રિય સુતા! કર્મનું બળ અનિવાર્ય છે, તેને માટે વિશેષ દુઃખ ધરવું નહીં. તું સુજ્ઞ છું, તેં આર્હત વાણી સાંભળી છે, બ્રહ્મદત્ત જેવો સમર્થ પુરૂષ સોળ વર્ષ સુધી અંધ રહ્યો હતો, તેથી ઉદય આવેલું કર્મ ભોગવ્યા વિના છુટકો નથી. શાણી સુતા! શુદ્ધ હૃદયથી આર્હત ધર્મની ઉપાસના કર, ત્રિકાળ જિનપૂજા આચર, સાત ક્ષેત્રોમાં દ્રવ્ય વાવ, અને સાધર્મિ જનની સેવા કર. વળી તું પવિત્ર ભાવથી જૈન સાધુ સાધ્વીની આરાધના કરજે. પિતાનાં આવાં શિક્ષા વચન સાંભળી રૂપવતી રૂપીએ જણાવ્યું પિતાજી! જો આજ્ઞા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપો તો કાષ્ટ ભક્ષણ કરી, આ દુઃખમાંથી હું મુક્ત થાઉં મારે હવે શરીર ઉપર કોઈ જાતની મમતા નથી. આ સંસારમાં રહેવાની મારી ઈચ્છા નથી. પુત્રીના આવા વિચાર જાણી રાજા ખુશી થયો, તેના મનમાં આવ્યું કે, આ પુત્રીને ધન્ય છે. આવી શીલવતી સુતા મારા ઘરમાં છે, તેથી મારા ઘરની શોભા છે. પોતાના આત્માને નિષ્કલંક રાખવાને તેની કેવી પ્રીતિ છે ? મારે પુત્ર નથી, તો આ પુત્રીનેજ હું પુત્ર માનું. આવું વિચારી રાજાએ રૂપીને કહ્યું, વત્સે ! તું ધીરજ રાખી આ ઘરમાં રહે. તારા સુવચાર જોઈ હું ઘણોજ પ્રસન્ન થયો છું. તું સર્વ રીતે શીળનું રક્ષણ કરવાને સમર્થ છે. વળી મારે પુત્ર નથી, તો તને હું પુત્ર તરીકે માનીશ. તું મારો રાજ્ય પાળક પુત્ર છું, એમ હું જાણીશ, માટે બીજો વિપરીત વિચાર કરવો નહીં. સર્વદા જિન ભાષિત ધર્મની આરાધના કર. કાષ્ટ ભક્ષણ કરવાથી કાંઈ સ્વર્ગવાસ મળતો નથી. નહીં તો બધાં પતંગીયાં સ્વર્ગે જાય. માટે તારે પ્રસન્ન ચિત્તે ધર્મની આરાધના કરવી.

બાહ્ય અને આભ્યંતર મળી બાર પ્રકારનું તપ આચરવું, આંબિલ વર્દ્ધમાન, કનકાવળી, મુક્તાવળી, શ્રેણિ પ્રતર, લઘુસિંહ નિક્રીડિત, વૃદ્ધ કીલિત, જવ, વજ્ર, મધ્ય, પ્રતિમા, ભદ્ર, મહાભદ્ર, સર્વતો ભદ્ર, બાર પ્રતિમા પંચકલ્યાણક, વીશસ્થાનક, અને સિદ્ધચક્ર વિગેરે અનેક જાતનાં તપ તપી ધર્મનું આરાધન કરવું. શાણી પુત્રી ! તે આગ્રહ છોડી દે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ માનવ ભવ વારંવાર મળતો નથી. પિતાનાં આવાં વચનથી રૂપીના હૃદયમાં સારી અસર થઈ, તેણીએ રાજ્યમાં રહી, આર્હત ધર્મની ઉપાસના કરવાનો નિશ્ચય કર્યો. પછી તે બાળા પિતાના વચનને અનુસરી રાજ્યમાં રહી, અનેક પ્રકારનાં ધર્મ કાર્ય કરતી કાળ નિર્ગમન કરવા લાગી, અને આત્મજીવનને કૃતાર્થ કરવા લાગી.

એ અરસામાં દૈવયોગે તેના પિતા શ્રી સામાન્ય રાજાનું અચાનક મૃત્યુ થયું. પછી મંત્રિ, સેનાપતિ, અને નગરશેઠે વિચાર કર્યો કે, રાજા અપુત્ર મૃત્યુ પામેલ છે, માટે આ વિધવા રાજપુત્રીનેજ રાજ્યાસન ઉપર બેસારવી. આવો નિશ્ચય કરી, સામાન્ય રાજાની ગાદી ઉપર રૂપી રાજપુત્રીને રાજકુમારનો વેષ પહેરાવી બેસારી. ક્ષિતિપ્રતિષ્ટિત નગરમાં રૂપી રાજાના નામની આણ ફેરવાવી. રાજ્યના સિંહાસન ઉપર રૂપી રાજાની આગળ સર્વ સામંતોએ અને મંત્રિઓએ નમન કર્યું. ચતુર રૂપી પોતાના પિતાનું રાજ્ય નીતિથી પાળવા લાગી, અને તેણીએ સર્વનાં મન રંજન કરી દીધાં.

કામ વિકાર દુર્જય છે, તેની આગળ મતિનું બળ ચાલતું નથી; રાજ્યલક્ષ્મીના મદમાં આવેલી રૂપી, એકવાર મહેલના ગોખ ઉપર એકલી બેઠી હતી, તેવામાં શીલસન્નાહ નામે એક સામંતનો સુંદર કુમાર ત્યાં થઇને પ્રસાર થતો હતો, તેને જોતાંજ રૂપીની દ્રષ્ટિમાં વિકાર ઉત્પન્ન થયો. સામંતકુમાર ગુણી હતો, વળી શીળ રત્નથી વિભૂષિત હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગમે તેવો દુર્ઘટ પ્રસંગ આવે, તોપણ તે ડગે તેવો નહોતો; તે જૈન તત્વનો જ્ઞાતા હોવાથી તેના હ્રદય ઉપર સદાચરણની દ્રઢતા સારી હતી. રૂપીએ આજ્ઞા કરીને તે તરૂણ કુમારને પોતાની પાસે બોલાવ્યો, અને તેને પોતાના નામની મુદ્રા આપી. ધર્મજ્ઞ કુમારે રૂપી રાજાની દ્રષ્ટિ જોઈ મનમાં ધાર્યું કે, રૂપીના હ્રદયમાં મનોભાવના વિકારો પ્રગટ થયા છે, રાજ-લક્ષ્મીના મદે આ વિધવાના મન ઉપર નઠારી અસર કરી છે. આહા ! વિષયની કેવી પ્રબળતા ! આ રૂપીને ધિક્કાર જો. તેણીએ પોતાના શુદ્ધ જીવનને કલંકિત કર્યું છે, પોતાના શીળરત્નને ક્ષણમાં ગુમાવી દીધું છે. આવું વિચારી તે ધાર્મિક કુમારે પોતાના હ્રદયમાં નીચેની કવિતા યાદ કરી:—

શીળ પરમ સૌભાગ્ય છે. શીળ પરમ છે રૂપ;
શીળ પરમ જીવિત છે, શીળ વશે સવિ ભૂપ. ૧
સુપુરૂષને શીળ રાખવું, પ્રાણ તજી પણ એહ,
પ્રાણ ધારણ સ્થીતિ વિશ્વને, (પણ) સંતને શીળશું નેહ. ૨

આ સુબોધક કવિતાનું સ્મરણ કરી શીલસન્નાહ કુમારે વળી વિચાર્યું કે, આ રૂપીની દ્રષ્ટિમાં પૂર્ણ વિકાર છે, વળી તેણીના હાથમાં રાજસત્તા છે, માટે આ વખતે અહીંથી ચાલ્યા જવું યોગ્ય છે. આવું વિચારી તે સામંતકુમાર કાંઈ પણ બહાનું બતાવી ત્યાંથી ચાલ્યો ગયો, અને પોતાના પવિત્ર શીળનું ખંડન થવાના ભયથી તે નગરને છોડીને દેશાંતર તરફ રવાને થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમાર શીલસન્નાહ ત્યાંથી આગળ જતાં એક હિરણ્યોત્કર નામના નગરમાં આવ્યો, તે નગરનો વિચારસાર નામે રાજા હતો. સેવા કરવાની ઈચ્છાથી સામંતકુમાર તેની પાસે આવ્યો. રાજાએ તેને પોતાની સેવામાં રાખ્યો. એક વખત રાજા વિચારસારે તેને પૂછયું કે, તમે કયા નગરમાં રહો છો ? અને કોણ છો ? આજ સુધી તમે કોની સેવા કરી છે ? તમારૂં નામ શું છે ? તમારા હાથમાં આ શેની મુદ્રા છે ? આ પ્રમાણે રાજાએ પુછવાથી સામંતકુમારે તેના બધા ઉત્તરો આપ્યા, પણ હાથની મુદ્રા ઉપર જે નામ હતું. તે કહ્યુ નહીં. ત્યારે રાજાએ પુછયું, એ મુદ્રા વિષે શું છે ? તે કહો. સામંતકુમાર બોલ્યો—સ્વામી ! આ મુદ્રામાં જે નામ છે, તે જમ્યા પહેલાં લેવાય તેવું નથી. જેનું નામ એ મુદ્રા ઉપર છે, તે માણસ નેત્ર વિકારી છે, અથવા ચક્ષુ કુશીળ છે, તેવાનું નામ લેવાથી પાપ લાગે છે, તેમજ જો તે નામ ભોજન કર્યા પહેલાં લીધું હોય, તો ત્રણ દિવસ સુધી ખાવાને આહાર પણ મળતો નથી, તે સાંભળી રાજાને આશ્ચર્ય થયું. તત્કાળ રસોઇનો તૈયાર થાળ ત્યાં મંગાવ્યો, અને કુમારને કહ્યું—હું તેનું નામ લઇને પછી તુરત જમવા બેસીશ. જોઇએ મને શું થાય છે ?

કુમાર બોલ્યો–રાજેંદ્ર ! કદિ તમને વિઘ્ન થાય તો શું કરવું ? રાજા બોલ્યો—કુમાર ! જો આ વખતે ભોજનમાં વિઘ્ન થાય; તો મારે પરિવાર સાથે ચારિત્ર લેવું.

તત્કાળ સામંત કુમારે ધર્મનું ચિંતવન કરી, "ચક્ષુ કુશીલ રૂપી" એવું નામ લીધું, અને રાજાને પણ લેવરાવ્યું. તે વખતે શાસન દેવીએ ચિંતવ્યું કે, "આ કુમારનું પણ રાખવું અને ધર્મનો પ્રભાવ વધારવો." આવું ચિંતવી નગરની બહાર એક મોટું શત્રુનું સૈન્ય વિકુર્વ્યું. તત્કાળ એક અનુચરે આવી ખબર આપ્યા કે, મહારાજ! આપણા નગરને દુશ્મનોએ ઘેરી લીધું છે, આ ખબર સાંભળતાંજ રાજા આશ્ચર્ય પામી ગયો, અને રૂપીના નામની તેને પ્રતીતિ આવી ગઈ, તે વખતે કુમાર શીલસન્નાહે વિચાર્યું કે, આ ખરેખરો સ્વામિ ભક્તિનો સમય આવ્યો છે. આ વખતે મારે પ્રાણાર્પણ કરીને પણ સ્વામીનું કામ કરવું જોઇએ. જગતમાં સ્વામી ભક્તનાં નામ અમર અને યશસ્વી રહ્યાં છે; માટે હું સાગારી અનશન વ્રત લઈ, મારા શીળ વ્રતની પરીક્ષા કરૂં. આવું વિચારી શીલસન્નાહ કુમાર સૈન્યની સામે એકલો આવ્યો. તેણે સૈન્યની નજીક આવી જણાવ્યું કે, હું રાજા છું, મારી સામે યુદ્ધ કરવા આવો. તે સાંભળતાંજ સૈનિકો હોકારા કરી, તેની ઉપર ધસી આવ્યા, ત્યાં શાસન દેવીના પ્રભાવથી બધા સૈનિકો ચિત્રવત્ થઈ રહ્યા. તે વખતે શાસન દેવી આકાશમાં પ્રત્યક્ષ થઇ નીચે પ્રમાણે કાવ્ય બોલી:—

કબહી ડગે કુળ પર્વતા, લોપે જલધિ મર્યાદ,
વિધુ તાતો રવિ શીતળો, કબહિ હોય અવિસંવાદ. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ સુશીળના શર્મનો, ન હુવે તાસ પ્રમાદ,
નિર્મળ શારદ શશીપરે, જેના શીલ સંવાદ, ૨
પરમ પવિત્ર તે પુરૂષથી, પાવન હોય ત્રિભુવન,
સર્વોત્તમ સુખનો નિધિ, જસ ત્રિકરણ શુદ્ધ મન. ૩

આ પ્રમાણે કાવ્ય બોલી, તેણીએ કહ્યું કે, આ શીલસન્નાહ કુમારનો પ્રભાવ છે, સર્વે તેને નમન કરો; એમ કહી તેણે તે કુમારની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. આથી ચારે તરફ શીળની ઉદ્‌ઘોષણા થઈ રહી.

આ દેખાવ જોઈ કુમાર શીલસન્નાહને મૂર્છા આવી ગઈ, અને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેની સાથેજ અવધિ જ્ઞાન પણ ઉત્પન્ન થઇ આવ્યું. ક્ષણવારે મુર્છાથી નિવૃત્ત થઇ તે સાવધાન થયો. રાજા વિચારસાર કુમારની શી સ્થિતિ થઈ, તે જોવાને પરિવાર લઈ નગરની બાહેર આવ્યો. નગરની બાહેર આવતાં કોઇ સૈનિક પણ જોવામાં આવ્યા નહીં. જાતિવંત અશ્વ ઉપર ચડીને તે એક પર્વતની ગુફામાં આવ્યો, ત્યાં તે કુમારને દક્ષિણ કરથી પોતાના મસ્તકનો લોચ કરતો જોયો. ક્ષણ વાર થઇ ત્યાં મુનીંદ્ર થયેલા તે કુમારની ઉપર છત્ર ધરીને ઉભેલા સૌધર્મ ઈંદ્રને જોયો, અને દેવતાઓએ રચેલા સુવર્ણના કમળ ઉપર તેને બેઠેલો જોયો, અવધિ જ્ઞાનના બળથી તેઓ અસંખ્ય જન્મની વાર્त્તાઓ કહેવા લાગ્યા. રાજા વિચારસારે અને બીજા પરિવારે તેમની આગળ દીક્ષા લીધી. ચતુર્વિધ દેવતાઓ આવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુનિની સેવા કરવા લાગ્યા. આકાશમાં દુંદુભિના નાદ અને સ્તુતિઓના ઉચ્ચાર થવા લાગ્યા.

સામંતકુમાર શીલસન્નાહની આવી ઉત્તમ સ્થિતિ સાંભળી, ગૌતમે વીરભગવંતને પુછ્યું કે, સ્વામી ! એ સામંત કુમાર શીલસન્નાહ એવો સુલભ બોધી કેમ થયો? અને તેને જે જાતિસ્મરણ થયું, તે કઈ જાતિનું સ્મરણ થયું ? આ પ્રમાણે ગૌતમના પુછવાથી વીરપ્રભુ બોલ્યા, ગૌતમ! એ સામંતકુમાર પૂર્વ ભવે મુનિ હતો. મણિ અને તૃણ તથા સુવર્ણ અને પાષાણ તેને સરખાં હતાં. નિરાબાધ સંયમને તે પાળતો હતો. એક વખતે તે મુનિએ અનાભોગથી વચનનો દંડ કર્યો, આથી તેણે પ્રચંડ અભિગ્રહ લઇને એવું પ્રાયશ્ચિત કર્યું કે, યાજ્જીવિત સુધી મૌન વ્રત ગ્રહણ રાખવું, એવી રીતે સંયમની આરાધના કરતાં તેણે કાળ કર્યો, અને તે પ્રથમ કલ્પમાં દેવતા થયો, ત્યાંથી ચવીને આ સામંતકુમાર શીલસન્નાહ થયો, અને પૂર્વના સંયમ બળથી તે સુલભ બોધિ તથા જાતિસ્મરણ જ્ઞાનવાળો થયો.

હે ગૌતમ ! આ પ્રમાણે તેના પૂર્વ ભવનો વૃત્તાંત છે. હવે તે શીલસન્નાહ મહા મુનિએ અવધિ જ્ઞાનથી પોતાનું અલ્પ આયુષ્ય જાણીને અજિત વિગેરે તીર્થંકરોએ પવિત્ર કરેલા સમેતશિખર તીર્થ તરફ જવાને વિહાર કર્યો. ત્યાં માર્ગમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગર આવ્યું. મહા મુનિ શીલસન્નાહ ત્યાં સમોસર્યા, એ ખબર રૂપી રાજાને પડી,

એટલે તે પરિવાર સહિત જ્ઞાની મુનીશ્વરને વાંદવા આવી. ઉપકારી મુનિરાજે તે પ્રસંગે ધર્મ દેશના આપી. દેશના એટલી બધી અસરકારક આપી, કે જેથી રૂપી રાજાની મનોવૃત્તિ બદલાઇ ગઈ. તેણે શીલસન્નાહ મુનિને વંદના કરી, અને મહા વ્રત લેવાને માટે પ્રાર્થના કરી. મુનિવરે તેણીને પરિવાર સાથે દીક્ષા આપી રૂપી સાધ્વી થઈ ગુરૂનાં વચન ઉપર રાગી થઇ, પાંચ આચારને પાળવા લાગી. મુનિરાજ શીલસન્નાહે બધો પરિવાર લઇ, સમેતશિખર તરફ વિહાર કર્યો. અનુક્રમે તેઓ ત્યાં આવી પહોંચ્યા. અજિતનાથ વિગેરે પ્રભુએ સ્પર્શથી પવિત્ર કરેલા એ તીર્થરાજને ત્રિકરણ શુદ્ધિથી વંદના કરી; પછી એક શિલાપટ ઉપર તેઓ આરૂઢ થયા. ત્યાં મુનિઓના પરિવાર સાથે મુનીશ્વરે સંલેખના લીધી; તે પ્રસંગે રૂપી સાધ્વીએ વિનયથી શિલશન્નાહ મુનિને વિનંતી કરી કે, ભગવન્! કૃપા કરી મને પણ સંલેખના આપો. ગુરૂ પ્રેમથી બોલ્યા—સાધ્વી! તમારે જો સંલેખના લેવી હોય, તો પૂર્વનાં પાપરૂપ પંકને ધોવા આલોયણું લઇને શુદ્ધ થાઓ. આ પ્રમાણે કહી, તે મહાનુભાવ નીચેની ગાથા બોલ્યા:—

શુદ્ધ ભીંતે જેમ શોભિએ, ચિત્રતણી જેમ રેખ,
તેમ નિઃશલ્ય થયા પછી, જે કીજે તે વિશેષ. ૧
સંલેખણા ને જોષણા, એ જિન શાસન સાર.
કર્મ કષાયની સંલેખણા, જોષણા શરીર આહાર. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે ગાથાનો ઉચ્ચાર કરી, તે મહા મુનિએ. બધા ગુણદ્વાર વિષે વિવેચન કરી બતાવ્યું, અને મનુષ્ય ભવનાં દશ દ્રષ્ટાંતો આપી, માનવ જીવનની દુર્લભતા કહી સંભળાવી.

આ બધું સાંભળ્યા પછી રૂપી સાધ્વીએ આક્ષેપ કરી કહ્યું, સ્વામી! આપ મને આલોયણા આપો છો, પણ મારે આપને એક કહેવાનું છે, પૂર્વે જે આપને મેં જોયા હતા, તે કાંઈ કામ દૃષ્ટિથી જોયા નહતા, પણ તમારા શીળની પરીક્ષા કરવાને માટે જોયા હતા, તો મને આલોયણા શેની આપો છો? રૂપી સાધ્વીનાં આ વચન સાંભળી શીલસંન્નાહ મુનિએ મનમાં ચિંતવ્યું કે, અહા! સ્ત્રી સ્વભાવને ધિક્કાર છે. આ સ્ત્રીએ જુઠી માયા કરી, મહા વ્રત ગ્રહણ કરી, જપ, તપ, અને નિયમ ગ્રહણ કર્યા, તોપણ તેણીએ જાતિ સ્વભાવ છોડયો નહીં. તેણીનો ગુરૂ ઉપદેશ ગળી ગયો, પુણ્યનો અભિનિવેશ ચાલ્યો ગયો, અને સંયમનું મહા ફળ તેણીએ માયાથી વેહેંચી દીધું. આવું વિચારી મહા મુનિ બોલ્યા—સાધ્વી! હવે માયાનો ત્યાગ કરો, આજ દિન સુધીની પ્રવ્રજ્યા નિરર્થક કરો નહીં, તમે રાજપુત્રી લક્ષણા આર્યાનું દૃષ્ટાંત શું નથી સાંભળ્યું? વિચાર કરો. એ રાજબાળાને માયાથી કેટલું વેઠવું પડયું હતું? તેને યાદ કરો.

ગૌતમે વચમાં પ્રભુને પુછયું, તે લક્ષણા આર્યા કોણ હતી, અને તેણીએ શું વેઠયું હતું, અને શું કર્મ બાંધ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

• હતું ? તે વૃત્તાંત વિસ્તારથી કહો. પછી પ્રભુએ નીચે પ્રમાણે લક્ષણા આર્યાનું ચરિત્ર કહેવા માંડયું!—

હુંડાવસર્પિણી પહેલી ચોવીશીથી પહેલી એ શીમી જ્યારે ચાલતી હતી, ત્યારે **ધર્મસિંહ** નામે ચોવીશમા તીર્થંકર, કે જેમનું શરીર સાત હાથનું હતું, તેઓ ભરત ક્ષેત્રમાં થયા હતા તે વખતે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં **જંબુદાડિમ** નામે રાજા થયા હતા, તેને **શ્રીમતિ** નામની રાણીમાં અનેક સ્વરૂપવાન અને ગુણી પુત્રો થયા, પણ કોઈ પુત્રી થઇ નહીં. પુત્રીને માટે રાજા અને રાણીને ઇચ્છા થતી હતી. એમ કરતાં **સુલક્ષણા** નામે એક પુત્રી થઇ. તે યૌવન વયમાં રંભાથી પણ અધિક રૂપવતી અને ચોસઠ કળાની જાણનાર થઇ.

તે રાજબાળાને વયમાં આવેલી જોઇ, રાજાને તેણીના પતિને માટે ચિંતા થવા લાગી. મંત્રીઓની સંમતિ લઇ રાજાએ તેણીને માટે સ્વયંવર રચ્યો. વિદેશમાંથી અનેક રાજાઓ અને રાજકુમારોને બોલાવ્યા. ચતુરંગ સેના સહિત રાજાઓ મંડપમાં એકઠા થયા. સુલક્ષણા સુંદર વેષ પહેરી મંડપમાં આવી. જંબુદાડિમ રાજાની આજ્ઞાથી સુલક્ષણાની આગળ બધા રાજાઓનાં વૃત્તાંત કહેવામાં આવ્યાં.

કુળ, દેશ, જાતિ અને શૌર્ય વિગેરે બીજા ગુણોને સાંભળતી સુલક્ષણા ચારે તરફ ફરવા લાગી. કામદીપિકા જેવી એ બાળાને જોઈ, રાજાઓ ચિત્રવત્ થઇ ગયા. તેમ કરતાં એક ગુણવાન્ રાજકુમાર તેને પસંદ આવ્યો. સર્વની દૃષ્ટિએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુલક્ષણાએ તેના કંઠમાં વરમાળ આરોપણ કરી. સ્વયંવરમાં જય જય શબ્દ થઈ રહ્યો. જંબુદાડિમ રાજા પ્રસન્ન થયો. તેણે વિદ્વાનોને, કવિઓને, યાચકોને અગણિત દ્રવ્ય આપ્યું. શુભ લગ્ને વિવાહનો આરંભ થયો.

કર્મયોગે પાણિગ્રહણને સમયે તે રાજકુમારને અકસ્માત્ વ્યાધિ થઈ ગયો, અને ક્ષણવારમાં તે મૃત્યુ પામી ગયો. જે અગ્નિ તેના ચાર ફેરા ફરવાને માટે પ્રગટાવ્યો હતો, તેજ અગ્નિ તેની ચિતાનો અગ્નિ થયો. સ્વયંવરમાં આવેલા રાજાઓ તેના ડાઘુઓ થયા. આ બનાવથી સુલક્ષણાને અને તેણીનાં માતાપિતાને ભારે શોક થઇ પડયો.

કેટલોક સમય વિત્યા પછી રાજા જંબુદાડિમે સુલક્ષણાને કહ્યું, બહેન! અફસોસ કરીશ નહીં, જે કર્મ યોગે થવાનું હોય, તે થાય છે. હવે તો તારે આત્મસાધન કરવું, ત્રિકરણ શુદ્ધિથી જૈન ધર્મની આરાધના કરવી, દાન, શીળ, તપ અને ભાવ, એ ચતુર્વિધ ધર્મની તું સેવા કર, ઇચ્છા પ્રમાણે દાન કરી યાચકોને સંતુષ્ટ કર, આ રાજ્યલક્ષ્મી તારી છે, જેટલો વ્યય કરવો હોય, તેટલો વ્યય કરી આર્હત ધર્મની ઉપાસના કર, તારૂં કર્તવ્ય શું છે? તેને માટે હમેશાં નીચેની કવિતા સ્મરણમાં રાખ.

"વિવધા [1]પ્રોષિતપતિકા સતિને, ભણવું શાસ્ત્રનું સૂણવુંજી;
સંગતિ સુશીલ [2]સમણીની કીજે, એહજ ચિત્તમાં સૂણવુંજી." ૧

---

૧ જેનો પતિ વિદેશ ગયો હોવ તે. ૨ સાધ્વી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાએ આ પ્રમાણે બોધ આપી, સુલક્ષણાને ધર્મ-પરાયણ કરી દીધી.

એક વખતે તે નગરના ઉદ્યાનમાં **જિનભુષણ** નામે, જિનવર આવી જડ્યા. દેવતાઓએ તેમનું સમવસરણ રચ્યું. ઉદ્યાનપાળકે વધામણી આપી, એટલે રાજા જંબુદાડિમ પોતાના પરિવાર સાથે ત્યાં પ્રભુને વાંદવા આવ્યો. રાજા નિર્મળ હૃદયથી પ્રભુની સ્તુતિ કરી, યોગ્ય આસને બેઠો. પ્રભુએ સંસારની અનિત્યતા ઉપર દેશના આપી. દેશનાના પ્રભાવથી રાજા અને તેના પરિવારના હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. તરતજ રાજા પરિવાર સહિત દીક્ષા લેવાને ઉજમાળ થયો. કૃપાળુ પ્રભુએ રાજાને સપરિવાર દીક્ષા આપી, તે સાથે સુલક્ષણાએ પણ દીક્ષા લીધી. રાજા વિગેરેને સર્વ એકસ્થ વીર મુનિને સોંપ્યા, અને સુલક્ષણા એક સાધ્વીજીને સોંપી. તેઓ અનુક્રમે દ્વિવિધ શિક્ષા સંપાદન કરી, સંયમ ધર્મના નિયમોમાં પ્રવીણ થઈ ગયાં.

એક વખતે સુલક્ષણા સાધ્વી પ્રવર્તિણીના કહેવાથી વસતિની શુદ્ધિને માટે કાંઇક કાર્યને ઉદ્દેશીને અનુયોગ કરવાને બાહેર ગઇ, ત્યાં કોઈ કર્મયોગે ચીડીઆ, અને ચક્રવાક પક્ષીઓનો સંભોગ તેણીના જોવામાં આવ્યો. તે સાથે તેમનાં બીજાં પ્રેમ વિલાસનાં ચિન્હો પણ જોવામાં આવ્યાં. તે જોતાંજ સુલક્ષણા નિર્લક્ષણા થઈ ગઈ, તેણીની મનોવૃત્તિમાં વિકાર ભાવ ઉત્પન્ન થયો, તેણીએ મનમાં આ પ્રમાણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિંતવ્યું—" આહા ! આ પ્રાણી કેવાં પુણ્યવાન્ છે ? તેઓ સ્વતંત્રપણે કેવો વિષયાનંદ ભોગવે છે ? આવો આનંદ મેં ભોગવ્યોજ નહીં. હું અભાગીયણ વૈધવ્યપણું પ્રાપ્ત કરી આવું વૈરાગીપણાનું દુ:ખ ભોગવું છું." આ પ્રમાણે ચિંતવી સુલક્ષણા ક્ષણવાર વિચારમાં પડી. તે પછી થોડીક વારે પાછું તેણીએ ચિંતવ્યું કે, " અરે ! આ શું બન્યું ? હું કોણ છું ? મારો આચાર શું છે ? હું એક ચારિત્રધારી સાધ્વી છું. મારે આવો કુવિચાર ન કરવો જોઇએ. મને વિષયોએ આકર્ષી એ કેવું વિપરીત ? જિનભગવંતે અનગારનો આચાર જે વર્ણવ્યો છે, બરાબર છે. ઉત્તમ અનગારે અનુચિત એવું કાંઈ પણ જોવું ન જોઇએ. સંયમનું બળ જિતેંદ્રિયપણાથીજ છે. જિતેંદ્રિય એવા સંયમીઓએ પણ વિષયથી સાવધાન રહેવાનું છે, વિષય, વિષથી પણ વધારે હાનિકારક છે, તેને માટે નીચેની સંસ્કૃત કવિતા ગવાય છેઃ—

" एकवर्णातिरेकेण विषविषयोर्महदंतरम् ।
विषंतु भक्षितं हंति विषयाः स्मरणादपि " ॥ १ ॥

" વિષ અને વિષય, એ બંનેમાં એક અક્ષરના વધારાથી ઘણું અંતર છે. વિષ ખાવાથી મારે છે, અને વિષયો સ્મરણ કરવાથી મારે છે. " ૧

આવું વિચારી તેણીએ છાતી કુટતાં કુટતાં ઘણો આક્રંદ કર્યો. અરેરે ! મેં મારા ચારિત્રને ક્ષણવારમાં દૂષિત કરી દીધું. આજ સુધી રાખેલું શીળરત્ન મેં ક્ષણમાં ગુમાવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીધું. આવી વિપરીત વાત મારાથી ગુરૂને પણ શી રીતે કહેવાય? જો હું આ વાત નહીં કહું, તો એ મારા હૃદયમાં શલ્યરૂપ થશે, અને ત્યાં સુધી મારી શુદ્ધિ નહીં થાય.

આ પ્રમાણે ચિંતવતી સુલક્ષણા ગુરૂ પાસે આવવા નીકળી, ત્યાં ચરણમાં કાંટો વાગ્યો, આ તેણીને અપશુકન થયાં. આમ થતાં પણ તે ગણકાર્યા વગર ચાલી, ત્યાં તેણીને માનરૂપ પર્વતે દબાવી દીધી. "અરે! હું કોણ છું? મારા જેવી કુલીન સ્ત્રીએ આવી હલકી વાત કરવી, તે અઘટિત છે. હું કેવા કુળમાં ઉત્પન્ન થઈ છું? મારે આવી નબળી વાત બીજાને ન કહેવી જોઇએ. ગુરૂની આગળ કહેવાની શી જરૂર છે? તેનું પ્રાયશ્ચિત હું પોતેજ લઈશ. ખરૂં પ્રાયશ્ચિત તપશ્યા છે, અને તે તપશ્યારૂપ પ્રાયશ્ચિતથી હૂં મારી જાતેજ શુદ્ધ થઈશ.

આવું વિચારી સુલક્ષણાએ તપશ્યાનો આરંભ કર્યો. છઠ્ઠ, અઠ્ઠમ. દશમ, નીવિતપ, એકાસણું, બેસણું માસક્ષપણ અને આંબિલ વગેરે તપશ્યા ચૌદ વર્ષ, સોળ વર્ષ અને વીશ વર્ષના પરિમાણથી કરી, એ તપશ્યામાં તેણીનાં પચાશ વર્ષ વીતી ગયાં, તે સાથે આવશ્યક તથા આતાપના વિગેરે ક્રિયાઓ તેણીએ છોડી નહીં.

આ પ્રમાણે તપશ્યા કરતાં સુલક્ષણાને એક વખતે દુષ્કર્મને યોગે વિચાર થયો કે, અરે! મેં આ શું કર્યું? આવી કઠિન તપશ્યાથી મેં મારા આત્માને વૃથા શોષાવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાખ્યો, હજુ મારા હૃદયનું શલ્ય ગયું નહીં. મારે હવે અનશન કરવું જોઈએ. મને ધિક્કાર છે કે, મેં જે કરવાનું હતું, તે કર્યું નહીં. આમ ચિંતવતાં આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન કરતી સુલક્ષણા નિયાણા સહિત મૃત્યુ પામી.

કર્મની ગતિ વિચિત્ર છે. દુર્ધ્યાનને યોગે સુલક્ષણા મૃત્યુ પામીને એક નગરમાં કોઈ વેશ્યાને ઘેર ખંડુઠ્ઠા નામે સ્વરૂપવતી દાસી થઇને અવતરી. ઘણા કામી પુરૂષો તેને ચાહતા હતા, પણ તેની જે અક્કા કુટ્ટણી હતી, તે તેણીને વિઘ્ન કરતી હતી. છેવટે અક્કાએ તેણીને ઘરની બહાર કાઢવાનો નિશ્ચય કર્યો. તે વખતે વળી તેણીએ વિચાર્યું કે, આ રૂપવતી છે, માટે સર્વે કામિજન તેણીને ઇચ્છે છે. વળી તેણીની વાણીમાં માધુર્ય છે, માટે જો તે વધી જશે, તો મને દુઃખ આપશે; તેથી તેને રાત્રે વિરૂપા કરી નાખું. આવું ચિંતવતી અક્કા રાત્રે સુતી, ત્યાં ખંડુઠ્ઠાને રાત્રે સ્વપ્નામાં કોઇ વ્યંતરે આવીને જણાવ્યું કે, તારી અક્કા તારે માટે વિપરીત ચિંતવે છે. તત્કાળ તે જાગ્રત થઈ ગુણિકાથી ભય પામતી ઉઠીને ત્યાંથી છુપી રીતે નાશી ગઇ.

છ માસ સુધી ભમતી તે દાસી ખેડ ગામમાં આવી ચઢી, ત્યાં કોઇ ધનાઢયના કુળપુત્રની દૃષ્ટિએ પડી. તે મોહ પામીને તેણીને પોતાના ઘરમાં લઈ ગયો. તે કુળપુત્રના ઘરમાં તેની એક વિવાહિત સ્ત્રી હતી, તેણીએ શોકયનું શલ્ય દૂર કરવાનો ઉપાય કરવા માંડયો. એક વખતે ખંડુઠ્ઠાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચુડેલની જેમ વળગી, એને તેની યોનિમાં તપેલી કોશ નાંખી, તેને મારી નાખી. પછી તેના શરીરના કટકા કરી શ્વાન તથા પક્ષીઓને ખવરાવી દીધા. તેવામાં કુળપુત્ર ઘરે આવ્યો, ત્યાં તેણે આ વૃત્તાંત જાણ્યો. તત્કાળ પૂર્વ કર્મના યોગથી તેના હૃદયમાં વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયો. સંસારના સ્વરૂપને ધિક્કારી તે કોઇ મુનિની પાસે ગયો, અને શુદ્ધ હૃદયથી મહા વ્રતધારી થયો. સંયમને યથાર્થ રીતે પાળી, છેવટે તે સિદ્ધિ પદનો અધિકારી થયો.

સુલક્ષણાનો જીવ આ સંસારમાં ભમી ભમીને એક ચક્રવર્ત્તીની સ્ત્રી રત્નરૂપે અવતર્યો. ત્યાંથી પાછો છઠ્ઠી નારકીમાં ગયો, ત્યાંથી પાછો ભવમાં ભ્રમણ કરી શ્વાન યોનિમાં આવ્યો. ત્યાં મૈથુનક્રીડા કરતાં ગુહ્ય ભાગમાં બાણ વાગવાથી તેમાં કીડા પડયા, અને આખરે મૃત્યુ પામી વેશ્યાના ઉદરમાં પુત્રીરૂપે થયો. ત્યાં બે માસના ગર્ભમાંજ વેદના સહન કરી મૃત્યુ પામ્યો. એવી રીતે તેને નવાણું ભવ થયા પછી દારિદ્રથી પીડિત એવા માનવ ભવમાં તે સ્ત્રીરૂપે ઉત્પન્ન થયો. તે જન્મ પામતાંજ તેનાં માતાપિતા મૃત્યુ પામી ગયાં. તે બાળાને કોઇ ઘોવાલણે ઉછેરી મોટી કરી. તે ભવમાં દહીં દૂધ વેચતી, અને અનુચિત કામ કરતી તે કર્મજાળ બાંધવા લાગી. ત્યાંથી મૃત્યુ પામી અનેક ભવમાં વધ, બંધન અને મરણનાં દુઃખ અનુભવી કોઇ બ્રાહ્મણને ઘેર અવતરી. પછી

દેવી, વ્યંતરી, બ્રાહ્મણ અને ચામુંડા દેવીના ભવ કરી, દુષ્ટ બીલાડાના ભવમાં તેનો અવતાર થયો. ત્યાંથી નરકે જઇ, તેણીને સાત ભવ સુધી ક્રૂર પાડાના અવતાર લેવા પડયા. પછી મનુષ્ય, માછલું, નારકી, ક્રૂર અનાર્ય સ્ત્રી, છઠ્ઠી નારકી, કોઢીયો પુરૂષ, સાતમી નારકી, દૃષ્ટિવિષ સર્પ, અને પાંચમી નારકીમાં ઉત્પન્ન થઈ, તેણે અત્યંત કષ્ટ સહન કર્યાં.

જ્યારે પદ્મનાભ જિનેશ્વરનો વારો આવશે, ત્યારે તે સુલક્ષણાનો જીવ ફરતો ફરતો એક ગામમાં ખુંધલા દેહવાળી સ્ત્રીરૂપે ઉત્પન્ન થશે. એક વખતે તેના શરીરના ગુહ્ય ભાગમાં છછુંદર પેસવાથી તે અતિ દુઃખી થશે. પછી તે ખુંધલી સ્ત્રી પદ્મનાભ પ્રભુના સમવસરણમાં આવી ચડશે, પ્રભુનાં દર્શન થતાંજ તેણીની બધી પીડા નાશ પામી જશે. તેણી પ્રભુને પોતાના પૂર્વ ભવને માટે પુછશે, એટલે પ્રભુ તેણીને તેણીના બધા ભવનો વૃત્તાત કહેશે. પછી સુલક્ષણાના ભવમાં જે આલોયણા ન લીધેલ, તેનું કારણ આ દુઃખ છે, એમ જાણી તેણી પ્રભુ પાસે આલોયણા લેશે, અને નિઃશલ્ય થઇને કર્મ-રૂપ મળને દૂર કરી દેશે. ત્યાર પછી તે દુઃખી બાળા ચારિત્ર લઇને મોક્ષે જશે.

શીલસન્નાહ મુનિ કહે છે, હે રૂપી સાધ્વી ! એ સુલક્ષણાનો વૃત્તાંત જાણી તું પણ આલોયણા લઇ, શલ્યને દૂર કરજે. માયાથી કોઇ વાત છુપાવીશ નહીં, નહીં તો તારૂં ચારિત્ર નિષ્ફળ થશે. આ પ્રમાણે મુનિએ સમજાવ્યું, તે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છતાં તે કપટી સાધ્વી સાચેસાચું માની નહીં, અને બોલી કે, મેં તમને શીલ પરીક્ષાને માટેજ જોયા છે, કામવિકારથી જોયા નથી. આવા દુરાગ્રહથી તેણીએ સ્ત્રીવેદ બાંધ્યો, અને ત્યાંથી મૃત્યુ પામીને વિદ્યુત્કુમાર દેવતામાં નોળીઆના વાહનવાળી દેવીરૂપે ઉત્પન્ન થઇ, ત્યાંથી ચવીને નઠારી સ્થિતિવાળા બ્રાહ્મણની પુત્રી થઇ. તે અભાગણી તથા દુર્ગંધા થઈ, પીડાઇને તિર્યંચમાં આવી. પાછી માનુષી, વળી પાછી તિર્યંચણી થઈ. અને છેદાતી ભેદાતી બહુ દુઃખ પામી. રૂપી આર્યાના ભવથી માંડીને તેણીએ એક લાખમાં ત્રણ ભવ ઓછા કર્યા પછી કર્મયોગે અકામ નિર્જરા થતાં તે સહજ ધર્મગુણ પામીને મનુષ્ય ભવમાં પાછી અવતરી, ત્યાં ચારિત્ર લઇ સૂરિપદની અધિકારિણી થઇ. પ્રવચનને અનુસારે ગચ્છને દીપાવી, પૂર્વ ભવની માયાનાં બીજને લઇને તે ઇંદ્રની ઇંદ્રાણી થઇ. ત્યાંથી ચવીને અહીં શંબુક નામના બ્રાહ્મણની સ્ત્રી થઇ, ત્યાં જાતિસ્મરણ થવાથી પ્રતિબોધ પામી અને અત્યારે આ સુલભબોધી થઈ, તે રૂપી સાધ્વી ભવ ભ્રમણ કરી, એ ગોવિંદ બ્રાહ્મણ થઇને સિદ્ધિપદને પ્રાપ્ત થઇ.

ગૌતમે પુનઃ પ્રભુને પુછ્યું, સ્વામી ! તે રૂપી સાધ્વી સાત આઠ ભવ મુકીને પાછી ભવના ભ્રમણમાં કેમ પડી ? પ્રભુ બોલ્યા, ગૌતમ ! શીલસન્નાહસૂરિએ બોધ આપ્યાં છતાં તેણીના મનમાં કાંઈ આવ્યું નહીં. તે માયાના સ્વરૂપને સમજી નહીં, તેથી તેણીને લાખ ભવ કરવા પડયા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માયા કેવી નઠારી છે ? તેને માટે નીચેનું પ્રાકૃત કાવ્ય પ્રખ્યાત છેઃ—

માયા વિષવલ્લીની મૂલી, માયા ભવસ્થળ ધૂળી;
માયા ચરણ ધર્મની શૂળી, ધન્ય જેણે માયા ઉન્મૂલી. ૧

જો રૂપીએ તેવી માયા ન કરી હોત, તો તે સાધ્વી-પણામાંજ તેજ ભવમાં સિદ્ધિ પામત. પણ ભવિતવ્યતાના યોગે તેણીની મતિ મુંઝાઈ ગઈ હતી. આ પ્રમાણે રૂપી સાધ્વીનું ચરિત્ર દેખીને શીલસન્નાહ મુનિ પોતે નિઃશલ્ય થયા, પછી ઉત્તર દિશાના ખૂણામાં આવી, તેમણે ચૈત્યવંદન કર્યું. મુનિજનના પરિવારથી વીંટાઇને તેમણે પલ્યંકાસન કર્યું. પછી પંચપરમેષ્ટીનું ધ્યાન કરી, ચાર કષાય છોડી, ચાર શરણ લઇ અને ચાર આહારનાં પચ્ચખાણ લઇ, તેમણે પાદોપગમ અનશન લીધું. શુકલ ધ્યાનમાં આરૂઢ થઇ, એક માસ સુધી ધ્યાન કરી, તે શીલસન્નાહ મુનીશ્વર અનંત સુખના અનુભવી થયા, અને માયા શલ્યને દૂર કરવાનો પ્રભાવ તેમણે બધા જગતને દર્શાવી આપ્યો.

ગૌતમે પ્રભુને પુછ્યું, સ્વામી! પેલી સુજ્જશ્રી આહે-રણીનું શું થયું ? તે કથા કહો. ગૌતમ! જ્યારે સુજ્જશ્રીએ પેલી ગોવાલણને ચોખારૂપ મૂલ્ય આપ્યું નહી. એટલે તેણીએ કહ્યું કે, મારા મહીનું મૂલ્ય આપ. મને ઠગીને કયાં જઇશ? નહીં તો મારી સાથે ગોકુળમાં આવ. જો તું વિનયથી રહીશ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તો તને હું પુત્રી તરીકે રાખીશ. પછી સુજ્જશ્રી તે ગોવાલણની સાથે તેને ઘેર ગઈ, અને ત્યાં સારી રીતે રહેવા લાગી.

સુજ્જશ્રીનો પિતા પેલો સુજ્જશિવ બ્રાહ્મણ દેશમાં મનુષ્ય, પશુ, ધાન્ય વિગેરેનો વેપાર કરી ઘણું ધન કમાયો તેણે ધનનું સુવર્ણ અને સુવર્ણનાં રત્ન કર્યાં. તે રત્નના સંચયને ઘણી સંભાળથી રાખતો હતો. ધન એવું દુઃખરૂપ છે કે, તેને માટે સર્વદા દુઃખીજ થવાય છે. તે વિષે સાહિત્યકાર નીચેનું કાવ્ય લખે છેઃ—

**धनानामर्जने दुःखं दुःखं तदनु रक्षणे ।**
**आये दुखं व्यये दुखं धिगर्था दुखभाजनम् ॥ १ ॥**

"ધન મેળવવામાં દુઃખ, મેળવ્યા પછી તેનું રક્ષણ કરવામાં દુઃખ, આવકમાં દુઃખ અને ખર્ચમાં દુઃખ, તેથી એ દુઃખપાત્ર ધનને ધિક્કાર છે." ૧

આ પ્રમાણે તે બ્રાહ્મણ ધનાઢ્ય થયો. એક વખતે તેણે મનમાં ચિંતવ્યું કે, આટલું ધન કમાયો, પણ સ્વદેશમાં રહી, તેનો ઉપયોગ કર્યા વિના સંતોષ થતો નથી. માટે સ્વદેશમાં જવું યોગ્ય છે. આવું વિચારી તે સ્વદેશ તરફ ચાલ્યો. માર્ગમાં જ્યાં સુજ્જશ્રી પેલી ગોવાળણને ઘેર રહી છે, તેજ ગામમાં આવ્યો. સુજ્જશ્રી નવયૌવના થઈ હતી. તેના શરીરમાં તારૂણ્ય ખીલી નીકળ્યું હતું. તે વખતે દૈવયોગે વર્ષાકાળ પ્રાપ્ત થયો, એટલે સુજ્જશિવ તે ગામમાં વિશ્રાંત થયો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગામમાં ફરતાં તે નવયૌવના સુજ્જશ્રી તેના જોવામાં આવી. તેણીના સૌંદર્યથી સુજ્જશિવ મોહિત થઇ ગયો. તેણે રત્ન આપવાની લાલચ બતાવી, તે સુજ્જશ્રીને વશ કરી. સુજ્જશ્રીએ તે રત્નની કીંમત રાજાની સમીપે કરાવી. રાજાએ દશ કોટી ધન આપી, તે રત્નો ખરીદ કર્યા. સુજ્જશિવ બ્રાહ્મણે રાજાને તે રત્ન વેચાતાં આપ્યાં, અને ઉપરાંત તેની પાસે ત્યાં રહેલા એક પર્વતની નજીક ગોકુળ વસાવાને પચીશ યોજન જમીન માગી લીધી. બ્રાહ્મણે સ્વસ્તિ કહી, તે ભૂમિ દાનમાં લીધી. સુજ્જશ્રી તે કામી બ્રાહ્મણની સાથે દ્રવ્યની લાલચથી પરણી. બંને સ્ત્રી પુરૂષ થઇ, તે સ્થળે એક વાસમાં રહ્યાં, અને વિષય સુખ ભોગવવા લાગ્યાં.

એક દિવસે કોઇ બે મુનીશ્વર વિહાર કરતા ત્યાં આ ચડયા. સુજ્જશ્રી તેમને વંદના કરવાને આવી. મુનિઓને વંદના કરતાં તે ઘણુંજ રૂદન કરવા લાગી. પોતાની પ્રિયાને રૂદન કરતી જોઇ સુજ્જશિવે પુછયું, પ્રિયા ! રૂદન કેમ કરો છો ? આ મુનિઓનાં દર્શન થતાં રૂદન કરવાનું શું કારણ છે ? સુજ્જશ્રી બોલી—પ્રાણેશ ! મારી બાલ્ય વયમાં મારા સ્વામિની આવા મુનિઓને પ્રતિલાભતાં, અને પંચાંગે વંદના કરતાં હતાં, આ મુનિઓને જોઇને મને તે માતા સાંભરી આવ્યાં, આથી મને રૂદન આવ્યું. વળી આવા ઉત્તમ અનગારની સેવા ઘણી દુર્લભ છે. એ વાત પણ યાદ આવી, સુજ્જશિવે તેણીને પુછયું કે, તારી સ્વામિની કોણ હતી ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને તે કયાં હતી ? સુજ્જશ્રીએ પછી પોતાનો પૂર્વ વૃત્તાંત એકાંતે કહી સંભળાવ્યો. તે વૃત્તાંત જાણતાં જ સુજ્જશિવ પશ્ચાતાપના સાગરમાં મગ્ન થઈ, ચિંતવવા લાગ્યો, અહા ! આ શું અકાર્ય બન્યું ? આ મારી પુત્રી થાય, જેની સાથે મેં ઘોર કૃત્ય કર્યું. મારા જીવનને ધિક્કાર છે. આહા ! કર્મની ગતિ કેવી વિચિત્ર છે ? કયાં પુત્રી અને કયાં હું દુષ્ટ પિતા ? હવે આ કલંકિત જીવનને ધારણ કરવું. તે અનુચિત છે. અરે કર્મ ! તારી સત્તા પ્રબળ છે; મેં દુષ્કાળમાં આ પુત્રીને વેચી હતી. હું તેનો પાળક પિતા થઇ, તેનોજ ભક્ષક થઈ, પાછો તેનોજ ભોક્તા થયો. અહા ! કેવો અનર્થ ? મેં મારા આત્માને હાથે કરીને નારકી બનાવ્યો. આવી આત્મનિંદા કરી, તે અગ્નિમાં બળી મરવાને તૈયાર થયો. તેણે નગરની બહાર કાષ્ટની ચિતા તૈયાર કરી, તેમાં અગ્નિ પ્રજ્વલિત કરવા માંડયો, પણ અગ્નિ પ્રગટયો નહીં; તે જોઈ લોકો કહેવા લાગ્યા કે, આ કેવો પાપી, કે જેના અંગને અગ્નિ પણ બાળતો નથી- પછી નગરજનોએ તે બંને દંપત્તિને નગરની બહાર કાઢી મુકયાં. આ વખતે ગૌતમે પ્રભુને પુછયું સ્વામી ! તે પાપીને અગ્નિએ કેમ બાળ્યો નહીં ? પ્રભુએ ઉત્તર આપ્યો, ગૌતમ ! તેનું બીજું કાંઈ કારણ નથી, તેની ચિતામાં જે કાષ્ટ હતાં, તેનામાં દાહક શક્તિ ન હતી.

ત્યાંથી બંને દંપતિ વિદેશમાં ચાલ્યા ગયાં, માર્ગમાં જતાં કોઇ ગામ આવ્યું, તેમાં પેઠા. ત્યાં કોઈ મુનિને જોયા. મુનિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગોચરી લઇને જતા હતા, તેમની પાછળ જતાં વનમાં એક જ્ઞાનવાન્ સૂરીશ્વરનાં દર્શન થયાં. સુર, નર, અને કિંનરોની શ્રેણી તેમની સેવા કરતી હતી. તે પાપી દંપતિએ તેમના ચરણ કમળમાં વંદના કરી. સુજ્જશિવે મનમાં ચિંતવ્યું કે, આ મહા મુનિની આગળ હું મારાં મહા પાપની આલોયણા લઉં, મુનીશ્વર તેના આશયને જાણીને નીચેની ઉપદેશક કવિતા મધુર ભાષાથી બોલ્યા:—

"ધર્મ કરો ભવિ ધર્મ કરો, ત્રિકરણ યોગે ધર્મ કરો,
ચરણ ધર્મ પ્રવહણ અવલંબી, આ ભવસાગર તુરત તરો. ધર્મ.૧
બોધિ તરણિકે કિરણ પ્રચારે, હૃદય કમળ વિકસીત કરો,
જ્યું અનાદિકે અંતર ઉડત, મિથ્યા મત તત શિત ભમરો. ધર્મ.
દશ દષ્ટાંતે દુર્લભ વલ્લભ. લાધો એ નરભવ સખરો,
તેહ સુધા મમ હારો ભવિયાં, ફરી આવત નાહીં દુસરો. ધર્મ. ૩
કર્મ મર્મકે વશ થૈ હોવત, કબહી પાપ પંક પગરો,
સો પણ આલોયણ શુદ્ધ હોવત, જો મિલે મતિધર સુગુરો. ધર્મ. ૪
જ્યું ઘ્રૃત નિર્મળ નિર્જળ જગમેં, ત્યું ચારિત્રકો ધર્મ નરો,
અવિચળ સુખ લંભનકે હેતે, એહ પરમ ઉપાય ધરો. ધર્મ. ૫
વિષય કષાય પ્રમાદિક, એ કાઢો કલિમલ કચરો,
જન્મ જરા મરણાદિક ભ્રમરા, ભવિભવ ભવમાં નાહીં ફરો. ધર્મ.૬
જ્ઞાનવિમળ ગુણ ગુરૂના પદકજ, પ્રેમે કરીને તે અનુસરો,
પરમ નિધાન ધ્યાન ધર્મનું, એહીજ બંદિર બેચ બિસરો. ધર્મ. ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સૂરીશ્વરે આ પ્રમાણે ધર્મદેશના આપી. તે સાંભળી સુજ્જશિવે પોતે કરેલાં પાપનો બધો વૃત્તાંત કહ્યો, અને તેની આલોયણાને માટે વિનતી કરી. ગુરૂએ તેનો શુદ્ધ ભાવ જોઇને આલોયણા આપી. આલોયણામાં જે ભારે તપ કહ્યું, તે પ્રમાણે તેણે શુદ્ધ હૃદયથી આચર્યું. પછી સુજ્જશિવે સુજ્જશ્રી સહિત દીક્ષા લેવાની પ્રાર્થના કરી, એટલે સૂરિએ કહ્યું કે, આ સુજ્જશ્રી સગર્ભા છે, માટે તેનાથી દીક્ષા લેવાશે નહીં. પછી સુજ્જશિવે એકલા દીક્ષા લીધી. વિધિ સહિત સંયમ ધર્મને પાળી, સુજ્જશિવ છેવટે નિષ્કર્મ થયો.

છવીશ વર્ષ અને તેર દિવસ સુધી ચારિત્ર પર્યાય પાળી, અંતે પાદપોપગમ અનશન આરાધી, કર્મને ખપાવી, કેવળી થઈ તે સિદ્ધિ પદને પામ થયો.

ગૌતમ ગણધર બોલ્યા—સ્વામી! સુજ્જશિવ જેવો મહા પાપી અંતર્ગડ કેવળી થઇ, પરમ સુખનો પાત્ર થયો, તેનું શું કારણ? પ્રભુ બોલ્યા—ગૌતમ! તે સુજ્જશિવે શુદ્ધ ભાવથી પ્રાયશ્ચિત લઇ, સંયમની આરાધના કરી હતી. ક્ષપક શુકલ ધ્યાનના પસાયથી તેનાં દુષ્કૃત દૂર થયાં હતાં.

ગૌતમે પુનઃ વિનયથી પુછ્યું કે, સ્વામિ! સુજ્જશિવની સ્ત્રી સુજ્જશ્રીનું પછી શું થયું? તે ગર્ભિણીની શા અવસ્થા થઇ? તે કહેવાની કૃપા કરો. પ્રભુએ કહ્યું—ગણધર! તે સુજ્જશ્રીએ પ્રસવ કાળે ગર્ભની પીડાથી એવું ચિંતવ્યું કે, આ ગર્ભ મને અતિ પીડા આપે છે, માટે તેનો નાશ કરૂં,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવા રૌદ્ર ધ્યાનથી મૃત્યુ પામી, તે છઠી નરકે પડી, તેણીએ જન્મ આપેલા બાળકને એક શ્વાન લઇ ગયો, શ્વાને તે બાળકને કુંભારના ચક્ર ઉપર મુકયો. શ્વાન તેનું ભક્ષણ કરવા જતો હતો, ત્યાં કુંભાર આવી પહોંચ્યો. કુંભારને કાંઇ સંતાન ન હતું, તેથી તેણે પોતાની સ્ત્રીને આપ્યો, અને તેનો જન્મોત્સવ કર્યો. પુત્રનું **સુસઢ** એવું નામ પાડવામાં આવ્યું. માતાપિતાએ તેને લાલનપાલન કરી મોટો કર્યો. સુસઢ કુંભારની કળામાં પ્રવીણ થયો હતો, તથાપિ તેનું હૃદય ધાર્મિક હતું.

એક વખતે તે ગામમાં કોઇ જ્ઞાની મુનિ આવી ચડયા, તેને વાંદવાને આવતા લોકોની સાથે **સુસઢ** પણ આવી ચડયો. મુનિના મુખની વાણી સાંભળી સુસઢના મનમાં સંવેગ પ્રાપ્ત થયો, તેણે તત્કાળ તે મુનિની પાસે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી સુસઢ સાધુએ ગુરૂની સેવના, છઠ્ઠ અઠ્ઠમ વિગેરે તપની આરાધના અને માસક્ષમણા કરી પોતાના ચારિત્રને દીપાવ્યું. કર્મની સત્તા પ્રબળ છે, આવો ઉત્તમ મુનિ કેટલોક કાળ ગયા પછી સંયમમાં શિથિળ થઇ ગયો. જેમ જાતિવંત અશ્વ અવળો થાય, તેમ તે અવળો થઇ, ગુરૂની શિક્ષાને માન્યા વગર માત્ર તપશ્યાજ કરવા લાગ્યો. તેના મનમાં તપને માટે સારો ભાવ હતો. સંયમના બીજા ધર્મને તેણે ગણકાર્યા નહીં. ગુરૂ તેને કહેતા કે, વત્સ એકલું તપ શા કામનું છે ? તું યતના ( જયણા ) રાખીને તપશ્યા કર. ગુરૂની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી શિક્ષા પણ તે માનતો નહીં, અને જયણા રાખ્યા શિવાય તપશ્યા કરતો, અને તેનેજ ઉત્તમ સંયમ માનતો હતો.

સુસઢની આવી વર્ત્તણુક જોઈ ગુરૂના હૃદયમાં દયા આવી. ગુરૂએ મનમાં વિચાર્યું કે આ મુનિ ચારિત્રધારી તપશ્યા કરે છે, પણ તેની તે તપશ્યા યતના વિના વૃથા છે, માટે તેના હિતની ખાતર તેને યથાશક્તિ બોધ આપવો, તે છતાં જો તે અલ્પ મતિ માને નહીં, તો પછી તેનાં કર્મ જાણે. આવું વિચારી એક વખતે ગુરૂએ સુસઢને બોલાવી આ પ્રમાણે કહ્યું:–

વત્સ ! હવે દીર્ઘ વિચાર કર, શુદ્ધ ભાવથી યતનાનો આદર કર, જયણાનો પ્રભાવ દિવ્ય છે. જયણા વિના તારી તપશ્યા કાયને કલેશકારક થઇ પડશે.

શિષ્ય ! જયણાને માટે જેવો ઉત્તમ અભિપ્રાય છે, તેવોજ ગુરૂની આજ્ઞામાં પણ છે. શિષ્ય સ્વતંત્ર રીતે કાંઇ પણ કાર્ય કરવાનો અધિકારી નથી. કદિ તે કાર્ય ઉત્તમ પ્રકારનું હોય, તોપણ ગુરૂની આજ્ઞા શિવાય કરેલું કાર્ય તેનું પૂર્ણ ફળ આપતું નથી. જેને માટે નીચેનું પ્રાકૃત કાવ્ય સ્મરણીય છે.

"આપ બુદ્ધિએ સુંદર કહ્યું, તે સુંદર નવ હોય,
જે ગુરૂ વચન થકી કર્યું, તે શાસનમેં સોહ. ૧"

વળી યતનાને માટે પણ તેમજ કહ્યું છે:—

"યતના પૂર્વક તપ કરો, જેથી ભવને વામો,
આણા યતના જો મળે, તો શિવસુખને પામો. ૧"

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂએ આ પ્રમાણે કહ્યું, પણ સુસઢના હૃદયમાં જરા પણ ઉતર્યું નહીં. તે ગુરૂની અવજ્ઞા કરી, અને જયણાને વિસારી કષ્ટ ભરેલાં તપ કરવા લાગ્યો. આવી વર્ત્તણુક રાખી ગુરૂની સાથે વિહાર કરવા લાગ્યો. છેવટે ગુરૂએ તેને પ્રાયશ્ચિત લેવાને કહ્યું, તથાપિ તે પ્રાયશ્ચિત લીધા વગર સ્વતંત્રતાથી વર્ત્તવા લાગ્યો. ગુરૂ શિક્ષા આપે, તોપણ તેની દરકાર રાખે નહીં. જ્યારે આમ હદ ઉપરાંત સુસઢનું પ્રવર્ત્તન જોવામાં આવ્યું, એટલે ગુરૂએ તેને સંઘની સમક્ષ પોતાના ગચ્છની બહાર કાઢયો. ગચ્છની બાહેર રહીને પણ તે જયણા વગર ઉગ્ર તપશ્યા કરવા લાગ્યો. ષટ્કાય જીવની વિરાધનાને નહીં ગણતાં કેવળ તપશ્યામાંજ તે તલ્લીન રહેવા લાગ્યો. આ પ્રમાણે યતના રહિત ચારિત્રને પાળતાં તે સુસઢનો કાળ આવ્યો. મૃત્યુ પામ્યા પછી તપના પ્રભાવથી તે સૌધર્મ દેવલોકમાં ઇંદ્રનો સામાનિક દેવતા થયો. હે ગૌતમ ! હવે તે સુસઢનું આયુષ્ય આ પ્રમાણે છે. સૌધર્મ દેવલોકમાંથી ચવીને તે ભરતક્ષેત્રમાં વાસુદેવ થઈને અવતરશે, ત્યાંથી સાતમી નારકે ઉત્પન્ન થઇ હસ્તીનો અવતાર પ્રાપ્ત કરશે. તે ભવે અતિ મૈથુન સેવી, મરીને અનંત કાયમાં જશે, અને પાછો ચતુર્ગતિના મોટા ફેરામાં પડશે. હે ગૌતમ ! જયણા વિના કેવી અધોગતિ થાય છે ? તેને માટે તે સુસઢ પૂર્ણ દૃષ્ટાંતરૂપ છે. તેણે અતિ મહાન્ તપશ્યા કરી હતી, અને પોતાના શરીરને મોટા કષ્ટનું ભાજન

બનાવ્યું હતું, તથાપિ યતના વિના તેનો ઉદ્ધાર થયો નહીં. આ અનંત ભવસિંધુને તે તરી શકયો નહીં, એટલુંજ નહીં, પણ સંસારની પરંપરામાં તેને મહા કષ્ટ વેઠવાં પડ્યાં. તેવી રીતે જે માણસ ગુરૂનાં વચનની યતના ન કરે, તે સુસઢ્ઢની જેમ બહુભવી થાય છે. જો ગુરૂની આજ્ઞાથી તેણે તપ આચરણ કર્યું હોત, તો તે મહા ફળ પ્રાપ્ત કરી શકત. સુસઢ્ઢ શ્રાવકે જે તપ કર્યું છે, તે તપનો આઠમો ભાગ જો ગુરૂની આજ્ઞાએ કરવામાં આવ્યો હોત, તો તેજ ભવમા મોક્ષે જાત.

સુવ્રતાચાર્યે પણ રાજર્ષિ પ્રતાપસિંહને યતનાને માટે સારો બોધ આપી, તેના હૃદયને યતનામય બનાવી દીધું હતું, તેથી તેમના હૃદયમાં દિવસના ત્રણે કાળ જયણાનુંજ મનન થયા કરતું હતું. જયણા જૈન મતની જયપતાકા છે, જયણા ચારિત્રનો ચળકાટ છે, જયણા સંયમની શોભા છે, જયણા સ્યાદ્વાદની સીમા છે, અને જયણા શિવ સુખની જનની છે. આવાં નિશ્ચિત વચનો, તે રાજર્ષિ પ્રતાપસિંહના અને તેમના દીક્ષિત પરિવારના મુખકમળમાંથી હંમેશાં નીકળતાં હતાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૨૭ મું.

## શ્રીચંદ્રનું સંયમ રાજ્ય.

કુમાર શ્રીચંદ્ર એક વખતે સભા મંડપમાં બેઠો હતો, સામંત અને મંત્રિઓના પરિવારથી તે પરિવૃત હતો, સમાજનો દેખાવ શાંત હતો. હંમેશના રીવાજ પ્રમાણે ખાસ અધિકારીઓ પોતપોતાનું કર્ત્તવ્ય નિવેદન કરવાને અને રાજ્યતંત્રની આવશ્યક નવી આજ્ઞાઓ મેળવવાને ત્યાં આવ્યા હતા, રાજ્યને લગતી જુદી જુદી વ્યવસ્થાને માટે વાતચીત થતી હતી, ન્યાયમૂર્ત્તિ શ્રીચંદ્ર દીર્ઘ દ્રષ્ટિથી તે વ્યવસ્થામાં પોતાની યોગ્ય સંમતિ આપતો હતો.

આ વખતે દ્વારપાળે આવી પ્રણામ કરી જણાવ્યું કે કોઈ ગૃહસ્થ ગુરૂ આપને મળવાને દ્વાર ઉપર ઉભા છે. કહો, શી આજ્ઞા છે? તરતજ ચતુર મહારાજાએ તેને સત્વર પ્રવેશ કરાવવાની આજ્ઞા આપી. ગૃહસ્થ ગુરૂને આવતા જોઇ, કુશસ્થળ પતિ ઉભો થયો. નમસ્કાર કરી, તેમને પોતાની પાસે યોગ્ય આસન ઉપર બેસાર્યા. મહારાજાએ પ્રસન્નતા પૂર્વક આગમનનું પ્રયોજન પૂછયું. ગૃહસ્થ ગુરૂએ સહર્ષ વદને જણાવ્યું, રાજેંદ્ર! આવવાનું કારણ બીજું કાંઈ નથી. તમારા જેવા જૈન રાજાઓના આશ્રયથી મને કોઈ વાતની અપેક્ષા નથી, અત્યારે ભારતવર્ષ ઉપર આર્હત ધર્મનો ઉદ્યોત થઈ રહ્યો છે, જૈન મુનિઓના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુખમાંથી પ્રગટ થતી જિનવાણી જયવંતી પ્રસરે છે, શ્રાવક પ્રજાનો શિષ્ટાચાર સર્વ સ્થળે પ્રશંસનીય પ્રવર્તી રહ્યો છે, દરેક સ્થળે શ્રાવિકાઓ સતિ ધર્મની ધુરાને ધારણ કરી, જૈન ધર્મના શીળવ્રતનું માહાત્મ્ય પ્રગટ કરી રહી છે, સ્થાવર, અને જંગમ જીવો નિર્ભય રીતે વર્તે છે, આર્ય દેશના દરેક ખુણામાં શ્રીચંદ્ર મહારાજાનાપ્રતાપનો પ્રકાશ પડી રહ્યો છે, આપના પ્રૌઢ પ્રતાપને લઇને સર્વત્ર અમારી ઘોષણા પ્રવર્તી રહી છે. મારા આવવાનું પ્રયોજન બીજું નથી, પણ આપના પિતા રાજર્ષિ પ્રતાપસિંહ મહારાજનાં મને દર્શન થયાં, અને તેમનો સંયમ જોઇ, મને જે અનહદ આનંદ થયો છે, તે જણાવવાને હું ખાસ આપની પાસે આવ્યો છું. અહા! શું તેમનું ચારિત્ર! શું તેમના સંયમનો પ્રભાવ! તે મારાથી વર્ણન થઈ શકે તેવો નથી. જેમને માટે કવિઓ નીચેની કવિતા ગાય છે.

તપ જપ સંયમ ખપ કરે, ન ધરે મનમાં માય,
કામ ક્રોધ મદ માન જે, ભાજે ભવના દાય. ૧
વિનયી ને લજ્જાળુ જે, દયા ધીર દમવત,
દુર્ધર તપ આરાધતાં, શમ દમ સુધા સંત. ૨
ક્રિયા કરંતા વિધિપણે, સાધે અક્રિય યોગ,
સંયમના ભોગી થયા, જનથી હોયે અયોગ. ૩
ધ્યાન જ્ઞાનમાં મગ્ન છે, ભવ યજ્ઞના કાર,
મગ્ન રહે નિજ ભાવમાં, નહિ પરભાવ વિકાર. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મયગલપરે નિત્ય મલપતા, ભેદે કપટનો કોટ,
સિંહપરે દુર્ધર્ષ છે, દેતા પરિષહ દોટ. ૫
ચોટ કરે કર્મોપરે, ધ્યાનાનળના ગોટ,
ઉપાડી શમ યંત્રથી, ચુરે જેમ રજ કોટ. ૬
કહ્યાં જાય મુખથી નહિ, તે મુનિ તણાં વખાણ,
પ્રવચન મારગ અનુસરે, કરે ન તાણોતાણ. ૭

રાજેંદ્ર ! તે મહા મુનિ રાજર્ષિના સંયમની પ્રશંસા મુખથી કહી શકાય તેવી નથી. એ મહા મુનિ ચારિત્ર ધર્મના યથાર્થ રીતે આરાધક છે. એષણાના દશ દોષ, આહાર–પિંડના ચતુર્વિધપણે સુડતાલી દોષને તેઓ દુર કરી, પોતાના સંયમનો નિર્વાહ કરે છે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને તે સમ્યક્ પ્રકારે ધારણ કરે છે. **સુખ સંયમ નિરાબાધ** એ ચારિત્રનું મહા વાકય તેમનામાં શુદ્ધ રીતે જણાય છે, તેઓ ષટ્કાય જીવને અભયદાન આપે છે, દશ પ્રકારનાં વૈયાવચ્ચ કરે છે, વિનયના બધા ભેદ આચરે છે, તેઓ ચંદ્રના જેવા નિર્મળ, હંસના જેવા ઉજ્વળ, ગેંડાના શીંગડાના જેવા એકાકી, વૃષભના જેવા બલિષ્ટ, સિંહના જેવા દુર્ધર્ષ, અને પરીષહને સહન કરનાર, કમળની જેમ અસંગી, આકાશની જેમ નિરાલંબ, કાચબાની પેઠે ગુપ્તેંદ્રિય ચંદ્ર બિંબની જેમ સૌમ્ય, સુવર્ણની જેમ જાતરૂપ, પૃથ્વીની જેમ સર્વસહ, શરદ ઋતુના જળની જેમ મળ રહિત હૃદયવાળા, વાયુની જેમ અહોનિશ અપ્રતિબદ્ધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિહારી, અને ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત છે. આવા ગુણના ધારક છતાં તેમનું ચિત્ત દંભ રહિત છે, નિત્યે આલોયણા લઇને તેઓ શુદ્ધ મને રહે છે, નિરતિચારપણે રહેવાને દશ પ્રકારનાં પ્રાયશ્ચિત આચરે છે, ઈર્યા પથિકીના નિયમથી વિચરે છે, નિયમસર યોગ્ય પ્રતિક્રમણ કરે છે, ક્ષણે ક્ષણે મિથ્યા દુષ્કૃત આપી, આત્માને નિર્દોષ તથા અપ્રમાદી બનાવે છે. દુ:સ્વપ્ન વિગેરે કારણને લઇને વિવિધ કાયોત્સર્ગ આચરે છે, શિષ્યાદિકમાં ગુરૂ તથા લઘુપણાની રીતીએ વંદના ક્રમ સાચવે છે, પાંચ આશ્રવને ઉત્કૃષ્ટ રીતે સેવે છે, વસતિમાં એકાકી રહી, આલાપ સંલાપને ત્યાગ કરે છે, ગ્રીષ્મ ઋતુમાં ચોથ, છઠ, અને અઠ્ઠમ વિગેરેને તપ કરે છે, શિશિર ઋતુમાં છઠ અઠ્ઠમ, તથા દશમાદિ તપ કરે છે, વર્ષામાં અઠ્ઠમ, દશમ તથા દુવાલસ તપ કરે છે, તપને અંતે નિર્લેપપણે ભકત પારણું કરે છે; વળી સાધુની દશ પ્રકારની સામાચારીને શુદ્ધ હૃદયે સેવે છે. એ મહાશય સ્વાધ્યાયમાં બરાબર કાળ પ્રમાણે પઠન પાઠન કરે છે. જ્ઞાન, જ્ઞાની. જ્ઞાનાભ્યાસી અને જ્ઞાનના ઉપકરણાને વિનય કરી વર્ત્ત છે, સૂત્ર પાઠમાં અધ્યયનને માટે કહેલા કાળ પ્રમાણે સ્વાધ્યાય આચરે છે, સર્વ જાતની જ્ઞાનની આશાતના દુર કરી, જ્ઞાનનું બહુ માન કરે છે. બહુ માન સાથે હૃદયમાં તેની ઉપર પોતાના પ્રાણથી પણ અધિક પ્રીતિ ધારણ કરે છે, ઉપધાન તપની વિધિથી જ્ઞાનની આરાધના કરે છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજેંદ્ર! તે સિવાયના બીજા પણ ચારિત્રના ઉજ્વળ ગુણોને તેઓ ધારણ કરે છે. તમારા પિતાએ આ ભારતવર્ષ ઉપર અનુપમ સંયમ ધર્મને દીપાવ્યો છે, તેમના સંયમની શોભાને લઇને ભરતક્ષેત્રમાં જૈન શાસનનો ઉદ્યોત થઈ રહ્યો છે. તે સાથે તેઓ સતત્ વિહાર કરી, મહાન્ ઉપકાર કર્યા કરે છે, પોતાની દેશનાથી અનેક ભવ્યોને પ્રતિબોધ આપે છે, તેમનાં દર્શનથીજ ઘણાઓ સંયમના આરાધક થઈ જાય છે, તેમને વંદના કરવામાંજ હૃદયનાં પરિણામ દિવ્ય થઇ જાય છે.

આ પ્રમાણે પોતાના સંયમધારી પિતાનું માહાત્મ્ય ભરેલું ચારિત્ર સાંભળી શ્રીચંદ્રના હૃદયમાં ચારિત્રબળ પ્રગટ થઈ આવ્યું. તેની પવિત્ર મનોવૃત્તિમાં ધર્મની પ્રબળ વાસનાઓ બંધાઈ ગઈ; તરતજ તેણે નિશ્ચય કર્યો કે, હવે આ શ્રાવક જીવનને કૃતાર્થ કરવાનો માર્ગ શોધવો જોઇએ. પિતાશ્રીએ પોતાના પશ્ચિમ જીવનને સુધાર્યું છે, તેમને પગે ચાલી મારે પણ જીવનને સુધારવું જોઇએ. આવો વિચાર કરી, મહાનુભાવ શ્રીચંદ્રે પોતાની પૂર્વોપાર્જિત વિદ્યાઓનો ઉપયોગ ધર્મ કાર્યમાં કરવા માંડયો. ચમત્કારી વિમાનો બનાવીને વિધિ પ્રમાણે જિન યાત્રાઓ કરવા માંડી. ઘણી વાર મોટા સંઘ કાઢીને પોતાના નરભવને સાર્થક કરવા માંડયો, માનવ જીવનનો પૂર્ણ લાભ લેવાની ઇચ્છાથી તેણે દીન અને યાચકોને અગણિત દાન આપવા માંડયાં.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રિય વાચક ગણ ! જો તમારે માનવ જીવન કૃતાર્થ કરવા આર્હત ધર્મરૂપ અમુલ્ય રત્ન સંપાદન કરવું હોય, તો આપણી વાર્ત્તાના નાયક શ્રીચંદ્રનું આ છેલ્લું જીવનચરિત્ર એક ચિત્તે વાંચી તેનું મનન કરજો.

ધર્મવીર શ્રીચંદ્રે પોતાની ઉત્તર વયમાં ધર્મનાં મહાન્ કાર્યો કરવા માંડયાં હતાં, વૈતાઢય તથા નંદીશ્વર ઉપર રહેલાં શાશ્વત ચૈત્યોને પણ શ્રીચંદ્ર સહકુટુંબ વાંદવા ગયો હતો. તે મહાનુભાવ અઢાર પ્રકારે કુશળતા કરી સૌની સાથે પ્રેમ રાખતો, અને શ્રાવકના નિયમોને પાળતો હતો. અલ્પ સમયમાં તો તે ધર્મી મહાનુભાવે ભારતની ભૂમિને જિન ચેત્યોથી મંડિત કરી દીધી. ચૈત્યોની શ્રેણી જાણે ભૂમિરૂપ ભામિનીનો હાર હોય, તેમ શોભતી હતી, તેણે ચૈત્યોની ઉપર એટલાં બધાં તોરણો અને ધ્વજાઓ ઉન્નત કર્યા હતાં કે, જાણે તેના યશના રાશિઓ હોય, તેવાં તે દેખાતાં હતાં. સાત વ્યસનને દૂર કરનારા શ્રીચંદ્રે સેંકડો જિનબિંબોની સ્થાપના કરી હતી, અસંખ્ય ધર્મશાળાઓ બંધાવી હતી, અને સેંકડો જ્ઞાનના ભંડારો ભરાવ્યા હતા; તે શિવાય બીજી શુભ કરણી તે અપરંપાર કરતો હતો. પોતાની પત્નીઓની સાથે રથયાત્રા કરી, જિનાલયમાં વિવિધ જાતની પૂજાઓ ભણાવતો હતો. ટુંકામાં તે મહાનુભાવે પોતાના શ્રાવક જીવનને ઉન્નતિના ઉંચાં શિખર ઉપર મુકયું હતું.

આ પ્રમાણે ધાર્મિક માર્ગમાં પ્રવર્ત્તતો શ્રીચંદ્ર ધર્મ, અર્થ, અને કામ, પરસ્પર નિરાબાધ રીતે સાધતો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વદારા સંતોષથી વર્ત્તનારા તે ધર્મવીરને સોળ પુત્રો, અને સત્તર પુત્રીઓ થઇ હતી. એ સર્વમાં પૂર્ણચંદ્ર નામે એક પ્રતાપી પુત્ર હતો, તે સર્વ કળાઓને ધારણ કરનારો, અને માતા પિતાની ભક્તિવાળો હતો. કેટલાએક ગુણમાં તો તે શ્રીચંદ્રનું પ્રતિબિંબરૂપ હતો, બીજા પુત્રો પણ સર્વ કળાઓમાં પ્રાવીણ્ય મેળવી, પિતાની ધર્મ તથા નીતિની કીર્તિને વધારતા હતા.

પોતાના જીવનને ચારિત્ર ગુણ તરફ દોરી જવાની ઇચ્છાથી શ્રીચંદ્રે પોતાનાં સમૃદ્ધિવાળાં રાજ્યો તે ગુણી પુત્રોને વહેંચી આપ્યાં હતાં. પ્રથમ જ્યેષ્ટ પુત્ર પૂર્ણચંદ્રને પોતાના વડિલોપાર્જિત કુશસ્થળીના રાજ્ય ઉપર બેસાર્યો હતો, તેનો રાજ્યાભિષેક મોટા ઉત્સવથી કરવામાં આવ્યો હતો. બીજા કનકસેન કુમારને નવલાખ દેશનું રાજ્ય આપ્યું હતું. શ્રીમલ્લ નામના કુમારને કુંડળપુરનું રાજ્ય અને રત્નચંદ્ર કુમારને વૈતાઢય ગિરિનું રાજ્ય આપ્યું હતું. મદનાના પુત્ર મદનચંદ્રને મલય દેશનો રાજા કર્યો હતો. કનકચંદ્રને કર્ણાટક દેશનું રાજ્ય આપ્યું હતું. તારાચંદ્રને નંદીપુરનું રાજ્ય સોંપ્યું હતું. અને શિવચંદ્રનો અંગ દેશ ઉપર રાજ્યાભિષેક કર્યો હતો. આ પ્રમાણે પોતાના બધા પુત્રોને યોગ્યતા પ્રમાણે રાજ્યો વહેંચી આપી શ્રીચંદ્ર નિશ્ચિંત થયો, અને હવે તે સંયમ રાજ્યની લગામ લેવા સર્વ રીતે તૈયાર થયો હતો. દ્રવ્ય રાજ્યથી પરમ સંતુષ્ટ થયેલા શ્રીચંદ્રે હવે ભાવ રાજ્યના સિંહાસન ઉપર આરૂઢ થવાની ઇચ્છા કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેણે આ સંસારનાં સ્વરૂપ તરફ અનિત્ય ભાવના જાગ્રત કરી. તેણે વિચાર્યું કે, આ સંસારના પદાર્થો ક્ષણિક છે, રાજ્યવૈભવ વિદ્યુત્‌ની જેમ અસ્થિર છે, કમળની પાંખડીરૂપ પડેલાં જળનાં બિંદુની જેમ આ જીવિત ચપળ છે, સ્ત્રી, પુત્ર, અને પરિવાર અતિથિની જેમ ગૃહાવાસમાં આવે છે, અને જાય છે, માટે હવે સંયમ સાધી આત્મસાધન કરવું યોગ્ય છે, પુનઃ પુનઃ આ માનવજન્મ પ્રાપ્ત થતો નથી, માનવજન્મરૂપ ચિંતામણિ રત્નને વ્યર્થ રીતે ગુમાવી દેવું ન જોઇએ.

આ પ્રમાણે શ્રીચંદ્ર વિચાર કરતો હતો, ત્યાં એક વનપાળ દોડતો આવ્યો; તેણે આવી મહારાજાને ખબર આપ્યા કે, મહારાજા ! આપણા ઉદ્યાનમાં ધર્મઘોષ સૂરીશ્વર પરિવાર સહિત સમોસર્યા છે. આ વધામણી સાંભળતાં જ શ્રીચંદ્રને હર્ષોલ્લાસ પ્રગટ થઇ આવ્યો. તેણે પ્રસન્ન થઇને વનપાળને સાડીબાર કોટી સુવર્ણનું ઇનામ આપ્યું; અને તરતજ સૂરીશ્વરની પાસે જવાને મોટા આડંબરથી તૈયારી કરી. મહારાજાની આજ્ઞાથી રાજ્યની તમામ રીયાસત તૈયાર થઇ ગઈ. ચતુરંગ સેના એકત્ર થઈ રાજકુટુંબ પરિવાર સાથે તૈયાર થઇ ગયું. મંત્રીશ્વરો અને સામંતો પોતાના પરિવાર સાથે મહારાજાની: સમક્ષ હાજર થઇ ગયા. પછી મોટા ઠાઠમાઠથી શ્રીચંદ્રની સ્વારી સૂરીશ્વરની સન્મુખ ચાલી. ચંદ્રકળા વિગેરે રાણીઓ; ગુણચંદ્ર વિગેરે મંત્રિઓ, સેના-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પતિ, નગરશેઠ અને પૌર વર્ગ તમામ મંડળ મહારાજાની સાથે ચાલ્યું. ઉદ્યાનની પાસે આવી તે સ્વારી ઉભી રહી. શ્રીચંદ્રે પાંચ અભિગમ સાચવવાને ચામર, છત્ર, વાહન, શસ્ત્ર અને મુગટ, એ પાંચ રાજચિન્હ દૂર કર્યા. વિધિથી ગુરૂને વંદના કરી, કુશસ્થળીનો પૂર્વ રાજા ગુરૂ વાણીરૂપ સુધારસનું પાન કરવાને આતુર થઇ, એક ચિત્તે સૂરીશ્વરની સામે બેઠો.

સૂરીશ્વર બોલ્યા—ગુણવાન્ રાજેંદ્ર ! આ મનુષ્યભવ દશ દ્રષ્ટાંતથી દુર્લભ છે, તેમાં આર્યદેશ, ઉત્તમ કુળ અને નિરોગી શરીર, એ ઉત્તરોત્તર વિશેષ દુર્લભ છે. માટે વિષય, પ્રમાદ વિગેરે દુર્ગુણોને છોડી ધર્મનું સાધન કરવું એજ ખરૂં કર્ત્તવ્ય છે, ઇંદ્રિયોની પટુતા હોય, ત્યાં સુધીમાં ઉત્તમ ગુરૂના યોગથી શાસ્ત્ર શ્રવણ કરવું જોઈએ. શ્રદ્ધાનો શુદ્ધ ઉપયોગ કરી, પંડિત વીર્યના ઉલ્લાસથી આરંભેલા કાર્યને યાવજ્જીવિત પાળવુ જોઇએ, અને સર્વ રીતે દેશવિરતિ ધર્મના બધા લાભ મેળવી સર્વ વિરતિ ચારિત્ર ધર્મની શુદ્ધ ભાવના ભાવવી જોઇએ. " આ ગૃહાવાસ છે, તે પાશરૂપ છે, વિષયભોગમાં આતુર એવી ઇંદ્રિયો અનર્થ કરનારી છે, અને સ્ત્રીઓ આ સંસાર સાગરમાં પાષાણુની નાવિકા છે." એમ જાણી સુકૃતની શ્રેણી તરફ મનોવૃત્તિ લગાડવી જોઇએ. જે પુરૂષ આ ક્ષણુ પરિભોગી ધનાદિ પદાર્થો નરકમાં સહાય કરનારા છે, એમ મનમાં ચિંતવ્યા કરે, તે ખરેખરો શ્રાવક કહેવાય છે.

સૂરિશ્વરની દેશના સાંભળી મહારાજા શ્રીચંદ્ર ઘણોજ ખુશી થઈ ગયો; આથી કરીને તેના હૃદયની વૈરાગ્ય ભાવનાને પરિપૂર્ણ પુષ્ટિ મળી, નિદ્રાળુને જેમ બીછાનું મળે, તૃષાતુરને જેમ અમૃત મળે, અને નિર્ધનને જેમ ધન મળે, તેમ તેને આ ઉત્તમ ઉપદેશ મળતાં તેના હૃદય ઉપર સારી અસર થઈ. તરતજ તે સંયમ લેવાને ઉત્સુક થઇ ગયો. પછી તેણે નગરમાં આવી જાહેર ઉદ્ઘોષણા કરાવી કે, "શ્રી ચંદ્ર રાજા સંયમ લે છે, માટે જેની ઇચ્છા હોય તેણે તેમાં સામેલ થવું." કુશસ્થળીમાં એ વાત બધે સ્થળે પ્રસરી ગઇ. મહારાજા શ્રીચંદ્રે પોતાના પુત્ર પૂર્ણચંદ્રની રજા લીધી. અશ્રાંકિત પુત્રને પિતાના વિયોગનો ભય થયો, તથાપિ તેણે પિતાની સંયમની ઇચ્છાને અનુમોદન આપ્યું. પૂર્ણચંદ્રે પિતાના દિક્ષોત્સવનો સમારંભ કર્યો, તે પ્રસંગે આખા નગરને વિવિધ જાતની શોભાથી અલંકૃત કરવામાં આવ્યું. મોટા ઠાઠમાઠથી અઠ્ઠાઇ મહોત્સવનો સમારંભ કરાવ્યો. દીક્ષાના શુભ મુહૂર્તના દિવસે રાજ્યની તમામ રીયાસત સાથે મોટો વરઘોડો તૈયાર કરાવ્યો. હાથી, ઘોડા, રથ અને પેદલની પંક્તિઓ શ્રૃંગાર ધારણ કરી, સ્વારીમાં તૈયાર થઇ. કુશસ્થળી નગરીએ અલકાપુરીની શોભા ધારણ કરી, બાળકથી તે વૃદ્ધ સુધીનાં તમામ નગરજન મહારાજાની દીક્ષિત મૂર્ત્તિનાં દર્શન કરવાને બહાર નીકળી પડયાં.

મોટા આડંબરથી મહારાજાની દીક્ષા સ્વારી સૂરિશ્વરની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાસે આવી. દૂરથી શિબિકામાંથી ઉતરી મહારાજા સૂરીશ્વરની પાસે આવ્યા, સૂરીશ્વરને વિધિથી વંદના કરી, તેણે રાજ-ચિન્હો અને અલંકારો દૂર કરી દીધાં; આથી જે કૃત્રિમ શોભા હતી, તે દૂર થઇ ગઈ, અને તેના શરીરની સ્વાભાવિક શોભા પ્રગટી નીકળી.

સૂરીશ્વરે ચતુર્વિધ સંઘની સમક્ષ વિધિ મંત્રના ઉચ્ચાર સાથે શ્રીચંદ્રને દીક્ષા આપી. કુશસ્થળીના સંઘની ચતુર્વિધ પ્રજાએ પોતાના પૂર્વપાલક મહારાજાની ઉપર વાસક્ષેપ નાખ્યો, તે વખતે વાજિંત્રોના અને જયકારના ધ્વનિથી ગગન મંડળ ગાજી રહ્યું. કુશસ્થળીના વિશાળ રાજ્યનો મહારાજા હવે સંયમ રાજ્યનો મહારાજા થયો. ધર્મઘોષસૂરિએ ઉંચી ઘોષણા કરી, પોતાના રાજર્ષિ શિષ્યને સંયમની ગ્રહણા અને આસેવનારૂપ બે પ્રકારની શિક્ષા આપી.

ચારિત્ર ધર્મના બધા નિયમો શીખી, રાજર્ષિ શ્રીચંદ્ર એક પ્રવીણ મુનિ થયા. તેમની સાથે બીજા રાજ્યના કુટુંબ વગેરે અને રાજકીય પુરૂષોએ પણ દીક્ષા લઇ, પોતાનાં શ્રાવક જીવન કૃતાર્થ કર્યાં. રાજર્ષિ શ્રીચંદ્રનું પ્રવર્ત્તન જેવી રીતે ગૃહવાસમાં ઉત્કૃષ્ટ હતું, તેવીજ રીતે તેનું પ્રવર્ત્તન સંયમ માર્ગમાં પણ ઉત્કૃષ્ટ રીતે પ્રવર્ત્તતું હતું. એ રાજર્ષિના ચારિત્ર ગુણનું યશોગાન ભારતવર્ષ ઉપર ચારે તરફ થવા લાગ્યું. રાજકવિઓ અને ધર્મ કવિઓ તેના ચારિત્ર ગુણનું અલં-કારિક યશોગાન કરતા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨૮ મું
## શ્રીચંદ કેવળી.

વાંચનાર! હવે આપણી વાર્તાનો અંત આવ્યો છે. વાર્તાના નાયકનું તે બધુ જીવનચરિત્ર તેં જોયું છે. પુણ્યનો પ્રભાવ કેવો બળવાન્ છે? સુકૃતની શ્રેણીનો મહિમા કેવો અદ્ભુત છે? તેનું તને હવે પૂર્ણ ભાન થયું હશે. હવે આપણી વાર્તાનો પવિત્ર નાયક પોતાના જીવનની સમાપ્તિ કયાં કરે છે? તેજ માત્ર જોવાનું છે. જૈન માર્ગના અનુયાયીઓના જીવનનું પરિણામ કેવું ઉત્તમ આવે છે? તેવો બોધ લઇ તું તારા જીવનનો મહા માર્ગ સુધારજે.

રાજર્ષિ શ્રીચંદ્રે સંયમ લીધા પહેલાં પોતાનાં બધાં કર્ત્તવ્યો પુરાં કર્યાં હતાં. પિતા પ્રતાપસિંહ, માતા સૂર્યવતી, ઉપપિતા લક્ષ્મીદત્ત અને ઉપમાતા લક્ષ્મીવતી, એ ચારે ગુરૂ વર્ગ સંયમ માર્ગને સુધારી, નિર્વાણ પદને પામ્યાના ખબર જાણી, શ્રીચંદ્રે મહોત્સવપૂર્વક તેમના નિર્વાણ સ્થાનમાં ચાર સ્તૂપ કરાવ્યાં હતાં; જે યાવચ્ચંદ્ર દિવાકર સુધી શ્રીચંદ્રની માતૃપિતૃ ભક્તિને સુચવતાં હતાં. છેવટનું એ કર્ત્તવ્ય પૂર્ણ કરી, શ્રીચંદ્ર પુત્ર જીવનની કૃતાર્થતા માનતા હતા.

હવે શ્રીચંદ્ર રાજર્ષિ સંયમ ધર્મના ધુરંધર થયા હતા. તેણે જગતને ચારિત્ર ધર્મનો ચળકાટ બતાવી આપ્યો હતો. તે મહાનુભાવ ગુરૂ સેવાથી ગીતાર્થ અને ગુણપાત્ર થયા હતા. ચારિત્રરૂપ ચંદ્રમાં ચકોરરૂપ બની, તેઓ સંયમ માર્ગના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મનોજ્ઞ મુસાફર બન્યા હતા, અનેક અભ્યાસી મુનિઓને ભણાવતા, અને ભણતા હતા, પોતાના સંયમી શરીરની આસપાસ બ્રહ્મચર્યની નવ વાડ રાખી હતી. બ્રહ્મચર્યરૂપ કિલ્લાના બળથી તમણે વિષય વિકારો અને કામરૂપ યોદ્ધાઓને હરાવી દીધા હતા, તેમણે મર્યાદાથી દ્વાદશાંગીનું પઠન કરી, અને સૂત્ર તથા અર્થનું મનન કરી, તેનું રહસ્ય પોતાના મતિમંદિરમાં સ્થાપ્યું હતું, તેમની દૃષ્ટિમાં પૂર્ણ રીતે સમભાવ પ્રકાશતો હતો, દરેક કાર્યનો આરંભ ગુરૂની આજ્ઞાપૂર્વક થતો હતો, સંતોષરૂપ અગસ્તિથી લોભરૂપી મહાસાગરને તેમણે શોષી લીધો હતો, અને અહોનિશ જ્ઞાનરૂપ સૂર્યથી કપટરૂપ અંધકારને દુર કર્યું હતું.

હવે રાજર્ષિ શ્રીચંદ્ર કેવળજ્ઞાનની સમીપ આવી પહોંચ્યા. તેમની રાજ્યાવસ્થામાં જે વીરતા હતી, તે સંયમાવસ્થામાં પ્રકાશિત થવા માંડી. મૈત્રી, પ્રમોદ, કરૂણા અને ઉપેક્ષા, એ ભાવનાને હૃદયમાં સ્થાપી, એ ધર્મવીર રાજર્ષિએ પોતાના અક્કલ અને અતુળ બળથી કર્મરૂપ શત્રુના કટક ઉપર ચડાઈ કરવા માંડી, તેમાં સત્વ પ્રધાન ગુણવાળા ચારિત્ર ધર્મરૂપ એક બળવાન્ રાજાની તેમણે સહાય લીધી હતી, શુભ મનરૂપ ભૂમિ ઉપર તેણે શુભ રૂચીરૂપ નગર વસાવી અને તેની પાસે વિવેકરૂપ પર્વતનું ક્રીડા શિખર સ્થાપી, તેમાં તે ચારિત્ર ધર્મના આનંદનો અનુભવ કરવા લાગ્યા; ચિત્તની એકાગ્રતાની આસપાસ ધર્મધ્યાનરૂપ ગઢનો પાયો નાખી, અપ્રમત્તતારૂપ ભૂમિકાની અંદર તે દ્રઢતાથી રહેવા લાગ્યા;

આત્મવીર્યના ઉલ્લાસથી ક્ષમારૂપ શાસ્ત્રબોધરૂપ સેનાપતિને આગળ કરી, સંયમરૂપ સૈન્યની સહાય લઇ, તેમણે મન ઉપર વિજય મેળવી, શુકલ ધ્યાનરૂપ વિજયનો ડંકો વગડાવ્યો હતો. પછી ધ્યાનારૂઢ થઇ ક્ષપક શ્રેણીવડે તેણે મોહરૂપ હરામી શત્રુને હરાવી દીધો હતો. પ્રથમ ગુણઠાણાના પક્ષને અવલંબી, મિથ્યાત્વને ઉડાડી દઇ, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા વિગેરે પ્રકૃતિના પ્રભાવપર વિજય મેળવતા હતા, અને પોતે કરેલા સંકેત પ્રમાણે અપ્રમત્ત ગુણઠાણા સુધી તેઓ આવી પહોંચ્યા હતા. પછી પાંચ આચારરૂપ ગજેંદ્રની સ્વારી કરી, તેમણે તેની વિશેષ ઉન્નતિનો મહા માર્ગ લીધો હતો.

શુકલધ્યાનના પહેલા પાયા સુધીની સ્થિતી પ્રાપ્ત કર્યા પછી રાજર્ષિ શ્રીચંદ્ર ક્ષપક શ્રેણીમાં આરૂઢ થતા ગયા. એ શ્રેણીની અનંત શક્તિથી તેમણે પોતાનાં બધાં કર્મ ખપાવી દીધાં હતાં, અને આખરે કર્મનો વિલય થયા પછી લોકાલોકને પ્રગટ કરનારૂં તેમનામાં કેવળજ્ઞાન ઉત્પન્ન થઇ આવ્યું.

કેવળજ્ઞાનના પ્રકાશથી તે મહાનુભાવે હાથમાં રહેલા નિર્મળ જળની માફક સર્વ વિશ્વને જોવા માંડયું.

કેવળજ્ઞાન એ સર્વોત્તમ જ્ઞાન છે. એ જ્ઞાનના પ્રભાવથી સિદ્ધ શિલાનો માર્ગ સાનિધ્ય થાય છે; કેવળજ્ઞાનનું મહાત્મ્ય દિવ્ય છે, તેની દિવ્ય અને અદ્ભૂત શક્તિ પરમ આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. કેવળજ્ઞાનના યોગથી આત્માની પૂર્ણ નિર્મળતા પ્રગટ થાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રની એ પરિસીમા છે. રત્નત્રયીની રમણીયતા કેવળજ્ઞાનથીજ દેખાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ જગતના અનંત પ્રવાહમાં પ્રવહન થતા સર્વ પદાર્થો કેવળીનેજ ગમ્ય છે. સમ્યકત્વ ધર્મના સમારાધનનું પૂર્ણ સાફલ્ય કેવળજ્ઞાનની પ્રાપ્તિમાંજ છે.

આવું કેવળજ્ઞાન સંપાદન કરી મહા યોગી શ્રીચંદ્ર આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થયા. તેમની નિર્મળતા આત્મ-ગુણને અવલંબી વિશેષ શોભવા લાગી; તેમને પરમાનંદના ઉત્કૃષ્ટ સુખનો પૂર્ણ અનુભવ થવા લાગ્યો. રાજર્ષિ શ્રીચંદ્ર હવે ખરેખરા શ્રીચંદ્ર કેવળી થયા. આ અનંત વિશ્વમાં અને અનંતા કેવળીઓની શ્રેણીમાં તેઓ ભળી ગયા. તેમના કેવળજ્ઞાનના સ્વરૂપમાં દર્શન કરી, મોહિત થયેલા જૈન ભક્તો નીચેની કવિતા અદ્યાપિ ગાયા કરે છે.

ક્ષપક શ્રેણીકી શક્તિ અનંતી, તિનસે કર્મ ખપાયો,
જ્ઞાન અનંત અનંત લહે તબ, જયત નિશાન બજાયો. ૧
જ્ઞાનવિમળ પ્રભુતાઇ પાઈ, સવિ અરિ વર્ગ ખપાયો,
કેવળજ્ઞાન તણો ગુણ પામી, ચામર છત્ર ધરાયો,
ધ્યાન શુકલ દોઇ પાયો. ૨

મહાનુભાવ શ્રીચંદ્ર રાજર્ષિ કેવળી થયા, એ ખબર અવધિજ્ઞાનથી જાણી લઈ, સર્વસુર અસુરોનાં વૃંદો તેમના કેવળજ્ઞાનનો ઉત્સવ કરવાને ભૂમિપર આવ્યા તે કેવળી ભગવંત સુવર્ણના કમળ ઉપર રહેલા સિંહાસનની અંદર આરૂઢ થયા પોતાની વાણીના પ્રભાવથી તેઓ ભવિજનના હૃદયના અંધકારને દૂર કરતા હતા. કેવળીની ઉપદેશ ગિરાથી પરિતૃપ્ત થઇ, સર્વ પર્ષદા આનંદ પામી. કેવળજ્ઞાનનો મહોત્સવ કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુર અસુરો પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. પછી કેવળી ભગવાને ત્યાંથી વિહાર કર્યો. આર્યક્ષેત્રના અનેક ભવિજનોને પ્રતિબોધ આપી, તેઓએ પોતાના કેવળીપણાના જીવનને સારી રીતે કૃતાર્થ કર્યું. પોતાને હાથે સોળહજાર ધર્મવીરોને દીક્ષા આપી, અને આઠહજાર સાધ્વીઓ કરી, કેટલાએકને સમકિતધારી કર્યા, કેટલાએકને બારવ્રતધારી શ્રાવક બનાવ્યા, અને સમતા ગુણથી વૈર વિરોધ શમાવી, તેમણે હજારો જીવોના ઉપકાર કર્યા.

પ્રિય વાંચનાર! જો તારામાં શ્રાવક ધર્મ હોય, અને તેં સમ્યકત્વનો સ્વાદ સંપાદન કર્યો હોય, તો આ મહાનુભાવ શ્રીચંદ્ર કેવળીને પરોક્ષ પ્રણામ કરજે. તેમનું આદ્યંત જીવન ચરિત્ર વાંચવાથી જો તારામાં કૃતજ્ઞતા અને ધાર્મિક શ્રદ્ધા પ્રગટ થઇ હોય, તો તે મોક્ષગામી મહાશયના જગત પ્રત્યેના ઉપકારનું સ્મરણ કરજે અને તેમના જેવું પવિત્ર જીવન મેળવવાની ભાવના ભાવી, તારા હૃદયમાં ઉમદી આશાને અવકાશ આપજે. આવા પરોપકારી જૈન વીરોથી ભારતમાં જૈન શાસનનો ઉદય થયો છે. ભારતની આર્ય પ્રજાનાં હૃદયો તેવા પુરૂષોએ ખેંચ્યાં છે. દયાધર્મરૂપ કલ્પવૃક્ષને સિંચન કરનારા જૈનના મહાત્માઓજ થયા છે. તેમની કીર્તિ ભારતના ચારે ખુણામાં પ્રસરેલી છે, અને ભારતી પ્રજા તેમનું યશોગાન અદ્યાપિ પણ કર્યા કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૨૯ મું.

### ઉપસંહાર.

આ વિશાળ ભરતક્ષેત્ર ઉપર આર્હત ધર્મના ધુરંધરો અનંતા થઈ ગયા છે, અનંત શાસનને ચોવીશીઓમાં અનંત જીવોએ અર્હન્ નામ સંપાદન કરી, આર્હત દીપાવ્યું છે, અનંત કેવળીઓ ઉત્પન્ન થઇ, અસંખ્ય ભવિઓના ઉદ્ધારક થયા છે, તેઓ માંહેલા આ એક શ્રીચંદ્ર કેવળી પણ થઈ ગયા છે. તે મહાનુભાવે પોતાના ચમત્કારી ચરિત્રથી ભારતની જૈન પ્રજાને ચકિત કરી હતી. તે મહાશયે બાર વર્ષ કુમારપણામાં, એકસો વર્ષ રાજ્યાવસ્થામાં, આઠ વર્ષ છદ્મસ્થાવસ્થામાં અને પાંત્રીસ વર્ષ કેવળ પર્યાયમાં, એમ એકસો ને પંચાવન વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવ્યું હતું. પોતાના સર્વ જીવનમાં તે ધર્મવીરે આંબિલ વર્દ્ધમાન તપનો પૂર્ણ પ્રભાવ દર્શાવ્યો હતો, અને એ મહાતપનું યશોગાન ભારતની જૈન પ્રજા પાસે કરાવ્યું હતું. આ મહીમંડળમાં આંબિલ તપના મોટા મહિમાનું પૂર્ણ દ્રષ્ટાંત શ્રીચંદ્ર એકજ છે. એ તપનો તેજસ્વી સૂર્ય શ્રીચંદ્રરૂપ ઉદયાચળ ઉપર એક વાર ઉદિત થયો હતો.

કેવળજ્ઞાનથી વિભૂષિત એવા શ્રીચંદ્ર કેવળી ભારતની જૈન પ્રજાની આગળ વર્દ્ધમાન તપનો પ્રભાવ દર્શાવી, આ વિશ્વમાંથી વિદાય થયા હતા. અંત સમયે સંયોગી ગુણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થાનમાં રહી, શૈલેષી કરણથી સ્થિરતા મેળવી, અને અયોગી કરણમાં આવી, આયુષ્ય સમાપ્ત થતાં કર્મની નિર્જરાથી તેઓ નિર્વાણ પદને પામ્યા હતા. તે કાળે એ મહાનુભાવ અનશન કરી, અશરણ ભાવનાપૂર્વક ઉત્તમ ધ્યાનમાં આરૂઢ થયા હતા.

શ્રીચંદ્ર કેવળીના પરિવારમાં ગુણચંદ્ર વિગેરે મુનિવરોએ પણ ઘાતી કર્મનો ક્ષય કર્યો હતો. ચંદ્રકળા વિગેરે સાધ્વીઓ પણ એક ભવમાં સ્વર્ગે જઈ છેવટે કેવળજ્ઞાનની સહાયથી મોક્ષની અધિકારિણી થઈ હતી.

વાંચનાર ! હવે તારી મનોવૃત્તિમાં નિશ્ચય થયો હશે કે, જૈન વીર મંડળમાં વિખ્યાતિ ધરાવનારા શ્રીચંદ્રે પોતાના જીવનમાં વિજય મેળવી, અને વર્દ્ધમાન તપનો મહાન્ પ્રભાવ પ્રગટ કરી, ધાર્મિક જીવનને સુધાર્યું હતું. શ્રીચંદ્ર દ્રઢપ્રતિજ્ઞ સજીવ થઈ ગયો છે. શુદ્ધ ધાર્મિકતા તેના જીવનનું ભૂષણ હતું, ઉત્તમ શિક્ષણ અને વીરત્વ તેના ચિત્તને વિનોદ આપનારાં હતાં. તે મહાવીરે પોતાના બધા જીવનમાં ધર્મને માટેજ આત્મ સમર્પણ કર્યું હતું. છેવટે તેની છેલ્લી લીલા કેવળજ્ઞાનમાંજ પૂરી થઈ હતી. આ માનવ જીવનમાં આનંદની હદ નથી. ધર્મથી અજીવ રાશિમાંથી જીવરાશીમાં આવીને અર્હંત પદ સુધી પણ પહોંચાય છે. મૃત્યુના સ્મરણથી જીવતા માણસનું મન ધર્મને માટે તૃષિત થાય, પણ તેને ઉન્નતિના માર્ગમાં દ્રઢતાથી લઇ જવાય, એ વાત શ્રીચંદ્રે આપણને કબુલ કરાવી છે. સંસાર અસ્થિર છે, એ વાત પૂર્વથીજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધ થતી આવી છે, તથાપિ તેવા અસ્થિર પદાર્થમાં રહીને અખંડ આનંદની સ્થીરતા પ્રાપ્ત કરી શકાય, એ વાતનો ઉત્તમ બોધ આવા મહાનુભાવના ચરિત્રથી આપણને મળે છે. એ બોધને હૃદયના ઉંડા પ્રદેશમાં સ્થાપી આવા મહાન્ નરના ચરિત્રનું થોડે ઘણે અંશે અનુકરણ કરવાને પ્રયત્ન કરવો, અને આંબિલ વર્દ્ધમાન જેવી તપસ્યાઓ આચરી સુકૃતની શ્રેણીના સુખમય ભાવ તરફ પૂર્ણ શ્રદ્ધા રાખવી, એજ જૈન જીવનનું સાફલ્ય છે. તે સાફલ્ય મનન કરવાને જ્ઞાનવિમળસૂરિનું નીચેનું પદ્ય સદા સ્મરણમાં રાખવું જોઇએ.

ફળીઓ ફળીઓરે મુજ અંગણ સુરતરૂ ફળીઓ,
શ્રી જિનરાજ કૃપાથી સંપ્રતિ થયો,
સવિથી હું બળીયો રે. મુજ. એ આંકણી. ૧
એ શ્રીચંદ્ર ચરિત્રને ભણતાં, અનુભવ આવી મળીયો,
તવ નવ પદનું ધ્યાન ધરંતે, મોહમિથ્યા મત ટળીયોરે. મુજ. ૨
વિવિધ શાસ્ત્રના ભાવ ગ્રહીને, સાર પરે સંકલીયો,
નવ રસ યદ્યપિ એમાં દીસે, પણ નવમા રસમાં ભળીયોરે. મુજ. ૩
દર્શન જ્ઞાન સ્વરૂપ છે એમાં, નહીં કિહાં વયણે ખળીયો,
પણ મૂઢને મન તેહ ન ભીંજે, જેમ ઘનજળે મગ સળીયોરે. મુજ.૪
પંચાંગી સંમત ગીતારથ, ઓલાસી પથ તળિયો,
ગ્રહો અર્થ જેમ અદત્ત ન લાગે, જ્ઞાની ન હોયે છલ છળીયો. મુજ.૫
ખળ અંતર મીઠાશ ન ધારે, જેમ જેમ પીલુનો કળીયો,
ઉપકૃતિ ન કરે ને કરતાં વારે, જેમ તરૂવર બાવળિયો. મુજ. ૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સજ્જન સજ્જનતા નવિ મૂકે, જેમ અગર અગ્નિપર જળિયો,
ચંદન છેદ્યો કરે સુરભિતા, જે વાંસલો લઇ નિર્દલિયો. સુજ. ૭
સુસ્વર સુકવિને હૃદય વિકસ્વર, તસ મુખથી સાંભળિયો,
અધિક સ્વાદ દીયે સાકર લવે, મિશ્રિત મોદક દળીયો. સુજ. ૮
મૂઢ રહે એ સુણિને કોરો, ઓર માંહે જેમ ઠળિયો,
સ્યાદ્વાદનું રૂપ લહે નવિ, આપમત્તિ આઉલિયો. સુજ. ૯
શ્રોતા જન નિસુણીને હર્ષે, જેમ જેઠી જળધિ ઉછળિયો,
અજ્ઞાની એમાં મુંઝાયે, જેમ ગોધો પંકે કળિયો. સુજ. ૧૦
મારે તો ગુરૂ ચરણ પસાયે, અનુભવ આવી મળીયો,
વિશેષે ગુણિના ગુણ ભણતાં, મગ માંહે ઘી ઢળિયો. સુજ. ૧૧
અંતર ભાવ ન સૂઝે તેને, જે હોયે મોહે છળિયો,
તેહ સદાગમ સચિવ પસાયે, મિથ્યા ભ્રાંતિ તમ ટળિયો. સુજ. ૧૨
એહ ચરિત્ર પવિત્ર ભણંતે, આજે દહાડો વળિયો,
જ્ઞાનવિમલસૂરિ ચરણ કૃપાથી, મંગળ કમળા મળિયો. સુજ.: ૧૩

સમાપ્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દર વરસે નવું જૈન સાહિત્ય લગભગ ૧૧૦૦ પાનાના ૩-૪ પાકા પુંઠાના પુસ્તકો માત્ર રૂ. ૩)ના લવાજમમાં મળે છે. ગ્રાહક થઈ એક વખત વાંચી ખાત્રી કરો.

જૈન સસ્તી વાંચનમાળા.

પાલીતાણા. (કાઠીયાવાડ)

P.P. Ac. Gunratansurji M.S. Jin Gun Aaradhak Trust